[૫૩૩] અર્થ કહેવાયેલ છે. વિશેષ આ - અહીં કર્મભૂમિજ આદિ ભેદથી સંમૂર્છિમ મનુષ્યો ત્રણ ભેદે અને ગર્ભજ મનુષ્યો ત્રણ ભેદે એ રીતે છ ભેદે છે.

[૫૩૪] ચારણ એટલે જંઘાચારણ, વિધાચારણ. વિધાધર-વૈતાઢ્યવાસી.

[૫૩૫] વૃત્તિકારે કોઈ વૃત્તિ નોંધી નથી.

[૫૩૬] ૬૦૦૦ ધનુષ્ એટલે ત્રણ કોશ, છ અર્દ્ધ એટલે ત્રણ પલ્યોપમ.

[૫૩૭] સંઘયણ - અસ્થિ સંચય - x - શક્તિ વિશેષ. वज्र - કીલિકા, ऋषभ - ચોતરફ વીંટવાનો પટ્ટ, नाराच - બંને પડખેથી મર્કટ બંધ. જેમાં બે અસ્થિ બંને પડખેથી મર્કટ બંધથી બંધાયેલ હોય પટ્ટાકૃતિ ત્રીજા અસ્થિથી વીંટાયેલ હોય, તેના ઉપર તે ત્રણેને ભેદનાર ખીલી આકારે વજ નામક અસ્થિ હોય તે વજ્રઋષભ નારાચ તે પ્રથમ... જેમાં ખીલી નથી તે ઋષભનારાચ નામે બીજું. જેમાં બંને પડખે માત્ર



મર્કટબંધ હોય તે ત્રીજું નારાચ. જેમાં એક પડખે મર્કટબંધ અને બીજે પડખે ખીલી હોય તે ચોથું અર્ધનારાચ. ખીલીથી વિદ્ધ તે પાંચમું અર્ધનારાચ અને અસ્થિ સ્પર્શનરૂપ કે સેવાની આકાંક્ષાવાળુ તે સેવાર્ત્ત નામે છટ્ઠું. શક્તિ વિશેષ પક્ષે કાષ્ઠવત્ દૃઢત્વ સંઘયણ. - x -

વૃત્તિમાં બે ગાથા ઉક્ત અર્થને જણાવનારી નોંધાઈ છે.

[૫૩૮] સંસ્થાન-અવયવોની રચનાત્મક શરીરની આકૃતિરૂપ છે, તેમાં શરીર-લક્ષણરૂપ કહેલ પ્રમાણથી અવિરોધી એવી ચાર હાંસ છે જેને સમચતુરસ્ર સંસ્થાન, અહીં અસ્રિ એટલે ચાર દિશાના વિભાગથી જણાતા શરીરના અવયવો છે તેથી જેના બધા અવયવો શરીર લક્ષણ ઉક્ત પ્રમાણથી અવ્યભિચારી છે, પણ ન્યૂનાધિક પ્રમાણથી તુલ્ય નથી તે સમચતુરસ્ર.

વડના ઝાડ જેવા વિસ્તારવાળુ તે ન્યગ્રોધ પરિમંડલ - જેમ વડનું ઝાડ ઉપરના ભાગે સંપૂર્ણ અવયવ અને નીચેના ભાગે તેમ ન હોય, આવું સંસ્થાન નાભિ ઉપર બહુ વિસ્તારવાળું અને નીચેના ભાગે હીનાધિક પ્રમાણ છે.

सादि - આદિથી ઉંચાઈરૂપ નાભિને અધોભાગ ગ્રહણ કરાય છે, તે શરીરલક્ષણ ઉક્ત પ્રમાણને ભજનાર સાથે જે વર્તે તે સાદિ. આખું શરીર અવિશિષ્ટ આદિ સાથે વર્તે છે માટે આ વિશેષણ છે - x - सादि ઉત્સેધબહુલ.

खुज्ज - અહીં અધસ્તનકાય શબ્દથી પગ, હાથ, શિર, ગ્રીવા કહે છે. તે જેમાં શરીરલક્ષણના ઉક્ત પ્રમાણથી વ્યભિચારી હોય અને વળી જે શેષ શરીર યથોક્ત પ્રમાણવાળું હોય તે કુબ્જ સંસ્થાન.

वामण - જેમાં હાથ, પગ, શિરા, ગ્રીવા યથોક્ત પ્રમાણવાળાં હોય અને શેષ શરીર ન્યૂનાધિક પ્રમાણવાળું હોય તે વામન સંસ્થાન.

हुंड - સર્વત્ર અસંસ્થિત, પ્રાયઃ જેના એકપણ અવયવ શરીરલક્ષણના ઉક્ત પ્રમાણ સાથે મળતું ન હોય તે હુંડક સંસ્થાન.

એક ગાથા વૃત્તિકારે નોંધી છે. તેમાં ચોથા-પાંચમાંનો ક્રમ ઉલટો છે.

● સૂત્ર-૫૩૯ થી ૫૪૩ :-

*[૫૩૯] અનાત્મભાવવર્તી [કષાયી] માટે છ સ્થાન અહિત માટે, અશુભ માટે, અશાંતિ માટે, અકલ્યાણ માટે, અશુભ પરંપરા માટે થાય છે. તે આ પ્રમાણે પર્યાય, પરિવાર, શ્રુત, તપ, લાભ, પૂજા સત્કાર... આત્મભાવવર્તી માટે છ સ્થાનો હિત માટે યાવત્ શુભપરંપરા માટે થાય - પર્યાય યાવત્ પૂજાસત્કાર.*

*[૫૪૦] જાતિ આર્ય મનુષ્ય છ પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે—*

*[૫૪૧] અંબષ્ઠ, કલંદ, વૈદેહ, વેદગાયક, હરિત અને ચુંચુણ-ઈભ્યજાતિ.*

*[૫૪૨] કુલાર્યમનુષ્યો છ ભેદે-ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય.*

*[૫૪૩] લોકસ્થિતિ છ ભેદે કહી છે. તે આ - આકાશ પ્રતિષ્ઠિત વાયુ, વાયુ પ્રતિષ્ઠિત ઉદધિ, ઉદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી, પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ સ્થાવર પ્રાણી, જીવ પ્રતિષ્ઠિત અજીવ, કર્મપ્રતિષ્ઠિત જીવ.*

● **વિવેચન-૫૩૯ થી ૫૪૩ :-**

[૫૩૯] અકષાયી આત્મા જ આત્મા હોય છે કેમકે સ્વ સ્વરૂપે સ્થિત છે જે કષાયયુક્ત હોય તે અનાત્મવાન્. તેને અપથ્ય માટે, પાપ કે દુઃખ માટે, અસંગતપણા માટે કે અશાંતિ માટે, અકલ્યાણ માટે, અશુભાનુબંધ માટે થાય છે. કેમકે માનના કારણથી આ લોક - પરલોકના દોષનો ઉત્પન્નકર્તા છે.

पर्याय - જન્મકાળ કે પ્રવ્રજ્યાકાળ, તે મહાન્ માનનું કારણ છે, તેથી મહાન્ એવું વિશેષણ ગ્રહણ કરવું અથવા ગૃહસ્થાપેક્ષાએ અલ્પ દીક્ષાપર્યાય પણ માનનો હેતુ થાય છે. તેમાં મહાન્ જન્મ પર્યાય બાહુબલિવત્ અહિત માટે થાય છે. એમ બીજા પણ યથાસંભવ કહેવા. વિશેષ આ - परियाल - શિષ્ય આદિ પરિવાર. श्रुत - પૂર્વગતાદિ. કહ્યું છે - જે બહુશ્રુત હોય, બહુજનસંમત હોય, શિષ્ય સમુદાય સહિત હોય, પણ સિદ્ધાંતમાં અવિનિશ્ચિત્ત હોય તો તે સિદ્ધાંત પ્રત્યનીક થાય છે. तप - અનશનાદિ, लाभ - અન્ન આદિનો, पूजा - સ્તવ આદિ રૂપ. सत्कार - વસ્ત્ર આદિ વડે અભ્યર્ચન કે પૂજાને વિશે આદર તે પૂજાસત્કાર.

[૫૪૦ થી ૫૪૨] जाति - માતૃપક્ષ, आर्य - અપાપ, નિર્દોષ તે જાતિ આર્યો અર્થાત્ વિશુદ્ધ માતૃક. અંબષ્ઠ આદિ છ ઇભ્યજાતિ છે. હાથીને યોગ્ય તે ઇભ્યો, જેના દ્રવ્યના સ્તૂપથી આચ્છાદિત અંબાડી સહિત ઉભેલો હાથી ન દેખાય તે ઇભ્યો તેવી શ્રુતિ છે. ઇભ્ય-દ્રવ્યવાન્. તે જાતિ તે ઇભ્યજાતિ. कुल - પિતૃપક્ષ. રાજા ઋષભે જેને આરક્ષકપણે સ્થાપેલા તેના વંશજો તે ઉગ્ર, ગુરુપણે સ્થાપેલ તેના વંશજો તે ભોગ. મિત્રપણે સ્થાપેલાના વંશજો તે રાજન્ય, ઋષભદેવના વંશજ તે ઇક્ષ્વાકુ. જ્ઞાત અને કૌરવ તે પ્રભુ મહાવીર અને શાંતિનાથના વંશજો. અથવા આ લોકરૂઢિ છે.

[૫૪૩] આ જાતિ, કુલ આર્યાદિક લોક સ્થિતિ છે, માટે લોકસ્થિતિની સમીપતાથી તે કહે છે - તેમાં વિશેષ આ કે - अजीव - ઔદારિકાદિ પુદ્‌ગલો, તે જીવોમાં પ્રતિષ્ઠિત [રહેલા] છે. આ નિશ્ચિત વચન ન જાણવું. કેમકે જીવના વિરહથી પણ અજીવોનું રહેવું થાય. પૃથ્વી સિવાય પણ જેમ ત્રસ સ્થાવર છે. જીવો જ્ઞાનાવરણાદિ કર્મોને વિશે રહેલા છે. પ્રાયઃ કર્મરહિત જીવોનો અભાવ છે.

અનંતર કર્મપ્રતિષ્ઠિત જીવો કહ્યા. તેઓની દિશાને વિશે જ ગત્યાદિ હોય છે. માટે દિશા અને તેને વિશે ગતિ આદિ પ્રરૂપે છે—

● **સૂત્ર-૫૪૪ થી ૫૪૮ :-**

***[૫૪૪] છ દિશાઓ કહી છે - પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઉર્ધ્વ, અધો. (૧) આ છ દિશામાં જીવોની ગતિ પ્રવર્તે છે. એ રીતે (૨) આગતિ, (૩) વ્યુત્ક્રાંતિ, (૪) આહાર, (૫) વૃદ્ધિ, (૬) નિર્વૃદ્ધિ, (૭) વિકુર્વણા, (૮) ગતિપર્યાય, (૯) સમુદ્‌ઘાત, (૧૦) કાલસંયોગ, (૧૧) દર્શનાભિગમ, (૧૨) જ્ઞાનાભિગમ, (૧૩) જીવાભિગમ, (૧૪) અજીવાભિગમ એમ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને પણ જાણવું.***

***[૫૪૫] છ કારણે શ્રમણ નિર્ગ્રન્થ આહાર કરતો આજ્ઞાને ન ઉલ્લંઘે.***



***[૫૪૬] વેદન, વૈયાવચ્ચ, ઇર્યાર્થે, સંયમાર્થે, પ્રાણનિમિત્તે, ધર્મચિંતા માટે.***

***[૫૪૭] છ કારણે શ્રમણ નિર્ગ્રન્થ આહારને તજતા આજ્ઞા ન ઉલ્લંઘે.***

***[૫૪૮] આતંક, ઉપસર્ગ, તિતિક્ષણ, બ્રહ્મચર્યગુપ્તિ, પ્રાણિદયાર્થે તપ હેતુથી, શરીરનો ત્યાગ કરવા માટે [આહારને તજે.]***

● **વિવેચન-૫૪૪ થી ૫૪૮ :-**

[૫૪૪] આ સૂત્ર સમૂહની સ્થાન-૩-માં વ્યાખ્યા કરેલ છે. તો પણ કંઈક કહે છે प्राचीन - પૂર્વ, प्रतीचीन - પશ્ચિમ, उदीचीन - ઉત્તર. વિદિશા, દિશાઓ નથી માટે છ દિશા કહી છે. અથવા આ છ વડે જ જીવોના ગતિ આદિ પદાર્થો પ્રાયઃ પ્રવર્તે છે. અથવા છ સ્થાનકના અનુરોધથી વિદિશાઓની વિવક્ષા કરી નથી, માટે 'છ' જ દિશાઓ કહી. છ દિશાઓ વડે જીવોની ગતિ-ઉત્પત્તિ સ્થાન ગમન પ્રવર્તે છે. કેમકે તેઓનું અનુશ્રેણી ગમન છે. આ રીતે ચૌદે સૂત્રો સમજવા. વિશેષ એ કે—

(૧,૨) ગતિ, આગતિ, પ્રજ્ઞાપકના સ્થાનની અપેક્ષાવાળા પ્રસિદ્ધ છે.

(૩) વ્યુત્ક્રાંતિ - ઉત્પત્તિસ્થાનને પામેલાનું ઉપજવું, તે પણ ઋજુગતિમાં છ દિશાને વિશે જ હોય... (૪) આહાર - તે પણ છ દિશામાં જ છે, કેમકે આ છ દિશાઓના પ્રદેશોમાં અવગાઢ પુદ્‌ગલોનો જ જીવ વડે આહાર છે.

એ રીતે વૃદ્ધિ આદિમાં છ દિશાનું યથાયોગ્યપણું વિચારવું.—

(૫) વૃદ્ધિ - શરીરની, (૬) નિવૃદ્ધિ - તેની હાનિ, (૭) વિકુર્વણા - વૈક્રિયકરણ, (૮) ગતિપર્યાય - ગમનમાત્ર, પણ પરલોક ગમન નહીં. - x - (૯) સમુદ્‌ઘાતવેદનાદિ - સાત પ્રકારે. (૧૦) કાલસંયોગ - સમયક્ષેત્રમાં આદિત્યાદિ પ્રકાશ સંબંધ લક્ષણ. (૧૧) દર્શન-સામાન્યગ્રાહી બોધ, તે અવધિ આદિ પ્રત્યક્ષ રૂપ લેવા, તેના અભિગમ - વસ્તુનો પરિચ્છેદ કે પ્રાપ્તિ તે દર્શનાભિગમ.

(૧૨) એ રીતે જ્ઞાનાભિગમ જાણવો. (૧૩) જીવાભિગમ - અવધિ આદિ પ્રત્યક્ષ વડે જીવોને જાણવું. (૧૪) અજીવાભિગમ - પુદ્‌ગલાસ્તિકાયને અવધિ આદિથી પ્રત્યક્ષ જાણવા... - આ ચૌદ સૂત્રો કહ્યા, તેમ ચોવીશ દંડક વિચારણામાં પંચેન્દ્રિય તિર્યંચયોનિકના છ દિશામાં ચૌદ સૂત્રો જાણવા. તેમજ મનુષ્ય સંબંધી ચૌદ સૂત્રો પણ કહેવા. શેષ નારકાદિમાં છ દિશાઓમાં ગતિ આદિનો સમસ્તપણે અસંભવ છે. નારકાદિ બાવીશ દંડકોમાં જીવનો નારક અને દેવ વિશે ઉત્પન્ન થવાનો અભાવ છે. ઉર્ધ્વ-અધો દિશા વિવક્ષાથી ગતિ-આગતિનો અભાવ થાય. તેમને દર્શન, જ્ઞાન, જીવ-અજીવ અભિગમ ગુણ પ્રત્યયિક અવધિ લક્ષણ પ્રત્યક્ષ રૂપે ન સંભવે. ભવ પ્રત્યયિક અવધિ પક્ષમાં તો નારક અને જ્યોતિષ્કો તિર્યગ્ અવધિવાળા, ભવનપતિ અને વ્યંતર ઉર્ધ્વ અવધિક, વૈમાનિકો અધો અવધિક હોય છે. શેષ જીવો અવધિ રહિત છે - x - x - .

અનંતર સૂત્રમાં મનુષ્યોને અજીવોનો બોધ કહ્યો. માટે મનુષ્ય સંબંધથી આહાર ગ્રહણ અને અગ્રહણના કારણો બે સૂત્રો વડે કહે છે—

[૫૪૫ થી ૫૪૮] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - અશનાદિ આહારને વાપરતો

પુષ્ટ કારણપણાથી આજ્ઞાને ઉલ્લંઘતો નથી. પણ પુષ્ટ કારણ વિના રાગ આદિ ભાવથી તો ઉલ્લંઘન કરે છે. તે પુષ્ટ કારણો આ પ્રમાણે—

વેદના - ભૂખની વેદના.. વૈયાવૃત્ય - આચાર્યાદિના કાર્ય માટે કરે તે.. આ બે કારણે આહાર કરે - વેદના શમાવવા અને વૈયાવચ્ચ કરવા.. ઇર્યા-ગમન, તેની વિશુદ્ધિ - યુગ માત્ર નિહિત દૃષ્ટિપણું તે ઇર્યાવિશુદ્ધિ અર્થે. કેમકે ભૂખ્યો હોય તે ઇર્યાવિશુદ્ધિ માટે અશક્ત થાય છે.. પ્રેક્ષા-ઉત્પ્રેક્ષા-પ્રમાર્જનાદિ માટે.. પ્રાણ-ઉચ્છ્વાસ આદિ અથવા બળ, તેઓની કે તેની વૃત્તિ-પાલન માટે. અર્થાત્ પ્રાણોને ટકાવવા માટે.. છટ્ઠું કારણ ધર્મ ચિંતા માટે - પરાવર્તના અને અનુપ્રેક્ષા માટે. આહાર માટે આ છ કારણો કહ્યા.

આ સંબંધે ઉક્ત અર્થને જણાવતી બે ગાથા વૃત્તિકારે મૂકેલી છે.

वोच्छिंदमाणे० આહારનો ત્યાગ કરતો. [તેના છ કારણ જણાવે છે—]

આતંક-જ્વરાદિ રોગ... ઉપસર્ગ-રાજા અને સ્વજનાદિ જનિત પ્રતિકૂલ-અનુકૂળ સ્વભાવવાળા.. તિતિક્ષણ-અધિક સહેવું. કોને ? બ્રહ્મચર્ય ગુપ્તિને-મૈથુનવ્રત સંરક્ષણને કેમકે આહાર ત્યાગીનું જ બ્રહ્મચર્ય સુરક્ષિત થાય છે.. પ્રાણિદયા-સંપાતિમ ત્રસાદિનું સંરક્ષણ.. તપ-એક ઉપવાસથી છ માસ પર્યન્ત તપ, પ્રાણીદયા અને તપ, તેનો હેતુ - x - તે દયા નિમિત્તે.. તથા શરીરના ત્યાગ માટે આહારને છોડતો આજ્ઞા ઉલ્લંઘતો નથી.

વૃત્તિકારે ઉક્ત અર્થને જણાવતી બે ગાથા નોંધી છે. તેમાં વિશેષ એ કહ્યું છે કે - વરસાદ વરસતો હોય ત્યારે જીવદયાર્થે આહાર ન કરે.

શ્રમણને આહાર ન લેવાના કારણો કહ્યા. તે સંબંધથી શ્રમણાદિ જીવને અનુચિત્તપણું ઉત્પન્ન કરનારા ઉન્માદના સ્થાનો કહે છે—

**● સૂત્ર-૫૪૯,૫૫૦ :-**

***[૫૪૯] છ કારણે આત્મા ઉન્માદને પામે. તે આ - (૧) અરહંતનો અવર્ણવાદ બોલતા, (૨) અરહંત પ્રજ્ઞપ્ત ધર્મનો અવર્ણવાદ બોલતા, (૩) આચાર્ય-ઉપાધ્યાયનો અવર્ણવાદ બોલતા, (૪) ચતુવર્ણ સંઘનો અવર્ણવાદ બોલતા, (૫) યક્ષાવેશથી, (૬) મોહનીય કર્મના ઉદયથી.***

***[૫૫૦] પ્રમાદ છ ભેદે - મદ્ય, નિદ્રા, વિષય, કષાય, ધુત, પ્રતિલેખના.***

**● વિવેચન-૫૪૯,૫૫૦ :-**

[૫૪૯] આ સૂત્ર પાંચમાં સ્થાનમાં પ્રાયઃ કહેવાયું છે. વિશેષ આ - છ સ્થાને જીવ ઉન્મતતાને પામે. મહામિથ્યાત્વ લક્ષણ ઉન્માદ, તીર્થંકરાદિના અપયશને બોલનારને હોય. અથવા તીર્થંકરાદિના અવર્ણવાદથી કુપિત પ્રવચન દેવતાથી આ ગ્રહણરૂપ થાય. પાઠાંતરથી સગ્રહત્વ એ જ પ્રમાદ. આભોગ શૂન્યતાથી ઉન્માદ-પ્રમાદ અથવા ઉન્માદ અને પ્રમાદ એટલે અહિતે પ્રવૃત્તિ અને હિતમાં અપ્રવૃત્તિ. - x - अवर्ण - નિંદા અથવા અવજ્ઞાને બોલતો કે કરતો.. धर्म - શ્રુત કે ચારિત્રરૂપ, આચાર્ય કે ઉપાધ્યાયનો. चतुर्वर्ण - શ્રમણાદિ ભેદથી ચાર પ્રકાર... યક્ષાવેશ - કોઈ નિમિત્તથી કુપિત



દેવાધિષ્ઠત્વથી... મિથ્યાત્વ, વેદ, શોકાદિ ઉદય તે મોહનીય.

[૫૫૦] ઉન્માદનો સહચર પ્રમાદ છે, માટે તેને કહે છે - છ પ્રકારે ઉન્મત્ત થવું તે પ્રમાદ અર્થાત્ સદુપયોગનો અભાવ કહેલ છે. તે આ - मद्य - સુરાદિ, તે જ પ્રમાદના કારણથી મદ્યપ્રમાદ. કહ્યું છે કે - મદ્યપાનથી ચિત્તની ભ્રાંતિ થાય, તેનાથી પાપકાર્ય પ્રવર્તન, પાપ કરીને દુર્ગતિમાં જાય તે કારણે દારુ પીવો કે આપવો નહીં. આ રીતે સર્વત્ર જાણવું.

વિશેષ આ - નિદ્રા, તેનો દોષ આ - નિદ્રાશીલ શ્રુત, વિત્ત મેળવવા શક્તિમાન ન થાય, ઉલટો તેથી હીન થાય. જ્ઞાન, ધન અભાવે બંને લોકમાં દુઃખી થાય. આ કારણે નિદ્રાનું શું પ્રયોજન છે ?

વિષયો - શબ્દાદિ, તેની પ્રમાદતા આ છે - વિષય વ્યાકુળ ચિત્તવાળો હિત-અહિતને જાણતો નથી. તેથી અનુચિત્તચારી થાય છે, ચિરકાળ દુઃખકાંતારે ભમે છે... કષાય-ક્રોધાદિ, તેની પ્રમાદતા આ રીતે - ક્લેશરહિત ચિત્તરૂપ રત્ન અંતર્ ધન કહેવાય છે. જેનું તે ધન દોષોથી લુંટાયું છે, તે વિપત્તિ પામે છે.

ધુત પ્રસિદ્ધ છે, તે પણ પ્રમાદ જ છે, કહ્યું છે - ધુતાસક્તનું સત્ ચિત્ત, ધન, સુખ, ભોગ સુચેષ્ટિત નાશ પામે જ છે, પણ મસ્તક, નામ પણ નાશ પામે.

પ્રત્યુપેક્ષણા, તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ ભેદે ચાર પ્રકારે છે. તેમાં દ્રવ્ય પ્રત્યુપેક્ષણા વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણો અને અશનપાનાદિની ચક્ષુ વડે જોવા રૂપ છે. ક્ષેત્ર પ્રત્યુપેક્ષણા કાયોત્સર્ગ, બેસવું, સૂવારૂપ સ્થાનની, સ્થંડિલ માર્ગની, વિહાર ક્ષેત્રની નિરૂપણા. કાલપ્રત્યુપેક્ષણા ધર્મજાગરિકાદિ રૂપ છે. જેમકે - મેં શું કર્યુ ? શું બાકી છે ? શું કરણીય છે ? તપ કરતો નથી, પાછલા કાળે જાગરિકા કરવી તે.

પ્રત્યુપેક્ષણામાં પ્રમાદ કે આજ્ઞા ઉલ્લંઘન તે પ્રત્યુપેક્ષણા પ્રમાદ છે. આ કથનથી પ્રમાર્જના, ભિક્ષાચર્યાદિમાં ઇચ્છાકાર આદિ દશવિધ સામાચારીરૂપ વ્યાપારોમાં જે પ્રમાદ તે બતાવ્યો. - x - હવે પ્રમાદપડિલેહણા કહે છે.

**● સૂત્ર-૫૫૧ થી ૫૬૦ :-**

***[૫૫૧,૫૫૨] પ્રમાદ પડિલેહણા છ ભેદે કહી છે... (૧) આરભટા, (૨) સંમર્દા, (૩) મોસલી, (૪) પ્રસ્ફોટના, (૫) વિક્ષિપ્તા, (૬) વેદિકા.***

***[૫૫૩,૫૫૪] અપ્રમાદ પડિલેહણા છ ભેદે કહી છે... (૧) અનર્તિતા, (૨) અવલિત, (૩) અનાનુબંધી, (૪) અમોસલી, (૫) છપુરિમાદિ (૬) પ્રાણવિશોધિ.***

***[૫૫૫] છ લેશ્યાઓ કહી છે - કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. પંચ ઇન્દ્રિય તિર્યંચોને આ જ છ લેશ્યા કહી. એ રીતે મનુષ્ય-દેવોને પણ છે.***

***[૫૫૬] દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ મહારાજાને છ અગ્રમહિષી છે.***

***[૫૫૭] ઈશાનદેવેન્દ્રની મધ્યમ પર્ષદાના દેવોની સ્થિતિ છ પલ્ય૦***

***[૫૫૮] છ દિક્કુમારી મહત્તરિકાઓ કહી છે - રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપાવતી, રૂપકાંતા, રૂપપ્રભા... છ વિદ્યુત્કુમારી મહત્તરિકાઓ કહી છે, તે આ - આલા, શુકા, શતેરા, સૌદામિની, ઇન્દ્રા, ઘનવિદ્યુતા.***

*[૫૫૯] નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ધરણની છ અગ્રમહિષીઓ કહી - આલા, શક્રા, શતેરા, સૌદામિની, ઇન્દ્રા, ઘનવિધુતા... નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદની છ અગ્રમહિષીઓ કહી - રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપવતી, રૂપકાંતા, રૂપપ્રભા... જેમ ધરણની તેમ સર્વે દક્ષિણ દિક્‌કેન્દ્રની યાવત્ ઘોષની અને જેમ ભૂતાનંદની તેમ સર્વે ઉત્તર દિક્‌કેન્દ્રની યાવત્ મહાઘોષની અગ્રમહિષીઓ જાણવી.*

*[૫૬૦] નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ધરણના ૬૦૦૦ સામાનિક દેવો. કહેલા છે, એ રીતે ભૂતાનંદ યાવત્ મહાઘોષ ઇન્દ્રના પણ જાણવા.*

**● વિવેચન-૫૫૧ થી ૫૬૦ :-**

[૫૫૧,૫૫૨] છ ભેદે ઉક્ત લક્ષણ પ્રમાદથી પ્રત્યુપેક્ષા તે પ્રમાદપ્રત્યુપેક્ષા કહી, તે આ - आरभटा - વિતથ કરવારૂપ અથવા શીઘ્ર બધું કરનારની, અથવા એક વસ્ત્ર અર્દ્ધું પડિલેહી અન્ય-અન્ય વસ્ત્રને ગ્રહણ કરવું તે. તે સદોષ હોવાથી વર્જનીય છે. આ પ્રમાણે બધે સંબંધ યોજવો.

सम्मर्द्दा - જેમાં વસ્ત્રના મધ્યભાગે સળ પડેલ ખૂણા થાય અથવા જેમાં પ્રત્યુપેક્ષણીય ઉપધિના વીંટલા પર બેસીને પડિલેહણા કરે તે.

मोसली - પડિલેહણ કરાતા વસ્ત્રના ભાગથી તિર્છો, ઉર્ધ્વ, અધોના સંઘટ્ટન રૂપ ત્રીજી... પાઠાંતરથી ગુરુના અવગ્રહાદિ અસ્થાને પડિલેહિત ઉપધિનું સ્થાપવું તે અસ્થાન સ્થાપના... प्रस्फोटना - રજવાળા વસ્ત્રની જેમ વસ્ત્રને કંપાવવું તે ચોથી... विक्खित्त - વસ્ત્ર પડિલેહીને વસ્ત્રના પડદા આદિ પર મૂકવું કે વસ્ત્રના છેડા વગેરેને ઉંચે ઉછાળવું તે.

वेइय - વેદિકા પાંચ ભેદે - ઉર્ધ્વવેદિકા - જેમાં બંને જાનુ પર બંને હાથ રાખી પડિલેહણ કરે.. અધો વેદિકા - બંને જાનુ નીચે બંને હાથ રાખી પડિલેહણ કરે.. તિર્છી વેદિકા - બંને જાનુ પડખે હાથ રાખી કરે.. દ્વિધા વેદિકા - બંને બાહુ અંદર બંને જાનુ રાખે.. એકતો વેદિકા - એક જાનુને બંને બાહુ અંદર કરીને કરે... આ પાંચ પ્રકારે છઠ્ઠી પ્રમાદ પડિલેહણા કહી.- x - x - .

[૫૫૩,૫૫૪] ઉક્ત વિપરીત પ્રત્યુપેક્ષણા કહે છે - છ પ્રકારે પ્રમાદથી વિપરીત અપ્રમાદથી પ્રત્યુપેક્ષણા. તે આ... (૧) अनर्तिता - વસ્ત્ર કે શરીરને ન નચાવે તેવી પ્રત્યુપેક્ષણા. વસ્ત્ર અને શરીર નચાવવા રૂપ ચાર ભાંગા છે.. (૨) अवलित - જેમાં વસ્ત્ર કે શરીરને વાળેલ નથી તે - ચૌભંગી, (૩) अननुबंधी - જેમાં નિરંતર પ્રસ્ફોટકાદિનો અનુબંધ વિધમાન નથી તે. (૪) अमोसली - ઉક્ત લક્ષણ મોસલી જેમાં નથી તે.. (૫) छप्पुरिमा नव खोड - તેમાં વસ્ત્ર પ્રસારિત કરી તેનાં પ્રથમ ભાગને ચક્ષુ વડે જોઈને, તેને પાછું ફેરવીને અને જોઈને ત્રણ પ્રસ્ફોટક કરે, પુનઃ ફેરવીને આંખોથી જોઈ ફરી બીજા ત્રણ પ્રસ્ફોટક કરે. આ રીતે છ તથા નવ ખોટક - તે ત્રણ ત્રણ પ્રમાર્જનાના ત્રણ ત્રણ અંતરથી અંતરિત કરવા તે પાંચમી પડિલેહણા.

વૃત્તિમાં વસ્ત્ર અને શરીરને નચાવવાની ચૌભંગી બતાવતી ગાથા છે.

[૫૫૫] પ્રમાદ-અપ્રમાદ યુક્ત પ્રત્યુપેક્ષા લેશ્યા વિશેષથી થાય છે, માટે લેશ્યા



સૂત્ર કહેલ છે. લેશ્યાધિકારથી જ પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્ય, દેવના સૂત્રો છે...

[૫૫૬ થી ૫૬૦] દેવતા સંબંધી શક્ર આદિની અગ્રમહિષી સંબંધી વગેરે. અવગ્રહમતિ સૂત્રથી પ્રથમવર્તી સૂત્રો છે, તે સુગમ છે. વિશેષ એ કે - દેવોની જાતિ અપેક્ષાએ અવસ્થિતરૂપ છ લેશ્યા સમજવી.

દેવ વક્તવ્યતા કહી, દેવો વિશિષ્ટ મતિવાળા હોય, તેથી મતિ સૂત્ર—

**● સૂત્ર-૫૬૧ :-**

*અવગ્રહમતિ છ ભેદે છે - ક્ષિપ્ર ગ્રહણ કરે, બહુ ગ્રહણ કરે, બહુવિધ ગ્રહણ કરે, ધ્રુવ ગ્રહણ કરે, અનિશ્રિત ગ્રહણ કરે, અસંદિગ્ધ ગ્રહણ કરે... ઈહામતિ છ ભેદે છે - ક્ષિપ્ર યાવત્ અસંદિગ્ધ ગ્રહણ કરે... અવાયમતિ છ ભેદે - ક્ષિપ્ર યાવત્ અસંદિગ્ધ... ધારણા છ ભેદે કહી - બહુ - બહુવિધ - પુરાણ - દુર્ધર - અનિશ્રિત - અસંદિગ્ધ ધારણ કરે.*

**● વિવેચન-૫૬૧ :-**

મતિ - આભિનિબોધિક છે, તે ચાર ભેદે અવગ્રહ, ઈહા, અપાય, ધારણા. તેમાં સામાન્ય અર્થનું ગ્રહણ તે અવગ્રહ, તદ્રૂપ મતિ તે અવગ્રહમતિ. તે બે ભેદે - વ્યંજનાવગ્રહમતિ, અર્થાવગ્રહમતિ. અર્થાવગ્રહમતિ બે ભેદે - નિશ્ચયથી અને વ્યવહારથી. વ્યંજનાવગ્રહનતા ઉત્તરકાલ પછી એક સમય સ્થિતિક પહેલી [નૈશ્ચયિકી] બીજી અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાળી અપાયરૂપ છતાં પણ તે ઉતરકાળરૂપ ઈહા અને અપાયના કારણત્વથી અવગ્રહમતિ રૂપે ઉપચાર કરેલ છે. - [અહીં વૃત્તિકારે વિશેષાવશ્યકની બે ગાથા મૂકેલી છે.]

અર્થાવગ્રહ પછી ઈહા, પછી અપાય એ રીતે સામાન્ય-વિશેષાપેક્ષાએ છેલ્લા ભેદ સુધી જાણવા. સામાન્યને મૂકીને સર્વત્ર નિશ્ચયથી ઈહા અને અપાય છે, પણ સંવ્યવહાર માટે સર્વત્ર અપાય તે અવગ્રહ છે. તરતમ યોગ અભાવે અભાવ થાય અને અંતે ધારણા થાય, કાલાંતરે સ્મૃતિ થાય.

વ્યવહારથી અવગ્રહરૂપ મતિને આશ્રીને પ્રાયઃ ષટ્‌વિધત્વનું વ્યાખ્યાન કરવું. તે આ - શીઘ્ર ગ્રહણ કરે અર્થાત્ ક્ષયોપશમની પટુતાથી મતિ તળાઈ આદિના સ્પર્શને તુરંત જાણે છે અથવા મતિ વિશિષ્ટ પુરુષ જાણે છે...

બહુ—શય્યા પર બેસતો પુરુષ તેમાં રહેલ સ્ત્રી, પુષ્પ, ચંદન અને વસ્ત્રાદિના સ્પર્શને ભિન્ન-ભિન્ન જાતિય છતાં દરેકને જાણે છે...

બહુવિધ-જેના ઘણા ભેદો છે તે - સ્ત્રી આદિના ભિન્ન ભિન્ન શીત, સ્નિગ્ધ, મૃદુ, કઠિન આદિ ભેદરૂપ સ્પર્શને જાણે છે... ધ્રુવ - અત્યંત, સર્વદા. જ્યારે જ્યારે સ્ત્રી આદિ સાથે સ્પર્શ વડે યોગ થાય ત્યારે ત્યારે તે સ્પર્શાદિને જાણે છે અર્થાત્ ઇન્દ્રિય અને ઉપયોગ હોય ત્યારે જાણે છે.

અનિશ્રિત - ચિહ્નથી નિશ્રિત તે નિશ્રિત. જૂઈના પુષ્પોનો અતિ શીત, મૃદુ, સ્નિગ્ધાદિરૂપ સ્પર્શ અનુભવેલ છે તે અનુમાન વડે તે વિષયને ન જાણતો છતાં જ્ઞાન થાય છે ત્યારે ચિહ્ન સિવાય અનિશ્રિતને ગ્રહે છે.

અસંદિગ્ધ - સકલ સંશયાદિ દોષરહિત નિશ્ચિત, જેમ સ્ત્રી આદિના સ્પર્શને ગ્રહણ કરતો આ સ્ત્રીનો જ સ્પર્શ છે, ચંદનનો છે એમ ચોક્કસ કરે.

એ રીતે ઈહા, અપાય, ધારણા મતિનું પણ ષડ્‌વિધત્વ છે. વિશેષ આ કે - ધારણામાં ક્ષિપ્ર અને ધ્રુવ બે પદને છોડીને પુરાણ અને દુર્ધર એ બંને પદ યુક્ત ષડ્‌વિધપણું છે. पुराण - બહુકાલીન, दुर्धर - ગહન ચિત્રાદિ.

ક્ષિપ્ર, બહુ, બહુવિધ આદિ છ પદના પ્રતિપક્ષથી પણ છ પ્રકારે.. અવગ્રહ આદિ મતિ હોય છે માટે મતિના ૨૮ ભેદોને બાર પ્રકારે ગુણવાથી ૩૩૬ ભેદો થાય છે. આ કથન ભાષ્યગાથા દ્વારા પણ જણાવેલ છે.

વિવિધ શબ્દને ભિન્ન ભિન્ન જાતિપણે જાણે તે બહુ, તે ભેદોને પેટાભેદ સહિત જાણે તે બહુવિધ, શીઘ્ર જાણે તે ક્ષિપ્ર, લિંગરહિત જાણે તે અનિશ્રિત, સંશયરહિત જાણે તે અસંદિગ્ધ,. સતત જાણે તે ધ્રુવ.

બહુ આદિના પ્રતિપક્ષે અબહુ આદિ ભેદો જાણવા. પર ધર્મો વડે મિશ્ર તે નિશ્રિત અને અમિશ્રિત તે અનિશ્રિત. ઇત્યાદિ - x - x - x -

મતિ કહી. વિશિષ્ટ મતિવાળા તપ કરે છે માટે તપના ભેદો કહે છે.

**● સૂત્ર-૫૬૨,૫૬૩ :-**

***[૫૬૨] છ ભેદે બાહ્ય તપ કહ્યો છે - અનશન, ઉણોદરી, ભિક્ષાચર્યા રસત્યાગ, કાયક્લેશ પ્રતિસંલીનતા... છ ભેદે અભ્યંતર તપ કહ્યો છે, તે આ - પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ.***

***[૫૬૩] વિવાદ છ ભેદે કહ્યો, તે આ - (૧) અવષ્વષ્કય, (૨) ઉત્ષ્વષ્ક્ય, (૩) અનુલોમ કરીને, (૪) પ્રતિલોમ કરીને, (૫) ભજીને, (૬) ભેળવીને.***

**● વિવેચન-૫૬૨,૫૬૩ :-**

...[૫૬૨] આ સૂત્રનો અર્થ કહેવાયેલ છે. તો પણ કંઈક વિશેષ - બાહ્ય એટલે આચરનારને લૌકિકો વડે પણ તપ રૂપે જણાતું હોવાથી, શરીરને તપાવનાર હોવાથી કે શરીર તથા કર્મને તપાવે તે તપ. તેમાં—

(૧) અનશન - આહાર ત્યાગ. તે બે ભેદે - ઈત્વર અને યાવત્કથિક. આ તીર્થને આશ્રીને એક ઉપવાસથી છ માસ પર્યન્ત. યાવત્કથિક તે જીવન પર્યન્ત. તે ત્રણ ભેદે છે. પાદ્‌પોપગમન, ઇંગિતમરણ, ભક્ત પરિજ્ઞા.- x -

(૨) ઉણોદરી - अवम - ઉણું, उदर - જઠર. તેમ કરવું તે અવમોદરિકા. તે દ્રવ્યથી ઉપકરણ અને ભક્તપાન વિષયક પ્રતીત છે. ભાવથી ક્રોધ આદિના ત્યાગરૂપ છે... (૩) ભિક્ષાચર્યા - ભિક્ષાને માટે ફરવું તે. તે તપ નિર્જરાના અંગભૂત હોવાથી અનશનવત્ કે સામાન્યથી ગ્રહણમાં પણ વિચિત્ર અભિગ્રહ યુક્તપણાથી વિશિષ્ટવૃત્તિ સંક્ષેપરૂપ જાણવી. જે આગળ ગોચરચર્યા છ ભેદે કહી, તેનાથી અત્યંત ભિન્ન નથી.

ભિક્ષાચર્યામાં અભિગ્રહો, દ્રવ્યાદિ ભેદે ચાર છે. જેમકે - દ્રવ્યથી અલેપકારી આદિ દ્રવ્ય લઈશ, ક્ષેત્રથી પર ગામ, પાંચ ઘર આદિથી પ્રાપ્ત, કાળથી પૂર્વાહ્ણ આદિ આગલા બે પ્રહરમાં અને ભાવથી ગાનાદિ પ્રવૃત્તિ.



(૪) રસ - ક્ષીર આદિ, તેનો પરિત્યાગ તે રસ પરિત્યાગ... (૫) પ્રતિક્લેશ - શરીરને ક્લેશ આપવો તે વીરાસન આદિ અનેક ભેદે... (૬) પ્રતિસંલીનતા - ગોપવવું તે, તે ઇન્દ્રિય, કષાય, યોગ, પૃથક્ શયનાસનથી છે.

अब्भिंतर - લૌકિક વડે નહીં જણાતું હોવાથી, જૈનેતરો દ્વારા પરમાર્થ વડે ન સેવાયેલ હોવાથી અને મોક્ષની પ્રાપ્તિમાં અંતરંગભૂત છે.

(૧) પ્રાયશ્ચિત્ત - કહેલ સ્વરૂપે આલોચનાદિ દશ ભેદે છે... (૨) જેના વડે કર્મ વિશેષે કરી દૂર કરાય તે વિનય - ચાતુરંત સંસારથી છૂટવાને જેનાથી અષ્ટવિધ કર્મના નાશ કરાય છે, તેને વિદ્વાનો વિનય કહે છે. તે જ્ઞાનાદિ ભેદે સાત પ્રકારે છે... (૩) વૈયાવચ્ચ - વ્યાવૃત્તનો ભાવ તે વૈયાવચ્ચ. અર્થાત્ ધર્મના સાધન અર્થે અન્ન આદિનું આપવું. - x - તે દશ ભેદે છે - આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ અને સંઘનું વૈયાવચ્ચ કરવું જોઈએ.

(૪) સ્વાધ્યાય - सु - સારું, आ - મર્યાદા વડે अध्याय - અધ્યયન કરવું તે સ્વાધ્યાય, તે પાંચ ભેદે - વાચના, પૃચ્છના પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા... (૫) ધ્યાન-ધ્યાવવું તે. એકાગ્રચિત્તવૃત્તિ નિરોધ રૂપ તે ચાર ભેદે છે, તે ચાર પૈકી નિર્જરાના હેતુભૂત હોવાથી ધર્મધ્યાન, શુક્લધ્યાન તપ છે. બંધહેતુત્વથી આર્ત્ત, રૌદ્ર નહીં... (૬) વ્યુત્સર્ગ - પરિત્યાગ, તે બે ભેદે - દ્રવ્યથી, ભાવથી, દ્રવ્યથી - ગણ, શરીર, ઉપધિ અને આહાર ત્યાગ. ભાવથી ક્રોધાદિ ત્યાગ રૂપ છે.

આ તપ સૂત્રો દશવૈકાલિકથી વિશેષથી જાણવા.

[૫૬૩] અનંતરોક્ત અર્થમાં કોઈ વિવાદ કરે છે, માટે વિવાદ સ્વરૂપ કહે છે - કોઈ અર્થમાં વાદ તે વિવાદ કહ્યો. તેના છ ભેદ બતાવેલા છે—

(૧) ओसक्कइत्त - સમયના લાભ માટે કાલક્ષેપ કરીને વિવાદ કરે.

(૨) उस्सक्कावइत्त - મેળવેલ અવસરથી ઉત્સુક થઈ વિવાદ કરે.

(૩) अणुलोमइत्ता - વિવાદ અધ્યક્ષને સામનીતિથી અનુકૂળ કરે અથવા પ્રતીપક્ષીને પ્રથમ તેના પક્ષનો સ્વીકાર કરવા વડે અનુકૂળ કરે.

(૪) पडिलोमइत्ता - સર્વથા સામર્થ્યથી પ્રતિપક્ષને પ્રતિકૂળ કરે.

(૫) भक्त्वा - અધ્યક્ષોને ભજીને... (૬) भेलइत्ता - પ્રતિપક્ષીઓ સાથે અધ્યક્ષોને ભેળવીને કે ભેદ પડાવીને - x - વાદ કરે.

વિવાદથી અનિવૃત્ત કેટલાંક ક્ષુદ્ર પ્રાણીમાં ઉત્પન્ન થાય, માટે તે—

**● સૂત્ર-૫૬૪ થી ૫૬૬ :-**

***[૫૬૪] ક્ષુદ્ર પ્રાણી છ ભેદે છે - બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક, તેઉકાયિક, વાયુકાયિક.***

***[૫૬૫] ગોચર ચર્યા છ ભેદે છે - પેટા, અર્ધપેટા, ગોમુત્રિકા, પતંગવીથિકા, સંબુક્કવૃત્તા, ગત્વા પ્રત્યાગત્વા.***

***[૫૬૬] જંબૂદ્વીપે મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભાપૃથ્વીમાં છ અપક્રાંત-મહાનરકો કહ્યા - લોલ, લોલુપ, ઉદ્દગ્ધ, નિર્દગ્ધ, જરક, પ્રજરક... ચોથી***

***પંકપ્રભા પૃથ્વીમાં છ અપક્રાંત મહાનરકો કહ્યા છે - આર, વાર, માર, રોર, રોરુત, ખાડખડ.***

**● વિવેચન-૫૬૪ થી ૫૬૬ :-**

[૫૬૪] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - ક્ષુદ્ર - અધમ. કહ્યું છે - અલ્પ, અધમ, વેશ્યા, ક્રુર, મધમાખી, નટી આ છ ક્ષુદ્ર કહેવાય. વિકલેન્દ્રિય, તેઉ અને વાયુના અનંતરભવે સિદ્ધિગમન અભાવથી અધમપણું છે. કહ્યું છે કે - પૃથ્વી, અપ્, પંકપ્રભાથી ઉત્પન્ન મનુષ્ય એક સમયે ચાર સિદ્ધ થાય, વનસ્પતિથી ઉત્પન્ન છ સિદ્ધ થાય, વિકલેન્દ્રિયથી ઉત્પન્ન વિરતિ પામે પણ સિદ્ધ ન થાય. સૂક્ષ્મ ત્રસ-તેઉ, વાયુ કંઈ પણ ન પામે. પૃથ્વી, અપ્, વનસ્પતિ, ગર્ભજ પર્યાપ્તા સંખ્યાત આયુવાળામાં સર્વથી ચ્યુત દેવોનો વાસ છે, શેષમાં નિષેધ છે.

સંમૂર્છિત પંચેન્દ્રિય તિર્યંચોનું અધમત્વ તેમાં દેવોની અનુત્પત્તિ થકી છે, પંચેન્દ્રિયત્વ છતાં અમનસ્કતાથી વિવેક અભાવે નિર્ગુણત્વ છે. વાચનાંતરમાં સિંહ, વાઘ, વરુ, દીપડા, રીંછ, ચિત્રને ક્ષુદ્ર-ક્રૂર કહ્યા છે.

[૫૬૫] અનંતર સત્વ વિશેષ કહ્યા. સત્વોને પીડા ન કરવાથી સાધુને ભિક્ષાચર્યા કાર્ય છે. તે છ ભેદે છે. તે બતાવે છે ગો - બળદ, ચરવું તે ગોચર. તેની માફક જે ચર્યા તે ગોચરચર્યા અર્થાત્ જેમ બળદ ઉંચ-નીચ તૃણોને વિશે સામાન્યથી ચરવામાં પ્રવર્તે, તેમ રાગ-દ્વેષરહિત સાધુ ઉંચ-નીચ-મધ્યમ કુળોમાં ધર્મોના સાધનભૂત દેહના પરિપાલન માટે ભિક્ષા લેવા ફરે તે ગોચરચર્યા. તે અભિગ્રહથી છ ભેદે છે—

(૧) પેટા - વંશદલમય પેટી પ્રસિદ્ધ છે, તે ચોરસ હોય છે. સાધુ, તેમાં અભિગ્રહ વિશેષથી ગામ આદિ ક્ષેત્રમાં પેટી માફક વિભાગ કરતો વિચરે તે.

(૨) અર્ધપિટા - એ રીતે ઉપર મુજબ અર્ધ પેટી પણ કહેવી.

(૩) ગોમૂત્રિકા - બળદનું મુતરવું, તેની માફક જે ચર્યા તે. પરસ્પર સન્મુખ ઘરોની પંક્તિમાંથી એક પંક્તિમાં જઈ, બીજીમાં ફરી પહેલીમાં જાય.

(૪) પતંગવીથિકા - પતંગીયાના માર્ગ માફક જે ચર્યા તે. પતંગીયાની ગતિ અનિયત ક્રમવાળી હોય. એ રીતે અચોક્કસ ક્રમે જે ચર્યા તે.

(૫) સંબુકવૃત્તા - संबुक्क - શંખ, તેની માફક જે વૃત્તચર્યા તે. - તેમાં જે ચર્યામાં ક્ષેત્રના બહારના ભાગે શંખની જેમ વૃતત્વ ગતિ વડે ફરતો ક્ષેત્રના મધ્યભાગે આવે તે અભ્યંતરસંબુક્કા. જેમાં મધ્યભાગ થકી ફરતો બહાર જાય તે બહિસંબુક્કા.

(૬) ગત્વાપ્રત્યાગતા - ઉપાશ્રયથી નીકળી ઘરોની પંક્તિમાં ભિક્ષા કરતો ક્ષેત્રના છેડા સુધી જઈને પાછો આવી ફરી બીજા ઘરની પંક્તિ ફરે.

[૫૬૬] સાધુચર્યા કહી. ચર્યાના પ્રસ્તાવથી આ સાધુચર્યાના ફળને ભોગવનારાના સ્થાન વિશેષોને કહેવા માટે આ સૂત્ર છે—

સૂત્ર સુગમ છે. વિશેષ આ - अपक्रान्ता - સર્વ શુભ ભાવોથી ભ્રષ્ટ થયેલા અર્થાત્ બીજાથી અત્યંત કનિષ્ટ અથવા અમનોહર બધા નરકાવાસો આવા છે, પણ આ વિશેષ અમનોહર છે. એમ બતાવતું વિશેષણ છે.





આ નરકાવાસો આ પ્રમાણે - ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩, ૧ - આ પ્રમાણે ક્રમથી સાત પૃથ્વીમાં પ્રસ્તટની સંખ્યા છે. એ રીતે કુલ-૪૯ પ્રસ્તટો છે. તેમાં ક્રમથી ૪૯ સીમંતકાદિ વૃત્તાકાર નરકેન્દ્રકો છે. તેમાં સીમંતકની પૂર્વાદિ દિશાઓમાં ૪૯ સંખ્યાથી નરકાવાસાઓ છે અને વિદિશાઓમાં-૪૮ની સંખ્યાએ છે. પછી દરેક પ્રસ્તટમાં દિશા અને વિદિશાએ એક એક નરકાવાસની ન્યૂનતા વડે સાતમી નરકમાં દિશાઓમાં એક-એક જ નરકાવાસા છે. વિદિશાઓમાં નથી. કહ્યું છે કે—

સીમંતકની પૂર્વ, ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ દિશામાં ૪૯-નરક શ્રેણિ છે. સીમંતકને ઇશાન ખૂણે ૪૮ નરક શ્રેણીઓ જાણવી. એ રીતે ત્રણે ખૂણામાં જાણવું. સાતમી નરકમાં દરેક દિશામાં એક-એક નરકાવાસો છે. મધ્યમાં અપ્રતિષ્ઠાન નરકાવાસ છે. વિદિશાનરક વિરહિત છે. છેલ્લો પ્રતર પાંચ નરકાવાસ સમજવો.

સીમંતકની પૂર્વાદિ દિશામાં સીમંતકપ્રભાદિ નરકો છે. કહ્યું છે - સીમંતકની પૂર્વે સીમંતક પ્રભ, ઉત્તરે સીમંતક મધ્યમ, પશ્ચિમે સીમંતક અને દક્ષિણે સીમંતકાવશિષ્ટ નરકાવાસ જાણવો.

પૂર્વાદિ દિશાઓમાં સીમંતકની અપેક્ષાએ પ્રત્યેક આવલિકાઓમાં વિલય આદિ નરકાવાસો હોય છે. એ રીતે લોલ આદિ છ નરકાવાસો પણ આવલિકાગતોની મધ્યે વિમાનનરકેન્દ્ર નામના ગ્રંથમાં કહ્યા છે. તેમાં કહ્યું છે કે - લોલ અને લોલુપ આવલિકાના પર્યન્તે છે ઉદંગ્ધ, નિદંગ્ધ સીમંતકપ્રભથી વીશમા, એકવીશમાં છે જરક, પ્રજરક ૩૫ મો, ૩૬ મો છે.

કેવલ લોલ અને લોલુપ એ શુદ્ધ પદો વડે બધા નરકાવાસોની પૂર્વે આવલિકામાં કથન છે. ઉત્તરદિશાદિની આવલિકા વિશે સવિશેષ એ જ નામો વડે નરકાવાસાઓ કહેવાય છે. તે આ - ઉત્તરમાં લોલમધ્ય, લોલુપમધ્ય, એ રીતે પશ્ચિમમાં લોલવર્ત્ત, દક્ષિણમાં લોલાવશિષ્ટ આદિ.

અહીં તો દક્ષિણદિશાના આવલિકાગત નરકાવાસના વિવક્ષિતત્વથી લોલાવશિષ્ટ આદિ વક્તવ્યતામાં પણ સામાન્ય નામ જ વિશેષરહિત વિવક્ષિત છે એમ સંભવે છે. પંકપ્રભામાં અપકાન્તા કે અપકાન્તા ઇત્યાદિ પૂર્વોક્ત રીતે જાણવું. અહીં સાત પ્રસ્તટ, સાત નરકેન્દ્રો છે.

કહ્યું છે કે - આર, માર, નાર, તામ્ર, તમસ્ક, ખાડખડ, ખંડખડ આ સાત નરકાવાસ ચોથી નરકમાં જાણવા. આ રીતે આર, માર, ખાડખડ આ ત્રણ નરકેન્દ્રો છે, બીજા ત્રણ-વાર, રોર, રોરુક એ પ્રકીર્ણક છે. અથવા ઇન્દ્રકો જ નામાંતરથી કહેલા સંભવે છે.

અનંતર અસાધુચર્યાના ફળને ભોગવનારાઓના સ્થાનો કહ્યા. હવે સાધુચર્યાના ફળને ભોગવનારા સ્થાન વિશેષો કહે છે.

**● સૂત્ર-૫૬૭,૫૬૮ :-**

***[૫૬૭] બ્રહ્મલોક કલ્પમાં છ વિમાન પ્રસ્તટો કહેલા છે, તે આ પ્રમાણે - અરજ, વિરજ, નિરજ, નિર્મલ, વિમિતર, વિશુદ્ધ.***

*[૫૬૮] જ્યોતિષ્પેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રના છ નક્ષત્રો, પૂર્વભાગ સમક્ષેત્રી અને ૩૦ મુહૂર્ત્તના કહ્યા છે. તે આ - પૂર્વભાદ્રપદા, કૃતિકા, મઘા, પૂર્વાફાલ્ગુની, મૂલ, પૂર્વાષાઢા... જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રના છ નક્ષત્રો નક્તભાગા, અર્ધક્ષેત્રવાળા અને ૧૫ મુહૂર્ત્તવાળા કહ્યા છે. તે આ - શતભિષજા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતી, જ્યેષ્ઠા... જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના છ નક્ષત્રો ઉભયભાગા, દોઢ ક્ષેત્રવાળા, ૪૫-મુહૂર્ત્તવાળા કહ્યા છે. તે આ - રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા.*

● **વિવેચન-૫૬૭,૫૬૮ :-**

[૫૬૭] બ્રહ્મલોક-પાંચમા દેવલોકમાં છ વિમાન પ્રસ્તટો કહ્યા છે - પહેલા, બીજામાં ૧૩, ત્રીજા, ચોથામાં ૧૨, પાંચમા કલ્પે-૬, છટ્ઠામાં-૫ સાતમામાં-૪, આઠમામાં-૪ નવમા, દશમામાં-૪, અગિયારમા, બારમામાં-૪, ત્રણે ગ્રૈવેયક ત્રીકમાં ૩-૩, અનુત્તર વિમાનમાં-૧ એ રીતે ૧૩ + ૧૨ + ૬ + ૫ + ૧૬ + ૯ + ૧ = ૬૨ પ્રસ્તટો છે.

[૫૬૮] વિમાન વક્તવ્યતા કહી, તેના પ્રસ્તાવથી નક્ષત્ર સંબંધી વિમાન વક્તવ્યતા કહે છે. સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ એ કે - પૂર્વભાગ અર્થાત્ અગ્ર વડે [આગળથી] સેવે છે. એટલે કે અપ્રાપ્ત ચંદ્ર સાથે પૂર્વ ભાગ પર્યન્ત જોડાય છે. - x - ચંદ્રને અગ્રયોગવાળા આ નક્ષત્રોને અપ્રાપ્ત થયેલ ચંદ્ર ભોગવે છે. એ રીતે 'લોકશ્રી' નામે ગ્રંથમાં કહેલ ભાવના છે.

તે જ ગ્રંથમાં કહ્યું છે - ત્રણ પૂર્વા, મૂલ, મઘા, કૃતિકા આ છ નક્ષત્રો અગ્રિમ યોગવાળા હોય છે. સ્થૂળ ન્યાયને આશ્રીને ૩૦ મુહૂર્તમાં ભોગયોગ્ય આકાશ દેશ લક્ષણ ક્ષેત્ર છે જેઓને તે સમક્ષેત્રવાળા. આ જ કારણે કહે છે - ૩૦ મુહૂર્ત પર્યન્ત ચંદ્ર સાથે ભોગ છે જેઓને તે ૩૦-મુહૂર્ત્તના ભોગવાળા... નક્તભાગ - ચંદ્રના સમાન યોગવાળા. કહ્યું છે - આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, શતભિષા, અભિજિત, જ્યેષ્ઠા આ છ સમયોગવાળા છે. માત્ર ભરણીના સ્થાને લોકશ્રી સૂત્રમાં અભિજિત્ કહેલ છે, તે મતાંતર છે.

સમક્ષેત્રની અપેક્ષાએ અર્ધ જ ક્ષેત્ર છે, જેઓને તે અપાર્ધક્ષેત્રવાળા. હવે ક્ષેત્રત્વ કહે છે - પંદર મુહૂર્ત્તવાળા. ચંદ્ર વડે ઉભયતઃ બંને ભાગથી સેવાય છે જે નક્ષત્રો તે ઉભય ભાગવાળા અર્થાત્ ચંદ્રને પૂર્વથી અને પાછળથી ભોગને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે લોકશ્રી ગ્રંથમાં કહેલ છે. કહ્યું છે - ત્રણ ઉત્તરા, વિશાખા, પુનર્વસુ, રોહિણી ઉભયયોગવાળા છે.

બીજું અપાર્દ્ધ છે જેમાં તે દ્વયપાર્ધ અર્થાત્ દોઢ ક્ષેત્ર, ૪૫ મુહૂર્ત્તવાળા છે. અન્ય દશ નક્ષત્રો પશ્ચિમથી યોગવાળા છે. પૂર્વભાગાદિ નક્ષત્રોના આ ગુણ છે - ઉક્ત ક્રમથી નક્ષત્ર સાથે યોગવાળો થઈ ચંદ્રમાં સુભિક્ષ કરનાર છે અને વિપરીતપણે જોડાયેલ ચંદ્રમા દુર્ભિક્ષનો કરનાર છે.

ચંદ્ર વિશે કહ્યું કિંચિત્ શબ્દ કે વર્ણ સામ્યથી અભિચંદ્ર કુલકરનું સૂત્ર તથા તેના વંશજ ભરત અને પાર્શ્વનાથ સૂત્ર આદિ કથન કરે છે—



● **સૂત્ર-૫૬૯ થી ૫૭૨ :-**

*[૫૬૯] અભિચંદ્ર કુલકર ૬૦૦ ધનુષ્ ઉંચા-ઉંચાઈથી હતા.*

*[૫૭૦] ચાતુરંગ ચક્વર્તી રાજા ભરત છ લાખ પૂર્વ સુધી મહારાજ હતા.*

*[૫૭૧] પુરુષાદાનિય પાર્શ્વ અરિહંતને દેવ-મનુષ્ય-અસુર યુક્ત પર્ષદાને વિશે અપરાજિત એવા ૬૦૦ વાદી મુનિની સંપદા હતી.*

*વાસુપૂજ્ય અરિહંતે ૬૦૦ પુરુષો સાથે મુંડ થઈ યાવત્ દીક્ષા લીધી.*

*ચંદ્રપ્રભ અરિહંત છ માસ સુધી છદ્મસ્થપણે રહ્યા.*

*[૫૭૨] તેઇન્દ્રિય જીવોનો આરંભ ન કરનારને છ ભેદે સંયમ થાય. તે આ - ઘ્રાણમય સૌખ્યથી ભ્રષ્ટ ન થાય. ઘ્રાણમય દુઃખથી જોડાય નહીં. જિહ્વામય સૌખ્યથી ભ્રષ્ટ ન થાય. એ પ્રમાણે યાવત્ સ્પર્શમય૦ જાણવું.*

*તેઇન્દ્રિય જીવોનો આરંભ કરનાર છ પ્રકારનો અસંયમ કરે છે. તે - ઘ્રાણમય સૌખ્યથી ભ્રષ્ટ થાય, ઘ્રાણમય દુઃખ સાથે જોડાય યાવત્ સ્પર્શમય દુઃખ સાથે જોડાય છે.*

● **વિવેચન-૫૬૯ થી ૫૭૨ :-**

[૫૬૯] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - અભિચંદ્ર આ અવસર્પિણીમાં ચોથા કુલકર થયા...

[૫૭૦] ત્રણ સમુદ્ર અને હિમવાન્ પર્વતરૂપ ચાર અંત જેને છે તે ચાતુરંત પૃથ્વી, તેનો સ્વામી તે ચાતુરંત ચક્વર્તી, તે છ લાખ પૂર્વ સુધી મહારાજા હતા.

[૫૭૧] જે સ્વીકારાય તે આદાનીય - ઉપાદેય પુરુષો મધ્યે આદાનીય તે પુરુષાદાનીય... ચંદ્રપ્રભનો છદ્મસ્થપર્યાય છ માસ કહ્યો છે. પરંતુ આવશ્યક નિર્યુક્તિમાં આ પદ્મપ્રભુનો પર્યાય છે, ચંદ્રપ્રભુનો તો ત્રણ માસ કહેલ છે. આ મતાંતર જાણવું.

[૫૭૨] છદ્મસ્થ ઇન્દ્રિય ઉપયોગવાન્ હોય, માટે ઇન્દ્રિયના સામીપ્યરૂપ સંબંધથી તેઇન્દ્રિયને આશ્રિત સંયમ-અસંયમને બતાવે છે—

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - નાશ ન કરનારને, ઘ્રાણમય સૌખ્યથી - ગંધ ગ્રહણરૂપ સુખનો નાશ કરે છે... ગંધ ગ્રહણના અભાવરૂપ દુઃખથી સંયોગ ન કરનાર થાય છે. અહીં નાશ ન કરવું અને ન જોડવું તે અનાશ્રવરૂપ હોવાથી સંયમ છે. તેથી વિપરીત સૂત્ર તે અસંયમ છે.

આ સંયમ-અસંયમ પ્રરૂપણા મનુષ્યક્ષેત્રમાં જ હોય, માટે મનુષ્ય ક્ષેત્રમાં રહેલ અને છ સ્થાનક અવતાર વસ્તુની પ્રરૂપણાને કહે છે—

● **સૂત્ર-૫૭૩ થી ૫૭૫ :-**

*[૫૭૩] - (૧) જંબૂદ્વીપમાં છ અકર્મભૂમિ કહી છે, તે આ - હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ, દેવકુરુ, ઉત્તરકુરુ. (૨) જંબૂદ્વીપમાં છ વર્ષક્ષેત્ર કહ્યા છે - ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ. (૩) જંબૂદ્વીપ છ વર્ષધર પર્વતો કહ્યા છે - લઘુહિમવત, મહાહિમવત, નિષધ, નીલવંત, રુકિમ, શિખરી. (૪) જંબૂદ્વીપમાં મેરુ દક્ષિણે છ કૂટો કહ્યા છે - લઘુહૈમવત, વૈશ્રમણ,*

*મહાહૈમવત, વૈડૂર્ય, નિષધ, રુચક-કૂટ. (૫) જંબૂદ્વીપના મેરુની ઉત્તરે છ કૂટો કહ્યા છે - નીલવંતકૂટ, ઉપદર્શનકૂટ, રુકિમકૂટ, મણિકંચનકૂટ, શિખરિકૂટ, તિગિચ્છિકૂટ...*

*(૬) જંબૂદ્વીપમાં છ મહાદ્રહો કહ્યા છે - પદ્મદ્રહ, મહાપદ્મદ્રહ, તિગિચ્છિદ્રહ, કેસરીદ્રહ, મહાપૌંડરિકદ્રહ, પુંડરીકદ્રહ... (૭) ત્યાં છ દેવીઓ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક છે. તે આ - શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી... (૮) જંબૂદ્વીપના મેરુની દક્ષિણે છ મહાનદીઓ કહી છે - ગંગા, સિંધુ, રોહિતા, રોહિતાંશા, હરી, હરીકાંતા... (૯) જંબૂદ્વીપના મેરુની ઉત્તરે છ મહાનદીઓ કહી છે - નરકાંતા, નારીકાંતા, સુવર્ણકુલા, રૌપ્યકુલા, રક્તા, રક્તવતી...*

*(૧૦) જંબૂદ્વીપમાં મેરુની પૂર્વે સીતા મહાનદીના બંને કિનારે છ અંતરનદીઓ કહી છે - ગ્રાહવતી, દ્રહવતી, પંકવતી, તપ્તજંલા, મત્તજલા, ઉન્મત્તજલા... (૧૧) જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીના બંને કિનારે છ અંતરનદીઓ કહી છે - ક્ષીરોદા, સિંહશ્રોતા, અંતર્વાહિની, ઉર્મ્મિમાલિની, ફેનમાલિની, ગંભીરમાલિની.*

*[૧૨ થી ૨૨] ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં છ અકર્મભૂમિઓ કહી છે. હૈમવત૰ ઇત્યાદિ જંબૂદ્વીપમાં કહ્યું તેમ અહીં પણ કહેવું. યાવત્ [૨૩ થી ૫૫] પુષ્કરવરદ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં પણ એમ કહેવું.*

*[૫૭૪] ઋતુઓ છ કહી - પ્રાવૃટ્, વર્ષા, શરદ, હેમંત, વસંત, ગ્રીષ્મ.*

*[૫૭૫] છ અવમરાત્ર [ક્ષયદિન] કહ્યા છે - ત્રીજો, સાતમો, અગિયારમો, પંદરમો અને ઓગણીસમો, તેવીશમો પક્ષ... છ અધિકરાત્રિ [વૃદ્ધિદિન] કહ્યા છે - ચોથો, આઠમો, બારમો, સોળમો, વીસમો, ચોવીશમો પક્ષ.*

**● વિવેચન-૫૭૩ થી ૫૭૫ :-**

[૫૭૩] આ સૂત્રો સુગમ છે. વિશેષ એ - કૂટ સૂત્રોમાં હિમવતાદિ વર્ષધર પર્વતોમાં દ્વિસ્થાનકમાં કહેલ ક્રમ વડે બે બે કૂટો જાણી લેવા.

[૫૭૪] ઉક્ત વર્ણિત ક્ષેત્રમાં કાળ હોય છે, માટે કાલવિશેષને કહેવા છ ઋતુના સૂત્રો સુગમ છે. વિશેષ એ કે - બે માસ પ્રમાણ કાળવિશેષ ઋતુ, અષાઢ અને શ્રાવણ માસ પ્રાવૃટ્ છે. એ રીતે ક્રમથી બીજી ઋતુ જાણવી. લૌકિક વ્યવહારમાં શ્રાવણાદિ બે બે માસની વર્ષા, શરદ આદિ ઋતુ છે.

[૫૭૫] ओमरत्त - હિન રાત્રિ અર્થાત્ દિન ક્ષય. पव्व - અમાસ કે પૂનમ, તેનાથી ઓળખાતો પક્ષ પણ પર્વ છે. લૌકિક ગ્રીષ્મઋતુમાં જે ત્રીજો પક્ષ - અષાઢ કૃષ્ણપક્ષ, સાતમું પર્વ - ભાદરવા કૃષ્ણ પક્ષ, એ રીતે એક માસ વડે અંતરિત માસના કૃષ્ણ પક્ષો સર્વત્ર પર્વો જાણવા. - x -

अतिरात्र - અધિક દિન અર્થાત્ દિન વૃદ્ધિ. ચોથું પર્વ - અષાઢ શુક્લ પક્ષ. એ રીતે અહીં એક માસ વડે અંતરિત શુક્લપક્ષો સર્વત્ર પર્વો છે.

આ અતિરાત્રિકાદિ અર્થ જ્ઞાનથી જણાય છે. માટે અધિકૃત અધ્યયનમાં



અવતરનાર જ્ઞાનના કથન માટે સૂત્રદ્વયને કહે છે—

**● સૂત્ર-૫૭૬ થી ૫૭૮ :-**

*[૫૭૬] આભિનિબોધિક જ્ઞાનનો છ ભેદે અર્થાવગ્રહ કહેલ છે. તે આ - શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ યાવત્ નોઇન્દ્રિય અર્થાવગ્રહ.*

*[૫૭૭] અવધિજ્ઞાન છ ભેદે કહ્યું છે, તે આ - આનુગામિક, અનાનુગામિક, વર્દ્ધમાનક, હીયમાનક, પ્રતિપાતી, અપ્રતિપાતી.*

*[૫૭૮] સાધુ-સાધ્વીને આ છ પ્રકારના અવચન બોલવા ન કલ્પે. તે આ - અલિકવચન, હીલિતવચન, ખિંસિતવચન, કઠોરવચન, ગૃહસ્થવચન અને ઉપશાંત કષાય પુનઃ ઉદીરવારૂપ વચન.*

**● વિવેચન-૫૭૬ થી ૫૭૮ :-**

[૫૭૬] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - સામાન્યનું - શ્રોત્રેન્દ્રિયાદિ વડે પહેલા વિકલ્પરહિત અને 'આ શબ્દ છે' એવા વિકલ્પરૂપ ઉત્તર વિશેષ અપેક્ષાએ સામાન્યનું ગ્રહણ કરવું તે અર્થાવગ્રહ. આ નૈશ્ચયિક એક સમયપ્રમાણ અને વ્યવહારિક અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અર્થ વિશેષિતત્વથી વ્યંજન અવગ્રહનો નિષેધ છે. કેમકે વ્યંજનાવગ્રહ ચાર પ્રકારે જ છે.

[૫૭૭] પાછળ ચાલે તે અનુગામી, તે જ આનુગામિક - દેશાંતર ગયેલ જ્ઞાનીને પણ લોચન માફક સાથે ચાલે... જે તે દેશમાં રહેલા જ્ઞાનીને જ હોય કેમકે દેશનિબંધન ક્ષયોપશમ જ હોય તે અનાનુગામિક. તે સ્થાનમાં રહેલ બદ્ધદીપકવત્, દેશાંતર ગયેલ જ્ઞાનીને નષ્ટ થાય છે.

જે જ્ઞાન ક્ષેત્રથી અંગુલના અસંખ્યાત ભાગ માત્ર વિષયવાળું, કાલથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ, દ્રવ્યથી તેજો-ભાષાદ્રવ્ય અંતરાલવર્તી દ્રવ્ય વિષયક, ભાવથી દ્રવ્યગત સંખ્યેય પર્યાયના વિષયવાળું જઘન્યથી ઉત્પન્ન થઈને પુનઃ વૃદ્ધિ પામતું ઉત્કર્ષથી અલોકમાં લોક પ્રમાણ અસંખ્યાત ખંડોને, અસંખ્યાતી ઉત્સર્પિણી - અવસર્પિણીને, સમસ્તરૂપી દ્રવ્યોને અને દરેક દ્રવ્યમાં રહેલ અસંખ્યેય પર્યાયોને વિષયી કરે તે વર્ધમાન.

કહ્યું છે કે - પ્રતિસમય અસંખ્યભાગ અધિક, કોઈ સંખ્ય ભાગ અધિક, કોઈ સંખ્યાતગુણ, કોઈ અસંખ્યાતગુણ ક્ષેત્રને વધતુ જુએ તે વર્ધમાન. એ રીતે કાળને પણ જાણવો - તથા - કોઈ ઉત્કર્ષથી અવધિ વડે લોકપર્યન્ત જોઈને સંક્લેશવશથી ઓછું જુએ તો કોઈ અસંખ્યભાગહીનાદિ જુએ તે વિષય સંકોચરૂપ - હાનિને હીયમાન અવધિજ્ઞાન જાણવું.

પડવાના સ્વભાવવાળું તે પ્રતિપાતી, ઉત્કૃષ્ટથી લોકવિષયવાળું થઈને પણ પડે... ન પડે તે અપ્રતિપાતી. જેનાથી અલોકનો એક પ્રદેશ પણ જોવાય તે અપ્રતિપાતિ. આ કથનનો પાઠ પણ વૃત્તિમાં છે.

[૫૭૮] આવા જ્ઞાનીને જે વચન બોલવા ન કલ્પે તેને કહે છે - સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - કુત્સિત વચન તે અવચન. अलीक - જેમકે - તું દિવસે કેમ

પ્રચલા [ઉંઘ] કરે છે ? આવા પ્રશ્નોમાં તે વાત ન સ્વીકારવી આદિ... હીલિત - ઇર્ષ્યાથી ગણી, વાચક, જ્યેષ્ઠાર્ય આદિ કહેવું. ખિંસિત - જન્મ કર્માદિ ઉઘાડવાથી, પરુષ - દુષ્ટ, શૈક્ષ આદિ કહેવું તે. અગાર - ઘરની વૃત્તિવાળા, ગૃહસ્થ, તેઓનું જે વચન, જેમકે - પુત્ર, મામા, ભાણેજ આદિ.

કહ્યું છે - અરેરે બ્રાહ્મણ કે પુત્ર ! ભાઈ, મામા ઇત્યાદિ વચનોથી માસલઘુ, ચતુર્લઘુ, ચતુર્ગુરુ એવા પ્રાયશ્ચિત્ત આવે... ઉપશાંત થયેલને ફરી ઉદીરવા માટે બોલવું ન કલ્પે. તેને - x - ઉદીરણવચન નામે અવચન કહે છે. ખમાવીને ઉપશાંત કરેલા કલહોને જે જીવો પુનઃ ઉદીરે છે તે પાપાત્માઓ જાણવા... - અવચનોમાં પ્રાયશ્ચિત્ત આવે તે કહે છે—

● સૂત્ર-૫૭૯ થી ૫૮૩ :-

*[૫૭૯] કલ્પ [આચાર] ના છ પ્રસ્તારો કહ્યા છે - (૧) પ્રાણાતિપાતની વાણીને બોલતો, (૨) મૃષાવાદની વાણીને બોલતો, (૩) અદત્તાદાનની વાણીને બોલતો, (૪) અવિરતિની વાણીને બોલતો, (૫) અપુરુષવાદને બોલતો, (૬) દાસવાદને બોલતો, આ છ આચારના પ્રસ્તાર પ્રસ્તારીને સમ્યક્ પરિપૂર્ણ ન કરતો, તે સ્થાનને પ્રાપ્ત થાય. [પ્રાયશ્ચિત્તનો ભાગી થાય.]*

*[૫૮૦] આચારના છ પલિમંથૂ [ઘાતક] કહ્યા છે - (૧) કૌકુચિત, સંયમનો વિઘાતક છે. (૨) મૌખર્ય, સત્ય વચનનો વિઘાતક છે. (૩) ચક્ષુલોલુપ, ઇર્યાપથિકાનો વિઘાતક છે. (૪) તિંતિણિક, એષણા-ગોચરનો વિઘાતક છે, (૫) ઇચ્છાલોભિક, મુક્તિ માર્ગનો વિઘાતક છે, (૬) મિથ્યાનિદાનકરણ, મોક્ષ માર્ગનો વિઘાતક છે, ભગવંતે સર્વત્ર અનિદાનતા પ્રશંસી છે.*

*[૫૮૧] કલ્પસ્થિતિ છ પ્રકારે કહી - સામાયિક કલ્પસ્થિતિ, છેદોપસ્થાપનીય, નિર્વિશમાનક, નિર્વિષ્ટ, જિન અને સ્થવિર કલ્પસ્થિતિ.*

*[૫૮૨] શ્રમણ ભગવંત મહાવીર નિર્જળ છટ્ઠ ભક્ત વડે મુંડ યાવત્ પ્રવ્રજિત થયા... નિર્જળ છટ્ઠભક્ત વડે અનંત અનુત્તર યાવત્ ઉત્પન્ન થયું... નિર્જળ છટ્ઠ વડે સિદ્ધ યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.*

*[૫૮૩] સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકના વિમાનો ઉંચાઈથી ૬૦૦ યોજન કહ્યા છે. સનત્કુમાર માહેન્દ્ર કલ્પના દેવોના ભવધારણીય શરીર ઉંચાઈ વડે ઉત્કૃષ્ટથી છ હાથના કહેલા છે.*

● વિવેચન-૫૭૯ થી ૫૮૩ :-

[૫૭૯] કલ્પ - સાધુ આચાર, તેની વિશુદ્ધિ માટે, પ્રસ્તાર - પ્રાયશ્ચિત્ત રચના વિશેષ. પ્રાણાતિપાતનો વાદ - વાર્તા કે વાચાને બોલતા સાધુમાં પ્રાયશ્ચિત્તનો પ્રસ્તાર થાય છે. બીજા વડે વિનાશીત દેડકા પર મૂકેલ પગવાળા સાધુને જોઈને ક્ષુલ્લક કહે - હે સાધુ ! તમે દેડકો માર્યો. સાધુ કહે, નહીં. ક્ષુલ્લકે કહ્યું, તમારે બીજું વ્રત પણ નથી. આચાર્યે પૂછ્યું - તમે દેડકો માર્યો છે ? સાધુ કહે - ના. અહીં ક્ષુલ્લકને પ્રાયશ્ચિત્તાંતર છે. ક્ષુલ્લક કહે - તે સાધુ ફરી જૂઠું બોલે છે. સાધુ કહે - ગૃહસ્થોને



પૂછો. વૃષભ સાધુ પૂછે છે. આ પ્રાયશ્ચિત્તાંતર છે. જે આળ ચડાવે છે તેને મૃષાવાદ દોષ જ છે. જે મારેલને ગોપવે તેને બંને દોષ લાગે. કહ્યું છે - દુષ્પ્રત્યુપેક્ષિતાદિમાં સ્ખલિત ક્ષુલ્લકને પ્રેરણા કરાતા. તે વિચારે છે કે હું પણ તેમના છિદ્ર જોઈને તેમને પ્રેરણા કરીશ. કોઈ વખતે બીજા દ્વારા મરાયેલ દેડકા પર જ્યેષ્ઠ મુનિનો પગ આવેલ જોઈ ક્ષુલ્લકે કહ્યું - તમે માર્યો, તો તેને બીજું વ્રત નથી.

મૃષાવાદ સંબંધી વાદ - વિકલ્પ કે વાર્તાને બોલતા સાધુને પ્રાયશ્ચિત્ત પ્રસ્તાર થાય છે. જેમ - કોઈ સંખડીમાં અકાળત્વથી નિષિદ્ધ બે સાધુ બીજે ગયા. મુહૂર્ત પછી રત્નાધિકે કહ્યું - અમે સંખડીમાં જઈએ છીએ, ભોજનનો સમય છે. લઘુમુનિએ નિષિદ્ધ કરાયેલ સ્થાને જવા અનિચ્છા બતાવી. લઘુ મુનિ આચાર્ય પાસે કહે છે - આ મુનિ નિષિદ્ધ સ્થાને જઈ - x - એષણાનો નાશ કરે છે. આચાર્યે પૂછતા - x - રત્નાધિકે ના કહી ઇત્યાદિ - x -

કહ્યું છે - મૃષાવાદમાં સંખડીનું અને અદત્તાદાનમાં મોદક ગ્રહણનું દૃષ્ટાંત છે. બંનેની આરોપણામાં પ્રાયશ્ચિત્ત પ્રસ્તાર છે. આદિ - x -.

એ રીતે અદત્તાદાનના વાદને બોલે છે. - x - એક ઘરમાં ભિક્ષા મળી, તે બાલમુનિએ લીધી. જેટલામાં લઘુમુનિ ભાજન શુદ્ધ કરે છે, તેટલામાં રત્નાધિક મુનિએ સંખડીમાં મોદક મેળવ્યા, તેને લઘુમુનિ જોઈને આચાર્યને કહ્યું - આમણે અદત્ત મોદક લીધો છે. પ્રસ્તાર પૂર્વવત્.

આ રીતે અવિરતિ - અબ્રહ્મ, તેનો વાદ કે વાર્તા અથવા જેણીને વિરતિ વિદ્યમાન નથી તે અવિરતિકા - સ્ત્રી, તેણીની આસેવાના વાર્તા કે વાદને કહે છે, તે આ - લઘુ મુનિ - x - તેમના પર રોષથી ખોટું આળ ચડાવે કે - હે ભદંત ! જ્યેષ્ઠાર્યે આજે આર્યાના ઘેર હમણા મૈથુન સેવ્યુ, તેથી સંસર્ગવશાત્ મેં પણ સ્પૃષ્ટકલ્પ આચર્યુ. પ્રસ્તાર પૂર્વવત્.

આ નપુંસક છે. એવા વાદ, વાર્તા કે વાચા બોલે. અહીં પ્રતીત છે. ભાવના એ કે - આચાર્યને કહે કે - આ સાધુ નપુંસક છે. આચાર્ય પૂછે કે તું કેમ જાણે છે ? તે મુનિના સ્વજને મને કહ્યું - શું તમોને નપુંસકને દીક્ષા દેવી કલ્પે છે ? મને પણ તેમના લક્ષણથી શંકા પડી. પ્રસ્તાર પૂર્વવત્.

કહ્યું છે - કોઈ છિદ્રગવેષીએ આચાર્યને કહ્યું, આ રત્નાધિક ત્રીજા વેદવાળા છે ઇત્યાદિ પૂર્વવત્ - x - તેમનું ઉભવું, ચાલવું, દેખાવ, ભાષા આદિથી તે નપુંસક સદંશ લાગે છે. આ વચન ઘણા પ્રસ્તાવને આરોપે છે.

હવે દાસવાદને કહે છે. ભાવના આ છે - કોઈ કહે છે, આ દાસ છે. આચાર્યે પૂછ્યું - કેવી રીતે ? તેના દેહાકારથી. પ્રસ્તાર પૂર્વવત્.

કહ્યું છે - કોઈ સાધુ કહે - આ દાસ છે. - x - તેના દેહાકારથી જણાય છે. શીઘ્રકોપ, ઉદ્‌ભાંડ, નીચ આસને બેસવું, દારુણ સ્વભાવ, શરીરથી વિરૂપ, કુબ્જ, ન્યૂનાંગ આદિ સ્ફૂટાકારો બતાવે છે કે આ દાસ છે.

આચાર્ય કહે છે - કોઈ સુરૂપ, વિરૂપ, કુબ્જ, મડભ, બાહ્યવાદવાળા પણ હોય,

તે પરાભવ યોગ્ય નથી. માટે તેવું અનાર્યવચન ન કહેવું.

એ રીતે અનંતર કહેલ છ કલ્પ સંબંધી પ્રસ્તારને માસગુરુ આદિ પારાંચિક પર્યન્ત સ્વીકારથી આત્માને પ્રસ્તુત પ્રસ્તાર કરનાર - ખોટું આળ આપનાર સાધુ - x - કહેવા યોગ્ય અર્થના અસત્યપણાથી કથનના સમર્થનને કરવા શક્તિમાન્ ન થઈ ઉલટી વાણીને કરતો તેના જ - પ્રાણાતિપાતાદિના કરનારના જ સ્થાનને પામે છે - x - પ્રાણાતિપાતાદિ કરનારની જેમ દંડ કરવા યોગ્ય થાય અથવા પ્રસ્તાવોને વિસ્તારીને અભ્યાખ્યાન આપનાર આચાર્ય દ્વારા અન્ય અન્ય વિશ્વાસભૂત વચનો વડે કહેલ અર્થને અસત્યને કરતો તે સ્થાનને પ્રાપ્ત કરવા યોગ્ય થાય. પ્રાયશ્ચિત્ત પદે વિવાદ કરતો રહે, પણ પદાંતરને આરંભતો નથી. - x -

[૫૮૦] કલ્પાધિકાર - છ કલ્પ - સાધુ આચારને પરિમંથન - નાશ કરે છે તે પરિમંથુઓ. અર્થાત્ ઘાતકો. અહીં મન્થ બે ભેદે - દ્રવ્યથી, ભાવથી. કહ્યું છે - દ્રવ્યથી પરિમંથ - મંથન તે, જેના વડે દહિં આદિનું મથન કરાય છે. દહિં તુલ્ય સાધુ આચારનું કૌકુચ્યાદિથી મથન કરે છે.

કુચ્ ધાતુનો અર્થ કુત્સિત - અપ્રત્યુપેક્ષિતત્વાદિથી ખરાબ છે આચાર જેનો તે કુકુચિત અથવા કુકુચા - ખરાબ આચારરૂપ પ્રયોજન છે જેનું તે કૌકુચિક. તે ત્રણ પ્રકારે - સ્થાન, શરીર, ભાષાથી. - x - જે યંત્ર કે નાચનારીવત્ ભમે છે તે સ્થાનથી કૌકુચિક, હસ્તાદિથી પાષાણાદિને ફેંકે છે તે શરીરથી કૌકુચિક છે. કહ્યું છે - હાથ, ગોફણ, ધનુષ્ અને પગ આદિથી પત્થર આદિને પ્રબળતાથી ફેંકે છે તે શરીર કૌકુચિક, ભમર, દાઢ, સ્તન, પુતોને કંપાવે તે નર્તકીપણું, મુખવાદિત્રાદિ કરે તથા હસવું આવે તેમ બોલે તે ભાષા કૌકુચિક કહેવાય. - x - x - x -.

આ ત્રણે પ્રકારનો કૌકુચિક પૃથ્વી આદિના સંરક્ષણથી લઈને કાયગુપ્તિ પર્યન્ત સંયમનો યથાસંભવ પરિમંથુ હોય છે.

મૌખર્ય - અતિશયનની જેમ અતિ ભાષણ છે જેને તે મુખર. તે જ મૌખરિક - અથવા મુખ વડે શત્રુને લાવે છે તે મૌખરિક - બહુ બોલકો. કહ્યું છે કે મૌખરિક એ ગુણનિષ્પન્ન નામ છે. - x - તે મૃષાવાદ વિરતિનો પરિમંથુ છે, કેમકે મૌખર્ય હોવાથી મૃષાવાદનો સંભવ છે.

ચક્ષુ વડે ચંચળ અથવા ચંચળ છે ચક્ષુ જેના તે ચક્ષુલોલ અર્થાત્ જે સ્તૂપાદિને જોતો જોતો જાય છે. આ ધર્મકથાદિના ઉપલક્ષણરૂપ છે. કહ્યું છે કે - સ્તૂપાદિને જોતો જોતો જાય કે ધર્મ કહે કે પરાવર્તના, અનુપ્રેક્ષા કરતો જાય છે અથવા ઉપયોગરહિત પંથને નિરિક્ષતો નથી તે ચક્ષુલોલ કહેવાય છે. ઈર્યા એટલે ગમન અને તેનો પંથ તે ઇર્યાપથ, તેની સમિતિ તે ઇર્યાસમિતિ, તે લક્ષણવાળી ઇર્યાપથિકીનો પરિમંથુ છે.

કહ્યું છે કે - ઉપયોગરહિતપણે માર્ગમાં જનારને સંયમમાં છકાય વિરાધના અને આત્મવિરાધના થાય, કાંટા વાગે, પાત્રા ભાંગે, ઉડ્ડાહાદિ થાય.

તિંતિણિક, લાભ ન થતા ખેદથી કંઈક બોલનાર, ખેદ પ્રધાનતાથી ઉદ્ગમાદિ



દોષરહિત ભક્તપાનાદિના ગવેષણા, ગ્રહણૈષણા પ્રધાન જે ગોચરગાયની જેમ મધ્યસ્થપણે ભિક્ષાર્થે ફરવું તે એષણાગોચર, તેનો પરિમંથુ અર્થાત્ ખેદ સહિત અનેષણીય આહારને પણ ગ્રહણ કરે છે.

ઇચ્છાલોભિક - અભિલાષારૂપ લોભ, જેમ શુક્લશુક્લ તે અતિશુક્લ તેમ ઇચ્છાલોભ એટલે મહાલોભ - અધિક ઉપધિવાળો. કહ્યું છે - વધુ ઉપધિવાળો તે ઇચ્છાલોભિક. તે મુક્તિમાર્ગ એટલે નિષ્પરિગ્રહપણું કે અલોભત્વ. તે જ માર્ગની જેમ નિર્વૃત્તિપુરના માર્ગનો પરિમંથુ છે.

ભિજ્જ - લોભ, તેના વડે જે નિદાન કરવું અર્થાત્ ચક્રવર્તી, ઇન્દ્રાદિની ઋદ્ધિની યાચના કરવી, તે સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગનો પરિમંથુ છે. કેમકે આર્તધ્યાનરૂપ છે. મિથ્યા ના ગ્રહણથી અલોભવાળાને ભવનિર્વેદ, માર્ગાનુસારિતાદિ પ્રાર્થના મોક્ષમાર્ગના પરિમંથુ નથી. [શંકા] તીર્થંકરત્વાદિ પ્રાર્થના રાજ્યાદિ પ્રાર્થનાવત્ દોષિત નથી તેથી તેનું નિદાન પરિમંથુ નથી? [સમાધાન] એમ નથી. કહ્યું છે. રાજ્યાદિ તો ઠીક પણ તીર્થંકરત્વ, ચરમ શરીરીપણું આદિમાં પણ જિનેશ્વરે પ્રાર્થના ન જ કરવી, તેને પ્રશંસેલ છે.

કહ્યું છે કે - તપ પ્રભાવે આલોક-પરલોક નિમિત્ત તો નિષેધેલ જ છે, પણ તીર્થંકરત્વ અને ચરમદેહત્વનું અનિદાન પણ પ્રશસ્ત કહ્યું છે.

એ જ રીતે સામાયિકથી શુદ્ધિ થાય. કહ્યું છે - પ્રતિસિદ્ધમાં દ્વેષ અને વિહિતનો રાગ કરતા પણ સામાયિક અશુદ્ધ થાય છે અને બંનેમાં સમભાવથી સામાયિક શુદ્ધ થાય છે... આહાર, ઉપધિ, દેહમાં ઇચ્છા, લોભ પ્રવર્તે છે અને નિયાણું કરનાર તો પારલૌકિકનો સંગ કરે છે.

[૫૮૧] કલ્પસ્થિતિ. કલ્પ આદિમાં કહેલ સાધુ આચાર - સામાયિક, છેદોપસ્થાપનીયાદિની સ્થિતિ - મર્યાદા. તે કલ્પસ્થિતિ. સામાયિકની કલ્પસ્થિતિ આ પ્રમાણે - (૧) શય્યાતરપિંડ, (૨) ચતુર્યામ, (૩) પુરુષજ્યેષ્ઠ, (૪) કૃતિકર્મકરણ આ સામાયિક કલ્પસ્થિતના અવસ્થિત કલ્પ છે અને અચેલક, ઉદ્દેશિક, પ્રતિક્રમણ, રાજપિંડ, માસકલ્પ, પર્યુષણા આ છ અનવસ્થિત કલ્પ છે...

હવે છેદોપસ્થાપનીય કલ્પની સ્થિતિ કહે છે—

આચેલક, ઉદ્દેશિક, શય્યાતર, રાજપિંડ, કૃતિકર્મ, વય, જ્યેષ્ઠ, પ્રતિક્રમણ, માસકલ્પ, પર્યુષણાકલ્પ. તે ત્રીજા સ્થાનની જેમ જાણવા.

પરિહાર વિશુદ્ધિ કલ્પને વહન કરનારા તે નિર્વિશમાનકો અને જેઓએ પૂર્વે વહન કરેલ છે તે નિર્વિષ્ટકાયિકો કહેવાય. તેઓની સ્થિતિ તે પ્રમાણે જ કહેવાય છે. પહેલા છ માસ પારિહારિકો, પછી છ માસ અનુપારિહારિકો, પછી છ માસકલ્પસ્થિત તે તપ વહન કરે, ૧૮ માસ થાય.

જિનકલ્પ સ્થિતિ આ પ્રમાણે - ગચ્છમાં નિષ્ણાત, ધીર અને પરમાર્થનો જાણ હોય, તથા ગ્રહણ કરવા યોગ્ય અભિગ્રહ કરનાર હોય ત્યારે જિનકલ્પિક ચારિત્રને સ્વીકારે. કોઈના અગ્રહમાં અને યોગ્યના અભિગ્રહમાં અમુક વડે જે ગ્રહણ કરવું

- આવા પ્રકારના સ્વરૂપમાં પરમાર્થને ગ્રહણ કરેલા જાણવા... - સ્થવિરકલ્પની સ્થિતિ આ પ્રમાણે—

સંયમકરણ ઉદ્યોતક. જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ કરાવનારા એવા દીર્ઘાયુષે વૃદ્ધવાસ કરે, તો પણ વસતિના દોષથી વિમુક્ત રહે.

[૫૮૨,૫૮૩] આ કલ્પસ્થિતિ પ્રભુ મહાવીરે બતાવી છે. આ સંબંધથી મહાવીરની વક્તવ્યતા કહે છે. તેઓએ જ આ બીજા કલ્પની પણ સ્થિતિ બતાવી છે માટે કલ્પ વિષયક સૂત્ર કહ્યું - આ સૂત્રો સુગમ છે. વિશેષ એ - છટ્ઠભત્ત - બે ઉપવાસ, अपानक - પાણીનો પરિહાર. યાવત્ શબ્દથી - નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, કેવલવરજ્ઞાનદર્શન જાણવું. યાવત્‌થી બુદ્ધ, મુક્ત, અંતકૃત્, પરિનિવૃત્ત એમ જાણવું.

ઉક્તરૂપ દેવ શરીરમાં આહાર પરિણામ હોવાથી તેનું સૂત્ર—

**● સૂત્ર-૫૮૪ થી ૫૮૬ :-**

***[૫૮૪] ભોજન પરિણામ છ ભેદે છે - મનોજ્ઞ, રસિક, પ્રીણનીય, બૃંહણીય, મદનીય, દર્પણીય... વિષ પરિણામ છ ભેદે છે - દૃષ્ટ, ભુક્ત, નિપતિત, માંસાનુસારી, શોણિતાનુસારી, અસ્થિમજ્જાનુસારી.***

***[૫૮૫] પ્રશ્ન છ ભેદે કહ્યા - સંશયપ્રશ્ન, વ્યુદ્ગ્રહપ્રશ્ન, અનુયોગી, અનુલોમ, તથાજ્ઞાન, અતથાજ્ઞાન.***

***[૫૮૬] ચમરચંચા રાજધાની ઉત્કૃષ્ટથી ઉપપાત વડે છ માસના વિરહવાળી છે... દરેક ઇન્દ્રસ્થાન ઉત્કૃષ્ટથી ઉપપાત વડે છ માસના વિરહવાળી છે... અધઃસપ્તમી પૃથ્વી ઉત્કૃષ્ટથી ઉપપાત વડે છ માસના વિરહવાળી છે... સિદ્ધિગતિ ઉત્કૃષ્ટથી છ માસ ઉપપાત વિરહિત છે.***

**● વિવેચન-૫૮૪ થી ૮૫૬ :-**

[૫૮૪] ભોજન-આહાર-વિશેષનો પરિણામ-પર્યાય, સ્વભાવ કે ધર્મ. મનોજ્ઞ-ઈચ્છવા યોગ્ય ભોજન, તે એક પરિણામ, પરિણામવાળા સાથે અભેદ ઉપચારથી... રસિક-માધુર્યાદિયુક્ત... પ્રીણનીય - રસાદિ ધાતુને શમન કરનાર... બૃંહણીય-ધાતુની વૃદ્ધિ કરનાર, દીપનીય-અગ્નિબલજનક, પાઠાંતરથી મદનો ઉદયકારી... દર્પણીય-બલવર્ધક કે ઉત્સાહવર્ધક.

અથવા ભોજનનો વિપાક. તે શુભપણાથી મનોજ્ઞ અથવા મનોજ્ઞ ભોજનના સંબંધથી. આ રીતે બીજા પણ જાણવા. પરિણામ અધિકારથી વિષસૂત્ર—

દંષ્ટ્ર - ડસાયેલ પ્રાણીને પીડા કરનાર વિષ, જંગમ વિશેષ... ભુક્ત - જે ખાધા પછી પીડે છે તે સ્થાવરવિષ... નિપતિત - ઉપર પડેલું પીડે છે તે. ત્વચા વિષ કે દૃષ્ટિવિષ. આ ત્રણ સ્વરૂપે વિષ છે તથા કોઈ માંસ સુધી વ્યાપક, કોઈ લોહી સુધી વ્યાપક અને કોઈ અસ્થિ-મજ્જાનુસારી વિષ જાણવું.

[૫૮૫] આવા પ્રકારના અર્થોનો નિર્ણય, અતિશય વગરના જીવને આપ્ત પુરુષને પૂછવાથી થાય. માટે પ્રશ્ન વિભાગ કહે છે. પૂછવું તે પ્રશ્ન. કોઈ અર્થમાં સંશય પડતા પૂછાય તે સંશય પ્રશ્ન. જેમકે - તપથી કર્મનાશ, સંયમ વડે અનાશ્રવ



થાય તો સાધુ દેવ કેમ થાય ? સરાગ સંયમથી દેવ થાય.

મિથ્યાભિનિવેશથી - વિપ્રતિપત્તિથી પરપક્ષ દુષણાર્થે પ્રશ્ન કરાય તે વ્યુદ્ગ્રહ પ્રશ્ન. જેમકે - સામાન્યથી વિશેષ ભિન્ન કે અભિન્ન ? જો તે ભિન્ન છે તો તે છે જ નહીં અને અભિન્ન છે તો સામાન્ય જ છે.

અનુયોગી - વ્યાખ્યાન કે પ્રરૂપણા છે જેમાં તે માટે જે પ્રશ્ન કરાય તે અનુયોગી. જેમ "ચાર સમયથી લોક" આદિ માટે "કેટલા સમયથી ?" ઇત્યાદિ ગ્રંથકાર પ્રશ્ન કરે તે... અનુલોમ - અનુકૂળ કરવા માટે બીજાને જે પ્રશ્ન કરાય છે તે. જેમકે - તમે કુશળ છો ? ઇત્યાદિ પૂછવું, તે.

તથાજ્ઞાન - પૂછવા યોગ્ય અર્થમાં પૂછવા યોગ્યને જેવું જ્ઞાન છે, તેવું જ્ઞાન પૂછનારનું જે પ્રશ્નમાં છે તે. જાણવા છતાં પૂછવું. જેમ ગૌતમાદિનો પ્રશ્ન. હે ભદંત ! કેટલા કાળથી ચમરચંચા રાજધાની ઉપપાત વિરહિત છે.

અતથાજ્ઞાન-ઉક્તથી વિપરીત. અજ્ઞાન હોવાથી પ્રશ્ન કરવો.- x -

[૫૮૬] અનંતર સૂત્રમાં અતથાજ્ઞાન પ્રશ્ન બતાવ્યો. તેનો ઉત્તર બતાવવા આ સૂત્ર છે - દક્ષિણ દિશાના અસુર નિકાયના નાયકની ચંચા નામક નગરી તે ચમરચંચા. જે જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે તિર્છા અસંખ્યાતા દ્વીપસમુદ્રોને ઉલ્લંઘીને અરુણવરદ્વીપની બાહ્ય વેદિકાના અંતથી અરુણોદ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન અવગાહીને અસુરરાજ ચમરના તિગિચ્છિકૂટ નામક ૧૭૨૧ યોજન ઉંચો ઉત્પાત પર્વતની દક્ષિણે સાધિક ૬૦૦ કરોડ યોજન અરુણોદ સમુદ્રમાં તિર્છા નીચે રત્નપ્રભા પૃથ્વીમાં ૪૦,૦૦૦ યોજન અવગાહીને લક્ષ યોજનની છે. તે ઉત્કૃષ્ટથી છ માસપર્યન્ત ઉપપાતરહિત હોય. અર્થાત્ ત્યાં ઉત્કૃષ્ટથી છ માસ પર્યન્ત દેવ વિરહ હોય. વિરહ અધિકારથી જ ત્રણ સૂત્ર છે—

એક એક ઇન્દ્રનું સ્થાન, ભવન-નગર-વિમાનરૂપ. તે ઉત્કર્ષથી યાવત્ છ માસ ઇન્દ્ર અપેક્ષાએ ઉપપાતરહિત હોય... अधः - सप्तमी, અહીં સાતમી કોઈક રીતે રત્નપ્રભા પણ થાય, તેથી अधः શબ્દ મૂક્યો છે. અર્થાત્ तमःतमा પૃથ્વી, ઉત્કૃષ્ટથી છ માસ ઉપપાતરહિત હોય.

પહેલી નરકમાં ૨૪-મુહૂર્ત્ત, પછી ક્રમથી - સાત અહોરાત્ર, પંદર અહોરાત્ર, એક માસ, બે માસ, ચાર માસ, છ માસ વિરહકાલ છે.

સિદ્ધિગતિમાં ઉપપાત ગમન માત્ર કહેવાય છે, જન્મ નહીં કેમકે તેના હેતુઓનો સિદ્ધને અભાવ હોય છે, કહ્યું છે - જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ સિદ્ધિગતિમાં ઉપપાતનો વિરહ હોય છે. - x -

ઉપપાત વિરહ કહ્યો. ઉપપાત આયુબંધથી થાય માટે આયુબંધ કહે છે.

**● સૂત્ર-૫૮૭,૫૮૮ :-**

***[૫૮૭] આયુ બંધ છ ભેદે કહ્યો છે - જાતિનામનિધત્ત, ગતિનામ નિધત્ત, સ્થિતિનામનિધત્ત, અવગાહનતાનામનિધત્ત, પ્રદેશનામનિધત્ત, અનુભાવનામનિધત્ત - આયુ... નૈરયિકને છ ભેદે આયુબંધ કહ્યો છે - જાતિ યાવત્ અનુભાવ-***

***નામનિધત્તાયુ. એ રીતે વૈમાનિક સુધી જાણવું.***

***નૈરયિકો નિયમા છ માસ શેષાયુ રહેતા પરભવનું આયુ બાંધે. એ રીતે અસુર યાવત્ સ્તનિતકુમાર જાણવા. અસંખ્યાત વર્ષાયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો નિયમથી છ માસ શેષાયુ રહેતા પરભવનું આયુ બાંધે. અસંખ્યાત વર્ષાયુ સંજ્ઞી મનુષ્યો પણ તેમજ જાણવા. વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોનો આયુષ્યબંધ નારકોની જેમ જાણવો.***

***[૫૮૮] ભાવ છ ભેદે - કહ્યો છે, તે આ છ - ઔદયિક, ઔપશમિક ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, સંનિપાતિક.***

**● વિવેચન-૫૮૭,૫૮૮ :-**

[૫૮૭] સુગમ છે. વિશેષ એ કે - આયુષ્યનો બંધ તે આયુબંધ. જાતિ - એકેન્દ્રિયાદિ પાંચ ભેદે. તે જ નામકર્મની ઉત્તરપ્રકૃત્તિ વિશેષ અથવા જીવ પરિણામ. તેની સાથે નિધત્ત જે આયુ તે જાતિનામ નિધત્તાયુ. નિષેક એટલે કર્મપુદ્‌ગલોની પ્રતિસમય અનુભવન રચના. કહ્યું છે કે - પોતાની અબાધાને મૂકીને પ્રથમ સ્થિતિમાં બહુતર દ્રવ્ય અને શેષ સ્થિતિમાં વિશેષથી હીન, હીનતર યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યન્ત કર્મ-પુદ્‌ગલોની પ્રતિસમય અનુભવન રચના થાય છે. - x - x -

ગતિ - નરકાદિ ચાર ભેદે. શેષ તેમજ જાણવું તે ગતિનામ નિધત્તાયુ. સ્થિતિ - કોઈ વિવક્ષિત ભાવ કે આયુકર્મ વડે જે સ્થિર રહેવું તે સ્થિતિ. તે જ નામ તે સ્થિતિનામ, તે વડે વિશિષ્ટ નિધત્ત તે સ્થિતિનામનિધત્તાયુ.

અથવા આ સૂત્રમાં જાતિનામ, ગતિનામ, અવગાહનાનામ ગ્રહણથી જાતિ, ગતિ અને અવગાહના પ્રકૃત્તિ માત્ર કહ્યું અને સ્થિતિ, પ્રદેશ, અનુભાગ નામના ગ્રહણથી તેઓની જ સ્થિતિ આદિ કહ્યા. તે સ્થિતિ આદિ, જાતિ વગેરેના નામના સંબંધીપણાથી નામકર્મરૂપ જ છે. એ રીતે નામ શબ્દ બધે કર્મના અર્થમાં ઘટે છે. માટે સ્થિતિરૂપ નામકર્મ તે સ્થિતિનામ. તેની સાથે નિધત્ત આયુ તે સ્થિતિનામનિધત્તાયુ.

જેમાં જીવ અવગાહે છે, તે અવગાહના - ઔદારિકાદિ શરીર. તેનું નામ તે ઔદારિકાદિ શરીરનામકર્મ તે અવગાહના નામ - x - નિધત્તાયુ.

આયુકર્મ દ્રવ્યરૂપ પ્રદેશોની નામ - તથાવિધ પરિણતિ તે પ્રદેશનામ અથવા પ્રદેશરૂપ નામકર્મ વિશેષ તે પ્રદેશનામ - x - નિધત્તાયુ.

અનુભાગ - આયુદ્રવ્યોનો જ વિપાક, તત્સ્વરૂપ જ નામ-પરિણામ, તે અનુભાગ નામ-પરિણામ તે અનુભાગ અથવા અનુભાગરૂપ નામકર્મ તે અનુભાગનામ. તેની સાથે નિધત્તાયુ તે અનુભાગનામ નિધત્તાયુ.

શા માટે જાત્યાદિ નામકર્મથી આયુ વિશેષાય છે ? કહે છે, આયુનું પ્રાધાન્ય બતાવવા માટે. જે કારણથી નારકાદિ આયુનો ઉદય થતાં જાતિ આદિ નામકર્મનો ઉદય થાય છે. નારકાદિ ભવોપગ્રાહક આયુ જ છે. - x - x - [ભગવતીજીના સાક્ષી પાઠનું] તાત્પર્ય એ કે - નારકાયુના અનુભવરૂપ પ્રથમ સમયમાં જ નારક કહેવાય, તેના સહચારી પંચેન્દ્રિય જાતિ આદિ નામકર્મનો પણ ઉદય થાય છે. અહીં આયુબંધનું



ષડ્‌વિધત્વ કહ્યું તે તે આયુબંધના અભિન્નપણાથી અને બંધાયેલને જ આયુ વ્યપદેશ છે.

નિયમ એટલે અવશ્ય થનાર. જેઓને છ માસ બાકી છે તે આયુ તે છ માસ અવશેષાયુષ્ક. પરભવ વિધમાન છે જેમાં તે પરભવિક. તેવું જે આયુ તે પરભવિકાયુ. બાંધે છે. અસંખ્યેય વર્ષોનું આયુ જેને છે તે અસંખ્યેયવર્ષાયુષ્ક, એવા તે સંજ્ઞી - મનવાળા પંચેન્દ્રિયતિર્યંચો. - x - અહીં સંજ્ઞી શબ્દનું ગ્રહણ અસંખ્યેય વર્ષાયુષ્કવાળા સંજ્ઞીઓ જ હોય છે, એમ નિયમ બતાવવાને છે. અસંખ્યેય વર્ષાયુ અસંજ્ઞીના વ્યવચ્છેદને માટે નથી, કેમકે તેઓને અસંભવ છે. બે ગાથા છે—

નૈરયિક, દેવો, અસંખ્યાત વર્ષાયુ તિર્યંચ, મનુષ્યો પોતાનું છ માસ આયુ બાકી રહે ત્યારે અને એકેન્દ્રિય, વિકલેન્દ્રિયો, નિરુપક્રમાયુ તિર્યંચમનુષ્યો આયુષ્યના ત્રીજો ભાગ રહેતા અને શેષ સોપક્રમાયુવાળા પોતાના આયુનો ત્રીજો, નવમો કે ૨૭મો ભાગ બાકી રહે ત્યારે પરભવાયુ બાંધે છે.

અન્ય આચાર્યો એમ કહે છે - તિર્યંચ, મનુષ્યો પોતાના આયુનો ત્રીજો ત્રિભાગ રહેતા પરભવાયુ બંધ યોગ્ય થાય. દેવ, નારકો છ માસ આયુ રહેતા, તેમાં તિર્યંચ, મનુષ્યોએ તૃતીય ત્રિભાગમાં આયુના ત્રણ વિભાગ કરવા. તેમાં ત્રીજે ભાગે આયુ ન બાંધે તો બાકીના તૃતીય વિભાગના ત્રિભાગમાં આયુ બાંધે. એ રીતે સંક્ષિપ્તાયુ યાવત્ સર્વજઘન્ય બંધકાળ અને ઉત્તરકાળ શેષ રહે ત્યાં સુધીમાં તિર્યંચ અને મનુષ્યો આયુને બાંધે છે. તે અસંક્ષેપકાળ કહેવાય છે. દેવ, નારક પણ જો છ માસ શેષાયુ રહેતા આયુ ન બાંધે તો પછી છ માસ શેષાયુને ત્યાં સુધી સંક્ષેપે જ્યાં સુધી જઘન્ય આયુ બંધકાળ અને ઉત્તરકાળ શેષ રહે. આ સંક્ષિપ્ત કાળમાં દેવ-નારકી પરભવાયુ બાંધે અને શેષ રહેલ કાળ તે અસંક્ષેપકાળ છે.

આયુકર્મબંધ કહ્યો. આયુ ઔદયિક ભાવનો હેતુ હોવાથી ભાવકથન—

[૫૮૮] થવું તે ભાવ અર્થાત્ પર્યાય. તેમાં ઔદયિક બે ભેદે - ઉદય અને ઉદયનિષ્પન્ન. ઉદય તે આઠ કર્મપ્રકૃતિઓના ઉદયરૂપ - શાંત અવસ્થાના પરિત્યાગ વડે ઉદીરણાવલિકાને ઉલ્લંઘી ઉદયાવલિકામાં સ્વકીય સ્વકીય રૂપ વડે વિપાક છે. અહીં વ્યુત્પત્તિ આ પ્રમાણે - ઉદય જ ઔદયિક. ઉદય નિષ્પન્ન તે કર્મોદયથી ઉત્પન્ન જીવના માનુષ્યત્વાદિ પર્યાયરૂપ છે. ઉદય વડે કે ઉદયમાં થયેલ તે ઔદયિક એ વ્યુત્પત્તિ છે.

ઔપશમિક પણ બે ભેદે - ઉપશમ અને ઉપશમ નિષ્પન્ન. ઉપશમ તે દર્શન મોહનીય કર્મના અનંતાનુબંધી આદિ ભેદનો ઉપશમ કે ઉપશમ-શ્રેણીએ ચડેલ જીવને અનંતાનુબંધી આદિના ઉપશમથી ઉદયનો અભાવ, ઉપશમ એ જ ઔપશમિક. ઉપશમ નિષ્પન્ન તો ઉપશાંત ક્રોધ ઇત્યાદિ ઉદયના અભાવ ફળરૂપ આત્માનો પરિણામ છે. ઉપશમથી થાય - ઔપશમિક.

ક્ષાયિક બે પ્રકારે ક્ષય અને ક્ષયનિષ્પન્ન. ક્ષય તે જ્ઞાનાવરણાદિ ભેદરૂપ અષ્ટકર્મપ્રકૃતિઓનો નાશ, કર્મોનો અભાવ એ જ ક્ષય. ક્ષય એ જ ક્ષાયિક. ક્ષય નિષ્પન્ન તો તેના ફલરૂપ કેવલજ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ આત્મ પરિણામ છે. તેમાં

ક્ષય વડે થયેલ તે ક્ષાયિક.

ક્ષાયોપશમિક બે ભેદે છે - ક્ષયોપશમ, ક્ષયોપશમ નિષ્પન્ન. કેવલજ્ઞાન પ્રતિબંધક જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાયરૂપ ચાર ઘાતિકર્મોનો ક્ષયોપશમ છે. અહીં ક્ષયોપશમ એટલે ઉદીર્ણનો ક્ષય અને અનુદીર્ણ વિપાકને આશ્રીને ઉપશમ. - x - ઔપશમિકમાં ઉપશાંત પ્રદેશ અનુભાવ વડે પણ વેદવાનો નથી, ક્ષયોપશમ એ જ ક્ષાયોપશમિક અને ક્ષયોપશમ નિષ્પન્ન તે આત્માના આભિનિબોધિક જ્ઞાનાદિ લબ્ધિપરિણામ જ છે. ક્ષયોપશમથી ઉત્પન્ન તે ક્ષાયોપશમિક.

પરિણમવું તે પરિણામ - પૂર્વાવસ્થાને ન ત્યાગીને તે ભાવમાં જવું, કહ્યું છે કે - પરિણામ જ અર્થાતર ગમન છે. સર્વથા વ્યવસ્થાનરૂપ નથી, તેમ સર્વથા નાશરૂપ નથી. તેમ પરિણામવિદ્‌ને આ ઇષ્ટ છે. તે જ પારિણામિક કહેવાય છે. તે આદિ, અનાદિ બે ભેદે છે. તેમાં આદિ જૂના ઘી વગેરે, તેના ભાવના સાદિત્વથી અને અનાદિ પારિણામિક ભાવ તો ધર્માસ્તિકાયાદિને છે. કેમકે તેના ભાવનું અનાદિપણું છે.

સન્નિપાત તે મેલક, તેના વડે થયેલ તે સાન્નિપાતિક. આ ભાવ ઔદયિકાદિ પાંચ ભાવોના દ્વયાદિ સંયોગથી સંભવ-અસંભવ અપેક્ષાએ ૨૬-ભંગરૂપ છે. તેમાં દ્વિકસંયોગે દશ, ત્રિકસંયોગે દશ - x - આદિ છે. અહીં અવિરુદ્ધ પંદર સાન્નિપાતિક ભેદો ઈચ્છાય છે. તે આ પ્રમાણે—

[ગાથા વ્યાખ્યા-] ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક નિષ્પન્ન સાન્નિપાતિક એકેક ભેદ ચારે ગતિમાં પણ છે. તે આ - ઔદયિક નારકપણું, ક્ષાયોપશમિક ઇન્દ્રિયાદિ અને પારિણામિક જીવપણું. એ રીતે તિર્યંચ, મનુષ્ય અને દેવમાં પણ જોડવું. એ રીતે ચાર ભેદો તથા ક્ષાયિકના યોગ વડે ચાર ભેદ તે જ ગતિમાં થાય છે. અભિલાપ આ પ્રમાણે—

ઔદયિક નારકત્વ, ક્ષાયોપશમિક ઇન્દ્રિયો, ક્ષાયિક સમ્યક્ત્વ અને પારિણામિક જીવત્વ. એ રીતે તિર્યંચાદિ ગતિમાં પણ કહેવું. તેઓમાં પણ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય છે, અન્યથા અધિકૃત્ ભંગોની ઉપપત્તિ નહીં થાય. ક્ષાયિક અભાવે અને च થી શેષ ત્રણના સદ્‌ભાવમાં ઉપશમ વડે પણ ચાર ભંગ થાય છે. કેમકે ઉપશમ માત્રનો ચારે ગતિમાં સદ્‌ભાવ છે. અભિલાપ પણ તેમજ કરવો. વિશેષ એ કે - સમ્યક્ત્વના સ્થાને ઉપશાંત કષાયત્વ કહેવું. આ આઠ ભંગ અને પૂર્વોક્ત ચાર એમ બાર ભાંગા થયા.

ઉપશમ શ્રેણીમાં એક ભંગ કેમકે તે મનુષ્યમાં જ હોય. અભિલાપ પૂર્વવત્. વિશેષ એ કે - મનુષ્ય વિષયમાં જ. કેવલીને તો એક જ ભંગ છે - ઔદયિક માનુષત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ, પારિણામિક જીવત્વ તથા સિદ્ધનો એક જ ભંગ છે - ક્ષાયિક સમ્યક્ત્વ, પારિણામિક જીવત્વ. એ રીતે આ ત્રણ અને પૂર્વોક્ત બાર, એમ ૧૫ ભંગો થાય.

વળી ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક તેના અનુક્રમે ૨, ૯, ૧૮, ૨૧, ૩ ભેદો છે. તેમાં - ઔપશમિકમાં સમ્યક્ત્વ અને ચારિત્ર, ક્ષાયિકમાં દર્શન-જ્ઞાન-દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય-સમ્યક્ત્વ-ચારિત્ર એ નવ, ક્ષાયોપશમિકમાં



જ્ઞાન-૪, અજ્ઞાન-૩, દર્શન-૩, દાનાદિ-૫-લબ્ધિ, સમકિત, ચારિત્ર, સંયમાસંયમ એ-૧૮ ભેદો, ઔદયિકમાં - ગતિ-૪, કષાય-૪, લિંગ-૩, લેશ્યા-૬, અજ્ઞાન-૧, મિથ્યાત્વ-૧, અસિદ્ધત્વ-૧, અસંયમ-૧ એ ૨૧-ભેદો છે. પારિણામિકમાં જીવત્વ, અભવ્યત્વ, ભવ્યત્વ એ ૩-ભેદો છે. એ રીતે પાંચ ભાવોના કુલ-૫૩-ભેદો છે.

ભાવો કહ્યા, તેમાં અપ્રશસ્તમાં જે વર્તવું અને પ્રશસ્તમાં જે ન વર્તવું, વિપરીત શ્રદ્ધા, વિપરીત પ્રરૂપણા કરી હોય તેને માટે પ્રતિક્રમણ કરવું જોઈએ, માટે હવે પ્રતિક્રમણને કહે છે—

**● સૂત્ર-૫૮૯ થી ૫૯૧ :-**

***[૫૮૯] પ્રતિક્રમણ છ ભેદે કહ્યું - ઉચ્ચાર પ્રતિક્રમણ, પ્રસ્રવણ પ્રતિક્રમણ, ઇત્વરિક, યાવત્કથિક, જંકિંચિમિચ્છા, સ્વપ્નાંતિક.***

***[૫૯૦] કૃતિકા નક્ષત્ર છ તારા, આશ્લેષા નક્ષત્રના છ તારા કહ્યા છે.***

***[૫૯૧] જીવો છ સ્થાને નિર્વર્તિત પુદ્‌ગલોને પાપકર્મપણે એકત્ર કર્યા છે - કરે છે - કરશે. પૃથ્વીકાયનિર્વર્તિત યાવત્ ત્રસકાયનિર્વર્તિત. એ રીતે ચય, ઉપચય, બંધ, ઉદીરણ, વેદન, નિર્જરા જાણવા...***

***છ પ્રદેશવાળા સ્કંધો અનંતા કહ્યા... છ પ્રદેશ અવગાઢ પુદ્‌ગલો અનંતા કહ્યા. છ સમય સ્થિતિક પુદ્‌ગલો અનંતા કહ્યા... છ ગુણ કાળા પુદ્‌ગલો યાવત્ છ ગુણ રૂક્ષ પુદ્‌ગલો અનંતા કહ્યા છે.***

**● વિવેચન-૫૮૯ થી ૫૯૧ :**

[૫૮૯] પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત્તના બીજા ભેદરૂપ મિથ્યા દુષ્કૃતકરણ. તેમાં ઉચ્ચાર-વડીનીતિનો ત્યાગ કરીને જે ઇર્યાપથિકીનું પ્રતિક્રમવું તે ઉચ્ચાર પ્રતિક્રમણ. એ રીતે પ્રશ્રવણમાં પણ જાણવું.

કહ્યું છે - ઉપયોગ યુક્ત ભૂમિમાં ઉચ્ચાર, પ્રશ્રવણનો ત્યાગ કરીને ઈરિયાવહી પ્રતિક્રમે. જો સાધુ માત્રકમાં પ્રશ્રવણ ત્યાગે તો પ્રતિક્રમે નહીં પણ જે પરઠવે તે નિયમથી પ્રતિક્રમે.

ઇત્વર - સ્વલ્પકાલિક, દૈવસિક રાત્રિકાદિ... યાવત્કથિક જીવન પર્યન્ત મહાવ્રત કે ભક્તપરિજ્ઞાદિ રૂપ. આનું પ્રતિક્રમણત્વ, વિનિવૃત્તિ લક્ષણરૂપ સાર્થક યોગથી છે... जंकिंचमिच्छा - શ્લેષ્મ, સિંઘાનને અવિધિથી ત્યાગવામાં આભોગ, અનાભોગ, સહસાકાર આદિ અસંયમરૂપ જે કાંઈ મિથ્યા છે તેનું મિથ્યાદુષ્કૃત્કરણ તે યત્કિંચિત્ મિથ્યા પ્રતિક્રમણ. કહ્યું છે - સંયમયોગમાં તત્પર સાધુએ જે કાંઈ વિપરીત આચર્યુ હોય તો ‘આ મિથ્યા કર્યુ છે’ એમ જાણી મિથ્યાદુષ્કૃત્ દેવું. શ્લેષ્મ કે સિંઘાનક અપડિલેહિત-અપ્રમાર્જિત હોય તેને પરઠવી પ્રતિક્રમે છે. તેનું પણ મિથ્યાદુષ્કૃત આપે.

સૂવાની ક્રિયાના અંતે થયેલ તે સ્વપ્નાંતિક. - x - સૂઈને ઉઠેલ સાધુ અવશ્ય ઈરિયાવહી પ્રતિક્રમે. અથવા નિદ્રાવશ વિકલ્પ, તેનો અંત-વિભાગ, તે સ્વપ્નાંત, તેમાં થયેલ તે સ્વપ્નાંતિક. સ્વપ્ન વિશેષમાં અવશ્ય પ્રતિક્રમણ કરે. કહ્યું છે કે - ગમનાગમનમાં, વિહારમાં, સૂવામાં, રાત્રિમાં સ્વપ્નદર્શનમાં નાવ વડે નદી ઉતરવામાં

ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરાય છે. - x - સ્વપ્નમાં કરેલ પ્રાણતિપાતાદિ વિશે પ્રતિપક્રમણરૂપ સાર્થક ગતિ વડે કાયોત્સર્ગ લક્ષણ પ્રતિક્રમણ આ પ્રમાણે કહ્યું છે - પ્રાણિવધ, મૃષાવાદ, અદત્ત, મૈથુન, પરિગ્રહમાં અન્યૂન ૧૦૦ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવો.

[૫૯૦,૫૯૧] અનંતર પ્રતિક્રમણ કહ્યું તે આવશ્યક પણ કહેવાય. આવશ્યક નક્ષત્રોદયાદિ અવસરે કરે છે માટે શેષ સૂત્રો પૂર્વવત્ જાણવા.

**સ્થાનાંગ સ્થાન-૬-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

-- x -- x -- x -- x -- x -- x -- x --





# ❀ સ્થાન-૭ ❀

-- x -- x --

० છઠ્ઠાની વ્યાખ્યા કરી. હવે સાતમું અધ્યયન [સ્થાન] નો આરંભ કરીએ છીએ. તેનો સંબંધ આ છે - પૂર્વ અધ્યયનમાં છ સંખ્યાયુક્ત પદાર્થો કહ્યા. અહીં સાત સંખ્યાયુક્ત પદાર્થો કહે છે. આ સંબંધે આવેલ આ અધ્યયન છે.

**● સૂત્ર-૫૯૨ :-**

***સાત પ્રકારે ગણ અપક્રમણ કહ્યું છે. તે આ - (૧) મને સર્વ ધર્મ રુચે છે. (૨) મને અમુક ધર્મ રુચે છે, અમુક નથી રુચતા. (૩) સર્વ ધર્મોમાં મને સંદેહ છે. (૪) મને કોઈક ધર્મમાં સંદેહ છે, કોઈકમાં નથી. (૫) સર્વે ધર્મોને હું આપું છું. (૬) હું કેટલાંક ધર્મો આપું છું, કેટલાંક નહીં. (૭) હું એકલવિહાર પ્રતિમા સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું.***

**● વિવેચન-૫૯૨ :-**

પૂર્વ સૂત્ર સાથે આ સંબંધ છે - પૂર્વ સૂત્રમાં પુદ્‌ગલો પર્યાયથી કહ્યા. અહીં પુદ્‌ગલ વિશેષના ક્ષયોપશમથી જે અનુષ્ઠાન વિશેષ જીવને પ્રાપ્ત થાય છે, તેનું સપ્તવિધપણું કહેવાય છે એ રીતે સંબંધે આવેલ સૂત્રની વ્યાખ્યા—

સંહિતાદિ ક્રમ પ્રસિદ્ધ છે. વિશેષ એ કે - સપ્તવિધ તે સાત પ્રકાર. પ્રયોજન ભેદથી ભેદ છે. ગણ - ગચ્છથી નીકળવું તે ગણાપક્રમણ કહ્યું છે.

(૧) નિર્જરાના હેતુભૂત સર્વે ધર્મોને - સૂત્ર, અર્થ, ઉભય વિષયવાળા શ્રુતભેદોને, અપૂર્વગ્રહણ, વિસ્મૃતનું સંધાન અને પૂર્વે ભણેલના પરાવર્તનરૂપને, તપ-વૈયાવચ્ચરૂપ ચારિત્ર ધર્મો પ્રત્યે રુચિ કરું છું, તે અમુક પરગચ્છમાં પ્રાપ્ત થાય છે, અહીં સ્વગચ્છમાં મળે તેમ નથી, તે મેળવવા હે ભદંત ! હું સ્વગચ્છમાંથી નીકળુ છું. એ રીતે ગુરુને પૂછવા દ્વારા એક ગણાપક્રમણ કહ્યું. [શંકા] સર્વ ધર્મો રુચે છે, એમ કહેવાથી કેવી રીતે પૃચ્છા અર્થ જણાય ? [સમાધાન] જેમ "હું એકલ વિહાર પ્રતિમા ઇચ્છુ છું" એ પૃચ્છાવચનના સમાનપણાથી જણાય છે. રુચિ તો કરવાની ઇચ્છારૂપ અર્થતા છે. પાઠાંતરથી હું જ્ઞાની છું, મારે ગણ વડે શું ? એ રીતે અહંકારથી ગણથી નીકળે છે.

(૨) કોઈ એક શ્રુતધર્મોની કે ચારિત્રધર્મોની રુચિ - ઇચ્છા કરું છું અને કોઈ શ્રુતધર્મો કે ચારિત્ર ધર્મોની રુચિ-ઇચ્છા કરતો નથી. આ કારણે ઇચ્છિત ધર્મોને સ્વગચ્છમાં કરવાની સામગ્રી અભાવે હું નીકળું છું.

(૩) ઉક્ત લક્ષણવાળા સર્વે ધર્મો પ્રત્યે વિચિકિત્સા - તે વિષયમાં સંશય કરું છું. તેથી સંશયના નિરાકરણાર્થે સ્વગણથી નીકળું છું.

(૪) એ રીતે કોઈ ધર્મોમાં સંશય કરું છું, કોઈમાં નહીં માટે નીકળું છું.

(૫) जुहोमि - બીજાને આપું છું. સ્વગણમાં પાત્ર નથી તેથી નીકળું છું.

(૬) પાંચમાંની જેમ સમજી લેવું.

(૭) હે ભદંત ! એકાકીપણે ગચ્છમાંથી નીકળીને જિનકલ્પિકાદિપણે જે વિચરવું, તેવી પ્રતિજ્ઞાનો સ્વીકાર તે એકાકી વિહાર પ્રતિમા. તેને અંગીકૃત કરીને

વિચરવા માટે હું નીકળું છું - અથવા -

(૧) સર્વે ધર્મોની રુચિ - શ્રદ્ધા કરું છું માટે સ્થિરિકરણાર્થે નીકળું છું.

(૨) કોઈ ધર્મને સદ્દહુ છું, કોઈકને સદ્દહતો નથી. માટે સદ્દહેલ ધર્મોનું શ્રદ્ધાન કરવાને નીકળું છું. આ બે પદ વડે સર્વ વિષય, દેશવિષયવાળા સમ્યગ્દર્શનાર્થે ગચ્છથી નીકળવું કહ્યું છે.

(૩-૪) એ રીતે સર્વવિષય, દેશવિષય સંશય-કથન સૂચક સર્વ ધર્મમાં હું સંશય કરું છું આદિ બે પદ વડે જ્ઞાનાર્થે ગચ્છથી નીકળવું.

(૫) સર્વ ધર્મો પ્રત્યે જુહોમિ શબ્દના અદનાર્થત્વથી ભક્ષણ અર્થ છે અને ભક્ષણાર્થની આસેવાવૃત્તિ બતાવવાથી આચરું - સેવું છું.

(૬-૭) કોઈ એકને સેવું છું માટે સેવાતા બધા ધર્મોની વિશેષ સેવા માટે અને ન સેવાયેલ તપ, વૈયાવચ્ચાદિ ચારિત્ર ધર્મોની આસેવાર્થે નીકળું છું. એ રીતે બે પદ વડે તેમજ ચારિત્રાર્થે અપક્રમણ કહ્યું.

કહ્યું છે - જ્ઞાનાર્થે, દર્શનાર્થે, ચારિત્રાર્થે ઇત્યાદિ અર્થે ગચ્છાંતર સંક્રમણ કરે. વળી સંભોગ અને આચાર્યાદિના અર્થે જાણવું.

જ્ઞાનાર્થે - સૂત્ર, અર્થ કે ઉભય કારણથી સંક્રમણ, વિસર્જિત કરાયેલનું ગમન કે બીકથી પાછો ફરે... દર્શન પ્રભાવક શાસ્ત્રાર્થે જાય તે દર્શનાર્થે... ચારિત્રાર્થે - બે દોષો છે - એષણા દોષ, સ્ત્રી સંબંધી દોષ તેમજ આત્મોત્પન્ન દોષો વડે ગચ્છમાં સીદાય છે માટે અપક્રમણ.

સંભોગ અર્થે - જે ગચ્છમાં ઉપસંપદા પામ્યા, તે ગચ્છથી સ્થાન લક્ષણ વિસંભોગના કારણે નીકળે... આચાર્યાર્થે - આચાર્યને મહાકલ્પાદિ શ્રુતજ્ઞાન નથી, તેથી તેને ભણાવવા માટે શિષ્યનું ગણાંતર સંક્રમ થાય. અહીં સ્વગુરુને પૂછીને ગુરુ દ્વારા આજ્ઞા અપાયેલ શિષ્યે નીકળવું જોઈએ. એ રીતે સર્વત્ર પૃચ્છા અર્થની વ્યાખ્યા કરવી.

ઉક્ત કારણે પક્ષાદિ કાળથી પર ગુરુએ આજ્ઞા ન આપી હોય તો પણ શિષ્ય જાય આ વિધેય છે. નિષ્કારણ ગચ્છથી નીકળવું તે અવિધેય છે. કહ્યું છે - આચાર્યાદિ કે પ્રાયશ્ચિત્તના ભયથી અકૃત્યને ન સેવે વળી વૈયાવૃત્ય અને અધ્યયનમાં ઉપયોગ વડે તત્પર રહે.

એકાકી સાધુને સ્ત્રી વડે અને ચોરાદિના ભયથી ગૃહસ્થ આશ્રય કરે છે. વળી ક્રોધાદિનું ઉદીરણ કરતાં બીજા સાધુઓ નિવારે છે.

એ રીતે શ્રદ્ધાનના સ્થૈર્યાદિ અર્થે ગચ્છથી નીકળેલ કોઈને વિભંગ જ્ઞાન પણ થાય છે માટે વિભંગ જ્ઞાનના ભેદોને કહે છે—

● સૂત્ર-૫૯૩ :-

*વિભંગજ્ઞાન સાત ભેદે કહ્યું - (૧) એક દિશિ લોકાભિગમ, (૨) પાંચ દિશિ લોકાભિગમ, (૩) ક્રિયાવરણ જીવ, (૪) મુદગ્રજીવ, (૫) અમુદગ્રજીવ, (૬) રૂપી જીવ, (૭) સર્વે કંઈ જીવ છે... તેમાં પ્રથમ વિભંગજ્ઞાન આ છે—*



*(૧) કોઈ તથારૂપ શ્રમણ-બ્રાહ્મણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારે તે તે ઉત્પન્ન વિભંગજ્ઞાનથી પૂર્વને-પશ્ચિમને-દક્ષિણને કે ઉત્તરદિશાને અથવા ઉર્ધ્વમાં યાવત્ સૌધર્મકલ્પને જુએ છે. તેને એમ થાય છે કે - મને અતિશય જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયેલ છે, તેથી એક દિશિ લોકાભિગમ છે. કેટલાંક શ્રમણો કે બ્રાહ્મણો એમ કહે છે કે - પાંચ દિશામાં લોકાભિગમ છે. જે લોકો એમ કહે છે તે મિથ્યા કહે છે.*

*(૨) હવે બીજું વિભંગજ્ઞાન કહે છે - જ્યારે તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાન વડે પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તર કે ઉર્ધ્વદિશાને યાવત્ સૌધર્મકલ્પ સુધી જુએ છે. તેમનો આ અભિપ્રાય છે કે મને અતિશયવાળા જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયા છે તેને પંચદિશિ લોકાભિગમ છે. કેટલાંક શ્રમણ-બ્રાહ્મણ એમ કહે છે કે - એક દિશિ લોકાભિગમ છે, જેઓ એમ કહે છે તે મિથ્યા છે.*

*(૩) હવે ત્રીજું વિભંગજ્ઞાન કહે છે - જ્યારે તથારૂપ શ્રમણ-બ્રાહ્મણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે તે શ્રમણ કે માહણ સમુત્પન્ન વિભંગજ્ઞાનથી દેખે છે. તે કહે છે - પ્રાણનો અતિપાત કરતા, મૃષાને બોલતા, અદત્તને ગ્રહણ કરતા, મૈથુનને સેવતા, પરિગ્રહને ગ્રહણ કરતા, રાત્રિભોજન કરતાને દેખે છે, પણ તેના હેતુભૂત કર્મને જોતો નથી. તેને એમ થાય છે કે - મને અતિશયવાળા જ્ઞાન, દર્શન છે. તેથી ક્રિયાવરણ જીવ છે. કેટલાંક શ્રમણ-માહણ કહે છે - ક્રિયા આવરણ જીવ નથી, પણ કર્માવરણ જીવ છે. જે આ કહે છે તે મિથ્યા છે.*

*(૪) હવે ચોથું વિભંગજ્ઞાન કહે છે - જ્યારે તથારૂપ શ્રમણ-માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે તે સમુત્પન્ન વિભંગજ્ઞાન વડે દેવોને જ દેખે છે. બાહ્ય-અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને એકત્વ કે અનેકત્વ રૂપને સ્પર્શીને, ફોરવીને, પ્રગટ થઈને વિકુર્વે, વિકુર્વીને રહે છે. તેને એમ થાય છે કે - મને અતિશયિત જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયા છે - જીવ મુદગ્ર છે. કેટલાંક શ્રમણ-બ્રાહ્મણ એમ કહે છે - અમુદગ્ર જીવ છે. જેઓ આમ કહે છે તે મિથ્યા કહે છે.*

*(૫) હવે પાંચમું વિભંગજ્ઞાન કહે છે - જ્યારે તથારૂપ શ્રમણ કે માહણને યાવત્ ઉપજે છે, તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી દેવોને જ દેખે છે તે કહે છે - બાહ્ય-અભ્યંતર પુદ્ગલ ગ્રહણ કર્યા સિવાય પૃથક્ કે વિવિધરૂપે યાવત્ વૈક્રિય કરીને રહે છે. તેને એમ થાય છે કે - યાવત્ અમુદગ્ર જીવ છે. કેટલાંક શ્રમણ-માહણ એમ કહે છે - મુદગ્ર જીવ છે. જેઓ આમ કહે છે તે ખોટું છે.*

*(૬) હવે છટ્ઠું વિભંગ જ્ઞાન કહે છે - જ્યારે તથારૂપ શ્રમણ-માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી દેવોને જ જુએ છે - બાહ્ય-અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને કે ન કરીને પૃથક્ કે વિવિધરૂપે સ્પર્શીને યાવત્ વિકુર્વીને રહે છે. તેને એમ થાય કે મને અતિશય જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા છે. જીવ રૂપી છે. કેટલાંક શ્રમણ-માહણ એમ કહે છે કે - જીવ*

*અરૂપી છે. જેઓ આમ કહે છે, તે મિથ્યા કહે છે.*

*(૭) હવે સાતમું વિભંગજ્ઞાન કહે છે - જ્યારે તથારૂપ શ્રમણ કે માહણને વિભંગજ્ઞાન ઉપજે છે, ત્યારે તે સમુત્પન્ન જ્ઞાન વડે દેખે છે - સૂક્ષ્મ વાયુકાયથી સ્પૃષ્ટ પોદ્‌ગલકાયને કંપતુ, વિશેષ કંપતુ, ચાલતુ, ક્ષોભ પામતું, સ્પર્શતું, ઘટ્ટન કરતું, પ્રેરતું તે - તે ભાવને પરિણમતું જોઈને તેને એમ થાય કે - મને અતિશય જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયા છે. આ બધાં જીવ છે. કેટલાંક શ્રમણ કે માહણ કહે છે - જીવ અને અજીવ છે. જેઓ આમ કહે છે તે મિથ્યા કહે છે. તેવાને આ ચાર જીવનિકાય યથાર્થ સમજાયા નથી, તે આ - પૃથ્વી, અપ્, તેઉ, વાયુકાયિકો. આ ચાર નિકાયો વિશે મિથ્યાદંડને પ્રવર્તાવે છે. આ સાતમું વિભંગજ્ઞાન.*

● વિવેચન-૫૯૩ :-

સાત પ્રકારે. વિરુદ્ધ કે અયથાર્થ, અન્યથા વસ્તુ વિકલ્પ છે, જેમાં તે વિભંગ, વિભંગ એવું જ્ઞાન, તે વિભંગજ્ઞાન કેમકે તેમાં સાકારપણું છે અર્થાત્ મિથ્યાત્વ સહિત અવધિ છે... (૧) एगदिसिं - એક દિશામાં - પૂર્વાદિક વડે. લોકનો અવબોધ. તે એક વિભંગજ્ઞાન. બીજી દિશામાં લોકને ન જાણવા વડે તેનો નિષેધ કરવાથી એની વિભંગતા છે... (૨) પાંચ દિશામાં લોકનો બોધ છે પણ કોઈ એક દિશામાં નહીં. અહીં એક દિશામાં લોકનિષેધથી વિભંગતા છે.

(૩) જીવ વડે કરાતી પ્રાણાતિપાતાદિ ક્રિયા માત્રને જોવાથી તેના હેતુભૂત કર્મને ન જોવાથી ક્રિયા જ કર્મ છે જેને તે ક્રિયાવરણ. કોણ આ ? જીવ છે. એ રીતે નિશ્ચયતત્પર જે વિભંગ તે ત્રીજું. કર્મને ન જોવાથી અસ્વીકાર કરે તે એની વિભંગતા છે. એ રીતે આગળના ભેદોમાં પણ વિભંગતા જાણવી.

(૪) મુદગ્ર - બાહ્ય અભ્યંતર પુદ્‌ગલથી રચિત શરીરવાળો જીવ છે એવા નિશ્ચયવાળું, કેમકે ભવનપતિ આદિ દેવોને બાહ્ય અભ્યંતર પુદ્‌ગલના ગ્રહણપૂર્વક વૈક્રિયકરણ જોવાય છે.

(૫) અમુદગ્ર - બાહ્ય અભ્યંતર પુદ્‌ગલના ગ્રહણ સિવાય વૈક્રિયવાળા દેવોને જોવાથી બાહ્ય અભ્યંતર પુદ્‌ગલ સિવાય રચિત અવયવ શરીરી જીવ છે એવા નિશ્ચયવાળું પાંચમું વિભંગજ્ઞાન.

(૬) રૂપી - દેવોને વૈક્રિય શરીરવાળા જોવાથી રૂપી જ જીવ છે એ નિશ્ચય.

(૭) સર્વજીવ - વાયુથી કંપિત પુદ્‌ગલકાયના દર્શનથી આ બધી વસ્તુ જીવ જ છે, કેમકે તે ચલન ધર્મયુક્ત છે, એવા નિશ્ચયવાળું વિભંગજ્ઞાન.

તે જ વિભંગજ્ઞાનવાળો - x - જુએ છે, ઉપલક્ષણથી જાણે છે, અન્યથા વિભંગનું જ્ઞાનપણું ન થાય. वा - વિકલ્પાર્થે છે. - x - સૌધર્મ કલ્પથી ઉપર પ્રાયઃ બાલતપસ્વીઓ જોતા નથી એમ બતાવ્યું. તથા અવધિજ્ઞાનીને પણ અધોલોક દુરધિગમ્ય છે. તો વિભંગજ્ઞાનીના સંબંધમાં તો કહેવું જ શું ? અધોલોકની દુર્બોધિતા ત્રીજા સ્થાનમાં કહેલી છે. આવા વિકલ્પો થાય છે—

(૧) મને અતિશયવાળું જ્ઞાન, દર્શન કે જ્ઞાન વડે દર્શન થયું છે. તેથી એક દિશાને જોવા વડે તેમાં જ લોકનો ઉપલંભ થવાથી કહે છે કે - એક દિશામાં લોકનો બોધ થાય છે અર્થાત્ એક દિશા માત્ર જ લોક છે. કેટલાંક શ્રમણો કે માહણો વિદ્યમાન છે, તે આવું કહે છે - અન્ય પાંચ દિશામાં પણ લોકનો બોધ છે. કેમકે તે દિશામાં પણ તેની વિદ્યમાનતા છે. જેઓ એમ કહે છે પાંચે દિશામાં લોકાભિગમ છે, તેઓ આ મિથ્યા કહે છે.



(૨) હવે બીજું - वा શબ્દ અને અર્થમાં છે. વિકલ્પ અર્થમાં તો પાંચ દિશાનું જોવાપણું પ્રાપ્ત નહીં થાય, એક જ પ્રાપ્ત થશે. તેમ થતાં પહેલા અને બીજા ભંગનો ભેદ નહીં થાય. ક્યાંક वा શબ્દ દેખાતો જ નથી.

(૩) પ્રાણોને હણતા ઇત્યાદિમાં જીવો અર્થ થાય છે. ક્રિયાવરણ નહીં પણ કર્માવરણ એવો અર્થ થાય છે.

(૪) ભવનવાસી આદિ દેવોને જ શરીરના અવગાહ ક્ષેત્રની બહારના અને અવગાહ ક્ષેત્રમાં રહેલ, વૈક્રિય વર્ગણાના પુદ્‌ગલોને સમસ્તપણે વૈક્રિય સમુદ્‌ઘાત વડે ગ્રહણ કરીને દેશકાળના ભેદથી પૃથક્ અર્થાત્ કદાચિત્ કોઈક. એક રૂપત્વ, અનેક રૂપત્વ ઉત્તર વૈક્રિયપણે વિકુર્વીને રહેવા માટે પ્રવર્તેલાને. કઈ રીતે વિકુર્વીને - તે પુદ્‌ગલોને સ્પર્શીને, આત્મા વડે વીર્ય ફોરવીને, પુદ્‌ગલોને ચલાવીને, પ્રકાશીભૂત થઈને કે પ્રગટ કરાવીને તથા વાચનાંતરથી સાર પુદ્‌ગલો લઈને અને અસાર પુદ્‌ગલોને છોડીને અથવા સમસ્ત પ્રાપ્ત પુદ્‌ગલોથી ઉત્તરવૈક્રિય શરીરના એકત્વ અને અનેકત્વને સ્પર્શીને, પ્રગટ કરીને એકીભાવ વડે સામાન્યથી નિષ્પન્ન કરીને, સર્વથા પરિપૂર્ણ કરીને, શું થાય છે ? વૈક્રિય કરીને પણ ઔદારિકપણે નહીં. વિભંગ જ્ઞાનીને બાહ્યાભ્યંતર પુદ્‌ગલના ગ્રહણ પ્રવૃત્ત દેવોને જોતા એમ થાય છે.

મુદગ્ર - બાહ્યાભ્યંતર પુદ્‌ગલથી રચિત શરીરી જીવ છે.

(૫) બાહ્યાભ્યંતર પુદ્‌ગલોને ન ગ્રહીને, અહીં ગ્રહણ નિષેધને વૈક્રિય સમુદ્‌ઘાતના અપેક્ષિતપણાથી ઉત્પત્તિ ક્ષેત્રસ્થ પુદ્‌ગલોને ઉત્પત્તિ કાલે ગ્રહીને ભવધારણીય શરીરનું એકત્વ એક દેવ અપેક્ષાએ કે કંઠાદિ અવયવ અપેક્ષાએ વૈવિધ્ય તો અનેક દેવોની અપેક્ષાએ - x - આદિ વિકુર્વીને રહેવાને પ્રવર્તતા જુએ છે ઇત્યાદિ. શેષ પૂર્વવત્. બાહ્યપુદ્‌ગલ ગ્રહણ વિના ઉત્તરવૈક્રિયનું એકત્વ કે અનેકત્વ ન થાય માટે અહીં ભવધારણીય જ સ્વીકારેલ છે. એ રીતે ઉક્ત શરીરી દેવોને જોવાથી તેને એવું થાય છે કે - બાહ્ય અભ્યંતર પુદ્‌ગલ સિવાય રચિત અવયવયુક્ત શરીરી જીવ છે.

(૬) રૂપીજીવ - પુદ્‌ગલોના ગ્રહણ અને અગ્રહણમાં વૈક્રિયરૂપના એક-અનેક રૂપ દેવોમાં જોવાથી રૂપવાળો જ જીવ છે, એવો નિશ્ચય થાય છે - x -

(૭) સૂક્ષ્મ-મંદ વાયુ વડે પણ સૂક્ષ્મ નામ કર્મોદયવર્તી વાયુથી નહીં. કેમકે વસ્તુને ચલાવવાનું તેનું સામર્થ્ય નથી. સ્પૃષ્ટ પુદ્‌ગલરાશિને કંપતુ, વિશેષ કંપતું, સ્વસ્થાનથી અન્યત્ર જતું, નીચે ઉતરતું, થોડું ચાલતું, વસ્તુને સ્પર્શતું, અન્ય વસ્તુને પ્રેરતું, નહીં કહેવા યોગ્ય અનેક પ્રકારના પર્યાયને પ્રાપ્ત થતું જોઈને આ બધું

પુદ્ગલજાત સ્પંદન લક્ષણ જીવધર્મના સ્વીકારથી જીવો છે, જે ચાલતા પદાર્થોને શ્રમણ આદિ જીવો અને અજીવો કહે છે તે મિથ્યા છે, એવો વિભંગવાળાનો અભિપ્રાય છે. તે વિભંગજ્ઞાનીને કહેવાનાર સમ્યગ્ ઉપગત થતા નથી અર્થાત્ જીવત્વથી બોધવિષયીભૂત થતા નથી. તે આ - પૃથ્વી, અપ્, તેઉ, વાયુ. કેમકે ચલન, દોહદાદિ ધર્મવાળા ત્રસોને જ દોહદાદિ ત્રસ ધર્મવાળા વનસ્પતિઓને જ જીવપણે જાણે. પૃથ્વી આદિને તો વાયુના ચલનથી અને સ્વતઃ ચલનથી ત્રસપણાને જ જાણે, સ્થાવર જીવપણાએ તો તેઓ સ્વીકારતાં નથી. આ હેતુથી ઉક્ત ચાર જીવનિકાયોમાં મિથ્યાત્વપૂર્વક હિંસા તે મિથ્યાદંડ, તેને પ્રવર્તાવે છે. અર્થાત્ તેના સ્વરૂપથી અજાણ હોઈને તે જીવોને હણે છે, અપલપે છે.

મિથ્યાદંડ પ્રવર્તાવે છે, દંડ જીવોમાં થાય. યોનિસંગ્રહથી જીવ કહે છે—

● સૂત્ર-૫૯૪ થી ૫૯૬ :-

*[૫૯૪] યોનિ સંગ્રહ સાત ભેદે કહ્યો છે - અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્છિમજ, ઉદ્ભિજ્જ, અંડજ... અંડજ સાત ગતિક, સાત આગતિક કહ્યા છે - અંડજ, અંડજમાં ઉપજતો અંડજમાંથી, પોતજમાંથી યાવત્ ઉદ્ભિજ્જોમાંથી ઉત્પન્ન થાય છે. તે જ અંડજ, અંડજપણાને છોડતો અંડજપણે, પોતજપણે યાવત્ ઉદ્ભિજ્જપણે ઉત્પન્ન થાય. પોતજ સાત ગતિ અને સાત આગતિવાળા છે. એ રીતે સાતે જીવોની ગતિ આગતિ કહેવી. યાવત્ ઉદ્ભિજ્જ [સુધી આ પ્રમાણે કહેવું.]*

*[૫૯૫] આચાર્ય-ઉપાધ્યાયને ગણમાં સાત સંગ્રહ સ્થાનો કહ્યા છે - આચાર્ય-ઉપાધ્યાય ગણમાં આજ્ઞા, ધારણાને સમ્યક્ પ્રવર્તાવનાર હોય છે. એ રીતે પાંચમાં સ્થાન મુજબ યાવત્ આચાર્ય-ઉપાધ્યાય ગણમાં પૂછીને પ્રવૃત્તિ કરનાર હોય, પૂછ્યા વિના નહીં.. આચાર્ય-ઉપાધ્યાય ગણમાં અપ્રાપ્ત ઉપકરણને સમ્યક્ રીતે પ્રાપ્ત કરે.. આચાર્ય ઉપાધ્યાય પૂર્વે પ્રાપ્ત ઉપકરણોને સમ્યક્રીતે સંરક્ષણ અને સંગોપન કરે, અસમ્યક્ રીતે નહીં.*

*આચાર્ય-ઉપાધ્યાયને ગણમાં સાત અસંગ્રહ સ્થાનો કહ્યા છે - આચાર્ય ઉપાધ્યાયને ગણમાં આજ્ઞા કે ધારણાને સમ્યગ્રીતે પ્રવર્તાવનાર ન હોય - યાવત્ - ઉપકરણોને સમ્યક્ સંરક્ષણ, સંગોપન ન કરે.*

*[૫૯૬] પિન્ડૈષણાઓ સાત કહી છે... સાત પાણૈષણાઓ કહી છે... સાત અવગ્રહ પ્રતિમાઓ કહી છે... સાત સપ્તૈકક કહ્યા છે... સાત મહા અધ્યયનો કહ્યા છે... સપ્ત સપ્તમિકા ભિક્ષુ પ્રતિમા ૪૯ અહોરાત્ર વડે તથા ૧૯૬ ભિક્ષા દત્તિથી યથાસૂત્ર, યથાઅર્થ યાવત્ આરાધિત થાય.*

● વિવેચન-૫૯૪ થી ૫૯૬ :-

[૫૯૪] ઉત્પત્તિ સ્થાન વિશેષથી જીવોનો સંગ્રહ તે યોનિસંગ્રહ. તે સાત ભેદે છે અર્થાત્ યોનિ ભેદથી સાત પ્રકારે જીવો છે. [તે આ—]

(૧) અંડજા-પક્ષી, મત્સ્ય, સર્પાદિ. (૨) પોત - વસ્ત્રવત્ ઉત્પન્ન થયેલ અથવા વહાણથી ઉત્પન્ન થયેલની જેમ જન્મેલ અર્થાત્ અજરાયુવેષ્ટિતા. તે પોતજ-હાથી, વલ્ગુલી આદિ. (૩) જરાયુજ - जरा - ગર્ભના વેષ્ટનમાં જન્મેલા અર્થાત્ જરાથી વેષ્ટિત, તે મનુષ્ય, ગાય આદિ. (૪) રસજ - તીમજ, કાંજી આદિમાં ઉત્પન્ન. (૫) સંસ્વેદજ - પરસેવાથી ઉત્પન્ન - જૂ આદિ. (૬) સંમૂર્છિમ - સંમૂર્છનથી થયેલ-કૃમિ આદિ. (૭) ઉદ્ભિજ્જ - ભૂમિના ભેદથી ઉત્પન્ન થયેલ તે, ખંજનક આદિ.



હવે અંડજાદિની ગતિ, આગતિ પ્રતિપાદન કરવા માટે સાત સૂત્ર છે. તેમાં મરેલાને અંડજ આદિ યોનિ લક્ષણ સાત ગતિઓ છે જેને તે સાત ગતિવાળા તથા એ જ અંડજાદિ યોનિથી આગતિ-ઉત્પત્તિ છે જેઓને તે સાત આગતિવાળા. જેમ અંડજોની સાત પ્રકારે ગતિ, આગતિ કહી તેમ પોતજાદિ સહિત અંડજાદિની સાત જીવ ભેદોની ગતિ, આગતિ કહેવી. - x -

[૫૯૫] પૂર્વે યોનિસંગ્રહ કહ્યો, તેથી સંગ્રહ પ્રસ્તાવથી સંગ્રહસ્થાન સંબંધી સૂત્ર કહે છે - આચાર્ય ઉપાધ્યાયના ગચ્છમાં જ્ઞાનાદિ કે શિષ્યોના સંગ્રહના સ્થાનો તે સંગ્રહ સ્થાનો. આચાર્ય ઉપાધ્યાય ગચ્છમાં વિધિવિષયક આદેશરૂપ આજ્ઞાનો અથવા નિષેધ વિષયક આદેશરૂપ ધારણાનો સમ્યક્ પ્રયોગ કરનાર હોય છે. એ જ રીતે જ્ઞાનાદિનો કે શિષ્યોનો સંગ્રહ થાય તેમ ન કરવાથી તેનો નાશ જ થાય, જે પ્રસિદ્ધ છે. કહ્યું છે કે—

જે ગચ્છમાં સારણા, વારણા, ચોદના, પ્રતિચોદના નથી તે ગચ્છ અગચ્છ જ છે. તેથી સંયમાર્થી જીવોએ તેનો ત્યાગ કરવો. એ રીતે પાંચમાં સ્થાન મુજબ જાણવું. તે આ છે - (૧) આચાર્ય-ઉપાધ્યાય ગણમાં યથારાત્નિક કૃતિકર્મને પ્રયોજનાર થાય છે. ઇત્યાદિ સ્થાન-૫, સૂત્ર-૪૩૩ મુજબ જાણવું. વધારાના બે સ્થાન અહીં કહ્યા છે, તેની વ્યાખ્યા સુગમ છે. વિશેષ એ - ગચ્છને પૂછવું.

કહ્યું છે - શિષ્યોને જો આમંત્રણ કરે તો પ્રતીચ્છકો બાહ્ય ભાવને પામે, પ્રતીચ્છકોને આમંત્રે તો શિષ્યો બાહ્યભાવને પામે. પ્રતીચ્છક તો સૂત્રાર્થ ગ્રહણ સમાપ્તિ થતાં ચાલ્યા જાય. વૃદ્ધોને આમંત્રે તો તરુણો બાહ્ય ભાવને પામે અને - x - ઉપકરણોની પ્રત્યુપેક્ષા ન કરે, તરુણોને જ પૂછે તો વૃદ્ધો બાહ્ય ભાવ પામી ચાલ્યા જાય, માટે બધાંને પૂછવું જોઈએ.

अणुप्पन्नाइं - ન મેળવેલ વસ્ત્ર, પાત્રાદિને સમ્યક્ એષણાદિ શુદ્ધિ વડે ઉત્પન્ન કરનાર થાય. ચોરાદિથી સંરક્ષણ કરે, ગૃહસ્થથી કે મલિનતાથી રક્ષણ કરવા દ્વારા ગોપવે છે. એ રીતે તેથી વિપરીત અસંગ્રહસ્થાન જાણવું.

[૫૯૬] અનંતર આજ્ઞાના પ્રયોક્તા ન થાય તે કહ્યું અને આજ્ઞા તો પિન્ડૈષણાદિ વિષયવાળી છે. માટે પિન્ડૈષણાદિ છ સૂત્રોને કહે છે.

૦ પિંડ એટલે સિદ્ધાંતભાષાથી ભોજનની એષણાના પ્રકારો તે પિન્ડૈષણા. તે આ - (૧) અસંસૃષ્ટા - હાથ અને પાત્ર વડે વિચારવી. ન ખરડાયેલ હાથ - ન ખરડાયેલ પાત્ર, એ રીતે અપાયેલનું ગ્રહણ કરવું. - x - x -

(૨) સંસૃષ્ટા - હાથ અને પાત્રથી વિચારવી. સંસૃષ્ટ હાથ-સંસૃષ્ટ પાત્ર.

(૩) ઉદ્ધૃતા - થાળી આદિમાં સ્વયોગથી કોઈ ભોજન કાઢ્યું હોય તેમાંથી ખરડાયેલ હાથ, ન ખરડાયેલ પાત્ર અથવા ખરડાયેલ પાત્ર કે ખરડાયેલ હાથ હોય એ રીતે ગ્રહણ કરવાથી... (૪) અલ્પલેપા - અહીં અલ્પ શબ્દ અભાવવાચી છે, નિર્લેપ - પૃથકાદિ લેવાથી ચોથી.

(૫) અવગૃહીતા - ભોજન કાલે શરાવ આદિમાં ગ્રહણ કરેલ જ જે ભોજન હોય તેમાંથી લેવાથી... (૬) પ્રગૃહીતા - ભોજનવેળામાં દેવા માટે ઉધતને હસ્તાદિથી ગૃહિત કોઈ ભોજન કે ભોજન માટે સ્વહસ્તાદિથી ગૃહીત આહારને લેવાથી... (૭) ઉજ્ઝિતધર્મા - જે પરિત્યાગ યોગ્ય ભોજન હોય, જેને બીજા ઇચ્છે નહીં તેવું કે અર્ધત્યક્ત આહાર ગ્રહણ કરે.

૦ પાણીની એષણા આ પ્રમાણે જ જાણવી. વિશેષ એ કે - અલ્પલેપમાં વૈવિધ્ય છે. તે આ - ઓસામણ, કાંજી આદિ નિર્લેપ જાણવા.

૦ અવગ્રહ પ્રતિમા - ગ્રહણ કરાય તે અવગ્રહ - વસતિ, તેનો અભિગ્રહ તે. તેમાં (૧) મારે આવો ઉપાશ્રય ગ્રહણ કરવો પણ બીજો નહીં, એવું પહેલેથી વિચારીને તેની જ યાચના કરી ગ્રહણ કરે. (૨) જેને એવો અભિગ્રહ હોય કે હું આ સાધુઓ માટે અવગ્રહ ગ્રહીશ અને બીજાના ગૃહીત અવગ્રહમાં વાસ કરીશ... પહેલી પ્રતિજ્ઞા સામાન્યથી છે અને બીજી ગચ્છવાસી સાંભોગિક-અસાંભોગિક ઉધતવિહારી મુનિઓને છે, તેથી એકબીજા માટે તેઓ યાચે છે.

(૩) બીજાને માટે યાચીશ પણ બીજાએ ગૃહીત વસતિમાં રહીશ નહીં.. આ અહાલંદિક સાધુઓને હોય છે. જે માટે તે અવશેષ સૂત્રને આચાર્ય પાસે ઈચ્છતો આચાર્યાર્થે વસતિ યાચે છે. (૪) બીજા માટે વસતિ યાચીશ નહીં પણ બીજાએ ગૃહીતમાં રહીશ.. ગચ્છમાં જિનકલ્પાદિ અર્થે પરિકર્મ કરનારા અભ્યુધતવિહારી સાધુને હોય (૫) હું પોતા માટે અવગ્રહ ગ્રહીશ, પણ બીજા બે-ત્રણ-ચાર માટે નહીં.. આ પ્રતિમા જિનકલ્પીને હોય (૬) હું જે સંબંધી અવગ્રહને ગ્રહીશ તે સંબંધી કટ આદિ સંસ્તાર હોય તો ગ્રહણ કરીશ અન્યથા ઉત્કુટુક કે નિષણ્ણ ભેદે રહીને રાત્રિ વ્યતીત કરીશ.. આ પ્રતિજ્ઞા જિનકલ્પિકાદિને હોય છે. (૭) આ જ પૂર્વોક્ત સાતમી છે. વિશેષ એ કે - પાથરેલ જ શિલાદિ ગ્રહીશ, બીજું નહીં.- x -

૦ સપ્ત સપ્તૈકક - ઉદ્દેશક ન હોવાથી એકસરપણે એકક-અધ્યયન વિશેષ, આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં બીજી ચૂડારૂપ એવા સમુદાયથી સાત છે, તેથી સપ્તૈકક કહેવાય. તેનું એક પણ અધ્યયન સપ્તૈકક કહેવાય. તથા નામ હોવાથી એ રીતે તે સાત છે. (૧) સ્થાનસપ્તૈકક, (૨) નૈષેધિકી સપ્તૈકક, (૩) ઉચ્ચારપ્રશ્રવણ વિધિ સપ્તૈકક, (૪) શબ્દસપ્તૈકક, (૫) રૂપ સપ્તૈકક, (૬) પરક્રિયાસપ્તૈકા, (૭) અન્યોન્યક્રિયાસપ્તૈકક.

૦ સાત મહા અધ્યયન-સૂત્રકૃતાંગના બીજા શ્રુતસ્કંધમાં પહેલા શ્રુતસ્કંધના અધ્યયનોથી મોટા અધ્યયનો છે તે મહાઅધ્યયનો - પુંડરીક, ક્રિયાસ્થાન, આહાર-પરિજ્ઞા, પ્રત્યાખ્યાનક્રિયા, અનાચારશ્રુત, આર્દ્રક, નાલંદીય.



૦ સપ્તસપ્તમ-૪૯ દિવસો જેમાં છે તે સપ્તસપ્તમિકા. તે સાત દિવસના સાત સપ્તક વડે યથોત્તર વર્ધમાન દત્તિઓ વડે થાય છે. તેમાં પહેલા સપ્તકમાં એકદત્તિ ભોજન, એક દત્તિ પાન યાવત્ સાતમામાં સાત દત્તિઓ હોય છે. ભિક્ષુપ્રતિમા, તે ૪૯ અહોરાત્ર વડે થાય છે. ૧૯૬ દત્તિ થાય. કેમકે પહેલા સપ્તકમાં સાત, બીજામાં ૧૪ યાવત્ સાતમામાં-૪૯, બધી મળીને ૧૯૬ થાય. ભોજન અને પાણી બંનેની દત્તિઓ આટલી-આટલી થાય.

ઉક્ત અર્થને જણાવતા ત્રણ શ્લોક વૃત્તિકારે મૂક્યા છે, વિશેષ એ કે દત્તિ સંખ્યા ૭, ૧૪, ૨૧, ૨૮, ૩૫, ૪૨, ૪૯ કે ૪૯ થી ૭ બંને રીતે હોઈ શકે.

अहासुत्तं - સૂત્રને ન ઉલ્લંઘીને યાવત્ શબ્દથી अहाअत्थ - નિર્યુક્તિ આદિ વ્યાખ્યાને ન ઉલ્લંઘીને, अहातच्च - સપ્ત સપ્તમિકા નામક અર્થને ન ઉલ્લંઘીને અર્થાત્ નામને સત્યાર્થ કરવા વડે, अहामग्ग - ક્ષાયોપશમિક ભાવરૂપ માર્ગને ન ઉલ્લંઘીને અર્થાત્ ઔદયિક ભાવમાં ન જવા વડે. अहाकप्प - કલ્પનીયને ન ઉલ્લંઘીને અર્થાત્ પ્રતિમાના સમ્યક્ આચારને ન ઉલ્લંઘીને, કાયાની પ્રવૃત્તિ વડે, માત્ર મનથી નહીં, સ્વીકારકાળમાં વિધિ વડે ગૃહીત, ફરી ફરીને ઉપયોગપૂર્વક પ્રતિ જાગરણ વડે રક્ષિત, શોભિત-પ્રતિમાની સમાપ્તિમાં ગુરુ આદિને આપીને શેષ ભોજનના આસેવન વડે અથવા શોધિત-અતિચાર વર્જન કે આલોવવા વડે, પાર પહોંચાડેલી, કાળની અવધિ પૂર્ણ થતા - કિંચિત્ કાળ અધિક રહીને, પારણાદિને - આ અભિગ્રહ વિશેષ આ પ્રતિમામાં મેં કર્યો અને તે આરાધેલ છે, એ રીતે ગુરુ સમક્ષ કીર્તન કરવાથી - x - તે આરાધિતા હોય છે.

પ્રત્યાખ્યાનની અપેક્ષાએ તેનું વ્યાખ્યાન આ રીતે - ઉચિતકાલે વિધિપૂર્વક પ્રાપ્ત તે સ્પૃષ્ટ કહ્યું. સતત ઉપયોગપૂર્વક સાવધાન રહેલને પાલિત થાય છે. ગુરુને આપીને શેષ ભોજન વડે શોભિત થાય, પ્રત્યાખ્યાન કાળ પૂર્ણ થતાં સ્તોક કાળ સ્થિર રહેતા તિરિત થાય, ભોજનકાળે તે પ્રત્યાખ્યાનના સ્મરણથી કીર્તિત થાય, નિષ્ઠાથી પહોંચાડી આરાધિત થાય. - - સપ્ત સપ્તમિકાદિ પ્રતિમા પૃથ્વીમાં થાય માટે પૃથ્વી સૂત્ર—

● **સૂત્ર-૫૯૭ :-**

***અધોલોકમાં સાત પૃથ્વીઓ કહી છે, સાત ઘનોદધિ, સાત ઘનવાત, સાત તનુવાતો, સાત આકાશાંતરો કહ્યા છે. આ સાત આકાશાંતરોમાં સાત તનુવાતો સ્થિત છે. સાત તનુવાતોમાં સાત ઘનવાતો સ્થિત છે. સાત ઘનવાતોમાં સાત ઘનોદધિ સ્થિત છે. સાત ઘનોદધિમાં પિંડલક, પુષ્પ ભાજન સંસ્થાન સંસ્થિત સાત પૃથ્વીઓ કહી છે. તે આ—***

***પહેલી યાવત્ સાતમી. આ સાતે પૃથ્વીના સાત નામો કહ્યા છે, તે આ - ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી. આ સાતેના સાત ગોત્રો કહ્યા છે. તે આ - રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમપ્રભા.***

● **વિવેચન-૫૯૭ :-**

અધોલોકના ગ્રહણથી ઉર્ધ્વલોકમાં પણ પૃથ્વીની સત્તા જણાય છે, ત્યાં એક ઇષત્ પ્રાગ્ભારા નામે પૃથ્વી છે, અહીં જો કે પ્રથમ પૃથ્વીના ઉપરના ૯૦૦ યોજન તિર્છાલોકમાં હોય છે, તો પણ દેશઉણ પણ પૃથ્વી છે, તેથી દોષ નથી. આ સાત પૃથ્વી ક્રમથી જાડાઈથી ૧,૮૦,૦૦૦ યોજનાદિ છે. કહ્યું છે કે - પહેલી ૧,૮૦,૦૦૦, બીજી ૧,૩૨,૦૦૦, ત્રીજી ૧,૨૮,૦૦૦, ચોથી ૧,૨૦,૦૦૦, પાંચમી ૧,૧૮,૦૦૦, છઠ્ઠી ૧,૧૬,૦૦૦, સાતમી ૧,૦૮,૦૦૦ યોજન જાડાઈવાળી છે.

અધોલોક અધિકારથી તદ્‌ગત વસ્તુ સૂત્રો યાવત્ બાદર સૂત્રથી આ સૂત્રો સુગમ છે. વિશેષ આ - ઘનોદધિનું બાહલ્ય ૨૦,૦૦૦ યોજન છે. ઘનવાત, તનુવાત, આકાશાંતરનું બાહલ્ય અસંખ્યાત યોજન છે - x -

છત્રને અતિક્રમીને છત્ર તે છત્રાતિછત્ર, તેના જેવું સંસ્થાન અર્થાત્ નીચેનું છત્ર મોટું અને ઉપરનું નાનું એવા આકારે રહેલ તે છત્રાતિછત્ર સંસ્થાન સંસ્થિતા. અર્થાત્ સાતમી પૃથ્વી સાત રાજ વિસ્તૃત છે, છઠ્ઠી આદિ એકેક રાજહીન છે. પિંડલગ એટલે પટલક, પુષ્પભાજનવત્ પહોળાં સંસ્થાનથી સંસ્થિત તે પટલક પૃથુસંસ્થાન-સંસ્થિતા જાણવી. નામો અને ગોત્રો, તે પણ નામો છે. નામ પ્રમાણે ગુણયુક્તવાળા ગોત્રો છે અને ધમ્માદિ નામો તો જુદા છે - x -. અવકાશાંતરમાં બાદરવાયું છે, તેનું સૂત્ર—

● **સૂત્ર-૫૯૮ થી ૬૦૧ :-**

***[૫૯૮] બાદર વાયુકાયિક સાત ભેદે કહ્યા - પૂર્વવાયુ, પશ્ચિમવાયુ, દક્ષિણવાયુ, ઉત્તરવાયુ, ઉંચોવાયુ, અધોવાયુ, વિદિશાવાયુ.***

***[૫૯૯] સાત સંસ્થાનો કહ્યા છે - દીર્ઘ, હ્રસ્વ, વર્તુળ, ત્ર્યસ્ર, ચતુરસ્ર, પૃથુલ અને પરિમંડલ... [૬૦૦] સાત ભયસ્થાનો કહ્યા છે - ઇહલોકભય, પરલોક ભય, અકસ્માત ભય, વેદના ભય, મરણ ભય અને અપકીર્તિ ભય.***

***[૬૦૧] સાત કારણે છદ્મસ્થ જણાય છે - જીવોનો વિનાશ કરનાર હોય, મૃષા બોલનાર હોય, અદત્ત લેનાર હોય, શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધ ભોગવનાર હોય, પૂજા સત્કાર અનુમોદનાર હોય, આ સાવદ્ય છે તેમ કહી તેને સેવનાર હોય, જેવું બોલે તેવું આચરનાર હોય... સાત કારણે કેવલી જણાય છે - પ્રાણીનો વિનાશ કરનાર ન હોય યાવત્ જેવું બોલે તેવું આચરણ કરનાર હોય.***

● **વિવેચન-૫૯૮ થી ૬૦૧ :-**

[૫૯૮] સૂક્ષ્મવાયુમાં ભેદ નથી તેથી બાદરનું ગ્રહણ કરેલ છે. ભેદ તો દિશા વિદિશાના ભેદથી સ્પષ્ટ જ છે... [૫૯૯] વાયુ અદૃશ્ય છે તો પણ સંસ્થાનવાળા અને ભયવાળા છે. માટે તેના સૂત્રો, તે પ્રસિદ્ધ છે. પ્રતરઘનાદિ અન્યથી જાણવા.

[૬૦૦] મોહનીયની પ્રકૃતિથી ઉત્પન્ન આત્માનો પરિણામ તે ભય. તેના આશ્રયો તે ભયસ્થાનો. (૧) તેમાં મનુષ્યાદિને સ્વજાતિય અન્ય મનુષ્યાદિથી થયેલ ભય તે ઇહલોક ભય. અહીં અધિકૃત ભયવાળાની જાતિને વિશે લોક તે ઇહલોક તેથી જે ભય તે ઇહલોક ભય.. (૨) તિર્યંચ, દેવાદિથી મનુષ્યાદિને જે ભય તે પરલોક ભય.. (૩) ગ્રહણ કરાય તે આદાન - ધનાર્થે ચોરાદિથી થતો ભય તે આદાન ભય.. (૪) બાહ્ય નિમિત્તાપેક્ષા સિવાય ગૃહાદિમાં રહેલાને રાત્રિ આદિમાં જે ભય તે અકસ્માતભય.. (૫) પીડા આદિથી જે ભય તે વેદનાભય.. (૬) મરણ ભય પ્રતીત છે.. (૭) અમુક કાર્યથી અપકીર્તિ થશે તેવો ભય તે અશ્લોકભય.



[૬૦૧] ભય છદ્મસ્થોને હોય, તે જ સ્થાનોથી જણાય તે સ્થાનોને કહે છે- હેતુભૂત સાત સ્થાનો વડે છદ્મસ્થને જાણે. તે આ - (૧) પ્રાણીઓનો નાશ કરનાર, તેઓનો ક્યારેક નાશ કરનાર હોય છે. અહીં પ્રાણાતિપાતન એવા વક્તવ્યમાં પણ ધર્મ અને ધર્મીના અભેદથી ''અતિપાતયિતા'' કથન વડે ધર્મી કહેલા છે. પ્રાણીને મારવાથી આ છદ્મસ્થ છે એમ નિશ્ચય કરાય છે. કેવલી તો ચારિત્રાવરણ ક્ષીણતાથી નિરતિચાર ચારિત્રપણાથી અપ્રતિસેવી હોવાથી ક્યારેય પણ પ્રાણીનો નાશ કરનાર ન હોય, એવી રીતે સર્વત્ર ભાવના જાણવી.

(૨) અસત્ય બોલનાર હોય છે... (૩) અદત્ત લેનાર હોય છે... (૪) શબ્દાદિ આસ્વાદનાર હોય છે... (૫) પુષ્પ અને વસ્ત્રાદિ અર્ચનમાં, બીજાએ પોતાનું સન્માન કરવાથી તેનું અનુમોદન કરનાર - પૂજાદિમાં હર્ષ પામનાર હોય.

(૬) આ આધાકર્માદિ સાવદ્ય-સપાપ છે, એમ પ્રરૂપીને તેનું જ પ્રતિસેવન કરનાર હોય છે... (૭) સામાન્યથી જેમ બોલે તેમ કરે નહીં, જુદું બોલે અને જુદું કરનાર હોય. - - આ સાત સ્થાનો વિપરીતપણે કેવલીને જણાવે છે.

કેવલીઓ પ્રાયઃ ગોત્રવિશેષવાળા હોય છે. પ્રવ્રજ્યાના યોગ્યત્વથી, નાભેયાદિવત્. આ હેતુથી સાતમૂલગોત્ર આદિ વડે ગોત્રવિભાગને કહે છે—

● **સૂત્ર-૬૦૨ :-**

***સાત મૂલ ગોત્રો કહ્યા છે - કાશ્યપ, ગૌતમ, વત્સ, કુત્સ, કૌશિક, મંડવ, વાશિષ્ટ... જે કાશ્યપો છે તે સાત ભેદે છે - કાશ્યપ, શાંડિલ્ય, ગૌડ, વાલ, મૌજકી, પર્વપ્રિક્ષકી, વર્ષકૃષ્ણ... ગૌતમ સાત ભેદે છે - ગૌતમ, ગર્ગ, ભારદ્વાજ, અંગિરસ, શર્કરાભ, ભાસ્કરાભ, ઉદકાત્મભ...***

***વત્સો છે તે સાત ભેદે છે - વત્સ, આગ્નેય, મૈત્રેય, સ્વામિલી, શેલક, અસ્થિસેન, વીતકર્મ... કુત્સો છે તે સાત ભેદે છે - કુત્સ, મૌદ્‌ગલાયન, પિંગલાયન, કૌડિન્ય, મંડલિક, હારિત, સોમજ... કૌશિકો છે તે સાત ભેદે છે - કૌશિક, કાત્યાયન, શાંલાકાયન, ગોલિકાયન, પક્ષિકાયન, આગ્નેય, લોહિત... મંડવ છે તે સાત ભેદે છે - મંડવ, અરિષ્ટ, સંમુક્ત, તૈલ, એલાપત્ય, કાંડિલ્ય, ક્ષારાયન... વાશિષ્ઠો છે તે સાત ભેદે છે - વાશિષ્ઠ, ઉંજાયન, જારેકૃષ્ણ, વ્યાઘ્રાપત્ય, કૌડિન્ય, સંજ્ઞી અને પારાસર.***

● **વિવેચન-૬૦૨ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ આ કે - ગોત્ર એટલે તથાવિધ એક એક પુરુષથી ઉત્પન્ન મનુષ્યસંતાન. ઉત્તર ગોત્રાપેક્ષાએ આદિભૂત ગોત્રો.

કાશમાં થયેલ તે કાશ્ય - રસ, તેને પીનાર તે કાશ્યપ, તેના સંતાનો તે

કાશ્યપો. મુનિસુવ્રત, નેમિને વર્જીને ૨૨-જિન, ચક્રવર્તી આદિ, ક્ષત્રિયો, સાતમા ગણધરાદિ બ્રાહ્મણો અને જંબૂસ્વામી આદિ ગૃહપતિ કાશ્યપ છે.

અહીં ગોત્રનો ગોત્રવાળા સાથે અભેદથી આ પ્રમાણે નિર્દેશ છે, નહીં તો કાશ્યપ એમ કહેવું થાત, એ રીતે સર્વત્ર સમજવું.

ગૌતમના અપત્યો તે ગૌતમો. મુનિસુવ્રત, નેમિજિન, નારાયણ, પદ્મ, સિવાયના વાસુદેવ અને બલદેવ, ઇન્દ્રભૂતિ આદિ ત્રણ ગણધરો, વજ્રસ્વામી.

વત્સના અપત્યો તે વત્સો - શયંભવ આદિ.. એ રીતે કુત્સો-શિવભૂતિ આદિ.. કૌશિક - ષડ્‌લૂકાદિ.. મંડુના અપત્યો તે મંડવો.. વશિષ્ઠના અપત્યો તે વાશિષ્ઠો - છટ્ઠા ગણધર, આર્યસુહસ્તિ આદિ.. તથા જે કાશ્યપો છે તે સાત પ્રકારે છે, એક કાશ્યપ શબ્દ વ્યપદેશ્યપણે કાશ્યપો જ છે અને બીજા કાશ્યપગોત્ર વિશેષ ભૂત શંડિલ આદિ પુરુષોના અપત્ય રૂપ શાંડિલ્યાદિ જાણવા. - આ ગોત્ર વિભાગ નયવિશેષથી છે, માટે નયસૂત્ર કહે છે—

**● સૂત્ર-૬૦૩ :-**

***સાત મૂલ નયો કહ્યા, તે આ પ્રમાણે - નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ-સૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.***

**● વિવેચન-૬૦૩ :-**

મૂળભૂત નયો તે મૂલ નયો, સાત છે. ઉત્તર નયો ૭૦૦ છે. કહ્યું છે - એકેક નયના ૧૦૦ ભેદ કરતા ૭૦૦ નયો થાય, બીજા મતે ૫૦૦ ભેદ છે.

જેટલા વચનના પ્રકારો છે તેટલા જ નયવાદો છે અને જેટલા નયવાદ છે, તેટલા જ પર-સિદ્ધાંતો છે. અનંત ધર્માત્મક વસ્તુમાં એક ધર્મ સમર્થન કરવામાં દક્ષ બોધ વિશેષ તે નય છે. તેમાં (૧) નૈગમ - એક માન નથી તે, - x - કહ્યું છે કે - જેને એક માન-પ્રમાણ નથી, પણ સામાન્ય, ઉભય અને વિશેષ જ્ઞાનો છે, તેના વડે પ્રમાણ કરે તે, નૈગમનય એક માનવાળો નથી.

અથવા નિગમ - અર્થ બોધોમાં કુશલ કે બોધમાં થયેલ તે નૈગમ. અથવા નથી એક માર્ગ જેનો તે નૈકગમ. કહ્યું છે - લોકાર્થ બોધક કે નિગમોમાં કુશલ કે બોધમાં કુશલ કે જેને જાણવાના એક માર્ગ નથી પણ અનેક માર્ગો છે તે નૈગમનય કહેવાય છે. આ નય સર્વત્ર 'સત્' એ રીતે અનુરૂપ આકારના અવબોધના હેતુભૂત મહાસત્તાને ઈચ્છે છે.

અનુવૃત્ત અને વ્યાવૃત્ત અવબોધના હેતુભૂત સામાન્ય વિશેષરૂપ દ્રવ્યત્વ આદિ અને વ્યાવૃત્ત અવબોધના હેતુભૂત નિત્યદ્રવ્યમાં રહેલ અંત્ય સ્વરૂપવાળા વિશેષને ઇચ્છે છે. [શંકા-] આ રીતે નૈગમ સમ્યગ્દૃષ્ટિ જ થાઓ કેમકે સામાન્ય-વિશેષને સાધુવત્ સ્વીકારવામાં તત્પર હોય છે. [સમાધાન] એવું નથી, કેમકે સામાન્ય-વિશેષ વસ્તુને અત્યંત ભેદ વડે સ્વીકારવામાં તત્પર હોવાથી તેને સમ્યગ્ દૃષ્ટિત્વ નથી.

કહ્યું છે - જે કારણથી સામાન્ય અને વિશેષને પરસ્પર અત્યંત ભિન્ન માને છે, તેથી કણાદની જેમ મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્ય-પર્યાય ઉભય નય વડે બધું પોતાનું



શાસ્ત્ર ઉલૂકે સમર્થેલ છે, તો પણ મિથ્યાદૃષ્ટિ છે, કેમકે સ્વ વિષયના પ્રધાનપણે અન્યોન્ય નિરપેક્ષ સ્વીકારેલ છે.

(૨) ભેદોનું સંગ્રહવું કે જેના વડે ભેદો સંગ્રહાય છે તે સંગ્રહ - x - અર્થાત્ આ નય નિશ્ચયથી સામાન્યનું પ્રતિપાદન કરવામાં તત્પર છે. સત્ એમ કહેવા છતાં સામાન્યને જ સ્વીકારે છે, વિશેષને નહીં. તથા માને છે કે - વિશેષો, સામાન્યથી ભિન્ન છે કે અભિન્ન છે ? જો ભિન્ન હોય તો તે છે જ નહીં, જો અભિન્ન છે તો વિશેષો સામાન્ય માત્ર છે.

જે કારણે સત્ છે એમ કહેવા છતાં સર્વત્રમાં બુદ્ધિ પ્રવર્તે છે, સર્વ સત્તા માત્ર છે, તેથી જુદી કોઈ વસ્તુ નથી. જેમ-ઘડો, ભાવથી અનન્ય છે ? જો અનન્ય છે, તો સત્તા માત્ર જ છે, જો ભાવથી ભિન્ન છે તો અભાવરૂપ છે, એમ પટ વગેરે પણ પ્રત્યેક અનન્ય સત્તા માત્ર જ છે.

(૩) વ્યવહરવું, વ્યવહરે છે કે વ્યવહાર છે - જેના વડે સામાન્યને દૂર કરાય છે અથવા વિશેષોને આશ્રીને વ્યવહારમાં તત્પર તે વ્યવહાર નય - x - આ નય વિશેષને પ્રતિપાદનમાં તત્પર છે. સત્ એમ કહેવા છતાં ઘટાદિ વિશેષોને જ સ્વીકારે છે, કેમકે તેનું જ વ્યવહારમાં પ્રયોજનત્વ છે. પણ ઘટાદિ વિશેષોથી સામાન્ય જુદું નથી. - x -

સામાન્ય વિશેષોથી ભિન્ન કે અભિન્ન ? જો ભિન્ન હોય તો વિશેષોથી જુદું જણાત, જો અભિન્ન છે તો વિશેષ માત્ર જ છે. તેના સ્વરૂપની જેમ વિશેષોથી જુદું નથી. [આ અર્થ જણાવતી ભાષ્ય ગાથા પણ મૂકી છે.]

લોક સંવ્યવહાર તત્પર તે વ્યવહારનય. જેમકે - ભ્રમરાદિ પાંચ વર્ણવાળીમાં પણ આ નય અતિશયપણાથી કૃષ્ણપણાને જ માને છે. કહ્યું છે કે - સંવ્યવહાર તત્પર હોવાથી લોકને ઇચ્છે તો વ્યવહાર નય, બહુતરપણાથી કૃષ્ણ વર્ણને મુખ્ય માની, વિદ્યમાન છતાં બીજા વર્ણો છોડે છે.

(૪) ઋજુ - વક્રના વિપર્યયપણાથી અભિમુખ શ્રુત-જ્ઞાન છે જેનું તે ઋજુશ્રુત અથવા અતીત, અનાગત વક્રના પરિત્યાગથી વર્તમાન વસ્તુને જણાવે તે ઋજુ સૂત્ર. - x - આ નય વર્તમાનકાલીન, સ્વકીય વસ્તુને લિંગ, વચન અને નામાદિથી ભિન્ન છતાં એકરૂપે સ્વીકારે છે, શેષ અવસ્તુ છે. કેમકે અતીતકાળ વિનષ્ટ છે અને અનાગતકાળ અનુત્પન્ન છે. માટે તે બંને જણાતા નથી તથા પરકીય પણ અવસ્તુ છે કેમકે નિષ્ફળ છે. તેથી વર્તમાન અને સ્વ વસ્તુ લિંગાદિ વડે ભિન્ન છતાં સ્વરૂપને છોડતી નથી. - x - x - નામાદિ ભિન્ન તે નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ - x -.

(૫) શબ્દનય - બોલાવવું કે બોલાવે છે કે જેના વડે વસ્તુ બોલાવાય છે તે શબ્દ. તે શબ્દના અર્થને ગ્રહણ કરવાથી, નય પણ શબ્દ છે, તેથી હેતુ જ કહેવાય છે. - x - આ નય નામ-સ્થાપના-દ્રવ્યકુંભ નથી જ એમ માને છે. કેમકે તે તત્કાર્યને કરતા નથી. વળી ભિન્ન લિંગ, ભિન્ન વચન વસ્તુ એક નથી. કેમકે લિંગ અને વચનના ભેદથી જ કુટા, વૃક્ષ ઇત્યાદિ માફક સ્ત્રી, પુરુષની જેમ ભિન્ન છે. આ હેતુથી

ઘટઃ, કુટઃ, કુંભ આ શબ્દો સ્વપર્યાય ધ્વનિ વડે વાચ્ય એક જ છે. કહ્યું છે - તે જ ઋજુસૂત્ર મત વર્તમાનકાલીન, વિશેષિતરથી ઈચ્છે છે. માત્ર ભાવ ઘટને જ માને છે.

(૬) સમભિરૂઢ - વિવિધ અર્થોમાં વિવિધ સંજ્ઞાના સમભિરોહણથી સમભિરૂઢ છે. કહ્યું છે - જે જે સંજ્ઞાને કહે છે, તે તે સંજ્ઞાને અનુસરે છે, સંજ્ઞાતર અર્થથી વિમુખ હોવાથી આ નય સમભિરૂઢ છે. આ નય માને છે કે ઘટ, કુટ આદિ શબ્દો ભિન્ન છે, કેમકે ભિન્ન પ્રવૃત્તિ નિમિતત્વથી ઘટ-પટાદિ શબ્દવત્ ભિન્ન અર્થને જણાવનાર છે. તે આ રીતે - વિશિષ્ટ ચેષ્ટાવાળો તે ઘટ, કૂટવાથી કૂટ, આ હેતુથી ઘટ અન્ય છે, કુટ પણ અન્ય છે.

(૭) એવંભૂતનય - જેમ શબ્દનો અર્થ છે, તે રીતે પદાર્થ વિદ્યમાન થતા અર્થ છે અને અન્યથા વસ્તુભૂત નથી. એવો મત તે એવંભૂત નય. - x - x - આ હેતુથી એવંભૂત નય સમભિરૂઢ નયથી વિશેષતઃ શબ્દના અર્થમાં તત્પર છે. આ નય તો સ્ત્રીના મસ્તક પર રહેલ, ચેષ્ટા વાળા જ ઘટ શબ્દવાચ્ય પદાર્થને માને છે, પણ સ્થાન અને ભરણ આદિ ક્રિયાંતરને પ્રાપ્ત થયેલ ઘટને માનતો નથી. [હવે નયના શ્લોક કહે છે.]

શુદ્ધ દ્રવ્યને આશ્રીને સંગ્રહ નય છે, તેની અશુદ્ધિથી નૈગમ, વ્યવહાર બે નય છે. શેષ નયો પર્યાયાશ્રિત છે. અભિન્ન જ્ઞાન કારણભૂત સામાન્ય જુદું છે, વિશેષ પણ જુદું છે, એમ નૈગમનય માને છે. સ્વસ્વભાવ લક્ષણ 'સત્' રૂપતાને ન ઉલ્લંઘેલ આ જગત્ છે, એમ સર્વને સંગ્રહતો સંગ્રહનય માને છે. વ્યવહારનય પ્રત્યેક વસ્તુમાં રહેલ સત્‌ને જ માને છે. કેમકે પ્રાણીનો વ્યવહાર તેમજ થાય છે. ઋજુસૂત્ર મત શુદ્ધ પર્યાયમાં જ રહેલ છે. નશ્વર ભાવના ભાવથી, સ્થિતિ વિયોગથી, અતીત-અનાગત વર્જીને વર્તમાનપણા વડે સર્વ જણાય છે. શબ્દનય વસ્તુને લિંગ અને વચનાદિ ભેદથી ભિન્ન સ્વભાવને માનતો આ શબ્દ નય છે. ઇત્યાદિ - x - x - x - .

પ્રશ્ન-કેવી રીતે ૭૦૦ નયો અથવા અસંખ્ય નયો, સાત નયોમાં જ અંતર્ભાવ થાય છે ? [સમાધાન] જેમ વક્તાના વિશેષથી અસંખ્યેય સ્વરો પણ સાત સ્વરોમાં જ સમાય છે તેમ... સ્વરોના સ્વરૂપનું પ્રતિપાદન કરવા "સાત સ્વરો" આદિના પ્રકરણને કહે છે—

● સૂત્ર-૬૦૪ થી ૬૪૩ :-

*[૬૦૪] સાત સ્વરો કહ્યા છે - ... [૬૦૫] ષડ્જ, ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ... [૬૦૬] આ સાત સ્વરોના સાત સ્વરસ્થાન કહ્યા છે - [૬૦૭] ષડ્જ જિભના અગ્રભાગે, ઋષભ સ્વર હૃદય વડે, ગાંધાર કંઠના ઉગ્રપણાથી, જીભના મધ્ય ભાગે મધ્યમ, [૬૦૮] નાસા વડે પંચમ, ધૈવત દંતોષ્ઠ વડે, મસ્તક વડે નિષાદ. આ સાત સ્વર સ્થાનો કહ્યા.*

*[૬૦૯] સાત સ્વરો જીવનિશ્રિતા કહ્યા છે - ... [૬૧૦] ષડ્જ - મયુરનો સ્વર, ઋષભ - કુકડાનો સ્વર, ગંધાર-હંસનો સ્વર, મધ્યમ-ગવેલકનો સ્વર... [૬૧૧] પંચમ - વસંત માસમાં કોયલનો સ્વર, ધૈવત-સારસ અને ક્રૌંચનો સ્વર,*



*નિષાદ-હાથીનો સ્વર.*

*[૬૧૨] સાત સ્વરો અજીવનિશ્રિતા કહ્યા - ... [૬૧૩] ષડ્જ-મૃદંગનો રવ, ઋષભ-ગોમુખીનો સ્વર, ગંધાર-શંખનાદ, મધ્યમ-ઝલ્લરીનો... [૬૧૪] પંચમ-ચાર ચરણોથી સ્થિતિ ગોધિકા, ધૈવત-ઢોલનો, નિષાદ-મહાભેરીનો સ્વર... [૬૧૫] આ સાત સ્વરના સાત લક્ષણો છે.*

*[૬૧૬] ષડ્જથી વૃત્તિ પામે અને કરેલ કાર્ય નાશ ન પામે વળી ગાય, મિત્ર, પુત્રોની પ્રાપ્તિ થાય છે તથા સ્ત્રીઓને વલ્લભ થાય છે... [૬૧૭] ઋષભથી ઐશ્વર્ય, સેનાપત્ય, ધન, વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી અને શયન... [૬૧૮] ગંધારથી ગીતયુક્તિજ્ઞ, વજ્રવૃત્તિ, કલાની અધિકતા, કાવ્યપ્રજ્ઞા, અન્ય શાસ્ત્રોમાં પારંગતતા... [૬૧૯] મધ્યમ સ્વર સંપન્ન સુખે જીવનાર, ખાતો, પીતો, દાન દેતો અને મધ્યમ સ્વર આશ્રિત થાય છે... [૬૨૦] પંચમ સ્વર સંપન્ન રાજા, શૂર, સંગ્રહકર્તા, અનેક ગણનો નાયક થાય... [૬૨૧] રેવત [ધૈવત] સ્વર સંપન્ન કલહપ્રિય, શાકુનિક, વાગુરિક, શૌકરિક, મચ્છીમાર થાય છે... [૬૨૨] નિષાદ સ્વરવાલા ચાંડાલ, મલ્લ, સેકા, અન્ય પાપકર્મી, ગોઘાતક, ચોર થાય છે...*

*[૬૨૩] આ સાત સ્વરોના ત્રણ ગ્રામ કહ્યા છે - ષડ્જ ગ્રામ, મધ્યમ ગ્રામ, ગંધાર ગ્રામ... ષડ્જ ગ્રામની સાત મૂર્છના કહી છે... [૬૨૪] મંગી, કૌરવીય, હરી, રજની, સારકાંતા, સારસી, શુદ્ધ ષડ્જા... [૬૨૫] મધ્યમ ગ્રામની સાત મૂર્છનાઓ કહી છે - ... [૬૨૬] ઉત્તરમંદા, રજની, ઉતરા, ઉત્તરાસમા, અશ્વકંતા, સૌવીરા, અભીરુ... [૬૨૭] ગંધાર ગ્રામની સાત મૂર્છના કહી છે - ... [૬૨૮] નંદી, ક્ષુદ્રિમા, પૂરિમા, શુદ્ધગંધારા, ઉત્તરગંધારા, મૂર્છા. [૬૨૯] સુષ્ઠુતર આયામા નિયમથી છટ્ઠી જાણવી. ઉતરાયતા કે કોડીમાતસા સાતમી મૂર્છા છે.*

*[૬૩૦] સાત સ્વરો ક્યાંથી ઉત્પન્ન થાય છે ? ગેયની કઈ યોનિ હોય છે ? ઉચ્છ્વાસ કાલ કેટલા સમયનો છે ? ગેયના કેટલા આકારો છે ?*

*[૬૩૧] સાત સ્વર નાભિથી ઉત્પન્ન થાય છે, ગીતની રુદિત યોનિ છે, પાદ સમાન ઉચ્છ્વાસો છે, ગેયના ત્રણ આકારો છે.*

*[૬૩૨] ગેયના આકાર ત્રણ છે - મંદ સ્વરથી આરંભ કરે, મધ્યમાં સ્વરની વૃદ્ધિ કરે અને અંતમાં સ્વરને ક્રમશઃ હીન કરે.*

*[૬૩૩] ગેયના છ દોષ, આઠ ગુણ, ત્રણ વૃત્તો, બે ભણિતી, જે જાણશે તે સુશિક્ષિત રંગમંડપ મધ્યે સારી રીતે ગાઈ શકશે.*

*[૬૩૪] ગેયના છ દોષો - ભીત, દ્રુત, લઘુસ્વર, તાલરહિત, કાકસ્વર અને નાસિક્ય, એ રીતે ગીત ન ગાવું... [૬૩૫] ગેયના આઠ ગુણ - પૂર્ણ, રક્ત, અલંકૃત, વ્યક્ત, અવિસ્વર, મધુર, સમ, સુકુમાર... [૬૩૬] ગેયના બીજા ગુણ - ઉર, કંઠ-શિર દ્વારા પ્રશસ્ત, મૃદુ-રિભિત-પદબદ્ધ ગવાય, સમતાલના પ્રક્ષેપવાળું અને સાત સ્વરોથી સમ ગવાય... [૬૩૭] ગેયના બીજા ગુણ - નિર્દોષ, સારયુક્ત, હેતયુક્ત, અલંકૃત્, ઉપનીત, સોપચાર, મિત અને મધુર... [૬૩૮] ગેયના ત્રણ*

*વૃત્ત - સમ, અર્ધસમ, સર્વત્ર વિષમ. આ સિવાય ચોથો ભેદ નથી... [૬૩૯] બે ભણિતિયા - સંસ્કૃત અને પ્રાકૃત, ઋષિઓએ બેને પ્રશસ્ત કહી, તેમાં ગાવું...*

*[૬૪૦] કેવી સ્ત્રી મધુર ગાય છે ? ખર અને રૂક્ષ સ્વરે કોણ ગાય છે ? કેવી સ્ત્રી ચતુર ગાય છે ? કોણ મંદ સ્વરે ગાય છે ? કોણ શીઘ્ર ગાય છે ?... [૬૪૧] કેવી સ્ત્રી વિસ્વરથી ગાય છે ? - - શ્યામા મધુર ગાય છે, કાળી સ્ત્રી ખર અને રૂક્ષ ગાય છે, ગોરી સ્ત્રી ચતુર ગાય છે, કાણી મંદ અને આંધળી શીઘ્ર ગાય છે... [૬૪૨] પિંગળા સ્ત્રી વિસ્વર ગાય છે. - - સાત સ્વરો સમ છે - તંત્રીસમ, તાલસમ, પાદસમ, લયસમ, ગ્રહસમ, શ્વાસોચ્છ્વાસસમ, સંચારસમ.*

*[૬૪૩] સાત સ્વર, ત્રણ ગ્રામ, ૨૧ મૂર્છના, ૪૯ તાન છે.*

● **વિવેચન-૬૦૪ થી ૬૪૩ :-** *[પ્રતમાં આ એક સૂત્ર છે માટે વૃત્તિ સાથે છે]*

આ સૂત્ર સરળ છે વિશેષ એ કે - સ્વરણ તે સ્વર-શબ્દ વિશેષ. છ થી ઉત્પન્ન તે ષડ્જ. કહ્યું છે - નાક, કંઠ, હૃદય, તાલુ, જીભ અને દાંતને આશ્રીને ઉત્પન્ન થાય માટે ષડ્જ છે... - ઋષભ - બળદ માફક વર્તે તે સ્વર. કહ્યું છે - નાભિથી ઉઠેલ કંઠ અને મસ્તકમાં હણાયેલ, બળદની જેમ નાદ કરે, તેથી તે વૃષભ સ્વર કહેવાય... જેમાં ગંધ વિધમાન છે તે ગંધાર અર્થાત્ ગંધવાહક.

કહ્યું છે - નાભિથી ઉઠેલ અને કંઠ તથા શીર્ષથી હણાયેલ, વિવિધ ગંધોનો વાહક, શુભ સ્વર છે તે હેતુથી ગાંધાર કહેવાય છે.

કાયાની મધ્યમાં તે મધ્યમ. કહ્યું છે - નાભિથી ઉઠેલ, ઉર તથા હૃદયમાં હણાયેલ વાયુ પુનઃ નાભિને પ્રાપ્ત થતા મહાનાદ રૂપ મધ્યમત્વ પામે છે... ષડ્જ આદિ પાંચ સ્વરોના નિર્દેશ ક્રમને આશ્રીને પૂરણ કરનાર તે પંચમ અથવા નાભિ આદિ પાંચ સ્થાનોમાં પ્રમાણ કરે તે પંચમ સ્વર - x - x - જે માટે પૂર્વે ઉઠેલ સ્વરને સાંધે છે, તે આ સ્વરનું ધૈવતપણુ કહેવાય. પાઠાંતરથી તેને રૈવત પણ કહે છે. જે સ્વરમાં અન્ય સ્વરો બેસી જાય તે નિષાદ. કહ્યું છે - x - બધા સ્વરોનો પરાભવ કરે છે માટે તે નિષાદ કહેવાય છે. તેનો દેવતા આદિત્ય છે. આમ સાત સ્વરો કહ્યા.

[શંકા] કાર્ય કારણને આધીન છે, સ્વરનું કારણ જીભ છે, તે અસંખ્ય રૂપ છે, તો સ્વરોનું સાતપણું કેમ ઘટે ? સમાધાન-વિશેષથી અસંખ્યાત સ્વરો છે, સામાન્યથી બધા સાત સ્વરોમાં સમાઈ જાય છે. - x - x -

સ્વરોના નામ કહીને કારણથી તેનું નિરૂપણ કરે છે. તેમાં નાભિથી ઉઠેલ અવિકારી સ્વર, આભોગ કે અનાભોગથી જે પ્રદેશ પામીને વિશેષ શક્તિ પ્રાપ્ત કરે તે પ્રદેશ સ્વરને ઉપકારી હોવાથી સ્વર સ્થાન કહેવાય છે. તેના બે શ્લોક સૂત્ર-૬૦૭,૬૦૮માં કહ્યા. ષડ્જ તે પ્રથમ સ્વર તે જિહ્વાગ્ર, તેના વડે. જો કે ષડ્જ સ્વરના ઉચ્ચારમાં સ્થાનાંતરોનો પ્રયોગ કરાય છે અથવા સ્વરાંતરોમાં અગ્રજિહ્વાનો વ્યાપાર કરાય છે, પણ ત્યાં અતિશય વ્યાપારને લઈને જિહ્વા વડે ષડ્જ એમ કહ્યું. ઉર વડે ઋષભસ્વર છે.

કંઠ એવો ઉત્કટ તે કંઠોગ્રક, તેના વડે અથવા કંઠનું ઉગ્રપણું, તેથી અર્થાત્





કંઠથી ઉદ્ગત સ્વર નીકળવારૂપ ક્રિયા તે ગંધાર કહેવાય.

જિહ્વાના મધ્યભાગરૂપ મધ્ય જિહ્વા વડે તે મધ્યમ, દાંત અને હોઠ તે દંતોષ્ઠ, તેના વડે ધૈવત કે રૈવત. સ્વર કહ્યો.

જીવથી નીસરેલ, नदति - અવાજ કરે છે, गवेलग - ગાય અને ઘેટા અથવા ઘેટા જ. - x - વિષમ અક્ષર-પાદ અથવા પાદ વડે સમાન ન હોય, દર્શધર્મની જેમ. જે આ તંત્રમાં અસિદ્ધ હોય તે ગાથા એમ જાણવું - x -

જે રીતે ઘેટાઓ અવિશેષપણે મધ્યમ સ્વરને બોલે છે, તેમ કોકિલા પંચમ સ્વરને બોલતી નથી, પણ કુસુમ સંભવકાળમાં જ બોલે છે. કુસુમકાલ એટલે પુષ્પોના બાહુલ્યથી વનસ્પતિમાં જે સંભવે છે તે.

અજીવ નિશ્રિત-તેમજ જાણવું. વિશેષ એ કે જીવના પ્રયોગથી અજીવથી નીસરેલા સાત સ્વરો છે. મૃદંગ, ગોમુખી એટલે રણ શીંગડું.

ચાર ચરણો વડે પૃથ્વી પર પ્રતિષ્ઠાન છે, જેનું તે ચતુશ્ચરણ પ્રતિષ્ઠાન ગોધાના ચર્મ વડે બંધાયેલ તે ગોધિકા - વાદ્ય વિશેષ. દર્દરિકા તેનો પર્યાય છે. આડંબર એટલે ઢોલ. સાતમું તે નિષાદ.

સ્વરના ભેદથી સપ્ત સ્વરના લક્ષણો યથાયોગ્ય ફલ પ્રાપ્તિમાં જે અવ્યભિચારી સ્વરૂપો થાય છે, તેને જ ફળથી કહે છે - ષડ્જ સ્વર વડે જીવિકાને પામે છે. આ અર્થ ષડ્જનું સ્વરૂપ છે, જેના વડે પ્રાણી જીવનને મેળવે છે. આ જીવન મનુષ્યની અપેક્ષાએ સમજાય છે. કેમકે આ મનુષ્યનું લક્ષણ છે. તેનું કરેલ કાર્ય વિનાશ પામતું નથી ઇત્યાદિ.

एसज्ज - ઐશ્વર્ય, वर्यवृत्तयः - શ્રેષ્ઠ આજીવિકાવાળા, कवि - કાર્યને કરનારા, प्राज्ञ - સદ્બોધવાળા અને કહેલ ગીત યુક્તિજ્ઞ. - x - शकुन - સિંચાણારૂપ પક્ષી વડે નિર્વાહ કરે છે. पापर्द्धि - શીકારને કરે છે. वागुरा - મૃગનું બંધન, सौकरिक - સૂવરને મારનાર. मौष्टिक - મલ્લ.

ષડ્જાદિ ત્રણ - ષડ્જ, મધ્યમ, ગાંધાર ગ્રામો છે. મૂર્છનાના સમૂહરૂપ ગ્રામ છે, તે દરેક ગ્રામમાં સાત-સાત મૂર્છનાઓ છે. એવી ૨૧-મૂર્છના છે. અન્યોન્ય સ્વર વિશેષોને ઉત્પન્ન કરનાર નાદને મૂર્છના કહે છે. અથવા સાંભળનારને નાદ કર્તા મૂર્છિત જેવા કરે કે પોતે મૂર્છિત જેવો થાય તે મૂર્છના. અહીં મંગી આદિ ૨૧-મૂર્છનાઓના સ્વર વિશેષો પૂર્વગત સ્વરપ્રાભૃતમાં કહ્યા છે. હાલમાં તે શાસ્ત્રથી નીકળેલ ભરતાદિ શાસ્ત્રથી જાણવા.

सत्तस्सरा ગાથામાં ચાર પ્રશ્નો છે - પછી તેની ઉત્તરદાતા ગાથા છે. બંને મૂલાર્થમાં જણાવ્યા છે. વિશેષ એ કે - रुदितयोनि - જેને જાતિ સમાન રૂપપણે છે તે... पादसमया ઉછ્વાસા - જેટલા સમયથી છંદનો ચરણ કહેવાય તેટલા સમયપ્રમાણ ઉચ્છ્વાસો ગીતમાં હોય છે.

આકારોને કહે છે - આદિમાં मृदु - કોમળ, आरभमाण - પ્રારંભ કરતા, - x - मध्यकार- મધ્યભાગમાં, अवसाने - છેવટે. क्षपयन्तो - ગીતધ્વનિને મંદ કરતો

એમ ગીતના ત્રણ આકારો થાય છે. - x -

છ દોષ - છોડવા યોગ્ય છે. (૧) भीत - ડરપોક, (૨) उत्तालं - અતિતાલ (૩) रहस्स - લઘુ સ્વર, પાઠાંતરથી उप्पिच्छ - ઉતાવળું. (૪) उत्तालं - અતિતાલ અથવા અસ્થાનતાલ, તાલ - કંશિકાદિ શબ્દ વિશેષ, (૫) काकस्वर - ઘોઘરો સ્વર, (૬) अनुनास - આનુનાસિક કે નાસિકાથી કરેલ સ્વર, આ દોષયુક્ત ન ગાઈશ.

આઠ ગુણો - સ્વર કલા વડે પૂર્ણ, ગેયના રાગ વડે અનુરક્ત, અન્યાન્ય સ્ફૂટ શુભ સ્વરો કરવાથી અલંકૃત, અક્ષર અને સ્વરને સ્ફૂટ કરવાથી વ્યક્ત, ખરાબ સ્વર ન હોય તે અવિઘૃષ્ટ, કોકીલના કુંજનવત્ મધુર, તાલ-વંશ-સ્વરાદિને અનુસરેલ તે સમ, લલિતની જેમ જે સ્વર ઘોલનાના પ્રકારથી શબ્દને સ્પર્શવા વડે શ્રોત્રેન્દ્રિય સુખ ઉપજવાથી સુકુમાર. આ અષ્ટ ગુણોથી યુક્ત ગેય હોય છે. અન્યથા વિડંબના થાય છે.

વળી બીજું - उर - વક્ષ, કંઠ, શિરમાં વિશુદ્ધ અર્થાત્ જે ઉરમાં સ્વર વિશાળ તે ઉરવિશુદ્ધ, કંઠમાં વર્તતો સ્વર અસ્ફૂટિત હોય તો કંઠ વિશુદ્ધ, શિરમાં પ્રાપ્ત સ્વર જો અનુનાસિક ન હોય તો શિરવિશુદ્ધ અથવા ત્રણેમાં શ્લેષ્મ વડે અવ્યાકુલ રૂપ વિશુદ્ધ હોય તે સ્વર પ્રશસ્ત છે. - x -

ઉચ્ચારણ કરાય તે ગેય એમ સંબંધ કરાય છે. વિશિષ્ટ શું ? मृदु - મધુર, रिभित - અક્ષરોમાં ઘોલનાથી સંચરતો સ્વર રંગતિવત્ ઘોલનાબહુલ, पदबद्ध - ગેય પદો વડે ગુંથેલ. - x - सम શબ્દ પ્રત્યેક સાથે જોડાયેલ છે. તેથી સમતાલ - હસ્તતાલ, ઉપચારથી તેનો ધ્વનિ જેમાં છે તે સમતાલ તથા સમ પ્રત્યુક્ષેપ કે પ્રતિક્ષેપ - મૃદંગ, કંશિકાદિ આતોધના ધ્વનિરૂપ કે નૃત્યત્ પાદક્ષેપ લક્ષણ જેમાં છે તે. - x - સાત સ્વરો, અક્ષરાદિ વડે સમાન છે જેમાં તે.

અક્ષરસમ० ગાથાની વ્યાખ્યા - - x - દીર્ઘ અક્ષરમાં દીર્ઘ, હ્રસ્વમાં હ્રસ્વ, પ્લુતમાં પ્લુત ને સાનુનાસિકમાં સાનુનાસિક તે અક્ષરસમ. જે ગેયપદ નામિકાદિ અન્યતરબદ્ધ સ્વરમાં પડે છે, તે ત્યાં જ જે ગાનમાં ગવાય તે પદસમ. જે પરસ્પર હણાયેલ હસ્તતાલ સ્વરાનુવર્તિ તે તાલસમ. શ્રૃંગ-લાકડાદિમાં કોઈ એક અંગુલિ કોશિક વડે હણાયેલ તંત્રીનો સ્વર પ્રકાર તે લય, તેને અનુસરતો ગાનારનો જે ગેય તે લયસમ. વંશ તંત્રી આદિથી ગૃહીત સ્વર સમાન ગાતો તે ગ્રહસમ. ઉચ્છ્વાસ નિઃશ્વાસના માનને ન ઉલ્લંઘતો જે ગેય તે નિઃસ્વસિતોચ્છ્વસિત સમ. તે વંશતંત્રી આદિ અંગુલીના સંચારથી ગવાય તે સંચાર સમ. આ ઉક્ત સપ્ત સ્વરાત્મક ગેય છે.

જે ગેય સૂત્રનો બંધ તે આ અષ્ટગુણવાળો જ કરવો. તે કહે છે - निर्दोष - સિલોગો. તે અલિકાદિ બત્રીશ દોષરહિત, અર્થ વડે યુક્ત, અર્થ જણાવનાર કારણથી યુક્ત, કાવ્યાલંકાર યુક્ત, નીચોડયુક્ત, અનિષ્ઠુર - अविरुद्ध - અલજ્જનીય નામ વાળું કે ઉત્પ્રાસસહિત, પદ ચરણાદિ પરિમાણયુક્ત, શબ્દ-અર્થ-નામથી મધુર.

सम - સિલોગો, પાદ અને અક્ષર વડે સમ-ચાર ચરણ વડે સમ. अर्द्ध सम - એકતર સમ, विषम - સર્વત્ર પાદ અને અક્ષરોની અપેક્ષા હોય છે. બીજા એમ કહે



છે કે - ચારે ચરણોમાં સમાન અક્ષર હોય તે સમ, પહેલા-ત્રીજા અને બીજા-ચોથા ચરણનું સમપણું હોય તે અર્ધસમ, બધા ચરણોમાં વિષમઅક્ષર તે વિષમ. આ ત્રણ પદ્યના પ્રકારો છે. ચોથો પ્રકાર નથી.

भणिति० - x - એટલે ભાષા કહેલી છે. ષડ્જાદિ સ્વરના સમૂહમાં.

સૂત્ર-૬૪૦-૬૪૧ની ગાથામાં કેવી સ્ત્રી, કેવું ગાય ? તે મૂલ-અર્થ મુજબ જાણવું. સૂત્ર-૬૪૨માં તંત્રીસમ આદિ પૂર્વવત્ જાણવું. - x - x - સૂત્ર-૬૪૩ની વ્યાખ્યા પણ મૂલ-અર્થ મુજબ કહેવાયેલી છે. [તેથી અહીં નોંધેલ નથી.]

અનંતર ગાનથી લૌકિક કાયક્લેશ કહ્યો. હવે લોકોત્તરને કહે છે—

● **સૂત્ર-૬૪૪ થી ૬૫૮ :-**

*[૬૪૪] સાત પ્રકારે કાયક્લેશ તપ કહ્યો છે. તે આ - સ્થાનાતિગ, ઉત્કુટુકાસનિક, પ્રતિમાસ્થાયી, વીરાસનિક, નૈષધિક, દંડાયતિક, લંગડશાયી.*

*[૬૪૫] જંબૂદ્વીપમાં સાત વર્ષક્ષેત્રો કહ્યા છે - ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત્, હરિવર્ષ, રમ્યક્વર્ષ, મહાવિદેહ... જંબૂદ્વીપમાં સાત વર્ષધર પર્વતો કહ્યા છે - ચુલ્લ હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રૂકમી, શિખરી, મેરુ... જંબૂદ્વીપમાં સાત મહાનદીઓ પૂર્વાભિમુખ થઈ લવણ સમુદ્રમાં મળે છે - ગંગા, રોહીતા, હરિતા, શીતા, નરકાંતા, સુવર્ણકૂલા, રક્તા... જંબૂદ્વીપમાં પશ્ચિમ સન્મુખ વહેતી સાત મહાનદીઓ લવણસમુદ્રમાં મળે છે - સિંધુ, રોહિતાંશા, હરિકાંતા, શીતોદા, નારીકાંતા, રૂપ્યકૂલા, રક્તવતી.*

*ધાતકીખંડદ્વીપના પૂર્વાર્દ્ધમાં સાત ક્ષેત્રો કહ્યા છે - ભરત યાવત્ મહાવિદેહ... ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં સાત વર્ષધર પર્વતો કહ્યા છે - ચૂલ્લ હિમવાન્ યાવત્ મેરુ... ધાતકીખંડમાં પૂર્વાર્દ્ધમાં પૂર્વદિશાભિમુખ વહેતી સાત મહાનદીઓ કાલોદ સમુદ્રમાં મળે છે - ગંગા યાવત્ રક્તા... ધાતકીખંડના પૂર્વાર્દ્ધમાં પશ્ચિમાભિમુખ વહેતી સાત મહાનદીઓ લવણ સમુદ્રમાં મળે છે - સિંધુ યાવત્ રક્તવતી... ધાતકીખંડમાં પશ્ચિમાર્દ્ધમાં ક્ષેત્રો આદિ એ રીતે જ છે. વિશેષ એ - પૂર્વાભિમુખ વહેતી નદી લવણસમુદ્રમાં મળે છે, પશ્ચિમાભિમુખ વહેતી નદીઓ કાલોદ સમુદ્રમાં મળે છે.*

*પુષ્કરવરદ્વીપાર્દ્ધમાં પૂર્વાર્દ્ધમાં સાત ક્ષેત્રો આદિ તેમજ છે. વિશેષ એ કે - પૂર્વાભિમુખ નદીઓ પુષ્કરોદ સમુદ્રમાં મળે છે. પશ્ચિમાભિમુખ નદીઓ કાલોદ સમુદ્રમાં મળે છે. બાકી પૂર્વવત્. એ રીતે પશ્ચિમાર્દ્ધમાં પણ છે. વિશેષ એ કે - પૂર્વાભિમુખ નદી કાલોદમાં, પશ્ચિમાભૂમિખ પુષ્કરોદમાં મળે છે. સર્વત્ર વર્ષક્ષેત્રો, વર્ષધર પર્વતો, નદીઓ કહેવા જોઈએ.*

*[૬૪૬] જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં સાત કુલકર થયા. [૬૪૭] મિત્રદામ, સુદામ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, વિમલદોષ, સુઘોષ અને મહાઘોષ,... [૬૪૮] જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં સાત કુલકરો થયા -... [૬૪૯] વિમલવાહન, ચક્ષુષ્માન્, યશસ્વાન, અભિચંદ્ર, પ્રસેનજિત, મરુદેવ, નાભિ...*

*[૬૫૦] આ સાત કુલકરોની સાત પત્નીઓ હતી - ... [૬૫૧] ચંદ્રયશા, ચંદ્રકાંતા, સુરૂપા, પ્રતિરૂપા, ચક્ષુકાંતા, શ્રીકાંતા, મરુદેવી... [૬૫૨] જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં સાત કુલકરો થશે - ... [૬૫૩] મિત્રવાહન, સુભોમ, સુપ્રભ, સ્વયંપ્રભ, દત્ત, સુહુમ, સુબંધુ. [પાઠાંતરથી શુભ, સુરૂપ]*

*[૬૫૪] વિમલવાહન કુલકરના કાલે સાત પ્રકારના વૃક્ષો ઉપભોગમાં શીઘ્ર આવતા હતા... - [૬૫૫] મદ્યાંગ, ભૃંગ, ચિત્રાંગ, ચિત્રરસા, મણ્યંગ, અનગ્ન, કલ્પવૃક્ષ... [૬૫૬] દંડનીતિ સાત ભેદે કહી છે - હક્કાર, મક્કાર, ધિક્કાર, પરિભાષા, મંડલબંધ, ચારક, છવિચ્છેદ.*

*[૬૫૭] પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાને સાત એકેન્દ્રિય રત્નો કહ્યા છે - ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાકણિરત્ન... પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાને સાત પંચેન્દ્રિય રત્નો કહ્યા છે - સેનાપતિ, ગૃહપતિ, વર્દ્ધકી, પુરોહિત, સ્ત્રી, અશ્વ, હસ્તિ.*

*[૬૫૮] સાત કારણે દુષ્ષમકાળ આવેલો જાણવો - અકાળ વર્ષા, કાલે ન વરસે, અસાધુની પૂજા, સાધુ ન પૂજાવા, ગુરૂજન પ્રતિ મિથ્યાભાવ, મનોદુઃખતા, વચનદુઃખતા... સાત કારણે સુષમકાળ આવેલો જાણવો - અકાલે ન વરસે, કાલે વર્ષા, અસાધુ ન પૂજાય, સાધુ પૂજાવા, ગુરુજન પ્રતિ સમ્યક્ ભાવ, મનોસુખત્વ, વચન સુખત્વ.*

● **વિવેચન-૬૪૪ થી ૬૫૮ :-**

[૬૪૪] આ સૂત્રની વ્યાખ્યા પૂર્વે કરી છે, છતાં, કિંચિત્ લખીએ છીએ. काय - શરીર, क्लेश - ખેદ, પીડા. તે કાયક્લેશ - બાહ્ય તપ વિશેષ. સ્થાનાયતિક, સ્થાનાતિગ કે સ્થાનાતિદ એટલે કાયોત્સર્ગ કરનાર. અહીં ધર્મ અને ધર્મીના અભેદથી એ રીતે ઉપન્યાસ કરેલ છે અન્યથા કાયકલેશના પ્રકૃષ્ટત્વથી તે જ કહેવા યોગ્ય છે, - x - અહીં કાયકલેશવાળો કહ્યું છે, એમ સર્વત્ર જાણવું.

ઉત્કટુકાસનિક પ્રસિદ્ધ છે... પ્રતિમાસ્થાયી - ભિક્ષુ પ્રતિમાકારી... વીરાસનિક-સિંહાસન પર બેઠેલાની જેમ રહે છે તે... નૈષધિક-સમ પદ પુતાદિ નિષધામાં બેસનાર... દંડાયતિક - દંડની જેમ શરીર લંબાવનાર... લગંડશાયી - ભૂમિને પીઠ ન લગાડનાર.

[૬૪૫] આ કાયકલેશરૂપ તપ મનુષ્યલોકમાં જ છે, માટે તેના પ્રતિપાદનમાં તત્પર જંબૂદ્વીપમાં૦ ઇત્યાદિ પ્રકરણનો અર્થ કહેવાઈ ગયેલ છે.

[૬૪૬ થી ૬૫૩] મનુષ્ય ક્ષેત્રના અધિકારથી તત્સંબંધી કુલકર, કલ્પવૃક્ષ, નીતિ, રત્ન, દુષમાદિ ચિહ્નવાળા સૂત્રો પાઠ સિદ્ધ છે. વિશેષ એ કે - આવતા કાલરૂપ હેતુ વડે થશે. તથા વિમલવાહન કુલકરથી સાત ભેદે હતા.

[૬૫૪,૬૫૫] रुक्ख - કલ્પવૃક્ષ. ઉપભોગપણે શીઘ્ર આવેલા અર્થાત્ ભોજનાદિના સંપાદન વડે તત્કાલીન મનુષ્યોને ઉપભોગમાં આવેલા હતા.

मत्त - મદ, તેના કારણથી મધ, અહીં मत्त શબ્દથી કહેવાય છે, તેના કારણભૂત અથવા તે જ અંગો - અવયવો છે જેના તે મદ્યાંગ - સુખે પીવા યોગ્ય મધના દેનારા... भिंग - સંજ્ઞા શબ્દ હોવાથી ભૃંગારાદિ ભાજન સંપાદક તે ભૃંગા... चित्तंगा - અનેક પ્રકારની માળાને કારણે ચિત્રાંગો... चित्तरसा - મધુરાદિ મનોહર રસો, જેની પાસેથી મેળવાય છે તે... मणियंगा - આભરણ ભૂતના કારણરૂપ મણિ છે જેઓના અંગો તે મણ્યંગ - ભૂષણ દેનારા... अणियगा - અનગ્ન કરનારા - વિશિષ્ટ વસ્ત્ર દેનારા... कप्परुक्ख - ઉક્ત વૃક્ષોથી વ્યતિરિક્ત સામાન્યથી કલ્પેલ ફળને દેનારા પ્રધાન વૃક્ષો.

[૬૫૬] દંડનીતિ-દંડવું તે દંડ - અપરાધીને શિક્ષા. તેમાં-તેની કે તે જ નીતિ-ન્યાય તે દંડ નીતિ. (૧) ‘હ’ પ્રેરણા અર્થમાં છે, તેનું કરવું તે હક્કાર. પહેલા બીજા કુલકરના કાળે અપરાધીને દંડ હક્કાર માત્ર હતો, તેટલા માત્રથી જ અપરાધી. પોતાનું બધું હણાયું છે તેમ માનીને ફરી અપરાધ કરતો નહીં એ તેની દંડનીતિતા હતી... (૨) એ રીતે ‘મા’ એમ અપરાધીને નિષેધાર્થનું કરવું, તેનું નામ ‘મકાર’. ત્રીજા, ચોથા કુલકરના સમયમાં મહાન અપરાધ થતાં ‘માકાર’ દંડ હતો, થોડા અપરાધે ‘હકાર’ દંડ હતો.

(૩) ‘धिक्’ અધિક પ્રેરણાના અર્થમાં. તેનો ઉચ્ચાર તે ધિક્કાર. પાંચમાં છટ્ઠા, સાતમા કુલકરના સમયમાં મહાપરાધમાં ધિક્કારનો દંડ, જઘન્ય અપરાધમાં હક્કાર અને મધ્યમ અપરાધમાં ‘માકાર’ દંડ હતો - x -

(૪) ખૂબ કહેવું તે પરિભાષા - અપરાધી પ્રત્યે, કોપથી કંઈક કહેવું તે.

(૫) મંડલબંધ - ઇંગિત ક્ષેત્રમાં બંધ, જેમ - ‘આ પ્રદેશથી જવું નહીં’ આ પ્રકારનું વચન લક્ષણ દંડ કે પરિવાર લક્ષણ પુરુષમંડલમાં ગમનનિષેધ.

(૬) ચારક-કેદખાનું... (૭) છવિચ્છેદ-હાથ, પગ, નાસિકાદિનો છેદ.

આ છેલ્લી ચાર દંડનીતિ ભરતના કાળે થઈ. બીજા કહે છે - ચોથી, પાંચમી ઋષભદેવના કાળે અને છટ્ઠી, સાતમી ભરતના કાળે થઈ - x -

[૬૫૭] ચક્રરત્ન આદિ - તે તે જાતિમાં જે વસ્તુ ઉત્કૃષ્ટ હોય છે તેને રત્ન કહેવાય છે. તેથી ચક્ર આદિ જાતિઓમાં જે સામર્થ્યથી ઉત્કૃષ્ટ હોય તેને ચક્રરત્નાદિ માનવા યોગ્ય છે. તેમાં પૃથ્વીના પરિણામરૂપ સાત એકેન્દ્રિય રત્નો છે. તેનું પ્રમાણ આ રીતે છે—

ચક્ર, છત્ર, દંડ આ ત્રણે રત્નો ચાર હાથ પ્રમાણ છે. ચર્મરત્ન બે હાથ દીર્ઘ હોય અને અસિરત્ન બત્રીશ અંગુલ દીર્ઘ હોય. મણિરત્ન ચાર અંગુલ દીર્ઘ અને બે અંગુલ વિસ્તૃત, કાકિણીરત્ન ચાર અંગુલ-સુવર્ણનું છે.

સેનાપતિ-સૈન્યનાયક, ગૃહપતિ-કોઠારમાં નિયુક્ત, વર્ધકી-સુતાર, પુરોહિત-શાંતિકર્મકર્તા. આ ચૌદે રત્નો પ્રત્યેક ૧૦૦૦ યક્ષાધિષ્ઠિત છે.

[૬૫૮] ओगाढ - અવતરેલ કે રહેલ પ્રકર્ષને પામેલ. अकाल - અવર્ષા. असाधु - અસંયત. गुरु - માતા, પિતા, ધર્માચાર્યોમાં, મિથ્યાભાવ અર્થાત્ વિનયનો નાશ, તેને આશ્રયેલ. मनोदुहता - મનનું કે મન વડે દુઃખિતપણું કે દ્રોહ કરવાપણું. એ રીતે

વચોદુહતા પણ જાણવું. સમ્મ એટલે સમ્યગ્‌ભાવ અર્થાત્ વિનય... આ દુષમા-સુષમા સંસારી જીવોને સુખ અને દુઃખને માટે છે. માટે સંસારી જીવોની પ્રરૂપણા કરે છે.

● **સૂત્ર-૬૫૯ થી ૬૬૨ :-**

***[૬૫૯] સંસારી જીવો સાત ભેદે કહ્યા છે. તે આ - નૈરયિકો, તિર્યંચયોનિકો, તિર્યંચયોનિસ્ત્રીઓ, મનુષ્યો, મનુષ્યસ્ત્રી, દેવો, દેવીઓ.***

***[૬૬૦] આયુનો ભેદ સાત પ્રકારે છે - ... [૬૬૧] અધ્યવસાયથી, નિમિત્તથી, આહારથી, વેદનાથી, પરાઘાતથી, સ્પર્શથી, શ્વાસોચ્છ્‌વાસ [રુંધન] થી.***

***[૬૬૨] સર્વે જીવો સાત ભેદે કહ્યા છે - પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસકાયિક અને અકાયિક...***

***સર્વે જીવ સાત ભેદે - કૃષ્ણ યાવત્ શુક્લલેશ્યવાળા અને અલેશ્યી.***

● **વિવેચન-૬૫૯ થી ૬૬૨ :-**

[૬૫૯] સંસારી જીવો સાત ભેદે છે - એ સૂત્ર સરળ છે.

[૬૬૦,૬૬૧] સંસારી જીવોનું સંસરણ આયુ ભેદ થતા હોય છે - x - તેમાં આયુષ - જીવિતવ્યનો ભેદ - ઉપક્રમ તે આયુર્ભેદ. તે સાત કારણે હોવાથી સાત પ્રકારે જ છે. (૧) અધ્યવસાન - રાગ, સ્નેહ, ભયાત્મક અધ્યવસાય, (૨) નિમિત્તદંડ, ચાબૂક, શસ્ત્રાદિ. - x - (૩) આહાર - અધિક ભોજનથી, (૪) વેદના-આંખ આદિની પીડા. (૫) પરાઘાત - ખાડામાં પડવું આદિથી. (૬) સ્પર્શ-સર્પાદિ સંબંધી સ્પર્શ થતાં. (૭) આણાપાણું - રૂંધાયેલ ઉચ્છ્‌વાસ - નિઃશ્વાસને આશ્રીને. આ રીતે સાત પ્રકારે આયુષ્ય ભેદાય છે અથવા અધ્યવસાન આયુના ઉપક્રમનું કારણ છે. એ રીતે ‘આનપાન’ સુધી વ્યાખ્યા કરવી જોઈએ. - x - x - આ સાત રીતે આયુ ભેદાય છે.

આ આયુભેદ સોપક્રમ આયુવાળાને જ હોય છે. બીજાને નહીં.

[શંકા] જો આ રીતે આયુ ભેદાય તો કૃતનાશ અને અકૃતનું આવવું થાય, કેવી રીતે ? સો વર્ષના બાંધેલ આયુનો, વચ્ચે જ નાશ થતા કૃતનાશ અને જે કર્મ વડે ભેદાય છે, તે ન કરેલ કર્મનું આવવું જ થાય, એ રીતે મોક્ષનો અવિશ્વાસ થાય, તેથી ચારિત્રમાં અપ્રવૃત્તિ આદિ દોષો થાય. - x - x -

[સમાધાન] જેમ ૧૦૦ વર્ષ વડે ભોગવવા યોગ્ય ભોજનને પણ અગ્નિક વ્યાધિ વડે બાધિતને અલ્પકાલ વડે પણ ભોગવતા કૃતનાશ પણ નથી અને અકૃતાગમ પણ નથી, તેમ અહીં સમજવું. - x - x - સર્વ કર્મ. પ્રદેશના અનુભાવથી અવશ્ય વેદાય છે. અનુભાગ-રસ વડે ભજના છે. અથવા કેટલાંક ફળ અકાળે પણ પકાવાય છે, બીજા કાળે પાકે છે. તે રીતે કર્મ પકાવાય છે, બીજા કાળે પાકે છે. જેમ લાંબી દોરડી કાળ વડે બળે છે, પણ એકત્ર કરેલ દોરડી તુરંત બળી જાય છે. ભીનું વસ્ત્ર છૂટું કરવાથી જલ્દી સુકાય છે, એકત્રિત હોય તો ઘણા કાળે સુકાય છે. આ આયુનો ભેદ સર્વ જીવોને હોય છે. તે કહે છે—

[૬૬૨] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - બધાય જીવો તે સર્વજીવો અર્થાત્ સંસારી અને સિદ્ધો. અકાઇય - સિદ્ધો - છ પ્રકારના કાયરૂપપણાના અભાવથી.



અલેશ્ય - સિદ્ધો કે અયોગીઓ... - અનંતર કૃષ્ણલેશ્યકાદિ જીવભેદો કહ્યા. તેમાં કૃષ્ણલેશ્યવાળો થયેલ બ્રહ્મદત્તની જેમ નરકમાં જાય. તેથી બ્રહ્મદત્ત સૂત્ર—

● **સૂત્ર-૬૬૩,૬૬૪ :-**

***[૬૬૩] ચાતુરંત ચક્રવર્તી રાજા બ્રહ્મદત્ત, સાત ધનુષ્ય ઉર્ધ્વ ઉચ્ચત્વથી ૭૦૦ વર્ષનું પરમાયુ પાળીને કાળ માસે કાળ કરીને અધઃસપ્તમી પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થયો... [૬૬૪] અર્હન્ મલ્લિનાથ પોતે સાતમા મુંડ થઈને ગૃહવાસથી નીકળીને અણગારપણે પ્રવ્રજિત થયા. તે આ -***

***(૧) વિદેહ રાજકન્યા મલ્લી, (૨) ઈક્ષ્વાકુરાજ પ્રતિબુદ્ધિ, (૩) અંગદેશ રાજા ચંદ્રછાય, (૪) કુણાલાધિપતિ રુકમી, (૫) કાશીરાજ શંખ, (૬) કુરુરાજ અદીનશત્રુ અને (૭) પાંચાલરાજ જિતશત્રુ.***

● **વિવેચન-૬૬૩,૬૬૪ :-**

[૬૬૩] સૂત્ર સુગમ છે... બ્રહ્મદત્ત ઉત્તમ પુરુષ છે, તેના અધિકારથી ઉત્તમ પુરુષ વિશેષ સ્થાનોત્પન્ન અર્હન્ મલ્લિની વક્તવ્યતા કહે છે.

અર્હન્ મલ્લિ, પોતે સાતમા, અથવા જેનો આત્મા સાતમો છે તે. - x - (૧) વિદેહ જનપદના રાજાની શ્રેષ્ઠ કન્યા. (૨) સાકેતનિવાસી ઇક્ષ્વાકુરાજ - પ્રતિબુદ્ધિ. (૩) ચંદ્રછાય નામે ચંપાનિવાસી અંગદેશરાજા. (૪) રુકિમી નામે શ્રાવસ્તીવાસી કુણાલ જનપદાધિપતિ. (૫) વારાણસી નિવાસી કાશીરાજા શંખ. (૬) હસ્તિનાગપુરવાસી અદીનશત્રુ નામે કુરુદેશનો નાથ, (૭) જિતશત્રુ નામે પાંચાલ જનપદ રાજા, કાંપિલ્ય નગર નાયક. - પ્રવ્રજ્યામાં ભગવંતનું આત્મ સપ્તમપણું, કહેલ પ્રધાન પુરુષોએ પ્રવ્રજ્યા ગ્રહણના સ્વીકારની અપેક્ષાએ જાણવું. જેથી સ્વયં દિક્ષા લઈને તેમને દિક્ષા આપી. તથા બાહ્ય પર્ષદારૂપ ૩૦૦ પુરુષ અને અભ્યંતર પર્ષદારૂપ ૩૦૦ સ્ત્રી સાથે પરિવરેલ ભગવંતે દિક્ષા લીધી. એમ નાયાધમ્મકહામાં સંભળાય છે. કહ્યું છે - પાર્શ્વ અને મલ્લિએ ૩૦૦-૩૦૦ સાથે દિક્ષા લીધી. એ રીતે બીજા પણ વિરોધાભાસોમાં વિષય વિભાગો સંભવે છે, તે નિપુણ પુરુષોએ શોધવું.

શેષ સુગમ છે. જ્ઞાતાસૂત્રમાં ‘મલ્લિ’ નામક અધ્યયનમાં છે—

જંબૂદ્વીપમાં પશ્ચિમવિદેહમાં સલિલાવતી વિજયમાં વીતશોકા રાજધાનીમાં મહાબલનામે રાજાએ છ બાલમિત્રો સાથે દિક્ષા લીધી. પછી મહાબલ મુનિને તેઓએ કહ્યું - તમે જે તપ કરશો, તે અમે પણ કરશું. એ રીતે મહાબલ મુનિને અનુસરતા તે છ અણગારો ચતુર્થભક્ત કરતા ત્યારે મહાબલમુનિ અષ્ટમભક્તાદિ કરતા એ રીતે મુનિએ સ્ત્રી નામ કર્મ બાંધ્યુ અને અર્હદાદિ વાત્સલ્યાદિથી તીર્થંકરનામકર્મ બાંધ્યુ.

પછી મહાબલ આદિ મુનિ જયંત વિમાને દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાબલ વિદેહ જનપદમાં મિથિલા રાજધાનીમાં કુંભક રાજાની પ્રભાવતી દેવીમાં તીર્થંકરપણે ઉત્પન્ન થયા. મલ્લિ એવું નામ રાખ્યું. બીજા છ યથોક્ત સાકેતાદિમાં જન્મ્યા. પછી મલ્લિ દેશોન ૧૦૦ વર્ષના થયા ત્યારે અવધિ વડે છ મિત્રોને જાણીને તેમને પ્રતિબોધવા છ ગર્ભગૃહયુક્ત પ્રાસાદ બનાવ્યો. મધ્યમાં સુવર્ણમયી, મસ્તકમાં છિદ્રવાળી પોતાની

પ્રતિમા કરવી. તેમાં રોજ ભોજનના એક કવલનો પ્રક્ષેપ કરતા હતા.

(૧) આ તરફ સાકેતપુરે પદ્માવતીદેવીએ કરાવેલ નાગપૂજામાં પુષ્પ રચિત શ્રીદામગંડક જોઈને પ્રતિબુદ્ધિ રાજા આશ્ચર્ય પામ્યો. અમાત્યને કહ્યું - ક્યાંય આવું દામગંડક જોયું છે ? અમાત્ય બોલ્યો - વિદેહ રાજકન્યા મલ્લિના દામગંડકની તુલનાએ આ લાખમે ભાગે પણ શોભતું નથી. ત્યારે રાજાએ પૂછયું - તે કન્યા કેવી છે ? મંત્રી કહે - તેવી બીજી કન્યા નથી. એમ સાંભળી અનુરક્ત થઈ પ્રતિબુદ્ધિએ તેણીને વરવાને દૂત મોકલ્યો.

(૨) ચંપામાં અર્હન્નક નામે પોતવણિક હતો, કોઈ વખતે યાત્રાથી પાછો ફરતા ચંદ્રછાય રાજાને દિવ્યકુંડલો ભેટ આપ્યા. રાજાએ પૂછયું - તમે ઘણી સમુદ્ર યાત્રા કરો છો, કંઈ આશ્ચર્ય જોયું હોય તો બોલો. શ્રાવકે કહ્યું - સમુદ્રમાં કોઈ દેવે મને ઉપસર્ગ કર્યો. હું ધર્મથી ચલિત ન થતાં તેણે મને આ કુંડલો આપ્યા. એક જોડી મેં કુંભરાજાને આપી, તેણે મલ્લિ કન્યાને કુંડલ પહેરાવ્યા તે કન્યા ત્રિભુવનમાં આશ્ચર્યરૂપ હતી. સાંભળી રાજાએ પૂર્વવત્ દૂત મોકલ્યો.

(૩) શ્રાવસ્તિના રુક્મિરાજાને સુબાહુ કન્યા હતી. તેણીના ચાતુર્માસિક સ્નાન મહોત્સવમાં બનાવેલ મહામંડપમાં શોભા વડે સ્નાન કરાયેલી, પિતાના પાદવંદનાર્થે આવેલી, તે કન્યાને ખોળામાં બેસાડી તેના લાવણ્યને જો તો રાજા બોલ્યો, હે વર્ષધર ! આવો કોઈ પણ કન્યા સંબંધી મહોત્સવ જોયો છે ? તેણે કહ્યું - હે દેવ ! વિદેહવર રાજકન્યાના સ્નાન મહોત્સવ અપેક્ષાના લાખમે ભાગે પણ આ મહોત્સવની રમણીયતા નથી. તે સાંભળી રુક્મિરાજાએ પણ પૂર્વવત્ દૂતને મોકલ્યો.

(૪) કોઈ વખત મલ્લિના દિવ્યકુંડલની સંધિ તુટી ગઈ, સોનીઓને તે સાંધવા કહ્યું, પણ સંધાયા નહીં. રાજાએ તેમને નગર બહાર કર્યા. સોનીઓ વારાણસી ગયા. શંખ રાજાએ કારણ પૂછયું. તેઓએ વૃત્તાંત કહ્યો. રાજાએ પૂછયું તે કન્યા કેવી છે ? મલ્લિનું રૂપ સાંભળી, તેણે પણ દૂતને મોકલ્યો.

(૫) કોઈ વખતે મલ્લદિન્ન ચિત્રકારો દ્વારા સભાને ચીતરાવતો હતો. તેમાં લબ્ધિવાળા કોઈ યુવાન ચિત્રકારે મલ્લિકન્યાનો અંગૂઠો જોઈને તે મુજબ મલ્લિના જેવું તદ્રૂપ ચિત્ર બનાવ્યું. ભાઈ મલ્લદિનકુમારે ચિત્રસભામાં જઈ ચિત્રરૂપો જોતાં મલ્લિનું ચિત્ર જોયું. જ્યેષ્ઠ ભગિનીને સાક્ષાત્ જોઈ છે એમ માની લજ્જાને પામ્યો. ધાવમાતાએ કહ્યું આ ચિત્ર છે. કોપ પામીને ચિત્રકારનો - x - અંગૂઠો છેદાવી દેશનિકાલ કર્યો. તે હસ્તિનાગપુર અદીનશત્રુ રાજાના આશ્રયે ગયો. રાજાએ વૃત્તાંત સાંભળી પૂર્વવત્ દૂત મોકલ્યો.

(૬) ચોક્ષા નામે પરિવ્રાજિકા મલ્લિના ભવનમાં આવી, તે દાન-શૌચ ધર્મ ઉપદેશતી હતી. મલ્લિ સામે વાદમાં હારી, રીસાઈને કાંપિલ્યપુરમાં રાજા જિતશત્રુને આશ્રયે આવી. રાજાએ પૂછયું, અમારા અંતઃપુરના જેવી સુંદર સ્ત્રી ક્યાંય જોઈ છે ? તે બોલી વિદેહરાજ કન્યાની તુલનાએ તમારા અંતઃપુરમાં રૂપ સૌભાગ્યાદિ ગુણો વડે લાખમે ભાગે પણ કોઈ સ્ત્રી નથી. રાજાએ દૂત મોકલ્યો.



એ રીતે છ એ દૂતો કુંભક રાજા પાસે કન્યાની યાચના કરી. રાજાએ તે બધાંને પાછલા દ્વારથી કઢાવ્યા. દૂતના વચનથી કોપેલ છ એ રાજાઓ તુરંત મિથિલા તરફ આવ્યા. તે સાંભળી કુંભક રાજા સૈન્ય સહિત દેશની સીમાંતે જઈને તે રાજાની વાટ જોતો રહ્યો. પછી ભયંકર યુદ્ધ થયું - x - x - x - x - કુંભક રાજાનું સૈન્ય ભાંગ્યુ. રાજા કિલ્લાના દરવાજા બંધ કરીને અંદર ભરાયા. અતિ વ્યાકુળ માનસવાળા પિતાને જોઈને મલ્લિ કુંવરીએ કહ્યું - ''હું તમોને મારી કન્યા આપીશ'' એમ દરેક રાજાને પ્રચ્છન્ન રીતે કહેવડાવી છ એ રાજાનો નગર પ્રવેશ કરાવો. કુંભક રાજાએ તેમ કર્યું.

છ એ રાજાઓએ પ્રવેશ કર્યો. પૂર્વ રચિત ગર્ભગૃહમાં મલ્લિની પ્રતિમા જોઈને 'આ મલ્લિ છે' એમ માનતા, તેના રૂપ-યૌવન-લાવણ્યમાં મૂર્છિત થયેલા અનિમેષ દૃષ્ટિથી તેને જોવા લાગ્યા. પછી મલ્લિકુંવરી આવ્યા. પ્રતિમાના મસ્તકેથી ઢાંકણ દૂર કરતાં સર્પાદિના મૃતક કરતા પણ ભયંકર દુર્ગન્ધ ઉછળી. તે રાજાઓએ નાસિકા ઢાંકી દીધી. ત્યારે મલ્લિએ કહ્યું — હે રાજાઓ આમ ઢાંકેલ નાસિકાવાળા અને પરાઙ્મુખ કેમ થયા છો ? - x - હે રાજાઓ ! જો રોજ અતિમનોહર આહારના એક કવલના પ્રક્ષેપથી આવા પુદ્ગલ પરિણામ પ્રવર્તે છે, તો પછી શ્લેષ્મ, વમન, પિત, શુક્ર, શોણિત અને પરુને શ્રવનારા, દુરંત શ્વાસયુક્ત, દુર્ગંધી, ચયાપચયવાળા - x - એવા આ ઔદારિક શરીરનો કેવા પ્રકારનો પરિણામ થશે ?

તેથી તમે મનુષ્ય સંબંધી કામભોગમાં આસક્ત ન થાઓ. જ્યારે આપણે જયંત નામક અનુત્તર વિમાનમાં વસ્યા હતા, તે સમયમાં જે કોલ કરેલ, તે શું તમે ભૂલી ગયા ? તમે તે જાતિને સંભારો. એમ કહેતા છ એ રાજાઓને જાતિસ્મરણ ઉત્પન્ન થયું. હવે મલ્લિ બોલ્યા — હે રાજાઓ હું દિક્ષા લઈશ, તમે શું કરશો ? તેઓએ કહ્યું — અમે પણ દિક્ષા લઈશું. ત્યારે મલ્લિએ કહ્યું — તો તમે નગરમાં જાઓ, તમારા પુત્રોને રાજ્યોમાં સ્થાપન કરો, પછી મારી પાસે આવો. તેઓએ પણ તે સ્વીકાર્યું. - x -

મલ્લિએ સાંવત્સરિક મહાદાન દીધા પછી પોષ સુદ-૧૧ના રોજ અઠ્ઠમભક્ત વડે અશ્વિની નક્ષત્રમાં નંદ, નંદિમિત્રાદિ નાગવંશના કુમાર છ રાજાઓ અને બાહ્યપર્ષદાની ૩૦૦ સ્ત્રીઓ સહિત દિક્ષા લીધી. કેવળજ્ઞાન થયા પછી તે છ એ રાજાઓને દિક્ષા આપી.

આ સાતે સમ્યગ્દર્શન સહ દીક્ષિત થયા. માટે દર્શનનું નિરૂપણ—

● **સૂત્ર-૬૬૫ થી ૬૭૧ :-**

***[૬૬૫] દર્શન સાત ભેદે કહ્યું - સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન, સમ્યગ્મિથ્યા-દર્શન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન.***

***[૬૬૬] છદ્મસ્થ વીતરાગ મોહનીયને વર્જીને સાત કર્મપ્રકૃતિને વેદે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય.***

***[૬૬૭] સાત સ્થાનોને છદ્મસ્થો સર્વભાવથી ન જાણે, ન દેખે. તે આ — ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુ પુદ્ગલ, શબ્દ અને ગંધ... પણ આ જ સાતે પદાર્થોને ઉત્પન્ન જ્ઞાનવાળો યાવત્***

*જાણે છે અને જુએ છે. તે ધર્માસ્તિકાય આદિ.*

*[૬૬૮] વજ્રઋષભનારાચ સંઘયણયુક્ત અને સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત એવા શ્રમણ ભગવન્ મહાવીર સાત હાથ ઉર્ધ્વ ઉચ્ચપણે હતા.*

*[૬૬૯] સાત વિકથાઓ કહી છે - સ્ત્રી કથા, ભોજન કથા, દેશ કથા, રાજ કથા, મૃદુકારિણી, દર્શનભેદિની, ચારિત્રભેદિની.*

*[૬૭૦] આચાર્ય-ઉપાધ્યાયના ગણ સંબંધી સાત અતિશયો કહ્યા છે. તે આ — (૧) આચાર્ય-ઉપાધ્યાય ઉપાશ્રયમાં પોતાના બંને પગની ધૂળ બીજા પાસે ઝટકાવે કે પ્રમાર્જન કરાવે તો આજ્ઞાને ઉલ્લંઘતા નથી. એ રીતે જેમ પાંચમાં સ્થાનમાં કહ્યું તેમ યાવત્ ઉપાશ્રયની બહાર એક રાત્રિ કે બે રાત્રિ વસતા આજ્ઞા ઉલ્લંઘતા નથી. (૬) ઉપકરણ અતિશય, (૭) ભક્ત-પાન અતિશય [તે બંનેમાં આજ્ઞા ઉલ્લંઘન ન થાય.]*

*[૬૭૧] સંયમ સાત પ્રકારે કહ્યો છે. તે આ — પૃથ્વીકાયિક સંયમ યાવત્ ત્રસકાયિક સંયમ, અજીવકાય સંયમ... અસંયમ સાત ભેદે છે — પૃથ્વીકાયિક અસંયમ યાવત્ ત્રસકાયિક અસંયમ, અજીવકાય અસંયમ.*

*આરંભ સાત ભેદે કહ્યો છે. તે આ — પૃથ્વીકાયિક આરંભ યાવત્ અજીવકાય આરંભ... એ રીતે અનારંભમાં... સારંભમાં... અસારંભમાં... સમારંભમાં... અસમારંભમાં જાણવું યાવત્ અજીવકાય અસમારંભ.*

● **વિવેચન-૬૬૫ થી ૬૭૧ :-**

[૬૬૫] સૂત્ર સુગમ છે. સમ્યગદર્શન - સમ્યકત્વ, મિથ્યાદર્શન-મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યા દર્શન - મિશ્ર. આ ત્રણે દર્શન મોહનીયના ભેદો છે. તે દર્શનમોહનીયના ક્ષય, ક્ષયોપશમ, ઉદયથી થાય છે અને તથાવિધ રુચિસ્વભાવ છે.. ચક્ષુર્દશનાદિ તો દર્શનાવરણીયના ચાર ભેદ યથાસંભવ ક્ષયોપશમ કે ક્ષયથી થાય છે. તથા સામાન્ય ગ્રહણ સ્વભાવ છે. તે આ પ્રમાણે - શ્રદ્ધાન્-૩, સામાન્ય ગ્રહણ-૪, દર્શન શબ્દ વડે વાચ્ય હોવાથી સાત પ્રકારે દર્શન કહ્યું છે.

[૬૬૬,૬૬૭] અનંતર કેવલદર્શન કહ્યું, તે છદ્મસ્થાવસ્થા પછી થાય છે, માટે છદ્મસ્થ સંબંધવાળા બે સૂત્ર અને વિપર્યય સૂત્ર છે. તે સુગમ છે. વિશેષ એ કે — આવરણરૂપ બે કર્મ અને અંતરાય કર્મમાં જે રહે છે, તે છદ્મસ્થ. અર્થાત્ અનુત્પન્ન કેવલજ્ઞાન-દર્શન, એવા આ વીતરાગ-ઉપશાંત કે ક્ષીણ મોહત્વથી-રાગના ઉદયથી રહિત. મોહના ક્ષય કે ઉપશમથી સાતને વેદે છે, આઠને નહીં. માટે જ કહ્યું છે — મોહનીયવર્જીને સાતને વેદે.

[૬૬૮] આને જિન જાણે જ એમ કહ્યું. વર્તમાન તીર્થમાં મહાવીર જિન છે, તેથી તેમના સ્વરૂપને કહ્યું. સૂત્ર સુગમ છે. તેમણે નિષેધેલ વિકથા—

[૬૬૯] વિકથા ચાર પ્રસિદ્ધ છે, તેની વ્યાખ્યા સ્થાન-૪-માં કરી છે — (૫) મૃદુ કારિણી - શ્રોતાના હૃદયને કોમળતા ઉત્પન્ન કરનારી - મૃદ્વી એવી આ કારુણ્યવાળી તે મૃદુકારુણિકી અર્થાત્ પુત્રાદિના વિયોગજન્ય દુઃખે દુઃખીત માતાદિ વડે કરાયેલ



કારુણ્ય રસગર્ભિત પ્રલાપ — હા પુત્ર ! હા વત્સ, તારાથી મૂકાયેલ હું અનાથ છું, એમ કરુણ વિલાપરૂપ અગ્નિમાં તે પડેલી છે.

(૬) દર્શનભેદિની - જ્ઞાનાદિ અતિશયવાળા કુતીર્થિકની પ્રશંસારૂપ - સેંકડો સૂક્ષ્મ યુક્તિથી યુક્ત, ઉત્કૃષ્ટી સૂક્ષ્મ બુદ્ધિને કરનાર, સૂક્ષ્માર્થદષ્ટિથી દૃષ્ટ એવું બૌદ્ધ શાસન સાંભળવા યોગ્ય છે. ઇત્યાદિ કહેતા શ્રોતાઓને તેના અનુરાગથી સમ્યગ્દર્શન ભેદ થાય છે.

(૭) ચારિત્રભેદિની - હાલ સાધુઓને મહાવ્રત સંભવતા નથી, કેમકે પ્રમાદનું બહુલપણું હોય છે, અતિચાર પ્રાચુર્ય હોય છે. તથા અતિચાર શોધક આચાર્ય, સાધુ તથા શુદ્ધિનો અભાવ હોય છે. માટે ફક્ત જ્ઞાન-દર્શનથી તીર્થ પ્રવર્તે છે. તેથી જ્ઞાન-દર્શનના કર્તવ્યોમાં જ યત્ન કરવા યોગ્ય છે. - x - આ રીતે ચારિત્રથી વિમુખપણું ઉત્પન્ન થાય છે. આ ચારિત્ર ભેદિની કથા.

[૬૭૦] વિકથામાં વર્તતા સાધુઓને આચાર્ય નિષેધે છે, કેમકે તેમનું સાતિશયપણું છે. આ અતિશયોનો નિર્દેશ કરતા કહે છે — પ્રાયઃ પાંચમાં સ્થાનમાં કહેવાઈ ગયેલ છે. આચાર્ય-ઉપાધ્યાય અંતર્ભૂતકારિત અર્થપણાને લઈને વિસ્તરતી પગની ધૂળને ગ્રહણ કરાવી, પાદપ્રોંછન વડે સાધુ દ્વારા પ્રસ્ફોટન કરાવતા, પ્રમાર્જના કરાવતા આજ્ઞાને ઉલ્લંઘતા નથી. શેષ સાધુઓ ઉપાશ્રય બહાર આ કરે છે, માટે આ આચાર્યનો અતિશય છે.

યાવત્ શબ્દથી પાંચ અતિશય સૂચવ્યા. તે સ્થાન-૫-સૂત્ર-૪૭૬ મુજબ જાણવી લેવા. (૬) ઉપકરણાતિશય - બીજા સાધુઓની અપેક્ષાએ પ્રધાન, ઉજ્જવલ વસ્ત્રાદિ ઉપકરણતા. કહ્યું છે — આચાર્ય અને ગ્લાનના મલિન વસ્ત્રો વારંવાર ધોવા યોગ્ય છે, જેથી લોકમાં ગુરુની અવજ્ઞા ન થાય અને ગ્લાનોને અજીર્ણ ન થાય... (૭) ભક્તપાનાતિશય - શ્રેષ્ઠતર ભક્ત-પાન ઉપભોગ. — કલમશાલિ ચોખા, દૂધ વડે મિશ્રિત ઉત્કૃષ્ટથી ગ્રાહ્ય છે, તેના અભાવે હીનતામાં યાવત્ કોદ્રવાની મૃદુ અને સ્નિગ્ધ ભાજી લેવી. વળી ક્ષેત્ર-કાળથી બહુજન ઇષ્ટ દ્રવ્ય લેવું. આચાર્ય સેવાકર્તાના ગુણો—

સૂત્રાર્થનું સ્થિરિકરણ, વિનય, ગુરુપૂજા, શિષ્ય બહુમાન, દાતારની શ્રદ્ધામાં વૃદ્ધિ, બુદ્ધિ-બળનું વર્ધન... આ આચાર્યાતિશયો, સંયમના ઉપકારને માટે જ કરાય છે, રાગાદિ વડે નહીં. આ હેતુથી સંયમને, અસંયમને અને અસંયમના ભેદરૂપ આરંભાદિ ત્રણને વિપક્ષ સહિત કહે છે—

[૬૭૧] સૂત્રો સુગમ છે. વિશેષ એ કે — સંયમ - આદિનો સંઘટ્ટ, પરિતાપ અને મારવા આદિના વિષયથી વિરામ પામવું તે... અજીવકાય - પુસ્તકાદિરૂપના ગ્રહણ અને ઉપભોગનો વિરામ તે સંયમ અને વિરામ ન પામવો તે અસંયમ છે - આરંભ આદિ તો અસંયમના ભેદો છે. તેના લક્ષણ પૂર્વે કહ્યા છે — ઉપદ્રવથી આરંભ થાય, પરિતાપ કરવો તે સમારંભ, મારવાનો સંકલ્પ તે સંરંભ કહેવાય. આ બધાં શુદ્ધ નયના મત વડે છે.

[શંકા] આરંભાદિ અપદ્રાવણ, પરિતાપાદિરૂપ કહ્યા છે, તે અજીવકાયને

અચેતનપણાથી યુક્ત નથી અને તેના અયોગથી અજીવકાયોને આરંભાદિ પણ યુક્ત નથી. – [સમાધાન] પુસ્તકાદિને આશ્રિત જીવો રહેલા છે તેની અપેક્ષાએ અજીવકાયની પ્રાધાન્યતાથી અજીવકાયના આરંભાદિ વિરુદ્ધ ન થાય.

અનંતર સંયમાદિ કહ્યા, તે જીવવિષયક છે. તેથી જીવની સ્થિતિ–

● સૂત્ર-૬૭૨ થી ૬૮૪ :-

*[૬૭૨] હે ભગવન્ ! અળસી, કુસુંભ, કોદ્રવ, કાંગ, રાળ, સણ, સરસવ અને મૂળાના બીજ, આ ધાન્યોને કોઠારમાં કે પાલામાં ઘાલીને યાવત્ ઢાંકીને રાખ્યા હોય તો કેટલો કાળ તેની યોનિ સચિત્ત રહે ? – હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાત વર્ષ પર્યન્ત, ત્યારપછી તેની યોનિ મ્લાન થાય છે યાવત્ યોનિનો નાશ થાય છે તેમ કહ્યું છે.*

*[૬૭૩] બાદર અપ્કાયની સ્થિતિ ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષની કહી છે.*

*ત્રીજી વાલુકાપ્રભામાં ઉત્કૃષ્ટથી નૈરયિકની સ્થિતિ સાત સાગરોપમ છે.*

*ચોથી પંકપ્રભા પૃથ્વીમાં નૈરયિક સ્થિતિ જઘન્ય સાત સાગરોપમ છે.*

*[૬૭૪] દેવેન્દ્ર દેવરાજ શક્રના વરુણ મહારાજાની સાત અગ્રમહિષી છે.*

*દેવેન્દ્ર દેવરાજ ઈશાનના સોમ અને યમની સાત-સાત અગ્રમહિષી છે.*

*[૬૭૫] દેવેન્દ્ર દેવરાજ ઈશાનની અભ્યંતરપર્ષદાના દેવોની સ્થિતિ સાત પલ્યોપમ છે. દેવેન્દ્ર દેવરાજ શક્રની અગ્રમહિષી દેવીની સાત પલ્યોપમની સ્થિતિ છે. સૌધર્મકલ્પે પરિગૃહિતા દેવીની સ્થિતિ ઉત્કૃષ્ટથી સાત પલ્ય૦ છે.*

*[૬૭૬] સારસ્વત, આદિત્યના સાત દેવોને ૭૦૦ દેવોનો પરિવાર છે. ગર્દતોય અને તુષિત દેવના સાત દેવો ૭૦૦૦ દેવોના પરિવારવાળા છે.*

*[૬૭૭] સનત્કુમાર કલ્પે ઉત્કૃષ્ટ દેવસ્થિતિ સાત સાગરોપમની છે. માહેન્દ્ર કલ્પે ઉત્કૃષ્ટ દેવસ્થિતિ સાધિક સાત સાગરોપમ છે. બ્રહ્મલોક કલ્પે જઘન્યથી દેવસ્થિતિ સાત સાગરોપમ છે... [૬૭૮] બ્રહ્મલોક, લાંતક કલ્પે વિમાનો ૭૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે... [૬૭૯] ભવનવાસી દેવોના ભવધારણીય શરીર, ઉત્કૃષ્ટથી સાત હાથ ઉર્ધ્વ ઉચ્ચત્વ છે.. એ રીતે વાણવ્યંતર અને જ્યોતિષ્કોના જાણવા. સૌધર્મ-ઇશાનકલ્પે સાત હાથ ઉંચાઈ છે.*

*[૬૮૦] નંદીશ્વરદ્વીપની અંદર સાત દ્વીપો કહ્યા છે – જંબૂદ્વીપ, ધાતકી ખંડદ્વીપ, પુષ્કરવર, વરુણવર, ક્ષીરવર, ધૃતવર, ક્ષોદવર. નંદીશ્વરદ્વીપની અંદર સાત સમુદ્રો છે – લવણ, કાલોદ, પુષ્કરોદ, વરુણોદ, ક્ષીરોદ, ધૃતોદ, ક્ષોદોદ.*

*[૬૮૧] સાત શ્રેણીઓ કહી છે - ઋજુઆયતા, એકતોવકા, ઉભયતોવકા, એકતોખુહા, ઉભયતોખુહા ચક્રવાલા અને અર્ધચક્રવાલા.*

*[૬૮૨] અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરના સાત સૈન્યો અને સાત સેનાધિપતિઓ કહ્યા છે – પદાતિસૈન્ય, અશ્વસૈન્ય, હસ્તિસૈન્ય, મહિષસૈન્ય, રથસૈન્ય, નૃત્યસૈન્ય, ગાંધર્વસૈન્ય.. દ્રૂમ પદાતિ સૈન્યાધિપતિ છે, એ પ્રમાણે પાંચમા સ્થાન મુજબ કહેવું યાવત્ કિન્નર રથ સૈન્યાધિપતિ, (૬) રિષ્ટ-*



*નૃત્યસૈન્યાધિપતિ અને (૭) ગીતરતિ-ગાંધર્વ સૈન્યાધિપતિ.*

*વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલીના સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિ છે. પાદાતિ સૈન્ય યાવત્ ગાંધર્વસૈન્ય.. (૧) મહાદ્રુમ-પાદાતિસૈન્યાધિપતિ યાવત્ (૫) કિંપુરુષ-રથ સૈન્યાધિપતિ, (૬) મહારિષ્ટ - x - (૭) ગીતયશા - x -*

*નાગકુમારેન્દ્ર નાગકુમારરાજાના સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ છે. પદાતિસૈન્ય યાવત્ ગંધર્વસૈન્ય.. રુદ્રસેન – (૧) પાદાતિ સૈન્યાધિપતિ છે યાવત્ (૫) આનંદ-રથસૈન્યાધિપતિ, (૬) નંદન - x - (૭) તેતલી - x -*

*ભૂતાનંદના સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ છે – પદાતિસૈન્ય યાવત્ ગાંધર્વ સૈન્ય.. (૧) દક્ષ - પદાતિસૈન્યાધિપતિ યાવત્ (૫) નંદોત્તર રથ સૈન્યાધિપતિ. (૬) રતિ-નૃત્યસેનાનો, (૭) માનસ ગંધર્વ સેનાનો૦ એવી રીતે યાવત્ ઘોષ અને મહાઘોષ પર્યન્ત જાણવું.*

*દેવેન્દ્ર દેવરાજ શક્રના સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ કહ્યા છે – પદાતિ યાવત્ ગાંધર્વસૈન્ય.. (૧) હરિણેગમેષી-પદાતિ સૈન્યાધિપતિ યાવત્ માઢર-રથ સૈન્યાધિપતિ, (૬) શ્વેત-નૃત્યનો (૭) તુંબરુ-ગંધર્વનો.*

*દેવેન્દ્ર દેવરાજ ઈશાનના સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિઓ છે – પદાતિ સૈન્ય યાવત્ ગાંધર્વ સૈન્ય. લઘુ પરાક્રમ નામે પદાતિસૈન્ય અધિપતિ યાવત્ મહાસેન નામે નૃત્યા સૈન્યાધિપતિ. શેષ પાંચમાં સ્થાન મુજબ જાણવું. એ પ્રમાણે યાવત્ અચ્યુતને પણ જાણવા.*

*[૬૮૩] અસુરેન્દ્ર અસુરકુમાર રાજાના 'દ્રુમ' પદાતિ સૈન્યાધિપતિના સાત કચ્છાઓ કહ્યા છે – પ્રથમા કચ્છા યાવત્ સપ્તમી કચ્છા... - x - આ દ્રુમની પહેલી કચ્છામાં ૬૪,૦૦૦ દેવો છે, તેથી બમણા દેવો બીજી કચ્છામાં છે, બીજી કચ્છાથી બમણા દેવો ત્રીજી કચ્છામાં છે યાવત્ એ રીતે છઠ્ઠી કચ્છાથી બમણા દેવો સાતમી કચ્છામાં છે... એ રીતે બલીન્દ્ર વિશે પણ કહેવું. વિશેષ એ કે – મહાદ્રુમ નામક પદાતિ સૈન્યાધિપતિની કચ્છામાં ૬૦,૦૦૦ દેવો છે - x -*

*ધરણેન્દ્રમાં પણ એમ જ કહેવું. વિશેષ એ કે – ૨૮,૦૦૦ દેવો છે. બાકીનું પૂર્વવત્. જેમ ધરણેન્દ્રનું કહ્યું, તેમ યાવત્ મહાઘોષ પર્યન્ત કહેવું. વિશેષ એ કે પદાતિ સૈન્યાધિપતિ અન્ય છે, તે પૂર્વે કહેલાં છે. દેવેન્દ્ર દેવરાજ શક્રના હરિણેગમેષી દેવની સાત કચ્છાઓ કહી છે. પહેલી કચ્છા આદિ જેમ ચમરેન્દ્રનું કહ્યું તેમ અચ્યુતેન્દ્ર પર્યન્ત કહેવું. પદાતિ સૈન્યાધિપતિ પૂર્વવત્ જાણવા. દેવ પરિમાણ આ રીતે – શક્રના ૮૪,૦૦૦ દેવો છે. ઇત્યાદિ ગાથાનુસાર જાણવું યાવત્ અચ્યુતેન્દ્રના લઘુ પરાક્રમના પહેલી કચ્છામાં ૧૦,૦૦૦ દેવો છે, પછી બમણા-બમણા.*

*[૬૮૪] – (૧) ૮૪,૦૦૦, (૨) ૮૦,૦૦૦, (૩) ૭૨,૦૦૦, (૪) ૭૦,૦૦૦, (૫) ૬૦,૦૦૦ (૬) ૫૦,૦૦૦, (૭) ૪૦,૦૦૦, (૮) ૩૦,૦૦૦, (૯) ૨૦,૦૦૦, (૧૦) ૧૦,૦૦૦.*

● **વિવેચન-૬૭૨ થી ૬૮૪ :-**

[૬૭૨] સૂત્ર સિદ્ધ છે. વિશેષ એ કે — अथ શબ્દ પરિપ્રશ્ન અર્થમાં છે. भदंत - ગુરુને આમંત્રણમાં છે, अयसी - અસલી, कुसुंभ - લટ્ઠા, रालक - કંગૂ વિશેષ, सण - त्वक् પ્રધાન ધાન્ય, સરસવ, मूलक - શાક વિશેષના બીજો, - x - બાકીના પર્યાયો લોકરૂઢિથી જાણવા. યાવત્‌થી મંચાઉત્તાણ, માલાઉત્તાણ, ઓલિત્તાણ, લિત્તાણ, લંછિયાણ, મુદ્દિયાણ જાણવું, તેની વ્યાખ્યા સ્થાન-૩-માં કહી છે. ફરી યાવત્ શબ્દથી પવિદ્ધંસઈ૦ આદિ જાણવું.

[૬૭૩] સૂક્ષ્મ અપ્‌કાય જીવોની અંતર્મુહૂર્ત જ સ્થિતિ છે. એ રીતે આગળ પણ વિશેષણફળ યશાસંભવ પોતાની બુદ્ધિથી જોડવું.

[૬૭૪ થી ૬૭૯] અનંતર નારકો કહ્યા. સ્થિતિ, શરીરાદિ વડે તેના સાધર્મ્યથી દેવોની વક્તવ્યતાને કહેવા માટે સૂત્રના વિસ્તારને કહે છે — આ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે — પશ્ચિમ દિશાવર્તી વરુણ લોકપાલને, પૂર્વ દિશાના લોકપાલ સોમને, દક્ષિણ દિશાના લોકપાલ યમને.

[૬૮૦] અનંતર દેવોનો અધિકાર કહ્યો. દેવોના આવાસોવાળા દ્વીપસમુદ્રો છે, માટે નંદીશ્વરાદિ બે સૂત્રો છે, તે સુગમ છે.

[૬૮૧] આ દ્વીપ સમુદ્રો, પ્રદેશ શ્રેણી સમૂહાત્મક ક્ષેત્રના આધારવાળા અને શ્રેણિથી રહેલા છે. તેથી શ્રેણિની પ્રરૂપણા કરે છે — સાત શ્રેણિ આદિ૦ શ્રેણિ એટલે પ્રદેશોની પંક્તિઓ, ऋज्वी - સરલ, आयता - લાંબી - x - એક દિશામાં વક્ર, બંને તરફ વક્ર, એક દિશામાં અંકુશના આકાર જેવી, બંને દિશામાં અંકુશના આકાર જેવી, વલયાકૃતિ, અર્ધવલયાકારવાળી, આ એકતોવક્રાદિ શ્રેણીઓ લોકપર્યન્તમાં પ્રદેશાપેક્ષાએ સંભવે છે.

[૬૮૨થી૬૮૪] ચક્રવાલ, અર્ધચક્રવાલાદિ ગતિ વિશેષથી ભ્રમણયુક્ત ગર્વિત-પણાથી દેવસૈન્યો હોય છે, તેના પ્રતિપાદનાર્થે 'ચમર' આદિ પ્રકરણ સુગમ છે. વિશેષ એ કે — पीठानीक - અશ્વસૈન્ય, नाट्यानीक - નર્તકસમૂહ. गंधर्वानीक - ગાનારનો સમૂહ... અતિદેશથી સોમઅશ્વરાજ અશ્વસૈન્ય અધિપતિ, વૈકુંથૂ હસ્તિરાજ હસ્તિ સૈન્યાધિપતિ, લોહિતાક્ષ - મહિષ સૈન્યાધિપતિ એમ જાણવું. આ રીતે આગળ સૂત્રોમાં પણ જાણવું.

તથા ધરણેન્દ્ર માફક બધા દક્ષિણ દિશાના ભવનપતિના ઇન્દ્રોની સેના અને સેનાધિપતિઓ કહેવા. ભૂતાનંદ માફક ઉત્તરના કહેવા.

कच्छ - સમૂહ. જેમ ધરણેન્દ્ર માટે કહ્યું તેમ બધાં ભવનપતીન્દ્ર મહાઘોષ પર્યન્ત કહેવા. માત્ર પદાતિસૈન્યના અધિપતિ અન્ય જાણવા તે પૂર્વે અનંતર સૂત્રમાં કહેલા છે. શક્રાદિથી આરંભી આનત-પ્રાણતેન્દ્ર પર્યન્ત એકાંતરિત ઈન્દ્રોના હરિણેગમેષી પદાતિ સૈન્યાધિપતિ છે અને ઈશાનાદિથી આરંભીને આરણ-અચ્યુતેન્દ્ર પર્યન્ત એકાંતરિત ઈન્દ્રોના સેનાધિપતિનું નામ લઘુપરાક્રમ છે... ગાથા વડે પ્રથમ કચ્છાદિ સંબંધી દેવ સંખ્યા કહી. ત્યાં સૌધર્માદિ ક્રમ જોડવો. - x - x - અનંતરોક્ત બધું



વચન વડે પ્રતીતિ કરવા યોગ્ય છે, તેથી વચનના ભેદોને કહે છે—

● **સૂત્ર-૬૮૫,૬૮૬ :-**

***[૬૮૫] વચન વિકલ્પ સાત ભેદે કહ્યા છે, તે આ પ્રમાણે — આલાપ, અનાલાપ, ઉલ્લાપ, અનુલ્લાપ, સંલાપ, પ્રલાપ, વિપ્રલાપ.***

***[૬૮૬] વિનય સાત ભેદે — જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, મનવિનય, વચનવિનય, કાયવિનય, લોકોપચારવિનય... પ્રશસ્ત મન વિનય સાત ભેદે — અપાપક, અસાવધ, અક્રિય, નિરુપક્લેશ, અનાશ્રવકર, અક્ષતકર, અભૂતાભિશંકન... અપ્રશસ્ત મનોવિનય સાત ભેદે — પાપક, સાવધ, સક્રિય, સોપક્લેશ, આશ્રવકર, ક્ષયિકર, ભૂતાભિશંકન. પ્રશસ્તવચન વિનય સાત ભેદે — આપપક યાવત્ અભૂતાભિશંકન. અપ્રશસ્ત વચન વિનય સાત ભેદે — પાપક યાવત્ ભૂતાભિશંકન.. પ્રશસ્ત કાય વિનય સાત ભેદે — ઉપયોગપૂર્વક — (૧) જવું, (૨) સ્થાન, (૩) બેસવું, (૪) સૂવું, (૫) ઉલ્લંઘવું, (૬) પ્રલંઘવું, (૭) સર્વ ઈન્દ્રિયોના યોગનું પ્રવર્તન.. અપ્રશસ્તકાય વિનય સાત ભેદે — ઉપયોગરહિત જવું ઇત્યાદિ.. લોકોપચાર વિનય સાત ભેદે — અભ્યાસવર્તિત્વ, પરછંદાનુવર્તિત્વ, કાર્યહેતુ, કૃતપ્રતિકૃતિતા, આર્તગવેષણતા, દેશકાલજ્ઞતા, સર્વાર્થોમાં અપ્રતિલોમતા.***

● **વિવેચન-૬૮૫,૬૮૬ :-**

[૬૮૫] સાત પ્રકારે વચન-ભાષણનો વિકલ્પ તે વચનવિકલ્પ કહ્યો છે. તે આ — (૧) સ્તોક અર્થપણાથી થોડું બોલવું તે આલાપ. (૨) કુત્સિત આલાપ તે અનાલાપ, (૩) ઉલ્લાપ - કાકુ [યુક્તિ] વડે વર્ણન કરવું તે - x - (૪) તે જ કુત્સિત વર્ણન અનુલ્લાપ, પાઠાંતરથી અનુલાપ-ફરી ફરીને બોલવું. - x - (૫) સંલાપ-પરસ્પર બોલવું - x - (૭) પ્રલાપ-નિરર્થક વચન - x - (૭) તે જ વિવિધ વચનરૂપ વિપ્રલાપ છે - વચન વિકલ્પો મધ્યે કેટલાક વિકલ્પો, વિનયના અર્થવાળા છે. માટે વિનયના ભેદ પ્રતિપાદન કરવાને કહે છે—

[૬૮૬] સાત પ્રકારે, જેના વડે આઠ પ્રકારના કર્મો દૂર કરાય તે વિનય. તે આ રીતે — (૧) જ્ઞાન-આભિનિબોધિકાદિ પાંચ ભેદે, તે જ વિનય, તે જ્ઞાન વિનય અથવા જ્ઞાનનો વિનય - ભક્તિ આદિ કરવું. તે જ્ઞાનવિનય. કહ્યું છે કે — ભક્તિ, બહુમાન, જાણેલ પદાર્થની સમ્યગ્ભાવના, વિધિપૂર્વક ગ્રહણ, અભ્યાસ, જિનેન્દ્રોએ આ જ્ઞાનનો વિનય કહેલ છે.

(૨) દર્શન-સમ્યક્ત્વ, તે જ વિનય તે દર્શન વિનય અથવા દર્શનનો. દર્શનથી વ્યતિરેક દર્શનગુણાધિકોની શુશ્રૂષણા અને અનાશાતનારૂપ વિનય તે દર્શનવિનય. - x - શુશ્રૂષણા વિનય દશ ભેદે છે — સત્કાર, અભ્યુત્થાન, સન્માન, આસનાભિગ્રહ, આસનનું અનુપ્રદાન, કૃતિકર્મ, અંજલિગ્રહ, આવતાની સામે જવું, બેઠેલાની પર્યુપાસના, જતાની પાછળ જવું. આ સુશ્રૂષણા વિનય.

ઉચિત ક્રિયારૂપ આ દર્શનમાં શુશ્રૂષણા વિનય છે. અનાશાતના વિનય તો અનુચિત ક્રિયાની નિવૃત્તિરૂપ છે. તે પંદર પ્રકારે છે — તીર્થંકર, ધર્મ, આચાર્ય,

ઉપાધ્યાય, સ્થવિર, કુલ, ગણ, સંઘ, સાંભોગિક, ક્રિયા, જ્ઞાન. અહીં સાંભોગિક એટલે એક સામાચારીવાળા, ક્રિયા-આસ્તિકતા. અહીં એ ભાવના છે - તીર્થંકર અને તીર્થંકરપ્રણીત ધર્મની અનાશાતનામાં વર્તવું. એ રીતે સર્વત્ર સમજવું. વળી અરહંતથી કેવલજ્ઞાન પર્યન્ત પંદર સ્થાનની ભક્તિ કરવી, બહુમાન કરવું અને યશોગાન કરવું. દર્શન વિનય કહ્યો.

(૩) ચારિત્રવિનય - ચારિત્ર જ વિનય કે ચારિત્રનો શ્રદ્ધાનાદિ રૂપ વિનય. કહ્યું છે – સામાયિકાદિ ચારિત્રનું શ્રદ્ધાન કરવું, કાયા વડે સ્પર્શવું. તથા ભવ્ય જીવોની આગળ પ્રરૂપવું. તે ચારિત્રવિનય છે.

(૪ થી ૬) મન, વચન અને કાયવિનય તો મન વગેરેના વિનયને યોગ્ય સ્થાનમાં કુશલ પ્રવૃત્તિ આદિ. કહ્યું છે – આચાર્યાદિનો સર્વકાળમાં પણ મન, વચન, કાય વડે વિનય તે અકુશલનો નિરોધ, કુશલની ઉદીરણા.

(૭) લોકોનો ઉપચાર-વ્યવહાર તેના વડે અથવા તે જ વિનય તે લોકોપચાર વિનય. મન-વચન-કાયાનો વિનય, તે પ્રત્યેક સાત પ્રકારે છે, તથા લોકોપચાર વિનય પણ સાત પ્રકારે કહે છે.

૦ પ્રશસ્ત મન૦ સૂત્ર સપ્તક સુગમ છે. વિશેષ એ કે – શુભ મનનું લઈ જવું તે વિનય-પ્રવર્તન તે પ્રશસ્ત મનોવિનય. તેમાં अपापक - શુભ વિચારણારૂપ. असावद्य - ચોરી આદિ નિંદિત કર્મના અનાલંબનરૂપ. अक्रिय કાયિકી અને આધિકરણિકી આદિ ક્રિયારહિત. निरुपक्लेश - શોકાદિ બાધા રહિત. अनाश्रवकर - આશ્રવ એટલે કર્મનું ગ્રહણ, તેને કરવાના સ્વભાવવાળો તે આસ્નવકર, તેના નિષેધથી અનાસ્નવકર અર્થાત્ પ્રાણાતિપાતાદિ આશ્રવવર્જિત. अक्षयिकर - પ્રાણીઓને વ્યથા વિશેષને ક્ષયને ન કરનાર. अभूताभिशंकन - જેનાથી ભૂત-જીવ શંકા પામતા નથી તે - અભયને કરનાર. આ સાતે પદોનો પ્રાયઃ સદેશ અર્થ હોવાથી શબ્દનયાભિપ્રાયથી ભેદો જાણવા અથવા બીજી રીતે પણ જાણવા. આ પ્રમાણે બાકીનું પણ જાણવું.

યોગને કાબૂમાં રાખનાર ઉપયોગવાળાનું જે ગમન તે આયુક્તગમન એમ સર્વત્ર જાણવું. વિશેષ એ કે – स्थान - ઉભું રહેવું, કાયોત્સર્ગાદિ. निसीयण - બેસવું, तुयट्टण - સૂવું, उल्लंघन - ડેલી આદિનું અતિક્રમણ, प्रलंघन - અર્ગલાનું અતિક્રમણ. બધી ઈન્દ્રિયોના યોગો કે તેને યોજનતા કરવી તે સર્વેન્દ્રિય યોગ યોજનતા.

(૧) અભ્યાસવર્તીત્વ-સમીપમાં વર્તવું. – શ્રુતાદિના અર્થી જીવોએ આચાર્ય આદિની સમીપે રહેવું. (૨) પરછંદાનુવર્તીત્વ - બીજાના અભિપ્રાય મુજબ વર્તવું તે. (૩) કાર્ય હેતુ - શ્રુતની પ્રાપ્તિ આદિ કાર્યના હેતુથી અર્થાત્ હું એની પાસેથી શ્રુતને પામ્યો છું, તેથી વિશેષથી તેના વિનયમાં વર્તવું અને તેનું અનુષ્ઠાન કરવું જોઈએ. (૪) કૃત પ્રતિકૃતિતા - ભોજનાદિથી ઉપચાર કરતા ગુરુઓ પ્રસન્ન થઈ સૂત્રાદિના દાનથી મારા પર પ્રત્યુપકાર કરશે માટે ભક્તાદિના દાન માટે પ્રયત્ન કરવો. (૫) આર્ત્ત-દુઃખથી પીડાયેલને ઔષધાદિનું ગવેષવું તે જ આર્ત્તગવેષણતા-પીડિતને ઉપકાર કરવો અથવા પોતે કે આપ્ત થઈને ગવેષવું - સારી કે માઠી સ્થિતિનું





અન્વેષણ (૬) દેશકાલજ્ઞતા-અવસરને જાણવાપણું. (૭) સર્વ અર્થમાં અનુકુલત્વ.

વિનયથી કર્મનો ઘાત થાય, તે સમુદ્દ્ઘાતમાં વિશિષ્ટતર થાય, તેથી સમુદ્દ્ઘાતની પ્રરૂપણાને માટે કહે છે–

● **સૂત્ર-૬૮૭ :-**

***સાત સમુદ્દ્ઘાતો કહ્યા છે. – વેદના સમુદ્દ્ઘાત, કષાયસમુદ્દ્ઘાત, મારણાંતિક -સમુદ્દ્ઘાત, વૈક્રિયસમુદ્દ્ઘાત, તૈજસસમુદ્દ્ઘાત, આહારસમુદ્દ્ઘાત, કેવલિસમુદ્દ્ઘાત. મનુષ્યોને આ રીતે જ સમુદ્દ્ઘાત કહ્યા.***

● **વિવેચન-૬૮૭ :-**

हनन - ઘાત. એકીભાવ વડે પ્રબળતાથી નિર્જરા તે સમુદ્દ્ઘાત. કોનું કોની સાથે એકીભાવમાં જવું ? આત્માનું વેદના અને કષાયાદિના અનુભવરૂપ પરિણામ સાથે. જ્યારે આત્મા, વેદનીયાદિના અનુભવરૂપે જ્ઞાન પરિણત થાય ત્યારે અન્ય જ્ઞાનથી પરિણત હોતો નથી. પ્રબળતાથી ઘાત કેવી રીતે ? જે હેતુથી વેદનીયાદિ સમુદ્દ્ઘાત વડે પરિણત જીવ કાલાંતરે અનુભવવા યોગ્ય ઘણા વેદનીયાદિ કર્મપ્રદેશોને ઉદીરણાકરણ વડે આકર્ષીને ઉદયમાં પ્રક્ષેપી, અનુભવીને નિર્જરે છે અર્થાત્ આત્માના પ્રદેશો સાથે મળી ગયેલ કર્મપ્રદેશોને દૂર કરે છે. કહ્યું છે કે પૂર્વકૃત્ કર્મનું શાટન તે નિર્જરા છે. તે વેદનાદિ ભેદ વડે સાત પ્રકારે થાય છે. તેથી સમુદ્દ્ઘાત સાત છે.

તેમાં વેદના સમુદ્દ્ઘાત અસાતા વેદનીય કર્મના આશ્રયવાળો છે. કષાય સમુદ્દ્ઘાત કષાયચારિત્ર મોહનીય કર્માશ્રય છે. મારણાંતિક સમુદ્દ્ઘાત અંતર્મુહૂર્ત શેષ આયુષ્ક કર્માશ્રય છે. વૈક્રિય-તૈજસ-આહારક આ ત્રણ સમુદ્દ્ઘાત શરીરનામકર્માશ્રય છે. કેવલી સમુદ્દ્ઘાત સાતા-અસાતા વેદનીય, શુભાશુભનામ, ઉચ્ચ-નીચ ગોત્ર આ ત્રણ કર્માશ્રય છે.

તેમાં વેદનીય કર્મના સમુદ્દ્ઘાત વડે જોડાયેલ આત્મા વેદનીય કર્મ પુદ્ગલોનો ઘાત કરે છે. કષાય સમુદ્દ્ઘાત વડે જોડાયેલ કષાયપુદ્ગલોનો નાશ કરે છે. મારણાંતિક સમુદ્દ્ઘાતથી સમુદ્ઘત આયુષ્ય કર્મનો ઘાત કરે છે. વૈક્રિય સમુદ્દ્ઘાત સમુદ્ઘત જીવપ્રદેશોને શરીરથી બહાર કાઢીને શરીરના વિષ્કંભ જેટલો પહોળો અને લંબાઈથી સંખ્યાત યોજનનો દંડ કરે છે. કરીને પૂર્વે બાંધેલ વૈક્રિય શરીર નામકર્મના યથાસ્થૂલ પુદ્ગલોનો નાશ કરે છે. કહ્યું છે કે – વૈક્રિય સમુદ્દ્ઘાત વડે સમવહે છે, સમવહીને સંખ્યાત યોજન પ્રમાણ દંડને કાઢે છે, કાઢીને પૂર્વે બાંધેલા યથા બાદર પુદ્ગલોને દૂર કરે છે. એ રીતે તૈજસ અને આહારક સમુદ્દ્ઘાતની પણ વ્યાખ્યા કરવી. કેવલી સમુદ્દ્ઘાત વડે જોડાયેલ કેવલી વેદનીયાદિ કર્મના પુદ્ગલોનો નાશ કરે છે. અહીં છેલ્લો સમુદ્દ્ઘાત આઠ સમયનો છે અને શેષ છ સમુદ્દ્ઘાત અસંખ્યાત સમયના છે.

ચોવીશદંડકની વિચારણામાં સાતે સમુદ્દ્ઘાતો મનુષ્યોને જ હોય છે, માટે કહે છે – मणुस्साणं सत्ते० સામાન્ય સૂત્રવત્ જાણવા.

જિનેશ્વરોએ કહેલ આ સમુદ્દ્ઘાતાદિ વસ્તુને અન્યથા પ્રરૂપતો પ્રવચન બાહ્ય થાય છે. જેમ નિહ્નવો. તેથી નિહ્નવ સૂત્ર કહે છે–

● સૂત્ર-૬૮૮,૬૮૯ :-

*[૬૮૮] શ્રમણ ભગવંત મહાવીરના તીર્થમાં સાત પ્રવચન નિહ્નવો કહ્યા છે – બહુરતા, જીવપ્રદેશિકા, અવ્યક્તિકો, સામુચ્છેદિકો, દોક્રિયા, ત્રૈરાશિકો, અબદ્ધિકો... આ સાત પ્રવચન નિહ્નવોના સાત ધર્માચાર્યો હતા – જમાલી, તિષ્યગુપ્ત, આષાઢ, અશ્વમિત્ર, ગંગ, ષડ્લુક, ગોષ્ઠામાહિલ. આ સાત પ્રવચન નિહ્નવોના સાત ઉત્પત્તિનગરો હતા. તે આ–*

*[૬૮૯] શ્રાવસ્તી, ઋષભપુર, શ્વેતાંબિકા, મિથિલા, ઉલ્લુકાતીર, અંતરંજિકા, દશપુર આ નિહ્નવોની ઉત્પત્તિના નગરો છે.*

● વિવેચન-૬૮૮,૬૮૯ :-

[૬૮૮] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે – પ્રવચન એટલે આગમ, निह्नुवते - અપલાપ કરે કે અન્યથા પ્રરૂપે, તે પ્રવચન નિહ્નવ કહ્યા છે.

(૧) बहुरत - ક્રિયામાં આસક્તરૂપ એક એક સમય વડે વસ્તુની ઉત્પત્તિ ન માનવાથી અને ઘણા સમયો વડે ઉત્પત્તિ માનવાથી बहुषु - ઘણા સમયનો વિશે रत्ता - આસક્ત થયેલા તે બહુરતા અર્થાત્ દીર્ઘકાળમાં દ્રવ્યની ઉત્પત્તિને પ્રરૂપનારા... (૨) પ્રદેશ જ જીવ છે જેઓને તે જીવપ્રદેશો, તે જ જીવ પ્રાદેશિકો અથવા જીવના પ્રદેશમાં જીવને સ્વીકારવાથી જીવપ્રદેશ વિધમાન છે જેઓને તે જીવ પ્રાદેશિકો. અર્થાત્ છેલ્લા પ્રદેશમાં જીવને પ્રરૂપનારા. આ રહસ્ય છે.

(૩) અવ્યક્ત - અપ્રગટ વસ્તુ સ્વીકારવાથી અવ્યક્ત વિધમાન છે જેઓને તે અવ્યક્તિકો અર્થાત્ સંયતાદિને જાણવામાં સંદિગ્ધ બુદ્ધિવાળા એ ભાવના છે... (૪) સમુચ્છેદ-ઉત્પત્તિ પછી તુરંત સમસ્તપણાએ અને પ્રકર્ષથી છેદ તે સમુચ્છેદ-વિનાશ. સમુચ્છેદને જે કહે છે. તે સામુચ્છેદિકો અર્થાત્ ક્ષણમાં ક્ષય પામનારા ભાવો છે, તેમ પ્રરૂપે.

(૫) બે ક્રિયા એકત્રિત થાય તે દ્વિક્રિય. અથવા તેને અનુભવે છે તે દ્વૈક્રિયા અર્થાત્ કાલના અભેદથી બે ક્રિયાના અનુભવને પ્રરૂપનારા. (૬) જીવ, અજીવ, નોજીવના ભેદરૂપ ત્રણ રાશિનો સમુદાય તે ત્રિરાશિ, તેનું પ્રયોજન છે જેઓને તે ત્રૈરાશિકો અર્થાત્ ત્રણ રાશિને પ્રરૂપનારા. (૭) જીવ વડે કર્મ સ્પર્શાયેલ છે, પણ સ્કંધના બંધવત્ બદ્ધ નથી તે અબદ્ધ છે જેઓના મતમાં તે અબદ્ધિકો - સ્પૃષ્ટકર્મ વિપાક પ્રરૂપકો.

ધર્માચાર્ય - ધર્મ્મ - ઉક્ત પ્રરૂપણાદિ લક્ષણ શ્રુતધર્મના નાયકપણાએ કરીને પ્રધાન-આચાર્યો તે ધર્માચાર્યો. તે મતના ઉપદેશદાતા. તેમાં (૧) જમાલી ક્ષત્રિયકુમાર, તે શ્રમણ ભગવંત મહાવીરના ભાણેજ, ભગવંતની સુદર્શના નામે પુત્રી *[અન્યત્ર પ્રિયદર્શના નામ છે.]* નો ભર્તા તેણે ૫૦૦ના પરિવાર સહિત ભગવંત પાસે દીક્ષા લીધી, આચાર્યત્વ પામ્યા. વિચરતા શ્રાવસ્તી નગરીમાં તેદુંક ચૈત્યમાં આવ્યા. અનુચિત આહારથી ઉત્પન્ન થયેલ રોગવાળા તેઓ વેદનાથી પરાભવ પામ્યા. શયનાર્થે સંથારો પાથરવાની આજ્ઞા કરી. સંથારો કર્યો ? એમ પૂછ્યું. સંથારો કર્તા સાધુએ સંથારો પથરાતો હતો છતાં પાથર્યો એમ કહ્યું. જઈને જોયું તો સંથારો કરાતો જોયો.



કર્મોદયથી વિપરીત બુદ્ધિવાળા જમાલિએ કહ્યું – ભગવંત જે કહે છે – "કરાતુ હોય તે કર્યુ" તે અસત્ય છે, કેમકે પ્રત્યક્ષ વિરુદ્ધ છે અને પ્રત્યક્ષ વિરુદ્ધતા તો આની અર્દ્ધ પાથરેલ સંથારામાં ન પાથરવાપણું દેખવાથી છે. તેથી ક્રિયમાણપણાએ પ્રત્યક્ષ સિદ્ધ હોવાથી કૃતત્વ ધર્મ દૂર કરાય છે, આ પ્રમાણે ભાવના છે કહ્યું છે–

મારો આ સંથારો કર્યો નથી એમ સાક્ષાત્ જણાય છે, તેથી કરાતું હોય તે કર્યુ કહેવાય નહીં, પણ કરેલું જ કર્યુ કહેવાય. આ રીતે પ્રરૂપતા જમાલીને સ્થવીરોએ કહ્યું કે – હે આર્ય ! 'કરતું હોય તે કર્યું' એમ કહેવું પ્રત્યક્ષ વિરુદ્ધ નથી. જો 'કરાતુ હોય તે કર્યુ' નહીં સ્વીકારશો તો ક્રિયાના અનારંભ સમયની જેમ પાછળ પણ ક્રિયાના અભાવમાં કાર્યને કેમ સ્વીકારશો ? આથી તો સદાકાળ કાર્યનો પ્રસંગ આવશે કેમકે ક્રિયાના અભાવમાં વિશેષપણું જ ન રહે. વળી જે કહ્યું કે અર્ધ પાથરેલ સંથારામાં ન પાથરેલપણું જોવાથી, તે પણ અયુક્ત છે. કારણ કે જ્યારે જે આકાશ દેશમાં વસ્ત્ર પથરાય ત્યારે તે આકાશદેશમાં પથરાયેલું જ છે. એ રીતે પાછળના વસ્ત્રના પાથરણ સમયમાં અવશ્ય પથરાયેલું જ છે. - x - તે આ પ્રમાણે વિશિષ્ટ સમયની અપેક્ષાવાળા ભગવદ્વચનો છે, એ રીતે સ્થવીરોએ કહ્યું, તો પણ જમાલીએ સ્વીકાર્યુ નહીં, તે આ બહુતર ધર્માચાર્ય.

(૨) વસુદેવ ધર્માચાર્યના તિષ્યગુપ્ત નામના શિષ્ય. રાજગૃહીમાં આત્મપ્રવાદ નામના પૂર્વ [ના અધ્યયનકાળે આવો પ્રશ્ન આવ્યો.] હે ભદંત! એક જીવપ્રદેશને જીવ એમ કહેવાય? એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે બે, ત્રણ, સંખ્યાતા, અસંખ્યાતા યાવત્ એક પ્રદેશ વડે ન્યૂન જીવપ્રદેશો પણ 'જીવ' એમ ન કહેવાય. આ હેતુથી કૃત્સ્ન, પ્રતિપૂર્ણ લોકાકાશના પ્રદેશતુલ્ય જીવ એમ કહેવાય. આ આલાપકને ભણતા કર્મોદયથી વિપરીત મતિવાળો થયો અને કહેવા લાગ્યો - એક આદિ જીવપ્રદેશો નિશ્ચયે એક પ્રદેશ વડે હીન પ્રદેશો પણ 'જીવ' રૂપ વ્યપદેશને પામતા નથી, પણ ચરમપ્રદેશ સહિત જ 'જીવ'રૂપ કથનને પામે છે. આ હેતુથી તે જ એક ચરમપ્રદેશ 'જીવ' છે કેમકે જીવત્વનું તદ્ભાવભાવીપણું છે. તેમણે આમ કહેતા તેને ગુરુએ કહ્યું આ ખોટું છે.

– કેમકે એ રીતે જીવના અભાવનો પ્રસંગ આવશે. – કેવી રીતે ? તે સ્વીકારેલ અંત્યપ્રદેશ પણ અજીવ થાય ? શેષ પ્રદેશોના પરિણામપણાથી અંત્ય પ્રદેશની જેમ. પણ આ ચરમપ્રદેશ પૂરણ છે, તેથી તેનું જીવપણું પણ ઘટતું નથી. એકનું પૂરણપણું અવિશેષ છે. કેમકે એક વિના તેનું અસંપૂર્ણત્વ છે. ઇત્યાદિ તેને ઘણું સમજાવ્યું, તો પણ તેણે સ્વીકાર્યુ નહીં, ત્યારે તેને સંઘથી બહાર કર્યો. તેને આમલકલ્પા નગરીમાં મિત્રશ્રી નામના શ્રાવકે સંખડીમાં ભોજન લેવાને માટે ઘેર લાવીને આગ્રહથી વિવિધ ખાધકાદિ પદાર્થોને સમીપે રાખીને એક-એક અવયવ દરેક પદાર્થનો આપ્યો. ત્યારે તિષ્યગુપ્તને થયું કે – શું તું અમારી મશ્કરી કરે છે ? શ્રાવકે કહ્યું તમારો જ આ સિદ્ધાંત છે. - x - ઇત્યાદિ. એ રીતે આ ધર્માચાર્યને પ્રતિબોધ્યા.

(૩) આષાઢ-શ્વેતાંબિકા નગરીમાં પોલાસ ઉધાનમાં સ્વશિષ્યોને આગાઢ યોગવહન કરાવતા હતા. રાત્રિના હૃદયશૂળથી મરણ પામીને દેવ થયા, શિષ્યોની

અનુકંપાથી પોતાના જ મૃતશરીરમાં અધિષ્ઠિત થઈને બધી સામાચારી અનુપ્રવર્તાવીને યોગની સમાપ્તિ શીઘ્ર કરી. પછી તે મુનિઓને વંદન કરીને કહ્યું – હે ભદંતો ! તમે મને ક્ષમા કરશો. કેમકે મેં અવિરતિ હોવા છતાં તમારી પાસે વંદન કરાવ્યું. પછી શિષ્યોએ વિચાર્યુ કે અમે ઘણાં કાળ અસંયતને વંદન કર્યુ. એમ વિચારીને અવ્યક્ત મત સ્વીકાર્યો. તે આ–

કોણ જાણે આ સાધુ હશે કે દેવ ? કોઈએ કોઈને વંદન ન કરવું. કેમ કે અસંયતને વંદન થઈ જાય. કોઈને વ્રતી કહેતા મૃષાવાદનો દોષ લાગે. સ્થવીરોએ તેમને કહ્યું – જો તમને બીજા વિશે શંકા થાય છે કે આ દેવ છે કે સાધુ ? તો તમને દેવમાં પણ આ દેવ છે કે નહીં તે શંકા કેમ નથી થતી ? તેણે કહ્યું કે – હું દેવ છું. અમોને પણ તેને જોવાથી આ દેવ છે એમ લાગે છે, એવું જો તમે કહેતા હો તો જે કહે છે - હું સાધુ છું અને સાધુ સમાન વેશ દેખાય છે તો શંકા શા માટે ? અથવા શું દેવ વચન સત્ય છે અને સાધુનું નથી ? જેથી જાણવા છતાં તમે પરસ્પર વંદન કરતા નથી.

એ રીતે સ્થવિરોએ સમજાવ્યા છતાં, તેઓએ ન સ્વીકારતા તેમને સંઘ બહાર કર્યા, પછી તેઓ વિચરતા રાજગૃહે આવ્યા. બલભદ્ર રાજાએ કોટવાળ દ્વારા મારવાનો હુકમ કર્યો. ત્યારે તેઓ બોલ્યા – તું શ્રાવક છો છતાં અમને સાધુને કેમ મરાવે છે? ત્યારે રાજાએ કહ્યું – અમે જાણતા નથી કે તમે ચોર છો કે ગુપ્તચરો? એ રીતે તેઓને પ્રતિબોધ્યા. તે આ અવ્યક્ત મતના ધર્માચાર્ય. જો કે અષાઢાચાર્ય તે મતના પ્રરૂપક નથી.

(૪) અશ્વમિત્ર - તે મહાગિરિના શિષ્ય કૌડિન્યનામકનો શિષ્ય હતો. મિથિલામાં લક્ષ્મીગૃહ ચૈત્યમાં અનુપ્રવાદ નામક પૂર્વમાં-નૈપૂણિક નામક વસ્તુમાં છિન્ન છેદન નય વક્તવ્યતામાં-વર્તમાન સમયના નૈરયિકો નાશ પામશે યાવત્ વૈમાનિકો પણ નાશ પામશે, એ પ્રમાણે દ્વિતીયાદિ સમયોમાં કહેવું. આવા આલાપકને ભણતા મિથ્યાત્વ પામ્યો, બોલ્યા કે – જ્યારે બધાં જીવો વર્તમાન સમયમાં ઉત્પન્ન થયેલા નાશ પામશે ત્યારે કર્મોનું વેદન ક્યાંથી થાય ? એ રીતે સુકૃત-દુષ્કૃતાદિનું વેદન ક્યાંથી હોય કેમકે ઉત્પાદ પછી બધા જીવના નાશનો સદ્ભાવ છે.

તેને ગુરુએ સમજાવ્યું – આ સૂત્ર વચન એક નયના મત વડે છે, તેને ગ્રહણ ન કર. કેમકે અન્ય નયોની અપેક્ષા રહિત વચન મિથ્યાત્વ છે. માટે તું બીજા નયોનું વચન પણ હૃદયમાં વિચાર. કારણ અદ્ધાપર્યાય માત્ર કાલકૃત અવસ્થાનો નાશ થતાં વસ્તુનો સર્વથા નાશ થતો નથી. કેમકે દરેક વસ્તુ સ્વપર્યાય-પરપર્યાયોથી અનંતધર્માત્મક છે. જો સૂત્રના પ્રમાણથી તું સર્વથા વસ્તુનાશ છે એમ માનતો હોય, તો અન્ય સૂત્રમાં વસ્તુનું શાશ્વતપણું પણ દ્રવ્યાર્થતાએ છે અને પર્યાયથી અશાશ્વત. ત્યાં પણ-સર્વથા નાશ કહ્યો નથી. સમયાદિ વિશેષણથી નાશ કહ્યો છે. અન્યથા સર્વનાશે સમયાદિ વિશેષણ ઘટી શકશે નહીં.

ગુરુના આ વચન ન સ્વીકારતા, તેને સંઘ બહાર કર્યો. પછી તે કાંપિલ્યપુરે આવ્યો. ત્યાં શુલ્કપાલ શ્રાવકે મારતા, તેણે કહ્યું કે – તમે શ્રાવક થઈને સાધુને કેમ મારો છો ? શ્રાવકે કહ્યું – તમારા ક્ષણિક નાશના સિદ્ધાંત વડે સાધુ-શ્રાવક નાશ પામ્યા. હાલ તમે અને અમે તો અન્ય છીએ. આવા ઉત્તરથી તે સમ્યક્ત્વ પામ્યો. તે આ સામુચ્છેદિકોનો ધર્માચાર્ય અશ્વમિત્ર હતો.



(૫) ગંગ - આર્ય મહાગિરિના શિષ્ય ધનગુપ્તનો શિષ્ય. ઉલુકાતીર નામક નગરથી શરદઋતુમાં આચાર્યને વંદનાર્થે ચાલ્યા. ત્યારે નદી ઉતરતા મસ્તકે સૂર્યના તાપથી ઉષ્ણતા અને બંને ચરણોમાં નદીની ઠંડકનો અનુભવ થતા વિચારવા લાગ્યો કે – સૂત્રમાં કહ્યું છે, એક સમયે શીત કે ઉષ્ણ એક ક્રિયા વેદાય, પણ હું હાલ બે ક્રિયાને વેદુ છું. આથી એક સમયે બે ક્રિયા વેદાય છે. પછી ગુરુ પાસે જઈને, વંદન કરીને પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. આચાર્યએ તેને અટકાવીને કહ્યું – એક સમયે બે ક્રિયાનું વેદન ન જ થાય. માત્ર સમય અને મનની સૂક્ષ્મતાને લઈને તે ભેદ સમજાતો નથી. તો પણ ગંગે તે ન સ્વીકારતા તેને સંઘથી દૂર કરાવ્યો.

કોઈ વખતે રાજગૃહ નગરમાં મહાતપસ્તીરપ્રભા નામક દ્રહની સમીપે મણિનાગ નામક ચૈત્યમાં પર્ષદા મધ્યે પોતાના મતનું નિવેદન કરતો હતો ત્યારે મણિનાગે - x - કહ્યું – હે દુષ્ટ ! અમે અહીં વિદ્યમાન છીએ તો પણ તું આવા અપ્રરૂપ્ય વચનને કેમ પ્રરૂપે છે ? આ સ્થાનમાં જ ભગવન્ વર્ધમાન સ્વામીએ કહ્યું છે કે – એક સમયમાં એક જ ક્રિયા અનુભવાય છે. તો શું તું તેનાથી પણ વિશેષ જ્ઞાની થયો છે ? જો તું આ મિથ્યાવાદને નહીં છોડે, તો હું તને મારીશ. એમ સાંભળી તે ભય પામતો પ્રતિબોધિત થયો. આ દ્વૈક્રિયાવાદીનો ધર્માચાર્ય.

(૬) ષડ્લુક – દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય લક્ષણ છ પદાર્થના પ્રરૂપકત્વથી અને ગોત્ર વડે કૌશિક હોવાથી ષડ્લુક, જે નામાંતરથી રોહગુપ્ત છે, તે અંતરંજીપુરિમાં ભૂતગૃહ વ્યંતરાયતનમાં રહેલ શ્રી ગુપ્ત આચાર્યને વંદનાર્થે ગ્રામાંતરથી આવતા પ્રવાદી વડે વગાડાવેલ ઢોલના ધ્વનિને સાંભળીને ગર્વસહિત તેનો નિષેધ કર્યો. પછી આચાર્યને તેનું નિવેદન કરીને, તેમની પાસેથી માયૂરી આદિ વિદ્યા ગ્રહણ કરીને રાજસભામાં આવ્યો. બલશ્રી રાજા પાસે પોટ્ટશાલ નામના પરિવ્રાજક-પ્રવાદીને બોલાવીને વાદ આરંભ્યો.

વાદીએ જીવ અને અજીવ બે રાશિ સ્થાપી. ત્યારે રોહગુપ્તે તેની શક્તિના પ્રતિઘાત માટે 'નોજીવ' લક્ષણ ત્રીજી રાશિને સ્થાપી, તથા તેની વિદ્યાને પોતાની વિદ્યા વડે પ્રતિઘાત કરવાપૂર્વક તેને જીતીને ગુરુની આગળ આવીને સર્વ વૃત્તાંત નિવેદન કર્યુ. ત્યારે ગુરુએ તેને કહ્યું – તું રાજસભામાં જઈને કહે કે, ત્રણ રાશિનું પ્રરૂપણ અપસિદ્ધાંતરૂપ છે, પણ વાદીનો પરાભવ કરવા માટે કર્યુ હતું. ત્યારે તે અભિમાનથી આચાર્યને બોલ્યો કે રાશિ ત્રણ જ છે. જેમકે જીવો - સંસારી આદિ, અજીવો-ઘટ વગેરે, નોજીવો તો દૃષ્ટાંતસિદ્ધ છે. જેમ દંડનો આદિ, મધ્ય અને અગ્રભાગ હોય છે, એમ બધાં ભાવોનું ત્રિવિધપણું છે, આચાર્યે રાજ સમક્ષ કુત્રિકાપણમાંથી જીવની યાચના કરતાં પૃથ્વી આદિ જીવ મળ્યા. અજીવની યાચના કરતા અચેતન ઢેફું મળ્યા

અને નોજીવની યાચના કરતાં અચેતન ઢેકું આદિ મળ્યા. આચાર્યે તેનો નિગ્રહ કર્યો. તે આ ત્રૈરાશિકનો ધર્માચાર્ય.

(૭) ગોષ્ઠા માહિલ - દશપુરનગરમાં આર્યરક્ષિત સ્વામી સ્વર્ગમાં જતા આચાર્ય શ્રી દુર્બલિકા પુષ્પમિત્ર ગચ્છને પાળતા હતા. વિંધ્ય નામક સાધુ કર્મપ્રવાદ નામે આઠમા પૂર્વને આચાર્ય પાસેથી સાંભળી ગોષ્ઠા માહિલને કહ્યું કે — કર્મબંધના અધિકારમાં કિંચિત્ કર્મ જીવપ્રદેશો વડે સ્પૃષ્ટ માત્ર કાલાંતર સ્થિતિને પામ્યા સિવાય નાશ પામે છે. સૂકી ભીંત પર ફેંકેલ ચૂર્ણની મૂઠીની જેમ, વળી કિંચિત્ સ્પૃષ્ટ બદ્ધ કાલાંતરે નાશ પામે છે. આર્દ્ર લેપવાળી ભીંત પર ફેંકેલ ચીકાશવાળા ચૂર્ણની જેમ. વળી કિંચિત્ કર્મ સ્પૃષ્ટ બદ્ધ નિકાચીત કરેલ જીવ સાથે એકત્વપણાને પ્રાપ્ત થયું હોય તે કાલાંતરે વેદાય છે. એ રીતે સાંભળીને ગોષ્ઠા માહિલ બોલ્યો કે એમ માનતા મોક્ષનો અભાવ થશે. કેવી રીતે ? જીવથી કર્મ જુદા નહીં થાય. કારણ ? અન્યોન્ય વિભાગરહિત બદ્ધ હોવાથી સ્વપ્રદેશવત્.

કહ્યું છે — સાંભળીને ગોષ્ઠામાહિલે કહ્યું — આ વ્યાખ્યાન દોષવાળું છે. કેમકે એથી જીવપ્રદેશનો અને કર્મનો વિભાગ ન થવાથી મોક્ષાભાવ થશે. ઉક્ત કથનાનુસાર જીવ અને કર્મનો તાદાત્મ્ય સંબંધ થતા કર્મ, એ જીવથી ક્યારેય દૂર નહીં થાય - x - કદાપી મોક્ષ નહીં થાય. તેથી આ મારું કથન યુક્ત છે કે સ્પૃષ્ટ માત્રતારૂપ કર્મનો જીવની સાથે સંબંધ છે તથા જીવ કર્મ વડે સ્પૃષ્ટ છે, બદ્ધ નથી. કેમકે વિયોગ થાય છે. - x - x -

વિંધ્ય મુનિએ ગોષ્ઠામાહિલને કહ્યું — હે ભદ્ર! જે તેં કહ્યું કે જીવથી કર્મ જુદા થતા નથી. તે પ્રત્યક્ષતાથી બાધિત પ્રતિજ્ઞા છે. કેમકે આયુકર્મના વિયોગરૂપ મરણનું પ્રત્યક્ષપણું છે. હેતુ પણ અનેકાંતક છે, કેમકે અન્યોન્ય અવિભાગ સંબંધવાળા ક્ષીર-ઉદકાદિનો ઉપાય વડે વિયોગ થતો જોવાય છે. દૃષ્ટાંત પણ સાધનધર્મને અનુરૂપ નથી. કેમકે સ્વ પ્રદેશનું વિયોગપણું અસિદ્ધ છે. કેમકે તદ્રુપતા વડે અનાદિ સ્વરૂપ છે. જીવથી કર્મ ભિન્ન છે. વળી તારા મત મુજબ - x - કર્મ જીવના દરેક પ્રદેશને આકાશની જેમ સ્પર્શેલું છે કે ત્વગ્ માત્ર-કાંચળીની જેમ? જો તું એક પક્ષ સ્વીકારીશ તો કાંચળી વડે દરેક પ્રદેશ સ્પર્શીત નથી. બીજો પક્ષ સ્વીકારીશ તો ભવાંતરમાં જતાં કર્મ સાથે નહીં આવે. એ રીતે કર્મનું સાથે ન જવાપણું હોવાથી બધાં જીવો મોક્ષને ભજનારા થશે.

એ રીતે ઘણું સમજાવવા છતાં સ્વીકાર ન કર્યો ત્યારે તેને નિહ્નવ જાણી સંઘ બહાર કર્યો. તે આ અબદ્ધિક ધર્માચાર્ય.

[૬૮૯] ઉત્પત્તિના નગરો સાતેના ક્રમશઃ સાત જ સામાન્યથી વર્તમાનપણામાં પણ નગરોનું તદ્વિશેષગુણના અતીતપણાથી અતીતનો નિર્દેશ કરેલ છે. ऋषभपुर - રાજગૃહ. ઉલુકાનદીના કાંઠે રહેલ તે ઉલ્લુકાતીર નગર, पुरी - નગરી, अंतरंजीति - તેનું નામ - x -

આ નિહ્નવો સંસારે ભમતાં સાતા-અસાતા ભોગી થશે. માટે તેનું સ્વરૂપ હવેના સૂત્રમાં કહે છે—



**• સૂત્ર-૬૯૦ થી ૬૯૮ :-**

*[૬૯૦] સાતા વેદનીય કર્મનો અનુભાવ-સાત ભેદે કહ્યો છે — મનોજ્ઞ શબ્દ, મનોજ્ઞ રૂપ યાવત્ મનોજ્ઞ સ્પર્શ, મનસુખતા, વચનસુખતા.*

*અસાતા વેદનીય કર્મનો અનુભાવ સાત ભેદે કહેલ છે — અમનોજ્ઞ શબ્દો યાવત્ વચનદુખતા.*

*[૬૯૧] મઘા નક્ષત્ર, સાત તારાવાળા કહ્યા છે... અભિજિત આદિ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા કહ્યા છે તે આ — અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી... અશ્વિની આદિ સાત નક્ષત્રો દક્ષિણ દિશાના દ્વારવાળા કહ્યા છે. તે આ — અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ... પુષ્ય આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારવાળા કહ્યા છે — પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા... સ્વાતી આદિ સાત નક્ષત્રો ઉત્તર દ્વારવાળા કહ્યા છે — સ્વાતી, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.*

*[૬૯૨] જંબૂદ્વીપમાં સોમનસવક્ષસ્કાર પર્વતમાં સાત કૂટો છે—*

*[૬૯૩] સિદ્ધ, સોમનસ, મંગલાવતી, દેવકુરુ, વિમલ, કંચન, વિશિષ્ટ.*

*[૬૯૪] જંબૂદ્વીપમાં ગંધમાદન વક્ષસ્કાર પર્વતમાં સાત કૂટો છે—*

*[૬૯૫] સિદ્ધ, ગંધમાદન, ગંધીલાવતી, ઉત્તરકુરુ, સ્ફટિક, લોહિતાક્ષ અને આનંદન. આ સાત કૂટો જાણવા.*

*[૬૯૬] બેઇન્દ્રિય જીવોની જાતિ કુલકોટી યોનિ પ્રમુખ સાત લાખ છે.*

*[૬૯૭] જીવો સાત સ્થાન નિર્વર્તિત પુદ્ગલોને પાપકર્મપણાએ વૃદ્ધિ કરેલ છે-કરે છે-કરશે, તે આ પ્રમાણે — નૈરયિક નિર્વર્તિત યાવત્ દેવ નિર્વર્તિત. એ રીતે વૃદ્ધિ યાવત્ નિર્જરામાં જાણવું.*

*[૬૯૮] સાત પ્રદેશિક સ્કંધો અનંતા કહ્યા છે. સાત પ્રદેશ અવગાઢ પુદ્ગલો યાવત્ સાતગુણ રુક્ષ પુદ્ગલો અનંતા જાણવા.*

**• વિવેચન-૬૯૦ થી ૬૯૮ :-**

[૬૯૦] સૂત્ર સુગમ છે. વિશેષ એ — વિપાક ઉદયરસ, મનોજ્ઞ શબ્દ આદિ સાતાના ઉદયમાં કારણભૂત હોવાથી અનુભાવો જ કહેવાય છે. મનની શુભતા તે મનઃશુભતા. તે પણ સાતાના અનુભાવમાં કારણભૂત હોવાથી સાતાનો અનુભાવ કહેવાય છે. એ રીતે વચન શુભતા પણ જાણવી અથવા મનની સુખતા તે સાતાનો અનુભાવ કેમકે તેનો સ્વભાવ સાતાસ્વરૂપ છે. એ રીતે વચન સુખતા જાણવી. એ રીતે અસાતાનુભાવ જાણવો.

[૬૯૧] સાતા અસાતા અધિકારથી સાતા-અસાતાવાળા દેવવિશેષ પ્રરૂપવાને માટે સૂત્રપંચક કહે છે. તે સુગમ છે. વિશેષ એ — પૂર્વદ્વારવાળા અર્થાત્ જે નક્ષત્રોમાં પૂર્વદિશામાં જવાય છે. એ રીતે બાકીના પણ સાત સાત નક્ષત્રો જાણવા. આ અર્થમાં પાંચ મતો છે. જેથી ચંદ્રપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે — તેમાં આ પાંચ પ્રતિપતીઓ કહેલી છે—

(૧) કોઈ કહે છે — કૃતિકાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારવાળા કહ્યા છે. (૨) બીજા કોઈ મઘાદિ, (૩) અન્ય કોઈ ધનિષ્ઠાદિ, (૪) ઇત્તર અશ્વિની આદિ, (૫) કોઈ ભરણી આદિ સાતને પૂર્વદ્વારિક કહે છે... દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર દ્વારવાળા સાત-સાત નક્ષત્રો યથામત ક્રમથી જ જાણવા.. વળી અમે એમ કહીએ છીએ - અભિજિત્ આદિ સાત નક્ષત્રો પૂર્વદારિક કહ્યા છે.

એ રીતે દક્ષિણાદિ દ્વારવાળા પણ ક્રમશઃ જાણવા. તે અહીં છટ્ઠા મતને સ્વીકારીને સૂત્રો પ્રવૃત્ત છે. લોકમાં પ્રથમ મતને આશ્રીને આમ કહે છે. કૃતિકાદિ સાત પૂર્વમાં, મઘાદિ સાત દક્ષિણમાં ઇત્યાદિ - x -.

સંમુખ જતાં મનુષ્યોને ગમનમાં શુભ પ્રાપ્તિ થાય છે. પૂર્વ નક્ષત્ર સપ્તક ઉત્તર દિશાએ ગમનમાં મધ્યમ કહેલ છે. ઉત્તરનક્ષત્ર સપ્તક પૂર્વદિશાએ ગમનમાં મધ્યમ છે. દક્ષિણ સપ્તક પશ્ચિમમાં મધ્યમ છે. ઇત્યાદિ - x -

ઉક્ત દિશાને ઉલ્લંઘીને જે મૂઢો જાય છે, તે પરિઘ — શસ્ત્ર, વાયુ, અગ્નિરૂપ દિગ્રેખા સંબંધી કષ્ટમાં પડે છે, નિષ્ફલારંભ કાર્યવાળા થાય છે.

[૬૯૨] દેવાધિકારથી દેવ નિવાસકૂટ વિષયક બે સૂત્ર સરળ છે. કેવલ સૌમનસ નામક ગજદંત પર્વત ઉપર દેવકુરુની પશ્ચિમે કૂટો છે.

[૬૯૩] સિદ્ધાયતનથી ઓળખાતો કૂટ તે સિદ્ધકૂટ, મેરુ સમીપે છે. એ રીતે બધાં ગજદંતોમાં સિદ્ધાયતનો છે. બાકીના પરંપરાએ છે. સોમનસ કૂટ, સૌમનસ નામક તેના અધિષ્ઠાતા દેવના ભવનથી ઓળખાયેલ છે. એ રીતે મંગલાવતી અને દેવકુરુ કૂટ તેના-તેના નામના દેવના નિવાસરૂપ છે. યથાર્થ નામવાળા વિમલકૂટ અને કાંચનકૂટમાં ક્રમશઃ વત્સા અને વત્સમિત્રા નામની અધોલોકવાસી બે દિક્કુમારીના નિવાસભૂત છે. વશિષ્ટ કૂટ વશિષ્ટ નામના દેવના નિવાસભૂત છે. એ રીતે આગળ જાણવું.

[૬૯૪] ગંધમાદન ગજદંતક જ છે. તે ઉત્તરકુરુની પશ્ચિમે છે.

[૬૯૫] સરળ છે. વિશેષ એ — સ્ફાટિકકૂટ, લોહિતાક્ષકૂટ અધોલોકવાસી ભોગંકરા અને ભોગવતી નામક બે દિક્કુમરીના નિવાસરૂપ છે.

[૬૯૬] કૂટોને વિશે પણ પુષ્કરણીના જળમાં બેઇન્દ્રિયો હોય છે. માટે બેઇન્દ્રિય સૂત્ર. જાતિ-બેઇન્દ્રિયોની જાતિમાં જે કુલકોટિ છે તે જાતિકુલ કોટિ. તે એવી યોનિ પ્રમુખો - બે લાખની સંખ્યાએ બેઇન્દ્રિયના ઉત્પત્તિ સ્થાન દ્વારા. તે જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખ. તે લાખો છે. અર્થાત્ આ બેઇન્દ્રિયની જાતિમાં જ યોનિઓ છે. તેમાં ઉત્પન્ન કુલ કોટિઓની સંખ્યા સાત લાખની કહી છે. તેમાં યોનિ જેમ ગોમય, તેમાં એક યોનિમાં પણ વિચિત્ર આકારવાળા કૃમિ આદિ કુલો હોય છે. શેષ-પૂર્વવત્

**સ્થાન-૭-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિત અનુવાદ પૂર્ણ**



## ❀ સ્થાન-૮ ❀

— x — x —

૦ સાતમું અધ્યયન કહ્યું, હવે સંખ્યાક્રમના સંબંધથી આવેલ અષ્ટ સ્થાનક નામક આઠમું અધ્યયન કહે છે. તેનું પહેલું સૂત્ર—

● **સૂત્ર-૬૯૯ થી ૭૦૧ :-**

***[૬૯૯] આઠ ગુણોથી યુક્ત સાધુ એકલવિહાર પ્રતિમાને સ્વીકારી વિચરવા માટે યોગ્ય છે. તે આ — શ્રદ્ધાવાન્, સત્યવાદી, મેધાવી, બહુશ્રુત, શક્તિમાન્, અલ્પાધિકરણ, ધૃતિમાન્, વીર્યસંપન્ન.***

***[૭૦૦] આઠ ભેદે યોનિસંગ્રહ કહ્યો છે. તે આ — અંડજ, પોતજ, યાવત્ ઉદ્ભિજ, ઔપપાતિક... અંડજો આઠ ગતિવાળા અને આઠ આગતિવાળા કહ્યા છે. તે આ — અંડજ, અંડજોને વિશે ઉપજતો અંડજમાંથી, પોતજમાંથી યાવત્ ઔપપાતિકો-માંથી ઉત્પન્ન થાય. તે જ અંડજ, અંડજપણાને છોડતો અંડજપણામાં, પોતજપણામાં યાવત્ ઔપપાતિકપણામાં જાય. એ પ્રમાણે પોતજો પણ અને જરાયુજો પણ જાણવા. બાકીનાને આઠ ગતિ આગતી નથી.***

***[૭૦૧] જીવોએ આઠ પ્રકારની પ્રકૃતિને એકઠી કરી છે - કરે છે - કરશે. તે આ પ્રમાણે - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય... નૈરયિકોએ આઠ કર્મપ્રકૃતિને એકઠી કરી છે - કરે છે - કરશે.. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિકોમાં કહેવું. એ પ્રમાણે આઠ કર્મપ્રકૃતિઓનો ઉપચય કર્યો છે - કરે છે અને કરશે... એ રીતે ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદન અને નિર્જરા છે, તે ચોવીશે દંડકમાં કહેવા.***

● **વિવેચન-૬૯૯ થી ૭૦૧ :-**

[૬૯૯] આ સૂત્રનો પૂર્વ સૂત્ર સાથે આ સંબંધ છે - અનંતર પુદ્ગલો કહ્યા. તે કાર્મણો, પ્રતિમા વિશેષને અંગીકાર કરનારાઓના, વિશેષથી નિર્જરાય છે. માટે એકાકી વિહારપ્રતિમાને યોગ્ય પુરુષ નિરૂપાય છે. એ રીતે સંબંધવાળા આ સૂત્રની વ્યાખ્યા-સંહિતાદિની ચર્ચા પ્રસિદ્ધ જ છે.

વિશેષ એ કે — આઠ ગુણો વડે યુક્ત સાધુ યોગ્ય થાય છે. એકાકીપણે ગામાદિમાં વિચરવું તે જે અભિગ્રહ તે એકાકીવિહાર પ્રતિમા. જિનકલ્પપ્રતિમા અથવા માસિકી આદિ ભિક્ષુ પ્રતિમા, તેને સ્વીકારીને - x - ગ્રામાદિમાં વિચરવા. તે આ પ્રમાણે — (૧) શ્રદ્ધા-તત્ત્વોમાં શ્રદ્ધા-આસ્તિક્યવાળો કે અનુષ્ઠાનોમાં પોતાની રુચિવાળો - સકલ દેવોના નાયક વડે પણ ન ચલાવી શકાય એવા સમ્યક્ત્વ અને ચારિત્રવાળો. પુરુષજાત એટલે પુરુષ પ્રકાર.

(૨) સત્યવાદી, પ્રતિજ્ઞામાં શૂર હોવાથી અથવા સત્વોને હિતકર હોવાથી સત્ય, (૩) મેધા-શ્રુતગ્રહણની શક્તિવાળો હોવાથી મેધાવી અથવા મેધાવી એટલે મર્યાદામાં વર્તનાર, (૪) મેધાવીપણાથી પ્રચુર શ્રુત-આગમ સૂત્રથી તથા અર્થથી જેને છે, તે બહુશ્રુત. તે ઉત્કૃષ્ટથી અસંપૂર્ણ-કંઈક ન્યૂન દશ પૂર્વધર અને જઘન્યથી નવમા

પૂર્વની ત્રીજી વસ્તુને જાણનાર.

(૫) શક્તિમાન્-સમર્થ એટલે પાંચ પ્રકારની તુલના જેણે કરેલ છે એવો. તે આ પ્રમાણે – તપથી, સત્વથી, શ્રુતથી, એકત્વથી અને બલથી, એમ પાંચ પ્રકારે જિનકલ્પ સ્વીકારે તેણે પહેલા તુલના કરવી (૬) અલ્પાધિકરણ – કલહરહિત, (૭) ધૃતિમાન્ - ચિત્ત સ્વસ્થતા યુક્ત અર્થાત્ અરતિ, રતિ, અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરનાર, (૮) વીર્ય-ઉત્સાહનો અતિરેક, તેના વડે યુક્ત.. અહીં આદિના ચાર પદોમાં દરેક પદ સાથે પુરુષજાત શબ્દ દેખાય છે. તે પછીના ચારે પદોમાં પણ જોડવો.

[૭૦૦] આવા પ્રકારનો સાધુ બધાં પ્રાણીના રક્ષણમાં સમર્થ હોય છે. માટે તે પ્રાણીઓની યોનિના સંગ્રહને ગતિ-આગતિને કહે છે. ચાર સૂત્રો સુગમ છે. વિશેષ એ કે – ઔપપાતિક તે દેવ, નારક, સેસ - અંડજ, પોતજ, જરાયુજ સિવાયના રસજાદિ જીવોની ગતિ આગતિ આઠ પ્રકારે નથી. કેમકે રસજાદિ જીવો, બધા ઔપપાતિકમાં ઉત્પન્ન થતા નથી, માત્ર પંચેન્દ્રિયોમાં જ તેમની ઉત્પતિ થાય છે. તેમ બધા ઔપપાતિકો પણ રસજાદિમાં ઉપજતા નથી, કેમકે પંચેન્દ્રિય અને એકેન્દ્રિયોમાં જ તેઓની ઉત્પત્તિ છે. આ હેતુથી અંડજ, પોતજ અને જરાયુજના ત્રણ સૂત્રો જ હોય છે.

[૭૦૧] અંડજાદિ જીવો આઠ પ્રકારના કર્મના સંચયથી જ થાય છે. માટે ક્રિયા વિશેષરૂપ ચય આદિ છ સામાન્યથી અને નારકાદિ પદોને પ્રતિપાદન કરતા કહે છે – વ્યાખ્યા પૂર્વવત્. વિશેષ એ કે – ચયન - વ્યાખ્યાનાંતરથી એકત્ર કરવું, ઉપચયન - પરિપોષણ, બંધન - નિર્માપણ, ઉદીરણ - કરણ વડે આકર્ષીને દલિકને ઉદયમાં લાવવું. વેદન - અનુભવ અર્થાત્ ઉદય. નિર્જરા - પ્રદેશોથી દૂર કરવું. લાઘવને માટે અતિદેશ કરતાં કહે છે - જેમ ચયન ત્રણ કાળના વિશેષથી અને સામાન્ય વડે નારકાદિમાં કહ્યો. એ રીતે ઉપચય અર્થ કહેવો. એ રીતે ચયન આદિ ગાથાનો ઉત્તરાર્દ્ધ પૂર્વવત્ જાણવો. જે કારણથી ચયનાદિ છ પદો છે. તેથી જ સામાન્ય સૂત્રથી છ દંડક છે.

ચયનાદિ આઠ કર્મો સેવીને - x - કોઈક આલોચતો નથી તે કહે છે –

● **સૂત્ર-૭૦૨ :-**

*આઠ સ્થાને માયાવી માયા કરીને આલોચતો નથી, પ્રતિક્રમતો નથી યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારતો નથી. તે આ – (૧) મેં કર્યું છે, (૨) હું કરું છું, (૩) હું કરીશ, (૪) મારી અપકીર્તિ થશે, (૫) મારો અપયશ થશે, (૬) પૂજા-સત્કારની મને હાનિ થશે. (૭) કીર્તિની હાનિ થશે, (૮) યશની હાનિ થશે.*

*આઠ સ્થાને માયાવી માયા કરીને આલોચે યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકારે – (૧) માયાવીનો આ લોક ગર્હિત થાય છે, (૨) ઉપપાત ગર્હિત થાય છે, (૩) આજાતિ ગર્હિત થાય છે, (૪) એક વખત માયા કરીને ન આલોચે યાવત્ પ્રાયશ્ચિત ન સ્વીકારે તેને આરાધના થતી નથી, (૫) જે માયાવી માયા કરીને આલોચે યાવત્ સ્વીકારે, તેને આરાધના થાય છે, (૬) અનેક વાર માયા કરીને આલોચે આદિ, તેને આરાધના થાય છે. (૮) મારા આચાર્ય, ઉપાધ્યાયને અતિશયવાળા જ્ઞાન, દર્શન ઉત્પન્ન થાય તો મને માયાવી જાણે, માટે કરું.*



*જેમ લોઢું, તાંબુ, કલઈ, શીશું, રૂપું, સોનું ગાળવાની ભઠ્ઠી બળતી રહે છે, તલ, તુસ, ભુસા, નલ, પાંદડાનો અગ્નિ, દારુની ભઠ્ઠી, માટીનું વાસણ, ગોળ, નીંભાડો, ઈંટ આદિ બનાવવાનું સ્થાન, ગોળ બનાવવાની ભઠ્ઠી, લુહારની ભઠ્ઠી, તેમાં કેશુડાના ફૂલ, ઉલ્કાપાત જેવા જાજ્વલ્યમાન હજારો ચીનગારીઓ જેનાથી ઉછળી રહી છે, એવા અંગારા સમાન માયાવીનું હૃદય પશ્ચાત્તરૂપ અગ્નિથી નિરંતર બળતું રહે છે. માયાવીને સદા એવી આશંકા બની રહે છે કે આ બધા લોકો મારા પર જ શંકા કરે છે.*

*એ રીતે માયાવી માયા કરીને આલોચના-પ્રતિક્રમણ કર્યા વિના કાળ અવસરે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણાએ ઉત્પન્ન થાય તો તે આ પ્રમાણે – તે મહર્દ્ધિક યાવત્ સૌધર્માદિકમાં કે ચિરસ્થિતિકમાં ઉત્પન્ન થતો નથી. તે મહર્દ્ધિક યાવત્ ચિરસ્થિતિક દેવ થતો નથી. ત્યાં તેની બાહ્ય પર્ષદા, અભ્યંતર પર્ષદા હોય છે તે પણ તેનો આદર-સત્કાર કરતા નથી. મહાપુરુષને યોગ્ય આસન વડે નિમંત્રતા નથી. ભાષાને પણ બોલતા નથી. યાવત્ ચાર, પાંચ દેવો ભાષણનો નિષેધ કરવા નહીં કહ્યા છતાં ઉઠે છે અને કહે છે – હવે બહુ ન બોલ. તે દેવ તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિ ક્ષય પછી આંતરા રહિત ચ્યવીને આ જ મનુષ્ય ભવમાં નીચકુલોમાં ઉત્પન્ન થાય છે. જેમકે - અંતકુલ, પ્રાંતકુલ, તુચ્છકુલ, દરિદ્રકુલ, ભિક્ષુકુળ, કૃપણકુલ કે તેવા પ્રકારના કુળોમાં પુરુષપણે અવતરે છે.*

*તે પુરુષ ત્યાં દુરૂપ, દુર્વર્ણ, દુર્ગન્ધ, દુરસ, દુસ્પર્શ, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ, હીનસ્વર, દીનસ્વર, અનિષ્ટસ્વર, અકાંતસ્વર, અપ્રિયસ્વર, અમનોજ્ઞ સ્વર, અમણામ સ્વર, અનાદેય વચનવાળો થાય છે.*

*વળી જે તેની બાહ્ય-અભ્યંતર પર્ષદા છે, તે પણ તેનો આદર-સત્કાર કરતા નથી, મહાપુરુષ યોગ્ય આસન વડે નિમંત્રતા નથી, ભાષાને પણ બોલતા એવા તેનો યાવત્ ચાર-પાંચ જણા નિષેધ કરવા માટે નહીં કહેવા છતાં ઉઠીને, ન બોલવા કહે છે.*

*માયાવી, માયા કરીને તેને આલોચી-પ્રતિક્રમીને મૃત્યુ સમયે કાળ કરીને કોઈ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તે મહર્દ્ધિક યાવત્ ચિર સ્થિતિક દેવ થાય છે. તે ત્યાં મહર્દ્ધિક યાવત્ ચિર સ્થિતિક દેવ થઈને હાર વડે શોભિત હૃદયવાળો, કડા અને ત્રુટિત વડે સ્થંભિત ભુજાવાળો, અંગદ-કુંડલ-મુગટ-ગંડતલ-કર્ણપીઠધારી વિચિત્ર એવા – હસ્તાભરણ, વસ્ત્રાભરણ, માળા-મુગટ, કલ્યાણક પ્રવર એવા વસ્ત્ર પહેરનાર, ગંધ-માલ્ય-લેપનધર, ભાસુરબોંદી, લાંબી વનમાળાધર, દિવ્ય એવા-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘાત, સંસ્થાન, ઋદ્ધિ, દ્યુતિ, પ્રભા, છાયા, જ્યોતિ, તેજ, લેશ્યાથી દશે દિશાને ઉદ્યોતિત કરતો, પ્રકાશિત કરતો, મહત્ એવા શબ્દોથી રચિત નાટ્ય યુક્તગીત, વાજિંત્ર, તંત્રી, હસ્તતાલ, તાલ, ઢોલ આદિના મધુર ધ્વનિ સહ દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરે છે.*

*ત્યાં બાહ્ય-અભ્યંતર પર્ષદા તેનો આદર-સત્કાર કરે છે. મહાપુરુષને યોગ્ય*

***આસન વડે નિમંત્રે છે, ભાષા બોલતા એવા તેને યાવત્ ચાર પાંચ દેવો ન કહ્યા છતાં ઉભા થઈને તેને કહે છે — હે દેવ! તમે ઘણું બોલો. તે પણ તે દેવલોકથી આયુક્ષયાદિ થતાં ચ્યવીને આ મનુષ્ય ભવમાં આવા કુળોમાં જન્મે છે — ઇષ્ટ યાવત્ ઘણા લોકો મળીને પરાભવ ન કરી શકે તેવા પ્રકારના કુળોમાં જન્મે છે. ત્યાં તે પુરુષ સુરૂપ-સુવર્ણ-સુગંધ-સુરસ-સુસ્પર્શ, ઇષ્ટ, કાંત યાવત્ મણામ, અહીન સ્વર યાવત્ મણામ સ્વર, આદેય વચન થાય છે. જે તેની બાહ્ય-અભ્યંતર પર્ષદા હોય છે, તે પણ તેનો આદર કરે છે યાવત્ બહુ બોલવા કહે છે.***

**● વિવેચન-૭૦૨ :-**

માયી - માયાવાળો, માયં - ગુપ્તપણે માયા પ્રધાન અતિચાર, માયા વડે કરીને તેને આલોચે નહીં - ગુરુ સમક્ષ નિવેદન ન કરે, મિથ્યા દુષ્કૃત્ આપી પ્રતિક્રમે નહીં, યાવત્ શબ્દથી આત્મ સાક્ષીએ નિંદે નહીં, ગુરુ સમક્ષ ન ગર્હે, અતિચારથી નિવર્તે નહીં, શુદ્ધ ભાવજળથી અતિચારરૂપ કલંકને શુદ્ધ ન કરે, ફરી ન કરવા તૈયાર ન થાય, તથા યથાર્હ પ્રાયશ્ચિત્ત-તપને સ્વીકારે નહીં. તે આ રીતે — (૧) હાલ હું તે અતિચારને કરું છું, તો નિવૃત્ત ન થયેલાને આલોચનાદિ ક્રિયા કેવી ? (૨) ભાવિમાં હું કરીશ માટે આલોચનાદિ યુક્ત નથી. (૩) શેષ સ્પષ્ટ છે. વિશેષ એ કે — अकीर्ति - એક દિશામાં વિસ્તરનારી અપ્રસિદ્ધિ, અવર્ણ-સર્વ દિશામાં વિસ્તરતિ અપ્રસિદ્ધિ, આ બંને મારે થશે. અપનય-મારે પૂજા સત્કારાદિનું દૂર થવું થશે. તથા વિધમાન કીર્તિ કે યશની મારે હાનિ થશે. - - ઉક્ત અર્થના વિપર્યયને કહે છે.

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - માયી - આ દોષ કરવાના અવસરમાં, પણ આલોચના અવસરે નહીં, કેમકે માયાવીની આલોચનાદિમાં પ્રવૃત્તિ હોતી નથી. માયા - અપરાધ લક્ષણ કરીને આલોચે આદિ. માયાવીને જ આલોચના ન કરવામાં આ અનર્થ છે, તે કહે છે — આ લોક ગર્હિત થાય છે. સાતિચારત્વથી નિંદિતપણું છે. કહ્યું છે — પ્રગટ અને ગુપ્ત સેંકડો દોષ સેવનાર, ભય અને ઉદ્વેગવાળો એવો જડ લોકોને અવિશ્વાસ ઉત્પન્ન કરતો ધિગ્ જીવન જીવે છે.

તથા દેવ જન્મ ગર્હિત-કિલ્બિષિકાદિપણાથી. કહ્યું છે — તપનો ચોર, વચનચોર, રૂપચોર, આચાર અને ભાવચોર કિલ્બિષિક દેવ થાય છે, आजाति - ત્યાંથી ચ્યવીને મનુષ્ય જન્મ, જાતિ-ઐશ્વર્ય-રૂપાદિ રહિતતાથી ગર્હિત થાય છે. કહ્યું છે કે — દેવલોકથી ચ્યવીને તે મુંગાપણું પામે છે નરક, તિર્યંચ યોનિને પામે અથવા બોધિ દુર્લભ થાય તે સ્થાને ઉપજે.

માયાવી એક અતિચાર રૂપ માયા કરીને પણ જે આલોચે નહીં આદિ, તેને જ્ઞાનાદિ મોક્ષમાર્ગની આરાધના નથી, તે અનર્થ છે. કહ્યું છે — લજ્જાથી, ગારવથી, બહુશ્રુતત્વના મદથી, પોતાનું દુશ્ચરિત્ર જે ગુરુને કહેતા નથી તે આરાધક થતા નથી. તે શસ્ત્ર વિષ, દુષ્પ્રયુક્ત વૈતાલ, દુષ્પ્રયુક્ત યંત્ર કે સર્પ પણ પ્રમાદિ પુરુષને તે દુઃખ ન આપે જે દુઃખ ઉત્તમાર્થ કાલે ન ઉદ્ધરેલ શલ્ય આપે છે. કેમકે શલ્ય દુર્લભ બોધિત્વ અને અનંત સંસારીત્વ આપે છે.



एकामपि० આદિ વડે અર્થ પ્રાપ્તિ કહેલી છે. કહ્યું છે કે — ઉદ્ધૃત સર્વ શલ્ય એવો ભક્તપરિજ્ઞામાં અતિ ઉપયોગવંત બની મરણારાધનામાં યુક્ત, ચંદ્રવેધને સંપૂર્ણ કરે છે તે એકાદિ અતિચાર કરી આલોચના કરે તે. એ રીતે ઘણાં અતિચારરૂપ માયા કરીને આલોચના ન કરવાથી અનર્થરૂપ છટ્ઠું, આલોચના ન કરવાથી લાભ થવા રૂપ સાતમું તથા મારા આચાર્ય ઉપાધ્યાયને અતિશયવાળા જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય તો જાણશે કે આ માયાવી છે. એવા પ્રકારના ભયથી આલોચે છે તે આઠમું.

શેષ સૂત્ર, આ લોક, ઉપપાત અને આજાતિ ગર્હિતરૂપ ત્રણ પદના વિવરણથી જાણવા યોગ્ય છે, તેમાં માયાવી માયા કરીને કેવો થાય તે કહ્યું છે, એ શેષ વાક્ય સમજવું - x - દૃષ્ટાંત ઉપન્યાસ છે. - x - લોહાકર-જ્યાં લોઢું ધમાય છે, - x - ધાન્ય વિશેષ રૂપ તલના અવયવો તેને બાળવામાં પ્રવૃત્ત અગ્નિ તે તિલાગ્નિ, એ રીતે બીજા અગ્નિ પણ જાણવા. વિશેષ એ — तुष - કોદ્રવાદિના ફોતરાં, बुस - યવાદીના કંકર, नल - પોલો, સરના આકાર જેવો. दलानि - પાંદડા, सुंडिका - પેટી આકારે દારુ બાફવાનું વાસણ કે કડાઈ, लिंछाणि - ચૂલીના સ્થાનો, - x - કોઈ કહે છે દેશભેદથી રૂઢિથી આ લોટને પચાવનારા અગ્નિ આદિ ભેદો છે, તેથી અહીં સંભાવના કરી છે તથા મોટી થાળી કે હાંડલી. - x - કુંભારનો પાક-વાસણ પચાવવાનું સ્થાન, कवेल्लुकानि - નળીઆઓ. जंतवाडचुल्ली - ઈક્ષુયંત્રપાટચુલ્લી. લોઢાની ભઠ્ઠીના સ્થાનો, ઉષ્ણ, તુલ્ય, જાજ્વલ્યપણાથી, અગ્નિ વડે થયેલ તે સમજ્યોતિભૂત. - x - x - ઇત્યાદિ ઇંધનોથી દીપે છે.

ઉક્ત દૃષ્ટાંતનું દાર્ષ્ટાંતિકપણું કહે છે - ઉક્ત રીતે પશ્ચાત્તાપરૂપ અગ્નિ વડે બળે છે. દોષનો કરનારો હોવાથી, હું એનાથી આશંકા કરું છું કહ્યું છે — ખંડિત ચારિત્રવાળો નિત્ય શંકિત અને ભયભીત રહે છે. બધા તેને જાણે છે, સાધુજનને તે માનવા યોગ્ય નથી, મરીને પણ તે દુર્ગતિમાં જાય છે. આ વાક્ય વડે અનાલોચકનો આ લોક ગર્હિત થાય છે.

પાઠાંતરથી માયાવી માયા કરીને આદિ વડે ઉપપાત ગર્હિત થાય છે. એમ બતાવે છે. મરણ અવસરે - મરણના મુહૂર્ત્ત કાળે મરીને અન્યતર વ્યંતરાદિ દેવપુરુષો મધ્યે વચનના બદલવાથી ઉપજનારો થાય છે. પરિવારાદિ ઋદ્ધિ વડે મોટી ઋદ્ધિવાળા દેવોમાં નહીં, શરીર અને આભરણાદિની શોભા વડે મહાદ્યુતિવાળા દેવોમાં નહીં. વૈક્રિયાદિ શક્તિથી મહાપ્રભાવવાળા દેવોમાં નહીં. મહાબલ કે મહાસૌખ્યવાળા દેવોમાં નહીં, સૌધર્માદિમાં નહીં, સાગરોપમ સ્થિતિમાં નહીં.

તે દેવલોકમાં બાહ્ય-નજીક નહીં - દાસાદિની જેમ, અભ્યંતર - નજીકમાં રહેલ પુત્ર-કલત્રાદિવત્, પરિવાર જે હોય તે પણ આદર કરતા નથી, સ્વામીરૂપે માનતા નથી, મોટા પુરુષને યોગ્ય તે મહાર્હ આસન વડે નિમંત્રતા નથી. દુર્ભાગ્યના અતિશયથી તેને યાવત્ ચાર-પાંચ દેવો બોલવાનો નિષેધ કરવા પ્રયત્ન કરે છે. કેવી રીતે? "ઘણું બોલ નહીં." આ વાક્ય વડે ઉપઘાત સંબંધી ગર્હા કહી. આ જાતિનું ગર્હિતપણું કહે છે—

તે આલોચના ન કરનાર, તે વ્યંતરાદિ સ્વરૂપ દેવલોકની સ્થિતિ થકી

આયુકર્મના પુદ્‌ગલને નિર્જરવા વડે, ભવક્ષય-આયુકર્માદિના નિબંધનરૂપ દેવપર્યાયના નાશ થવા વડે, આયુષ્યની સ્થિતિના બંધનો ક્ષય થવા વડે અથવા દેવભવના નિબંધનભૂત શેષકર્મના ક્ષય થવા વડે આયુષ્યના ક્ષય પછી તુરંત જ ચ્યવીને આ પ્રત્યક્ષ મનુષ્યભવમાં પુરુષપણે ફરી આવે છે. આ સંબંધ છે. કયા કુલોમાં, કયા કુટુંબોમાં, કેવા પ્રકારે?

જેમકે — વરુટ, છિપાદિ અંતઃકુલો, ચાંડાલાદિ પ્રાંતકુલો, અલ્પ મનુષ્યવાળા કે અગંભીર આશયવાળા, ઐશ્વર્યાદિરહિત દરિદ્રકુલો, તર્કણવૃત્તિવાળા કૃપણકુલો, નટ અને નગ્નાચાર્યના કુલો, ભીખ માગતા કે તેવા પ્રકારના લિંગિઓના કુલો. તેવા પ્રકારના કુલોમાં ફરી જન્મે છે.

इष्ट - પ્રયોજનવશાત્ જે ઇચ્છેલ છે તે, कांत - કાંતિના યોગથી, प्रिय - પ્રેમના વિષયવાળા, मनोज्ञ - શુભ સ્વભાવવાળા, मणाम - મન વડે ગમે છે, સૌભાગ્યથી અનુસ્મરણ કરાય છે તે, આ ઇષ્ટાદિના નિષેધથી પ્રસ્તુત અનિષ્ટાદિ વિશેષણો છે. તથા હીન-ટુંકોસ્વર, દીન-દીનતાવાળો પુરુષ સંબંધી સ્વર છે જેને તે દીનસ્વર, અનાદેય વચનવાળો જે થયો છે તે અનાદેય પ્રત્યાજાત અથવા અનાદેય વચનવાળો. શેષ સુગમ છે. યાવત્ भासड શબ્દથી પ્રત્યાજાતિનું ગર્હિતપણું કહ્યું. मायी ઇત્યાદિ વડે આલોચના કરનારને ઈહલોકાદિ ત્રણ સ્થાનમાં અગર્હિતપણું ઉક્ત સ્વરૂપ થકી વિપર્યય સ્વરૂપને કહે છે—

હાર વડે સુશોભિત હૃદય છે જેનું તે, કડાઓ પ્રસિદ્ધ છે. તુટિત-બાહુના આભરણ વિશેષ. તેના વડે સ્થંભિત છે બંને ભૂજાઓ જેની તે, બે કાન જ પીઠ સ્થાન છે, કુંડલના આધારપણાથી જેને તે કર્ણપીઠ, મૃષ્ટ-ઘસાયેલ, ગંડતલ-ગાલનો ભાગ અને કર્ણપીઠ, જે બેથી તે મષ્ટગંડતલકર્ણપીઠ, તેવા કુંડલો. - x - અંગદ-કેયુર તે બાહુનું આભરણ વિશેષ. કુંડલ અથવા અંગદ, કુંડલ અને ઘસાયેલ ગંડતલ કર્ણપીઠ-કાનના આભરણ વિશેષોને જે ધારણ કરે છે તે. તથા વિવિધ હસ્તાભરણો-વીંટી વગેરે છે જેને તે વિચિત્ર હસ્તાભરણ તથા વિવિધ વસ્ત્રો અને આભરણો છે જેને અથવા વસ્ત્રો જ આભરણો અથવા અવસ્થાને ઉચિત આભરણો જેને છે તે, વિચિત્ર વત્થાભરણ અથવા વિચિત્ર વસ્ત્રાભરણ.

— વિચિત્ર માલા-પુષ્પમાલા, મૌલિ-મુગટ જેને છે અથવા વિચિત્ર માળાઓનો મુગટ જેને છે તે વિચિત્રમાલા મૌલિ.. કલ્યાણક-માંગલ્ય, પ્રવર-મૂલ્યાદિ વડે શ્રેષ્ઠ-કિંમતી વસ્ત્રો પહેરેલા છે જેણે અથવા તે વસ્ત્રો પ્રત્યે જ વસેલ છે તે. પાઠાંતરથી-કલ્યાણક પ્રવર એટલે પ્રવર ગંધ, માળામાં સુંદર પુષ્પ અને ચંદનાદિનું અનુલેપન, તેને જે ધારણ કરે છે તે કલ્યાણક-પ્રવર-ગંધ-માલ્યાનુલેપન-ધર.. ભાસ્વર-તેજસ્વી, બોંદી-શરીર છે જેનું તે ભાસ્વરબોંદી.. લાંબી એવી વનમાળા-આભરણ વિશેષને જે ધારણ કરે છે, તે પ્રલંબનમાલધર.

દિવ્ય-સ્વર્ગસંબંધી-પ્રધાન વર્ણાદિ વડે યુક્ત, સંઘાત-વજ ઋષભ નારાચ લક્ષણ સંઘયણ વડે, સમચતુરસ્ર સંસ્થાન વડે, વિમાન આદિ ઋદ્ધિ વડે, તથાવિધ



દ્રવ્ય યોજનરૂપ ભક્તિરૂપ યુક્તિ વડે, પ્રભવ-માહાત્મ્ય વડે, પ્રતિબિંબરૂપ છાયા વડે, અર્ચિષા-શરીરથી નીકળેલ તેજની જ્વાલા વડે, શરીરની કાંતિ વડે, અંતર્‌પરિણામરૂપ શુક્લ આદિ લેશ્યા વડે, સ્થૂળ અને સૂક્ષ્મ વસ્તુને બતાવવા વડે - x -

મહતા-પ્રધાન કે મોટા રવ વડે. अहतः ગુંથેલ આ રવનું વિશેષણ છે નૃત્ય વડે યુક્ત તે નાટ્યગીત, કરેલ શબ્દવાળા વાંજિત્રો, તંત્રી-વીણા, તલ-હસ્તતાલ, તાલ-કાંશિકા, તૂર્ય-ઢોલ આદિ તે વાદિત તંત્રી તાલ તૂર્ય. તેને તથા મેઘના જેવો મૃદંગ ધ્વની. તે આ દક્ષતાથી જે વગડાવેલ છે તે ઘનમૃદંગપટુ પ્રવાદિત. તેઓના શબ્દ રૂપ સાધન વડે અથવા આખ્યાનક વડે જ ગુંથેલ જે નાટ્ય, તેનાથી યુક્ત તે ગીત. અહીં મૃદંગ ગ્રહણ વાજિંત્રો મધ્યે તેના પ્રધાનત્વથી છે.

ભોગ્યને યોગ્ય ભોગો - શબ્દાદિ તે ભોગભોગો, તેને અનુભવતો વિચરે છે અર્થાત્ ક્રીડા કરે છે. ભાષાને બોલતા એવા તેને, એક-બે સૌભાગ્યના અતિશયથી યાવત્ ચાર-પાંચ દેવો કોઈના પ્રેર્યા વિના બોલવાની પ્રવૃત્તિ માટે પોતાનું સંમતપણું જણાવવા પ્રવૃત્ત થાય છે. આ રીતે આલોચના કરનારનું ઉપપાત સંબંધી અગર્હિતપણું કહ્યું. એમ કહેવાથી આ લોકમાં અગર્હિતપણું, લઘુતા, આહ્લાદાદિ આલોચના ગુણના સદ્‌ભાવ વડે કહેવા યોગ્ય છે - x - x -

હવે તેના જ પ્રત્યાજાતિ અગર્હિતપણાને કહે છે — ધનવાળા, યાવત્ શબ્દથી દીપ્ત પ્રસિદ્ધ છે અથવા દૃપ્ત-ગૌરવવાળા, વિસ્તારવાળા વિપુલ ભવનો — ઘરો, શયન-પલંગાદિ, આસન-સિંહાસનાદિ, યાન રથ આદિ, વાહનો-વેગવાળા અશ્વાદિ, આ જે કુલોને વિશે હોય તે. ક્યાંક वाहणाइन्नाइं - પાઠ છે, તેમાં વિસ્તીર્ણ ભવનાદિથી આકીર્ણયુક્ત એમ અર્થ કરવો તથા બહુ ધન-ગણિમ, ધરિમ આદિ તે છે જેને વિશે તે તથા બહુ જાતરૂપ - સોનું અને ચાંદી છે જે કુલોમાં તે, - x - આયોગ-દ્રવ્યના બમણાદિ લાભ વડે, પ્રયોગ-વચાજે પૈસા દેવા, તેમાં પ્રવર્તેલા કે તેના વડે પ્રવર્તેલા તે આયોગપ્રયોગ સંપ્રયુક્ત.

વિચ્છર્દિત-ઘણાં લોકોએ ભોજન કર્યા બાદ અવશેષપણે રહેલ અથવા વિભૂતિવાળા વિવિધ પ્રકારના ખાવા લાયક ભોજન, ચૂસવા યોગ્ય, ચાટવા યોગ્ય, પીવા યોગ્ય આહારના ભેદયુક્તપણે પ્રચુર ભક્તપાન છે જે કુલોમાં તે. જેમાં ઘણાં દાસ, દાસી છે તેવા કુળોમાં, ગાય-ભેંસ પ્રસિદ્ધ છે. ગવેલક-ઘેટા જે કુળોમાં ઘણા છે તે અથવા જે કુળોમાં ઘણાં દાસી આદિ થયા છે તેવા કુળોમાં, ઘણાજનોને પરાભવ નહીં કરવા યોગ્ય અથવા ઘણાં લોકો વડે અપરિભૂત. અપાપ કર્મવાળા મા-બાપનો જે પુત્ર તે આર્યપુત્ર. આ કથનથી આલોચકને કહ્યો.

આલોચન કરેલ પુરુષો સંવરવાળા હોય છે, માટે સંવરને કહે છે—

● **સૂત્ર-૭૦૩ થી ૭૦૫ :-**

***[૭૦૩] સંવર આઠ ભેદે કહ્યો છે — શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શ ઇન્દ્રિય સંવર, મન સંવર, નયન સંવર, કાય સંવર... આઠ પ્રકારે અસંવર કહેલ છે - શ્રોત્રેન્દ્રિય અસંવર યાવત્ કાયઅસંવર.***

*[૭૦૪] સ્પર્શો આઠ ભેદે કહ્યા છે — કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ.*

*[૭૦૫] લોક સ્થિતિ આઠ પ્રકારે છે - આકાશ પ્રતિષ્ઠિત વાયુ આદિ સ્થાન-૬-માં કહ્યા મુજબ યાવત્ કર્મપ્રતિષ્ઠિત જીવ, અજીવો જીવોથી સંગૃહીત છે, જીવો કર્મોથી સંગૃહિત છે. અર્થાત્ બદ્ધ છે.*

● **વિવેચન-૭૦૩ થી ૭૦૫ :-**

[૭૦૩] સૂત્ર સુગમ છે. કાયસંવર કહ્યો, કાય સ્પર્શયુક્ત હોય તેથી—

[૭૦૪] સ્પર્શ સૂત્ર, તે સુગમ છે. સ્પર્શો આઠ જ છે, આ લોક સ્થિતિ છે, માટે અહીંથી લોકની સ્થિતિ-મર્યાદા વિશેષને કહે છે—

[૭૦૫] લોકસ્થિતિ સુગમ છે તે આ — (૧) આકાશ પ્રતિષ્ઠિત વાયુ, (૨) વાયુ પ્રતિષ્ઠિત ઉદધિ, (૩) ઉદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી, (૪) પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ, સ્થાવર પ્રાણી-મનુષ્યાદિ, (૫) જીવ પ્રતિષ્ઠિત અજીવ - શરીર પુદ્‌ગલ, (૬) કર્મ પ્રતિષ્ઠિત-કર્મવશવર્તિતત્વથી જીવો, (૭) પુદ્‌ગલ, આકાશાદિ અજીવો જીવો વડે સ્વીકારાયા છે, કેમકે જીવોને અજીવો વિના સર્વ વ્યવહારનો અભાવ છે (૮) જીવો, જ્ઞાનાવરણાદિ કર્મો વડે બંધાયેલા છે.

છટ્ઠા પદમાં જીવના ઉપગ્રાહકત્વથી કર્મની આધારતાની વિવક્ષા કરી, અહીં તેની જ જીવના બંધનપણારૂપ વિવક્ષા છે, તે વિશેષ છે.

આ લોકની સ્થિતિ સ્વસંપદ્‌યુક્ત ગણિવચનથી થાય છે. તેથી કહે છે—

● **સૂત્ર-૭૦૬ થી ૭૦૮ :-**

*[૭૦૬] આઠ પ્રકારે ગણિ સંપદા કહી છે — આચાર સંપદા, શ્રુત સંપદા, શરીર સંપદા, વચન સંપદા, વાચના સંપદા, મતિ સંપદા, પ્રયોગ સંપદા, સંગ્રહ પરિજ્ઞા સંપદા.*

*[૭૦૭] એક એક મહાનિધિ, આઠ ચક્ર ઉપર પ્રતિષ્ઠિત છે, તે આઠ-આઠ યોજન ઉર્ધ્વ-ઉચ્ચત્વથી કહેલ છે.*

*[૭૦૮] આઠ સમિતિઓ કહી છે. ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણા સમિતિ, આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ, ઉચ્ચાર પ્રસ્રવણ૰ સમિતિ, મન સમિતિ, વચન સમિતિ, કાય સમિતિ.*

● **વિવેચન-૭૦૬ થી ૭૦૮ :-**

[૭૦૬] ગણ - ઘણો કે અતિશયવાળો ગુણોનો અથવા સાધુઓનો સમુદાય જેને છે તે ગણી-આચાર્ય, તેની સમૃદ્ધિ તે ગણિસંપત્. તેમાં—

(૧) આચરવું તે આચાર-અનુષ્ઠાન, તે જ વિભૂતિ અથવા તેની પ્રાપ્તિ તે આચાર સંપત્. તે ચાર ભેદે છે - સંયમ ધ્રુવયોગયુક્તા-ચારિત્રમાં હંમેશા સમાધિ ઉપયુક્તતા, અસંપગ્રહ-આત્માને જાત્યાદિ અહંકારરૂપ આગ્રહનું વર્જવું. અનિયતવૃત્તિ-અનિયત વિહાર. વૃદ્ધશીલતા-શરીર, મનની નિર્વિકારતા.. એ રીતે (૨) શ્રુતસંપત્ પણ ચાર પ્રકારે છે - તે આ - બહુશ્રુતતા-યુગપ્રધાન આગમતા,





પરિચિત સૂત્રતા, સ્વસમયાદિ ભેદથી વિચિત્ર સૂત્રતા, ઉદાત્તાદિના વિજ્ઞાનથી ઘોષ વિશુદ્ધિ કરતા.

(૩) શરીર સંપત્ ચાર પ્રકારે છે — આરોહપરિણાહ યુક્તતા-યોગ્ય લંબાઈ-પહોળાઈ, અનવત્રપતા-અલજ્જનીય અંગપણું, પરિપૂર્ણ ઇન્દ્રિયપણું, સ્થિર સંહનનપણું..

(૪) વચનસંપત્ ચાર પ્રકારે છે - આદેય વચનતા, મધુર વચનતા, અનિશ્રિત વચનતા, અસંદિગ્ધ વચનતા.

(૫) વાચનાસંપત્ ચાર પ્રકારે છે — જાણીને ઉદ્દેશન કરવું, પરિણત આદિ શિષ્ય જાણીને સમુદ્દેશન કરવું, પરિનિર્વાપ્ય વાચના-પૂર્વદત્ત આલાપકોને પરિપક્વ કરાવીને શિષ્યને ફરી સૂત્ર આપવું, અર્થનિર્યાપણા-અર્થની પૂર્વાપરની સંગતિ વડે અર્થની ગમનિકા.

(૬) મતિસંપત્ ચાર ભેદે છે - અવગ્રહ, ઈહા, અપાય, ધારણા.. (૭) પ્રયોગ સંપત્ ચાર ભેદે છે - અહીં પ્રયોગ એટલે વાદવિષય, તેમાં (૧) વાદાદિ સામર્થ્ય વિષયમાં આત્મ પરિજ્ઞાન (૨) વાદીનો કયો નય છે તેનું-પુરુષ પરિજ્ઞાન, (૩) ક્ષેત્ર પરિજ્ઞાન, (૪) વસ્તુ પરિજ્ઞાન.

(૮) સંગ્રહપરિજ્ઞા-સ્વીકારનું જ્ઞાન તે. તેમાં જ્ઞાન. તે ચાર ભેદે છે - બાલાદિ યોગ્ય ક્ષેત્ર વિષયા, પીઠ ફલકાદિ વિષયા, યથા સમય સ્વાધ્યાય અને ભિક્ષાદિ વિષયા, યથોચિત વિનય વિષયા. - - આચાર્યો જ ગુણરત્ન નિધાન છે, તેથી નિધાનના પ્રસ્તાવથી હવે નિધિને કહે છે.

[૭૦૭] એક એક મહાનિધિ-ચક્રવર્તી સંબંધી, તે આઠ ચક્ર ઉપર રહેલી મંજૂષાવત્ છે. તેનું સ્વરૂપ આ છે — નવ યોજન વિસ્તીર્ણ, બાર યોજન લાંબા, આઠ યોજન ઉંચા, ૧૦૦૦ યક્ષથી અધિષ્ઠિત આઠ ચક્રો પર રહેલ છે. - - દ્રવ્ય નિધાન કહ્યા, હવે ભાવ નિધાનરૂપ સમિતિ—

[૭૦૮] સમ્યક્ પ્રવૃત્તિ તે સમિતિ. (૧) ઈર્યા-ગમનમાં સમિતિચક્ષુના વ્યાપારપૂર્વક પ્રવૃત્તિ તે ઇર્યાસમિતિ. (૨) નિરવધ ભાષણથી ભાષા સમિતિ. (૩) ઉદ્‌ગમાદિ દોષ વર્જન તે એષણા સમિતિ, (૪) લેવામાં ભાંડ માત્રા-ઉપકરણ માત્રા અથવા વસ્ત્રાદિ ઉપકરણ કે માટીમય પાત્રની અને સાધુના ભાજન વિશેષ માત્રકની સુપ્રત્યુપેક્ષિત-પ્રમાર્જિત મૂકવા. (૫) ઉચ્ચાર, પ્રશ્રવણ, ખેલ-થૂંક, સિંઘાન-નાકનો મેલ, જલ્લ-મેલને પરઠવવામાં સમિતિ-સ્થંડિલ વિશુદ્ધિ ક્રમથી કરવી તે. (૬) મનની કુશળતા, (૭) વચનની કુશળતા, (૮) કાયાની કુશળતા રૂપ ત્રણે સમિતિ.

સમિતિમાં અતિચારાદિમાં આલોચના દેવી જોઈએ, તેથી આલોચનાચાર્ય, આલોચક સાધુ, પ્રાયશ્ચિત્ત સ્વરૂપના સૂત્રને કહે છે—

● **સૂત્ર-૭૦૯ થી ૭૧૧ :-**

*[૭૦૯] આઠ ગુણોથી સંપન્ન અણગાર આલોચના આપવાને યોગ્ય છે — આચારવાન્, અવધારણાવાન્, વ્યવહારવાન્, અપવ્રીડક, શુદ્ધિ કરવામાં સમર્થ, અપરિશ્રાવી, નિર્યાપક, અપાયદર્શી... આઠ ગુણસંપન્ન સાધુ દોષની આલોચના*

*કરી શકે :– જાતિ-કુલ-વિનય-જ્ઞાન-દર્શન-ચારિત્રસંપન્ન, ક્ષાંત, દાંત.*

*[૭૧૦] પ્રાયશ્ચિત્ત આઠ ભેદે કહ્યું છે – આલોચના યોગ્ય, પ્રતિક્રમણ યોગ્ય, તદુભય યોગ્ય, વિવેક યોગ્ય. વ્યુત્સર્ગ યોગ્ય, તપ યોગ્ય, છેદ યોગ્ય, મૂલ યોગ્ય.*

*[૭૧૧] આઠ મદસ્થાનો કહ્યા છે – જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ, ઐશ્વર્યમદ.*

● **વિવેચન-૭૦૯ થી ૭૧૧ :-**

[૭૦૯] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે – (૧) आयारव - જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચારવાન્-જ્ઞાનક્રિયાથી યુક્ત. (૨) आहारवं - અવધારણાવાન્, આલોચના કરનારે ન આલોચેલ અતિચારોનો નિશ્ચય કરનાર. - x -

(૩) વ્યવહારવાન્ - ઉક્ત સ્વરૂપવાળા આગમ-શ્રુત-આજ્ઞા-ધારણા-જીતલક્ષણ પાંચ વ્યવહારનો જ્ઞાતા. (૪) અપવ્રીડક-લજ્જારહિત કરે છે. અર્થાત્ જે લજ્જાથી સમ્યગ્ આલોચના ન કરતો હોય, તે જેમ બધાં દોષો સમ્યક્ આલોચે તેમ કરે છે - x - x -

(૫) पकुव्वए - આલોચના કર્યા છતાં જે પ્રકર્ષથી શુદ્ધિને કરાવે છે તે પ્રકારી. - x - (૬) અપરિશ્રાવી-જેના મુખથી ગુપ્ત વાત શ્રવતી નથી - આલોચકના દોષોને સાંભળીને બીજા પાસે પ્રતિપાદન ન કરવાના સ્વભાવવાળો તે. - x - (૭) નિર્યાપક - એ રીતે નિર્યાપના કરે છે કે જેમ શિષ્ય, મોટા પ્રાયશ્ચિત્તનો પણ નિર્વાહ કરી શકે છે તે. - x -

(૮) અપાયદર્શી - अपाय - અનર્થ, શિષ્યના અનર્થોને જોવાના અનિર્વાહ આદિ. દુર્ભિક્ષ અને દુર્બલતાથી કરાયેલ અનર્થોને જોવાના સ્વભાવવાળો અથવા સમ્યગ્ આલોચના ન કરવામાં દુર્લભબોધિત્વ આદિ અપાયો શિષ્યોને બતાવે છે તે. - x -

अत्तदोस - પોતાનો અપરાધ. (૧) જાતિ-માતૃપક્ષ, (૨) કુલ-પિતૃપક્ષ, જે બંને વડે સંપન્ન હોય તે પ્રાયઃ અકૃત્યને ન કરે. કરીને પશ્ચાત્તાપથી આલોચના કરે છે માટે બંનેનું ગ્રહણ કરે છે. - x - (૩) વિનયસંપન્ન સુખથી જ આલોચે છે. (૪) જ્ઞાનસંપન્ન, દોષવિપાક કે પ્રાયશ્ચિત્તને જાણે છે. - x - (૫) દર્શનસંપન્ન-હું શુદ્ધ છે એમ સદ્દહે છે. (૬) ચારિત્ર સંપન્ન વારંવાર અપરાધ કરતો નથી, સમ્યક્ આલોચે છે, પ્રાયશ્ચિત્તને નિર્વાહે છે - x - (૭) ક્ષાંત-ક્ષમાવાળો, આચાર્યએ કઠોર વચન કહ્યું હોય તો પણ રોષ કરતો નથી. - x - (૮) દાંત-આપેલ પ્રાયશ્ચિત્તનો નિર્વાહ કરવા માટે સમર્થ હોય છે - x -

[૭૧૦] આલોચના ઇત્યાદિ. પ્રાયઃ વ્યાખ્યાત છે.

[૭૧૧] જાતિ આદિ મદ હોય તો આલોચનામાં પ્રવર્તતો નથી માટે મદના સ્થાનનું સૂત્ર છે. તેનો અર્થ કહેલો છે. વિશેષ એ કે – મદ સ્થાન એટલે મદના ભેદો. અહીં દોષો - જાતિ આદિ મદથી ઉન્મત્ત પિશાચવત્ દુઃખી થાય છે અને પરભવે નિઃસંશય જાતિ આદિ હીનતા પામે છે.



વાદીઓને પ્રાયઃ શ્રુતમદ હોય છે માટે વાદિને કહે છે–

● **સૂત્ર-૭૧૨ :-**

*આઠ અક્રિયાવાદી કહ્યા છે – એકવાદી, અનેકવાદી, મિતવાદી, નિર્મિતવાદી, સાતવાદી, સમુચ્છેદવાદી, નિત્યવાદી, નસંતિપરલોકવાદી.*

● **વિવેચન-૭૧૨ :-**

ક્રિયા ‘છે’ એવા રૂપવાળી સમસ્ત પદાર્થના સમૂહમાં વ્યાપતી તે જ અયથાર્થ વસ્તુના વિષયપણે કુત્સિતા તે અક્રિયા ‘नञ्’ શબ્દ કુત્સા અર્થમાં છે. તે અક્રિયાને બોલવાના સ્વભાવવાળા તે અક્રિયાવાદી.

યથાવસ્થિત વસ્તુ અનેકાંતાત્મક નથી પણ એકાંતાત્મક જ છે, એમ સ્વીકારનારા અર્થાત્ નાસ્તિકો, એમ બોલવાથી તેઓ પરલોક સાધક ક્રિયાને પણ પરમાર્થથી કહેતા નથી. તેઓના મતમાં વસ્તુનો સદ્ભાવ છતાં પણ પરલોકને સાધક ક્રિયાના અયોગથી તેઓ અક્રિયાવાદી જ છે.

(૧) તે વાદીઓમાં એક જ આત્માદિ પદાર્થ છે એમ બોલ તે એકવાદી. - x - આ મતને અનુસરનારાઓએ કહ્યું છે કે – એક જ ભૂતરૂપ આત્મા, પ્રત્યેક ભૂતમાં રહેલો છે. જળમાં ચંદ્ર માફક તે એક અનેક પ્રકારે દેખાય છે.

બીજો એક વાદી તો આત્મા જ છે, પણ બીજો કોઈ પદાર્થ નથી એમ સ્વીકારે છે. કહે છે કે – પુરુષ જ આ અગ્નિ છે, જે સર્વ થયેલ છે અને થશે અથવા અમરપણાનો નાયક છે, જે અન્ન વડે વધે છે, જે કંપે છે, જે કંપતો નથી, જે દૂર છે, જે સમીપે છે, જે અંતરથી છે આદિ કહે છે તથા નિત્ય જ્ઞાનથી વર્તતો, પૃથ્વી-તેઉ-જલાદિવાળો આ આત્મા તદાત્મક જ છે.

વળી શબ્દાદ્વૈતવાદી, બધું શબ્દાત્મક છે, એ રીતે એકત્વ માને છે. કહે છે કે – શબ્દ તત્ત્વરૂપ જે અક્ષર, અર્થભાવ વડે વર્તે છે તે અનાદિઅનંત બ્રહ્મ છે, જેથી આ જગત્‌ની પ્રક્રિયા છે - અથવા -

સામાન્યવાદી બધું એક જ સ્વીકારે છે, કેમકે સામાન્યનું એકપણું છે, એ રીતે અનેક પ્રકારે એકવાદી છે, એનું અક્રિયાવાદીપણું તો તેનાથી અન્ય સદ્ભૂત રહેલા છતાં ભાવોને “નથી” એમ બતાવી અને યુક્તિઓ વડે અઘટમાન આત્માદ્વૈત, પુરુષદ્વૈત, શબ્દાદ્વૈતાદિના અસ્તિપણાનો સ્વીકાર કરવાથી એમ આગળ પણ જાણવું.

(૨) કથંચિત્ એકપણું છતાં સર્વથા - એકાંતે ભાવોનું અનેકપણું કહે છે તે અનેકવાદી. પરસ્પર વિલક્ષણ જ ભાવો છે, તે રીતે જ પ્રમાણ કરાય છે. જેમ રૂપ રૂપપણાએ છે. ભાવોના અભેદમાં તો જીવ, અજીવ, બદ્ધ, મુક્ત, સુખી, દુઃખી વગેરેનો એકપણાનો પ્રસંગ થવાથી દિક્ષાદિ નિરર્થક થશે. વિશેષ એ – સામાન્યને અંગીકાર કરીને બીજા વાદીઓએ એકપણું વિવક્ષેલ છે. પણ સામાન્ય ભેદથી ભિન્ન-અભિન્નપણાએ વિચારાતું ઘટતું નથી. એ રીતે અવયવોથી અવયવી, ધર્મોથી ધર્મી, એ પ્રમાણે અનેકવાદી કહે છે. એનું પણ અક્રિયાવાદીત્વ સામાન્યાદિ રૂપપણાથી ભાવોનું એકત્વ હોવા છતાં પણ સામાન્યાદિના નિષેધથી છે. તેનો નિષેધ કરવાથી,

કેમકે સામાન્ય સર્વથા નથી એમ નહીં. કેમકે અભિન્ન જ્ઞાનના કથનના અભાવનો પ્રસંગ આવવાથી. વળી સર્વથા ભિન્નપણું છતાં એક સિવાયના બધા પરમાણુને અપરમાણુપણાનો પ્રસંગ આવે તથા અવયવી અને ધર્મી સિવાય પ્રતિનિયત અવયવ અને ધર્મની વ્યવસ્થા નહીં થાય ઇત્યાદિ - x -

(૩) જીવોનું અનંતાનંતત્વ છતાં પણ मितान् - પરિમાણવાળા કહે છે — જગત્ ઉચ્છેદ પામવાવાળું થશે. એમ સ્વીકારવાથી કે જીવઅંગુષ્ઠપર્વ માત્ર કે શ્યામાક તંદુલ માત્ર છે તેમ કહે છે, પણ અપરિમિત અસંખ્યેય પ્રદેશાત્મકતાથી કે અંગુલના અસંખ્યેય ભાગથી આરંભી યાવત્ લોકને પૂરે છે. એ રીતે અનિયત પ્રમાણપણે સ્વીકારતા નથી. અથવા मित - સપ્તદ્વીપ સમુદ્રાત્મક લોકને કહે છે, અન્યથા ભૂત પણ કહે છે તે મિતવાદી. તેનું પણ અક્રિયાવાદીત્વ - x - જાણવું.

(૪) નિર્મિત - ઈશ્વર, બ્રહ્મ, પુરુષાદિ વડે કરાયેલ લોકને કહે છે, તે નિર્મિતવાદી. તેઓ કહે છે — તમોભૂત. અપ્રજ્ઞાત, અલક્ષણ, અતર્ક્ય, અવિજ્ઞેય, સર્વથા સૂતેલા જેવું આ જગત્ હતું. તેમાં એક સમાન, સ્થાવર-જંગમરહિત, દેવ-મનુષ્યરહિત, નાગ-રાક્ષસરહિત, કેવળ ગુફા જેવું, મહાભૂત રહિત, અચિંત્યાત્મા વિભુ તેમાં સુતો છતો તપને તપે છે. તેની નાભિથી કમળ નીકળ્યું - x - તે કમળમાં દંડ-જનોઈ યુક્ત ભગવંત બ્રહ્મા ત્યાં ઉત્પન્ન થયા, તેણે જગત્‌ની માતાઓ સર્જી. દેવોની માતા અદિતિ, અસુરોની દિતિ, મનુષ્યોની મનુ, પક્ષીની વિનતા, સરીસૃપોની કદ્રુ, નાગની સુલસા, પશુની સુરભિ, બીજોની ઈલા.

પ્રમાણિત કરે છે કે — બુદ્ધિમત્ કારણકૃત્ આ જગત્ છે. ઘટવત્ આકારવાળું છે આદિ. તેનું અક્રિયાવાદીપણું તો - x - અકૃત્રિમ જગત્‌ની અકૃત્રિમતાનો નિષેધ કર્યો છે. કેમકે ઈશ્વરાદિ વડે જગત્‌નું કર્તાપણું નથી. તેથી - x - કુંભારાદિ વત્ બુદ્ધિમાન કારણભૂત ઈશ્વરાદિને અનીશ્વરતાનો પ્રસંગ આવશે. વળી અશરીરત્વથી ઈશ્વરને કારણાભાવે ક્રિયામાં અપ્રવૃત્તિ થાય આદિ - x - અનવસ્થા પ્રસંગ થાય.

(૫) સાત - સુખ ભોગવવું એમ કહે છે, તે સાતવાદી. એ રીતે કોઈ વાદી હોય છે. સુખના અર્થીએ સુખ ભોગવવું, પણ અસાતારૂપ તપ, નિયમ, બ્રહ્મચર્યાદિ નહીં, કેમકે કાર્યનું કારણને અનુરૂપત્વ હોય છે. શુક્લ તંતુથી આરંભેલ વસ્ત્ર રક્ત ન થાય, શુક્લ જ રહે છે. એમ સુખના સેવનથી સુખ જ થાય. કહ્યું છે — કોમળ શય્યા, સવારે ઉઠીને પેય, મધ્યાહ્ને ભોજન, અપરાહ્ણે પાનકાદિમાં મોક્ષ જોયેલ છે. આ અક્રિયાવાદીત્વ તો તેના પારમાર્થિક પ્રશમ સુખરૂપ સંયમ અને તપને દુઃખપણે સ્વીકારવાથી છે અને કારણાનુરૂપ કાર્યનો સ્વીકાર તો વિષય સુખને અનુરૂપ નહીં એવા નિર્વાણ સુખના બાધકત્વથી છે.

(૬) સમુચ્છેદ-પ્રત્યેક ક્ષણે નિરન્વય નાશને જે કહે છે તે સમુચ્છેદવાદી. વસ્તુનું કાર્યકરવાપણું સત્ છે. કાર્ય ન કરવામાં પણ વસ્તુતત્વ સ્વીકારતા ‘ખરવિષાણ’ને પણ ‘સત્’પણાનો પ્રસંગ થશે અને નિત્ય વસ્તુ કાર્યને ક્રમશઃ કરે નહીં કેમકે નિત્યનું એક સ્વભાવપણું હોવાથી કાલાંતરે થનાર બધાં કાર્યના ભાવપ્રસંગ આવે.



એમ ન માનો તો દરેક ક્ષણે સ્વભાવાંતર ઉત્પત્તિથી નિત્યત્વની હાનિ થશે. - x - ક્ષણિક વસ્તુ જ કાર્ય કરે છે, એ રીતે અર્થક્રિયાકારીત્વથી ક્ષણિક વસ્તુ છે. આ અક્રિયાવાદી એવી રીતે જાણવો - નિરન્વયનાશના સ્વીકારથી જ પરલોકનો અભાવ ઉત્પન્ન કરે છે. ફ્લના અર્થીને ક્રિયામાં અપ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે. - x - ક્ષણિક મતથી અર્થક્રિયા ન ઘટે - x -

(૭) નિયત એટલે વસ્તુને જે નિત્ય કહે તે નિત્યવાદી. તે આ રીતે — લોક નિત્ય છે કેમકે ઉત્પાદ અને વિનાશના આવિર્ભાવ, તિરોભાવ માત્રત્વથી - x - અસત્‌નો ઉત્પાદ ન થવાથી અને ઘટની જેમ સત્‌નો વિનાશ ન થવાથી, કેમકે ઘટ સર્વથા નાશ પામેલ નથી. કેમકે કપાલ આદિ અવસ્થા વડે તેનું પરિણતત્વ છે. વળી કપાલાદિનું અપારમાર્થિકત્વ હોવાથી માટી રૂપ સામાન્યનું જ પારમાર્થિકત્વ છે. માટીના અવિનષ્ટત્વથી સ્થિરૈકરૂપતાથી એકાંત નિત્ય સ્વીકારવાથી સકલક્રિયા લોપ સ્વીકારથી આ અક્રિયાવાદી છે.

(૮) નથી વિધમાન શાંતિ-મોક્ષ અને પરલોક-જન્માંતર, એવું જે કહે છે તે ‘ન શાંતિ-પરલોકવાદી.’ આત્મા નથી, કેમકે પ્રત્યક્ષાદિ પ્રમાણનો અવિષયભૂત છે. આત્માના અભાવે પુણ્ય-પાપ લક્ષણ કર્મ નથી. કર્મના અભાવે પરલોક કે મોક્ષ નથી. જે આ ચૈતન્ય છે તે ભૂતનો ધર્મ છે. આની અક્રિયાવાદિતા પ્રગટ જ છે. તેમનો મત સંગત નથી. કેમકે પ્રત્યક્ષાદિ અપ્રવૃત્તિ વડે આત્માદિનું ખંડન કરવાનું અશક્ય છે. - x - આગમથી તે સિદ્ધ છે, તથા ભૂતધર્મતા ચૈતન્ય નથી. કેમકે વિવક્ષિત ભૂત અભાવે પણ જાતિસ્મરણાદિ દેખાય છે. - - અહીં આઠે વાદીનો નિર્દેશ માત્ર છે.

ઉક્તવાદી શાસ્ત્રસંસ્કૃત બુદ્ધિ હોય છે, માટે શાસ્ત્રોને કહે છે—

● **સૂત્ર-૭૧૩ થી ૭૨૨ :-**

***[૭૧૩] આઠ પ્રકારે મહાનિમિત્તો કહ્યા છે — ભૌમ, ઉત્પાત, સ્વપ્ન, અંતરિક્ષ, અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન — શાસ્ત્ર.***

***[૭૧૪] આઠ પ્રકારે વચનવિભક્તિઓ કહી છે — ... [૭૧૫] નિર્દેશમાં પ્રથમા, ઉપદેશમાં દ્વિતિયા, કરણમાં તૃતિયા, સંપ્રદાનમાં ચતુર્થી... [૭૧૬] અપાદાનમાં પંચમી, સ્વસ્વામી સંબંધે ષષ્ઠી, સન્નિધાનમાં સપ્તમી અને આમંત્રણમાં અષ્ટમી... [૭૧૭] તેમાં પ્રથમા વિભક્તિ નિર્દેશમાં-તે, આ, હું - આમ કહું છું. બીજી ઉપદેશક્રિયામાં - ભણ, કર - તેમ ‘તું’ કહે છે...***

***[૭૧૮] ત્રીજી કરણમાં - કરાયુ, લઈ જવાયું, તેના વડે, મારા વડે આદિ... નમો, સ્વાહાના યોગે ચોથી સંપ્રદાન થાય... [૭૧૯] અપનયન, ગ્રહણ, ત્યાંથી, અહીંથીમાં પંચમી અપાદાન. તેનું આનું, ગયેલાનું, સ્વામી સંબંધે છટ્ઠી... [૭૨૦] સાતમી-તેમાં, આમાં, આધાર, કાળ, ભાવમાં થાય છે... આઠમી આમંત્રણી-જેમકે હે યુવાન્, હે રાજા આદિ.***

***[૭૨૧] આઠ સ્થાનોને છદ્મસ્થ સર્વભાવથી જાણતો નથી, જોતો નથી. તે આ — ધર્માસ્તિકાય યાવત્ ગંધ અને વાયુ... આ આઠેને ઉત્પન્ન જ્ઞાન-દર્શન***

*ધર અર્હત્, જિન, કેવલી જાણે છે - જુએ છે યાવત્ વાયુ.*

*[૭૨૨] આઠ પ્રકારે આયુર્વેદ કહેલ છે — કુમારભૃત્ય, કાયચિકિત્સા, શાલાક્ય, શલ્યહત્યા, જંગોલી, ભૂતવિદ્યા, ક્ષારતંત્ર, રસાયણ.*

● **વિવેચન-૭૧૩ થી ૭૨૨ :-**

[૭૧૩] અતીત, અનાગત અને વર્તમાન સંબંધી અતીન્દ્રિય ભાવોને જાણવામાં વસ્તુથી ઉત્પન્ન થયેલ જે હેતુ તે નિમિત્ત, તેનું કથનકર્તા શાસ્ત્રો પણ નિમિત્તો કહેવાય છે, તે પ્રત્યેક શાસ્ત્રો સૂત્ર-વૃત્તિ-વાર્તિકથી ક્રમશઃ હજાર-લાખ-કરોડ પ્રમાણ છે, તેથી મોટા એવા નિમિત્તો તે મહાનિમિત્ત.

તેમાં (૧) ભૂમિ વિકાર તે ભૌમ-ભૂકંપાદિ, તેના પ્રયોજનવાળું શાસ્ત્ર પણ ભૌમ જ છે, એમ બીજા પણ શાસ્ત્રો કહેવા. વિશેષ ઉદાહરણ અહીં કહે છે - મોટા શબ્દથી ભૂમિ જ્યારે અવાજ કરે, કંપે ત્યારે સેનાપતિ, પ્રધાન, રાજા, રાજ્ય પીડાય છે, ઇત્યાદિ... (૨) ઉત્પાદ-સહજ લોહીની વૃષ્ટિ.

(૩) સ્વપ્ન - જેમ કોઈ સ્વપ્નમાં અતિ લાલ મૂત્ર કરે છે કે વિષ્ટા કરે છે, ત્યારે જો જાગે તો તે પુરુષ દ્રવ્યના નાશને પામે છે.

(૪) આંતરિક્ષ-આકાશમાં થયેલ તે - ગંધર્વ નગરાદિ. જેમ કપિલ વર્ણ ધાન્ય નાશ માટે થાય છે, મજીઠ વર્ણ ગાયનું હરણ કરે છે, અવ્યક્તવર્ણ બળનો ક્ષોભ કરે છે, એ નિસંદેહ છે. સ્નિગ્ધ, સપ્રાકાર, સતોરણ, સૌમ્યદિશા આશ્રિત ગંધર્વનગર રાજાને વિજય કરનાર છે ઇત્યાદિ.

(૫) આંગ-શરીર અવયવ, તેનો વિકાર. જેમ શિરસ્ફૂરણાદિ. જમણું પડખું ફરકવું, તેનું ફળ સ્ત્રીને ડાબા પડખે હું કહીશ. શિર સ્ફૂરણે પૃથ્વી લાભ.

(૬) સ્વર-ષડ્જાદિ શબ્દ, ષડ્જ સ્વરથી આજીવિકા પામે, કરેલ કાર્ય વિનાશ ન પામે, ગાય-મિત્ર-પુત્રની વૃદ્ધિ થાય, સ્ત્રીને વલ્લભ થાય. અથવા શકુન સ્વર-કાળી ચકલીનો વિવિચિવિ શબ્દ પૂર્ણ ફળને આપે છે ઇત્યાદિ.

(૭) સ્ત્રી-પુરુષોના લક્ષણ-જે મનુષ્યના હાડકાં મજબૂત હોય તે ધનવાન થાય - x - આંખો તેજસ્વી હોય તે સ્ત્રીસુખ ભોગવે - x - ઇત્યાદિ.

(૮) વ્યંજન-મસા વગેરે. કપાળમાં કેશ પ્રભુતા માટે થાય, આદિ.

[૭૧૪ થી ૭૨૦] આ શાસ્ત્રો વચનવિભક્તિના યોગ વડે કથનીયને પ્રતિપાદન કરે છે. માટે વચનવિભક્તિ સ્વરૂપને કહે છે - જેનાથી એકત્વ, દ્વિત્વ, બહુત્વ લક્ષણ અર્થ કહેવાય તે વચનો અને કર્તૃત્વ-કર્મત્વાદિ લક્ષણ અર્થ જેનાથી વિભક્ત કરાય તે વિભક્તિ. વચનાત્મિકા વિભક્તિ તે વચનવિભક્તિ. सु-औ-जस् ઇત્યાદિ. (૧) નિર્દેશવું તે નિર્દેશકર્માદિ કારક શક્તિ વડે રહિત લિંગાર્થ માત્ર પ્રતિપાદન, તેમાં પ્રથમા થાય. જેમકે — તે કે આ રહે છે અથવા હું રહું છું... (૨) ઉપદેશાય તે ઉપદેશન-ઉપદેશ ક્રિયાના સંબંધવાળું. આ વ્યાપ્ય ક્રિયાના સંબંધવાળું તે કર્મ. તેમાં દ્વિતિયા છે. જેમ — આ શ્લોકને ભણ, તે ઘડાને કર. ઇત્યાદિ.

(૩) જેના વડે કરાય છે તે કર્મ કે ક્રિયા પ્રત્યે સાધક કરે તે કરણ. - x



- કરણમાં તૃતિયા કહી છે. જેમકે ગાડા વડે ધાન્ય લઈ જવાયું આદિ.

(૪) સંપ્રદાન-સત્કારીને જેના માટે અપાવાય અથવા જેના માટે સારી રીતે અપાય તે સંપ્રદાન, તેમાં ચતુર્થી. જેમકે — ભિક્ષુને માટે ભિક્ષા અપાવાય છે. - x - ઉપલક્ષણથી નમઃ, સ્વસ્તિ, સ્વાહા આદિ યુક્ત પદોને ચતુર્થી હોય છે. જેમકે — नमः शाखायै આદિને કેટલાક સંપ્રદાન કહે છે.

(૫) પંચમી - अप - જુદા કરવાથી, आ - મર્યાદા વડે, दीयते. ભેદાય છે અથવા ગ્રહણ કરાય છે, જેમાંથી તે અપાદાન-'અવધિમાત્ર' આ અર્થ છે, તેમાં પંચમી થાય. જેમકે — ઘરમાંથી ધાન્યને કાઢ, ઇત્યાદિ.

(૬) છટ્ઠી-સ્વ અને સ્વામી, તે બંનેનું વચન-કથન. તેમાં સ્વ-સ્વામીના વચનમાં છટ્ઠી થાય છે. જેમકે — તેનો, આનો આદિ - x -

(૭) જેમાં ક્રિયા સ્થપાય છે તે સન્નિધાન-આધાર, તે જ અર્થ સન્નિધાનાર્થ, તેમાં સપ્તમી છે. તેના કાલ અને ભાવરૂપ ક્રિયાવિષયમાં સપ્તમી છે. ત્યાં સન્નિધાનમાં-તે ભોજન આ પાત્રમાં છે. તે વન અહીં શરદઋતુમાં ખીલે છે. આ ગાય દોહન કરાતા તે કુટુંબ ગયું. આદિ - x -

(૮) અષ્ટમી-આમંત્રણમાં છે. सु-औ-जस्. આ વિભક્તિ પ્રથમા છતાં આમંત્રણ લક્ષણ અર્થને કર્મ, કરણાદિની જેમ લિંગાર્થ માત્રથી ભિન્ન પ્રતિપાદકપણે અષ્ટમી કહી છે. જેમકે — હે યુવન્ !

ઉદાહરણની ગાથા કરેલ વ્યાખ્યાનુસાર વિચારવી - x - x - અનુયોગદ્વારાનુસાર આ વ્યાખ્યાન કર્યું. - x -

[૭૨૧] વચન વિભક્તિ યુક્ત શાસ્ત્ર સંસ્કારથી શું છદ્મસ્થો સાક્ષાત્ અદૃશ્ય પદાર્થોને જાણે છે ? નહીં. તેથી કહે છે — આઠ સ્થાને૦ પૂર્વે તેની વ્યાખ્યા કરેલ છે. વિશેષ એ કે - યાવત્થી ૨-અધર્માસ્તિકાય, ૩-આકાશાસ્તિકાય, ૪-શરીરરહિત જીવ, ૫-પરમાણુ પુદ્ગલ, ૬-શબ્દ. આ આઠ વસ્તુઓને જિન જાણે છે, માટે સૂત્ર કહ્યું છે, તે સુગમ છે.

[૭૨૨] જેમ ધર્માસ્તિકાયાદિને જિન જાણે છે, તેમ આયુર્વેદને પણ જાણે છે. તે આ - आयु - જીવન, તેનું રક્ષણ કરવું જાણે છે કે અનુભવે છે અથવા उपक्रम - રક્ષણને જાણે છે. યથાકાળમાં મેળવે છે જેના વડે, જેનાથી કે જેને વિશે તે આયુર્વેદ-ચિકિત્સા શાસ્ત્ર, તે આઠ ભેદે છે—

(૧) कुमार - બાળકોના પોષણમાં શ્રેષ્ઠ તે કુમારભૃત્ય - કુમારના ભરણપોષણ અને ક્ષીરસંબંધી દોષ સંશોધનાર્થે તથા દુષ્ટ શૂન્ય નિમિત્તોને અને વ્યાધીને ઉપશમાવવાને માટેનું શાસ્ત્ર.

(૨) काय - જ્વારાદિ રોગથી ગ્રસ્ત શરીરની ચિકિત્સા બતાવનાર શાસ્ત્ર તે કાયચિકિત્સા. તે શાસ્ત્ર, મધ્યાંગને આશ્રીને જ્વર, અતિસાર, રક્ત, સોજો, ઉન્માદાદિ રોગોને શમાવવા માટેનું રચાયેલ શાસ્ત્ર.

(૩) શલાકાનું કર્મ તે શાલાક્ય, તેનું પ્રતિપાદક શાસ્ત્ર. આ શાસ્ત્ર ઉર્ધ્વ

ચક્ગતના રોગો - કાન, મુખ, નેત્ર, નાસિકાદિ રોગ શમન શાસ્ત્ર.

(૪) શલ્યને હણવું-ઉદ્ધરવું તે શલ્ય હત્યા, તેનું પ્રતિપાદક શાસ્ત્ર. પણ શલ્યહત્યા કહેવાય છે. તેવા તૃણ, કાષ્ઠ, પાષાણ, રજ, લોહ, ઢેફું, અસ્થિ, નખરૂપ, પ્રાયઃ અંગમાં પ્રવેશેલ શલ્યને ઉદ્ધરવા માટેનું શાસ્ત્ર.

(૫) જંગોલી-વિષ વિઘાતક તંત્ર-અગદતંત્ર, તે જ ડંખ મારેલ સર્પ, કીડા આદિના વિષનો નાશ કરવાને, વિવિધ વિષસંયોગોને શમાવવા માટેનું શાસ્ત્ર... (૬) ભૂતાદિના નિગ્રહાર્થે વિદ્યા-શાસ્ત્ર તે ભૂતવિદ્યા. દેવ-અસુર-ગંધર્વ, યક્ષ, રાક્ષસ - x - આદિથી ગ્રસ્ત ચિત્તને શાંતિકર્મ, બલિકરણાદિ અને ગ્રહ શાંતિ માટેનું શાસ્ત્ર.

(૭) ક્ષાર તંત્ર - શુક્રનું ક્ષરવું તે ક્ષાર, તદ્વિષયક તંત્ર જેમાં છે તે ક્ષારતંત્ર. જે સુશ્રુતાદિ ગ્રંથોમાં વાજીકરણ તંત્ર કહેવાય છે. અવાજીને વાજી કરવું અર્થાત્ વીર્યવૃદ્ધિથી અશ્વવત્ પુષ્ટ કરવો. - x - તે શાસ્ત્ર અલ્પ, ક્ષીણ, શુષ્કવીર્યવાન્ પુરુષોને - x - હર્ષ ઉત્પન્ન કરનાર શાસ્ત્ર.

(૮) રસ-અમૃતરસ, તેની પ્રાપ્તિ તે રસાયન. તે જ વયનું સ્થાપન કરવું અર્થાત્ આયુ-મેધાકરણ. રોગના અપહરણમાં સમર્થ, તત્પ્રતિપાદક શાસ્ત્ર તે રસાયણતંત્ર - - રસાયન કરેલ પુરુષ દેવની માફક નિરૂપક્માયુ થાય છે, તેથી દેવના પ્રસ્તાવથી દેવસૂત્ર—

● **સૂત્ર-૭૨૩ થી ૭૨૮ :-**

***[૭૨૩] દેવેન્દ્ર દેવરાજ શક્રને આઠ અગ્રમહિષીઓ કહી છે. તે આ — પદ્મા, શિવા, શચી, અંજૂ, અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી... દેવેન્દ્ર દેવરાજ ઈશાનને આઠ અગ્રમહિષીઓ કહી છે — કૃષ્ણા, કૃષ્ણરાજી, રામા, રામરક્ષિતા, વસુ, વસુગુપ્તા, વસુમિત્રા, વસુંધરા... દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ લોકપાલને આઠ અગ્રમહિષીઓ કહી છે. દેવેન્દ્ર દેવરાજ ઈશાનના વૈશ્રમણ લોકપાલને આઠ અગ્રમહિષીઓ કહી છે.***

***આઠ મહાગ્રહો કહ્યા. — ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, ગુરુ, મંગળ, શનિ, કેતુ.***

***[૭૨૪] આઠ પ્રકારે તૃણ વનસ્પતિકાયિક કહ્યા છે — મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ.***

***[૭૨૫] ચઉરિન્દ્રિય જીવોને ન હણનારને આઠ પ્રકારે સંયમ થાય છે — ચક્ષુમય સૌખ્ય નષ્ટ ન થાય, ચક્ષુમય દુઃખનો સંયોગ ન થાય. એ રીતે યાવત્ સ્પર્શમય સુખ આદિ જાણવું.***

***[૭૨૬] આઠ સૂક્ષ્મો કહ્યા છે — પ્રાણ સૂક્ષ્મ, પનક સૂક્ષ્મ, બીજ સૂક્ષ્મ, હરિત સૂક્ષ્મ, પુષ્પ સૂક્ષ્મ, અંડ સૂક્ષ્મ, લયન સૂક્ષ્મ, સ્નેહ સૂક્ષ્મ.***

***[૭૨૭] ચાતુરંત ચક્રવર્તી રાજા ભરતના આઠ પુરુષયુગ સુધી અનુબદ્ધ સિદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી પ્રક્ષીણ થયા. તે આ — આદિત્યયશ, મહાયશ, અતિબલ, મહાબલ, તેજોવીર્ય, કાર્તવીર્ય, દંડવીર્ય, જલવીર્ય.***

***[૭૨૮] પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્‌ને આઠ ગણ અને આઠ ગણધર થયા. તે આ — શુભ, આર્યઘોષ વશિષ્ટ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીર્ય, ભદ્રયશ.***



● **વિવેચન-૭૨૩ થી ૭૨૮ :-**

[૭૨૩] પાંચ સૂત્રો સુગમ છે. વિશેષ એ - મહાગ્રહા - મહાન્ અર્થ અને અનર્થના સાધક હોવાથી... — [૭૨૪] મહાગ્રહો મનુષ્ય અને તિર્યંચને ઉપઘાત અને અનુગ્રહ કરનારા છે અને મનુષ્ય, તિર્યંચો બાદર વનસ્પતિને ઉપઘાતાદિ કરનારા છે, તેથી બાદર વનસ્પતિને કહે છે — સૂત્ર સુગમ છે. વિશેષ એ :- કંદ-સ્કંધની નીચે, સ્કંધ-થડ, ત્વક્-છાલ, શાલા-શાખા આદિ.

[૭૨૫] તેને આશ્રીને રહેલા ચઉરિન્દ્રિયાદિ જીવો હોય છે. માટે ચતુરિન્દ્રિયને આશ્રીને સંયમ-અસંયમ સૂત્રો પૂર્વવત્ જાણવા.

[૭૨૬] સૂક્ષ્મોને આશ્રીને પણ સંયમ-અસંયમ છે માટે સૂક્ષ્મોને કહે છે — સૂક્ષ્મો શ્લક્ષ્ણત્વ અને અલ્પઆધારપણાથી છે. તેમાં (૧) પ્રાણસૂક્ષ્મ ન ઉદ્ધરી શકાય તેવા કુંથુઆ, તે ચાલતા હોય તો જ જોઈ શકાય છે, સ્થિર હોય તો નહીં.. (૨) પનક સૂક્ષ્મ — ઉલ્લી, પ્રાયઃ વર્ષાકાળે ભૂમિ, લાકડાદિમાં પંચવર્ણ દ્રવ્ય જેવા થાય છે, તે જ સૂક્ષ્મ છે, એમ સર્વત્ર જાણવું.

(૩) બીજ સૂક્ષ્મ-શાલિ આદિ બીજના મુખમાં કણિકા, લોકમાં તુષમુખ નામે કહેવાય છે.. (૪) હરિત સૂક્ષ્મ-અતિ નવીન ઉગેલી પૃથ્વી સમાનવર્ણ હરિતજ. (૫) પુષ્પસૂક્ષ્મ-વડ, ઉંબરાદિના પુષ્પો, તેના જેવા વર્ણવાળા સૂક્ષ્મો. (૬) અંડ સૂક્ષ્મ-માખી, કીડી, ગરોળી, બ્રાહ્મણી આદિના ઇંડા, (૭) લયનસૂક્ષ્મ-લયન-પ્રાણીનું આશ્રયસ્થાન, કીડીના નગરાદિ, તેમાં કીડી આદિ સૂક્ષ્મો રહે છે. (૮) સ્નેહ સૂક્ષ્મ — ઝાકળ, હીમ, ધુમરા, કરા, દર્ભ સ્થિત જળબિંદુ.

[૭૨૭] અનંતરોક્ત સૂક્ષ્મ વિષયક સંયમ સેવીને જે અષ્ટકપણાએ સિદ્ધ થયા તેને કહે છે — સૂત્ર સુગમ છે. પુરુષજુગ — પુરુષ કાલ વિશેષરૂપયુગની જેમ ક્રમશઃ વર્તતો પુરુષ યુગ. અનુબદ્ધ-નિરંતર. યાવત્ શબ્દથી બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થયા. આદિત્યયશ વગેરે અહીં કહ્યા, આ ક્રમમાં ફેરફાર પણ દેખાય છે. તે આ પ્રમાણે — આદિત્યયશ, મહાયશ, અતિબલ, બલભદ્ર, બલવીર્ય, કાર્ત્તવીર્ય, જલવીર્ય, દંડવીર્ય. આ અન્યથાત્વ એક પણ નામાંતર ભાવથી અને ગાથાના અનુલોમપણાથી સંભવે છે.

[૭૨૮] સંયમવાળાના અધિકારથી સંયમવાળાનો જ અષ્ટકાંતરને કહે છે. સૂત્ર સ્પષ્ટ છે. પુરુષાદાનીય-પુરુષો મધ્યે ગ્રહણ કરાય તે ઉપાદેય. ગણ-એક ક્રિયા અને વાચનાવાળા સાધુનો સમુદાય. ગણધર-તેના નાયક, આચાર્યો અર્થાત્ ભગવંતના અતિશયવાળા અનંતર શિષ્યો. આવશ્યકમાં તે બંને દશ-દશ કહ્યા છે. - x - x - અહીં અલ્પાયુપણું આદિ કારણથી બેનું વિવરણ ન કરતાં, આઠ સ્થાનના અનુરોધથી આઠ સંભવે છે. પર્યુષણા કલ્પમાં પણ આઠ નામો જ છે.

ગણધરો દર્શનવાળા હોય છે, માટે દર્શનનું નિરૂપણ કરે છે—

● **સૂત્ર-૭૨૯ થી ૭૩૨ :-**

***[૭૨૯] દર્શન આઠ ભેદે કહેલ છે — સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન, સમ્યગ્મિથ્યા-દર્શન, ચક્ષુદર્શન યાવત્ કેવલદર્શન, સ્વપ્નદર્શન.***

*[૭૩૦] આઠ ભેદે ઔપમિક કાળ કહ્યો છે – પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્ગલ પરાવર્ત્ત, અતીત-અનાગત-સર્વકાળ.*

*[૭૩૧] અરહંત અરિષ્ટનેમિને યાવત્ આઠમા પુરુષયુગ પર્યન્ત યુગાંતકર ભૂમિ થઈ, બે વર્ષ કેવલી પર્યાય પછી કોઈ મોક્ષે ગયું.*

*[૭૩૨] શ્રમણ ભગવંત મહાવીરના આઠ રાજાએ મુંડ થઈ, ઘર છોડી અણગાર પ્રવ્રજ્યા લીધી. તે આ – વીરાંગદ, વીરયશ, સંજય, એણેયક, શ્વેત, શિવ, ઉદાયન, કાશિવર્ધન શંખ રાજર્ષિ.*

**● વિવેચન-૭૨૯ થી ૭૩૨ :-**

[૭૨૯] સૂત્ર સુગમ છે. માત્ર સ્વપ્ન દર્શનનો અચક્ષુ દર્શનમાં અંતર્ભાવ છતાં સુપ્ત અવસ્થારૂપ ઉપાધિથી જુદો ગણેલ છે.

[૭૩૦] સમ્યગ્દર્શનાદિ સ્થિતિનું પ્રમાણ ઉપમા યોગ્ય અદ્ધાકાલ વડે થાય છે, માટે તેનું નિરૂપણ કરે છે. સૂત્ર સુગમ છે. વિશેષ એ કે – ઉપમાન યોગ્ય તે ઉપમા. પલ્ય, સાગરરૂપ તત્પ્રધાન અદ્ધા-કાળ, તે અદ્ધૌપમ્ય. - x - પલ્ય વડે પરિમાણથી ઉપમા છે જે કાળમાં, પલ્યોપમ - x - એ રીતે સાગરોપમ છે. અવસર્પિણી આદિનું તો સાગરોપમ વડે નિષ્પન્નપણું હોવાથી ઉપમાકાળપણું વિચારવું. સમય આદિથી શીર્ષપ્રહેલિકા પર્યન્ત તો ઉપમા રહિત ગણત્રી કાળ છે.

[૭૩૧] કાળના અધિકારથી જ આ બીજું સૂત્ર કહે છે - x - આઠ પુરુષ કાળ પર્યન્ત યુગાંતકર ભૂમિ અર્થાત્ પુરુષ લક્ષણ યુગની અપેક્ષાએ અંતકર-ભવક્ષયકારી ભૂમિ-કાળરૂપ તે હતી. તાત્પર્ય એ - નેમિનાથ પ્રભુના શિષ્ય-પ્રશિષ્ય ક્રમથી આઠ પાટ સુધી મોક્ષમાં ગયા, પછી નહીં. પર્યાય અપેક્ષાએ પ્રસંગથી અંતકર ભૂમિ કહી. નેમિનાથ પ્રભુને બે વર્ષનો કેવલી પર્યાય થતાં કોઈ સાધુએ ભવનો અંત કર્યો.

[૭૩૨] તીર્થંકર વક્તવ્યતા અધિકારથી જ આ સૂત્રને કહે છે – સૂત્ર સુગમ છે. વિશેષ એ કે – અંતર્ભૂતકારિત અર્થ હોવાથી મુંડ કરાવીને એમ જાણવું. - x - x - આ રાજા જેમ દીક્ષિત કરાયા તેમ કહેવાય છે. તેમાં વીરાંગદ, વીરયશા, સંજય ત્રણ પ્રસિદ્ધ છે. એણેયક ગોત્રથી છે. તે કેતકાર્દ્ધ દેશની શ્વેતાંબીનગરીના શ્રાવક પ્રદેશી રાજાના કોઈ નિજક રાજર્ષિ છે.

શ્વેત–આમલકલ્પા નગરીનો સ્વામી, જે નગરીમાં સૂર્યાભદેવ સૌધર્મ દેવલોકથી ભગવન્ મહાવીરને વંદનાર્થે આવેલ અને નાટ્યવિધિ દર્શાવી હતી અને ભગવંતે જ્યાં પ્રદેશી રાજાનું ચારિત્ર કહેલું હતું.

શિવઃહસ્તિનાગપુરનો રાજા હતો. જેણે એકદા વિચારેલું કે – હું જે કારણે રોજ હિરણ્યાદિથી વૃદ્ધિ પામું છું તે પૂર્વકૃત્ કર્મફળ છે. હવે પણ શુભ કર્મો માટે પ્રવૃત્તિ કરું. પછી રાજ્યમાં પુત્રને સ્થાપી, અખિલ ઉચિત કર્તવ્ય કરીને દિશાપ્રોક્ષિત તાપસપણે પ્રવ્રજ્યા લીધી. પછી છઠ્ઠ-છઠ્ઠની તપસ્યા કરતાં, યથોચિત આતાપના લેતા, પડેલા પત્રાદિ વડે પારણું કરતાં તેને વિભંગજ્ઞાન થયું. સાત દ્વીપ-સાત સમુદ્ર જોવા લાગ્યો 'મને દિવ્યજ્ઞાન થયું' માની નગરમાં પોતાને દેખાતું હતું તેનો ઉપદેશ કરવા લાગ્યો. ભગવંત



પધાર્યા, ગૌતમ સ્વામીએ ભિક્ષાર્થે ફરતા આ વાત સાંભળી. ભગવંતને કહ્યું, ભગવંતે અસંખ્ય દ્વીપ-સમુદ્રો પ્રરૂપ્યા. શિવ શંકિત થયો. તેનું વિભંગજ્ઞાન નાશ પામ્યું-ભગવંત પાસે ગયો. તેણે દિક્ષા લીધી. અગ્યાર અંગ ભણીને શિવરાજર્ષિ સિદ્ધ થયા.

ઉદાયન-સિંધુ સૌવીરાદિ સોળ દેશ, વીતભયાદિ ૩૬૩ નાગરો, દશ મુગટબદ્ધ રાજાનો સ્વામી શ્રમણોપાસક હતો. જેણે ઉજ્જૈનીના રાજા ચંડપ્રદ્યોતને - x - જીતી લીધેલો. પોતાનો પુત્ર અભિજિત્ દુર્ગતિમાં ન જાય તેવી અનુકંપાથી રાજ્ય ન સોંપી, ભાણેજ કેશીને રાજ્ય સોંપીને દિક્ષા લીધી - x - વિષ મિશ્રિત દહીં ખાવાથી મૃત્યુ પામી, મોક્ષે ગયા. તે મુનિગુણના પક્ષપાતથી કોપેલી દેવીએ - x - નગરનો નાશ કર્યો.

શંખ કાશીવર્ધન-વાણારસી નગરી સંબંધી જનપદની વૃદ્ધિ કરનાર. આ રાજા પ્રસિદ્ધ નથી. માત્ર અલક નામના રાજાને ભગવંતે વાણારસીમાં દિક્ષા આપી તેમ અંતગડદશાંગ સૂત્રમાં જોવા મળે છે. તે જો અપરનામ હોય તો આ સંભવે. - - ઉક્ત રાજર્ષિઓ, મનોજ્ઞ-અમનોજ્ઞ આહારાદિમાં સમભાવ વૃત્તિવાળા હતા. તેથી આહારનું સ્વરૂપ કહે છે–

**● સૂત્ર-૭૩૩ થી ૭૩૬ :-**

*[૭૩૩] આહાર આઠ ભેદે કહ્યો છે. તે આ પ્રમાણે – મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અને અમનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ.*

*[૭૩૪] સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પની ઉપર તથા બ્રહ્મલોકકલ્પ નીચે રિષ્ટ વિમાન પ્રતરમાં અખાડા સમાન ચોરસ સંસ્થાન સંસ્થિત આઠ કૃષ્ણરાજિઓ કહી છે – પૂર્વમાં બે કૃષ્ણરાજિ, દક્ષિણમાં બે કૃષ્ણરાજિ, પશ્ચિમમાં બે કૃષ્ણરાજિ અને ઉત્તરમાં બે કૃષ્ણરાજિ. પૂર્વની અંદરની કૃષ્ણરાજિ દક્ષિણની બાહ્ય કૃષ્ણરાજિને સ્પૃષ્ટ છે. દક્ષિણની અંદરની કૃષ્ણરાજિ પશ્ચિમની બાહ્ય કૃષ્ણરાજિને સ્પૃષ્ટ છે, પશ્ચિમની અંદરની કૃષ્ણરાજિ ઉત્તરની બાહ્ય કૃષ્ણરાજિને સ્પૃષ્ટ છે. ઉત્તરની અંદરની કૃષ્ણરાજિ પૂર્વની બાહ્ય કૃષ્ણરાજિને સ્પૃષ્ટ છે. પૂર્વ અને પશ્ચિમની બાહ્ય બે કૃષ્ણરાજિ છ હાંસવાળી છે ઉત્તર અને દક્ષિણની બે કૃષ્ણરાજિ ત્રિકોણ છે. બધી અભ્યંતરમાં ચોરસ છે.*

*આ આઠે કૃષ્ણરાજિના આઠ નામો કહેલા છે – કૃષ્ણરાજિ, મેઘરાજિ, મઘા, માઘવતી, વાતપરિઘક, વાતપરિક્ષોભ, દેવપરિઘ, દેવપરિક્ષોભ.*

*આ આઠ કૃષ્ણરાજિના આઠ અવકાશાંતરોમાં આઠ લોકાંતિક વિમાનો કહ્યા છે. તે આ પ્રમાણે – અર્ચિ, અર્ચિમાલી, વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સૂરાભ. સુપ્રતિષ્ઠાભ, આગ્રેયાભ.*

*આ આઠ લોકાંતિક વિમાનોમાં આઠ પ્રકારના લોકાંતિક દેવો છે –*

*[૭૩૫] સારસ્વત, આદિત્ય, વન્હી, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય. આ આઠ લોકાંતિક દેવોની અજઘન્યોત્કૃષ્ટ આઠ સાગરોપમ સ્થિતિ છે.*

*[૭૩૬] ધર્માસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો કહ્યા છે. અધર્માસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો કહ્યા છે, એ રીતે આકાશાસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો કહ્યા*

***છે. એ રીતે જીવના આઠ મધ્યપ્રદેશો કહ્યા છે.***

**● વિવેચન-૭૩૩ થી ૭૩૬ :-**

[૭૩૩] સૂત્ર સુગમ છે. રસ પરિણામ વિશેષવાળા અમનોજ્ઞ આહાર દ્રવ્યો હમણાં જ કહ્યા. હવે પુદ્‌ગલગત વર્ણ પરિણામ વિશેષપણાથી અમનોજ્ઞ કૃષ્ણરાજિ નામક ક્ષેત્ર પ્રતિપાદક સૂત્રપંચકને કહે છે—

[૭૩૪-૭૩૫] સૂત્ર સુગમ છે. ઉપ્પિં - ઉપર, હેટ્ઠિં - નીચે. બ્રહ્મલોકના રિષ્ટ નામક વિમાન પ્રતરની નીચે. અખાડા તુલ્ય, સર્વે દિશામાં ચોરસ આકારે રહેલ એવી કૃષ્ણરાજિ-કાળા પુદ્‌ગલની પંક્તિ, તેથી યુક્ત ક્ષેત્ર વિશેષ. જે રીતે આ કૃષ્ણરાજિઓ રહેલી છે, તે બતાવે છે - પૂર્વ દિશામાં બે કૃષ્ણરાજિઓ છે, એ રીતે અન્ય દિશામાં પણ બે-બે છે. ઇત્યાદિ - x - તથા પૂર્વ અને પશ્ચિમની બે કૃષ્ણરાજિઓ છ પંક્તિવાળી છે. ઉત્તર અને દક્ષિણની બે બાહ્ય કૃષ્ણરાજિ ત્રિકોણ છે. અંદરની ચારે ચોરસ છે.

નામો જ નામધેયો છે. કૃષ્ણ પુદ્‌ગલની પંક્તિરૂપ હોવાથી કૃષ્ણરાજિ. - x - મેઘની પંક્તિ જેવી તે મેઘરાજિ કહેવાય છે. કેમકે કૃષ્ણપણું છે મઘા-છટ્ઠી પૃથ્વી, તેની જેમ અતિ કાળી તે મઘા, માઘવતી-સાતમી પૃથ્વી જેવી છે તે, વાતપરિઘ આદિ તમસ્કાય સૂત્રવત્ વ્યાખ્યા કરવી.

આ આઠ કૃષ્ણરાજિઓના મધ્યમાં આઠ અવકાશાંતરોમાં - બે રાજિના મધ્યલક્ષણ આંતરાઓમાં આઠ લોકાંતિક વિમાનો હોય છે. આ વિમાનો ભગવતી સૂત્રમાં આ પ્રમાણે કહેવાય છે — અભ્યંતર પૂર્વામાં આગળ અર્ચિ વિમાન, તેમાં સારસ્વત દેવો છે. પૂર્વ કૃષ્ણરાજિ મધ્યે અર્ચિમાલી વિમાનમાં આદિત્ય દેવો છે. અભ્યંતર દક્ષિણામાં આગળ વૈરોચન વિમાનમાં વહ્નિ દેવો છે. દક્ષિણની મધ્યે શુભંકર વિમાનમાં વરુણ દેવો છે. અભ્યંતર પશ્ચિમમાં આગળ ચંદ્રાભ વિમાનમાં ગર્દતોય દેવો છે. પશ્ચિમા મધ્યે સુરાભ વિમાને તૂષિત દેવો છે. અભ્યંતર ઉત્તરામાં આગળ અંકાભમાં અવ્યાબાધ દેવો છે. ઉત્તરા મધ્યે સુપ્રતિષ્ઠાભ વિમાનમાં આગ્નેય દેવો છે. બહુ મધ્ય ભાગે રિષ્ઠાભ વિમાનમાં રિષ્ઠ દેવો છે. - x -

જઘન્યત્વ-ઉત્કૃષ્ટત્વના અભાવથી. બ્રહ્મલોકમાં જઘન્યથી સાત અને ઉત્કૃષ્ટથી દશ સાગરોપમ સ્થિતિ છે. લોકાંતિકની આઠ જ છે.

[૭૩૬] કૃષ્ણરાજિઓ તો ઉર્ધ્વલોકના મધ્ય ભાગમાં રહેલી છે. માટે ધર્માસ્તિ-કાયના મધ્ય ભાગમાં રહેલ અષ્ટકરૂપ ચતુષ્ટયને પ્રગટ કરવા ચાર સૂત્રને કહે છે. ધર્મ, અધર્મ, આકાશના મધ્યપ્રદેશો તે રુચકરૂપ જાણવા. જીવના પણ કેવલિ સમુદ્‌ઘાતમાં જે રુચકમાં રહેલા તે જ જાણવા. અન્યદા અવિચલ આઠ પ્રદેશો છે, તે મધ્યપ્રદેશ છે અને શેષ - x - x - અમધ્ય પ્રદેશો છે. - - જીવના મધ્ય પ્રદેશાદિ પદાર્થ પ્રતિપાદક તો તીર્થંકરો હોય છે, માટે પ્રકૃત અધ્યયન સંબંધી તીર્થંકર વક્તવ્યતા કહે છે.

**● સૂત્ર-૭૩૭ થી ૭૩૯ :-**

***[૭૩૭] મહાપદ્મ અરહંત આઠ રાજાઓને મુંડિત કરીને, ઘર છોડીને અણગાર-પણાને પ્રાપ્ત કરાવશે. તે આ — પદ્મ, પદ્મગુલ્મ, નલીન, નલીનગુલ્મ, પદ્મધ્વજ, ધર્મધ્વજ, કનકરથ, ભરત... [૭૩૮] કૃષ્ણ વાસુદેવની આઠ મુખ્ય રાણીઓ અરહંત અરિષ્ટનેમિની પાસે મુંડિત થઈને, ઘર છોડીને અણગાર પ્રવ્રજ્યા લઈને સિદ્ધ થઈ યાવત્ સર્વ દુઃખથી રહિત થઈ. તે આ — પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુશીમા, જાંબવતી, સત્યભામા, રુકિમ.***

***[૭૩૯] વીર્ય પ્રવાદ પૂર્વની આઠ વસ્તુ, આઠ ચૂલિકાવસ્તુઓ કહી છે.***

**● વિવેચન-૭૩૭ થી ૭૩૯ :-**

[૭૩૭] સૂત્ર સુગમ છે. વિશેષ એ — મહાપદ્મ — આવતી ઉત્સર્પિણીમાં થનાર પહેલા તીર્થંકર શ્રેણિક રાજાનો જીવ. નવમાં સ્થાનકમાં કહેવાશે. - x -

[૭૩૮] કૃષ્ણની મુખ્ય રાણીનું કથન "અંતગડ દશા"થી જાણવું. તે આ — દ્વારકાવતીમાં કૃષ્ણ વાસુદેવ હતો. તેને પદ્માવતી આદિ પત્નીઓ હતી. અરિષ્ઠનેમિ ત્યાં પધાર્યા. સપરિવાર કૃષ્ણ અને પદ્માવતી આદિ રાણીઓ ભગવંતને સેવતા હતા. ભગવંતે તેમને ધર્મ કહ્યો. કૃષ્ણે વંદન કરીને પૂછ્યું — હે ભગવન્ ! - x - આ દ્વારકાવતીનો વિનાશ કોના નિમિત્તે થશે ? ભગવંતે કહ્યું — દારુ અને અગ્નિદ્વીપાયન મુનિના નિમિત્તે થશે. કૃષ્ણ મનમાં ચિંતવવા લાગ્યો કે — પ્રદ્યુમ્નાદિએ દિક્ષા લીધી તેઓ ધન્ય છે. હું અધન્ય છું. દિક્ષા લેવા અસમર્થ છું. ભગવંતે કહ્યું — કૃષ્ણ ! વાસુદેવો દિક્ષા લે તેવું બનતું નથી. તેઓ નિદાન કરેલા હોય છે. કૃષ્ણે પૂછ્યું — હું ક્યાં ઉત્પન્ન થઈશ. ભગવંતે કહ્યું - - x - x - ત્રીજી નરકમાં. - x - તું દીન મનોવૃત્તિ ન થા. ત્યાંથી નીકળી. આવતી ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં અમમ નામે બારમા તીર્થંકર થશો - x - પછી કૃષ્ણે નગરીમાં જઈને ઘોષણા કરાવી—અર્હન્ નેમિનાથે આ નગરીનો વિનાશ કહ્યો છે, તો જે કોઈ તેમની પાસે દિક્ષા લેશે, તેનો દિક્ષા મહોત્સવ હું કરીશ. એ સાંભળી પદ્માવતી આદિ રાણીઓ બોલી કે અમે દિક્ષા લઈશું - x - તે રાણી દિક્ષા લઈ - x - સિદ્ધ થઈ.

[૭૩૯] વીર્ય-પરાક્રમથી આ રાણીઓ સિદ્ધ થઈ, વીર્યના કહેવાવાળા પૂર્વના સ્વરૂપને કહે છે. વીર્યપ્રવાદ નામક ત્રીજા પૂર્વની મૂલ વસ્તુ-અધ્યયન વિશેષ, આચાર સૂત્રના બ્રહ્મચર્ય અધ્યયનવત્ ચૂલા વસ્તુઓ આચારાંગના અગ્ર વસ્તુ જેમ. - - વસ્તુના વીર્યથી ગતિ થાય છે, તે દર્શાવે છે—

**● સૂત્ર-૭૪૦ થી ૭૪૬ :-**

***[૭૪૦] આઠ ગતિઓ કહી છે. તે આ — નરકગતિ, તિર્યંચગતિ યાવત્ સિદ્ધિ ગતિ, ગુરુગતિ, પ્રણોદનગતિ, પ્રાગ્ભાર ગતિ.***

***[૭૪૧] ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી, દેવીના દ્વીપ આઠ-આઠ યોજન આયામ અને વિષ્કંભથી કહ્યા છે... [૭૪૨] ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુત્મુખ અને વિદ્યુત્દંત દ્વીપ આઠ-આઠ યોજન આયામ-વિષ્કંભથી છે.***

***[૭૪૩] કાલોદસમુદ્ર આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી છે.***

***[૭૪૪] અભ્યંતર પુષ્કરાર્દ્ધદ્વીપ આઠ લાખ યોજન ચક્રવાલવિષ્કંભ થકી કહ્યો છે. બાહ્ય પુષ્કરાર્દ્ધ પણ એ રીતે જાણવો.***

*[૭૪૫] પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાને આઠ સુવર્ણ પ્રમાણ કાકણી રત્ન, છ તલ, બાર અસ્રિ, આઠ કર્ણિકા, અધિકરણ સંસ્થિત છે.*

*[૭૪૬] માગધનો યોજન આઠ હજાર ધનુષ્ પ્રમાણ નિશ્ચિત છે.*

**● વિવેચન-૭૪૦ થી ૭૪૬ :-**

[૭૪૦] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે — ભાવ પ્રધાનત્વથી નિર્દેશના ગૌરવ વડે ઉર્ધ્વ-અધો-તિર્છાગમન સ્વભાવ વડે જે પરમાણુ આદિના સ્વભાવથી ગતિ તે ગુરુગતિ.. પરપ્રેરણાથી ગતિ તે પ્રણોદન ગતિ-બાણની જેમ. અન્ય દ્રવ્યથી દબાયેલ જે ગતિ તે પ્રાગ્ભાર ગતિ - જેમ નાવની અધોગતિ.

[૭૪૧] અનંતર ગતિ કહી તે ગંગાદિ નદીની અધિષ્ઠાતા દેવીના દ્વીપ સ્વરૂપને કહે છે - x - ગંગાદિ ભરત, ઐરાવતની નદી છે, તેના અધિષ્ઠાતા દેવીઓના નિવાસ દ્વીપો ગંગાદિ પ્રપાતકુંડના મધ્યમાં રહેલ છે.

[૭૪૨ થી ૭૪૪] દ્વીપના અધિકારથી અંતરદ્વીપ સૂત્ર, પછી દ્વીપવાળા કાલોદ સમુદ્રના પ્રમાણનું સૂત્ર પછી પુષ્કરવરદ્વીપના સૂત્રો સુગમ છે. વિશેષ એ કે — ઉલ્કામુખ આદિ ચારેને દ્વીપ શબ્દ જોડવો - x - દ્વીપો હિમવત અને શિખરી નામા વર્ષધર પર્વતની પૂર્વ-પશ્ચિમની દાઢાઓ મધ્યે સાત-સાત અંતર દ્વીપોના મધ્યે છઠ્ઠો અંતરદ્વીપ ૮૦૦-૮૦૦ યોજન લાંબા-પહોળા છે.

[૭૪૫] પુષ્કરાર્દ્ધ દ્વીપમાં ચક્રવર્તી હોય છે માટે ચક્રીના રત્ન વિશેષને આઠ સ્થાનમાં અવતારતા કહે છે — એક એક ચક્રવર્તીને અહીં અન્ય-અન્ય કાળે ઉત્પન્ન તુલ્ય કાકણીરત્નનું પ્રતિપાદન કરવા એકૈક ગ્રહણ છે. નિરૂપચરિત રાજા શબ્દનો વિષય જણાવવા 'રાજ' શબ્દનું ગ્રહણ છે. છ ખંડ ભરતાદિનું ભોક્તૃત્વ બતાવવા ચતુરંત ચક્રવર્તી શબ્દ લીધો.

અષ્ટ સૌવર્ણિક કાકણિરત્ન છે. સુવર્ણમાન-ચાર મધુર તૃણ ફળનો એક સરસવ, સોળ સરસવનું ધાન્ય માષક ફળ, બે ધાન્ય માષક ફળની એક ગુંજા, પાંચ ગુંજાનો એક કર્મમાષક, ૧૬ કર્મ માષકનો એક સુવર્ણ, આ મધુર તૃણફલકાદિ ભરત ચક્રીના કાળમાં થનારા લેવા, જેથી સર્વ ચક્રવર્તીનું કાકણીરત્ન તુલ્ય છે, તેનું માપ સૂત્રાર્થ મુજબ જાણવું. આ રત્ન ચાર અંગુલ પ્રમાણ છે.

[૭૪૬] અંગુલ પ્રમાણથી નિષ્પન્ન યોજન પ્રમાણ કહે છે — મગધમાં થયેલ તે માગધ — મગધ દેશમાં વ્યવહાર કરાયેલું તે રસ્તાના પ્રમાણ વિશેષરૂપ યોજનનું ૮૦૦૦ ધનુષ્ નિહાર યાવત્ પ્રમાણ કહેલું છે. પાઠાંતરથી નિધત્ત કે નિકાચિત પ્રમાણ છે. આ પ્રમાણ પરમાણું આદિના ક્રમથી જાણવું—

તેમાં અનંતા નૈશ્ચયિક પરમાણુના સમુદાયરૂપ એક બાદર પરમાણુ થાય છે. ઉર્ધ્વરેણુ આદિ ભેદો અનુયોગદ્વારમાં કહેલા છે. તે એના વડે જ સંગૃહિત જાણવા. તથા પૂર્વનો પવનાદિથી પ્રેરિત થતાં જે ગતિ કરે તે ત્રસરેણું. રથના ચાલવાથી પૈડા વડે ઉડેલ રેણુ તે રથરેણુ. એ પ્રમાણે આઠ યવમધ્યનું એક અંગુલ, ૨૪ અંગુલનો હાથ, ચાર હાથનું ધનુષ્, ૨૦૦૦ ધનુષ્ એક ગાઉ, ચાર ગાઉનો એક યોજન.



માગધના ગ્રહણથી ક્યાંક બીજું પણ યોજન હોય એમ બતાવ્યું. જે દેશમાં ૧૬૦૦ ધનુષ્નો ગાઉ છે, ત્યાં ૬૪૦૦ ધનુષ્નો એક યોજન થાય. - - યોજન પ્રમાણને કહીને આઠ યોજનથી જંબૂ આદિનું પ્રમાણ પ્રતિપાદન કરવા માટે કહે છે—

**● સૂત્ર-૭૪૭ થી ૭૮૧ :-**

*[૭૪૭] સુદર્શના જંબૂવૃક્ષ આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, બહુમધ્ય દેશભાગમાં આઠ યોજન વિષ્કંભ વડે અને સાધિક આઠ યોજન સર્વાગ્રથી કહ્યું છે... કૂટ શાલ્મલી વૃક્ષ આઠ યોજન પ્રમાણ એ રીતે જ કહ્યું છે.*

*[૭૪૮] તિમિશ્ર ગુફા આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહી છે... ખંડપ્રપાત ગુફા પણ એ જ રીતે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહી છે.*

*[૭૪૯] જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે સીતા મહાનદીના બંને કિનારે આઠ વક્ષસ્કાર પર્વતો કહ્યા છે. તે આ — ચિત્રકૂટ, પક્ષ્મકૂટ, નલિનકૂટ, એકશૈલ, ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન...*

*જંબૂના મેરુની પશ્ચિમે શીતોદા મહાનદીને બંને કાંઠે આઠ વક્ષસ્કાર પર્વતો કહ્યા છે - અંકાવતી, પદ્માવતી, આશીવિષ, સુખાવહ, ચંદ્રપર્વત, સૂર્ય પર્વત, નાગપર્વત, દેવપર્વત.*

*જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે આઠ ચક્રવર્તી વિજય કહી છે — કચ્છ, સુકચ્છ, મહાકચ્છ, કચ્છાવતી, આવર્ત, મંગલાવર્ત, પુષ્કલ, પુષ્કલાવતી... જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતા મહાનદીની દક્ષિણે આઠ ચક્રવર્તી વિજયો કહી છે. વત્સ, સુવત્સ, યાવત્ મંગલાવતી.*

*જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે શીતોદા મહાનદીની દક્ષિણે આઠ ચક્રવર્તી વિજયો કહી છે — પક્ષ્મ યાવત્ સલિલાવતી... જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે શીતોદા મહાનદીની ઉત્તરે આઠ ચક્રવર્તી વિજય છે-વપ્ર યાવત્ ગંધિલાવતી.*

*જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે આઠ રાજધાનીઓ કહી. ખેમા યાવત્ પુંડરીકિણી... જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની દક્ષિણે આઠ રાજધાનીઓ કહી છે — સુસીમા, કુંડલા યાવત્ રત્નસંચયા.*

*જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની દક્ષિણે આઠ રાજધાની કહી છે. તે આ — આસપુરા યાવત્ વીતશોકા... જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહાનદીની ઉત્તરે આઠ રાજધાની છે વિજયા યાવત્ અયોધ્યા.*

*[૭૫૦] જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે ઉત્કૃષ્ટપદે આઠ અરિહંત, આઠ ચક્રવર્તી, આઠ બળદેવ, આઠ વાસુદેવ ઉત્પન્ન થયા છે — થાય છે અને થશે... જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા નદીની દક્ષિણે પણ તેમજ જાણવું... જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે સીતોદા મહા નદીની દક્ષિણે તથા ઉત્તરે [બંને સ્થાને] ઉત્કૃષ્ટ પદે આ પ્રમાણે જ જાણવું.*

*[૭૫૧] જંબૂદ્વીપમાં મેરુની પૂર્વે સીતા મહાનદીની ઉત્તરે આઠ દીર્ઘ વૈતાઢ્યો, આઠ તિમિશ્રગુફાઓ, આઠ ખંડપ્રપાત ગુફાઓ, આઠ કૃતમાલ દેવો, આઠ*

નૃત્યમાલ દેવો, આઠ ગંગાકુંડો, આઠ સિંધુ કુંડો, આઠ ગંગા, આઠ સિંધુ, આઠ ઋષભકૂટ પર્વતો, આઠ ઋષભકૂટ દેવો, આઠ નૃત્યમાલક, દેવો કહ્યા.

જંબૂદ્વીપના મેરુની પૂર્વે સીતા મહાનદીની દક્ષિણે આઠ દીર્ઘ વૈતાઢ્યો યાવત્ આઠ ઋષભકૂટના દેવો કહ્યા છે. વિશેષ એ – અહીં રક્તા, રક્તાવતી નદીઓ અને તેના કુંડો કહેવાય..

જંબૂદ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે શીતોદા મહાનદીની દક્ષિણે આઠ દીર્ઘ વૈતાઢ્યો યાવત્ આઠ ઋષભ કૂટના દેવો કહ્યા. જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે શીતોદા મહાનદીની ઉત્તરે આઠ દીર્ઘ વૈતાઢ્યાદિ પૂર્વવત્. વિશેષ રક્તા, રક્તવતી નદી અને કુંડ જાણવા.

[૭૫૨] મેરુની ચૂલિકા બહુમધ્ય દેશ ભાગે આઠ યોજન વિષ્કંભ છે.

[૭૫૩] ધાતકી ખંડદ્વીપે પૂર્વાર્દ્ધમાં ધાતકીવૃક્ષ આઠ યોજન ઉર્ધ્વ-ઉચ્ચત્વથી કહ્યું છે. બહુ મધ્ય દેશ ભાગે આઠ યોજન વિષ્કંભથી. સાતિરેક આઠ યોજન સર્વાગ્રથી કહ્યું છે. એ રીતે - x - બધુ જંબૂદ્વીપ કથન માફક કહેવું...

એ પ્રમાણે પશ્ચિમમાં પણ મહાધાતકી વૃક્ષાદિ - x - જાણવું... એ રીતે પુષ્કરવર દ્વીપાર્ધની પૂર્વે. પદ્મવૃક્ષાદિ... – એ રીતે તેની પશ્ચિમે પણ મહાપદ્મવૃક્ષાદિ યાવત્ મેરુ ચૂલિકા જાણવું.

[૭૫૪] જંબૂદ્વીપના મેરુ પર્વતમાં ભદ્રશાલ વનમાં આઠ દિશાહસ્તિકૂટો કહ્યા છે – ...

[૭૫૫] પદ્મોત્તર, નીલવંત, સુહસ્તિ, અંજનગિરિ, કુમુદ, પલાશ, અવતંસક, રોચનગિરિ...

[૭૫૬] જંબૂદ્વીપની જગતી આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચપણે, મધ્ય ભાગે આઠ યોજન વિષ્કંભથી છે.

[૭૫૭ થી ૭૮૦] મુદ્રિત વૃત્તિમાં આ એક જ સૂત્ર છે. સૂત્ર-૬૪૩.

[૭૫૭] જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે મહાહિમવંત વર્ષધર પર્વત ઉપર આઠ કૂટો કહ્યા છે. તે આ – [૭૫૮] સિદ્ધ, મહાહિમવાન, હિમવાન્, રોહિતા, હરિકૂટ, હરિકાંતા, હરિવર્ષ, વૈડૂર્યકૂટ...

[૭૫૯] જંબૂદ્વીપના મેરુની ઉત્તરે રુક્મિ વર્ષધર પર્વત ઉપર આઠ કૂટો કહ્યા છે – [૭૬૦] સિદ્ધ, રુક્મિ, રમ્યક, નરકાંત, બુદ્ધિ, રૂપ્યકૂટ, હૈરણ્યવત, મણિકંચન...

[૭૬૧] જંબૂદ્વીપના મેરુની પૂર્વે રૂચકવર પર્વત પર આઠ કૂટો કહ્યા છે.

[૭૬૨] રિષ્ટ, તપનીય, કાંચન, રજત, દિશા સ્વસ્તિક, પ્રલંબ, અંજન, અંજનપુલક...

[૭૬૩] ત્યાં આઠ દિશાકુમારી મહત્તરિકાઓ મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ વસે છે. તે આ – [૭૬૪] નંદોત્તરા, નંદા, આનંદા, નંદિવર્દ્ધના, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા.





[૭૬૫] જંબૂદ્વીપના મેરુની દક્ષિણે રૂચકવર પર્વતે આઠ કૂટો કહ્યા છે. તે આ – [૭૬૬] કનક, કાંચન, પદ્મ, નલિન, શશિ, દિવાકર, વૈશ્રમણ વૈડૂર્ય...

[૭૬૭] ત્યાં આઠ દિશાકુમારી મહત્તરિકાઓ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. તે આ – [૭૬૮] સમાહારા, સુપ્રતિજ્ઞા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા, વસુંધરા.

[૭૬૯] જંબૂદ્વીપના મેરુની પશ્ચિમે રુચક પર્વત પર આઠ કૂટો કહ્યા છે – [૭૭૦] સ્વસ્તિક, અમોઘ, હિમવંત, મંદર, રુચક, રુચકોત્તમ, ચંદ્ર, સુદર્શન...

[૭૭૧] ત્યાં આઠ દિશાકુમારી મહત્તરિકા મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. તે આ – [૭૭૨] ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાશા, નવમિકા, સીતા, ભદ્રા.

[૭૭૩] જંબૂદ્વીપના મેરુની ઉત્તરે રુચકવર પર્વતે આઠ કૂટો કહ્યા છે. તે આ – [૭૭૪] રત્ન, રત્નોચ્ચય, સર્વ રત્ન, રત્નસંચય, વિજય, વૈજયંત, જયંત અપરાજિત...

[૭૭૫] ત્યાં આઠ દિશાકુમારી મહત્તરિકા યાવત્ પલ્યોપમ સ્થિતિક વસો છે. તે આ – [૭૭૬] અલંબુસા, મિતકેશી, પૌંડ્રી, ગીતવારુણી, આશા, સર્વગા, શ્રી, હ્રી.

[૭૭૭] આઠ અધોલોકમાં વસનારી દિશાકુમારી મહત્તરિકાઓ કહી છે – [૭૭૮] ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા, બલાહકા...

[૭૭૯] આઠ ઉર્ધ્વલોકમાં રહેનારી દિશાકુમારી મહત્તરિકાઓ કહી છે – [૭૮૦] મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, પુષ્પમાલા, અનિંદિતા...

[૭૮૧] આઠ કલ્પો તિર્યંચ મિશ્ર ઉત્પત્તિવાળા કહ્યા છે – સૌધર્મ યાવત્ સહસ્રાર... આ આઠ કલ્પમાં આઠ ઈન્દ્રો કહ્યા છે – શક્ર યાવત્ સહસ્રાર... આ આઠ ઈન્દ્રોને આઠ પારિયાનિક વિમાનો કહ્યા છે – પાલક, પુષ્પક, સૌમનસ, શ્રી વત્સ, નંદાવર્ત, કામક્રમ, પ્રીતિમન, વિમલ.

● વિવેચન-૭૪૭ થી ૭૮૧ :-

[૭૪૭] જંબૂ-વૃક્ષવિશેષ, તેના આકારવાળી સર્વરત્નમયી તે જંબૂ જેના વડે આ જંબૂદ્વીપ કહેવાય છે, સુદર્શના એવું તેણીનું નામ છે. તે ઉત્તરકુરુના પૂર્વાર્દ્ધમાં શીતા મહાનદીની પૂર્વે સુવર્ણમય ૫૦૦ યોજન આયામ-વિષ્કંભનો ૧૨ યોજના પિંડવાળો અને ક્રમશઃ પરિહાનિથી બે ગાઉ પર્યન્ત ઉંચાઈવાળો, બે ગાઉની ઉંચાઈ અને ૫૦૦ ધનુષ્ પહોળી પદ્મવર વેદિકાથી વીંટાયેલો, વળી બે ગાઉ ઉંચા છત્ર સહિત તોરણયુક્ત દ્વારની પીઠના મધ્ય ભાગે રહેલ ચાર યોજન ઉંચી, આઠ યોજન લાંબી-પહોળી મણિપીઠિકામાં રહેલી અને બાર વેદિકા વડે રક્ષણ કરાયેલ છે. આઠ યોજન ઉર્ધ્વ-ઉચ્ચત્વથી બહુ મધ્યદેશ ભાગે-શાખા વિસ્તારવાળા દેશમાં આઠ યોજન વિષ્કંભથી

સાતિરેક બે ગાઉની ઉંડાઈ વડે અધિક સર્વ પરિમાણથી, તેની પૂર્વાદિ દિશામાં ચાર શાખા છે. તેમાં પૂર્વની શાખામાં - અનાદૃત દેવને સૂવાયોગ્ય એક કોશ પ્રમાણ લંબાઈથી, અર્ધ કોશ પ્રમાણ પહોળાઈથી, દેશ ન્યૂન એક કોશ પ્રમાણ ઉંચાઈથી ભવન છે. શેષ ત્રણ-શાખામાં પ્રાસાદો છે. ત્યાં સિંહાસનો છે.

તે પ્રાસાદો દેશોન એક કોશ ઉંચા, સંપૂર્ણ એક કોશ લાંબા, અર્ધકોશ પહોળા છે અને વિડિમ ઉપર જિનભવન છે. તે જિનભવન અર્ધકોશ પહોળું, એક કોશ લાંબુ અને દેશોન એક કોશ ઉંચુ છે. આ જંબૂવૃક્ષ અન્ય ૧૦૮ જંબૂથી વીંટાયેલ છે. તે પરિવાર જંબૂવૃક્ષો મૂળ જંબૂવૃક્ષથી અર્ધ પ્રમાણ છે. તથા ૧૦૦ યોજન પ્રમાણવાળા ત્રણ વનો વડે સુદર્શના વીંટાયેલ છે.

પ્રથમ વનખંડમાં પ્રત્યેક દિશા-વિદિશામાં જંબૂથી ૫૦-૫૦ યોજને ચારે દિશાઓમાં ભવનો અને ચારે વિદિશામાં પ્રાસાદો હોય છે. તે ભવનો એક કોશ લાંબા, અર્ધકોશ પહોળા, દેશોન એક કોશ ઉંચા છે, અનાદૃત દેવોના પ્રાસાદો ચાર વાવડીઓથી યુક્ત છે. બધી વાવડીઓ ૫૦૦ ધનુષ્ ઉંડી, અર્ધકોશ પહોળી, એક કોશ લાંબી હોય છે. ચારે પ્રાસાદો અને ભવનોના આંતરામાં કૂટો છે, તે આઠ છે. કહ્યું છે – આઠે કૂટો ઋષભકૂટ જેવા, જાંબુનદમય કહ્યા છે, તે કૂટોની ઉપર જિનભવનો છે, તે એક કોશ પ્રમાણ છે.

કૂટ શાલ્મલી વૃક્ષની વક્તવ્યતા જંબૂવૃક્ષ તુલ્ય જાણવી. કહ્યું છે – દેવકુરુના પશ્ચિમાર્ધમાં ગરુડ-સુવર્ણકુમારના આવાસભૂત શાલ્મલી વૃક્ષનો આ જ આલાપક જાણવો. વિશેષ એ કે - પીઠ અને કૂટ રજતમય છે.

[૭૪૮] ગુફાના બે સૂત્રો સ્પષ્ટ છે.

[૭૪૯] જંબૂ આદિ વસ્તુઓ જંબૂદ્વીપમાં જ હોય છે માટે જંબૂદ્વીપના અધિકારથી તેમાં રહેલ વસ્તુઓને પ્રરૂપવા માટે અને ક્ષેત્રસામર્થ્યથી ધાતકીખંડ તથા પુષ્કરાર્ધગત વસ્તુઓની પ્રરૂપણા માટે જંબૂ આદિ સૂત્રોને કહે છે–

સૂત્રો સિદ્ધ છે. વિશેષ એ કે – સૂત્રોનો આ વિભાગ છે. આદિ બે સૂત્રો વક્ષસ્કારોના છે. પ્રત્યેક ચાર સૂત્રો વિજય, નગરી, તીર્થંકરાદિ, દીર્ઘ વૈતાઢ્ય આદિના ૧૮, એક ચૂલિકાનો એમ ૧૯ છે. એ રીતે ધાતકી ખંડાદિમાં જાણવું.

ધાતકી આદિ સૂત્રો પૂર્વાર્ધ સંબંધી છે, તેથી બે-બે હોય છે. મેરુના ઈશાન ખૂણામાં રહેલ માલવત્ પર્વતથી શરૂ કરીને પ્રદક્ષિણાએ વક્ષસ્કાર અને વિજયોની વ્યવસ્થા કરાય છે,

જેઓમાં ચક્રવર્તી વિજય મેળવે છે તે ચક્રવર્તી વિજયો-ક્ષેત્ર વિભાગો. યાવત્ પુષ્કલાવતીથી મંગલાવર્ત્ત, પુષ્કલ જાણવું. યાવત્ મંગલાવતી કહેવાથી મહાવત્સ, વત્સાવતી, રમ્ય, રમ્યક્, રમણીય જાણવું. *[ઇત્યાદિ વિજયના નામો વૃત્તિ અનુસાર જાણવા. તે સરળ હોવાથી અહીં તેનો અનુવાદ નોંધેલ નથી.]*

કચ્છાદિ વિજયોની આ ક્ષેમાદિ રાજધાનીઓ શીતાદિ નદીઓની નજીકમાં રહેલ ત્રણ ખંડના મધ્ય ખંડમાં નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી હોય



છે. તેમાં તીર્થંકરાદિ હોય છે. માટે કહે છે–

[૭૫૦] ઉત્કૃષ્ટથી આઠ અરિહંતો હોય છે. પ્રત્યેક વિજયમાં હોવાથી એ રીતે ચક્રવર્તી આદિ પણ જાણવા. એ રીતે મહાનદીના ચારે કિનારે ૩૨-તીર્થંકરો હોય છે. ચક્રવર્તીઓ શીતા, શીતોદા નદીના એક એક કિનારે આઠ-આઠ જ ઉત્પન્ન થાય છે, તો પણ બધી વિજયની અપેક્ષાએ એક સમયે બત્રીશ હોતા નથી. કેમકે જઘન્યથી પણ મહાવિદેહ ક્ષેત્રમાં ચાર વાસુદેવનું અવિરહત્વ છે. જ્યાં વાસુદેવ હોય ત્યાં ચક્રવર્તી ન હોય, તેથી ઉત્કૃષ્ટથી ૨૮ ચક્રવર્તીઓ જ હોય છે. એ રીતે જઘન્યથી ચાર ચક્રવર્તીનો સંભવ હોવાથી વાસુદેવ ઉત્કૃષ્ટથી ૨૮ જ હોય છે. બલદેવ પણ ૨૮-જ હોય.

[૭૫૧] દીર્ઘ શબ્દનું ગ્રહણ વૃત્ત વૈતાઢ્યના વ્યવચ્છેદ માટે છે. આઠ ગુફાઓમાં યથાક્રમે આઠ દેવો છે. ગંગાકુંડો, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણ નિતંબે રહેલા, સાઠ યોજનના લાંબા-પહોળા અને મધ્યવર્તી ગંગા-દેવીના ભવન સહિત દ્વીપોવાળા અને ત્રણે દિશામાં તોરણ સહિત દ્વાર છે જે પ્રત્યેક કુંડોથી દક્ષિણ તોરણથી ગંગા નીકળીને વિજયોના વિભાગ કરતી ભરતગંગાવત્ શીતા નદીમાં પ્રવેશે છે. એ રીતે સિંધુ કુંડો પણ જાણવા.

આઠ ઋષભકૂટ પર્વતો છે, કેમકે આઠે વિજયોમાં તે હોય છે. તે વર્ષધર પર્વતની નજીકમાં મ્લેચ્છોના ત્રણ ખંડમાં મધ્ય ખંડવર્તી સર્વે વિજય અને ભરત, ઐરાવત ક્ષેત્રોમાં હોય છે.

તેનું પ્રમાણ-બધાં ઋષભકૂટો આઠ યોજન ઉંચા, મૂળમાં બાર યોજન, મધ્યે આઠ, ઉપર ચાર યોજન વિસ્તીર્ણ જાણવા. દેવો તેમાં વસે છે.

વિશેષ એ કે – શીતાનદીની દક્ષિણે પણ આઠ દીર્ઘ વૈતાઢ્યાદિ સર્વે સમાન છે. માત્ર ગંગા, સિંધુને બદલે રક્તા, રક્તવતી નદી કહેવી. ગંગાદિ કુંડના સ્થાને રક્તાદિ કુંડો કહેવા. તે આ – આઠ રક્તાકુંડો, આઠ રક્તવતી કુંડો, આઠ રક્તા નદી ઇત્યાદિ.

નિષધ વર્ષધર પર્વતના ઉત્તર નિતંબે રહેલા ૬૦ યોજન પ્રમાણ રક્તા અને રક્તવતી કુંડો છે. જેમાંથી ઉત્તરના તોરણદ્વારથી નીકળીને રક્તા, રક્તવતી નદીઓ શીતામાં જઈને મળે છે.

[૭૫૨] મેરુ પર્વતની ચૂલિકા સંબધી કોઈ વૃત્તિ નોંધાઈ નથી.

[૭૫૩] ધાતકી મહાધાતકી, પદ્મ, મહાપદ્મવૃક્ષો, જંબૂવૃક્ષ સમાન કહેવા. તેથી કહ્યું છે – જંબૂવૃક્ષના વર્ણન મુજબ ધાતકી આદિ વૃક્ષનું વર્ણન જાણવું. દેવકુરુ આદિમાં શાલ્મલી વૃક્ષનું વર્ણન જંબૂદ્વીપના શાલ્મલીવત્ છે.

[૭૫૪,૭૫૫] ક્ષેત્રના અધિકારથી જંબૂદ્વીપમાં૦ આદિ ચાર સૂત્ર સુગમ છે. વિશેષ એ કે – ભદ્રશાલ વન મેરુ પર્વતને પરિક્ષેપથી ચોતરફ વીંટીને ભૂમિમાં છે. તેમાં શીતા-શીતોદાના બંને કિનારે રહેલ પૂર્વાદિ દિશામાં હાથી આકારે આઠ કૂટો તે દિશાહસ્તિકૂટો કહ્યા છે. તે આ – પદ્મોત્તર૦ શ્લોક સુગમ છે. વિશેષ એ કે – સપ્રસંગ આ વિભાગ છે.

મેરુથી પ્રત્યેક દિશા-વિદિશામાં ૫૦ યોજન જતાં ચારે દિશાઓમાં સિદ્ધાયતનો અને વિદિશાઓમાં ચાર પ્રાસાદો છે. બધાં સિદ્ધાયતનો ૩૬ યોજન ઉંચા, ૨૫ યોજન પહોળા, ૫૦ યોજન લાંબા છે. પ્રાસાદો ૫૦૦ યોજન ઉંચા છે, ચાર વાવડીથી વીંટાયેલા છે. ઉત્તરમાં ઇશાનેન્દ્રના, દક્ષિણમાં શક્રેન્દ્રના પ્રાસાદ છે.

સીતા-સીતોદાના બંને કાઠે આઠ-આઠ કૂટો હોય છે. મેરુની ચારે દિશાઓમાં હિમવાન્ કૂટ સમાન આઠ દિશાહસ્તિકૂટો કહ્યા છે. પ્રથમ પદ્મોત્તર કૂટ પૂર્વમાં સીતાનદીના ઉત્તર કિનારે છે. પછી નીલવંત, સુહસ્તિ, અંજનગિરિ, કુમુદ, પલાશ, અવતંસક અને આઠમો રોચનગિરિ છે.

[૭૫૬] જગતી-વેદિકાના આધારભૂત પાલી છે.

[૭૫૭ થી ૭૮૦] સિદ્ધાયતન વડે ઓળખાતો કૂટ તે સિદ્ધકૂટ, પૂર્વમાં છે. પછી ક્રમશઃ બીજી દિશાથી શેષ કૂટો છે. મહાહિમવત્ કૂટ તે પર્વતના નાયકના દેવભવનથી અધિષ્ઠિત છે. હૈમવતકૂટ હૈમવત ક્ષેત્ર નાયક દેવના આવાસભૂત છે. રોહિતકૂટ રોહિતા નદીની દેવી સંબંધી છે. હ્રીં કૂટ મહાપદ્મદ્રહ નિવાસી હ્રી દેવીનો છે. હરિકાંતાકૂટ તે નામની નદીની દેવીનો છે. હરિકાંતા કૂટ તે નામની દેવીનો છે. હરિવર્ષકૂટ હરિવર્ષનાયક દેવનો છે. વૈડૂર્ય કૂટ વૈડૂર્ય રત્નમય હોવાથી છે. આ જ ક્રમે રુકિમના કૂટો કહેવા. - x -

ક્ષેત્રના અધિકારથી રુચક આશ્રિત આઠ સૂત્રો છે. તે સુગમ છે વિશેષ એ કે — જંબૂદ્વીપમાં જે મેરુ છે તેની અપેક્ષાએ પૂર્વદિશામાં રુચકદ્વીપમાં પૂર્વવર્ણિત સ્વરૂપવાળો ચક્રવાલ આકાર રુચકવર પર્વત છે, તેમાં આઠ કૂટો છે - x -

તે કૂટોમાં નંદોત્તરા આદિ દિક્કુમારીઓ વસે છે. જેઓ અરિહંત ભગવંતના જન્મ સમયે હાથમાં અરીસાને લઈને ગાયન કરતી ભગવંતની ભક્તિ કરે છે. એ રીતે દક્ષિણની હાથમાં ભૃંગાર લઈને ગાયન કરે છે. પશ્ચિમની હાથમાં પંખો લઈને, ઉત્તરની હાથમાં ચામર લઈને છે.

દેવના અધિકારથી અટ્ઠ અહે આદિ પાંચ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે — - x - સૌમનસ, ગંધમાદન, વિદ્યુત્પ્રભ, માલ્યવંત વાસિની આઠ દિક્કુમારી અધોલોકમાં વસનારી છે. તે ભોગંકરાદિ આઠ દેવીઓ અરિહંતના જન્મ સંબંધી ભવનને સંવર્તક પવનાદિ કરે છે. ઉર્ધ્વલોકમાં વસનારી - નંદનકૂટોમાં વસતી આઠ દેવી સજલ વાદળાદિને કરે છે.

[૭૮૧] આઠ દેવલોકમાં તિર્યંચો પણ ઉત્પન્ન થાય છે, એ રીતે પૂર્વભવ અપેક્ષાએ તિર્યંચોથી મિશ્ર મનુષ્યો દેવપણે જે દેવલોકોમાં ઉત્પન્ન થયા તે તિર્યંચ મિશ્રોપપન્નકો.

જેના વડે ગમન કરાય તે પરિયાન, તે જ પરિયાનકો અથવા પરિયાન-ગમનરૂપ પ્રયોજન છે જેઓનું તે પરિયાનિકો-યાન કરનાર આભિયોગિક પાલક આદિ દેવકૃત્ પાલક આદિ આઠ વિમાનો ક્રમથી શક્રાદિ ઇન્દ્રોના છે.

દેવત્વ તપશ્ચરણથી મળે છે, માટે તપ વિશેષને કહે છે —



● **સૂત્ર-૭૮૨ થી ૭૮૫ :-**

***[૭૮૨] અષ્ટ-અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા ૬૪ રાત્રિદિવસ વડે ૨૮૮ ભિક્ષા વડે જેમ શ્રુતમાં કહેલ છે, તે રીતે યાવત્ પાલન કરેલી હોય છે.***

***[૭૮૩] સંસારી જીવો આઠ ભેદે કહ્યા છે. તે આ — પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક એ રીતે યાવત્ અપ્રથમ સમય દેવો... સર્વે જીવો આઠ ભેદે કહ્યા છે. તે આ — નૈરયિકો, તિર્યંચયોનિકો, તિર્યંચયોનિક સ્ત્રીઓ, મનુષ્યો, મનુષ્યસ્ત્રીઓ, દેવો, દેવીઓ, સિદ્ધો... અથવા સર્વે જીવો આઠ ભેદે જાણવા. તે આ — આભિનિબોધિકજ્ઞાની યાવત્ કેવળજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની.***

***[૭૮૪] આઠ ભેદે સંયમ કહ્યો છે. તે આ — પ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ, અપ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગસંયમ, પ્રથમ સમય બાદર સંયમ, અપ્રથમ સમય બાદર સંયમ, પ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ, અપ્રથમ સમય ઉપશાંતકષાય વીતરાગ સંયમ, પ્રથમ સમય ક્ષીણ કષાય વીતરાગ સંયમ, અપ્રથમ સમય ક્ષીણ કષાય વીતરાગ૰***

***[૭૮૫] આઠ પૃથ્વીઓ કહી છે. તે આ — રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી, ઇષત્પ્રાગ્ભારા.. ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બહુ મધ્ય દેશ ભાગમાં અષ્ટયોજન ક્ષેત્રમાં આઠ યોજન બાહલ્યથી કહેલ છે...***

***ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના આઠ નામો કહ્યા છે તે આ — ઇષત્, ઇષત્પ્રાગ્ભારા, તનું, તનુતનુ, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય.***

● **વિવેચન-૭૮૨ થી ૭૮૫ :-**

[૭૮૨] આ અષ્ટમ દિવસો છે જેણીમાં તે અષ્ટ અષ્ટમિકા. જે આઠ અષ્ટક દિવસો વડે પૂરી થાય છે, તેમાં આઠ અષ્ટમ દિવસો હોય જ, તેમાં આઠ અષ્ટકોનું ૬૪ દિન થાય જ, તથા પહેલા અષ્ટકમાં એક દત્તિ ભોજનની, એક દત્તિ પાણીની, એ રીતે બીજા અષ્ટકમાં બે, એ રીતે આઠમા અષ્ટકમાં આઠ. તે બધી મળીને ૨૮૮ ભિક્ષા સંખ્યા થાય છે. યથાસૂત્ર... યથાકલ્પ, યથાતથ્ય, સમ્યક્ કાયાથી સ્પર્શિત, પાલિત, શોધિત, તીરિતા, કિર્તિતા, આરાધિતા એમ યાવત્ શબ્દથી જાણવું. અનુપાલિત એટલે આત્મા અને સંયમને અનુકૂળપણાએ પાળેલી હોય છે.

[૭૮૩] બધાં સંસારીઓને તપ હોતું નથી. આ સંબંધથી સંસારી જીવો અને તેના અધિકારથી સર્વ જીવોનું પ્રતિપાદન કરતા ત્રણ સૂત્રો કહે છે — સૂત્રો સુગમ છે. વિશેષ એ કે — પ્રથમ સમય નૈરયિક — નરકાયુના પ્રથમ સમયના ઉદયમાં અને બીજા અપ્રથમ સમય નૈરયિક દ્વિતિયાદિના ઉદયે હોય છે.

[૭૮૪] અનંતર જ્ઞાનીઓ કહ્યા. તે સંયમી પણ થાય, તેથી સંયમ સૂત્ર — ચારિત્ર, તે બે પ્રકારે — સરાગ, વીતરાગ ભેદથી. તેમાં સરાગ બે ભેદે-સૂક્ષ્મ અને બાદર કષાય ભેદથી. તે બંને પ્રથમ, અપ્રથમ સમય ભેદથી બે પ્રકારે, એમ ચાર ભેદે સરાગસંયમ છે. તેમાં પ્રથમ સમય સંયમની પ્રાપ્તિમાં છે જેને તે તથા સૂક્ષ્મ-ખંડરૂપ

કરેલ સંપરાય-કષાય સંજ્વલન લોભલક્ષણ જેમાં વેદાય છે તે સૂક્ષ્મ સંપરાય.. રાગ સહિત તે સરાગ, જે સંયમ તે સરાગ સંયમ અથવા સરાગ સાધુનો સંયમ તે સરાગસંયમ - x -

બીજો — આ જ અપ્રથમ સમયથી વિશેષિત... આ બંને પણ બે શ્રેણી અપેક્ષાએ વળી બે પ્રકારે હોવા છતાં કહ્યું નથી, માટે ચાર ભેદો ન કહ્યા. તથા બાદર સંપરાય-સંજ્વલન ક્રોધાદિ જેમાં છે તે, તથા વીતરાગ સંયમ તો બંને શ્રેણીના આશ્રયથી બે ભેદે છે, વળી પ્રથમ-અપ્રથમ સમય ભેદથી એકૈક બે ભેદે છે, એમ ચાર ભેદ મળી એકંદર આઠ ભેદો છે.

[૭૮૫] સંયમીઓ પૃથ્વી પર હોય છે માટે ત્રણ પૃથ્વી સૂત્ર, સરળ છે. વિશેષ એ — આઠ યોજન પ્રમાણ ક્ષેત્ર લંબાઈ-પહોળાઈથી છે. ઈષત્પ્રાગ્ભારાનું ઈષત્ નામ પણ છે. કેમકે રત્નપ્રભાદિ અપેક્ષાએ લઘું છે.. એમ પ્રાગ્ભારના હ્રસ્વત્વથી ઇષત્પ્રાગ્ભારા.. આ કારણે જ તનુ-પાતળી.. અતિ તનુત્વથી તનુ તનુ.. તેણીમાં સિદ્ધ થાય માટે સિદ્ધિ.. સિદ્ધોના આશ્રયત્વથી સિદ્ધાલય.. સર્વ કર્મોથી મૂકાય માટે મુક્તિ.. મુક્તના આશ્રયે મુક્તાલય.

સિદ્ધિ શુભાનુષ્ઠાનમાં અપ્રમાદીતાથી થાય, માટે તેને કહે છે—

**● સૂત્ર-૭૮૬ થી ૭૮૮ :-**

***આઠ સ્થાનોમાં સમ્યક્ રીતે પ્રવર્તન, પ્રયત્ન અને પરાક્રમ કરવું જોઈએ — પણ પ્રમાદ કરવો ન જોઈએ. (૧) ન સાંભળેલા શ્રુતધર્મોને સમ્યક્ સાંભળવા માટે ઉધમ કરવો. (૨) સાંભળેલ ધર્મોને અવધારણ કરવા અને વિસરાય નહીં તેવા દૃઢ કરવા ઉધમ કરવો. (૩) પાપ કર્મોને ન કરવા માટે સંયમ વડે ઉધમ કરવો, (૪) પૂર્વ સંચિત કર્મોને ખપાવવા અને વિશોધન કરવા માટે તપ વડે ઉધમ કરવો. (૫) અસંગૃહિત પરિણતના સંગ્રહ માટે ઉધમ કરવો. (૬) શૈક્ષને આચારગોચર શીખવવાને ઉધમ કરવો, (૭) ગ્લાનને અગ્લાન કરવા વૈયાવચ્ચ કરવા માટે ઉધમ કરવો. (૮) સાધર્મિકમાં કલહ ઉત્પન્ન થતાં તેમાં અનિશ્રિત ઉપશ્રિત અપક્ષગ્રાહી મધ્યસ્થભાવભૂત અને સાધર્મિકોમાં અલ્પ શબ્દ, અલ્પકલહ, અલ્પ તું-તું કેમ થાય તે વિચારી ઉપશાંત કરવા ઉધમ કરવો.***

***[૭૮૭] મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં વિમાનો ૮૦૦ યોજન ઉંચા છે.***

***[૭૮૮] અર્હત્ અરિષ્ટનેમિને દેવ-મનુષ્ય-અસુરની પર્ષદામાં કોઈ વાદમાં જીતે નહીં એવી ઉત્કૃષ્ટી ૮૦૦ વાદી મુનિઓની સંપદા હતી.***

**● વિવેચન-૭૮૬ થી ૭૮૮ :-**

[૭૮૬] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે — આઠ વસ્તુઓને વિશે નહીં પ્રાપ્ત થયેલમાં સંબંધ કરવો, પ્રાપ્ત થયેલના અવિયોગને માટે યત્ન કરવો, શક્તિ ક્ષય થવા છતાં તેના પાલનમાં અતિ ઉત્સાહ કરવો, વધારે શું ? એ પ્રમાણે અષ્ટ સ્થાનક લક્ષણ કહેવાતા આ વિષયમાં પ્રમાદ કરવો ન જોઈએ.

(૧) ન સાંભળેલ શ્રુતભેદરૂપ ધર્મોને સાંભળવામાં ઉધમી થવું કે સાંભળવાને



સન્મુખ જવું. (૨) એ રીતે સાંભળેલ-શ્રોત્રેન્દ્રિય વિષયકૃત્ને મનોવિષયી કરવા માટે, અવિચ્યુત-સ્મૃતિ-સંસ્કાર વિષયી કરવા તત્પર થવું. (૩) વૃત્તિ નથી. (૪) વિવેચના-નિર્જરા માટે, આથી જ આત્માની વિશુદ્ધિ માટે તત્પર થવું. (૫) અસંગૃહીત-અનાશ્રિત શિષ્યવર્ગના સંગ્રહ માટે. (૬) વિભક્તિ પરિણામથી નવદીક્ષિતને સાધુ સામાચારી, વિષય-છ વ્રત આદિ અથવા આચાર-જ્ઞાનાદિ વિષય પાંચ ભેદે, ગોચર-ભિક્ષાચર્યા તે આચારગોચર. અહીં વિભક્તિના પરિણામથી આચાર ગોચરની ગ્રહણતા અર્થાત્ શૈક્ષને આચારાદિ શીખવવાને.

(૭) અગ્લાનિ-ખેદરહિત કરવાને, (૮) અધિકરણ-વિરોધ, તે સાધર્મિકોમાં, નિશ્રિત રાગ, ઉપાશ્રિત - દ્વેષ અથવા આહારાદિની લાલસા અને શિષ્ય તથા કુલાદિની અપેક્ષા. આ બંનેથી રહિત તે અનિશ્રિતોપાશ્રિત, શાસ્ત્રને બાધિત પક્ષને જે ગ્રહણ ન કરે તે અપક્ષગ્રાહી, આથી જ મધ્યસ્થભાવને પ્રાપ્ત થયેલ. - x - તે ચિંતવે કે — કઈ રીતે સાધુઓ, મહાશબ્દથી રહિત થાય, તથાવિધ કલહકારી વચનથી રહિત થાય, ક્રોધથી કરેલ મનોવિકાર વિશેષથી રહિત થાય એમ વિચારતો ક્રોધને શાંત કરવા માટે તત્પર થાય.

[૭૮૭] અપ્રમાદીને દેવલોક પણ મળે, માટે દેવલોક પ્રતિબદ્ધ અષ્ટકને કહે છે. તે મહાશુક્ર૦ આદિ સુગમ છે... [૭૮૮] અનંતરોક્ત વિમાનવાસી દેવો વડે પણ વસ્તુવિચારમાં કેટલાંક વાદીઓ જીતાય નહીં માટે તેના અષ્ટકને કહે છે, આ સૂત્રો સુગમ છે. - - નેમિનાથના આ શિષ્યો મધ્યે કોઈક કેવલી થઈને વેદનીયકર્મની સ્થિતિઓને આયુષ્યકર્મની સ્થિતિ સાથે સમાન કરવા માટે કેવલી સમુદ્ઘાત કરેલ છે માટે સમુદ્ઘાત સૂત્રને કહે છે—

**● સૂત્ર-૭૮૯ :-**

***આઠ સમયનો કેવલી સમુદ્ઘાત કહેલ છે — પહેલા સમયે દંડ કરે, બીજાસમયે કપાટ કરે, ત્રીજા સમયે મંથાન કરે, ચોથા સમયે લોકને પુરે છે, પાંચમા સમયે આંતરાને સંહરે છે, છઠ્ઠા સમયે મંથાનને સંહરે છે, સાતમા સમયે કપાટને સંહરે છે, આઠમા સમયે દંડને સંહરે છે.***

**● વિવેચન-૭૮૯ :-**

સમુદ્ઘાતને પ્રારંભતો પ્રથમ અવશ્ય આવર્જીકરણને કરે છે. અર્થાત્ અન્તર્મુહૂર્ત પ્રમાણ ઉદયાવલીમાં ન આવેલ કર્મોને પ્રક્ષેપવાની પ્રવૃત્તિ કરે. પછી સમુદ્ઘાતને કરે. તેમાં પહેલા સમયમાં સ્વદેહ પ્રમાણ પહોળો અને ઉંચો, નીચે, બંને તરફ લાંબો લોકાંત સુધી જનારો જીવપ્રદેશ સમૂહરૂપ દંડની જેમ દંડ કેવલી જ્ઞાનના ઉપયોગથી કરે છે. બીજા સમયે તે જ દંડને પૂર્વ-પશ્ચિમ બે દિશામાં પ્રસારીને બંને પડખે લોકાંતગામી કપાટને કરે છે. ત્રીજા સમયે તેને જ દક્ષિણ-ઉત્તર બે દિશામાં પ્રસારવા વડે મંથાનને કરે છે. તે લોકાંત સુધી પહોંચનાર હોય છે. એ રીતે લોકને પ્રાયઃ બહુ પૂરેલ હોય છે, પણ મંથાનના આંતરાઓ પૂરેલા હોતા નથી, કેમકે જીવપ્રદેશોનું સમશ્રેણી ગમન હોય છે.

ચોથા સમયે મંથાનઅંતરોને સકલ લોક નિષ્કૂટ સહ પૂરે છે. તેથી સર્વ લોકપૂરિત થાય છે. પાંચમાં સમયે ઉલટા ક્રમે મંથાન અંતરને સંહરે છે, કર્મ સહિત જીવપ્રદેશોને સંકોચે છે. છટ્ઠે સમયે મંથાનને સંહરે છે, ઘનતર સંકોચથી, સાતમા સમયે કપાટને સંહરે છે. - x - આઠમા સમયે દંડને સંહરી શરીરસ્થ થાય છે. તેમાં પહેલા-આઠમા સમયે ઔદારિક પ્રયોક્તા હોય છે. બીજા-છટ્ઠા-સાતમા સમયે ઔદારિક મિશ્ર યોગવાળો થાય છે. ત્રીજા-ચોથા-પાંચમા સમયે કાર્મણશરીર યોગી હોય છે. તેમાં ત્રણ સમય નિયમથી અનાહારક હોય છે. વચન-મનોયોગ પ્રયોગરહિત હોય છે. - x - તેથી અષ્ટ સામયિક કેવલિ સમુદ્ઘાત કહ્યો.

કેવલી સમુદ્ઘાત કહ્યો. હવે ગુણવાન્ અકેવલી દેવત્વ પ્રાપ્ત થાય છે, માટે દેવાધિકારથી समणस्स આદિ સૂત્ર પંચકને કહે છે.

● **સૂત્ર-૭૯૦ થી ૭૯૯ :-**

***[૭૯૦] શ્રમણ ભગવંત મહાવીરને અનુત્તરોપપાતિક, ગતિકલ્યાણક યાવત્ આગમેષિભદ્રક ૮૦૦ સાધુની ઉત્કૃષ્ટ અનુત્તરોપપાતિક સંપત્ થઈ.***

***[૭૯૧] આઠ ભેદે વાણ વ્યંતર દેવો કહ્યા છે — પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરિષ, મહોરગ, ગાંધર્વ... આ આઠ વાણવ્યંતર દેવોના આઠ ચૈત્યવૃક્ષો કહ્યા છે. તે આ — [૭૯૨] — પિશાચોનું કલંબ, યક્ષોનું વડ, ભૂતોનું તુલસી, રાક્ષસોનું કંડક... [૭૯૩] કિન્નરોનું અશોક, કિંપુરિષનું ચંપક, ભુજંગોનું નાગ અને ગંધર્વોનું તિંદુક [એ પ્રમાણે ચૈત્યવૃક્ષો છે.]***

***[૭૯૪] આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂમિ ભાગથી ૮૦૦ યોજન ઉંચા અંતરે સૂર્ય વિમાન ચાર ચરે છે [ગતિ કરે છે.]***

***[૭૯૫] આઠ નક્ષત્રો ચંદ્રમા સાથે પ્રમર્દ લક્ષણ યોગને જોડે છે, તે આ પ્રમાણે — કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા.***

***[૭૯૬] જંબૂદ્વીપ દ્વીપના દ્વારો આઠ યોજન ઉર્ધ્વ ઉંચાઈથી છે. બધાં દ્વીપ, સમુદ્રોના દ્વારો આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલા છે.***

***[૭૯૭] પુરુષવેદનીય કર્મની જઘન્યથી આઠ વર્ષની બંધસ્થિતિ છે... યશઃ કીર્તિ નામકર્મની જઘન્ય આઠ મુહૂર્ત્ત બંધસ્થિતિ છે... ઉચ્ચ ગોત્રકર્મની પણ એમજ છે... [૭૯૮] તેઇન્દ્રિયોની જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખની સંખ્યા આઠ લાખ કહી છે... [૭૯૯] જીવો, આઠ સ્થાન નિર્વર્તિત પુદ્ગલોને પાપકર્મપણાએ ચયન કર્યુ છે - કરે છે - કરશે. તે આ પ્રમાણે — પ્રથમ સમય નૈરયિક નિર્વર્તિત યાવત્ અપ્રથમ સમય દેવ નિર્વર્તિત.***

***એ રીતે ચય, ઉપચય યાવત્ નિર્જરાને કરેલ છે - કરે છે - કરશે... આઠ પ્રદેશિક સ્કંધો અનંતા કહેલ છે, આઠ પ્રદેશ અવગાઢ પુદ્ગલો અનંતા કહ્યા છે યાવત્ આઠ ગુણરુક્ષ પુદ્ગલો અનંતા કહેલા છે.***

● **વિવેચન-૭૯૦ થી ૭૯૯ :-**

[૭૯૦] સુગમ છે. વિશેષ એ — અનુત્તર વિમાનોમાં ઉપપાત જેઓનો છે તે



અનુત્તરોપપાતિક. તેવા સાધુઓની તથા દેવગતિ લક્ષણ કલ્યાણરૂપ ગતિ છે જેમની એવી સ્થિતિ પણ કલ્યાણરૂપ છે જેમની તથા ભવિષ્યમાં મોક્ષ લક્ષણ ભદ્ર છે જેમને તે ગતિકલ્યાણાદિ સાધુઓની સંપદા હતી.

[૭૯૧ થી ૭૯૩] ચૈત્ય વૃક્ષો, મણિપીઠિકાની ઉપર રહેલા સર્વરત્નમય અને ઉપર છત્ર, ધ્વજાદિથી શોભિત સુધર્માદિ સભાની આગળ જે સંભળાય છે, તે આ સંભવે છે. જે ચિન્હો કદંબવૃક્ષ, સુલસ, વડ, ખટ્વાંગ, અશોક, ચંપક, નાગ, તુંબરુ-વૃક્ષ ક્રમશઃ પિશાચાદિને સંભવે છે. તે ચિન્હભૂત વૃક્ષો આનાથી જુદા સંભવે છે. ૭૯૨,૭૯૩ સૂત્ર સુગમ છે. भुयंग - મહોરગ.

[૭૯૪] चारं चरइ એટલે ગતિને કરે છે, ફરે છે.

[૭૯૫] પ્રમર્દ-ચંદ્ર સાથે સ્પૃશ્યમાનત્વ, તેવા લક્ષણવાળા યોગ પ્રતિ પોતાને ચંદ્રની સાથે આઠ નક્ષત્રો જોડે છે. તે યોગ ક્યારેક હોય-નિત્ય નહીં. કહ્યું છે — પુનર્વસુ, રોહિણી, ચિત્રા, મઘા, જ્યેષ્ઠા, અનુરાધા, કૃતિકા, વિશાખા આ નક્ષત્રોનો ચંદ્ર સાથે દક્ષિણ અને ઉત્તરમાં યોગ હોય છે. જે નક્ષત્રો દક્ષિણ-ઉત્તરમાં યોગવાળા છે તે ક્યારેક પ્રમર્દયોગી હોય છે જેથી લોકશ્રી ગ્રંથના ટીકાકાર કહે છે — આ નક્ષત્રો ઉભય યોગવાળા છે - x - કથંચિત્ ચંદ્ર સાથે ભેદને પણ પામે છે. તેનું ફળ આ છે — આ નક્ષત્રોના ઉત્તર તરફના ગ્રહો સુભિક્ષને માટે છે અને ચંદ્રમા અત્યંત સુભિક્ષને માટે છે.

[૭૯૬] દેવનિવાસ અધિકારથી દેવનિવાસ ભૂત જંબૂદ્વીપાદિના દ્વાર વિષયક બે સૂત્રો છે... — [૭૯૭] દેવાધિકારથી દેવત્વ થનાર કર્મ વિશેષરૂપ ત્રણ સૂત્રો છે... — [૭૯૮,૭૯૯] કર્માધિકારથી તેના બંધના કારણભૂત કુલકોટિ સૂત્ર છે.

તેઈન્દ્રિયાદિ વૈચિત્ર્ય હેતુ કર્મ અને પુદ્ગલ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે — તેઈન્દ્રિય જાતિ ઇત્યાદિ

**સ્થાન-૮-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

# ❀ સ્થાન-૯ ❀
— x — x —

૦ આઠમા અધ્યયનની વ્યાખ્યા કરી, હવે સંખ્યાક્રમ સંબંધથી જ નવમ સ્થાનક નામક નવમા અધ્યયનને આરંભ છે. આનો પૂર્વ સાથે સંબંધ સંખ્યાક્રમ વડે કરાયેલ છે. સંબંધાંતર તો પૂર્વના અધ્યયનમાં જીવાદિના ધર્મો કહ્યા. અહીં પણ તે જ કહેવાય છે. તે સંબંધે આદિ સૂત્ર—

● સૂત્ર-૮૦૦ થી ૮૦૨ :-

*[૮૦૦] નવ કારણે શ્રમણ નિર્ગ્રન્થ સાંભોગિકને વિસંભોગિક કરતાં આજ્ઞાને અતિક્રમતો નથી. આચાર્યના પ્રત્યનીકને, ઉપાધ્યાયના પ્રત્યનીકને, સ્થવીરના પ્રત્યનીકને, કુલ-ગણ-સંઘ-જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રત્યનીકને.*

*[૮૦૧] બ્રહ્મચર્ય [અધ્યયન] નવ કહેલ છે — શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય યાવત્ ઉપધાનશ્રુત, મહાપરિજ્ઞા... [૮૦૩] બ્રહ્મચર્ય ગુપ્તિઓ નવ કહી છે — (૧) વિવિક્ત શયન, આસનાદિ સેવનાર હોય, પણ સ્ત્રીસંસક્ત, પશુસંસક્ત અને નપુંસક સંસક્ત શયનાદિને ન સેવે.. (૨) સ્ત્રી કથાને કહેનાર ન હોય..*

*(૩) સ્ત્રીના સ્થાનને સેવનાર ન હોય.. (૪) સ્ત્રીની મનોહર, મનોરમ ઇન્દ્રિયોને જોનાર, ચિંતવનાર ન હોય.. (૫) પ્રણીતરસ ભોગી ન હોય.*

*(૬) પાન, ભોજનના અતિ માત્રાએ આહારમાં સદા કર્તા ન હોય.. (૭) પૂર્વ રત, પૂર્વક્રીડિતનું સ્મરણકર્તા ન હોય.. (૮) શબ્દ-રૂપ-પ્રશંસાને અનુસરનાર ન હોય.. (૯) સાતા-સૌખ્યમાં પ્રતિબદ્ધ થનાર ન હોય...*

*નવ બ્રહ્મચર્યની અગુપ્તિઓ કહી છે — (૧) વિવિક્ત શયન-આસનાદિ સેવનાર ન હોય પણ સ્ત્રી-પશુ-નપુંસક સંસક્ત સ્થાનને સેવનાર હોય.. (૨) સ્ત્રી કથા કરનાર હોય.. (૩) સ્ત્રીના સ્થાનોને સેવે.. (૪) સ્ત્રીની ઇન્દ્રિયોને યાવત્ ચિંતવનાર હોય.. (૫) પ્રણીતરસ ભોગી હોય.. (૬) પાન-ભોજનનો અતિમાત્રાએ સદા આહાર કરે.. (૭) પૂર્વરત, પૂર્વક્રીડિતનું સ્મરણ કરે.. (૮) શબ્દ-રૂપ-પ્રશંસાને અનુસરે.. (૯) શાતા, સુખમાં આસક્ત હોય.*

● વિવેચન-૮૦૦ થી ૮૦૨ :-

[૮૦૦] આ સૂત્રનો પૂર્વ સૂત્ર સાથે આ સંબંધ છે — પૂર્વસૂત્રમાં પુદ્‌ગલો કહ્યા, તેના વિશેષ ઉદયથી કાંઈક શ્રમણ ભાવને પ્રાપ્ત થઈને પણ ધર્માચાર્ય આદિની પ્રત્યનીકતાને કરે, તેને વિસંભોગિક કરતો કોઈ સુશ્રમણ આજ્ઞાને અતિક્રમતો નથી તે રીતે સંબંધવાળા આ સૂત્રની વ્યાખ્યા - x - કહી.

[૮૦૧] સ્વયં બ્રહ્મચર્યમાં વ્યવસ્થિત હોય તે જ આ પ્રમાણે કરે છે, માટે બ્રહ્મચર્યને કહેનારા અધ્યયનોને દર્શાવતા કહે છે - નવ બંભચેર૦

બ્રહ્મ - કુશલાનુષ્ઠાન, તે ચર્ય - સેવવા યોગ્ય તે બ્રહ્મચર્ય-સંયમ. તેનું પ્રતિપાદન કરતા 'આચાર' સૂત્રના પહેલા શ્રુતસ્કંધમાં ગુંથાયેલા અધ્યયનો તે બ્રહ્મચર્ય છે. તેમાં (૧) દ્રવ્ય, ભાવ ભેદથી અનેકવિધ શસ્ત્ર, તેની જીવની રક્ષાર્થે, પરિજ્ઞા-



જ્ઞાનપૂર્વક પ્રત્યાખ્યાન જેમાં કહેવાય-શસ્ત્રપરિજ્ઞા.

(૨) લોક વિજય - રાગદ્વેષરૂપ ભાવલોકનો વિજય-નિરાકરણ જેમાં કહ્યું તે.. (૩) શીત-અનુકૂળ, ઉષ્ણ-પ્રતિકૂળ, તેને આશ્રીને જે કરેલું તે શીતોષ્ણીય.. (૪) સમ્યક્ત્વ-ને અચલ રાખવું, પણ કષ્ટ તપ સેવનારા તાપસાદિના અષ્ટ ગુણ ઐશ્વર્યનો દૃષ્ટિમોહ ન કરવો એવું પ્રતિપાદન પર..

(૫) આવંતિ - આદ્યપદથી તે લોકસાર નામ છે, તે અજ્ઞાનાદિ અસારનો ત્યાગ કરીને લોકના સારભૂત રત્નત્રયાદિમાં ઉદ્યમ કરવો તે લોકસાર.

(૬) ધૂત-સંગનો ત્યાગ કરવાનું પ્રતિપાદક.. (૭) વિમોહ-મોહોત્પન્ન પરીષહ ઉપસર્ગનો ઉદય થતાં વિમોહ થાય, તેને સમ્યક્ સહે એવું જેમાં કહેવાય છે તે વિમોહ.. (૮) મહાવીર ભગવંતે સેવેલ તપનું પ્રતિપાદન કરનાર શ્રુત તે ઉપધાન શ્રુત.. (૯) અંતક્રિયા લક્ષણ મોટી પરિજ્ઞા સમ્યક્ કરવી એ રીતે પ્રતિપાદનમાં તત્પર તે મહાપરિજ્ઞા.

[૮૦૨] બ્રહ્મચર્ય શબ્દથી મૈથુન વિરતિ પણ કહેવાય છે. માટે તેની ગુપ્તિઓનું પ્રતિપાદન કરે છે - બ્રહ્મચર્ય - મૈથુન વ્રતની, ગુપ્તિ-રક્ષાની વાડ, તે બ્રહ્મચર્ય ગુપ્તિઓ — (૧) विविक्तानि - સ્ત્રી, પશુ, પંડકથી પૃથક્વર્તી શયન, આસન-સંથારો, પીઠકાદિ અને ઉપલક્ષણથી સ્થાનાદિ તેને સેવનાર બ્રહ્મચારી હોય છે. અન્યથા તેમાં બાધા સંભવે છે. આ સુખે સમજવા વ્યતિરેકથી કહે છે. દેવ, નારી, તિર્યંચી વડે વ્યાપ્તને સેવનાર ન હોય એમ સંબંધ કરાય છે. એ રીતે ગાય વગેરે પશુ વડે વ્યાપ્તને પણ ન સેવે, કેમકે તેમના વિકારથી મનો વિકાર સંભવે છે. નપુંસક સંસર્ગે સ્ત્રી સમાન દોષ પ્રસિદ્ધ છે.

(૨) એકલી સ્ત્રીઓને ધર્મદેશનાદિ - x - ન કહે. અથવા - x - પૂર્વોક્ત જાતિ આદિ ચાર પ્રકારની કથાને કહેનાર બ્રહ્મચારી ન હોય... (૩) અહીં સૂત્ર नो इत्थिगणाइं દેખાય છે, પણ नोइत्थिठाणाइं સંભવે છે. ઉત્તરાધ્યયનમાં તેમ કહ્યું છે. - x - જ્યાં સ્ત્રીઓ રહે છે તે સ્થાનો. નિષધારૂપ સ્ત્રી સ્થાનો, તેને સેવનાર બ્રહ્મચારી ન હોય અર્થાત્ સ્ત્રી સાથે એક સ્થાને ન બેસે, તેણી ઉઠે પછી પણ તે આસને મુહૂર્ત્ત સુધી અવશ્ય ન બેસે. અહીંના સૂત્રપાઠ મુજબ સ્ત્રી સમુદાયને સેવનાર ન હોય - એમ વ્યાખ્યા કરવી.

(૪) સ્ત્રીઓના નયન, નાસિકાદિ ઇન્દ્રિયોને જોવા માત્રથી આકર્ષણ થાય તે મનોહર, જોયા પછી ચિંતવન કરતા મનને આહ્લાદ આપે તે મનોરમ, તેને જોયા પછી અતિશય ચિંતવન કરનાર. જેમ કે — અહો ! લોચનની સલાવણ્યતા આદિ, તે બ્રહ્મચારી હોતો નથી.. (૫) ઝરતા સ્નેહ બિંદુના ભોક્તા હોતો નથી.. (૬) લૂખા પાણી-ભોજનને પણ અતિમાત્રાએ ન ભોગવે. નિશ્ચયે ઉદરના છ ભાગ કરવા. તેમાં અડધામાં વ્યંજનાદિ, પાણીના બે ભાગ અને એક ભાગ વાયુના પ્રચાર માટે રાખવો. એ રીતે પ્રમાણાતિક્રમથી સર્વદા આહાર કરનાર ન હોય. ઉત્સર્ગથી ખાદ્ય સ્વાદ્ય બંને સાધુને અયોગ્ય હોવાથી ભોજન અને પાન એ બેનું ગ્રહણ કરે.

(૭) ગૃહસ્થાવસ્થામાં સ્ત્રી સંબંધી સંભોગના અનુભાવને સંભારે નહીં તથા પૂર્વક્રીડિત ધુતાદિ રમણ લક્ષણ ચિંતવનાર ન હોય.. (૮) મુણમુણ ભાષિતાદિ રાગ-હેતુભૂત શબ્દને અનુસરવાના સ્વભાવવાળો તે શબ્દાનુપાતી, એમ રૂપાનુપાતી, ખ્યાતિને અનુસરે તે શ્લોકાનુપાતી. આ ત્રણ પદ વડે એક સ્થાનક છે, તેને ન અનુસરે.. (૯) પુણ્યપ્રકૃતિ રૂપ સાતાથી સૌખ્ય-ગંધ, રસ, સ્પર્શ લક્ષણ વિષયથી પ્રાપ્ત સુખ, તેમાં બ્રહ્મચારી તત્પર ન થાય. અહીં સાત શબ્દ ગ્રહણથી ઉપશમ સૌખ્યની પ્રતિબદ્ધતામાં નિષેધ નથી. - - ઉક્તાર્થથી વિપરીત અગુપ્તિઓ જાણવી.

ઉક્ત બ્રહ્મચર્ય જિનવરે કહ્યું છે માટે જિનવિશેષને - x - કહે છે—

**● સૂત્ર-૮૦૩ થી ૮૦૬ :-**

***[૮૦૩] અભિનંદન અર્હત્ પછી સુમતિ અર્હત્ નવ લાખ ક્રોડ સાગરોપમ પછી ઉત્પન્ન થયા... [૮૦૪] નવ સદ્ભુત પદાર્થો કહ્યા છે. તે આ પ્રમાણે — જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ.***

***[૮૦૫] - (૧) નવ ભેદે સંસારી જીવો કહ્યા છે — પૃથ્વીકાયિકો યાવત્ વનસ્પતિકાયિકો, બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિયો... (૨) પૃથ્વીકાયિકો નવ ગતિ, નવ આગતિવાળા કહ્યા છે — પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થતો પૃથ્વીકાયિકમાંથી યાવત્ પંચેન્દ્રિયમાંથી ઉત્પન્ન થાય છે. તે જ પૃથ્વીકાયિક પૃથ્વીકાયિકત્વને છોડતો પૃથ્વીકાયિકપણે યાવત્ પંચેન્દ્રિયત્વમાં જાય છે. (૩ થી ૧૦) એ પ્રમાણે અપ્કાયિકો યાવત્ પંચેન્દ્રિય પણ જાણવા.***

***(૧૧) નવ ભેદે સર્વે જીવો કહ્યા છે — એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, નૈરયિક, પંચેન્દ્રિયતિર્યંચો, મનુષ્યો, દેવો અને સિદ્ધો.***

***(૧૨) નવભેદે સર્વ જીવો કહ્યા છે — પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવ, સિદ્ધ... (૧૩) નવ ભેદે સર્વે જીવોની અવગાહના કહી છે — પૃથ્વીકાયની અવગાહના યાવત્ વનસ્પતિકાયની અવગાહના, બેઈન્દ્રિય અવગાહના યાવત્ પંચેન્દ્રિયની અવગાહના... (૧૪) જીવો નવ સ્થાને સંસારમાં વર્તતા હતા - વર્તે છે - વર્તશે, તે આ — પૃથ્વીકાયિકપણામાં યાવત્ પંચેન્દ્રિયપણામાં.***

***[૮૦૬] નવ કારણે રોગની ઉત્પત્તિ થાય છે. તે આ — અતિ અશનથી, અહિતાશનથી, અતિનિદ્રાથી, અતિ જાગવાથી, મળ નિરોધથી, મૂત્ર નિરોધથી, અતિ ચાલવાથી, પ્રતિકૂળ ભોજનથી, ઈન્દ્રિયાર્થ વિકોપનતાથી.***

**● વિવેચન-૮૦૩ થી ૮૦૬ :-**

[૮૦૩] અભિનંદન૦ આદિ સૂત્ર સુગમ છે.

[૮૦૪] અભિનંદન અને સુમતિ જિનોએ સદ્ભૂત પદાર્થો પ્રરૂપેલા છે, તે નવ પદાર્થોને કહે છે - સદ્ભાવ - પરમાર્થથી, ઉપચારથી નહીં, પદાર્થો-વસ્તુઓ તે સદ્ભુત પદાર્થો. આ પ્રમાણે - જીવ - સુખ, દુઃખ, જ્ઞાનરૂપ ઉપયોગ લક્ષણવાળા. અજીવ - જીવથી વિપરીત. પુણ્ય - શુભ પ્રકૃતિ રૂપ કર્મ. પાપ - તેથી વિપરીત કર્મ. આશ્રવ - જેના વડે કર્મ ગ્રહણ કરાય છે તે આશ્રવ અર્થાત્ શુભાશુભ કર્માદાન હેતુ. સંવર - ગુપ્તિ આદિ વડે આશ્રવનો નિરોધ. નિર્જરા - વિપાકથી કે તપ વડે દેશથી કર્મો ખપાવવા. બંધ - આશ્રવો વડે આવેલ કર્મનો આત્મા સાથે સંયોગ. મોક્ષ - સર્વકર્મના ક્ષયથી આત્માનું સ્વઆત્મામાં સ્થિર થવું.



[શંકા] જીવ અને અજીવોથી જુદા પુણ્યાદિ છે નહીં, કેમકે તેવી રીતે ઘટતું નથી. તે આ પ્રમાણે — પુન્ય, પાપ બંને કર્મ છે, બંધ પણ તદાત્મક કર્મ સ્વરૂપ જ છે. કર્મ, પુદ્ગલનો પરિણામ છે અને પુદ્ગલો અજીવ છે. આશ્રવ તે મિથ્યાદર્શનાદિ રૂપ જીવપરિણામ છે. આત્માને અને પુદ્ગલોને છોડીને એનાથી બીજો કોણ છે? સંવર પણ આશ્રવનિરોધ છે. - x - x - નિર્જરા તે કર્મના નાશરૂપ છે, - x - મોક્ષ સમસ્ત કર્મથી રહિત જીવરૂપ છે. તે કારણથી જીવ અને અજીવરૂપ બે સદ્ભાવ પદાર્થ છે એમ કહેવું જોઈએ. આ હેતુથી જ આવા સૂત્ર માટે બીજા સ્થાનમાં કહ્યું છે.

[સમાધાન] તમારું કથન સત્ય છે. જે આ જીવ-અજીવ પદાર્થ છે તે સામાન્યથી કહ્યા છે, તે જ અહીં વિશેષથી નવ ભેદે કહ્યા છે, કેમકે વસ્તુનું સામાન્ય અને વિશેષાત્મકપણું છે. તેમજ અહીં મોક્ષ માર્ગમાં શિષ્ય પ્રવર્તાવવા યોગ્ય છે, પણ નામ માત્ર જ સંગ્રહણીય છે. - x - ચાર મુખ્ય તત્વો સંસારના કારણભૂત છે, સંવર અને નિર્જરા આ બે મોક્ષના કારણ છે. - x - તેથી સંસારના ત્યાગપૂર્વક - x - જીવ મોક્ષમાં પ્રવર્તે. - x -

[૮૦૫] આ નવ પદાર્થોમાં પહેલો જીવ પદાર્થ છે, આ હેતુથી તેના ભેદ, ગતિ, આગતિ, અવગાહના, સંસારનિર્વર્તન, રોગોત્પત્તિના કારણોને પ્રતિપાદન કરવા માટે સૂત્રો કહ્યા છે, તે સુગમ છે. વિશેષ એ — જેમાં જીવ રહે છે તે અવગાહના અર્થાત્ શરીર, વર્તિસુ - સંસાર પ્રત્યે અનુભવેલા.

[૮૦૬] અત્યંત-નિરંતર, આસન-બેસવું છે જેને તે અત્યાસન, તેનો ભાવ-અત્યાશાતના વડે, અર્શ - વિકારાદિ રોગો એનાથી ઉત્પન્ન થાય છે અથવા અશનનું અતિ પ્રમાણ તે અત્યશન - x - અતિ આહાર અજીર્ણનું કારણ હોવાથી રોગોત્પત્તિ સંભવે છે.. અહિત-પ્રતિકૂળ-ટોલપાષાણાદિ આસન જેને છે તે અહિતાસન, તેના વડે અથવા અહિત અશન વડે અથવા અજીર્ણમાં ભોજન કરાય છે તે અધ્યયન - x -

અજીર્ણમાં ભોજન કરવા વડે, પ્રકૃતિને અનુચિત ભોજન કરવા વડે શબ્દાદિ વિષયોનું પ્રકોપન-વિપાક તે ઇન્દ્રિયાર્થ વિકોપન અર્થાત્ કામવિકાર, તેથી જ સ્ત્રી આદિમાં અભિલાષથી ઉન્માદાદિ રોગોત્પત્તિ થાય છે. કહ્યું છે કે — પહેલા અભિલાષ, પછી ચિંતા, પછી સ્મરણ, પછી ગુણકીર્તન, પછી ઉદ્વેગ, પ્રલાપ, ઉન્માદ, પછી વ્યાધિ, પછી જડતા, પછી મરણ થાય છે.

વિષયની અપ્રાપ્તિમાં રોગોત્પત્તિ થાય, વિષયમાં અત્યાસક્તિથી ક્ષય આદિ રોગ થાય, એ શારીરિક રોગોત્પત્તિ કારણો કહ્યા. હવે આંતરિક રોગોના કારણભૂત કર્મવિશેષના ભેદોને કહે છે—

● **સૂત્ર-૮૦૭ થી ૮૧૪ :-**

*[૮૦૭] દર્શનાવરણીય કર્મ નવભેદે કહ્યું છે, તે આ – નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિ દર્શનાવરણ, કેવલદર્શનાવરણ.*

*[૮૦૮] અભિજિત્ નક્ષત્ર સાતિરેગ નવ મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે, અભિજિત આદિ નવ નક્ષત્રો ચંદ્રને ઉત્તરથી યોગ કરે છે. તે આ – અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વભાદ્રપદા, ઉત્તરભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી.*

*[૮૦૯] આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણિય ભૂમિભાગથી ૯૦૦ યોજનના આંતરે ઉપરનું તારામંડલ ચાર ચરે છે - [ગતિ કરે છે.]*

*[૮૧૦] જંબૂદ્વીપનામક દ્વીપમાં નવ યોજનના મત્સ્યો પ્રવેશ્યા છે - પ્રવેશે છે અને પ્રવેસશે... [૮૧૧] જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં નવ બલદેવ-વાસુદેવ પિતા થયા. તે આ ... - [૮૧૨] પ્રજાપતિ, બ્રહ્મ, રુદ્ર, સોમ, શિવ, મહાસિંહ, અગ્નિસિંહ, દશરથ, વસુદેવ [ક્રમથી આ નામો જાણવા.]*

*[૮૧૩] અહીંથી આરંભીને જેમ સમવાયાંગમાં કહ્યું છે, તેમ એક નવમો બલદેવ બ્રહ્મલોકથી ચ્યવી એક ભવ કરી મોક્ષે જશે ત્યાં સુધી કહેવું... જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં નવ બલદેવ-વાસુદેવના પિતા થશે, નવ માતા થશે આદિ સમવાય સૂત્ર મુજબ પ્રથમ ભીમસેન અને છેલ્લા સુગ્રીવ પર્યન્ત બધું જ કહેવું... [૮૧૪] આ પ્રતિવાસુદેવ નિશ્ચે કીર્તિપુરુષ વાસુદેવને હણવા ચક્ર મૂકે, તે જ ચક્રથી તેઓ પોતે મૃત્યુ પામે.*

● **વિવેચન-૮૦૭ થી ૮૧૪ :-**

[૮૦૭] સામાન્ય અને વિશેષાત્મક વસ્તુમાં સામાન્ય ગ્રહણાત્મક બોધરૂપ દર્શન, તેને આવરણ કરનારું કર્મ તે દર્શનાવરણ, નવ ભેદે છે–

તેમાં નિદ્રાપંચક - દ્રા ધાતુ કુત્સા અને ગતિ અર્થક છે... (૧) જેના વડે ચૈતન્ય કુત્સિતત્વરૂપ અસ્પષ્ટપણાને પામે તે નિદ્રા - સુખે જાગવા રૂપ સુપ્ત અવસ્થા તે નિદ્રા અથવા ચપટી વગાડતા જેમાં જાગૃતિ થાય છે, તેના વિપાકને અનુભવવા યોગ્ય કર્મપ્રકૃત્તિ પણ નિદ્રા, કાર્યથી વ્યપદેશ કરાય છે.

(૨) નિદ્રાનિદ્રા-નિદ્રાનો અતિશય તે. - x - તે દુઃખે જાગી શકાય તેવી સુપ્ત અવસ્થા છે, તેમાં અતિ અવ્યક્ત ચૈતન્યત્વથી, ઘણી ધોલનાદિ વડે જાગૃતિ થાય છે. આથી નિદ્રાની અપેક્ષાએ તેનું અત્યંત સુવાપણું છે. તેની વિપાકવેદ્યા કર્મપ્રકૃતિ પણ કાર્યદ્વારથી ‘‘નિદ્રાનિદ્રા’’ કહેવાય છે.

(૩) પ્રચલા-બેઠેલ કે ઉભો જે સુપ્તાવસ્થામાં પ્રચલે છે, તે પ્રચલા. તે ઉભા-બેઠા ડોલતા ઉંઘનારને હોય છે. તેવી વિપાકવેદ્ય કર્મ પ્રકૃત્તિ તે ‘પ્રચલા’.

(૪) પ્રચલા-પ્રચલા-અતિશય પ્રચલા, તે ચાલતા-ચાલતા પણ ઉંઘનારને હોય છે, પ્રચલાથી અતિશયવાળી છે. વિપાકવેદ્ય કર્મપ્રકૃતિ પ્રચલાપ્રચલા છે.

(૫) સ્ત્યાન - બહુપણે સંઘાત પ્રાપ્ત, ગૃદ્ધિ - આકાંક્ષા, જાગૃતાવસ્થામાં



ચિંતવેલ કાર્યને સાધવાના વિષયવાળી જે સુપ્તાવસ્થામાં નિદ્રા તે સત્યાનગૃદ્ધિ. - x - અથવા સ્ત્યાન - એકથી થયેલી, ઋદ્ધિ - આત્મશક્તિરૂપ, તે સ્ત્યાનર્દ્ધિ તેના સદ્ભાવમાં ઉંઘનારને વાસુદેવના અર્ધબલસદેશ શક્તિ હોય છે અથવા સ્ત્યાના-જડ જેવી ચૈતન્યની ઋદ્ધિ છે જેમાં તે સ્ત્યાનર્દ્ધિ. તેવી વિપાકવેદ્ય કર્મ પ્રકૃતિ પણ સ્ત્યાનર્દ્ધિ કે સ્ત્યાનગૃદ્ધિ કહેવાય છે - તે આ નિદ્રા પંચક.

દર્શનાવરણ કર્મ ક્ષયોપશમથી પ્રાપ્ત આત્મલાભરૂપ દર્શનલબ્ધિઓને આવરક કહ્યું. હવે જે દર્શનલબ્ધિઓના લાભને મૂલથી જ આવરે છે. તે આ દર્શનાવરણ ચતુષ્ક કહેવાય. (૧) ચક્ષુ વડે સામાન્યગ્રાહી બોધ તે ચક્ષુર્દર્શન, તેનું આવરણ તે ચક્ષુર્દર્શનાવરણ.. (૨) ચક્ષુ સિવાય ચાર ઇન્દ્રિયો વડે કે મન વડે જે દર્શન તે અચક્ષુર્દર્શન, તેનું આવરણ તે અચક્ષુર્દર્શનાવરણ. (૩) રૂપી પદાર્થની મર્યાદા વડે કે ઇન્દ્રિય નિરપેક્ષ બોધરૂપ સામાન્ય પદાર્થનું ગ્રહણ-અવધિદર્શન, તેનું આવરણ તે અવધિદર્શનાવરણ તથા (૪) ઉક્ત સ્વરૂપ કેવલ એવું જે દર્શન, તેનું આવરણ તે કેવલદર્શનાવરણ. એમ નવ ભેદો કહ્યા.

[૮૦૮] જીવોને કર્મના સંબંધથી નક્ષત્રાદિ દેવત્વ, તિર્યકત્વ, મનુષ્યત્વ થાય છે. માટે નક્ષત્રાદિ વક્તવ્યતા પ્રતિબદ્ધ સૂત્રસમૂહને કહે છે. તે સુગમ છે. વિશેષ એ કે – સાતિરેક નવ મુહૂર્તોને યાવત્ એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ અને એક ભાગના ૬૬/૬૭ ભાગ વડે અધિક ઉત્તર દિશામાં રહેલા નક્ષત્રો, દક્ષિણ દિશામાં રહેલ ચંદ્રની સાથે યોગને અનુભવે છે.

[૮૦૯] બહુસમ-અત્યંતસમ, તેથી રમણીય, તે ભૂમિ ભાગથી પણ પર્વત અપેક્ષાએ નહીં અને વક્ર ભૂમિ ભાગ અપેક્ષાએ પણ નહીં. અંતર વડે કરીને. ઉપરિતન તારાની જાતિ સંબંધિ ભ્રમણને કરે છે.

[૮૧૦] નવ યોજન લંબાઈવાળા જ પ્રવેશે છે. લવણસમુદ્રમાં જો કે ૫૦૦ યોજન લાંબા મત્સ્યો હોય છે, પણ નદીમુખમાં જગતિછિદ્રથી આમ છે.

[૮૧૧ થી ૮૧૩] પ્રજાપતિ - x - x - સંક્ષેપાર્થે અતિદેશ કરતા કહે છે – આ સૂત્રથી આરંભીને, સમવાયાંગમાં કહ્યા મુજબ જાણવું. તેથી આ નવ વાસુદેવ-બલદેવના માતાપિતાના નામો, તેમના નામો, પૂર્વભવના નામો, ધર્માચાર્યો, નિદાનભૂમિઓ, પ્રતિશત્રુ, ગતિ, ઇત્યાદિ - x - આઠ બલદેવો મોક્ષે ગયા અને એક છેલ્લો બ્રહ્મલોક કલ્પે, તે આવતી ચોવીશીમાં સિદ્ધ થશે. - x - x - આગામી ઉત્સર્પિણી સૂત્રમાં અતિદેશ વચન પણ એ રીતે વિચારવું યાવત્ પ્રતિવાસુદેવ સૂત્ર મહાભીમસેન અને છેલ્લા સુગ્રીવ સુધી.

[૮૧૪] આ નવ પ્રતિશત્રુઓ, કીર્તિપ્રધાન પુરુષો તે કીર્તિપુરુષો. ચક્ર વડે યુદ્ધ કરવાનો જેઓનો સ્વભાવ છે તે ચક્રયોધી, સ્વચક્રથી હણાશે.

અહીં મહાપુરુષ અધિકારમાં ચક્રવર્તી સંબંધી નિધિ પ્રકરણને કહે છે–

● **સૂત્ર-૮૧૫ થી ૮૨૯ :-**

*[૮૧૫] પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તીને નવ મહાનિધિઓ છે, પ્રત્યેક મહાનિધિ*

*નવ-નવ યોજન પહોળી છે, તે આ – ...[૮૧૬] નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક, શંખ-મહાનિધિ.*

*[૮૧૭] નૈસર્પ મહાનિધિ-માં નિવેશ, ગામ, આકર, નગર, પટ્ટણ, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર અને ઘરની સ્થાપના છે – [નિર્માણ થાય.]*

*[૮૧૮] પાંડુક મહાનિધિ-માં ગણિતનું, બીજનું, માન-ઉન્માનનું પ્રમાણ તથા ધાન્ય અને બીજોની ઉત્પત્તિ કહી છે... [૮૧૯] પિંગલ મહાનિધિ-માં પુરુષો, સ્ત્રીઓ, ઘોડા, હાથીની સર્વ આભરણ વિધિ છે.*

*[૮૨૦] સર્વરત્ન મહાનિધિ-માં ચક્રવર્તીના શ્રેષ્ઠ ચૌદ રત્નોનો ઉપજવાનો વિધિ છે, તેમાં એકેન્દ્રિય અને પંચેન્દ્રિય રત્નો જાણવા.*

*[૮૨૧] મહાપદ્મ મહાનિધિ-માં સર્વ પ્રકારના વસ્ત્રોની ઉત્પત્તિ, નિષ્પત્તિ, રંગવાની અને ધોવાની વિધિ છે.. [૮૨૨] કાલ મહાનિધિમાં–કાલ, તે ભૂત-વર્તમાન-ભાવિનું તથા ત્રણ વર્ષનું, સો શિલ્પ, કર્મ એ ત્રણેનું પ્રજાને હિતકર જ્ઞાન છે... [૮૨૩] મહાકાલ મહાનિધિ-માં લોઢુ, ચાંદી, સોનુ, મણી, મોતી, સ્ફટિક શિલા અને પ્રવાલ તથા ખાણોની ઉત્પત્તિ છે.*

*[૮૨૪] માણવક મહાનિધિ-માં યોદ્ધા, શસ્ત્ર, બખ્તર, યુદ્ધનીતિ, દંડનીતિ હોય છે... [૮૨૫] શંખ મહાનિધિમાં-નૃત્યવિધિ, નાટકવિધિ, ચાર પ્રકારના કાવ્યોની અને મૃદંગાદિ સર્વે વાદ્યોની ઉત્પત્તિ વિધિ છે.*

*[૮૨૬] આઠ ચક્ર ઉપર રહેલ, આઠ યોજન ઉંચા, નવ યોજન પહોળા, બાર યોજન લાંબા પેટી આકારે છે, ગંગા નદીના મુખ પાસે સ્થિત છે.*

*[૮૨૭] વૈડૂર્ય મણિમય, સુવર્ણના બનેલ, વિવિધ રત્નોથી પરિપૂર્ણ, ચંદ્ર-સૂર્ય-ચક્ર લક્ષણ અનુસમ યૂપ આકારે દ્વાર શાખવાળા છે.*

*[૮૨૮] આ નિધિ સદંશ નામવાળા, પલ્યોપમ સ્થિતિક દેવો તેમાં રહે છે. આ નિધાનો અક્રેય કે દેવોના આધિપત્યવાળા છે... [૮૨૯] આ નવ નિધિઓ પ્રભૂત ધન-રત્નસંચયથી સમૃદ્ધ અને ચક્રવર્તીને વશવર્તી છે.*

● **વિવેચન-૮૧૫ થી ૮૨૯ :-** *[વૃત્તિમાં આ ૬૭૩મું સળંગ એક સૂત્ર છે.]*

સૂત્ર સુગમ છે. વિશેષ એ – નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક અને શંખ મહાનિધિ. આ નિધાન અને તેનો સ્વામી દેવ બંનેની અભેદ વિવક્ષા વડે નૈસર્પ દેવ, તેના હોવાથી નિવેશ-નવા ગામ આદિની સ્થાપના કે ચક્રવર્તીના રાજ્યોપયોગી દ્રવ્યો, બધાયે નવ નિધિઓમાં અવતરે છે. અર્થાત્ નવ નિધાનપણે વ્યવહાર કરાય છે. તેમાં નવીન અને પ્રાચીનના જ સંનિવેશો તે નૈસર્પ નિધિમાં વર્તે છે. - x -

તેમાં ગ્રામ - દેશના લોક વડે અધિષ્ઠિત, આકર - જે સ્થાનમાં લવણ આદિની ઉત્પત્તિ થાય છે તે, નગર - જેમાં કર નથી તે, पत्तन - દેશી સ્થાન, द्रोणमुख - જલ, સ્થલ માર્ગ વડે યુક્ત, મડંબ - જેની નજીકમાં વાસ વિદ્યમાન નથી તે. स्कन्धावार - કટકની છાવણી, गृह - ભવન.





ગણિત - દીનાર આદિ, સોપારીના ફળ આદિ લક્ષણ. च કારનો અંતરિત સંબંધ છે, તે બતાવીશું તથા તેના કારણભૂત બીજોને તથા સેતિકાદિ માન, તદ્વિષયક જે. – તે પણ માન જ અર્થાત્ ધાન્યાદિ માપવા યોગ્ય તથા उन्मान - ત્રાજવા, તોલાદિ, તેના વિષયવાળું જે તે. – અર્થાત્ ખાંડ, ગોળ આદિ ધરિમ. તેવું જે પ્રમાણ. - x - તે પાંડુક નામક નિધાનમાં કહેલું છે. એ રીતે લિંગ પરિણામથી સંબંધ છે. તથા ધાન્ય-ઘઉં આદિની અને તેના વિશેષરૂપ બીજની જે ઉત્પત્તિ તે પાંડુકનિધિના વિષયવાળી છે. અર્થાત્ તેનો આ વ્યાપાર છે. એમ જિનાદિએ કહ્યું છે.

सव्वा - ગાથા (સૂત્ર-૨૧૯) સુગમ છે... रयण ગાથા - ચક્ર આદિ સાત એકેન્દ્રિય રત્નો અને સેનાપતિ આદિ સાત પંચેન્દ્રિય રત્નો, જે ચક્રવર્તીઓને ઉત્પન્ન થાય છે તે સર્વે "સર્વરત્ન"નામક નિધિ જાણવા.

વસ્ત્ર-વસ્ત્રોની જે સામાન્યથી ઉત્પત્તિ અને વિશેષથી નિષ્પત્તિ, સર્વ વસ્ત્રોના પ્રકારોની - x - એવા વસ્ત્રોની. કેવા પ્રકારના વસ્ત્રોની, તે કહે છે - રંગવાળા, શુદ્ધ સ્વરૂપવાળા, આ બધી ઉત્પત્તિ અને નિષ્પત્તિ મહાપદ્મ નામક નિધિ વિષયવાળી છે.

કાળ-કાળ નામક નિધિમાં 'કાલજ્ઞાન' શુભાશુભરૂપ કાલનું જ્ઞાન વર્તે છે તેથી જણાય છે. તે જ્ઞાન ભાવિ વસ્તુના વિષયવાળું-ભવ્ય, પુરાતન વસ્તુ વિષયક તે પુરાણ. च શબ્દથી વર્તમાન વસ્તુ વિષયક તે વર્તમાન. અનાગત-ત્રણ વર્ષના વિષયવાળું અને અતીત ત્રણ વર્ષના વિષયવાળું તથા ૧૦૦ પ્રકારનું શિલ્પ કાલનિધિમાં વર્તે છે. શિલ્પશત-તે ઘટ, લોહ, ચિત્ર, વસ્ત્ર, નાપિત એ પાંચમૂલ, દરેકના ૨૦-૨૦ ભેદો છે. કર્મો - ખેતી અને વેપાર, તે કાલનામક નિધિમાં છે. અર્થાત્ કાલજ્ઞાન, શિલ્પ અને કર્મ આ ત્રણ પ્રજાના હિતકર છે, નિર્વાહ-અભ્યુદય હેતુભૂત છે.

લોહ-લોહની ઉત્પત્તિ મહાકાલ નામક નિધિમાં થાય છે. તથા आकर - લોહાદિની ઉત્પત્તિરૂપ ખાણ લક્ષણવાળી છે. એ રીતે રૂપાદિની ઉત્પત્તિ સંબંધે કહેવું. માત્ર મણિઓ-ચંદ્રકાંતાદિ, મુક્તા-મોતી, શિલા-સ્ફટિકાદિ અને પ્રવાલ-વિદ્રુમ... યોધા-શૂર પુરુષોની ઉત્પત્તિ, આવરણ-બખ્તર, પ્રહરણ-શસ્ત્રો, વ્યૂહ રચનાદિ તે માણવક નિધિમાં અથવા નિધિના નાયકમાં હોય છે-તેમાં પ્રવર્તે છે.

દંડનીતિ-દંડ વડે ઓળખાતી નીતિ, તે સામાદિ ચાર ભેદે છે તેથી આવશ્યક [નિર્યુક્તિ] માં કહ્યું છે - શેષ દંડનીતિ માણવકનિધિથી છે.

નાટ્ય-નૃત્યની વિધિ, નાટક-ચરિતને અનુસરનાર નાટક લક્ષણ યુક્ત, તેનો વિધિ - x - ચાર પ્રકારના કાવ્યની-ધર્મ, અર્થ, કામ, મોક્ષ લક્ષણ પુરુષાર્થ વડે ગુંથેલ ગ્રંથની અથવા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને સંકીર્ણ ભાષા વડે ગુંથેલ અથવા સમ, વિષમ, અર્દ્ધસમ વૃત્તબદ્ધ ગદ્યપણે અથવા ગદ્ય, પદ્ય, ગેય, વર્ણપદ ભેદથી રચેલ. કાવ્યની ઉત્પત્તિ શંખ નામક મહાનિધિમાં હોય છે તથા મૃદંગાદિ વાજિંત્રોની ઉત્પત્તિ છે.

ચક્ર-આઠ ચક્રોમાં પ્રતિષ્ઠાન છે, જેઓનું તે અષ્ટચક્ર પ્રતિષ્ઠાન, આઠ યોજનની તેની ઉંચાઈ છે, નવ યોજનની પહોળાઈમાં નિધિઓ છે, બાર યોજન લાંબા છે. મંજૂષાના આકારે રહેલા છે. ગંગાના મુખમાં થાય છે.

વૈડૂર્ય - જેઓના વૈડૂર્ય મણિમય કપાટો છે. - x - સુવર્ણવાળા વિવિધ રત્નોથી પ્રતિપૂર્ણ છે. ચંદ્ર-સૂર્ય-ચક્રાકાર અવિષમ ચિહ્નો છે.

યૂપ-તેવા આકારવાળા, ગોળાઈવાળા અને લાંબા છે. બાહુ - બાર-શાખા, મુખમાં છે જેઓને તે યુગબાહુવદનો - x - ચંદ્ર-સૂર્ય-ચક્રલક્ષણ અનુસમ યુગબાહુ વદનો. - x -... નિધિ સમાન નામ છે જે દેવોના તે નિધિ સદેશ નામો. જે દેવોના નિધિઓ આવાસો છે, તે ન ખરીદવા યોગ્ય છે. કેમકે સર્વદા તેઓના જ સંબંધવાળા છે. નિધાનોને વિશે જે દેવોનું સ્વામીપણું છે, એ પ્રક્રમ છે. સૂત્ર-૮૨૯ વાળી ગાથા સુગમ છે.

અનંતર ચિત્તવિકૃતિરૂપ વિગતિના હેતુભૂત નિધિઓ કહ્યા. હવે તથાવિધ જ વિકૃત્તિને પ્રતિપાદન કરે છે—

**● સૂત્ર-૮૩૦ થી ૮૩૫ :-**

***[૮૩૦] વિગઈઓ નવ કહી છે — દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, મદિરા, માંસ... [૮૩૧] ઔદારિક શરીર નવ છિદ્રથી સ્રવતું કહ્યું છે — બે શ્રોત, બે નેત્ર, બે નસકોરા, મુખ, મૂત્રસ્થાન, ગુદા.***

***[૮૩૨] પુન્ય નવ ભેદે કહ્યું છે — અન્ન પુન્ય, પાન પુન્ય, વસ્ત્ર પુન્ય, ઘરનું પુન્ય, શયન પુન્ય, મન પુન્ય, વચન પુન્ય, કાય પુન્ય, નમસ્કાર પુન્ય.***

***[૮૩૩] પાપના આયતનો નવ ભેદે કહ્યા છે — પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ...***

***[૮૩૪] પાપશ્રુત નવ ભેદે છે — [૮૩૫] ઉત્પાત્, નિમિત્ત, મંત્ર, આખ્યાયક, ચૈકિત્સિક, કલા, આવરણ, અજ્ઞાન અને મિથ્યા પ્રવચન-શાસ્ત્ર.***

**● વિવેચન-૮૩૦ થી ૮૩૫ :-**

[૮૩૦] નવ વિગઈનો અર્થ કહેવાયો છે. તથાપિ કંઈક કહે છે — વિકારને કરનારી હોવાથી વિકૃતિ કહેવાય છે. પક્વાન્ન ક્યારેક અવિકૃતિ પણ હોય, તેથી આ નવ કહેલ છે, અન્યથા દશ વિગઈઓ પણ હોય. જે તવો એક વખત પૂડલા વડે પૂરાય, પછી તે જ તવામાં બીજો પૂડલો પૂરાય, તે વિગઈના ત્યાગીને કલ્પે છે, તે લેપકૃત છે - વિગઈ નહીં.

વિગઈમાં દૂધ પાંચ પ્રકારે — બકરી, ઘેટી, ગાય, ભેંસ, ઉંટડી ભેદે. દહીં-માખણ-ઘી ચાર ભેદે જ છે, કેમકે તે ઉંટડીના થતા નથી. તેલ ચાર પ્રકારે છે — તલ, અલસી, કુસુંભ અને સરસવના ભેદે. ગોળ બે પ્રકારે — દ્રવ અને પિંડ. મધુ ત્રણ ભેદે — માખીનું, કૌંતિકનું, ભમરીનું. મદ્ય બે ભેદે - કાષ્ઠ અને પિષ્ટનું. માંસ ત્રણ ભેદે-જલચર, સ્થલચર, ખેચરનું.

[૮૩૧] વિગઈઓ શરીરની વૃદ્ધિની હેતુભૂત છે, માટે શરીરના સ્વરૂપને કહે છે — નવ સ્રોત એટલે છિદ્રો દ્વારા મળ નીકળે છે. તેથી નવશ્રોત પરિશ્રવા બોંદિ એવું ઔદારિક શરીર છે. બે કાન વગેરે સૂત્રાર્થ મુજબ.

[૮૩૨] એવા પ્રકારના શરીર વડે પણ પુન્યોપાર્જન થાય છે, માટે પુન્યના ભેદો



કહે છે — સુપાત્રમાં અન્નદાનથી જે તીર્થંકરનામાદિ પુન્યપ્રકૃતિનો બંધ થાય તે અન્નપુન્ય જ છે, એ રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ કે :- લયન-ઘર, શયન-સંથારો, મન વડે ગુણીજનો વિશે સંતોષ થવાથી, વાણી વડે પ્રશંસા કરવાથી, કાયા વડે સેવાથી, નમસ્કાર વડે પર્યુપાસનાથી જે પુન્ય બંધાય તે મનપુન્યાદિ જાણવા. કહ્યું છે — અન્ન, પાન, વસ્ત્ર, સ્થાન, શયન, આસન, સેવા, વંદન, તુષ્ટિ આ નવ પુન્ય છે.

[૮૩૩] પુન્યના વિપર્યયરૂપ પાપના કારણો કહે છે — તે સુગમ છે, વિશેષ એ કે — અશુભ પ્રકૃત્તિ રૂપ પાપના આયતનો - બંધના કારણો છે.

[૮૩૪,૮૩૫] પાપ હેતુ અધિકારથી પાપશ્રુત સૂત્ર છે, તે સુગમ છે. વિશેષ એ કે — પાપોપાદાન હેતુરૂપ શ્રુત-શાસ્ત્ર તે પાપશ્રુત. તેને સેવવા રૂપ અથવા સૂત્ર વૃત્તિ અને વાર્તિકરૂપ તે પાપશ્રુત પ્રસંગ. તેમાં ઉત્પાત-પ્રકૃતિના વિકારરૂપ સહજ રુધિર-વૃષ્ટિ આદિ, તેના પ્રતિપાદક શાસ્ત્ર પણ ઉત્પાત છે.

નિમિત્ત - અતીતાદિના પરિજ્ઞાનના ઉપાયરૂપ-કૂટ પર્વતાદિ.

મંત્ર-મંત્રશાસ્ત્ર, જીવના ઉદ્ધરણરૂપ - ગારુડાદિ... આખ્યાયક-માતંગ વિદ્યા - જેના ઉપદેશથી અતીતાદિ કહેવાય તે ડોડી આદિ પ્રસિદ્ધ છે.

ચૈકિત્સિક-આયુર્વેદ... કલા-ગણિત પ્રધાન લેખાદિથી આરંભી શકુનરુત પર્યન્ત બોંતેર શાસ્ત્રો... આવરણ-જેના વડે આકાશનું આચ્છાદન કરાય છે તે — ભવન, પ્રાસાદ, નગરાદિ અર્થાત્ વાસ્તુવિદ્યા.

અજ્ઞાન — ભારત, કાવ્ય, નાટકાદિ લૌકિકશ્રુત... મિથ્યાપ્રવચન-બૌદ્ધાદિ કુતીર્થિકોના શાસ્ત્ર... — આ બધું પાપશ્રુત પણ સાધુએ પુષ્ટ આલંબનથી સેવ્યુ હોય તો અપાપશ્રુત જ છે. इति - એ પ્રકારે, च - સમુચ્ચય.

**● સૂત્ર-૮૩૬ થી ૮૩૮ :-**

***[૮૩૬] નવ નૈપૂણિક વસ્તુ કહી છે — સંખ્યાન, નિમિત્ત, કાયિક, પુરાણ, પારિહસ્તિક, પરપંડિત, વાદી, ભૂતિકર્મ, ચૈકિત્સિક.***

***[૮૩૭] શ્રમણ ભગવંત મહાવીરને નવ ગણ થયા — ગોદાસ, ઉત્તર બલિસ્સહ, ઉદ્દેહ, ચારણ, ઉર્દ્ધવાતિક, વિશ્વવાદી, કામર્દ્ધિ, માનવ, કોટિક.***

***[૮૩૮] શ્રમણ ભગવંત વીરે શ્રમણ નિર્ગ્રન્થોને નવ કોટિ વડે પરિશુદ્ધ ભિક્ષા કહી છે - હણે નહીં, હણાવે નહીં, હણતાને અનુમોદે નહીં. રાંધે નહીં, રંધાવે નહીં, અનુમોદે નહીં, ન ખરીદે, ન ખરીદાવે, ન અનુમોદે.***

**● વિવેચન-૮૩૬ થી ૮૩૮ :-**

[૮૩૬] નિપુણ-સૂક્ષ્મ જ્ઞાન વડે વિચરે તે નિપુણો કે નૈપુણિકો. વસ્તુ-આચાર્યાદિ પુરુષો. તે આ — (૧) સંખ્યાન-ગણિત, તેના યોગથી પુરુષ પણ સંખ્યાન કહેવાય અથવા સંખ્યાનના વિષયમાં નિપુણ.

(૨) નિમિત્ત-ચૂડામણિ પ્રમુખ, (૩) કાયિક-શારિરીક અર્થાત્ ઇડા પિંગલાદિ પ્રાણ તત્ત્વ, (૪) પુરાણ-વૃદ્ધ, તે લાંબા જીવનવાળો હોવાથી, ઘણાં વૃત્તાંતને જોયેલ હોય. અથવા શાસ્ત્ર વિશેષને જાણનાર હોય.

(૫) પ્રકૃત્તિથી જ દક્ષ, બધાં પ્રયોજનોને યોગ્ય સમયે કરનાર હોય.

(૬) પર - ઉત્કૃષ્ટ, પરપંડિત - ઘણાં શાસ્ત્રોને જાણનાર અથવા મિત્ર આદિ પંડિતો છે જેના તે. તે નિપુણના સંસર્ગથી નિપુણ હોય છે.

(૭) વાદી-વાદ લબ્ધિ સંપન્ન, જે બીજાથી જીતી ન શકાય અથવા મંત્રવાદી કે ધાતુવાદી... (૮) ભૂતિકર્મ-જ્વરાદિ રક્ષા નિમિત્તે ભૂતિનું આપવું, તેમાં નિપુણ... (૯) ચિકિત્સા કરવામાં નિપુણ.

અથવા અનુપ્રવાદ પૂર્વની નૈપુણિક વસ્તુઓ-અધ્યયન વિશેષ.

[૮૩૭] આ નૈપુણિક સાધુઓ ગચ્છમાં અંતર્ભાવી હોવાથી ગણસૂત્ર-સુગમ છે. વિશેષ એ — એક ક્રિયા-વાચનાવાળા સાધુનો સમુદાય તે ગણ.

[૮૩૮] ઉક્ત ગણવર્તી સાધુઓને ભગવંતે જે કહ્યું તે કહે છે — નવ વિભાગ વડે વિશુદ્ધ એવી ભિક્ષાનો સમૂહ તે ભૈક્ષ. સાધુ સ્વયં ઘઉં આદિને દળવા વડે ન હણે. ગૃહસ્થ પાસે ન હણાવે, ન અનુમોદે - x - અથવા સદોષ આપનારને નિષેધ ન કરે, તે અનુમત જ છે. - x -

કહ્યું છે — પોતે ન કરે, તો પણ જાણવા છતાં ગ્રહણ કરે તો તેના પ્રસંગને વધારે છે. કેમકે ન ગ્રહણ કરનાર તેના પ્રસંગને વારે છે. હત-પીસેલા એવા ઘઉં, મગ આદિ ન પીસેલું એવું ધાન્ય સ્વયં રાંધે નહીં, શેષ પૂર્વવત્, સુગમ છે. અહીં આદ્ય છ કોટિઓ અવિશોધિ કોટિમાં અવતરે છે, કેમકે આધાકર્માદિરૂપ છે, છેલ્લી ત્રણ વિશોધિકોટિમાં છે.

કહ્યું છે - તે નવ કોટિ બે ભેદે કરાય છે, ઉદ્‌ગમ કોટિ અને વિશોધિ કોટિ. પહેલી છ અવિશોધિ કોટિમાં અવતરે છે, છેલ્લી ત્રણ-ક્રીતત્રિક વિશોધિકોટિમાં છે... - નવ કોટિ શુદ્ધ આહાર લેનાર સાધુ કથંચિત્ મોક્ષ અભાવે દેવગતિમાં જાય છે. માટે દેવગતિ ગત વસ્તુ સમૂહને કહે છે—

**● સૂત્ર-૮૩૯ થી ૮૪૫ :-**

***[૮૩૯] દેવેન્દ્ર દેવરાજ ઈશાનના વરુણ લોકપાલને નવ અગ્રમહિષીઓ કહી છે... [૮૪૦] દેવેન્દ્ર દેવરાજ ઈશાનની અગ્રમહિષીઓની નવ પલ્યોપમની સ્થિતિ કહી છે... [૮૪૧] દેવ નિકાયો નવ કહ્યા—***

***[૮૪૨] સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય, રિષ્ટ... [૮૪૩] અવ્યાબાધ દેવોના ૯૦૯ દેવો કહ્યા છે, એ પ્રમાણે આગ્નેયના પણ, એ પ્રમાણે જ રિષ્ટના પણ જાણવા.***

***[૮૪૪] નવ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટો કહ્યા છે. (૧) અધસ્તન અધસ્તન, (૨) અધસ્તન મધ્યમ, (૩) અધસ્તન ઉપરિમ, (૪) મધ્યમ અધસ્તન, (૫) મધ્યમ મધ્યમ, (૬) મધ્યમ ઉપરિમ, (૭) ઉપરિમ અધસ્તન, (૮) ઉપરિમ મધ્યમ, (૯) ઉપરિમ ઉપરિમ-ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ. આ નવ ગ્રૈવેયક વિમાનના નવ પ્રસ્તટો કહેલા છે — [૮૪૫] ભદ્ર, સુભદ્ર, સુજાત, સૌમનસ, પ્રિયદર્શન, સુદર્શન, અમોઘ, સુપ્રબુદ્ધ, યશોધર.***



**● વિવેચન-૮૩૯ થી ૮૪૫ :-**

[૮૩૯,૮૪૦] સૂત્ર સુગમ છે. વિશેષ એ — તેઓનું સપરિગ્રહત્વ હોવાથી નવ જ છે. કહ્યું છે — સૌધર્મ, ઈશાન કલ્પમાં સપરિગ્રહિતા અને અપરિગ્રહિત દેવીની જઘન્ય સ્થિતિ પલ્યોપમ અને સાધિક પલ્યોપમ છે. સૌધર્મમાં ઉત્કૃષ્ટથી સપરિગ્રહિતાની સાત અને બીજીની ૫૦ પલ્યોપમ છે. ઈશાનમાં તે નવ અને ૫૫-પલ્યોપમ સ્થિતિ છે.

[૮૪૧ થી ૮૪૫] સારસ્વતથી આગ્નેય પર્યન્ત આઠ દેવો કૃષ્ણરાજિના આઠ આંતરામાં રહે છે, રિષ્ઠ દેવ કૃષ્ણરાજિના મધ્યે રિષ્ટાભ વિમાન પ્રસ્તટમાં રહે છે - - અનંતર ગ્રૈવેયક વિમાનો કહ્યા. તેમાં રહેનારા આયુષ્યમાન્ હોય છે, તેથી આયુના પરિણામ ભેદો કહે છે—

**● સૂત્ર-૮૪૬ થી ૮૪૮ :-**

***[૮૪૬] આયુ પરિણામ નવ ભેદે છે. તે આ - ગતિ પરિણામ, ગતિ બંધન પરિણામ, સ્થિતિ પરિણામ, સ્થિતિ બંધન પરિણામ, ઉર્ધ્વગૌરવ પરિણામ, અધો ગૌરવ પરિણામ, તિર્યગ્‌ગૌરવ પરિણામ, દીર્ઘ ગૌરવ પરિણામ, હ્રસ્વ ગૌરવ પરિણામ.***

***[૮૪૭] નવ નવમિકા ભિક્ષુ પ્રતિમા ૮૧ અહોરાત્ર વડે અને ૪૦૫-ભિક્ષાઓ વડે યથાસૂત્ર યાવત્ આરાધેલી હોય છે.***

***[૮૪૮] પ્રાયશ્ચિત્ત નવ ભેદે - આલોચનાર્હથી અનવસ્થાપ્ય.***

**● વિવેચન-૮૪૬ થી ૮૪૮ :-**

[૮૪૬] આયુષ્ય-કર્મપ્રકૃતિ વિશેષનો પરિણામ એટલે ધર્મ, સ્વભાવ, શક્તિ. તેમાં (૧) ગતિ-દેવાદિની, તેને નિયત જે સ્વભાવ વડે આયુષ્ય, જીવને પ્રાપ્ત કરાવે છે, તે આયુષ્યનો ગતિપરિણામ.

(૨) જે આયુસ્વભાવથી પ્રતિનિયત ગતિ કર્મબંધ થાય છે, જેમ નારકાયુના સ્વભાવથી મનુષ્ય-તિર્યગ્‌ગતિ નામકર્મ બંધાય છે, પણ દેવ-નરકગતિ નામકર્મ ન બંધાય તે ગતિબંધન પરિણામ.

(૩) આયુની અંતર્મુહૂર્તાદિ ૩૩-સાગરોપમની સ્થિતિ તે સ્થિતિ પરિણામ.

(૪) જે પૂર્વભવાયુ પરિણામ વડે પરભવાયુની નિયત સ્થિતિને બાંધે છે, તે સ્થિતિ બંધન પરિણામ, જેમ તિર્યગાયુપરિણામથી દેવનું આયુ ઉત્કૃષ્ટથી પણ ૧૮-સાગરોપમ સુધી જ બાંધે છે.

(૫) જે આયુ સ્વભાવથી જીવને ઉર્ધ્વદિશામાં ગમનશક્તિ લક્ષણ પરિણામ હોય છે, તે ઉર્ધ્વ ગૌરવ પરિણામ. ગૌરવ - ગમન પર્યાય.

(૬) એ રીતે અધો (૭) તિર્યગ્ પણ જાણવા... (૮) જે આયુસ્વભાવ વડે જીવને દીર્ઘ ગમનપણે થાય તે દીર્ઘ ગૌરવ પરિણામ... (૯) એ રીતે જેથી હ્રસ્વ ગમન તે હ્રસ્વ ગૌરવ પરિણામ. - x -

[૮૪૭] આયુ પરિણામ કહ્યા. તે વિશેષ હોવાથી તપશક્તિ હોય છે, માટે તપશક્તિ કહે છે - સુગમ છે. વિશેષ એ - જેના નવ-નવ દિનો છે, તે નવનવમિકા.

- X - નવ નવક એટલે ૮૧. એમ ૮૧-અહોરાત્ર વડે થાય છે. તેમાં પહેલા નવકમાં રોજ પાણીની અને એકદત્તિ ભોજનની એ રીતે એક-એક દત્તિની વૃદ્ધિ વડે નવમાં નવકમાં નવ દત્તિ પાણીની અને નવદત્તિ ભોજનની, તે રીતે કુલ ૪૦૫ દત્તિ વડે યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ, યથા તત્ત્વ સમ્યક્ કાય વડે સ્પૃષ્ટ, પાલિત, શોભિત, તીરિત, કીર્તિત, આરાધિત થાય છે.

[૮૪૮] આ પ્રતિમા જન્માંતરમાં કરેલ પાપકર્મના પ્રાયશ્ચિત્તરૂપ છે માટે પ્રાયશ્ચિત્તના નિરૂપણવાળું સૂત્ર છે, જે પૂર્વે કહેવાયેલ છે.

પ્રાયશ્ચિત્ત ભરતાદિ ક્ષેત્રમાં હોય, માટે તેમાં રહેલ વસ્તુ કહે છે—

● **સૂત્ર-૮૪૯ થી ૮૬૮ :-**

*[૮૪૯] જંબૂદ્વીપના મેરુની દક્ષિણે ભરતમાં દીર્ઘ વૈતાઢ્ય ઉપર નવ કૂટો કહ્યા છે — [૮૫૦] સિદ્ધ, ભરત, ખંડપ્રપાત, માણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગુફા, ભરત, વૈશ્રમણ-કૂટ.*

*[૮૫૧] જંબૂદ્વીપના મેરુની દક્ષિણે નિષધ વર્ષધર પર્વતે નવ કૂટો કહ્યા છે — [૮૫૨] સિદ્ધ, નિષધ, હરિવર્ષ, વિદેહ, હ્રી, ધૃતિ, શીતોદા, અવર વિદેહ, રુચક-કૂટો... [૮૫૩] જંબૂદ્વીપના મેરુ પર્વતે નંદનવમાં નવ કૂટો છે — [૮૫૪] નંદન, મંદર, નિષધ, હૈમવત, રજત, રુચક, સાગરચિત્ત, વૈર, બલ-કૂટ જાણવા.*

*[૮૫૫] જંબૂદ્વીપમાં માલ્યવંત વક્ષસ્કાર પર્વતે નવ કૂટો છે — [૮૫૬] સિદ્ધ, માલ્યવંત, ઉત્તરકુરુ, કચ્છ, સાગર, રજત, શીતા, પૂર્ણ, હરિસ્સહ - કૂટો... [૮૫૭] જંબૂદ્વીપમાં કચ્છ વિજયમાં દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો કહ્યા છે — [૮૫૮] સિદ્ધ, ખંડપ્રપાત, માણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગુફા, કચ્છ, વૈશ્રમણ-કૂટો... [૮૫૯] જંબૂદ્વીપમાં સુકચ્છ વિજયમાં દીર્ઘવૈતાઢ્ય ઉપર નવ કૂટો છે — [૮૬૦] સિદ્ધ, સુકચ્છ, ખંડપ્રપાત, માણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગુફા, સુકચ્છ, વૈશ્રમણ-કૂટો.*

*[૮૬૧] એ રીતે યાવત્ પુષ્કલાવતી વિજયમાં દીર્ઘ વૈતાઢ્યે, એમ જ કચ્છ વિજયમાં દીર્ઘ વૈતાઢ્યે, એ પ્રમાણે યાવત્ મંગલાવતીમાં દીર્ઘ વૈતાઢ્યે [નવ કૂટો કહ્યા છે.]... જંબૂદ્વીપમાં વિદ્યુત્પ્રભ વક્ષસ્કારે નવ કૂટો છે — [૮૬૨] સિદ્ધ, વિદ્યુત્પ્રભ, દેવકુરુ, પક્ષ્મ, કનક, સૌવસ્તિક, સીતોદા, સજલ, હરિકૂટ... [૮૬૩] જંબૂદ્વીપના પક્ષ્મ વિજયના દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો છે — સિદ્ધ, પક્ષ્મ, ખંડપ્રપાત, માણીભદ્ર, વૈતાઢ્ય૦ એ રીતે યાવત્ સલિલાવતી, વપ્રના દીર્ઘ વૈતાઢ્યે એ પ્રમાણે યાવત્ ગંધિલાવતી દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો છે — [૮૬૪] સિદ્ધ, ગંધિલાવતી, ખંડપ્રપાત, માણીભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિશ્રગુફા, વૈશ્રમણ કૂટો.*

*[૮૬૫] એ રીતે બધા દીર્ઘ વૈતાઢ્યે બે કૂટો સદેશ નામવાળા છે, શેષ કૂટોના તે જ નામો છે.. જંબૂદ્વીપના મેરુની ઉત્તરે નીલવંત વર્ષધર પર્વતે નવ કૂટો છે — [૮૬૬] સિદ્ધ, નિલવંત, વિદેહ, સીતા, કીર્તિ, નારિકાંતા, અવરવિદેહ, રમ્યક્, ઉપદર્શન કૂટ.*



*[૮૬૭] જંબૂદ્વીપના મેરુની ઉત્તરે ઐરવતમાં દીર્ઘ વૈતાઢ્યે નવ કૂટો કહ્યા છે. — [૮૬૮] સિદ્ધ, રત્ન, ખંડપ્રપાત, માણીભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર, તિમિસ્રગુફા, ઐરવત, વૈશ્રમણ, ઐરવતકૂટો.*

● **વિવેચન-૮૪૯ થી ૮૬૮ :-** *[વૃત્તિમાં ૬૮૯ રૂપે સળંગ એક સૂત્ર છે.]*

સૂત્રો સુગમ છે. વિશેષ એ કે — ભરતક્ષેત્રનું ગ્રહણ વિજયાદિના નિષેધ માટે છે. દીર્ઘ ગ્રહણ વૃત્ત વૈતાઢ્યના નિષેધાર્થે છે. સિદ્ધ-સિદ્ધાયતન યુક્ત સિદ્ધ કૂટ. તે સવા યોજન ઉંચુ, તેટલું મૂળે વિસ્તીર્ણ, તેનાથી અર્ધુ ઉપરના ભાગે વિસ્તારવાળું, એક કોશ લંબાઈ, અર્દ્ધ કોશની પહોળાઈ દેશ ઉણ એક કોશ ઉંચાઈવાળું છે. પશ્ચિમ સિવાય ત્રણે દિશામાં ૫૦૦ ધનુષ્ ઉંચા, ૨૫૦ ધનુષ્ પહોળા ત્રણ દરવાજા યુક્ત, ૧૦૮ જિનપ્રતિમા યુક્ત એવા સિદ્ધાયતનથી વિભૂષિત ઉપરના ભાગવાળું સિદ્ધકૂટ છે. તે વૈતાઢ્ય પર્વત ઉપર પૂર્વ દિશામાં રહેલું છે, શેષકૂટો ક્રમશઃ પશ્ચિમે છે.

ભરતદેવના પ્રાસાદાવતંસક વડે ઓળખાતું ભરતકૂટ છે. ખંડપ્રપાતા વૈતાઢ્ય ગુફા-જેના દ્વારા ચક્રવર્તી અનાર્ય ક્ષેત્રથી સ્વક્ષેત્રમાં આવે છે. તેના અધિષ્ઠાયક દેવ સંબંધીત્વથી ખંડપ્રપાતકૂટ કહ્યો છે.

માણિભદ્ર દેવના નિવાસથી માણિભદ્ર કૂટ છે. વૈતાઢ્ય પર્વત નાયક દેવના નિવાસથી વૈતાઢ્યકૂટ, પૂર્ણભદ્ર દેવના નિવાસથી પૂર્ણભદ્રકૂટ, તિમિસ્ર ગુફા નામે ગુફા - જે દ્વારા ચક્રવર્તી સ્વક્ષેત્રથી અનાર્ય ક્ષેત્રમાં જાય છે, તેના અધિષ્ઠાયકના નિવાસથી તિમિસ્રગુફાકૂટ નામ છે. ભરત પણ તેમજ છે. વૈશ્રમણ લોકપાલના આવાસથી વૈશ્રમણકૂટ છે.

સિદ્ધ - સિદ્ધાયતન કૂટ તથા નિષધપર્વતના અધિષ્ઠાયકદેવના નિવાસયુક્ત તે નિષધકૂટ. હરિવર્ષ ક્ષેત્રના અધિષ્ઠાયક દેવે સ્વીકારેલું હરિવર્ષકૂટ. એમ વિદેહકૂટ પણ જાણવું. હ્રી દેવીના નિવાસવાળું હ્રી કૂટ, એ રીતે ધૃતિકૂટ. શીતોદાનદીની દેવીનો નિવાસ તે શીતોદાકૂટ, અપર વિદેહ કૂટ વિદેહકૂટવત્. રુચક ચક્રવાલ પર્વતના અધિષ્ઠાયક દેવનો નિવાસ તે રુચકકૂટ... નંદન - મેરુની પ્રથમ મેખલા ઉપર, તેમાં નવ કૂટો છે, તેમાં નંદનવનમાં પૂર્વાદિ દિશાઓમાં ચાર સિદ્ધાયતનો, વિદિશાઓમાં ચાર-ચાર પુષ્કરણીથી પરિવૃત્ત ચાર પ્રાસાદાવતંસકો છે. તેમાં પૂર્વના સિદ્ધાયતનથી ઉત્તરમાં અને ઈશાનમાં રહેલ પ્રાસાદથી દક્ષિણમાં નંદનકૂટ, ત્યાં મેઘંકરા દેવી. પૂર્વના સિદ્ધાયતનથી દક્ષિણ અને અગ્નિકોણમાં રહેલ પ્રાસાદથી ઉત્તરમાં મંદરકૂટ, ત્યાં મેઘવતી દેવી છે. આ ક્રમે બીજા કૂટો પણ જાણવા. યાવત્ આઠમો કૂટ. દેવીઓ- નિષધકૂટે સુમેધા, હૈમવતકૂટે મેઘમાલિની, રજતકૂટે સુવત્સા, રુચકકૂટે વચ્છમિત્રા, સાગરચિત્રકૂટે વૈરસેના, વૈરકૂટે બલાહકા છે. બલકૂટ મેરુથી ઈશાને છે.

સિદ્ધ - માલ્યવંત ઈશાનકોણનો ગજદંત પર્વત છે. ત્યાં સિદ્ધાયતન કૂટ મેરુની ઈશાને છે. એમ બીજા પણ કૂટો જાણવા. વિશેષ એ — સિદ્ધકૂટે ભોગાદેવી, રજતકૂટે ભોગમાલિની બીજા કૂટે સમાન નામવાળા દેવો છે. હરિસ્સહકૂટ નીલવંતકૂટથી દક્ષિણે ૧૦૦૦ યોજન પ્રમાણ છે. વિદ્યુત્પ્રભવર્તી હરિકૂટ, નંદનવનવર્તી બલકૂટ પણ

તેમજ છે. બાકીના કૂટો પ્રાયઃ ૫૦૦ યોજન પ્રમાણવાળા છે. એ રીતે કચ્છાદિ વિજયના વૈતાઢ્યના કૂટો કહ્યા મુજબ જાણવા. વિશેષ એ કે – યાવત્ પુષ્કલાવતી આદિમાં મહાકચ્છા, કચ્છાવતી, આવર્ત્ત, મંગલાવર્ત્ત, પુષ્કલમાં – સુકચ્છ વિજયની જેમ વૈતાઢ્યાદિમાં સિદ્ધકૂટાદિ નવ-નવ કૂટો કહેવા.

વિશેષ એ કે – બીજા અને આઠમા કૂટના સ્થાને તે વિજયનું નામ કહેવું. વચ્છ - શીતા નદીના દક્ષિણે સમુદ્ર સમીપે. અહીં યાવત્ શબ્દ થકી સુવચ્છ, મહાવચ્છ, વચ્છાવતી, રમ્ય, રમ્યક્ અને રમણીય નામક વિજયોમાં પૂર્વની જેમ નવ નવ કૂટો જાણવા.

વિદ્યુત્પ્રભ ગજદંતક પર્વત દેવકુરુની પશ્ચિમે છે, ત્યાં નવકૂટો પૂર્વવત્. વિશેષ એ – વારિસેના, બલાહકાનો કનકકૂટ, સ્વસ્તિક કૂટ છે. પમ્હ - શીતોદા નદીની દક્ષિણે વિદ્યુત્પ્રભ ગજદંતક પર્વત પાસે પક્ષ્મ વિજયમાં, અહીં યાવત્થી સુપક્ષ્મ, મહાપક્ષ્મ, પક્ષ્માવતી આદિ જાણવું - x - આ અભિલાપથી વપ્ર - શીતોદાની ઉત્તરે સમુદ્ર સમીપે વપ્રવિજયમાં, ગંધિલાવતીમાં યાવત્ શબ્દથી સુવપ્ર, મહાવપ્ર આદિ જાણવા - x - વળી પક્ષ્માદિ સોળ વિજયમાં અતિદેશ કરે છે. કૂટોનું સામાન્ય લક્ષણ કહ્યું. વિશેષાર્થીએ તો જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નિરૂપણ કરવી.

આ રીતે નીલવત્ અને ઐરવત્ કૂટો કહેવા... – આ કૂટોની વક્તવ્યતા તીર્થંકરે કહેલી છે. માટે તેમના સંબંધી સૂત્રો કહે છે–

**● સૂત્ર-૮૬૯,૮૭૦ :-**

***[૮૬૯] પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્ વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાનથી સંસ્થિત, નવ હાથ ઉંચા હતા.***

***[૮૭૦] શ્રમણ ભગવન્ મહાવીરના તીર્થમાં નવ જીવોએ તીર્થંકર નામ ગોત્રકર્મ ઉપાર્જન કર્યું – શ્રેણિક, સુપાર્શ્વ, ઉદાયી, પોટ્ટિલ અણગાર, દૃઢાયુ, શંખ, શતક, સુલસા શ્રાવિકા, રેવતી શ્રાવિકા.***

**● વિવેચન-૮૬૯,૮૭૦ :-**

[૮૬૯] સૂત્ર સુગમ છે... [૮૭૦] તીર્થંકરત્વના કારણભૂત તીર્થંકરનામ અને ગોત્ર-કર્મ વિશેષ જ માટે એકવત્ ભાવે તીર્થંકર નામગોત્ર કહ્યું. અથવા તીર્થંકરનામ એવું ગોત્ર છે જેનું તે તીર્થંકર નામગોત્ર.

(૧) શ્રેણિક રાજા પ્રસિદ્ધ છે, (૨) સુપાર્શ્વ-ભગવાન મહાવીરના કાકા, (૩) ઉદાયી-કોણિક પુત્ર, કોણિક મૃત્યુ પામતા પાટલી પુત્રમાં રહેતો હતો. તે પોતાના ભવનમાં પર્વદિનોમાં સંવીગ્ન ગીતાર્થ સદ્ગુરુને નિમંત્રી, તેમની સેવામાં પરાયણ, પરમ સંવેગ રસ અનુસરતો સામાયિક, પૌષધાદિ કરતો એકદા રાત્રે, પૌષધોપસવાસ કરીને સૂતો હતો. તેના પૂર્વે દેશ નિકાલ કરેલ વૈરી રાજાના પુત્ર, બાર વર્ષ પર્યાયી દ્રવ્ય સાધુએ છરીથી ગળું કાપી મારેલ.

(૪) પોટ્ટિલ અણગાર-અનુત્તરોપપાતિક સૂત્રમાં કહેલ છે. તે હસ્તિનાગપુર વાસી ભદ્રા સાર્થવાહીનો પુત્ર, બત્રીશ પત્નીનો ત્યાગી, મહાવીર શિષ્ય, માસિકી



સંલેખના કરી સર્વાર્થસિદ્ધે ઉત્પન્ન થયેલ, મહાવિદેહમાં મોક્ષે જશે. આ પોટ્ટિલમુનિ ભરતક્ષેત્રથી મોક્ષગામી કહ્યા, તેથી આ બીજા સંભવે છે.

(૫) દૃઢાયુ અપ્રસિદ્ધ છે... (૬-૭) શંખ અને શતક બંને શ્રાવસ્તીના શ્રાવકો છે. – શ્રાવસ્તીના કોષ્ઠક ચૈત્યે ભગવંત એકદા પધાર્યા. શંખાદિ શ્રાવકો ભગવંતનું આગમન જાણી વંદનાર્થે આવ્યા. પાછા વળતા શંખે શ્રાવકોને કહ્યું - x - વિપુલ અશનાદિ તૈયાર કરો, તેથી તેને ભોગવતા પાક્ષિક પર્વને કરતા વિચરશું. શ્રાવકોએ તે સ્વીકાર્યું. પછી શંખે વિચાર્યું અશનાદિ ભોજન કરીને પાક્ષિક પૌષધ પ્રત્યે જાગૃત થઈ વિચરવું મારે શ્રેય નથી, પણ પૌષધશાળામાં આભરણ, શસ્ત્રાદિ છોડીને, શાંત વેષને ધારણ કરી પૌષધ લઈ વિચરવું શ્રેયસ્કર છે. તેણે ઘેર જઈ પોતાની પત્ની ઉત્પલાને વૃત્તાંત જણાવી પૌષધશાળામાં પૌષધ લીધો. આ તરફ શ્રાવકે અનશનાદિને તૈયાર કર્યા - x - શંખ ન આવતા, પુષ્કલી અપરનામ શતક તેના ઘેર ગયો, ઉત્પલાએ તેની શ્રાવકોચિત ભક્તિ કરી, પછી તે પૌષધ શાળામાં ગયો. ઇર્યાપથિકી પ્રતિક્રમી. પછી શંખને કહ્યું – અશનાદિ તૈયાર છે, ચાલો આપણે જમીએ. - x - શંખે કહ્યું, હું પૌષધમાં છું, પુષ્કલીએ શ્રાવકો પાસે જઈને આ વાત કરી. - x - શંખ, પૌષધ પાર્યા વિના પ્રભુ પાસે જઈને વંદન કરીને બેઠો, બીજા શ્રાવકોએ પણ વંદના કરી, શંખને જઈને ઠપકો આપ્યો. ભગવંતે તેઓને અટકાવીને કહ્યું, તેની હીલના ન કરો, તે દૃઢધર્મી છે આદિ - x -

(૮) સુલસા - રાજગૃહીમાં પ્રસેનજિત રાજાના નાગ નામે સારથીની પત્ની હતી. - x - ઇન્દ્ર સભામાં તેણીના સમ્યક્ત્વની પ્રશંસા સાંભળીને પરીક્ષાર્થે કોઈ દેવ સાધુનું રૂપ કરીને આવ્યો. - x - મુનિરૂપ કરેલ દેવે કહ્યું મને લક્ષપાક તેલનું પ્રયોજન છે. સુલસા લઈને આવતા, દેવે તેનું ભાજન ફોડી નાંખ્યુ, એમ બીજું અને ત્રીજું ભાજન પણ ફોડી નાંખ્યુ, તો પણ તેણીને ખેદરહિત જોઈને સંતુષ્ટ થયેલ દેવે તેને બત્રીશ ગુટિકાઓ આપી. કહ્યું કે તમે એક-એક ગોળી ખાજો, તમને ક્રમશઃ બત્રીશ પુત્રો થશે આદિ - x -

(૯) રેવતી-ભગવંતને ઔષધ દેનારી. ભગવંતને મેંઢિક ગામમાં વિચરતા હતા ત્યારે પિત્ત જ્વર અને લોહીના ઝાળા થયેલા. લોકો કહેતા હતા કે ગોશાળાના તપ તેજથી બળેલ ભગવંત છ માસમાં કાળ કરશે. ત્યારે સિંહ નામના મુનિને થયું કે - x - મારા ધર્માચાર્ય ભગવંત મહાવીરને જ્વર રોગની પીડા છે, લોકો કહેશે કે - x - તેઓ છદ્મસ્થપણે જ કાલગત થયેલ છે - x - એ રીતે તેઓ મહાખેદિત થયા, તેઓ માલુકકચ્છ નામે નિર્જન વનમાં મહાધ્વનિથી રડવા લાગ્યા. ભગવંતે સ્થવિર મુનિને કહીને તેમને બોલાવ્યા. કહ્યું કે સિંહ ! તું જે વિચારે છે તેમ નહીં થાય. હું દેશ ઉણ ૧૬ વર્ષ કેવલી પર્યાય પૂર્ણ કરીશ. તું નગરમાં જા. ત્યાં રેવતી ગાથાપત્નીએ - x - તેણીએ [અશ્વ માટે] બીજોરા પાક તૈયાર કરેલ છે, તે લાવ. - x - રેવતીએ બહુમાનપૂર્વક પોતાને, કૃતાર્થ માનીને વહોરાવ્યું. ભગવંત - x - વીતરાગ ભાવે તેને પેટમાં નાંખ્યો. તુરંત રોગ ક્ષીણ થયો.

થનાર તીર્થંકરો કહ્યા. હવે સિદ્ધ થનાર જીવોને કહે છે—

● **સૂત્ર-૮૭૧ :-**

***હે આર્યો ! કૃષ્ણ વાસુદેવ, રામ બલદેવ, ઉદય પેઢાલ પુત્ર, પોટ્ટિલ, શતક ગાથાપતિ, દારુક નિર્ગ્રન્થ, સત્યકી નિર્ગ્રન્થી પુત્ર, શ્રાવિકાથી બોધિત અંબડ પરિવ્રાજક, પાર્શ્વનાથના પ્રશિષ્યા સુપાર્શ્વા આર્યા, આ નવ આગામી ઉત્સર્પિણીમાં ચાર મહાવ્રતરૂપ ધર્મ પ્રરૂપી સિદ્ધ થશે યાવત્ અંત કરશે.***

● **વિવેચન-૮૭૧ :-**

વાસુદેવોમાં છેલ્લો, અનંતર કાળે થયેલ કૃષ્ણ. अज्जो - આમંત્રણ વચન છે, ભગવંત મહાવીરે સાધુઓને આમંત્રીને કહ્યું — હે આર્યો ! સૂત્રકૃતના બીજા શ્રુતસ્કંધમાં નાલંદીય અધ્યયન છે — ઉદક નામે સાધુ, પેઢાલનો પુત્ર, પાર્શ્વનજિનના શિષ્ય, રાજગૃહી બહાર નાલંદા પાડામાં ઈશાન ખૂણે હસ્તિદ્વીપ વનખંડમાં રહ્યો. ગૌતમ સ્વામી પાસે સંશયને નિવારીને ચારયામ ધર્મ છોડી પંચમહાવ્રત ધર્મ સ્વીકાર્યો.

પોટ્ટિલ અને શતક ગત સૂત્રમાં કહ્યા. દારુક અણગાર વાસુદેવનો પુત્ર અને ભગવંત અરિષ્ઠનેમિનો શિષ્ય, અનુત્તરોપપાતિક સૂત્રમાં કહેલ છે. સત્યકી એ નિર્ગ્રન્થી પુત્ર છે. તે આ રીતે — ચેટક રાજાની પુત્રી સુજ્યેષ્ઠા વૈરાગ્યથી દીક્ષિત થઈ ઉપાશ્રયમાં આતાપના લેતી હતી. પેઢાલ નામે વિદ્યા સિદ્ધ પરિવ્રાજકે - x - વીર્યનો પ્રક્ષેપ કર્યો, પુત્ર જન્મ્યો. - x - તે સત્યકી. - x - સાધ્વી પાસેથી અપહરણ કરી પિતા વિદ્યાધરે તેને વિદ્યા ગ્રહણ કરાવી. રોહિણી વિદ્યાએ તેને પૂર્વે પાંચ ભવોમાં મારી નાંખેલ. છટ્ઠે ભવે છ માસનું જ આયુ બાકી રહેતા તેને તે વિદ્યા ઈષ્ટ ન હતી, તે આ સાતમા ભવમાં સત્યકીને સિદ્ધ થઈ. તેના કપાળમાં છેદ કરી વિદ્યા પ્રવેશી દેવીએ ત્યાં ત્રીજી આંખ કરી. - x - તેણે વિદ્યાધર ચક્રવર્તીત્વ પ્રાપ્ત કર્યું. પછી બધાં તીર્થંકરોને વાંદી, નાટ્ય દેખાડી રમણ કરતો હતો.

સુલસા શ્રાવિકા ધર્મમાં ભાવિત છે એમ જાણેલ તે શ્રાવિકાબુદ્ધ અંમડ પરિવ્રાજક વિદ્યાધર શ્રાવક. તે આ - x - અંમડ વિદ્યાધર શ્રાવક મહાવીરસ્વામી પાસે ધર્મ સાંભળી ચંપાનગરીથી રાજગૃહી તરફ ચાલ્યો. ઘણાં જીવોના ઉપકારને માટે ભગવંતે કહ્યું — સુલસા શ્રાવિકાને કુશળ વાર્તા કહેજે. અંમડે વિચાર્યુ કે — આ શ્રાવિકા પુન્યવતી છે, જેને ત્રિલોકના નાથ કુશલ વાર્તા કહે છે, તેણીમાં શો ગુણ હશે ? માટે તેના સમ્યક્ત્વની પરીક્ષા કરું. પરિવ્રાજક વેશે સુલસા પાસે જઈ કહ્યું — તને ધર્મ થશે, માટે અમને ભક્તિથી ભોજન આપ. સુલસાએ કહ્યું — જેને આપવાથી ધર્મ થાય. તેને હું જાણું છું. અંમડ આકાશમાં કમળ આસન વિરચી લોકોને વિસ્મય પમાડતો હતો - x - x - તો પણ સુલસાએ કહ્યું કે મારે પાખંડીથી શું પ્રયોજન ? અંમડે પણ કહ્યું કે આ શ્રાવિકા પરમ સમ્યગ્દૃષ્ટિ છે કેમકે મહાન્ અતિશય જોવા છતાં દૃષ્ટિમોહને ન પામી. પછી અંમડ લોકો સાથે તેના ઘેર નિસીહી કહી, નમસ્કાર મંત્ર બોલતા પ્રવેશ્યો. સુલસાએ પણ ઉઠીને તેની ભક્તિ કરી, અંમડે પણ તેની પ્રશંસા કરી, ઉવવાઈ સૂત્રનો અંમડ બીજો સંભવે છે.



સુપાર્શ્વા આર્યા, પાર્શ્વનાથના શિષ્યાની શિષ્યા છે.. જેમાં ચાર મહાવ્રત રૂપ ધર્મ છે તે ચતુર્યામ, તેને પ્રરૂપીને સિદ્ધ થશે. આ નવમાં કેટલાંક વચ્ચેના તીર્થંકરપણે થશે, કેટલાંક કેવલીપણે થશે. - x -

અનંતર સૂત્રમાં શ્રેણિકના તીર્થંકરત્વને કહે છે—

● **સૂત્ર-૮૭૨ થી ૮૭૬ :-**

***[૮૭૨] હે આર્યો ! ભિંભિસાર શ્રેણિક રાજા કાળ માસે કાળ કરીને રત્નપ્રભા પૃથ્વીમાં સીમંતક નરકવાસમાં ૮૪,૦૦૦ વર્ષની સ્થિતિમાં નારકોને વિશે નૈરયિકપણે ઉત્પન્ન થશે. તે ત્યાં નૈરયિક થશે, સ્વરૂપથી કાળો, કાળો દેખાતો યાવત્ વર્ણથી પરમકૃષ્ણ થશે. તે ત્યાં એકાંત દુઃખમય યાવત્ વેદનાને ભોગવશે. તે નરકમાંથી નીકળીને આવતી ઉત્સર્પિણીમાં આ જ જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતના પાદમૂલે પુંડ્ર જનપદમાં શતદ્વાર નગરમાં સમુદિત કુલકરની ભદ્રાભાર્યાની કૂક્ષિમાં પુરુષપણે અવતરશે. પછી તે ભદ્રા નવ માસ પૂર્ણ અને સાડા સાત રાત્રિદિન વીતી ગયા બાદ જેના હાથ-પગ સુકુમાલ છે, અહીં-પ્રતિપૂર્ણ-પંચેન્દ્રિય શરીર છે જેનું એવા લક્ષણ, વ્યંજન યુક્ત યાવત્ સુરુપ બાળકને જન્મ આપશે.***

***જે રાત્રિએ તે બાળક જન્મશે તે રાત્રિમાં શતદ્વાર નગરમાં બાહ્ય-અંદર ભારાગ્ર અને કુંભાગ્ર પદ્મવર્ષા અને રત્નવર્ષા થશે. પછી તે બાળકના માતાપિતા ૧૧-મો દિવસ વીતતા યાવત્ બારમે દિવસે આવું ગૌણ અને ગુણનિષ્પન્ન નામ સ્થાપન કરશે. જ્યારે અમારે આ બાળકનો જન્મ થયો તે સમયે શતદ્વાર નગર બાહ્યાભ્યંતર ભારાગ્ર કુંભાગ્ર પદ્મ અને રત્નવર્ષા થઈ માટે અમારા બાળકનું “મહાપદ્મ” એવું નામ થાઓ. પછી તે બાળકના માતાપિતા “મહાપદ્મ” નામ કરશે. પછી મહાપદ્મ બાળક સાધિક આઠ વર્ષનો થયો જાણીને મહા રાજ્યાભિષેકથી સિંચિત્ કરશે. તે ત્યાં મહા હિમવંત મહા મલય અને મેરુ સમાન રાજાના ગુણ વર્ણન વાળો રાજા થશે - x -***

***પછી તે મહાપદ્મ રાજાને અન્યદા ક્યારેક બે દેવો મહાર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય સેનાકર્મ કરશે. તે - પૂર્ણભદ્ર અને માણિભદ્ર. ત્યારે શતદ્વાર નગરમાં ઘણાં રાઈસર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ વગેરે એકમેકને બોલાવીને એમ કહેશે કે — જે કારણે હે દેવાનુપ્રિયો આપણા મહાપદ્મ રાજા બે મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ સેનાકર્મ કરે છે - પૂર્ણભદ્ર અને માણિભદ્ર, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા મહાપદ્મ રાજાનું બીજું નામ દેવસેન થાઓ. પછી તેમનું બીજું નામ દેવસેન થશે.***

***પછી તે દેવસેન રાજાને અન્ય કોઈ દિવસે શ્વેત, શંખતલવત્, નિર્મલ અને ચતુર્દન્ત હસ્તિરત્ન ઉત્પન્ન થશે. ત્યારે તે દેવસેન રાજા કોઈ દિવસે શ્વેત-શંખતલ-વિમલરૂપ ચતુર્દન્ત હસ્તિરત્ન પર બેસીને શતદ્વાર નગરની વચ્ચોવચ્ચ થઈને વારંવાર આવશે-જશે. ત્યારે શતદ્વાર નગરના ઘણા રાજા, ઈશ્વર યાવત્***

પરસ્પર બોલાવીને એમ કહેશે કે જેથી હે દેવાનુપ્રિયો ! આપણા દેવસેન રાજાને શ્વેત-શંખતલ-વિમલ એવો ચતુર્દન્ત હસ્તિરત્ન ઉત્પન્ન થયો છે, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા દેવસેન રાજાનું વિમલવાહન એવું ત્રીજું નામ થાઓ, પછી તેમનું વિમલવાહન ત્રીજું નામ થશે.

પછી તે વિમલવાહન રાજા ૩૦ વર્ષ ગૃહવાસમાં રહીને માતા-પિતા દેવગત થયા પછી વડીલ વર્ગની આજ્ઞા મેળવી શરદ ઋતુમાં અનુત્તર મોક્ષમાર્ગમાં તત્પર થશે. વળી લોકાંતિક દેવો જિતકલ્પ મુજબ તેવી ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, ઉદાર, કલ્યાણકારી, ધન્ય, શિવ, મંગલ, સશ્રીક એવી વાણીથી અભિનંદાતા, અભિસ્તવાતા બહારના સુભૂમિ ભાગ ઉધાનમાં એક દેવદૂષ્ય ગ્રહણ કરીને, મુંડ થઈને, ગૃહવાસ છોડીને અણગારિક પ્રવ્રજ્યા લેશે. તે ભગવંત સાતિરેક બાર વર્ષ હંમેશા કાયાને વોસિરાવીને દેહની સંભાળ ન કરતાં જે કોઈ ઉપસર્ગો ઉત્પન્ન થશે. જેમકે - દેવ, મનુષ્ય કે તિર્યંચયોનિકો વડે ઉત્પન્ન કરાયેલા તે સમ્યક્ રીતે સહન કરશે, ખમશે, તિતિક્ષા કરશે, અધ્યાસિત કરશે. ત્યારે તે ભગવંત ઈર્યાસમિત, ભાષાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી, અમમત્વ, અકિંચન, છિન્નગ્રંથ, નિરુપલેપ, કાંસ્ય પાત્રવત્ મુક્તતોય - x - યાવત્ - x - જ્ઞાનરૂપ તેજ વડે દીપ્ત થશે.

[૮૭૩] કાંસ્ય, શંખ, જીવ, ગગન, વાયુ, શારદસલીલ, કમલપત્ર, કુર્મ, વિહગ, ખડ્ગ, ભારંડ... [૮૭૪] કુંજર, વૃષભ, સિંહ, પર્વતરાજ, અક્ષોભસાગર, ચંદ્ર, સૂર્ય, કનક, વસુંધરા, સુહુત અગ્નિ — એવા થશે.

[૮૭૫] તે ભગવંતને ક્યાંય પ્રતિબંધ નહીં હોય, તે પ્રતિબંધ ચાર પ્રકારે કહ્યો છે — અંડજ, પોતજ, અવગ્રહિક, પ્રગ્રહિક. જે જે દિશામાં ઈચ્છશે તે તે દિશામાં અપ્રતિબદ્ધ શુચિભૂત લઘુભૂત અલ્પગ્રંથ થઈ સંયમ વડે આત્માને ભાવતા વિચરશે. તે ભગવંતને અનુત્તરજ્ઞાન, અનુત્તર દર્શન, અનુત્તર ચરિત્ર વડે એ રીતે આલય-વિહાર વડે, આર્જવ, માર્દવ, લાઘવ, ક્ષમા, મુક્તિ, ગુપ્તિ, સત્ય, સંયમ, તપ-ગુણ-સુચરિત-સોવચિય-ફલ પરિનિર્વાણ માર્ગ વડે આત્માને ભાવતા ધ્યાનાંતરિકામાં વર્તતા અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત યાવત્ ઉત્તમ કેવલજ્ઞાન-દર્શન ઉત્પન્ન થશે. ત્યારે તે ભગવંત અર્હત્ જિન થશે. કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, દેવ સહિત મનુષ્ય અને અસુરલોકના પર્યાયોને જાણશે અને જોશે.

સર્વલોકને, સર્વે જીવોના આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, તર્ક, મનો માનસિક, ભુક્ત, કૃત્, પરિસેવિત, પ્રગટકર્મ, ગુપ્ત કર્મ, તેને છાના નહીં રહે, રહસ્યના ભાગી નહીં થાય. તે તે કાળમાં મન, વચન, કાયાના યોગમાં વર્તતા સર્વલોકમાં સર્વ જીવોના સર્વભાવોને જાણતા અને જોતા વિચરશે. ત્યારે તે ભગવન્ તે અનુત્તર ઉત્તમ કેવલજ્ઞાનદર્શનથી દેવ-મનુષ્ય-અસુરલોકને જાણીને શ્રમણ નિર્ગ્રન્થોને [જે કોઈ ઉપસર્ગો ઉપજશે, કેમકે — દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપજશે તેને સારી રીતે સહેશે, ખમશે, તિતિક્ષશે, અધ્યાસિત કરશે, ત્યારે તે ભગવન્



અણગાર થશે, ઇર્યાસમિત, ભાષાસમિત એ રીતે જેમ વર્ધમાનસ્વામીમાં કહ્યું તે બધું જ કહેવું યાવત્ અવ્યાપાર શાંત યોગયુક્ત, તે ભગવંતને એવા વિહારથી વિચરતા બાર વર્ષ અને તેર પક્ષ વીતતા તેરમાં વર્ષની મધ્યે વર્તતા અનુત્તર જ્ઞાન વડે યાવત્ ભાવના અધ્યયન મુજબ ઉત્તમ કેવલજ્ઞાનદર્શન ઉત્પન્ન થશે - x - સર્વજ્ઞ સર્વદર્શી થશે.] ભાવના સહિત પાંચ મહાવ્રત અને છ જીવનિકાયની રક્ષાનો ધર્મ કહેતા વિચરશે. હે આર્યો ! —

જે રીતે મેં શ્રમણ નિર્ગ્રન્થોને એક આરંભ સ્થાન કહેલ છે, તે રીતે મહાપદ્મ અર્હત્ પણ શ્રમણ નિર્ગ્રન્થોને એક આરંભ સ્થાનને કહેશે. જે રીતે મેં શ્રમણ નિર્ગ્રન્થોને બે બંધન-પ્રેમ બંધન અને દ્વેષ બંધન કહ્યા, તેમ મહાપદ્મ અર્હત્ શ્રમણ નિર્ગ્રન્થોને બે બંધન કહેશે - પ્રેમ અને દ્વેષ બંધન. જેમ મેં શ્રમણ નિર્ગ્રન્થોને ત્રણ દંડ કહ્યા - મનદંડ આદિ, તેમ મહાપદ્મ અર્હત્ શ્રમણ નિર્ગ્રન્થોને મનદંડાદિ ત્રણ દંડ કહેશે. આ અભિલાપ વડે ક્રોધકષાય આદિ ચાર કષાયો, શબ્દાદિ પાંચ કામગુણો, પૃથ્વીકાય યાવત્ ત્રસકાય એ છ જીવનિકાયો જેમ મેં કહ્યા તેમ યાવત્ તે પણ કહેશે.

આ અભિલાપ વડે સાત ભય સ્થાનો મેં કહ્યા, તેમ મહાપદ્મ અર્હત્ પણ શ્રમણ નિર્ગ્રન્થોને સાત ભય સ્થાનો કહેશે, એ રીતે આઠ મદસ્થાન, નવ બ્રહ્મચર્યગુપ્તિઓ, દશવિધ શ્રમણ ધર્મ, યાવત્ ૩૩-આશાતનાઓ. જે રીતે હે આર્યો ! મેં શ્રમણ નિર્ગ્રન્થોને નગ્નભાવ, મુંડભાવ, અસ્નાન, અદંતધાવન, અછત્રત્વ, પગરખારહિતતા, ભૂમિશય્યા, ફલકશય્યા, કાષ્ઠશય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, પરગૃહપ્રવેશ યાવત્ લબ્ધ-અપલબ્ધ વૃત્તિ કહેલી છે, એ રીતે જે મહાપદ્મ અર્હત્ પણ શ્રમણ નિર્ગ્રન્થોને નગ્ન ભાવ યાવત્ લબ્ધ-અપલબ્ધ વૃત્તિ કહેશે.

હે આર્યો ! જે રીતે મેં શ્રમણ-નિર્ગ્રન્થોને આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, અધ્યવપૂરક, પૂતિક, ક્રીત, પ્રામિત્ય, આચ્છેધ, અનિસૃષ્ટ, અભ્યાહૃત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાનભક્ત, વર્દલિકાભક્ત, પ્રાઘૂર્ણભક્ત, મૂલ-કંદ-ફલ-બીજ-હરિત-ભોજન નિષેધેલ છે, એ રીતે મહાપદ્મ અર્હત્ પણ આધાકર્મિક યાવત્ હરિતભોજન લેવાનો નિષેધ કરશે.

હે આર્યો ! જે રીતે મેં શ્રમણ નિર્ગ્રન્થોને પાંચ મહાવ્રતિક, સુપ્રતિક્રમણ, અચેલક ધર્મ કહેલ છે, એ રીતે મહાપદ્મ અર્હત્ પણ શ્રમણ નિર્ગ્રન્થોને પંચમહાવ્રતિક યાવત્ અચેલક ધર્મને કહેશે.

હે આર્યો ! જે રીતે મેં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત યુક્ત બાર પ્રકારનો શ્રાવકધર્મ કહ્યો છે, તે રીતે મહાપદ્મ અર્હત્ પણ - x - કહેશે.

હે આર્યો ! જે રીતે શ્રમણ નિર્ગ્રન્થોને મેં શય્યાતર અને રાજપિંડ નિષેધ્યો છે, તે રીતે મહાપદ્મ અર્હત્ પણ શ્રમણોને - x - નિષેધ કરશે.

હે આર્યો ! જે રીતે મને નવ ગણ અને અગ્યાર ગણધરો છે, એ રીતે

*મહાપદ્મ અર્હત્‌ને પણ નવ ગણ, અગ્યાર ગણધરો થશે.*

*હે આર્યો ! જે રીતે હું ૩૦ વર્ષ ગૃહવાસ મધ્યે વસીને મુંડ થઈને યાવત્ દીક્ષિત થઈ બાર વર્ષ, તેર પક્ષ છદ્મસ્થ પર્યાય પાળીને તેર પક્ષ ન્યૂન ૩૦ વર્ષના કેવલી પર્યાયને પાળીને ૪૨-વર્ષ શ્રામણ્ય પર્યાયને પાળીને ૭૨ વર્ષ સર્વાયુ પાળીને સિદ્ધ થઈશ યાવત્ સર્વ દુઃખોનો અંત કરીશ, એ રીતે મહાપદ્મ અર્હત્ ૩૦ વર્ષ ગૃહવાસમાં રહીને યાવત્ - x - ૭૨-વર્ષ સર્વાયુ પાળીને યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.*

*[૮૭૬] જે શીલ સમાચાર અર્હત્ તિર્થંકર મહાવીરનો હતો તે શીલ સમાચાર મહાપદ્મ અર્હત્‌ના થશે.*

**● વિવેચન-૮૭૨ થી ૮૭૬ :-**

[૮૭૨] સૂત્ર સુગમ છે. વિશેષ એ કે — અનંતરોક્ત આર્યો ! એ સાધુઓને આમંત્રણ વચન છે. ઢક્કા જેને સારભૂત છે, તે ભિંભિસાર. શ્રેણિકે કુમારપણે આગ લાગતા જયઢક્કા ઘરમાંથી કાઢેલી, તેથી પિતાએ તેને ભિંભિસાર કહ્યો. પ્રથમ પ્રસ્તટવર્તી સીમંતક નરકેન્દ્રમાં ૮૪,૦૦૦ વર્ષની સ્થિતિવાળી નારકોમાં નારકપણે ઉત્પન્ન થશે.

સ્વરૂપથી કાળો, કાળો દેખાતો, યાવત્ શબ્દથી મહાન્ ભયનો વિકાર છે જેને તે, વિકરાળ, ઉદ્વેગજનક, પરમકૃષ્ણવર્ણ. તે નરકમાં વેદના વેદશે. उज्ज्वल - એકાંત દુઃખમય, યાવત્ શબ્દથી મન-વચન-કાય બલને અથવા ઉપર-મધ્ય-કાયના વિભાગને જીતે છે તે ત્રિતુલાને, ક્યાંક 'વિપુલા' પાઠ છે. એટલે શરીર વ્યાપિની, પ્રગાઢ, કટુક રસ ઉત્પાદક, કર્કશ સ્પર્શ સંપાદિતા કે કટુક દ્રવ્યની જેમ કડવી-અનિષ્ટ એમ કર્કશ જાણવી. વેગવાળી, જલ્દીથી મૂર્છા ઉત્પાદિકા, [વેદના ભોગવશે.]

વેદના બે પ્રકારે — સુખરૂપ, દુઃખરૂપ. સુખનો નિષેધ કરવાને દુઃખરૂપ કહ્યું. પર્વતાદિ દુર્ગવત્ કોઈપણ રીતે ઉલ્લંઘન કરવા માટે અસમર્થ, દેવનિર્મિત, વધુ શું કહેવું ? સહેવી અશક્ય. આ જંબૂદ્વીપમાં પણ અસંખ્યાતતમ જંબૂદ્વીપમાં નહીં, પુરુષપણે ફરી ઉત્પન્ન થશે.

પરિપૂર્ણ નવમાસ અને સાડાસાત અહોરાત્ર વ્યતીત થતાં - x - કોમળ હાથ અને પગ જેના છે, તે સુકુમાર પાણીપાદ, સ્વકીય-સ્વકીય પ્રમાણથી પ્રતિપૂર્ણ અથવા પવિત્ર પાંચ ઇન્દ્રિયો જેમાં છે તે અહીન પ્રતિપૂર્ણ પંચેન્દ્રિય શરીર અથવા અહીન પ્રતિપુણ્ય પંચેન્દ્રિય શરીર, અથવા અંગોપાંગના પ્રમાણથી હીન નહીં તેવું શરીર - x -

લક્ષણ શાસ્ત્રમાં કહેલ પુરુષ લક્ષણ, - x - માનોન્માનાદિક વ્યંજન-મષ, તિલાદિ,-સૌભાગ્યાદિ ગુણો, લક્ષણ-વ્યંજનોના ગુણ વડે યુક્ત તે લક્ષણવ્યંજન ગુણોપેત. - x - ઉપપેત-યુક્ત - x -

લક્ષણ વ્યંજનનું સ્વરૂપ કહે છે - માન, ઉન્માન, પ્રમાણાદિ લક્ષણ છે અને વ્યંજન મષ આદિ છે અથવા સહજ શરીર સાથે ઉત્પન્ન છે અને પછીથી થયેલ તે વ્યંજન છે. લક્ષણને મુખ્ય કરીને વિશેષણાંતરને કહે છે — તેમાં मान - જલ દ્રોણ પ્રમાણપણું. તે આ — જળથી ભરેલ કુંડમાં માન કરવાના પુરુષને બેસાડવો. પછી જે



જળ કુંડથી નીકળે, તે જો દ્રોણ પ્રમાણ હોય તો તે પુરુષ માનોપેત કહેવાય છે. ઉન્માન-તુલારોપિત અર્ધભાર પ્રમાણતા. પ્રમાણ-આત્માંગુલથી ૧૦૮ ઉંચાઈ તે. કહ્યું છે—

જણદ્રોણ તે માન, અર્ધભાર તે ઉન્માન, સ્વમુખથી નવગણું ઉંચું તે પ્રમાણ. આ પ્રમાણે ત્રણ લક્ષણ છે. તે માનોન્માનપ્રમાણથી પ્રતિપૂર્ણ, સુંદર થયેલ મસ્તકાદિ અંગો જેમાં છે તે અને તથાવિધ સુંદર શરીર છે જેનું તે - x - તથા શશિવત્ સૌમ્યાકાર, મનોહર, પ્રેમાવહ દર્શન જેનું છે તે શશિ સૌમ્યાકાર કાંતપ્રિય દર્શન, તેથી સુરૂપ, એવા બાળકને જન્મ આપશે.

જે રાત્રિમાં, તે રાત્રિમાં, અર્દ્ધ રાત્રિમાં જ તીર્થંકરની ઉત્પત્તિ હોય માટે રાત્રિનું ગ્રહણ છે. તે બાળક ઉત્પન્ન થશે. અભ્યંતર સહ બાહ્ય નગરના ભાગથી જે નગર છે તેમાં અર્થાત્ બધાય નગરમાં, ૨૦૦૦ પલ વડે ભાર થાય અથવા પુરુષો વડે ઉપાડવા યોગ્ય ભાર તે ભારક છે. પ્રમાણ, તેથી ભાર એ જ અગ્ર તે ભારાગ્ર, તે ભારાગ્રથી ભાર પરિણામથી, એ રીતે કુંભ પરિણામથી. વિશેષ એ કે — કુંભ, આઠ આઢકાદિ પ્રમાણથી થાય છે. પદ્મ અને રત્નની વર્ષા થશે. યાવત્ શબ્દથી - અશુચિ જાતિ કર્મકરણથી દૂર કરેલ, પાઠાંતરથી-વિરામ પામતા, અશુચિના, પ્રસવના વ્યાપારોના વિધાનમાં, સૂતિકા સંબંધી અશુચિકર્મ વિરામ પામતા.

બારેના પૂરણ તે દ્વાદશ, તે જ કથન છે જેને તે દ્વાદશાખ્ય. તે આ દિવસે તે દ્વાદશાખ્ય દિવસ કે દ્વાદશાહ દિવસ એટલે બારમો દિવસ આવતા, આ કથનપણાએ પ્રત્યક્ષ નજીક, એ જ સ્વભાવ છે જેનો પણ માત્રા વડે પણ અન્ય પ્રકારને પામેલ નહીં. તે શું ? પ્રશસ્ત, ગુણવાળું પણ પારિભાષિક નહીં. ગૌણ એટલે અમુખ્ય પણ થાય માટે ગુણોને આશ્રીને પદ્મવર્ષાદિથી નિષ્પન્ન તે ગુણનિષ્પન્ન. ''મહાપદ્મ-મહાપદ્મ'' તેના પિતાનું એક વાર વિચારવું અને બીજી વાર નામ સંસ્કરણ કરવું.

વિચારણા બાદ મહાપદ્મ બાળક, સાધિક આઠ વર્ષ થયા છે જેને તે સાતિરેક અષ્ટ વર્ષ જાતક. રાજા સંબંધી વર્ણન કહેવું, તે આ છે — મોટા ગુણના સમૂહ વડે અંતર્ભૂત ભાવ પ્રત્યય હોવાથી અથવા મોટાઈ વડે હિમવંત વર્ષધર પર્વત, મહામલય તે વિંધ્ય. મંદર-મેરુ, મહેન્દ્ર-શક્રાદિ, તેની માફક શ્રેષ્ઠ છે જે તે. અત્યંત વિશુદ્ધ-સર્વથાનિર્દોષ. પુરુષ પરંપરાની અપેક્ષાએ મોટા, એવા રાજાઓના કુલરૂપ. વંશ-સંતાનમાં ઉત્પન્ન થયેલ છે તે, અત્યંત વિશુદ્ધ દીર્ઘ રાજકુલવંશપ્રસુત.

નિરંતર રાજલક્ષણ-ચક્ર, સ્વસ્તિક વડે શોભિત, શિર આદિ અંગો અને અંગુલી આદિ ઉપાંગો જેના તે નિરંતર રાજલક્ષણ વિરાજિત અંગોપાંગ. બહુમાનપૂર્વક બહુ લોકોથી પૂજાયેલ, સર્વ ગુણ વડે સમૃદ્ધ, ક્ષત્રિય, મુદિત, પિતા-પિતામહ આદિ દ્વારા મસ્તક પર અભિષેક કરાયેલ છે જે તે. વિનિતપણાથી માતા-પિતાનો સુપુત્ર. દયાકારી, મર્યાદાકારી, પૂર્વ પુરુષકૃત્ મર્યાદાધારી જે પોતે લોપતો નથી. ઉપદ્રવ ન કરનાર, અન્યકૃત્ ક્ષેમને ધારણ કરનાર, મનુષ્યેન્દ્ર, વત્સલતાથી લોકપિતા, દેશનો પુરોહિત-શાંતિકારી, આપદામાં પડેલ લોકોના ઉદ્ધારના ઉપાયરૂપ માર્ગને કરે છે. અદ્‌ભુત કાર્યનો કરનાર.

મનુષ્યો વડે પ્રવર, - x - પુરુષોમાં પ્રધાન, શૌર્યાદિ અધિકતાથી પુરુષોમાં સિંહ સમાન, શાપ સામર્થ્યત્વથી પુરુષોમાં આશીવિષ. પૂજ્ય અને સેવ્યપણાથી પુરુષોમાં પુંડરીક સમાન, શેષ રાજારૂપી હાથીને જીતનાર હોવાથી પુરુષવર ગંધહસ્તિસમ. ધનેશ્વરત્વથી આઢ્ય, દર્પકપણાથી દિપ્ત, પ્રસિદ્ધત્વથી વિત્ત, વિસ્તીર્ણ-વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહન વડે વ્યાપ્ત. ઘણું ધન-સોનું-રૂપું તથા દ્રવ્યને મેળવવાના ઉપાય વિશેષોમાં પ્રવર્તેલ. - x - જ્યાં ઘણું ભોજન બચે છે તથા ઘણા દાસદાસી, ગાય, બળદો છે, જલયંત્રાદિ, ભંડાર, ધાન્યગૃહ, હથિયારનો ભંડાર, હસ્તિ આદિ સૈન્ય વડે યુક્ત, જેના પડોશી રાજા બલહીન છે. રાજ્યના ચોરો આદિનું સર્વસ્વ લઈ લીધેલ છે, કંટકનો નાશ કર્યો છે, માનમર્દન કરેલ છે, દેશનો ઉદ્ધાર કર્યો છે, દેશને સુખી કરેલ છે એ રીતે શત્રુઓ પણ જાણવા. માત્ર શત્રુ તેથી જુદા જાણવા.

વિજયવત્ત્વથી શત્રુનો પરાજય કરેલ. દુર્ભિક્ષના અભાવવાળું, મારિના ભયથી મુક્ત, ક્ષેમ, શિવ, સુભિક્ષવાળું તથા વિઘ્ન અને કુમારાદિનું વ્યત્થાનાદિ, રાજ્યને પાળતા મહાપદ્મ રાજા વિચરશે.

બે દેવ મહર્દ્ધિક, યાવત્ શબ્દથી મહત્‌દ્યુતિક, મહાનુભાગ, મહાયશ, મહાબલથી યુક્ત જાણવું. સૈન્ય શત્રુને સાધવા રૂપ કર્મ અથવા સેનાવિષયક કર્તવ્યતા લક્ષણ. પૂર્ણભદ્ર-દક્ષિણ યક્ષનિકાયેન્દ્ર, માણિભદ્ર-ઉત્તર યક્ષનિકાય ઇન્દ્ર, મહામાંડલીક-રાજા ઈશ્વર-યુવરાજ, માંડલિક કે અમાત્ય. બીજાઓ કહે છે કે અણિમાદિ અષ્ટવિધ ઐશ્વર્યયુક્ત તે ઈશ્વર. તલવર-રાજાએ સંતુષ્ટ થઈને આપેલ પટ્ટબંધ વિભૂષિત. માડંબિક-છિન્ન મડંબાધિપ, કૌટુંબિક-કેટલાક કુટુંબનો સ્વામી. ઈભ્ય-અર્થવાળો. એટલે કે જેના દ્રવ્યનો ઢગલો કરીએ તો હાથી પણ ન દેખાય તેટલા દ્રવ્ય પ્રમાણવાળો. શ્રેષ્ઠી-શ્રીદેવીથી બેઠેલ સુવર્ણમય પટ્ટથી ભૂષિત મસ્તકવાળો. નગરશેઠ, સેનાપતિ-રાજાએ નિરૂપિત હાથી, ઘોડા, રથ, પદાતિ સેનાનો નાયક. સાર્થવાહ-સાર્થનાયક.

રાજા વગેરે આદિમાં છે જેઓને તે, - x - દેવોએ જ સેના છે જેને અથવા દેવાધિષ્ઠિત છે સેના જેની તે દેવસેન. - x - શ્રેયાન્ - અતિ વખણવા લાયક અથવા શ્વેત. તે હાથી :- શંખતલ-કંબૂરૂપ વડે, વિમલ-પંકરહિત, સન્નિકાશ-સદૃશ. તેના પર આરૂઢ થઈને પ્રવેસશે અને નીકળશે. - x -

ગુરુઓના-માતાપિતાના, મહત્તર-પૂજ્યો અથવા ગૌરવ યોગ્ય હોવાથી ગુરુ અને મહત્તર-વય વડે વૃદ્ધ. - x - મહત્તરોની અનુજ્ઞા બાદ, લોકાગ્રહ લક્ષણ સિદ્ધ સ્થાનમાં ઉત્પન્ન થનારા તે લોકાંતિક, - x - અન્યથા કૃષ્ણરાજિના મધ્યે વસનારા અને સિદ્ધ સ્થાને જવાપણું તેઓને અનંતર ભવે મોક્ષ થવાથી છે.. જીતકલ્પ-આચરેલ કલ્પ-તીર્થંકરને પ્રતિબોધ કરવારૂપ છે જેઓનું તે જીતકલ્પિક. તેઓનું આચરેલું જ આ કલ્પ છે. તેઓ વડે તીર્થંકર પ્રતિબોધ પામતા નથી. કેમકે ભગવંત સ્વયંબુદ્ધ છે.

તે વિવક્ષિત વાણી વડે, જે વાણીથી આનંદ ઉત્પન્ન થાય છે. જે વાણી ઈષ્ટ-ઇચ્છિત કાંત-મનોહર પ્રિય-પ્રેમ ઉત્પાદક, વિરુપ વાણી પણ કારણવશાત્ પ્રિય થાય છે. મનોજ્ઞ-શુભ સ્વરૂપા, તે શબ્દથી હોય પણ અર્થથી હૃદયંગમ ન થાય તો ? માટે





કહે છે. મણામ-મનને ગમે તેવી. ઉદાત્ત-ગંભીર સ્વર વડે પ્રયોગ કરેલ હોવાથી કે અર્થથી યુક્ત હોવાથી. કલ્ય-આરોગ્ય અને અણ્ - આહ્વાન તેવી કલ્યાણકર. શિવ-ઉપદ્રવાભા. ધન્યા-ધનને પ્રાપ્ત કરાવે કે ધનમાં સારી તે. મંગલ-દુરિત ક્ષયમાં સારી, સશ્રીકા-વચનના અર્થ વડે યુક્ત એવી વાણી વડે-અભિનંદાતા એવા નગરની બહાર ઉદ્યાનમાં આવ્યા... અહીં વાચનાંતરને કહે છે—

સાડા બાર વર્ષ પર્યન્ત કાયાને વોસિરાવ્યાથી, પરિકર્મ વર્જનથી દેહનો ત્યાગ કરેલ હોવાથી પરિષહાદિને સહેવાથી તેમ સહેવાય છે. ઉત્પન્ન થનાર ઉપસર્ગોને ભયના અભાવથી સહન કરશે, ક્રોધના અભાવે ખમશે, દીનતાના અભાવે તિતિક્ષા કરશે, અવિચલપણાથી અધ્યાસિત કરશે.

यावत् गुत्ते - થી એષણાસમિત - ઉપકરણને લેવા-મૂકવામાં સમિત, ઉચ્ચારાદિ સમિત - खेल - થૂંક, सिंधाण - નાકનો મેલ, जल्ल - મેલ, મન-વચન-કાયાની ત્રણ ગુપ્તિથી ગુપ્ત. સ્વ-સ્વ વિષયોમાં રાગાદિ વડે ઇન્દ્રિયોની પ્રવૃત્તિ ન હોવાથી ગુપ્તેન્દ્રિય, નવ બ્રહ્મચર્ય ગુપ્તિ વડે રક્ષિત મૈથુન વિરમણ વ્રતને સેવનાર, अमम - મારાપણારૂપ ઉચ્ચાર જેમાં વિદ્યમાન નથી કેમકે અનાસક્ત છે, જેને દ્રવ્ય નથી તે અકિંચન, છેદેલ છે ધનધાન્યાદિ પ્રતિબંધ જેણે તે છિન્નગ્રંથ. પાઠાંતરથી કિન્નગ્રંથ-ફેંકેલ ગ્રન્થ. निरुवलेव - દ્રવ્યથી નિર્મળ દેહત્વથી અને ભાવથી બંધહેતુના અભાવથી જેમાંથી ઉપલેપ નીકળી ગયો છે તે.

આ હકીકત ઉપમાન વડે કહેવાય છે - કાંસાના પાત્રવિશેષની જેમ મુક્ત-ત્યજેલ અર્થાત્ ન લાગેલ પાણીની જેમ બંધના હેતુપણાથી तोय - સ્નેહ જેણે તે મુક્તતોય. જે રીતે ભાવના-આચારાંગ સૂત્રના શ્રુતસ્કંધ-૨-ના અધ્યયન-૧૫માં કહેલ છે, તે રીતે આ વર્ણન કહેવા યોગ્ય છે. તે ક્યાં સુધી ? સારી રીતે ઘૃતાદિ પ્રક્ષેપ કરેલ છે જેમાં તે સુહુત, એવો જે હુતાશન-અગ્નિ, તે સુહુતાશન, તેની માફક જ્ઞાન કે તપરૂપ તેજ વડે દીપ્યમાન, અતિદેશ કરેલા પદોનો સંગ્રહને બે ગાથા વડે કહે છે—

[૮૭૩] કાંસ્યપાત્રવત્ મુક્તતોય, શંખની જેમ નિરંગણ-રાગાદિ વડે રંગાવાથી છૂટેલ, જીવની જેમ અપ્રતિહત ગતિ-સંયમમાં ગતિ અર્થાત્ એની પ્રવૃત્તિ કોઈ રીતે હણાય નહીં. ગગનવત્ નિરાલંબન અર્થાત્ કુલ, ગામ આદિના આલંબન વિનાના. વાયુની જેમ અપ્રતિબદ્ધ-ગામાદિમાં એક રાત્રિ આદિ વસવાથી. શરદઋતુના જળની જેમ શુદ્ધહૃદયી-અકલુષ મનવાળા હોવાથી. કમળ પત્ર જેમ નિરુપલેપ. કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય-કાચબો ક્યારેક પાંચે અવયવથી ગુપ્ત હોય છે - તે રીતે આ પણ ઈન્દ્રિયપંચક વડે ગુપ્ત થશે. પક્ષીની જેમ વિપ્રમુક્ત-પરિકર ત્યાગ અને અનિયતવાસથી. ગેંડાના શીંગડાની જેમ એકજાત - એક જ હોય છે, તેની જેમ એકભૂત-રાગાદિ અન્ય સહાયના અભાવથી. ભારંડ પક્ષી માફક અપ્રમત્ત-બે ભારંડ પક્ષીને એક શરીર, ગ્રીવા જુદી, પગ ત્રણ હોય છે, તે બંને અત્યંત અપ્રમત્તપણાએ નિર્વાહને મેળવે છે. તેથી તેની ઉપમા છે. *[આ રીતે ૧૧-ઉપમા કહી.]*

[૮૭૪] કુંજરની જેમ શૂર-કષાયાદિ શત્રુઓ પ્રત્યે હાથી માફક શૂર. બળદની

જેમ ઉત્પન્ન બલવાળા-પ્રતિજ્ઞા કરેલ વસ્તુના ભારને નિર્વાહનારા. સિંહની જેમ દુર્દ્ધર્ષ-પરીષહાદિથી પરાભવ ન પામવા યોગ્ય. મેરુવત્ અકંપ-અનુકૂલાદિ ઉપસર્ગ વડે-નિશ્ચલ સત્ત્વવાળા. સાગરની જેમ અક્ષોભ, એ રીતે સૂત્ર વડે સૂચના છે - સાગરવત્ ગંભીર-હર્ષ, શોકાદિથી ક્ષોભિત ન થવાથી. ચંદ્રની જેમ સૌમ્યલેશ્ય-અનુપતાપકારી પરિણામ. સૂર્યની જેમ દિપ્ત તેજવાળા-દ્રવ્યથી શરીરની કાંતિ અને ભાવથી જ્ઞાન વડે. જાત્ય સુવર્ણવત્ જાતરૂપ અર્થાત્ રાગાદિ કુદ્રવ્યના વિરહથી પ્રાપ્ત કરેલ છે શુદ્ધ સ્વરૂપ તે. પૃથ્વીની જેમ સર્વ સ્પર્શને સહેનારા-શીતોષ્ણાદિ અનુકૂળ-પ્રતિકૂળ સ્પર્શોને સહેનારા. ''સુહુતહુત'' - કહેવાઈ ગયેલ છે.

[૮૭૫] તે મહાપદ્મ ભગવંતને આ પક્ષ નથી. તે કહે છે — ક્યાંય પણ પ્રતિબંધ - સ્નેહ થશે. હંસાદિ અંડજ, આ મારા છે તેવા ઉલ્લેખ વડે પ્રતિબંધ થાય છે અથવા ઈંડુ તે મનોહર મોર વગેરેનું કારણ છે એવો પ્રતિબંધ થાય અથવા અંડજ-પટ્ટસૂત્ર, પોતજ-આ હાથી મારા છે એવો પ્રતિબંધ થાય અથવા પોતક-બાળકઅથવા પોતક-વસ્ત્ર મારું છે એવો પ્રતિબંધ થાય. વિશુદ્ધ આહારમાં પણ સરાગ સંયમવાળાને પ્રતિબંધ થાય માટે બતાવે છે — પીરસવાને માટે ઉપાડેલું, ભોજન કરવાને ઉપાડેલું. ્અથવા અવગ્રહ જેને છે એવી વસતિ, પીઠ, ફલકાદિ વસ્તુ અથવા દાંડો વગેરે ઉપધિની જાત, પ્રકર્ષ વડે જેનું ગ્રહણ છે તે પ્રગ્રહિક અર્થાત્ ઔધિક પાત્રાદિ ઉપકરણ અથવા અંડજ કે પોતજ. - x - x -

જ્યારે વિહારને અર્થે ઈચ્છે ત્યારે તે તે દિશામાં મહાપદ્મપ્રભુ વિચરશે એમ સંબંધ છે. - x - શુચિભૂત-ભાવની શુદ્ધિથી, ઉપધિરહિતપણાને લઈને અથવા ગૌરવના ત્યાગ વડે લઘુભૂત. અનુરૂપપણે-ઉચિતપણે વિરતિથી પણ પાપના ઉદયથી નહીં. સૂક્ષ્મ અને અલ્પ પણ ગયેલ છે ધન આદિ ગ્રન્થ જેને અથવા જેનાથી તે અનુપગ્રન્થ અથવા अपि શબ્દથી અણુપ્રગ્રંથ અથવા અનર્પ્ય-અનર્પણીય-બીજાને ન દેવા યોગ્ય કેમકે આધ્યાત્મિકત્વથી. ગ્રંથવત્ - દ્રવ્યની જેમ જ્ઞાનાદિ ગ્રંથ છે જેને તે અનર્પ્ય ગ્રંથ. ભાવેમાણે - અર્થાત્ વાસયન્ - વસતા એવા.

अनुत्तर - એનાથી બીજું શ્રેષ્ઠ નથી તે. અનુત્તર વડે. આ પદનો આગળ સંબંધ કરવો. વસતિ અને એકરાત્રાદિ વિહાર વડે, આર્જવ આદિ ક્રમશઃ માયા, માન, ગૌરવ, ક્રોધ, લોભના નિગ્રહો છે. ગુપ્તિ-મન વગેરે, સત્ય-બીજું મહાવ્રત, સંયમ-પહેલું, તપોગુણ-અનશનાદિ, સુચરિત-સારી રીતે સેવેલું, શૌચ-ત્રીજું મહાવ્રત અથવા વિદ્ય-વિજ્ઞાન - x - ફલપ્રધાન પરિનિર્વાણ માર્ગ-નિવૃત્તિ નગરીનો પંથરૂપ સત્યાદિ પરિનિર્વાણ માર્ગ વડે.

ધ્યાન-શુક્લધ્યાનના બીજા અને ત્રીજા ભેદરૂપનો મધ્ય-ધ્યાનાંતર તે ધ્યાનાંતરિકામાં વર્તતાને અર્થાત્ શુક્લ ધ્યાનના બીજા ભેદથી ઉતરીને ત્રીજા ભેદને ન પ્રાપ્ત કરેલ એવા મહાપદ્મને અનંત વિષયત્વથી અનંત, સર્વોત્તમ હોવાથી અનુત્તર, પર્વતાદિથી અપ્રતિહત હોવાથી નિર્વ્યાઘાત, સર્વાવરણના નાશથી નિરાવરણ, સર્વાર્થ વિષયત્વથી કૃત્સ્ન, સ્વરૂપથી પૂનમના ચંદ્ર જેવું, અસહાયથી કેવલ, વર-જ્ઞાન દર્શન



પ્રસિદ્ધ છે. - x -

अरह - અષ્ટવિધ મહાપ્રાતિહાર્ય પૂજાના યોગથી અર્હન્,રાગાદિ જિતવાથી જિન, પરિપૂર્ણ જ્ઞાનાદિ ત્રયના યોગથી કેવલી, સર્વ વિશેષાર્થના બોધથી સર્વજ્ઞ, સકલ સામાન્યાર્થના અવબોધથી સર્વદર્શી થશે.

વૈમાનિક અને જ્યોતિષ્ક લક્ષણ દેવ વડે યુક્ત, મનુષ્ય તથા ભવનપતિ, વ્યંતર લક્ષણ અસુર વડે યુક્ત. લોક-પંચાસ્તિકાયાત્મક તેના પર્યાયો-વિચિત્ર પરિણામોને જાણશે-દેખશે. આ દેવાદિકનું ગ્રહણ પ્રધાનની અપેક્ષાએ છે. અન્યથા સર્વે જીવોના સર્વે પર્યાયોને જાણશે - x - વૈમાનિક અને જ્યોતિષ્કનું મરણ તે ચ્યવન, નારક અને દેવોનો જન્મ તે ઉપપાત, - x - મનમાં થયેલ તે માનસિક-ચિંતિત વસ્તુ. ભુક્ત-ઓદનાદિ, કૃત-ઘડો આદિ, પ્રતિસેવિત-પ્રાણિવધ આદિ. પ્રગટ કાર્ય, જનરહિત વ્યાપાર - - તે બધાંને જાણશે.

अरहा - સર્વજ્ઞ હોવાથી જેને રહ-વિજન વિદ્યમાન નથી તે. આ હેતુથી જ રહસ્યના અભાવથી અરહસ્યને ભજે છે તે. તે - તે કાલને આશ્રીને એમ જાણવું. - x - માનસ, વાચસ, કાયિક તેના યોગ-વ્યાપારમાં - x - વર્તમાન-વ્યવસ્થિત સર્વભાવોને જાણતાં અને જોતાં વિચરશે. જાણીને ભાવના સહિત, દરેક વ્રત, ઈર્યાસમિતિ આદિ પાંચ ભાવનાઓ વડે જે છે તે, તે ભાવનાઓનું સ્વરૂપ આવશ્યકથી માનવું. છ જીવનિકાયોને રક્ષણીયપણાએ એવા સ્વરૂપવાળું ચારિત્રાત્મક સદ્ગતિમાં જીવને ધારણ કરવાથી ધર્મ અને શ્રુતધર્મને પ્રરૂપતાં વિચરશે.

હવે મહાપદ્મનું અને પોતાનું સર્વજ્ઞપણું હોવાથી બંને સર્વજ્ઞોના મતમાં અભેદ છે. ભેદમાં તો બંનેમાંથી એકને અયથાર્થ વસ્તુને જોવાથી અસર્વજ્ઞતાનો પ્રસંગ આવે માટે ભગવંત બંનેને સમાન વસ્તુની પ્રરૂપણાને બતાવતા કહે છે - x - x - હે આર્યો ! એમ શિષ્યને આમંત્રણ છે.

આરંભ એ જ સ્થાન તે આરંભસ્થાન એક જ છે. તેનું તે-તે પ્રમત્તયોગ લક્ષણ હોવાથી. બધો પ્રમાદ યુક્ત યોગ સાધુઓને આરંભરૂપ છે. શેષ આવશ્યક સૂત્રમાં પ્રાયઃ પ્રસિદ્ધ છે, માટે લખ્યું નથી. ફલક-પાતળું લાંબુ પાટિયું. કાષ્ઠ-જાડું અને લાંબુ. લબ્ધ સન્માનાદિ યુક્ત મેળવેલ અને અપલબ્ધ-તિરસ્કારપૂર્વક મેળવેલ જે ભોજનાદિ નિર્વાહ તે લબ્ધાપલબ્ધ વૃત્તિઓ. आधाय - સાધુને આશ્રીને कर्म - સચેતનને અચેતન કરવારૂપ અથવા અચેતનની પાકલક્ષણ ક્રિયા છે જે ભોજનાદિમાં તે આધાકર્મિક. - x - x - इति શબ્દ ઉપદર્શનાર્થે અથવા વિકલ્પાર્થે છે.. પાખંડી, શ્રમણો, નિર્ગ્રન્થોને ઉદ્દેશીને દુર્ભિક્ષાદિનો નાશ થતા જે ભોજન અપાય છે તે ઔદ્દેશિક-ઉદ્દેશમાં થયેલ તે. અથવા તેમજ જે ઉદ્ધરેલ, દહીં આદિથી મિશ્રિત કરીને કે તપાવીને અપાય છે તે ઔદ્દેશિક છે. - x - ગૃહસ્થ અને સાધુ બંને માટે થયેલ તે મિશ્રજાત.

- x - મૂલથી પોતાને માટે રાંધતા, તેમાં સાધુ આદિને માટે જે કણ આદિ નાખવું તે અધ્યવપૂરક છે. - x - શુદ્ધ આહારાદિ હોય પણ આધાકર્મીના અવયવો

વડે અપવિત્ર કરેલું તે પૂતિક કહેવાય. - x -

દ્રવ્ય કે ભાવ વડે ખરીદેલ તે ક્રીત. કહ્યું છે — સાધુને માટે ધનાદિ વડે વેચાતુ લેવું તે ક્રીત છે... પ્રામિત્ય-સાધુને માટે ઉછીનું લાવેલું તે... આચ્છેદ્ય-નોકરાદિની વસ્તુને તેનો સ્વામી બળથી લઈને સાધુને આપે તે. - x - અનિસૃષ્ટ-ઘણાં લોકોનું સાધારણ હોય તેમાંથી એક આદિથી આજ્ઞા ન અપાયેલું તે અનિસૃષ્ટ છે. - x - અભ્યાહૃત-પોતાના ગામાદિથી જે આપે તે. - x - અધ્યવપૂરકાદિનું સ્વરૂપ કહ્યું પણ વ્યુત્પત્તિ નહીં. તેથી કહે છે — एषाम्० એઓનો શબ્દાર્થ પ્રાયઃ પ્રગટજ છે.

કાંતારભક્તાદિ — આધાકર્માદિના જ ભેદો છે. તેમાં કાંતાર-અટવી. તેમાં ભક્ત-ભોજન, તેમાં સાધુ આદિ માટે બનાવેલું તે કાંતારભક્ત. એ રીતે બીજા પણ ભોજનો જાણવા. વિશેષ એ કે — ગ્લાનને રોગની શાંતિ માટે જે આપે છે અથવા ગ્લાનોને માટે જે અપાય તે ગ્લાનભક્ત.. વર્દલિકા-મેઘાડંબર, તેમાં વૃષ્ટિ વડે ભિક્ષુક લોકો ભ્રમણને માટે અશક્ત થાય છે. તેથી ગૃહસ્થ, તેના માટે વિશેષતઃ ભોજન દાનાર્થે બનાવે છે.

પ્રાઘુર્ણકો — મહેમાનો. તે ભિક્ષુકો જ, તેને માટે જે ભોજન છે તે પ્રાઘૂર્ણક ભક્ત અથવા પ્રાઘૂર્ણક માટે સંસ્કાર કરીને જે અપાવે છે તે.

મૂલ-પૂનર્નવાદિ મૂળિઆઓનું ભોજન અથવા તે જ ભોજન કે ખવાય છે તે ભોજન. કંદ-સૂરણ આદિ. ફલ-ત્રપુષિ આદિ. બીજ-દાડમ આદિ. હરિત-મધુરતૃણાદિ. જીવ વધના નિમિત્તભૂત હોવાથી એ બધા ભોજનનો નિષેધ કરે છે.

પંચમહાવ્રત-આદિ. પહેલા અને છેલ્લા તીર્થંકરોને પાંચ મહાવ્રતો જ છે. શેષ બાવીશ અને મહાવિદેહ સંબંધી તીર્થંકરોને ચાર યામ છે. તેથી પંચમહાવ્રતિક. એ રીતે પ્રતિક્રમણ સહિત-ઉભય સંધ્યા આવશ્યક કરવા વડે જે છે તે સપ્રતિક્રમણ. બીજા જિનોના સાધુને કારણ ઉત્પન્ન થયે જ છે તે પ્રતિક્રમણ - x - अविद्यमान - જિનકલ્પી વિશેષાપેક્ષાએ વસ્ત્રો ન હોવાથી અને સ્થવિરકલ્પીની અપેક્ષાએ જીર્ણ, મલિન, ખંડિત, શ્વેત અને અલ્પત્વાદિને લઈને ચેલ-વસ્ત્રો છે જેમાં તે અચેલકધર્મ.

કહ્યું છે કે — જેમ કોઈ કટિવસ્ત્રથી મસ્તક વીંટીને પાણીમાં પ્રવેશે તે ઘણાં વસ્ત્રો હોવા છતાં લોકમાં અચેલક કહેવાય, તેમ મુનિ પણ સચેલ હોવા છતાં અચેલ કહેવાય. શ્વેત-જીર્ણ-કુત્સિત-સ્તોક-અનિયત-બીજાએ વાપરેલ વસ્ત્ર, મૂર્છારહિત હોવાથી મુનિ વસ્ત્ર હોવા છતાં અચેલક કહેવાય છે. રાગાદિ નિમિત્તપણાથી મૂર્છા ચારિત્રના વિઘાતને માટે છે, પણ વસ્ત્ર નથી કેમકે અધ્યાત્મની શુદ્ધિ હોવાથી, શરીર અને આહારની જેમ. શરીરથી યૂકા વગેરેમાં આસક્તિ કે રાગ ઉત્પન્ન થતો નથી એમ.

કહ્યું છે કે — સ્થૂલ વસ્ત્રાદિમાં તું મૂર્છા કરે છે, તો શરીરમાં અવશ્ય કરીશ, કેમકે શરીર તો અક્રેય અને દુર્લભતર છે. તેથી વિશેષે મૂર્છા કરીશ. અધ્યાત્મ શુદ્ધિના અભાવથી વસ્ત્રાભાવ પણ ચારિત્રને માટે નથી. કહ્યું છે કે — દારિદ્રથી પરાભવ પામેલ પુરુષો પરિગ્રહ રહિત છતાં પણ પરકીય પરિગ્રહમાં મૂર્છા અને કષાયાદિ દોષવાળા હોવાથી આત્માનો નિગ્રહ ન કરનારા એવા અનંતકર્મરૂપ મલનો



સંચય કરે છે.

કહ્યું છે — તીર્થંકરો સર્વે બીજાના ઉપદેશને અનુસરતા નથી, છદ્મસ્થ અવસ્થામાં બીજાને ઉપદેશ આપતા નથી કે શિષ્ય વર્ગને દિક્ષા આપતા નથી. તેમ જો તેમનો શિષ્યાદિ વર્ગ બધું કરે તો તીર્થનું પ્રવર્તન ક્યાંથી થાય ? એ રીતે તમે કહો છો, તો પછી અચેલકપણાનો આગ્રહ શા માટે ? ઉચિત વસ્ત્રના સદ્‌ભાવમાં પણ ચારિત્રધર્મ હોય છે જ. શરીર અને આહારની માફક તે પણ ચારિત્રને ઉપકારક છે. કહ્યું છે કે—

વસ્ત્રાદિ અભાવે તૃણગ્રહણ, અગ્નિ સેવન ઈચ્છા નિવારવાને તથા ધર્મશુક્લ-ધ્યાનને માટે ગ્લાનાર્થે અને મરણાર્થે વસ્ત્ર ગ્રહણ કહ્યું.

જ્યાં સાધુ શયન કરે તે શય્યા, તેનાથી ભવસાગર તરે તે શય્યાતર એટલે વસતિનો દાતા. તેનો પિંડ તે શય્યાતર પિંડ. જે અશનાદિ-૪, વસ્ત્રાદિ-૪, શૂચિ આદિ-૪-લેવાનો નિષેધ છે. તે લેવાના દોષ આ પ્રમાણે — તીર્થંકરોનો નિષેધ, અજ્ઞાનત્વ, ઉદ્‌ગમાદિ પણ શુદ્ધ ન થાય, નિર્લોભતા અને લાઘવતા ન રહે. શય્યા દુર્લભ અને નષ્ટ થાય.

ચક્વર્તી, વાસુદેવાદિનો પિંડ તે રાજપિંડ. હવે બંને જિનોની પણ સમાનતાનું નિગમન કરવા માટે કહે છે—

[૮૭૬] જે શીલ સમાચાર-સ્વભાવ અનુષ્ઠાનમાં જેનો છે તે જ શીલસમાચાર છે જેના તે... મહાવીર પ્રભુની જેમ મહાપદ્મ જિન પણ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં જન્માદિવાળા છે, તે સંબંધથી નક્ષત્ર સૂત્ર—

- **સૂત્ર-૮૭૭ થી ૮૮૭ :-**

***[૮૭૭] નવ નક્ષત્રો ચંદ્રના પશ્ચિમભાગા કહ્યા છે, તે આ — [૮૭૮] અભિજિત્‌, શ્રવણ, ધનિષ્ઠા, રેવતી, અશ્વિની, મૃગશીર્ષ, પુષ્ય, હસ્ત, ચિત્રા. આ નવ પશ્ચંભાગા છે... [૮૭૯] આનત, પ્રાણત, આરણ, અચ્યુત કલ્પમાં વિમાનો ૯૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલા છે.***

***[૮૮૦] વિમલવાહન કુલકર ૯૦૦ ધનુષ્‌ ઉર્ધ્વ ઉંચાઈપણે હતા.***

***[૮૮૧] કૌશલિક અર્હત્‌ ઋષભ આ અવસર્પિણીમાં નવ કોડાકોડી સાગરોપમ વ્યતીત થયા પછી તીર્થ પ્રવર્તાવ્યુ... [૮૮૨] ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત અંતર્દ્વીપના દ્વીપો ૯૦૦-૯૦૦ યોજન લાંબા-પહોળા છે.***

***[૮૮૩] શુક્ર મહાગ્રહની નવ વીથીઓ કહી છે — હયવીથી, ગજવીથી, નાગવીથી, વૃષભવીથી, ગોવીથી, ઉરગવીથી, અજવીથી, મૃગવીથી, વૈશાનરવીથી.***

***[૮૮૪] નવ પ્રકારે નોકષાય વેદનીય કર્મો કહ્યા છે — સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતી, અરતી, ભય, શોક અને દુગંછા.***

***[૮૮૫] ચઉરિન્દ્રિયની જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખ નવ લાખ કહી છે. ભુજ પરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોની જાતિકુલ કોટિ તેમજ છે.***

***[૮૮૬] જીવો નવ સ્થાન વડે નિવર્તિત પુદ્‌ગલ પાપકર્મપણે ચયન કર્યા છે - કરે છે - કરશે. પૃથ્વીકાય નિવર્તિત યાવત્‌ પંચેન્દ્રિય નિવર્તિત. એ પ્રમાણે***

***ચય, ઉપચય યાવત્ નિર્જરા કર્યા છે - કરે છે - કરશે.***

***[૮૮૭] નવ પ્રદેશિક સ્કંધ અનંતા કહ્યા છે, નવ પ્રદેશ અવગાઢ પુદ્ગલો અનંતા કહ્યા છે યાવત્ નવગુણ રુક્ષ પુદ્ગલો અનંતા કહ્યા છે.***

**● વિવેચન-૮૭૭ થી ૮૮૭ :-**

[૮૭૭] સુગમ છે. વિશેષ એ – પશ્ચાત્ ભાગ ચંદ્ર વડે ભોગ જેનો છે તે પશ્ચાત્ ભાગ ચંદ્રને અતિક્રમીને જે ભોગવે છે – પૂંઠ દઈને ભોગવે છે.

[૮૭૮] અભિજિત્ આદિ... મતાંતરથી અશ્વિની, ભરણી, શ્રવણ, અનુરાધા, ધનિષ્ઠા, રેવતી, પુષ્ય, મૃગશિર, હસ્ત, ચિત્રા પશ્ચિમભાગા છે.

[૮૭૯] નક્ષત્ર વિમાનનો વૃત્તાંત કહ્યો. તેથી વિમાન વિશેષ વૃત્તાંત સૂત્ર છે, તે સ્પષ્ટ છે... [૮૮૦] અનંતર વિમાનોનું ઉચ્ચત્વ કહ્યું માટે કુલકર વિશેષના ઉંચ્ચત્વનું સૂત્ર છે... [૮૮૧] કુલકરના સંબંધથી ઋષભકુલકરનું સૂત્ર છે... [૮૮૨] ઋષભ અર્હત્ મનુષ્ય હતા, તેથી અંતર્દ્વીપના મનુષ્ય ક્ષેત્ર વિશેષ પ્રમાણવાળું સૂત્ર, તે સુગમ છે. તે સાતમા સ્થાનથી છે.

[૮૮૩] ૯૦૦ યોજન પ્રમાણ કહ્યા. સમભૂતલ પૃથ્વીના તળથી ઉપરના ભાગમાં ૯૦૦ યોજનમાં ગતિ કરનારા ગ્રહવિશેષના વૃત્તાંતને કહે છે – શુક્ર મહાગ્રહની નવ વીથીઓ - ક્ષેત્રના ભાગો પ્રાયઃ ત્રણ ત્રણ નક્ષત્રો વડે થાય છે. તેમાં - હય સંજ્ઞાવાળી વીથી તે હયવીથી. એમ બધે છે. સંજ્ઞા-વ્યવહાર વિશેષાર્થે છે. જે અહીં હયવીથી કહી તે બીજે નાગવીથી નામે રૂઢ છે. નાગવીથી તે ઐરાવણ પદ છે. આ વીથીઓનું લક્ષણ ભદ્રબાહુ પ્રસિદ્ધ આર્યાના ક્રમથી લખાય છે – ભરણી, સ્વાતી, કૃતિકા આ ત્રણ નાગવીથી ઉત્તર માર્ગમાં છે.. રોહિણી, મૃગશિર, આર્દ્રા ઈભ નામક વીથી છે. પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા આ ત્રણ સુરગજ નામક વીથી છે.

મઘાદિ વૃષભ નામક, શ્રવણાદિ જરદ્ગવા નામક, પ્રોષ્ઠપદાદિ ચાર ગો વીથી છે, તેમાં મધ્યફળ છે. હસ્તાદિ ચાર અજવીથી છે. ઇન્દ્ર દેવતા-જ્યેષ્ઠા અને મૂલ હોય તો મૃગવીથી છે. પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત્ આ ત્રણ નક્ષત્રો વૈશ્વાનર્દ્યવીથી દક્ષિણ માર્ગે કહેલી છે.

આ વીથીઓમાં શુક્ર વિચરે છે. તેમાં નાગ, ગજ, ઐરાવણ વીથીમાં જો શુક્ર હોય તો મેઘ ઘણો વર્ષે, ઔષધિ સુલભ થાય, દ્રવ્ય વૃદ્ધિ થાય.

પશુસંજ્ઞક ત્રણ વીથીઓમાં શુક્ર હોય તો ધાન્ય, ફ્લાદિ મધ્યમ થાય. અજ, મૃગ, વૈશ્વાનર એ ત્રણ વીથીઓમાં જો શુક્ર હોય તો દ્રવ્ય અને ભયથી પીડિત લોક હોય છે.

[૮૮૪] વીથી વિશેષના ચાર વડે શુક્રાદિ ગ્રહો મનુષ્યોને ઉપકાર અને ઉપઘાત કરનારા હોય છે માટે દ્રવ્યાદિ સામગ્રી વડે કર્મોના ઉદયાદિનો સદ્ભાવ હોય છે. આ સંબંધે પ્રસ્તુત અધ્યયનમાં અવતરતા કર્મના સ્વરૂપને કહે છે – અહીં નો શબ્દ સાહચર્ય અર્થમાં છે. ક્રોધાદિ કષાયો સાથે રહેનારા તે નોકષાયો. એકલા આ નોકષાયોનું પ્રધાનપણું નથી. પણ જે અનંતાનુબંધી આદિ કષાયોની સાથે ઉદયમાં



આવે છે, તેના વિપાક જેવા જ વિપાકને બતાવે છે. બુધ ગ્રહની માફક બીજાના સંસર્ગની જેમ અનુવર્તે છે. એ રીતે નોકષાયપણે જે કર્મ વેદાય તે નોકષાયવેદનીય.

તેમાં જેના ઉદયથી સ્ત્રીને પુરુષનો અભિલાષ થાય છે, પિત્તના ઉદયથી મધુરના અભિલાષની જેમ, તે છાણના અગ્નિ સમાન સ્ત્રીવેદ છે.

જેના ઉદય વડે પુરુષને સ્ત્રીનો અભિલાષ થાય છે, કફના ઉદયથી ખટાશના અભિલાષની જેમ, તે દાવાગ્નિની જ્વાલા સમાન પુરુષવેદ છે.

જેના ઉદયથી નપુંસકને સ્ત્રી તથા પુરુષ બંનેનો અભિલાષ થાય, પિત્ત-કફના ઉદયે મજ્જિતના અભિલાષવત્, મહાનગરદાહના અગ્નિ સમાન નપુંસક વેદ છે...

જેના ઉદયથી સનિમિત્ત કે નિર્નિમિત્ત હસે છે તે કર્મ હાસ્ય... જેના ઉદયથી સચિત્ત-અચિત્ત બાહ્ય દ્રવ્યોમાં જીવને રતિ ઉત્પન્ન થાય તે કર્મ રતિ... જેના ઉદયે તે દ્રવ્યોમાં અરતિ ઉત્પન્ન થાય તે અરતિકર્મ.

જેના ઉદયથી ભયરહિત જીવોને પણ આલોકભયાદિ સાત પ્રકારનો ભય ઉત્પન્ન થાય તે ભયકર્મ... જેના ઉદયથી શોકરહિત જીવને પણ આક્રંદનાદિ શોક ઉત્પન્ન થાય તે શોકકર્મ... જેના ઉદયથી વિષ્ટાદિ બીભત્સ પદાર્થોની જુગુપ્સા થાય તે જુગુપ્સાકર્મ.

[૮૮૫ થી ૮૮૭] અનંતર કર્મ કહ્યું, તેના વશવર્ત્તી જીવો વિવિધ કુલ કોટિને ભજનારા થાય છે માટે કુલકોટિના બે સૂત્રો છે... તેમાં ગયેલ જીવો કર્મનો સંચય કરે છે માટે ચય આદિ છ સૂત્રો છે... કર્મ પુદ્ગલના પ્રસ્તાવથી પુદ્ગલ સૂત્ર છે. આ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે – ચઉરિન્દ્રિય જીવોની જાતિમાં જે કુલકોટિઓની યોનિ પ્રમુખના - યોનિદ્વારોના લાખો છે. તે નવ જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખ લાખો.. ભુજા વડે ચાલે છે, તે ભુજગો, ગોધા આદિ.

**સ્થાન-૯-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સ્થાન-૧૦ ❁
— x — x —

૦ હવે સંખ્યા વિશેષ સંબંધથી જ "દશ સ્થાનક" અધ્યયન આરંભાય છે. આનો પૂર્વ અધ્યયન સાથે આ સંબંધ છે. અનંતર અધ્યયનમાં જીવ, અજીવ નવપણાએ પ્રરૂપ્યા, અહીં તે જ દશપણે પ્રરૂપાય છે. એવા સંબંધવાળા અને ચાર અનુયોગદ્વારવાળા આ અધ્યયનનું સૂત્ર—

● **સૂત્ર-૮૮૮ :-**

***લોક સ્થિતિ દશ ભેદે કહી છે — (૧) જે લોકમાં જીવો મરી મરીને ત્યાં ત્યાં જ વારંવાર ઉત્પન્ન થાય છે એ પ્રમાણે એક લોકસ્થિતિ કહી.***

***(૨) જે જીવોને પ્રવાહથી નિરંતર પાપકર્મ બંધાય છે, એ પ્રમાણે એક લોકસ્થિતિ કહી છે... (૩) જે જીવોને પ્રવાહથી નિરંતર મોહનીય પાપકર્મ બંધાય છે, એમ એક લોકસ્થિતિ કહી છે... (૪) એમ થયું નથી, થતું નથી, થશે નહીં, જે જીવો અજીવો થશે કે અજીવો જીવો થશે એવી એક લોકસ્થિતિ કહી છે... (૫) એમ થયું નથી, થતું નથી, થશે નહીં કે જે ત્રસજીવોનો વ્યવચ્છેદ થશે, સ્થાવર જીવોનો વ્યવચ્છેદ થશે અથવા સ્થાવર જીવો ત્રસરૂપે થશે એ પ્રમાણે પણ એક લોક સ્થિતિ છે.***

***(૬) એવું થયું નથી, થતું નથી, થશે નહીં કે જે લોક અલોક થશે, અલોક લોક થઈ જશે, એવી એક લોકસ્થિતિ કહી છે... (૭) એવું થયું નથી, થતું નથી, થશે નહીં કે - જે લોક અલોકમાં પ્રવેસશે અથવા અલોક લોકમાં પ્રવેસશે એવી એક લોક સ્થિતિ કહી છે... (૮) જેટલા ક્ષેત્રમાં લોક છે તેટલા ક્ષેત્રમાં જીવો છે, જેટલામાં જીવો છે તેટલામાં લોક છે એવી એક લોક સ્થિતિ છે... (૯) જ્યાં સુધી જીવો અને પુદ્‌ગલોનો ગતિપર્યાય છે ત્યાં સુધી લોક છે, જ્યાં સુધી લોક છે ત્યાં સુધી જીવો અને પુદ્‌ગલોનો ગતિ પર્યાય છે એમ એક લોકસ્થિતિ છે... (૧૦) બધાં લોકાંતમાં અબદ્ધ પાર્શ્વસ્પૃષ્ટ પુદ્‌ગલો રૂક્ષતાએ પરિણમે છે, જેથી જીવો તથા પુદ્‌ગલો લોકાંતથી બહાર જવા સમર્થ ન થાય તે લોકસ્થિતિ.***

● **વિવેચન-૮૮૮ :-**

આનો પૂર્વસૂત્ર સાથે આ સંબંધ છે — પૂર્વે નવગુણ રૂક્ષ પુદ્‌ગલો અનંતા છે તેમ કહ્યું, તે અસંખ્યેય પ્રદેશાત્મક લોકમાં સમાય છે, એ રીતે લોકની સ્થિતિ છે, તે હેતુથી તે જ અહીં કેહવાય છે. એ રીતે સંબંધવાળા આ સૂત્રની વ્યાખ્યા,અહીં પણ સંહિતાદિની ચર્ચા, પહેલા અધ્યયનની જેમ - માત્ર પંચાસ્તિકાયાત્મક લોકની સ્થિતિ-સ્વભાવ તે લોકસ્થિતિ... (૧) યદ્ - ઉદ્દેશમાં છે. - x - अपद्राय - મરીને. લોકના દેશ-ગતિ-યોનિ કે કુલમાં સાંતર કે નિરંતર ઉચિતપણાએ ફરી ફરીને ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે પણ એક લોકસ્થિતિ છે. अपि - ઉત્તર વાક્યાપેક્ષાએ.

(૨) હવે બીજી - सदा - પ્રવાહથી અનાદિ અપર્યવસિતકાલ. समिय - નિરંતર, જ્ઞાનાવરણાદિ બધું પાપકર્મ છે, મોક્ષના પ્રતિબંધકપણાને લઈને બધાં કર્મોનું પાપત્વ



હોવાથી. क्रियते - બંધાય છે, એ રીતે પણ એક અર્થાત્ અન્ય, સતત કર્મબંધનરૂપ બીજી લોક સ્થિતિ.

(૩) મોહનીય પ્રધાનતાથી ભેદથી જુદું કહ્યું એમ સતત મોહનીય બંધન, એ ત્રીજી... (૪) જીવ-અજીવનું અજીવ-જીવત્વ અભાવે ચોથી.

(૫) ત્રસ સ્થાવરોના અવ્યવચ્છેદ રૂપ પાંચમી... (૬) લોકાલોકનું અલોક લોકત્વ ન થવું તે છઠ્ઠી... (૭) લોકાલોકનો અન્યોન્ય પ્રવેશ ન થવો તે સાતમી... (૮) જ્યાં સુધી લોક છે ત્યાં સુધી જીવ છે અર્થાત્ જેટલો ક્ષેત્રમાં લોકનો વ્યપદેશ છે તેટલા ક્ષેત્રોમાં જીવો છે, અહીં જ્યાં સુધી જીવો છે ત્યાં સુધી લોક છે. અર્થાત્ જેટલા ક્ષેત્રમાં જીવો છે તેટલું ક્ષેત્ર લોક છે.

(૯) જ્યાં સુધી જીવાદિનો ગતિ પર્યાય છે ત્યાં સુધી લોક છે - નવમી, (૧૦) સર્વે લોકાંતોમાં ગાઢ ચોંટેલા, સ્પૃષ્ટ માત્ર, જે તેવા નથી તે અબદ્ધ પાર્શ્વસ્પૃષ્ટ રૂક્ષ દ્રવ્યાંતર વડે અર્થાત્ તેના સંપર્કથી રૂક્ષપરિણામવાળા ન થયેલ. લોકાંતમાં સ્વભાવથી પુદ્‌ગલો રૂક્ષપણાએ પરિણમે છે અથવા લોકાંતના સ્વભાવથી જ જે રૂક્ષતા થાય છે તે રૂક્ષતાથી તે પુદ્‌ગલો પરસ્પર સંબંધ રહિત કરાય છે. શું સર્વથા ? એમ નહીં. પણ તેના વડે આ શબ્દના ગમ્યમાનત્વથી તે રૂપ વડે કરાય છે. જેથી કર્મ અને પુદ્‌ગલ સહિત જીવો અને પરમાણુ આદિ લોકાંત બહાર જવાને સમર્થ થતાં નથી. - x - એમ દશમી લોકસ્થિતિ છે, શેષ સુગમ છે... — લોકસ્થિતિથી જ વિશિષ્ટ વક્તા વડે નીકળેલા શબ્દ પુદ્‌ગલો પણ લોકાંત સુધી જાય છે. આ પ્રસ્તાવથી શબ્દના ભેદો—

● **સૂત્ર-૮૮૯ થી ૮૯૧ :-**

***[૮૮૯] દશ પ્રકારે શબ્દ કહેલ છે — [૮૯૦] નિર્હારી, પિંડિમ, રૂક્ષ, ભિન્ન, જર્જરિત, દીર્ઘ, હ્રસ્વ, પૃથક્ત્વ, કાકણી, કિંકિણી સ્વર.***

***[૮૯૧] દશ ઈન્દ્રિયના અર્થો અતીતા કહ્યા છે — કોઈ દેશથી શબ્દને સાંભળે, કોઈ સર્વથી શબ્દને સાંભળે, કોઈ દેશથી રૂપને જુએ, કોઈ સર્વથી રૂપને જુએ છે, એ રીતે ગંધ, રસ, સ્પર્શ યાવત્ કોઈ સર્વથી સ્પર્શને અનુભવેલ છે... દશ ઈન્દ્રિયના અર્થો પ્રત્યુત્પન્ન કહ્યા છે — કોઈ એક દેશથી શબ્દને સાંભળે છે, કોઈ એક સર્વથી શબ્દને સાંભળે છે યાવત્ સ્પર્શને... દશ ઈન્દ્રિયાર્થો અનાગત કહ્યા છે — કોઈ એક દેશથી શબ્દને સાંભળે છે, કોઈ સર્વથી શબ્દને સાંભળે છે યાવત્ સ્પર્શને અનુભવે છે.***

● **વિવેચન-૮૮૯ થી ૮૯૧ :-**

[૮૮૯,૮૯૦] નિર્હારી-ઘોષવાળો શબ્દ, ઘંટાની જેમ.. પિંડથી થયેલ તે પિંડિમ-ઘોષરહિત. ઢક્કાદિના શબ્દવત્.. રૂક્ષ-કાકાદિના શબ્દવત્.. ભિન્ન-કુષ્ઠાદિથી હણાયેલ શબ્દવત્.. જર્જરિત કે ઝર્ઝરિતતંત્રી સહિત કરટિકા વાધની જેમ.. દીર્ઘ-દીર્ઘ વર્ણાશ્રિત કે દૂરથી શ્રાવ્ય મેઘાદિ શબ્દવત્... હ્રસ્વ-હ્રસ્વ વર્ણાશ્રિત કે વિવક્ષાથી લઘુવીણાદિ શબ્દવત્... પૃથકત્વ-અનેકપણામાં અર્થાત્ વિવિધ વાજિંત્રાદિ દ્રવ્ય યોગે જે સ્વર, બે શંખાદિની જેમ તે પૃથકત્વ છે.. કાકણી-સૂક્ષ્મ કંઠનો ગીત ધ્વનિ, જે 'કાકલી' એ

રીતે રૂઢ છે.. કિંકિણી-નાની ઘંટડી, તેનો સ્વર-ધ્વનિ તે કિંકિણી સ્વર.

[૮૯૧] અનંતર શબ્દ કહ્યો. તે ઇન્દ્રિયના વિષયમાં છે, કાલના ભેદ વડે ઈન્દ્રિયના વિષયોને પ્રરૂપતા ત્રણ સૂત્રને કહે છે – સૂત્ર સુગમ છે. વિશેષ એ – વિવક્ષિત શબ્દસમૂહ અપેક્ષાએ દેશથી કોઈક વિષયને કોઈકે સાંભળેલ છે. સર્વથા કે ઇન્દ્રિયોની અપેક્ષાએ શ્રોત્રેન્દ્રિય વડે દેશથી અને સંભિન્ન શ્રોત નામક લબ્ધિયુક્ત અવસ્થામાં બધી ઇન્દ્રિયોથી સર્વથી સાંભળેલ છે અથવા દેશથી એક કાનથી, સર્વથી બંને કાનથી સાંભળેલ છે. એમ સર્વત્ર જાણવું. પ્રત્યુત્પન્ન એટલે વર્તમાન.

ઈન્દ્રિયના વિષયો પુદ્ગલોના ધર્મો છે માટે પુદ્ગલ સ્વરૂપ કહે છે–

● **સૂત્ર-૮૯૨ થી ૮૯૪ :-**

***[૮૯૨] દશ પ્રકારે અચ્છિન્ન પુદ્ગલો ચલિત થાય, તે આ – ૧-આહાર કરાતા પુદ્ગલ ચલે, ૨-પરિણામ પમાડાતા ચલે, ૩-ઉંચો શ્વાસ લેતા ચલે, ૪-નીચો શ્વાસ લેતાં ચલે, ૫-વેદાતા ચલે, ૬-નિર્જરાતા ચલે, ૭-વિકુર્વાતા ચલે, ૮-પરિચાર કરતા ચલે, ૯-યક્ષાવિષ્ટતાથી ચલે ૧૦-શરીરના વાયુથી પ્રેરિત પુદ્ગલો ચલે.***

***[૮૯૩] દશ કારણે ક્રોધોત્પત્તિ થાય છે. તે આ – ૧-મારા મનોજ્ઞ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધ-અપહરેલ છે. ૨- અમનોજ્ઞ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધ આણે આપેલ છે. ૩- મારા મનોજ્ઞ શબ્દાદિ આ હરે છે. ૪- અમનોજ્ઞ શબ્દાદિ મને આ આપે છે. ૫- મારા મનોજ્ઞ શબ્દાદિ આ હરશે. ૬- અમનોજ્ઞ શબ્દાદિ મને આ આપશે. ૭- મારા મનોજ્ઞ શબ્દાદિ અપહરેલ છે - અપહરે છે - અપહરશે. ૮- અમનોજ્ઞ શબ્દાદિ આ પુરુષે આપેલ છે - આપે છે - આપશે. ૯- મારા મનોજ્ઞ શબ્દાદિને યાવત્ અપહરેલ છે - અપહરે છે - અપહરશે તથા અમનોજ્ઞ શબ્દાદિ મને આપેલ છે - આપે છે - આપશે. ૧૦- હું આચાર્ય, ઉપાધ્યાયોને વિશે સમ્યગ્ વર્તુ છું, મને આચાર્ય, ઉપાધ્યાયોએ વિપરીતપણે સ્વીકારેલ છે. [એમ ચિંતવવાથી ક્રોધ ઉપજે.]***

***[૮૯૪] દશ ભેદે સંયમ કહેલ છે - પૃથ્વીકાય સંયમ યાવત્ વનસ્પતિકાય સંયમ, બેઇન્દ્રિય સંયમ, તેઇન્દ્રિય સંયમ, ચઉરિન્દ્રિય સંયમ, પંચેન્દ્રિય સંયમ, અજીવકાય સંયમ.. અસંયમ દશ પ્રકારે કહેલ છે – પૃથ્વીકાયિક અસંયમ, અપ્-તેઉ-વાયુ-વનસ્પતિ યાવત્ અજીવકાય અસંયમ.***

***દશ પ્રકારે સંવર કહેલ છે – શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શનેન્દ્રિય સંવર, મન-વચન-કાય સંવર, ઉપકરણ સંવર, શુચિકુશાગ્ર સંવર... દશ પ્રકારે અસંવર કહેલ છે - શ્રોત્રેન્દ્રિય અસંવરથી સૂચિકુશાગ્ર અસંવર.***

● **વિવેચન-૮૯૨ થી ૮૯૪ :-**

[૮૯૨] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ - અચ્છિન્ન એટલે અપૃથગ્ભૂત, શરીરમાં કે વિવક્ષિત સ્કંધમાં સંબંધવાળો પુદ્ગલ ચલે અર્થાત્ સ્થાનાંતરે જાય. (૧) આહારાતો - ખવાતો પુદ્ગલ આહારમાં ઉપયોગ કરાતા પુદ્ગલ ચલે. (૨) પરિણામ પામતા પુદ્ગલ જ ઉદરના અગ્નિથી ખલ અને રસ ભાવથી અથવા ભોજનમાં પરિણામ પામતા પુદ્ગલ ચાલે.



(૩) ઉચ્છ્વાસ લેવાતા ઉચ્છ્વાસ વાયુનો પુદ્ગલ કે ઉચ્છ્વાસ લેતા ચલે. (૪) નિઃશ્વાસ લેવાતા કે નિઃશ્વાસ લીધાથી ચલે. (૫,૬) વેદાતા અને નિર્જરાતા કર્મ પુદ્ગલ અથવા વેદાયે અને નિર્જરા કરાયે ચલે. (૭) વૈક્રિય શરીરપણે પરિણામ પામતો કે શરીર વૈક્રિય કરાતા ચલે. (૮) મૈથુન સંજ્ઞાના વિષયથી કરાતો શુક્ર પુદ્ગલાદિ અથવા સ્ત્રી શરીરનો ભોગ કરાતા શુક્રાદિ ચલે. (૯) ભૂતાદિ અધિષ્ઠિત કે યક્ષના આવેશવાળા થયેલા પુરુષના શરીર લક્ષણ પુદ્ગલ ચલે. (૧૦) દેહમાં રહેલ વાયુ વડે પ્રેરિત કે વાયુ વડે વ્યાપ્ત દેહ થતા બાહ્ય વાયુથી ફેંકેલ પુદ્ગલ ચલે.

[૮૯૩] પુદ્ગલના અધિકારથી જ પુદ્ગલના ધર્મો, ઇન્દ્રિયોના વિષયોને આશ્રીને જે થાય તે કહે છે – ઉક્તાર્થ છે, વિશેષ એ કે – સ્થાનનો વિભાગ આ છે - તેમાં મારા મનોજ્ઞ શબ્દાદિને અપહરેલ છે એમ ચિંતવતા ક્રોધોત્પત્તિ થાય આ એક.. એવી રીતે અમનોજ્ઞ શબ્દાદિને આપેલ છે. - x - આ બીજું... એ રીતે વર્તમાનના નિર્દેશ વડે બે અને ભવિષ્યના નિર્દેશ વડે પણ બે સ્થાન, એમ છ થયા. તથા મનોજ્ઞના અપહારથી કાલ ત્રણના નિર્દેશથી સાતમું... એમ અમનોજ્ઞના ઉપહારથી આઠમું. મનોજ્ઞનો અપહાર-અમનોજ્ઞના ઉપહારથી કાલ ત્રણના નિર્દેશથી નવમું અને વિપરીતપણે સ્વીકારેલ તે વિપ્રતિપન્ન.

[૮૯૪] ક્રોધની ઉત્પત્તિ સંયમીને નથી માટે સંયમ અને પ્રતિપક્ષે અસંયમ માટેનું સૂત્ર છે. અસંયમના વિપક્ષરૂપ સંવર છે માટે સંવર સૂત્ર અને સંવરથી વિપરીત અસંવર છે. આ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે – ઉપકરણ સંવર-અનિયત અને અકલ્પનીય વસ્ત્રાદિના અગ્રહણરૂપ અથવા વિસ્તારેલ વસ્ત્રાદિને ઉપકરણનું સંવરવું તે ઉપકરણસંવર. આ ઔધિક ઉપકરણની અપેક્ષાએ છે. તથા સોયનું અને દર્ભાગ્રોનું શરીરના ઉપઘાતકપણાથી જે સંવરવું તે શૂચિકુશાગ્ર સંવર. ઉપલક્ષણથી સમસ્ત ઔપગ્રહિક ઉપકરણાપેક્ષાએ સંવર જાણવો. અહીં છેલ્લા બે પદ વડે દ્રવ્યસંવર કહેલ છે... – અસંવરના જ વિશેષને કહે છે–

● **સૂત્ર-૮૯૫ થી ૯૦૦ :-**

***[૮૯૫] દશ કારણે "હું જ ઉત્કૃષ્ટ છું" એમ મદવાળો થાય, તે આ – જાતિમદથી, કુલમદથી યાવત્ ઐશ્વર્યમદથી, નાગકુમાર-સુવર્ણકુમાર દેવો મારી પાસે શીઘ્ર આવે છે એવા મદથી, સામાન્ય પુરુષોના ધર્મથી મને શ્રેષ્ઠ અવધિજ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા છે એ મદથી.***

***[૮૯૬] સમાધિ દશ ભેદે કહી છે – પ્રાણાતિપાત વિરમણ, મૃષા-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ વિરમણ, ઇર્યા-ભાષા-એષણા-આદાન ભાંડ માત્ર નિક્ષેપણા - ઉચ્ચાર પ્રસ્રવણ૦ પારિષ્ઠાપનિકા સમિતિ... અસમાધિ દશ ભેદે કહી - પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ, ઈર્યા અસમિતિ યાવત્ ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ સિંઘાણગ પારિષ્ઠાપનિકા અસમિતિ.***

***[૮૯૭] પ્રવ્રજ્યા દશ ભેદે કહી. તે આ – [૮૯૮] છંદા, રોસા, પરિજૂર્ણા, સ્વપ્ના, પ્રતિશ્રુતા, સ્મારણા, રોગિણીકા, અનાદૈતાં, દેવસંજ્ઞપ્તિ, વત્સાનુબંધિતા...***

***[૮૯૯] શ્રમણધર્મ દશ ભેદે છે. તે આ – ક્ષમા, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્યવાસ. વૈયાવચ્ચ દશ ભેદે કહી છે. તે આ – આચાર્ય વૈયાવચ્ચ, ઉપાધ્યાય-સ્થવિર-તપસ્વી-ગ્લાન-શૈક્ષ-કુલ-ગણ-સંઘ-સાધર્મિક વૈયાવચ્ચ.***

***[૯૦૦] જીવ પરિણામ દશ ભેદે કહ્યા છે. તે આ - ગતિ પરિણામ, ઈન્દ્રિય પરિણામ, કષાય-લેશ્યા-યોગ-ઉપયોગ-જ્ઞાન-દર્શન-ચારિત્ર-વેદ પરિણામ... અજીવ પરિણામ દશ ભેદે કહ્યા છે–બંધન પરિણામ, ગતિ-સંસ્થાન-ભેદ-વર્ણ-રસ-ગંધ-સ્પર્શ-અગુરુલઘુ-શબ્દ પરિણામ.***

**● વિવેચન-૮૯૫ થી ૯૦૦ :-**

[૮૯૫] સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ – अहमंति० જાત્યાદિ પ્રકર્ષનો પર્યન્ત છે જેને અંત અર્થાત્ હું જ જાતિ આદિથી ઉત્તમપણે સર્વોત્કૃષ્ટ છું - x - अहं - હું, अति - અતિશયવાળો છું એવા અભિપ્રાય વડે સ્તબ્ધ-મદવાળો થાય. યાવત્ શબ્દથી બલ-રૂપ-શ્રુત-તપ-લાભ મદ વડે એમ જાણવું. તથા નાગકુમાર કે સુવર્ણકુમાર મારી પાસે શીઘ્ર આવે છે. સામાન્ય પુરુષોના ધર્મ-જ્ઞાનપર્યાય લક્ષણ, તેથી ઉત્તર-પ્રધાન તેજ ઔતરિક. નિયત ક્ષેત્રના વિષયવાળો અવધિ, તદ્‌રૂપ જ્ઞાનદર્શન પ્રસિદ્ધ છે.

[૮૯૬] ઉક્ત મદથી વિલક્ષણ સમાધિ છે. તેથી સમાધિ સૂત્ર અને તેના વિપક્ષરૂપ અસમાધિ છે. તેથી સમાધિ-અસમાધિ સૂત્ર છે... [૮૯૭] સમાધિ અને અસમાધિના આશ્રયવાળી પ્રવ્રજ્યા છે માટે તેનું સૂત્ર છે... [૮૯૯] દિક્ષા સૂત્ર અને દિક્ષાવાળાનો શ્રમણ ધર્મ છે... શ્રમણધર્મના વિશેષ રૂપ વૈયાવૃત્ય છે માટે બે સૂત્ર છે... [૯૦૦] આ બધા જીવના ધર્મો છે. તેથી જીવના પરિણામનું સૂત્ર અને વિલક્ષણ-પણાથી અજીવના પરિણામનું સૂત્ર છે. આ સૂત્રો સુગમ છે. વિશેષ એ – સમાધાનરૂપ સમાધિ-સમતા, સામાન્યથી રાગાદિનો અભાવ, તે ઉપાધિ ભેદથી દશ પ્રકારે છે.

[૮૯૮] છંદા-છંદ એટલે સ્વકીય અભિપ્રાય વિશેષથી ગોવિંદ વાચક અથવા સુંદરીનંદની જેમ અથવા પારકાના અભિપ્રાયથી-ભાઈને વશ થઈને ભવદત્તની જેમ તે છંદા પ્રવ્રજ્યા... રોષથી શિવભૂતિની જેમ તે રોષા પ્રવ્રજ્યા... દારિદ્રથી કાષ્ઠ લાવનારની જેમ જે દિક્ષા તે પરિદ્યૂના.

સુવિણ-સ્વપ્નથી પુષ્પચૂલાની જેમ અથવા સ્વપ્નમાં લેવાય તે સ્વપ્ના. પડિસુયા-પ્રતિજ્ઞાથી જે દિક્ષા તે પ્રતિશ્રૂતા-શાલિભદ્ર ભગિની પતિ ધન્યવત્.

સ્મારણિકા-સંભારવાથી જે દિક્ષા તે, મલ્લિનાથે જન્માંતર સ્મરણ કરાવી પ્રતિબુદ્ધાદિ રાજાને અપાવી તે... રોગિણિકા - રોગ વિદ્યમાન છે જેમાં તે રોગિણી, તે જ રોગિણિકા-સનત્કુમારની જેમ... અનાદૃતા-અનાદરથી જે દિક્ષા તે, નંદીષેણવત્ અથવા શિથિલની જે દિક્ષા તે અનાદૃતા.

દેવસંજ્ઞપ્તા-દેવના પ્રતિબોધથી દિક્ષા, મેતાર્યાદિવત્... વત્સ અનુબંધથી - વત્સ - પુત્ર, અનુબંધ - સ્નેહ છે જેમાં તે વત્સાનુબંધિકા, વજસ્વામીની માતાની જેમ.



[૮૯૯] શ્રમણ ધર્મ-વ્યાખ્યાન કરેલ જ છે. વિશેષ એ – चियाअ - ત્યાગ, દાનધર્મ.. વ્યાવૃત્ત કે વ્યાપૃતરૂપ વ્યાપાર, તેનું કર્મ તે વૈયાવૃત્ય અથવા ભક્ત પાનાદિ વડે ઉપષ્ટંભ. સમાન ધર્મ તે સધર્મ, તે વડે આચાર તે સાધર્મિક.

[૯૦૦] પરિણામ-પરિણમવું તે પરિણામ અર્થાત્ તે ભાવમાં જવું. કહ્યું છે – પરિણામ જ અર્થાન્તર ગમનરૂપ છે, પણ સર્વથા તે રૂપે રહેવું નહીં, તેમ સર્વથા વિનાશરૂપ નથી તે પરિણામ, તેને જાણનાર, તેમ ઈષ્ટ છે. આ રીતે દ્રવ્યાર્થ નય મતે સમજવું, પર્યાયાર્થિક નય મતે તે નિશ્ચયે દ્રવ્યોનો છતા પર્યાય વડે નાશ થતાં અછતા પર્યાયો વડે પ્રાદુર્ભાવરૂપ પરિણામ છે. એ રીતે જીવનો પરિણામ તે જીવપરિણામ, તે પ્રાયોગિક છે. તેમાં–

(૧) ગતિપરિણામ-ગતિ એ જ પરિણામ. એ રીતે સર્વત્ર સમજવું. ગતિ, અહીં ગતિ નામકર્મના ઉદયથી નારકાદિના વ્યપદેશના હેતુભૂત છે અને તેને પરિણામ તો આ ભવના ક્ષયથી છે, તે નરકગતિ આદિ ચાર ભેદે છે.

(૨) ઈન્દ્રિય પરિણામ-ગતિ પરિણામ થતાં જ ઇન્દ્રિયોનો પરિણામ થાય છે માટે કહે છે - તે શ્રોત્રાદિ ભેદે પાંચ પ્રકારે છે... (૩) ઈન્દ્રિયોની પરિણતિમાં ઈષ્ટ-અનિષ્ટ વિષયના સંયોગથી રાગદ્વેષરૂપ પરિણતિ થાય છે. તેથી પછી કષાય પરિણામ કહ્યા છે, તે ક્રોધાદિ ભેદથી ચાર પ્રકારે છે.

(૪) કષાય પરિણામ થતા લેશ્યાનો પરિણામ થાય છે, પણ લેશ્યાની પરિણતિમાં કષાયની પરિણતિ નથી, જે માટે ક્ષીણકષાય જીવને પણ શુક્લ લેશ્યાની પરિણતિ દેશોન પૂર્વકોટિ વર્ષ પર્યન્ત હોય છે. કહ્યું છે - જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી નવ વર્ષ ન્યૂન ક્રોડ પૂર્વ શુક્લલેશ્યા સ્થિતિ જાણવી. આ હેતુથી લેશ્યા પરિણામ કહ્યો, તે કૃષ્ણાદિ ભેદે ૭ પ્રકારે છે.

(૫) લેશ્યા પરિણામ, યોગ હોવાથી થાય, જે કારણથી રુંધન રુદ્ધ યોગને લેશ્યા પરિણામ દૂર થાય છે. કહ્યું છે – સમુચ્છિન્ન ક્રિયા ધ્યાન અલેશ્યને હોય. લેશ્યા પરિણામ પછી યોગ પરિણામ કહ્યા, તે મન-વચન-કાય ત્રણ ભેદે છે.

(૬) સંસારી જીવોને યોગ પરિણતિમાં ઉપયોગ પરિણતિ હોય, માટે હવે ઉપયોગ પરિણામ કહે છે, તે સાકાર-અનાકારના ભેદથી બે પ્રકારે છે.

(૭) ઉપયોગ પરિણામ હોતા જ્ઞાન પરિણામ હોય છે તે આભિનિબોધિક ભેદથી પાંચ પ્રકારે છે તથા મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન છે, તેથી અજ્ઞાન પરિણામ-મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાન લક્ષણ ત્રણ પ્રકારે છે. પણ વિશેષ ગ્રહણના સાધર્મ્યથી જ્ઞાન પરિણામ ગ્રહણથી ગૃહિત જાણવો.

(૮) જ્ઞાન અને અજ્ઞાન પરિણામ હોતા જ સમ્યક્ત્વાદિની પરિણતિ છે માટે જ્ઞાન પછી દર્શન પરિણામ કહ્યા. તે સમ્યક્ત્વ, મિથ્યાત્વ, મિશ્ર ભેદે છે.

(૯) સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી જ ચારિત્ર હોય છે તેથી તેના પરિણામ કહ્યા. તે સામાયિકાદિ પાંચ ભેદે છે... (૧૦) સ્ત્રી આદિ વેદ પરિણામમાં ચારિત્ર પરિણામ હોય

છે, પણ ચારિત્ર પરિણામમાં વેદ પરિણતિ નથી, જે માટે અવેદક જીવને પણ યથાખ્યાત ચારિત્રની પરિણતિ કહેલ છે. તેથી ચારિત્ર પરિણામ પછી વેદ પરિણામ કહ્યો. તે સ્ત્રીવેદાદિ ત્રણ પ્રકારે છે.

અજીવ - પુદ્‌ગલોનો પરિણામ, તેમાં બંધન-પરસ્પર પુદ્‌ગલોનો સંબંધ-સંશ્લેષ, તે જ પરિણામ તે બંધન પરિણામ. એમ બધે જાણવું. બંધન પરિણામનું લક્ષણ આ છે — સમ સ્નિગ્ધતાથી બંધ ન થાય, સમરૂક્ષતા થકી પણ ન થાય, વિમાત્ર સ્નિગ્ધ રૂક્ષત્વથી સ્કંધોનો બંધ થાય છે. અર્થાત્ સમગુણ સ્નિગ્ધનો સમગુણ સ્નિગ્ધ કે સમગુણ રૂક્ષ સાથે બંધ ન થાય જો વિષમ માત્રા હોય તો બંધ થાય. વિષમ માત્રાના નિરૂપણાર્થે કહે છે — સ્નિગ્ધનો દ્વયાધિક સ્નિગ્ધ સાથે, રૂક્ષનો દ્વયાધિક રૂક્ષ સાથે, રૂક્ષ-સ્નિગ્ધ પરમાણુનો જઘન્ય વર્જીને વિષમ કે સમ માત્રાએ બંધ થાય છે.

ગતિ પરિણામ-બે ભેદે, સ્પૃશદ્‌ગતિ-જે પ્રયત્ન વિશેષથી ક્ષેત્રના પ્રદેશોને સ્પર્શ કરતો જાય છે, અસ્પૃશદ્‌ગતિ-સ્પર્શ કર્યા વિના જ જાય છે, પણ આ સંભવી ન શકે. ગતિવાળા દ્રવ્યોના પ્રયત્નના ભેદની ઉપલબ્ધિ હોવાથી, તે આ પ્રમાણે - મેઘ વડે મૂકાયેલા મહેલના ઉપરના ભાગમાં કરાના પડવાના કાળનો ભેદ જણાય છે. આ હેતુથી અસ્પૃશદ્‌ગતિ પરિણામ સંભવી શકે છે. અથવા દીર્ઘ-હ્રસ્વના ભેદથી આ બે પ્રકારે છે.

સંસ્થાન પરિણામ - પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, આયત ભેદે પાંચ પ્રકારે છે... ભેદ પરિણામ પાંચ પ્રકારે, તેમાં ખંડભેદ-ફેંકેલ માટીના પિંડની જેમ, પ્રતર ભેદ-અભ્રપટલની જેમ, અનુતટ ભેદ-વંશની જેમ, ચૂર્ણભેદ-ચૂરવું તે, ઉત્કરિકા ભેદ-પોપડો ઉખેડવાની જેમ.

વર્ણ પરિણામ પાંચ પ્રકારે છે... ગંધ પરિણામ બે ભેદે છે... રસપરિણામ-પાંચ ભેદે છે... સ્પર્શ પરિણામ આઠ ભેદે છે... અધોગમન સ્વભાવરૂપ ગુરૂક નહીં અને ઉર્ધ્વગમન સ્વભાવરૂપ લઘુ નહીં એવું દ્રવ્ય તે અગુરુલઘુક-અત્યંત સૂક્ષ્મ ભાષા, મન અને કર્મ દ્રવ્યાદિ તે પરિણામ. અહીં પરિણામ અને પરિણામવાળાના અભેદથી અગુરુ લઘુક પરિણામ, એવા ગ્રહણથી તેનો વિપક્ષ પણ ગૃહિત જાણવો. તેમાં વિવક્ષાએ ગુરુ અને વિવક્ષાએ જ લઘુ તે ગુરુલઘુક-ઔદારિકાદિ અત્યંત સ્થૂળ. આ વસ્તુ નિશ્ચયનયથી કહી, વ્યવહારનયથી તે ચાર પ્રકારે છે — (૧) ગુરુક-અધો ગમન સ્વભાવ વજ્રાદિ, (૨) લઘુક-ઉર્ધ્વગમન સ્વભાવ-ધૂમાદિ, (૩) ગુરુકલઘુ-તિર્યગ્‌ગામી, જ્યોતિષ્ક વિમાનાદિ, (૪) અગુરુલઘુક-આકાશાદિ.

કહ્યું છે — નિશ્ચયથી સર્વગુરુ કે સર્વલઘુદ્રવ્ય એકાંતે નથી. બાદર દ્રવ્ય ગુરુ લઘુક છે અને શેષ દ્રવ્ય અગુરુલઘુક છે. વ્યવહારનયથી ગુરુ દ્રવ્યપત્થર, લઘુ-દીપ, ગુરુલઘુ-વાયુ અને અગુરુલઘુ-આકાશ છે.

શબ્દ પરિણામ-શુભાશુભ ભેદે બે પ્રકારે.. અજીવ પરિણામના અધિકારથી પુદ્‌ગલલક્ષણ અજીવ પરિણામ અને અંતરિક્ષ લક્ષણ અજીવ પરિણામ ઉપાધિક વ્યપદેશ કરવા યોગ્ય અસ્વાધ્યાયિકને સૂત્ર વડે કહે છે.



**● સૂત્ર-૯૦૧,૯૦૨ :-**

***[૯૦૧] આકાશ સંબંધી અસ્વાધ્યાય દશ ભેદે કહ્યો છે — ઉલ્કાપાત, દિશાદાહ, ગર્જિત, વિદ્યુત્, નિર્ઘાત, જૂયગ, યક્ષાદીપ્ત, ધૂમિકા, મહિકા, રજઘાત્.***

***ઔદારિક અસ્વાધ્યાય દશ ભેદે કહ્યો છે — અસ્થિ, માંસ, લોહી, અશુચિ સામંત, શ્મશાન સામંત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, પતન, રાજવિગ્રહ, ઉપાશ્રયમાં ઔદારિક શરીર (મૃતક) પડેલું હોય.***

***[૯૦૨] પંચેન્દ્રિય જીવોનો આરંભ ન કરનારને દશ ભેદે સંયમ થાય-શ્રોત્રના સુખનો નાશ કરનાર થતો નથી, શ્રોત્રના દુઃખનો સંયોગ કરનાર ન થાય. એ પ્રમાણે યાવત્ સ્પર્શના દુઃખનો સંયોગ ન થાય. એમ અસંયમ પણ કહેવો.***

**● વિવેચન-૯૦૧,૯૦૨ :-**

[૯૦૧] અંતરિક્ષ-આકાશમાં થયેલ તે આંતરિક્ષક, સ્વાધ્યાય-વાંચના આદિ પાંચ ભેદે યથાસંભવ જેમાં છે તે સ્વાધ્યાયિક. તેનો અભાવ તે અસ્વાધ્યાયિક. તેમાં ઉલ્કા-આકાશમાં ઉત્પન્ન થયેલ તેનો પાત-ઉલ્કાપાત તથા દિશા-વિદિશામાં દાહ તે દિગ્દાહ-મહાનગરના દાહની જેમ જે ઉદ્યોત્ ભૂમિ પર પ્રતિષ્ઠિત ન હોય અને ગગનતલવર્તી તે દિગ્દાહ..

ગર્જિત-મેઘ ધ્વનિ.. વિદ્યુત્-વિજળી, નિર્ઘાત-વાદળા સહિત કે રહિત આકાશમાં વ્યંતરાદિ વડે મહાધ્વનિ.. જૂયગ-સંધ્યાપ્રભા અને ચંદ્રપ્રભાનું એક સાથે હોવું અર્થાત્ સંધ્યાપ્રભા-ચંદ્રપ્રભાનું મિશ્રત્વ. તેમાં ચંદ્રપ્રભા આવૃત્તા સંધ્યા નાશ પામે, શુક્લ પક્ષની પ્રતિપદાદિ દિવસોમાં જણાય નહીં અથવા સંધ્યા વિભાગ ન જણાતા કાલવેળા ન જણાય. આ હેતુથી ત્રણ દિન સુધી પ્રાદોષિક કાલને ગ્રહણ ન કરે, તેથી કાલિક સૂત્રનો અસ્વાધ્યાય થાય.. ઉલ્કાદિનું સ્વરૂપ આ છે — છિન્નમૂલ, દિગ્દાહ, સરેખ પ્રકાશયુક્ત તે ઉલ્કા, સંધ્યા છેદ આવરણ તે યૂપક શુક્લપક્ષે ત્રણ દિન હોય.

યક્ષાદીપ્ત-આકાશમાં થાય છે. આ સ્વાધ્યાય કરનારને ક્ષુદ્રદેવતા છલના કરે છે.. ધૂમિકા-મહિકાનો ભેદ, વર્ણથી ધૂમિકા-ધૂમ્રા હોય છે.. મહિકા-ઝાકળ પ્રસિદ્ધ છે. આ બંને પણ કાર્તિકાદિમાં ગર્ભમાસોમાં હોય છે, તે પડ્યા પછી તુરંત જ સૂક્ષ્મપણાથી બધું અપ્‌કાય વડે વાસિત થાય છે. રજ-ઉદ્‌ઘાત તે વિશ્રસા પરિણામથી ચોતરફથી રજનું પડવું તે.

અસ્વાધ્યાયના અધિકારથી જ કહે છે — ઔદારિક એટલે મનુષ્ય અને તિર્યંચના શરીર સંબંધી તે ઔદારિક અસ્વાધ્યાયિક. તેમાં અસ્થિ, માંસ અને લોહી પ્રસિદ્ધ છે. તેમાં પંચેન્દ્રિય-તિર્યંચ સંબંધી અસ્વાધ્યાયિક, દ્રવ્યથી અસ્થિ, માંસ, લોહી. ગ્રંથાંતરથી ચર્મ પણ કહેવાય છે. કહ્યું છે — લોહી-માંસ-ચામડુ-હાડકાં આ ચાર અસ્વાધ્યાયિક છે.

ક્ષેત્રથી ૬૦ હાથમાં, કાળથી સંભવકાળથી ત્રીજી પોરસી સુધી, બિલાડી આદિ વડે ઉંદરાદિના નાશમાં અહોરાત્ર સુધી, ભાવથી નંદિ આદિ ન ભણવા, મનુષ્યસંબંધી પણ અસ્વાધ્યાય એમ જ છે. વિશેષ એ — ક્ષેત્રથી ૧૦૦ હાથ અંદર, કાળથી

અહોરાત્ર સુધી યાવત્ આર્ત્તવ સંબંધી ત્રણ દિન સુધી, સ્ત્રીના જન્મમાં આઠ દિન, પુરુષના જન્મમાં સાત દિન, હાડકામાં જીવના વિનાશથી આરંભીને ૧૦૦ હાથમાં રહેલાને બાર વર્ષ સુધી અસ્વાધ્યાય હોય.

ચિત્તાગ્નિ વડે બળેલા કે ઉદકપ્રવાહથી તણાયેલા હાડકા અસ્વાધ્યાયિક થતાં નથી, પણ ભૂમિમાં દાટેલા હાડકાંઓ અસ્વાધ્યાયિક થાય છે. અશુચિ-વિષ્ટા અને મૂત્ર તેની સમીપમાં અશુચિ સામંત અસ્વાધ્યાયિક છે.

કાલગ્રહણને આશ્રીને કહ્યું છે – લોહી, મૂત્ર, વિષ્ટાને સુંઘવું અને જોવું એ બંનેનો ત્યાગ કરવો. શ્મશાન સામંત-મડદાના સ્થાન સમીપે.

ચંદ્ર-ચંદ્ર વિમાનનો ઉપરાગ-રાહુ વિમાનના તેજથી ઢંકાવું તે ચંદ્રોપરાગ-ગ્રહણ, એ રીતે સૂર્યગ્રહણ પણ જાણવું. અહીં કાલમાન છે – જો ચંદ્ર કે સૂર્યગ્રહણ થતાં સગ્રહ કે અસંપૂર્ણ બૂડે છે ત્યારે ગ્રહણકાળ, તે રાત્રિશેષ, તે અહોરાત્રિ શેષ અને ત્યારપછી અહોરાત્ર પર્યન્ત વર્જે છે. કહ્યું છે કે – ચંદ્ર, સૂર્ય ગ્રહણમાં નિર્ઘાત અને ગર્જિતમાં અહોરાત્ર હોય.

આચરણ કરેલ તો જો તે જ રાત્રિમાં અથવા દિવસમાં મૂકેલ હોય તો ચંદ્રગ્રહણમાં તે જ રાત્રિમાં શેષને છોડે છે અને સૂર્યગ્રહણમાં તો તે દિવસના શેષ ભાગને છોડીને બીજા દિવસની રાત્રિ પણ છોડે છે. કહ્યું છે કે – ચંદ્ર જો રાત્રે ગ્રહણ થઈ રાત્રે જ મૂકાયો હોય તો તે જ રાત્રિના શેષને વર્જવું. સૂર્ય જો દિવસે ગ્રહણ થઈ દિવસે જ મૂકાયો હોય તો તે જ દિવસ શેષ અને રાત્રિ શેષ વર્જવું. ચંદ્ર અને સૂર્યના ગ્રહણનું ઔદારિકત્વ તો તેના વિમાનના પૃથ્વીકાયિક જીવોની અપેક્ષાએ જાણવું. જો કે અંતરીક્ષત્વ છે, તો પણ વિવક્ષ્યુ નથી કેમકે અંતરીક્ષપણાએ કહેલ આકસ્મિક ઉલ્કાદિથી ચંદ્રાદિના વિમાનોના શાશ્વતત્વથી ભિન્નપણું છે.

પતન-રાજા, પ્રધાન, સેનાપતિ, ગામના માલિકાદિનું મરણ. તેમાં જો દંડનાયક કે રાજા મરણ પામે અને બીજો જ્યાં સુધી ન થાય ત્યારે ભયમાં કે નિર્ભયમાં સ્વાધ્યાયને વર્જે. નિર્ભયમાં શ્રવણ પછી અહોરાત્ર પર્યન્ત વર્જે છે. ગામનો મહત્તર મરણ પામે, અધિકારી કે ઘણાં સ્વજન વાળાનું કે શય્યાતરનું કે ઉપાશ્રયથી સાત ગૃહમાં સામાન્ય પુરુષનું મરણ થતાં અહોરાત્ર પર્યન્ત સ્વાધ્યાયને વર્જે છે અથવા ધીમે ધીમે ભણે છે. કેમકે આ સાધુઓ દુઃખ વગરના છે, એ રીતે લોકો ગર્હા ન કરે. - x -

રાજાઓનો સંગ્રામ, ઉપલક્ષણથી સેનાપતિ, ગ્રામભોગિક, મહત્તર પુરુષ-સ્ત્રી અને મલ્લ યુદ્ધોમાં અસ્વાધ્યાયિક છે. એ રીતે પાંશુ, લોટ આદિના કલહમાં અસ્વાધ્યાયિક છે. જે કારણથી ઉક્ત સ્થાનમાં પ્રાયઃ ઘણાં વ્યંતરો કૌતુકથી આવે છે અને પ્રમાદીને છળે છે અથવા આ સાધુઓ દુઃખ રહિત છે, એ રીતે ઉડ્ડાહ અથવા અપ્રીતિ ઉત્પન્ન થાય. આ કારણથી જે વિગ્રહાદિક જેટલા લાંબો કાળ જે ક્ષેત્રમાં થાય તે વિગ્રહાદિકમાં તેટલા કાળ પર્યન્ત, તે ક્ષેત્રમાં સ્વાધ્યાયને પરિહરે છે.

તથા ઉપાશ્રય-વસતિમાં વર્તમાન ઔદારિક મનુષ્યાદિના શરીર જ્યારે ઉદ્‌ભિન્ન હોય ત્યારે ૧૦૦ હાથમાં અસ્વાધ્યાય થાય છે અને જો ન ભેદાયેલું હોય તો પણ





કુત્સિતપણાથી અને આચરિતપણાથી ૧૦૦ હાથ પર્યન્ત ત્યાજ્ય છે. ત્યાં પરિષ્ઠાપન કરાતાં તે સ્થાન શુદ્ધ થાય.

[૯૦૨] પંચેન્દ્રિય શરીર અસ્વાધ્યાયિક છે એમ કહ્યું. પંચેન્દ્રિયના અધિકારથી તેને આશ્રીને સંયમ-અસંયમ સંબંધી બે સૂત્ર છે તે ઉક્તાર્થ છે.

સંયમ-અસંયમ અધિકારથી તેના વિષયભૂત સૂક્ષ્મોને કહે છે–

**● સૂત્ર-૯૦૩ થી ૯૧૭ :-**

***[૯૦૩] દશ સૂક્ષ્મો કહેલા છે – પ્રાણ સૂક્ષ્મ, પતકસૂક્ષ્મ યાવત્ સ્નેહ સૂક્ષ્મ, ગણિતસૂક્ષ્મ, ભંગસૂક્ષ્મ.***

***[૯૦૪] જંબૂદ્વીપના મેરુની દક્ષિણે ગંગા, સિંધુ મહાનદીઓમાં દશ મહાનદીઓ મળે છે. તે આ – યમૂના, સરયૂ, આવી, કોશી, મહી,.. શતદ્રૂ, વિવત્સા, વિભાષા, ઐરાવતી, ચંદ્રભાગા... જંબૂદ્વીપના મેરુની ઉત્તરે રક્તા, રક્તવતી મહાનદીઓમાં દશ મહાનદીઓ મળે છે. તે આ – કૃષ્ણા, મહાકૃષ્ણા, નીલા, મહાનીલા, તીરા, મહાતીરા, ઈન્દ્રા યાવત્ મહાભોગા.***

***[૯૦૫] જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં દશ-રાજધાનીઓ કહી છે – [૯૦૬] ચંપા, મથુરા, વારાણસી, શ્રાવસ્તી, સાકેત, હસ્તિનાપુર, કાંપિલ્ય, મિથિલા, કૌશાંબી, રાજગૃહ... [૯૦૭] આ દશ રાજધાનીમાં દશ રાજાઓ મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા. તે આ – ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિ, કુંથુ, અર, મહાપદ્મ, હરિસેન અને જય.***

***[૯૦૮] જંબૂદ્વીપનો મેરુ પર્વત ૧૦૦૦ યોજન જમીનમાં, પૃથ્વીતલે ૧૦,૦૦૦ યોજન, ઉપરના ભાગે ૧૦૦૦ યોજન, સર્વાગ્રપણે લાખ યોજન કહ્યો છે.***

***[૯૦૯] જંબૂદ્વીપના મેરુ પર્વતના બહુ મધ્ય ભાગે આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરનો અને નીચેનો ક્ષુલ્લક પ્રતરમાં ત્યાં આઠ પ્રદેશિક રુચક કહેલ છે જ્યાંથી આ દશ દિશાઓ પ્રવર્તે છે. તે આ – પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, ઈશાન, ઉર્ધ્વ, અધો. આ દશ દિશાના દશ નામો કહ્યા છે, તે આ – [૯૧૦] ઐન્દ્રી, આગ્નેયી, યમા, નૈઋત્યી, વારુણી, વાયવ્યા, સોમા, ઈશાના, વિમલા અને તમા જાણવી.***

***[૯૧૧] લવણ સમુદ્ર મધ્યે ૧૦,૦૦૦ યોજન ગોતીર્થ રહિત ક્ષેત્ર કહ્યું છે – ..લવણસમુદ્રની ૧૦,૦૦૦ યોજન પ્રમાણ ઉદકમાલા કહી છે... બધા મોટા પાતાળ કળશો એક લાખ યોજન ઉંડાઈથી કહ્યા છે, મૂલમાં ૧૦,૦૦૦ યોજન પહોળા છે, બહુમધ્ય દેશ ભાગે એક પ્રદેશવાળી શ્રેણીમાં લાખ યોજન પહોળા છે. ઉપરના મુખમાં મૂળમાં ૧૦,૦૦૦ યોજન પહોળા છે. તે મહાપાતાળ કળશોની ઠીકરી સર્વતઃ વજરત્નમય, સર્વત્ર સમાન ૧૦૦૦ યોજન જાડાઈથી છે. બધાં લઘુપાતાળ કળશો ૧૦૦૦ યોજન ઉંડાઈથી છે. મૂળમાં ૧૦૦ યોજન પહોળા છે. બહુ મધ્ય દેશ ભાગમાં એક પ્રદેશિક શ્રેણિમાં ૧૦૦૦ યોજન પહોળા છે. ઉપર મુખના મૂલમાં ૧૦૦ યોજન પહોળા છે. તે લઘુ પાતાળ કળશોની ઠીકરી સર્વતઃ***

*વજરત્નમય, સર્વત્ર સમ દશ યોજનની જાડાઈ વડે કહેલી છે.*

*[૯૧૨] ધાતકીખંડના બંને મેરુ પર્વતો ૧૦૦૦ યોજન ઉંડાઈથી અને ભૂમિતલમાં દેશ-ઉન ૧૦,૦૦૦ યોજન પહોળાઈથી તથા ઉપરના ભાગે ૧૦૦૦ યોજન પહોળાઈથી કહેલ છે... પુષ્કરવરદ્વીપાર્દ્ધના બંને મેરુ પર્વતો દશ યોજન, એ જ પ્રમાણે ધાતકીખંડની માફક જાણવા.*

*[૯૧૩] બધાં વૃત્ત વૈતાઢ્ય પર્વતો ૧૦૦૦ યોજનની ઉર્ધ્વ ઉચ્ચત્વ વડે ૧૦૦૦ ગાઉની ઉંડાઈ વડે સર્વત્ર સમ, પ્યાલાને આકારે રહેલા અને ૧૦૦૦ યોજનની પહોળાઈ વડે કહેલા છે.*

*[૯૧૪] જંબૂદ્વીપમાં દશ ક્ષેત્રો કહેલા છે — ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ, પૂર્વવિદેહ, અપરવિદેહ, દેવકુરુ, ઉત્તરકુરુ.*

*[૯૧૫] માનુષોત્તર પર્વત મૂલમાં ૧૦૨૨ યોજન પહોળાઈથી છે.*

*[૯૧૬] બધા અંજનક પર્વતો ૧૦૦૦ યોજન ઉંડા, મૂલમાં ૧૦,૦૦૦ યોજન પહોળા, ઉપર ૧૦૦૦ યોજન પહોળા છે... બધા દધિમુખ પર્વતો ૧૦૦૦ યોજન ઉંડા, સર્વત્ર સમ, પ્યાલા આકારે, ૧૦,૦૦૦ યોજન પહોળા છે.. બધા રતિકર પર્વતો ૧૦૦૦ યોજન ઉંચા, ૧૦૦૦ ગાઉ ઉંડા, સર્વત્ર સમ, ઝાલર આકારના તથા ૧૦,૦૦૦ યોજન પહોળાઈથી કહ્યા છે.*

*[૯૧૭] રુચકવર પર્વત ૧૦૦૦ યોજન ઉંડા, મૂલમાં ૧૦,૦૦૦ યોજન. પહોળા, ઉપર ૧૦૦૦ યોજન પહોળા છે... કુંડલવર પર્વત એમજ જાણવો.*

**● વિવેચન-૯૦૩ થી ૯૧૭ :-**

[૯૦૩] દશ સૂક્ષ્મો :- પ્રાણ સૂક્ષ્મ - અનુદ્ધરિત કુંથુ, પનકસૂક્ષ્મઉલ્લી. યાવત્ શબ્દથી આ જાણવું. બીજસૂક્ષ્મ-વ્રીહી આદિનો અગ્રભાગ, હરિતસૂક્ષ્મ-ભૂમિ જેવા વર્ણનું ઘાસ, પુષ્પસૂક્ષ્મ-વડ આદિના પુષ્પો, અંડસૂક્ષ્મ-કીડી આદિના ઇંડા, લયનસૂક્ષ્મ-કીડીના નગરા, સ્નેહ સૂક્ષ્મ ઠાર વગેરે આટલું આઠમાં સ્થાનમાં કહ્યું છે.. બીજા બે આ છે. ગણિત સૂક્ષ્મગણિતની સંકલનાદિ તે જ સૂક્ષ્મ છે કારણ કે સૂક્ષ્મ બુદ્ધિ વડે ગમ્યત્વથી વજાંત સુધી ગણિત સંભળાય છે.. ભંગ સૂક્ષ્મ-ભાંગા એટલે વસ્તુના વિકલ્પો. તે બે ભેદે છે — સ્થાનભાંગા, ક્રમભાંગા. તેમાં સ્થાનભંગ આ—

૧- દ્રવ્યથી હિંસા ભાવથી નહીં, ૨- બીજી ભાવથી, દ્રવ્યથી નહીં, ૩- અન્યા ભાવથી અને દ્રવ્યથી, ૪- અન્યા ન ભાવથી ન દ્રવ્યથી, આવા લક્ષણવાળું સૂક્ષ્મ તે ભંગ સૂક્ષ્મ. આની સૂક્ષ્મતા ભજનીય પદ બહુત્વમાં ગહન ભાવ વડે સૂક્ષ્મ બુદ્ધિથી જાણવા યોગ્ય હોવાથી છે.

[૯૦૪] પૂર્વે ગણિત સૂક્ષ્મ કહ્યું, માટે તદ્વિશેષભૂત પ્રકૃતાધ્યાયન અવતારીપણે ‘‘જંબૂદ્વીપ’’ આદિ ગંગા સૂત્રાદિથી કુંડલસૂત્ર પર્યન્ત ક્ષેત્રને કહે છે. આ સુગમ છે. વિશેષ એ — દશ નદીની મધ્યે પહેલી પાંચ ગંગામાં મળે છે અને પાછલી પાંચ સિંધુમાં મળે છે. એ રીતે રક્તા સૂત્ર પણ જાણવું. વિશેષ એ કે — યાવત્ શબ્દથી ઈન્દ્રસેના, વારિષેણા જાણવી.



[૯૦૫,૯૦૬] રાજધાની-રાજાનો જેમાં અભિષેક કરાય તે - દેશની મધ્યે મુખ્ય નગરીઓ. ૧- અંગદેશમાં ચંપાનગરી, ૨- સુરસેન દેશમાં મથુરા, ૩- કાશીમાં વારાણસી, ૪- કુણાલમાં શ્રાવસ્તી, ૫- કોશલમાં સાકેત-અયોધ્યા, ૬- કુરુ દેશમાં હસ્તિનાગપુર, ૭- પાંચાલમાં કંપિલપુર, ૮- વિદેહમાં મિથિલા, ૯- વત્સમાં કોશાંબી, ૧૦- મગધમાં રાજગૃહી.

આ નગરીઓમાં સાધુઓ ઉત્સર્ગથી પ્રવેશતા નથી. કેમકે તરુણ સ્ત્રી, વૈશ્યા સ્ત્રી આદિના દર્શનથી મનનો ક્ષોભાદિ સંભવે છે. મહિનામાં બે કે ત્રણ વખત પ્રવેશનાર સાધુઓને આજ્ઞાભંગાદિ દોષ લાગે. આ દશ તો દશ સ્થાનકથી કહી છે, પણ આ દશ જ નથી. કેમકે ૨૫ાા આર્યદેશમાં ૨૬-નગરીઓ છે. બીજા ગ્રંથમાં તે તે પ્રાયશ્ચિત્તાદિ વિચારોમાં પ્રસિદ્ધ છે. નિશીથ ભાષ્યમાં બીજી રાજધાનીનું ગ્રહણ પણ કહેલ છે. - x -

અહીં આ દોષો છે - તરુણી, વેશ્યા સ્ત્રી, વિવાહ, રાજાદિની ઋદ્ધિથી પૂર્વની સ્મૃતિ, વાજિંત્ર અને ગીતાદિ શબ્દો, સ્ત્રી શબ્દોથી વિકાર થાય.

[૯૦૭] અનંતરોક્ત દશ આર્ય નગરીમાં કેટલીકમાં ચક્રવર્તી રાજા દીક્ષિત થયા છે. તેથી દશ સ્થાનમાં તેઓનો અવતાર કહેલ છે. સુભૂમ અને બ્રહ્મદત્ત બે ચક્રવર્તી દીક્ષિત ન થઈને નરકમાં ગયા છે. તેમાં ભરત અને સગર પહેલા બે ચક્રવર્તી રાજા સાકેત નગરીમાં જેનું પર્યાય નામ વિનીતા, અયોધ્યા છે, ત્યાં જન્મ્યા અને દિક્ષા લીધી. ત્રીજો મઘવા શ્રાવસ્તીમાં, સનત્કુમારાદિ ચાર હસ્તિનાગપુરમાં, મહાપદ્મ વારાણસીમાં, હરિષેણ કાંપિલ્યમાં, જય-રાજગૃહીમાં પ્રવ્રજિત થયો. આ દશ નગરીમાં ક્રમથી દિક્ષા લીધી તેમ ન કહેવું, કેમકે તેથી ગ્રંથ સાથે વિરોધ થશે.

કહ્યું છે — ચક્રવર્તીનો જન્મ અનુક્રમે વિનીતા, અયોધ્યા, શ્રાવસ્તી, પાંચનો હસ્તિનાગપુરમાં વારાણસી, કંપિલપુર, રાજગૃહી અને કંપિલપુરે છે. અપ્રવ્રજિત ચક્રવર્તીઓ હસ્તિનાગપુર અને કંપિલપુરમાં ઉત્પન્ન થયા અને જે ચક્રવર્તી જ્યાં ઉત્પન્ન થયા ત્યાં જ દીક્ષિત થયા. આવશ્યકના અભિપ્રાયથી આ વ્યાખ્યાન કર્યું.. નિશીથભાષ્યના અભિપ્રાયથી તો આ દશ નગરીમાં બાર ચક્રવર્તીઓ થયા. કહ્યું છે — ચંપા, મથુરા, વારાણસી, શ્રાવસ્તી, સાકેત, હસ્તિનાપુર, કાંપિલ્ય, મિથિલા, કોશાંબી, રાજગૃહી. શાંતિ-કુંથુ-અર આ ત્રણ જિનચક્રી એક નગરીમાં થયા. તેથી બારેની દશ નગરીઓ થઈ અથવા જ્યાં વાસુદેવ ઉત્પન્ન થયા કે જનાકીર્ણ હોય.

[૯૦૮] મંદર-મેરુ, ભૂમિમાં અવગાઢ, વિષ્કંભ-પહોળાઈથી, ઉપરિ-પંડકવન પ્રદેશમાં, દશશત-હજાર, દશદશક-સો. - x - આવા પ્રકારની ભણિતિ-દશ સ્થાનકમાં અનુરોધથી છે. સર્વાગ્ર-સર્વપરિમાણ.

[૯૦૯] ઉપરિતન અને અધસ્તન ક્ષુલ્લક પ્રતરમાં કેમકે બધાં પ્રતરોમાં આ બે લઘુ છે. તે બંનેની નીચે અને ઉપર પ્રદેશાંતરની વૃદ્ધિ વડે, લોકનું વર્દ્ધમાનત્વ હોવાથી. આઠ પ્રદેશ છે જેમાં તે અષ્ટપ્રદેશિક - x - તેમાં ઉપલા પ્રતરમાં ચાર પ્રદેશો ગોસ્તનવત્ છે, એ રીતે અધસ્તન પ્રતરમાં પણ છે. - x - ચાર—દ્વિપ્રદેશ આદિમાં,

બે પ્રદેશ પછી તેના વડે વધતી ગાડાની ઉંધના જેવા આકારવાળી મહાદિશા ચાર જ છે. એક પ્રદેશની શરૂઆતવાળી, અનુત્તરા મોતીના હાર જેવા આકારવાળી ચાર વિદિશાઓ છે તથા ચાર પ્રદેશની શરૂઆતવાળી અનુત્તર એવી ઉર્ધ્વ અને અધો બે દિશા ઉત્પન્ન થાય છે.

[૯૧૦] ઈન્દ્ર છે દેવતા જેણીનો તે ઐન્દ્રી, એ રીતે આગ્નેયી, યામ્યા ઇત્યાદિ, તિમિરરહિત હોવાથી ઉર્ધ્વ દિશાનું વિમલા નામ છે તથા અંધકારયુક્તપણાને લઈને રાત્રિ તુલ્ય હોવાથી અધોદિશાનું નામ તમા છે.

[૯૧૧] તળાવ આદિમાં ઉતરવાનો માર્ગ તે ગોતીર્થ, ગોતીર્થની જેમ. ગોતીર્થ-અવતારવાળી ભૂમિ, તેથી રહિત તે સમભૂમિ. આ ભૂમિ ૯૫,૦૦૦ યોજન પૂર્વ ભાગથી અને તેટલી જ પશ્ચિમ ભાગથી ગોતીર્થભૂમિને છોડીને મધ્યમાં હોય છે. ઉદકની શિખા-વેલા, ૧૦,૦૦૦ યોજન વિષ્કંભથી છે, ઉંચપણે ૧૬,૦૦૦ યોજન છે. સમુદ્રના મધ્ય ભાગથી જ ઉઠેલ છે.

બધી પણ પૂર્વાદિ દિશાઓમાં, તેના ભાવથી ચારે મહાપાતાળ કળશો-વલયામુખ, કેઉર, જૂયક, ઈશ્વર નામે ચોથા સ્થાનમાં કહેલ છે. ક્ષુલ્લક પાતાળ કળશોના નિષેધ માટે મહાશબ્દનું ગ્રહણ છે. - x - એક લાખ યોજનના ઉદ્વેધ વડે છે. મૂલ-તળીયામાં ૧૦,૦૦૦ યોજન, મધ્યે એક લાખ. કેવી રીતે ? મૂલના વિષ્કંભથી બંને પડખે એક એક પ્રદેશની વૃદ્ધિથી વિસ્તાર પામતાં કળશોની એક પ્રદેશવાળી શ્રેણી થાય છે, તે વડે. - x - x - મુખમૂલ-મુખપ્રદેશમાં. કુડ્ડ - ભીંતો, વજ્રમય છે. ૭૮૮૪ આ સંખ્યાએ ક્ષુલ્લક પાતાળ કલશો, મહાપાતાળ કલશ અપેક્ષાએ છે. તે ઉંડાઈ અને મધ્યના વિષ્કંભથી, ૧૦૦૦ યોજન તથા ૧૦૦ યોજન છે.

[૯૧૨] ધાતકી ખંડમાં પૂર્વ-પશ્ચિમનો મેરુ, સૂત્ર સિદ્ધ સ્વરૂપ છે. વિશેષ એ કે — ધાતકી ખંડદ્વીપમાં બંને મેરુ ૮૪,૦૦૦ યોજન ઉંચા અને ૧૦૦૦ યોજન જમીનમાં ઉંડા છે, શિખરે પહોળા છે. મૂળમાં ૯૫૦૦ યોજન પહોળા અને સપાટી ઉપર ૯૪૦૦ યોજન પહોળા છે.

[૯૧૩,૯૧૪] બધાં વૃત્ત વૈતાઢ્ય પર્વતો વીશ છે, તે પ્રત્યેક પાંચ-પાંચ હૈમવત, હૈરણ્યવત્, હરિવર્ષ, રમ્યક્ વર્ષક્ષેત્રમાં શબ્દાવતી, વિકટાવતી, ગંધાવતી, માલવત્પર્યાય નામથી છે. વૃત્ત શબ્દનું ગ્રહણ દીર્ઘ વૈતાઢ્યનો વ્યવચ્છેદ કરવા માટે છે.

[૯૧૫] માનુષોત્તર પર્વત ચક્રવાલ પ્રસિદ્ધ છે.

[૯૧૬] ચાર અંજનક પર્વતો, નંદીશ્વર દ્વીપમાં છે. દધિમુખ પર્વતો, પ્રત્યેક અંજનક પર્વતોની ચારે દિશામાં રહેલ પુષ્કરિણીની મધ્યે રહેલા સોળ પર્વતો છે. રતિકર પર્વતો નંદીશ્વર દ્વીપમાં ચારે વિદિશામાં છે.

[૯૧૭] રુચક પર્વત રુચક નામક તેરમાં દ્વીપમાં રહેલ ચક્રવાલ પર્વત છે. કુંડલ પર્વત કુંડલ નામે અગ્યારમાં દ્વીપમાં રહેલ ચક્રવાલ પર્વત છે. કુંડલ પર્વત, ઉદ્વેધ, મૂલ વિષ્કંભ, ઉપરી વિષ્કંભથી રુચકવર પર્વત સમાન છે. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે - ૧૦૨૨ યોજન મૂલમાં વિસ્તૃત અને શિખરે ૪૨૪ યોજન કુંડલવર પર્વતનો વિસ્તૃત છે. રુચક પર્વતનું પણ ત્યાં આ વિશેષ કહેલ છે - મૂલમાં વિષ્કંભ ૧૦૦૨૨ યોજન અને શિખરે ૪૦૨૪ યોજન વિસ્તૃત છે - ગણિતાનુયોગ કહ્યો, હવે દ્રવ્યાનુયોગ—



● **સૂત્ર-૯૧૮ :-**

***દ્રવ્યાનુયોગ દશ ભેદે કહ્યો છે, તે આ છે — દ્રવ્યાનુયોગ, માતૃકાનુયોગ, એકાર્થિકાનુયોગ, કરણાનુયોગ, અર્પિતાનર્પિત, ભાવિતાભાવિત, બાહ્ય-અબાહ્ય, શાશ્વતાશાશ્વત, તથાજ્ઞાન, અતથાજ્ઞાન.***

● **વિવેચન-૯૧૮ :-**

અનુયોજન-સૂત્રનો અર્થ સાથે સંબંધ કરવો અથવા અનુરૂપ કે અનુકૂલ યોગ-સૂત્રના અભિધેય અર્થ પ્રતિ વ્યાપાર તે અનુયોગ એટલે વ્યાખ્યાન, વ્યાખ્યેય ભેદથી તે ચાર પ્રકારે છે - ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ. તેમાં—

(૧) દ્રવ્યાનુયોગ-જીવાદિનું જે દ્રવ્યપણું વિચારાય તે. દ્રવતિ તે તે પર્યાયોને પામે છે અથવા દ્રૂયતે - તે તે પર્યાયો વડે શ્રવે છે. દ્રવ્ય - ગુણ પર્યાયવાળો પદાર્થ. તેમાં જીવમાં સહભાવિત્વ લક્ષણ-જ્ઞાનાદિ ગુણો છે, તેના સિવાય જીવ કદાપિ ન સંભવે. જીવત્વની હાનિ થવાથી તથા માનુષત્વ, બાલત્વાદિ કાલકૃત અવસ્થા લક્ષણો તેમાં છે જ. આથી ગુણપર્યાયવાળું આ દ્રવ્ય આદિ તે દ્રવ્યાનુયોગ.

૨-માતૃકાનુયોગ-માતૃકાની જેમ માતૃકા-પ્રવચન પુરુષની માતા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ પદત્રયી, તેણીનો અનુયોગ. જેમ-ઉત્પાદવાળું જીવ દ્રવ્ય છે કેમકે બાલ્યાદિ પર્યાયોની પ્રતિક્ષણમાં ઉત્પત્તિ દેખવાથી અને અનુત્પત્તિમાં તો વૃદ્ધાદિ અવસ્થાની અપ્રાપ્તિનો પ્રસંગથી અસમંજસપણું પ્રાપ્ત થશે. તથા વ્યયવાળું જીવ દ્રવ્ય છે, કેમકે પ્રતિક્ષણે બાલ્યાદિ અવસ્થાનો વ્યય જોવાથી, અવ્યયપણામાં તો સર્વદા બાલ્યાદિની પ્રાપ્તિથી અસમંજસપણું જ થશે. જો સર્વથા ઉત્પાદ, વ્યયવાળું દ્રવ્ય હોય તો કોઈ રીતે ધ્રુવ ન થાય, ત્યારે અકૃત-આગમ, કૃત-વિનાશની પ્રાપ્તિ થશે. પૂર્વ દૃષ્ટ અનુસ્મરણ, અભિલાષાદિ ભાવનો અભાવ થશે. સમસ્ત આલોક-પરલોક સંબંધી આલંબનભૂત અનુષ્ઠાનોનો અભાવ થશે. તે હેતુથી દ્રવ્યપણાએ આનું ધ્રુવપણું છે. - x - એ માતૃકાનુયોગ છે.

૩-એકાર્થિકાનુયોગ-એક એવો અર્થ કહેવા યોગ્ય જીવાદિ પદાર્થ, તે જેઓને છે તે એકાર્થિક-શબ્દો, તે વડે અનુયોગ-તેનું કથન તે એકાર્થિક અનુયોગ. જેમ જીવદ્રવ્ય પ્રતિ જીવ, પ્રાણી, ભૂત, સત્વ અથવા એકાર્થિકોનો જે અનુયોગ, જેમ પ્રાણ ધારણથી જીવ, ઉચ્છ્વાસાદિના અસ્તિત્વથી પ્રાણી, સર્વદા થવાથી ભૂત, સદા હોવાપણાથી સત્વ ઇત્યાદિ.

૪-કરણાનુયોગ-જેઓના વડે કરાય તે કરણ, તેનો અનુયોગ. તે આ-કર્તા જીવદ્રવ્યને વિચિત્ર ક્રિયામાં સાધકતમ કાલ-સ્વભાવ-નિયતિ-પૂર્વકૃત છે, પણ એકાકી જીવ કંઈ કરવા શક્તિમાન નથી અથવા માટી દ્રવ્ય, કુંભાર, ચક્ર, ચીવર અને દંડાદિક કરણકલાપ વિના ઘટ લક્ષણ કાર્ય પ્રત્યે ઘટી ન શકે માટે તેના કારણો છે

એવી રીતે દ્રવ્યનો કરણાનુયોગ છે.

૫-અર્પિતાનર્પિત-દ્રવ્ય જ અર્પિત. જેમ જીવદ્રવ્ય, સંસારી. સંસારી પણ ત્રસરૂપ. ત્રસ પણ પંચેન્દ્રિય ઇત્યાદિ. અનર્પિત-જેમ જીવદ્રવ્ય, તેથી અર્પિત-અનર્પિત થાય છે. એમ અર્પિતાનર્પિત દ્રવ્યાનુયોગ.

૬-ભાવિતાભાવિત-ભાવિત-બીજા દ્રવ્યનો સંસર્ગથી, અભાવિત. જેમ જીવદ્રવ્ય કિંચિત્ ભાવિત છે. તે પ્રશસ્ત-અપ્રશસ્ત ભાવિત છે. પ્રશસ્ત ભાવિત - સંવિગ્ન ભાવિત, અપ્રશસ્ત ભાવિત - કુમતિ ભાવિત, તે બંને પ્રકારનું વામનીય અને અવામનીય છે. વામનીય તે જે સંસર્ગથી ઉત્પન્ન થયેલ ગુણ કે દોષ અન્ય સંસર્ગથી વમે છે, અવામનીય-ન વમે. અભાવિત તો સંસર્ગને પામેલ કે ન પામેલ વજતંદુલ જેવું દ્રવ્ય, વાસિત થવા શક્ય નથી. એ રીતે ઘટ આદિ દ્રવ્ય પણ સમજવું તેથી ભાવિતાભાવિત રૂપ દ્રવ્યાનુયોગ.

૭-બાહ્યાબાહ્ય-તેમાં જીવદ્રવ્ય, ચૈતન્યધર્મ વડે આકાશાસ્તિકાય આદિ દ્રવ્યથી ભિન્નત્વથી બાહ્ય છે અને તે જ અમૂર્તત્વાદિ ધર્મથી અબાહ્ય છે કેમકે બંને દ્રવ્યોને પણ અમૂર્ત્તપણું હોવાથી અથવા ચૈતન્યથી અબાહ્ય-જીવાસ્તિકાયથી જીવ, કેમકે બંનેનું ચૈતન્ય લક્ષણ છે અથવા ઘટાદિ દ્રવ્ય બાહ્ય છે અને કર્મ, ચૈતન્યાદિ અબાહ્ય છે, કેમકે તે દેખાતા નથી - x -

૮-શાશ્વતાશાશ્વત-જીવ દ્રવ્ય અનાદિ અનંતત્વથી શાશ્વત છે, તે જ નવા-નવા પર્યાયો પામવાથી અશાશ્વત છે. એ રીતે શાશ્વતાશાશ્વત - x -

૯-તથાજ્ઞાન-જેમ વસ્તુ છે તેમ જ્ઞાન છે જેને તે તથાજ્ઞાન-સમ્યગ્ દૃષ્ટિ જીવદ્રવ્ય, તેનું જ અવિપરિત જ્ઞાન અથવા જેમ વસ્તુ છે તેમજ જ્ઞાન છે જેમાં તે તથા જ્ઞાન-ઘટાદિ દ્રવ્ય ઘટાદિપણે જ પ્રતિભાસમાન અથવા જૈનોએ સ્વીકારેલ પરિણામી પરિણામપણાએ જ પ્રતિભાસમાન નથી તે જ્ઞાન.

૧૦-અતથાજ્ઞાન-મિથ્યાદૃષ્ટિ જીવદ્રવ્ય કે અલાતદ્રવ્ય વક્રપણાએ જણાતું અથવા એકાંતવાદીએ સ્વીકારેલ વસ્તુ, તે આ — એકાંતે નિત્ય કે અનિત્ય વસ્તુ તેઓએ સ્વીકારેલ છે, તેના પરિણામીપણાએ તે અતથાજ્ઞાન.

ફરી ગણિતાનુયોગને અંગીકાર કરી ઉત્પાતપર્વત અધિકારથી સૂત્ર—

● **સૂત્ર-૯૧૯ :-**

***અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો તિગિચ્છિકૂટ ઉત્પાતપર્વત મૂલમાં ૧૦૨૨ યોજન વિષ્કંભ છે.. અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સોમ લોકપાલનો સોમપ્રભ ઉત્પાતપર્વત ૧૦૦૦ યોજન ઉંચો, ૧૦૦૦ ગાઉ ભૂમિમાં, મૂલમાં ૧૦૦૦ યોજન વિષ્કંભથી છે.. અસુરેન્દ્ર અસુરરાજ ચમરના યમ લોકપાલનો યમપ્રભ ઉત્પાતપર્વત એમ જ છે.. એ રીતે વરુણ અને વૈશ્રમણનો છે.. વૈરોચનરાજ વૈરોચનેન્દ્ર બલિનો રુચકેન્દ્ર ઉત્પાતપર્વત મૂલમાં ૧૦૨૨ યોજન વિષ્કંભથી છે.. વૈરોચનેન્દ્ર બલિના સોમ લોકપાલને એમજ છે.. જે રીતે ચમરેન્દ્રના લોકપાલનો ઉત્પાતપર્વત કહ્યા તેમ બલીન્દ્રના કહેવા.***



***નાગરાજ નાગકુમારેન્દ્ર ધરણનો ધરણપ્રભ ઉત્પાતપર્વત ૧૦૦૦ યોજન ઉંચો, ૧૦૦૦ ગાઉ જમીનમાં, મૂલમાં ૧૦૦૦ યોજન વિષ્કંભથી છે.. નાગરાજ નાગકુમારેન્દ્ર ધરણના કાલવાલ લોકપાલનો મહાકાલપ્રભ ઉત્પાતપર્વત ૧૦૦૦ યોજન ઉંચો આદિ એમજ છે.. એ રીતે યાવત્ શંખપાલનો કહેવો.. એ રીતે ભૂતાનંદનું પણ કહેવું.. એ રીતે લોકપાલોનું ધરણની જેમ કહેવું. તેમજ યાવત્ સ્તનિત કુમારોને લોકપાલ સહિત કહેવા.***

***બધા ઉત્પાતપર્વતો સદેશ નામવાળા જાણવા... દેવેન્દ્ર દેવરાજ શક્રનો શક્રપ્રભ ઉત્પાતપર્વત ૧૦,૦૦૦ યોજન ઉંચો, ૧૦,૦૦૦ ગાઉ જમીનમાં, મૂલમાં ૧૦,૦૦૦ વિષ્કંભથી છે.. દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ લોકપાલનો જેમ શક્રનું કહ્યું તેમજ બધાં લોકપાલોનો, બધાં ઈન્દ્રોનો યાવત્ અચ્યુતેન્દ્ર અને તેના લોકપાલોનું કહેવું. બધાંના ઉત્પાતપર્વતોનું પ્રમાણ સરખું છે.***

● **વિવેચન-૯૧૯ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ એ - તિગિંછી - કિંજલ્ક પ્રધાન કૂટત્વથી તિગિંછિ કૂટ, તેનું પ્રધાનત્વ અને કમલબહુત્વથી આ સંજ્ઞા છે. ઉંચે જવું તે ઉત્પાત, તેના વડે ઓળખાતો તે ઉત્પાતપર્વત, તે રુચકવર નામક તેરમા સમુદ્રના દક્ષિણ ભાગથી અસંખ્યેય દ્વીપ સમુદ્રોને ઉલ્લંઘીને યાવત્ અરુણવર દ્વીપ અને અરુણવર સમુદ્ર છે તે બંનેના મધ્યે અરુણવર સમુદ્રમાં દક્ષિણથી ૪૨,૦૦૦ યોજન અવગાહીને હોય છે. તેનું પ્રમાણ-૧૭૨૧ યોજન ઉંચો, મૂલમાં ૧૦૨૨ યોજન પહોળો, ૪૨૪ યોજન મધ્યમાં અને શિખરે ૭૨૩ યોજન પહોળો છે. તે રત્નમય પદ્મવર વેદિકાથી વીંટાયેલ છે. તેમાં મધ્યે અશોકાવતંસક નામક દેવ પ્રાસાદ છે.

લોકપાલ સોમપ્રભનો ઉત્પાતપર્વત અરુણોદ સમુદ્રમાં હોય છે. એ રીતે યમ, વરુણ, વૈશ્રમણના સૂત્રો જાણવા. રુચકેન્દ્ર ઉત્પાત પર્વત અરુણોદ સમુદ્રમાં હોય છે. અરુણવર સમુદ્રની ઉત્તરે જગતિથી ૪૨,૦૦૦ યોજન સમુદ્રમાં અવગાહીને રુચકેન્દ્ર ઉત્પાતપર્વત છે, ત્યાં ચાર લોકપાલોની રાજધાની છે. - x - x - જે પ્રકારે ચમર સંબંધી લોકપાલોના ઉત્પાતપર્વતનું પ્રમાણ પ્રત્યેક ચાર સૂત્રો વડે કહ્યું, તે પ્રકારે જ ચાર સૂત્રો વડે બલિ વૈરોચનેન્દ્રનું પણ કહેવું, કેમકે સમાનપણું છે. ધરણેન્દ્રનો ઉત્પાત પર્વત અરુણોદ સમુદ્રમાં જ હોય છે.. પ્રથમ લોકપાલના સૂત્રમાં આમ કહેવાથી "૧૦૦૦ ગાઉ ઉંચો" આદિ સૂત્રનો અતિદેશ કર્યો. આમ કહેવાથી શેષ ત્રણ-કોલવાલ, સેલવાલ અને શંખવાલ લોકપાલોના ઉત્પાતપર્વતના ત્રણ સૂત્રો બતાવ્યા.

ઉત્તર દિશાના નાગરાજ ભૂતાનંદના ઉત્પાતપર્વતનું નામ અને પ્રમાણ જેમ ધરણેન્દ્રનું કહ્યું છે તેમ કહેવું. ભૂતાનંદપ્રભ ઉત્પાતપર્વત અરુણોદ સમુદ્રમાં જ હોય છે, માત્ર ઉત્તર દિશાથી છે, તે ભૂતાનંદના લોકપાલોના પણ ઉત્પાત પર્વતોનું પ્રમાણ, ધરણના લોકપાલો મુજબ જ જાણવું. વિશેષ એ કે તેના નામો ચોથા સ્થાન મુજબ જાણવા. જેમ ધરણેન્દ્રનું કહ્યું તેમ જ સુપર્ણકુમાર અને વિદ્યુત્કુમારાદિના ઈન્દ્રોના ઉત્પાત પર્વતોનું પ્રમાણ કહેવું. ક્યાં સુધી કહેવું ? સ્તનિતકુમારો પર્યન્ત. માત્ર

ઈન્દ્રોનું નહીં, તેઓના લોકપાલોનું પણ કહેવું. બધા ઈન્દ્રોના અને તેઓના લોકપાલોના ઉત્પાત પર્વતો સદૃશ નામવાળા કહેવા. જેમ ધરણનો ધરણપ્રભ, તેના પ્રથમ લોકપાલ કાલવાલનો કાલવાલપ્રભ એ રીતે સર્વત્ર જાણવું.

તે પર્વતો સ્થાનને આશ્રીને આ પ્રમાણે હોય છે - અસુરનાગ-ઉદધિકુમારના ઈન્દ્રોના આવાસો અરુણોદ સમુદ્રમાં હોય છે, તેઓના ઉત્પાત પર્વતો પણ ત્યાં જ હોય છે. દ્વીપ-દિશા-અગ્નિ-સ્તનિતકુમારોના ઈન્દ્રોના આવાસો અરુણવર દ્વીપમાં હોય છે, ત્યાંજ તેમના ઉત્પાત પર્વતો છે.

કુંડલવર દ્વીપના કુંડલ પર્વતની અંદર દક્ષિણથી ૧૬-રાજધાની છે. તે ચાર-ચાર રાજધાનીઓ મધ્યે સોમપ્રભ, યમપ્રભ, વરુણપ્રભ, વૈશ્રમણપ્રભ નામક ઉત્પાત પર્વતો સોમ આદિ શક્રના લોકપાલોના હોય છે અને ઉત્તર પડખે એવી રીતે જ ઈશાનેન્દ્રના લોકપાલોના ઉત્પાત પર્વતો છે. જેમ શક્રનું કહ્યું તેમ અચ્યુતેન્દ્ર પર્યન્ત ઈન્દ્રોના અને લોકપાલોના ઉત્પાત પર્વતો કહેવા. કેમકે બધાનું એક સમાન પ્રમાણ છે. સ્થાનો વિશેષસૂત્રથી જાણવા.

હજાર યોજનના અધિકારથી હજાર યોજનની અવગાહનાના સૂત્રો—

**● સૂત્ર-૯૨૦ થી ૯૨૮ :-**

***[૯૨૦] બાદર વનસ્પતિકાયિકોને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન શરીર-અવગાહના કહી છે.. જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન શરીર-અવગાહના કહી છે.. ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોને પણ તેમજ કહી છે... [૯૨૧] સંભવ અર્હત્‌થી અભિનંદન અર્હત્ દશ લાખ ક્રોડ સાગરોપમ વ્યતીત થયે ઉત્પન્ન થયા.***

***[૯૨૨] અનંતક દશ ભેદે કહ્યા છે — નામાનંતક, સ્થાપનાનંતક, દ્રવ્યાનંતક, ગણનાનંતક, પ્રદેશાનંતક, એકતોઅનંતક, દ્વિધાઅનંતક, દેશવિસ્તારાનંતક, સર્વવિસ્તારાનંતક, શાશ્વતાનંતક.***

***[૯૨૩] ઉત્પાત પૂર્વની દશ વસ્તુઓ કહી છે.. અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વની દશ ચૂલવસ્તુઓ કહી છે... [૯૨૪] પ્રતિસેવના દશ ભેદે છે — [૯૨૫] દર્પ, પ્રમાદ, અનાભોગ, આતુર, આપત્તિ, શંકિત, સહસાત્કાર, ભય, પ્રદ્વેષ અને વિમર્શ.... [૯૨૬] દશ આલોચના દોષો કહ્યા છે—***

***[૯૨૭] આકંપઈત્વા, અનુમાનઈત્વા, જંદિટ્ઠં, બાદર, સૂક્ષ્મ, છન્નં, શબ્દાઉલક, બહુજન, અવ્યક્ત, તત્સેવી.***

***[૯૨૮] દશ સ્થાનોથી સંપન્ન અણગાર પોતાના દોષોને આલોચવાને યોગ્ય છે — જાતિ સંપન્ન, કુલ સંપન્ન એ રીતે આઠમાં સ્થાનમાં કહ્યા મુજબ યાવત્ ક્ષાંત, દાંત, અમાયી, અપશ્ચાનુતાપી... દશ સ્થાને સંપન્ન અણગાર આલોચના આપવાને યોગ્ય છે — આચારવાન્, અવધારણવાન્, યાવત્ અપાયદર્શી, પ્રિયધર્મી, દૃઢધર્મી... પ્રાયશ્ચિત્ત દશ પ્રકારે કહેલ છે — આલોચના યોગ્ય યાવત્ અનવસ્થાપ્ય, પારાંચિત યોગ્ય.***



**● વિવેચન-૯૨૦ થી ૯૨૮ :-**

[૯૨૦] સૂત્ર સુગમ છે. વિશેષ એ — બાદરોને જ, સૂક્ષ્મોને નહીં કેમકે તેઓની અંગુલના અસંખ્યેય ભાગ માત્ર અવગાહના છે. એ રીતે બાદરની જઘન્યથી પણ ન થાઓ. ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન ઉત્સેધ અંગુલ યોજન વડે, પ્રમાણ યોજન વડે નહીં - x - શરીર અવગાહના-જે પ્રદેશોમાં શરીર અવગાહીને રહેલ છે, તે શરીરની અવગાહના. તે તેવા પ્રકારની નદી, દ્રહ, પદ્મનાલના વિષયમાં સમજવી. ગર્ભજ અને સંમૂર્છિમ જલચર-મત્સ્યો, તે મત્સ્ય યુગલની ૧૦૦૦ યોજનની અવગાહના છે. આ અવગાહના સ્વયંભૂરમણ સમુદ્રમાં જ હોય છે. ઉરપરિસર્પ અહીં ગર્ભજ મહોરગો જાણવા - x - તેની ૧૦૦૦ યોજન અવગાહના છે. આ ઉરગો નિશ્ચે અઢીદ્વીપ બહારના દ્વીપોમાં જલના આશ્રયે રહેલા હોય. - x -

[૯૨૧] આવા અર્થો જિનેશ્વરોએ બતાવ્યા છે, તેથી - x - જિનના અંતરનું સૂત્ર-સંભવ૦ આદિ કહ્યું તે સુગમ છે.

[૯૨૨] કહેલ પ્રમાણવાળી અવગાહનાદિ અને બીજા પદાર્થો જિનોએ અનંતા જોયા છે, માટે અનંતકને ભેદથી કહે છે — (૧) નામાનંતક-અનંતક એવી નામભૂત વર્ણાનુપૂર્વી છે જેને અથવા સચેતનાદિનું અનંતક તે.

(૨) સ્થાપનાનંતક-જે અક્ષાદિમાં અનંતકની સ્થાપના તે.. (૩) દ્રવ્ય-અનંતક-જીવદ્રવ્યો કે પુદ્‌ગલ દ્રવ્યોનું અનંતત્વ.. (૪) ગણનાનંતક-એક, બે, ત્રણ એ રીતે સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા એમ સંખ્યામાત્રતા એ સંખ્યાયોગ્ય વસ્તુથી અનપેક્ષ સંખ્યાન માત્ર વ્યપદેશ કરાય છે તે.. (૫) પ્રદેશ અનંતક-આકાશપ્રદેશોનું અનંતત્વ.. (૬) એકતોનંતક-અતીત કે અનાગત અદ્ધા.. (૭) દ્વિધાનંતક-સર્વાદ્ધા.. (૮) દેશ વિસ્તારાનંતક-એક આકાશપ્રતર, (૯) સર્વ વિસ્તારાનંતક-સર્વાકાશાસ્તિકાય.. (૧૦) શાશ્વતાનંતક-અક્ષય૦

[૯૨૩] એવા પ્રકારે અર્થને કહેતું પૂર્વગત શ્રુત છે. તેને વિશેષથી અહીં અવતારતા બે સૂત્ર કહે છે — ઉત્પાત પૂર્વ પહેલું છે, તેની દશ વસ્તુ-અધ્યાય વિશેષો છે.. અસ્તિનાસ્તિ પ્રવાદ નામે ચોથું પૂર્વ છે, તેની મૂલવસ્તુની ઉપર ચૂલારૂપ વસ્તુઓ તે ચૂલા વસ્તુઓ કહેવાય છે.

[૯૨૪] પૂર્વગતાદિ શ્રુતમાં નિષેધેલ વસ્તુઓ સંબંધી સાધુઓને જે પ્રકારે પ્રતિષેવા હોય, તે પ્રકારે દર્શાવે છે. પ્રતિષેવણા-પ્રાણાતિપાત આદિનું આચરવું... [૯૨૫] દર્પ-વલ્ગન આદિ, દર્પથી આગમમાં નિષેધેલ પ્રાણાતિપાતાદિ આચરણા તે દર્પપ્રતિસેવણા, એ રીતે પછીના પદોમાં પણ જાણવું. વિશેષ એ - પ્રમાદ એટલે પરિહાસ, વિકથાદિ - x - અથવા કરવા યોગ્ય કાર્યમાં અપ્રયત્ન, તે પ્રમાદ.. અનાભોગ-વિસ્મરણ.

આતુર-ગ્લાન હોવા છતાં તેની સંભાળ માટે અથવા પોતે જ વ્યાકુળ હોય છતાં, અર્થાત્ ક્ષુધા-પિપાસા-વ્યાધિથી પરાભવ પામીને જે આચરણા કરે એટલે કે - x - આ પરીષહ, વ્યાધિથી પીડાઈ જે સેવે તે.

દ્રવ્યાદિ ભેદથી ચાર પ્રકારની આપત્તિને વિશે, દ્રવ્યથી પ્રાસુક દ્રવ્યની દુર્લભતા, ક્ષેત્રથી માર્ગમાં પતન, કાળથી દુર્ભિક્ષ, ભાવથી ગ્લાનત્વ. કહ્યું છે કે — દ્રવ્યાદિના અલાભમાં ચાર પ્રકારની આપદા હોય છે.

શંકા હોય તો એષણીય પણ અનેષણીય બને - x - .. સહસાકાર-અકસ્માત કરણ, સહસાકારનું લક્ષણ આ છે — પૂર્વે જોયા સિવાય પગ મૂક્યા પછી જે જુએ છે, પણ પાછો ફરી શકતો નથી, આ પ્રાયઃ સહસાકરણ છે.

ભય - રાજા, ચોરાદિથી ડરવું, પ્રદ્વેષ - માત્સર્ય ભય અને પ્રદ્વેષથી પ્રતિષેવા થાય છે. જેમ રાજાદિના અભિયોગથી માર્ગાદિ બતાવે છે, સિંહના ભયથી વૃક્ષ પર ચડે છે. - x -... અહીં પ્રદ્વેષના ગ્રહણથી કષાયો કહ્યા છે. કહ્યું છે કે — ક્રોધાદિ પ્રદ્વેષ છે... વિમર્શ-શિષ્યાદિની પરીક્ષા કહ્યું છે કે — શિષ્યાદિની પરીક્ષાથી પણ-પૃથ્વી આદિના સંઘટ્ટન રૂપ પ્રતિષેવા થાય છે.

[૯૨૬] પ્રતિષેવામાં તો આલોચના કરવા યોગ્ય છે. તેમાં જે દોષો છે તે પરિહરવા યોગ્ય છે, એમ બતાવવા આ સૂત્ર છે...

[૯૨૭] — (૧) आकम्प्य - આવર્જીને, ખુશ કરીને. કહ્યું છે — વૈયાવૃત્યાદિ વડે પ્રથમ આચાર્યને પ્રસન્ન કરી પછી આલોચે છે. કેવી રીતે મને થોડું પ્રાયશ્ચિત્ત આપે... (૨) अनुमानइत्ता - અનુમાન કરીને - આ મૃદુ દંડ છે કે ઉગ્રદંડ છે એમ જાણીને અર્થાત્ જો આ મૃદુ દંડ આપનાર હશે તો હું આલોચના આપીશ અન્યથા નહીં. કહ્યું છે — આ ઉગ્રદંડ છે કે મૃદુદંડ એમ અનુમાન કરીને બીજાને થોડી આલોચના આપે છે માટે મને પણ થોડું પ્રાયશ્ચિત્ત આપશે... (૩) जं दिट्ठं - જે દોષ આચાર્યાદિએ જોયેલ હોય તે દોષને જ આલોચે, બીજાને નહીં. આનું આલોચવું માત્ર આચાર્યને રાજી કરવામાં તત્પરપણાએ કરીને અસંવિજ્ઞપણાથી છે. કહ્યું છે — જે દોષ બીજાએ જોયા હોય તેને જ પ્રગટ કરે, અન્યને નહીં, શોધિના ભયથી કે આચાર્યાદિ એમ જાણશે કે આટલા બધા દોષવાળો છે એવા ભયથી પ્રકાશે નહીં.

(૪) बादर - મોટા અતિચારને જ આલોચે, સૂક્ષ્મને નહીં... (૫) સૂક્ષ્મ-સૂક્ષ્મ અતિચારને જ આલોચે. જે સૂક્ષ્મ અતિચારને આલોચે તે બાદરને કેમ ન આલોચે ? એવા પ્રકારના આચાર્યનો ભાવ સંપાદન કરવાને કહ્યું.

(૬) छन्न - છાનું એવી રીતે આલોચકે જેમ પોતે જ સાંભળે પણ આચાર્ય ન સાંભળે. - x -...(૭) શબ્દાકુલ-શબ્દ વડે આકુલ-મોટો શબ્દ, તેવા મોટા શબ્દ વડે આલોચે કે જેમ બીજા અગીતાર્થો પણ સાંભળે.

(૮) बहुजन - ઘણા લોકો એટલે આલોચનાચાર્યો છે જે આલોચનામાં તે બહુજન. આ અભિપ્રાય છે — એક આચાર્ય પાસે આલોચીને વળી તે જ અપરાધને અન્ય આચાર્ય પાસે પણ આલોચે છે તે બહુજનદોષ.

(૯) अव्यक्त - અગીતાર્થ ગુરુની પાસે જે આલોચવું તે ગુરુના સંબંધથી અવ્યક્ત કહેવા.- x -... (૧૦) तस्सेवि - જે દોષ આલોચના યોગ્ય છે, તે દોષોને સેવનાર જે ગુરુ છે, તેની પાસે આલોચવું તે તત્સેવિ લક્ષણ આલોચના દોષ છે. તેમાં આલોચના



કર્તાનો આ અભિપ્રાય છે - જે રીતે મેં દોષ સેવેલ છે, તેમ તે પણ દોષ સેવનથી મારા જેવો છે, તેથી તે મને મોટું પ્રાયશ્ચિત્ત નહીં આપે, એ રીતે ક્લિષ્ટ ચિત્તે આલોચે.

[૯૨૮] આ દોષોનો પરિહાર કરનાર ગુણવાન્‌ને આલોચના દેવી. તે ગુણોને કહે છે — દશ સ્થાને, આ ક્રમ વડે, જેમ આઠમાં સ્થાનમાં કહ્યું છે, તેમ આ સૂત્ર કહેવું. ક્યાં સુધી? યાવત્ ક્ષાંત, દાંત, આ પદ સુધી. તે કહે છે — વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શન સંપન્ન, ચારિત્ર સંપન્ન. અહીં (૯) અમાયી, (૧૦) અપશ્ચાનુતાવી, આ બે પદ અધિક છે, તે પ્રગટ છે, વિશેષ એ કે — ગ્રંથાંતરમાં કહેલ તેનું સ્વરૂપ આ - અમાયાવી છુપાવે નહીં અને અપશ્ચાત્તાપી પરિતાપ કરે નહીં. આવા પ્રકારના ગુણવાળાને અપાતી આલોચના ગુણવાન્ પુરુષ દ્વારા ઈષ્ટ છે, તે ગુણોને કહે છે—

(૧) જ્ઞાનાદિ આચારવાન્, (૨) અવધારણવાન્. - યાવત્ - શબ્દથી (૩) આગમાદિ પાંચ પ્રકારના વ્યવહારવાળો, (૪) લજ્જાને દૂર કરાવનાર, જેમ બીજો સુખે આલોચના કરી શકે, તે અપવ્રીડક. (૫) આલોચિતમાં શુદ્ધિ કરવા સમર્થ. (૬) એવા પ્રકારે પ્રાયશ્ચિત્ત આપે જેથી બીજો નિર્વાહ કરવામાં સમર્થ થઈ શકે. (૭) આલોચના દોષો સાંભળીને બીજા પાસે પ્રકાશે નહીં. (૮) સાતિચાર પુરુષને પારલૌકિક અપાય બતાવનાર. આ આઠ પૂર્વોક્ત જ છે. (૯) પ્રિયધર્મ-ધર્મ ઉપર પ્રીતિવાળો, (૧૦) દૃઢ ધર્મા—આપત્તિ આવ્યા છતાં ધર્મથી ન ડગે. — આ બે ગુણ અહીં અધિક છે.

આલોચિત દોષોને માટે પ્રાયશ્ચિત્ત આપવું, આ હેતુથી તેના પ્રરૂપણાનું સૂત્ર છે — (૧) આલોચના-ગુરુને નિવેદન, તેના વડે જે થયેલ અતિચારની શુદ્ધિ થાય છે, તે આલોચનાને યોગ્ય હોવાથી આલોચનાર્હ. તેની શુદ્ધિ માટે જે પ્રાયશ્ચિત્ત તે પણ આલોચનાર્હ, એમ સર્વત્ર જાણવું.

યાવત્ શબ્દથી — (૨) પ્રતિક્રમણ-મિથ્યાદુષ્કૃત્, તેને યોગ્ય તે પ્રતિક્રમણાર્હ... (૩) આલોચના અને પ્રતિક્રમણને યોગ્ય તે તદુભયાર્હ.. (૪) પરિત્યાગથી શોધ્ય, તે વિવેકાર્હ... (૫) કાયોત્સર્ગ યોગ્ય-વ્યુત્સર્ગાર્હ.. (૬) નીવિ આદિ તપથી શોધ્ય-તપાર્હ.. (૭) પર્યાય છેદ યોગ્ય તે છેદાર્હ.. (૮) વ્રત ઉપસ્થાપના યોગ્ય-મૂલાર્હ.. (૯) જેમાં દોષ સેવ્યા પછી કેટલાક કાળ સુધી વ્રતમાં ન સ્થાપીને પછી આચીર્ણ તપવાળો થાય, દોષથી વિરામ પામે ત્યારે વ્રતોમાં સ્થપાય તે અનવસ્થાપ્યાર્હ.. (૧૦) અહીં અધિક આ છે, તેમાં દોષ સેવ્યા પછી લિંગ, ક્ષેત્ર, કાલ, તપ વડે બહાર કરાય છે, તે પારાંચિકને યોગ્ય તે પારાંચિકાર્હ.

પારાંચિક, મિથ્યાત્વને પણ અનુભવે, તેથી મિથ્યાત્વ નિરૂપણ—

● **સૂત્ર-૯૨૯ થી ૯૩૫ :-**

***[૯૨૯] મિથ્યાત્વ દશ ભેદે કહ્યું — (૧) અધર્મમાં ધર્મસંજ્ઞા, (૨) ધર્મમાં અધર્મસંજ્ઞા, (૩) અમાર્ગમાં માર્ગ સંજ્ઞા, (૪) માર્ગમાં ઉન્માર્ગ સંજ્ઞા, (૫) અજીવમાં જીવસંજ્ઞા, (૬) જીવમાં અજીવસંજ્ઞા, (૭) અસાધુમાં સાધુ સંજ્ઞા, (૮) સાધુમાં અસાધુસંજ્ઞા, (૯) અમુક્તે મુક્તસંજ્ઞા, (૧૦) મુક્તે અમુક્ત સંજ્ઞા.***

***[૯૩૦] અર્હત્ ચંદ્રપ્રભ દશ લાખ પૂર્વનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ સર્વ***

*દુઃખથી મુક્ત થયા... અર્હત્ ધર્મ દશ લાખ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા... અર્હત્ નમી દશ હજાર વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા... વાસુદેવ પુરુષસિંહ દશ લાખ વર્ષનું સર્વાયુ ભોગવીને છઠ્ઠી તમા પૃથ્વીમાં નૈરયિકપણે ઉપજ્યા... અર્હત્ નેમિ દશ ધનુષ્ ઉંચા હતા, ૧૦૦૦ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.. વાસુદેવ કૃષ્ણ દશ ધનુષ્ય ઉંચા હતા, ૧૦૦૦ વર્ષનું સર્વાયુ ભોગવીને ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થયા.*

*[૯૩૧] ભવનવાસી દશ ભેદે કહ્યા — અસુરકુમાર યાવત્ સ્તનિત કુમાર. આ દશ પ્રકારના ભવનવાસી દેવોના દશ ચૈત્યવૃક્ષો કહ્યા છે — [૯૩૨] અશ્વત્થ, સપ્તવર્ણ, શાલ્મલિ, ઉંબર, શિરીષ, દધિપર્ણ, વંજુલ, પલાશ, વપ્ર, કણેરવૃક્ષ....*

*[૯૩૩] સુખ દશ પ્રકારે કહ્યું છે. તે આ — [૯૩૪] આરોગ્ય, દીર્ઘઆયુ, આઢ્યત્વ, કામ, ભોગ, સંતોષ અસ્તિ, સુખભોગ, નિષ્ક્રમ, અનાબાધ (મોક્ષ).... [૯૩૫] ઉપઘાત દશ ભેદે કહ્યો —*

*— ઉદ્ગમોપઘાત, ઉત્પાદનોપઘાત, જેમ પાંચમાં સ્થાનમાં કહ્યું તેમ યાવત્ પરિહરણોપઘાત, જ્ઞાનોપઘાત, દર્શનોપઘાત, ચારિત્રોપઘાત, અપ્રીતિ વડે ઉપઘાત, સારક્ષણોપઘાત.... વિશોધિ દશ ભેદે કહી છે — ઉદ્ગમવિશોધિ, ઉત્પાદન વિશોધિ યાવત્ સારક્ષણ વિશોધિ.*

● **વિવેચન-૯૨૯ થી ૯૩૫ :-**

[૯૨૯] તેમાં અધર્મ-શ્રુત લક્ષણ વિહીનત્વથી અપૌરુષેય આદિ અનાગતમાં ધર્મસંજ્ઞા-આગમબુદ્ધિ તે મિથ્યાત્વ કેમકે વિપર્યસ્ત છે.

ધર્મ-કષ, છેદાદિ શુદ્ધ, આપ્તવચન લક્ષણ સમ્યક્શ્રુતમાં અધર્મ બુદ્ધિ. બધાં પુરુષો રાગાદિવાળા અને અસર્વજ્ઞ છે, કેમકે પુરુષપણાથી જેમ હું, ઇત્યાદિ પ્રમાણથી અનાપ્ત પુરુષો છે અને આપ્તના અભાવથી તેમણે ઉપદેશેલ શાસ્ત્ર, ધર્મરૂપ નથી. ઇત્યાદિ કુવિકલ્પવશ અનાગત બુદ્ધિરૂપ મિથ્યાત્વ... ઉન્માર્ગ-મોક્ષમાર્ગ પ્રત્યે અપંથ, વસ્તુતત્વાપેક્ષાથી વિપરીત શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાન રૂપ તેમાં માર્ગબુદ્ધિ.

માર્ગમાં અમાર્ગસંજ્ઞા... અજીવ-આકાશ, પરમાણુ આદિમાં જીવસંજ્ઞા. આ બધું જડ, ચૈતન્ય, પુરુષરૂપ છે આદિ મંતવ્યથી - x -

પૃથ્વી આદિ જીવોમાં અજીવ સંજ્ઞા, જેમકે - પૃથ્વી આદિ જીવો નથી, કેમકે ઉચ્છ્વાસાદિ, પ્રાણિ ધર્મોનો ઘટની જેમ સાક્ષાત્કાર થતો નથી.

અસાધુ-છ જીવનિકાયના વધથી ન નિવર્તેલ, ઔદ્દેશિકાદિ ભોજી અને અબ્રહ્મચારીમાં સાધુ સંજ્ઞા, જેમ - આ સાધુઓ છે કેમકે, સર્વે પાપ પ્રવૃત્ત છતાં બ્રહ્મમુદ્રાધારિ હોવાથી, ઇત્યાદિ વિકલ્પરૂપ બુદ્ધિ.

સાધુ-બ્રહ્મચર્યાદિ ગુણ સંયુક્તમાં અસાધુસંજ્ઞા, આ સાધુઓ કુમારપણે પ્રવ્રજિત છે માટે તેઓની ગતિ નથી, કેમકે પુત્રરહિતની ગતિ નથી, સ્નાનાદિ રહિતત્વથી, એવી વિકલ્પાત્મક બુદ્ધિ.

અમુક્તમાં-કર્મ સહિત લોક વ્યવહારમાં પ્રવૃત્તને મુક્ત સંજ્ઞા. જેમ — અણિમાદિ



આઠ ભેદે ઐશ્વર્ય પામીને નિર્વૃત્ત આત્મા પરમ દુસ્તરને તરીને હર્ષ પામે છે તેવી બુદ્ધિ... મુક્તમાં-સકલ કર્મકૃત વિકારથી રહિત અને અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યયુક્ત જીવોમાં અમુક્ત સંજ્ઞા. આવા પ્રકારના મુક્ત જીવો જ નથી, કેમકે અનાદિ કર્મસંયોગ નિવારવા અશક્ય જ છે - અનાદિત્વથી જ આત્મા અને આત્માના સંયોગની જેમ અથવા મુક્ત જીવો જ નથી, કેમકે મુક્ત જીવોનું બુઝાયેલ દીવાની જેમ સમાનત્વ હોવાથી અથવા આત્માનું જ નાસ્તિપણું છે ઇત્યાદિ બુદ્ધિ.

[૯૩૦] અનંતર મિથ્યાત્વના વિષયપણાએ મુક્તો કહ્યા. હવે તેના અધિકારથી ત્રણ તીર્થંકરોનું દશ સ્થાનક અનુપાતથી મુક્તત્વ કહે છે. ત્રણે સૂત્રો સુગમ છે. વિશેષ એ - યાવત્ શબ્દથી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત્, સર્વ દુઃખ ક્ષીણ થયા છે તેવા એમ સમજવું ઉક્ત તીર્થંકર મહાપુરુષ છે માટે મહાપુરુષ-સંબંધી ત્રણ સૂત્રો કહ્યા, તે સુગમ છે.

[૯૩૧] નૈરયિકપણે ઉપજ્યા, નારકોની સમીપતાથી ભવનવાસી દેવોના બે સૂત્ર કહ્યા, તે સુગમ છે... [૯૩૨] અસુર, નાગ, સુવર્ણ, વિદ્યુત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશિ, પવન, સ્તનિત એ દશ ભવનવાસીઓ છે, એ ક્રમથી અશ્વત્થ વગેરે ચૈત્યવૃક્ષો, જે સિદ્ધાયતનાદિના દ્વારનો વિશે સંભળાય છે તે સમજવા.

[૯૩૩] ભવનવાસી દેવો કહ્યા, તેમને સુખ હોવાથી સામાન્યથી સુખનું સૂત્ર કહે છે... [૯૩૪] આરોગ્ય-નિરોગતા, દીર્ઘાયુ-લાંબુજીવિત, શુભ એવું વિશેષણ સમજવું. આઢ્યત્વ-ધનપતિત્વ, સુખનું કારણ હોવાથી સુખ અથવા ધનવાન્ વડે કરાતી પૂજા તે આઢ્યેજ્જા. - x - કામ-શબ્દ, રૂપલક્ષણ, સુખનું કારણ હોવાથી સુખ, ભોગ-ગંધ, રસ, સ્પર્શલક્ષણ. સંતોષ-અલ્પેચ્છાપણું. સંતોષનું આનંદરૂપ હોવાથી સુખ છે. કહ્યું છે — માનુષ્યત્વને સાર આરોગ્ય, ધર્મનોસાર સત્ય, વિદ્યાનોસાર નિશ્ચય, સુખનો સાર સંતોષ છે. અત્થિ - અસ્તિ - જે વસ્તુની જ્યારે જરૂર પડે ત્યારે તે વસ્તુ હોવી, માટે સુખ છે.

શુભભોગ-અનિંદિત ભોગ, વિષયોમાં ભોગ ક્રિયા તે સાતાના ઉદય વડે પ્રાપ્ત કરવા યોગ્યત્વથી સુખ છે. નિષ્ક્રમણ-નીકળવું તે, અવિરતિરૂપ કાદવમાંથી નીકળવું એટલે પ્રવ્રજ્યા - x - અર્થાત્ દિક્ષા જ સંસારીજીવોને સુખરૂપ છે કેમકે બાધારહિત, સ્વાધીન અને આનંદરૂપ છે. આ કારણથી જ કહે છે — બાર માસ દિક્ષાપર્યાયી શ્રમણ નિર્ગ્રન્થ અનુત્તર દેવોની તેજોલેશ્યાને ઉલ્લંઘી જાય છે. જે સુખ ચક્રવર્તીને નથી, ઇન્દ્રોને પણ નથી, તે સુખ લોકના વ્યાપાર રહિત સાધુઓને આ લોકમાં જ હોય છે. બીજા સુખો દુઃખપ્રતિકાર માત્ર અને સુખ અભિમાનજનક હોવાથી તત્ત્વથી સુખ નથી.. અનાબાધ-નિષ્ક્રમણ સુખ પછી અનાબાધ-નથી વિદ્યમાન જન્મ-જરા-મરણ-ક્ષુધા-પિપાસાદિ અબાધા જેમાં તે. અર્થાત્ મોક્ષસુખ. કહ્યું છે — અવ્યાબાધ સિદ્ધોને જે સુખ છે, તે મનુષ્યોને કે સમગ્ર દેવોને પણ નથી.

[૯૩૫] નિષ્ક્રમણ સુખ ચારિત્રસુખ કહ્યું, તે અનુપહત અનાબાધ સુખને માટે થાય, તેથી એ સુખના સાધનરૂપ ચારિત્રના ભક્તાદિ અને જ્ઞાનાદિના ઉપઘાતનું નિરૂપણસૂત્ર છે. તેમાં (૧) જે ઉદ્ગમ-આધાકર્માદિ સોળ પ્રકારના દોષ વડે ચારિત્રનું

વિરાધન અથવા ભોજનાદિની અકલ્પ્યતા તે ઉદ્‌ગમોપઘાત. (૨) ધાત્રી આદિ લક્ષણથી જે ઉત્પાદનથી ઉપઘાત તે ઉત્પાદનોપઘાત... પાંચમા સ્થાન મુજબ, તે આ રીતે — એષણોપઘાત-શંકિતાદિ દશ એષણાના ભેદ વડે તે. (૪) પરિકર્મ-વસ્ત્ર, પાત્રાદિની સમરચના તેથી સ્વાધ્યાય કે શ્રમાદિથી શરીરનો-સંયમનો ઉપઘાત તે પરિકર્મોપઘાત. (૫) પરિહરણા-અલાક્ષણિક કે અકલ્પનીય ઉપકરણની આસેવા, તેથી જે વિરાધના તે પરિહરણોપઘાત.

(૬) જ્ઞાનોપઘાત-શ્રુતજ્ઞાન અપેક્ષાએ પ્રમાદથી થાય. (૭) દર્શન-ઉપઘાત-શંકાદિથી. (૮) ચારિત્રોપઘાત-સમિતિભંગ આદિથી. (૯) અપ્રીતિથી વિનયાદિનો ઉપઘાત તે અચિયત્તોપઘાત. (૧૦) સંરક્ષણ વડે શરીરાદિ વિષયમાં મૂર્છા, ઉપઘાત-પરિગ્રહણની વિરતિની વિરાધના તે સંરક્ષણોપઘાત... હવે ઉપઘાતના વિપક્ષભૂત વિશુદ્ધિના નિરુપણ માટે સૂત્ર કહે છે—

તેમાં ઉદ્‌ગમાદિની વિશુદ્ધિ તે ભક્તાદિની નિરવધતા. યાવત્ શબ્દથી ''એષણા'' આદિ કહેવું. તેમાં પરિકર્મ-વસતિ આદિ કાજો કાઢવા રૂપ સંસ્કારથી જે સંયમની વિશુદ્ધિ તે પરિકર્મ વિશુદ્ધિ પરિહરણા-વસ્ત્રાદિની શાસ્ત્રીય આસેવના વડે જે વિશુદ્ધિ તે પરિહરણા વિશુદ્ધિ. જ્ઞાનાદિ ત્રણની વિશુદ્ધિઓ જે તેના આચારનું પરિપાલન કરવાથી અપ્રીતિકની વિશુદ્ધિ-તેનું નિવર્તન કરવાથી અચિયત્ત વિશુદ્ધિ. સંયમ અર્થે ઉપધિ આદિનું સંરક્ષણ કરવું તે સંરક્ષણ વિશુદ્ધિ અથવા ઉદ્‌ગમ આદિ ઉપાધિક દશ પ્રકારે આ વિશુદ્ધિ, ચિત્તની વિશુદ્ધિરૂપ વિશુદ્ધ છે.

હવે ચિત્તની જ વિશુદ્ધિના વિપક્ષભૂત ઉપધિક સંકલેશ કહે છે.

● **સૂત્ર-૯૩૬,૯૩૭ :-**

***[૯૩૬] સંકલેશ દશ ભેદે કહ્યા છે — ઉપધિ સંકલેશ, ઉપાશ્રય સંકલેશ, કષાય સંકલેશ, ભક્તપાન સંકલેશ, મન સંકલેશ, વચન સંકલેશ, કાય સંકલેશ, જ્ઞાન સંકલેશ, દર્શન સંકલેશ, ચારિત્ર સંકલેશ.***

***દશ પ્રકારે અસંકલેશ કહ્યો છે - ઉપધિ યાવત્ ચારિત્ર અસંકલેશ.***

***[૯૩૭] બળ દશ ભેદે કહ્યું છે — શ્રોત્રેન્દ્રિય બલ યાવત્ સ્પર્શેન્દ્રિય બલ, જ્ઞાનબલ, દર્શનબલ, ચારિત્રબલ, તપબલ, વીર્યબલ.***

● **વિવેચન-૯૩૬,૯૩૭ :-**

[૯૩૬] સંકલેશ-અસમાધિ. સહાય કરાય તે સંયમ અથવા સંયમરૂપ શરીર જેના વડે તે ઉપધિ-વસ્ત્રાદિ વિષયકસંકલેશ તે ઉપધિ સંકલેશ. એ રીતે બીજામાં પણ જાણવું. વિશેષ એ કે — ઉપાશ્રય-વસતિ. કષાયો જ કે કષાયો વડે સંકલેશ તે કષાયસંકલેશ. ભક્તપાન આશ્રિત સંકલેશ તે ભક્તપાન સંકલેશ. મનથી કે મનમાં સંકલેશ. વાણીથી સંકલેશ. કાયાને આશ્રીને સંકલેશ. જ્ઞાનનો સંકલેશ-અવિશુદ્ધયમાનતા તે જ્ઞાન સંકલેશ. એ રીતે દર્શન અને ચારિત્રનો સંકલેશ પણ જાણવો.

હવે વિપક્ષીભૂત અસંકલેશને કહે છે - તે સૂત્ર સુગમ છે.

[૯૩૭] અસંકલેશ જીવને વિશિષ્ટ વીર્યબલ હોય તો થાય છે માટે સામાન્યથી



બલ નિરુપણ કરે છે - શ્રોત્રેન્દ્રિયાદિ પાંચે ઈન્દ્રિયોના બલ-સ્વ અર્થ ગ્રહણ સામર્થ્ય યાવત્ ચક્ષુ ઈન્દ્રિય બલાદિ કહેવું. જ્ઞાનબલ-અતીતાદિ વસ્તુના નિર્ણયનું સામર્થ્ય અથવા ચારિત્રના સાધનપણાથી મોક્ષ સાધનનું સામર્થ્ય. દર્શનબલ-સર્વજ્ઞવચનના પ્રામાણ્યથી અતીન્દ્રિય અને યુક્તિ વડે અગમ્ય એવા પદાર્થના રોચન લક્ષણ. ચારિત્રબલ-જેથી દુષ્કર છતાં પણ સર્વ સંગના વિયોગને આત્મા કરે છે અને જે અનંત, અનાબાધ, એકાંતિક, આત્યંતિક, આત્માને સ્વાધીન એવા આનંદને પ્રાપ્ત કરે. તપબલ-જે અનેક ભવોપાર્જિત, અનેક દુઃખના કારણભૂત નિકાચિત કર્મની ગાંઠને ખપાવે છે. વીર્યબલ-જેથી ગમનાગમનાદિ વિચિત્ર ક્રિયામાં વર્તે અને સમસ્ત કલુષના સમૂહને દૂર કરીને સતત આનંદનું ભાજન થાય છે.

ચારિત્ર બલયુક્ત સત્ય જ બોલે, તેથી સત્યનું નિરુપણ કરે છે—

● **સૂત્ર-૯૩૮ થી ૯૪૨ :-**

***[૯૩૮] સત્ય દશભેદે છે — [૯૩૯] જનપદ, સમ્મત, સ્થાપના, નામ, રૂપ, પ્રતીત્ય, વ્યવહાર, ભાવ, યોગ અને ઔપમ્ય.***

***[૯૪૦] મૃષા દશભેદે છે — [૯૪૧] ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, હાસ્ય, ભય, આખ્યાયિક અને ઉપઘાતનિશ્રિત.***

***[૯૪૨] સત્યામૃષા દશ ભેદે છે — ઉત્પન્નમિશ્ર, વિગતમિશ્ર, ઉત્પન્ન વિગતમિશ્ર, જીવમિત્ર, અજીવમિત્ર, જીવાજીવમિશ્ર, અનંતમિશ્ર, પરિત્તમિશ્ર, અદ્ધામિશ્ર અને અદ્ધદ્ધામિશ્ર.***

● **વિવેચન-૯૩૮ થી ૯૪૨ :-**

[૯૩૮] પ્રાણી, પદાર્થ કે મુનિઓના માટે જે હિત, તે સત્ય. દશભેદે —

[૯૩૯] તેમાં - x - (૧) જનપદ સત્ય-દેશને વિશે જે અર્થ વાચકપણે રૂઢ છે તે અર્થ વાચકપણે દેશાંતરમાં પણ પ્રયોગ કરાતું સત્ય અવિતથ તે જનપદ સત્ય. જેમ કોંકણાદિમાં પયસ્, પિચ, નિર, ઉદકાદિ. એનું સત્યત્વ અદુષ્ટ વિવક્ષાના હેતુત્વથી વિવિધ દેશોમાં ઈષ્ટ અર્થ પ્રાપ્તિને ઉત્પન્ન કરાવનારું અને વ્યવહારની પ્રવૃત્તિથી છે. એ રીતે બીજા સત્યોમાં ભાવના કરવી.

(૨) સંમત સત્ય-સંમત એવું સત્ય કુમુદ-કુવલય-ઉત્પલ-તામરસની સમાન પંકમાં ઉત્પત્તિ હોવા છતાં પણ ગોપાલાદિને સંમત અરવિંદ જ પંકજ કહેવાય છે. આ હેતુથી સંમતપણે 'પંકજ' સત્ય છે. કુવલયાદિમાં પંકજ શબ્દ અસત્ય છે, કેમકે તેમાં સંમતપણું નથી... (૩) સ્થાપના-સ્થપાય છે તે સ્થાપના. જે લેપ્યાદિ કર્મ, અરિહંતાદિના વિકલ્પ વડે સ્થપાય છે. જેમ આ અજિન છતાં જિન છે, અનાચાર્ય છતાં આચાર્ય છે, એમ કહેવાય તે.

(૪) નામસત્ય-નામ એટલે અભિધાન, તે સત્ય. જેમ કુલની વૃદ્ધિ ન કરવા છતાં કુલવર્દ્ધન કહેવાય, એ રીતે ધનવર્દ્ધન... (૫) રૂપસત્ય રૂપની અપેક્ષાએ સત્ય. જેમ પ્રપંચથી પ્રવ્રજિત રૂપને ધારતો પ્રવ્રજિત કહેવાય. તેની અસત્યતા નથી... (૬) પ્રતીત્ય સત્ય-અન્ય વસ્તુને આશ્રીને જે સત્ય તે. જેમ અનામિકાનું દીર્ઘત્વ-

હ્રસ્વત્વ. તે આ રીતે-અનંત પરિણામવાળા દ્રવ્યના સહકારી કારણ સમીપે તે - તે રૂપને પ્રકાશે છે માટે સત્યતા.

(૭) વ્યવહાર સત્ય- વ્યવહાર વડે સત્ય. જેમ પર્વત બળે છે, વાસણ ગળે છે. અહીં પર્વતમાં તૃણાદિ બળે છે, વાસણમાં પાણી ગળે છે, છતાં આવો વ્યવહાર છે... (૮) ભાવસત્ય-અધિક શુક્લાદિ પર્યાયને આશ્રીને જે સત્ય તે. જેમ બગલા ધોળા છે, પાંચે વર્ણોના સંભવ છતાં શુક્લ વર્ણની અધિકતા છે.

(૯) યોગ સત્ય - સંબંધથી સત્ય તે. જેમ દંડના યોગથી દંડ, છત્રના યોગથી છત્ર જ કહેવાય છે... (૧૦) ઔપમ્ય સત્ય - ઉપમા એ જ ઔપમ્ય. તેના વડે જે સત્ય તે. જેમ સમુદ્ર જેવું તળાવ, આ દેવ છે, તું સિંહ છે.

[૯૪૦] સત્યના વિપક્ષરૂપ મૃષાને કહે છે. મૃષા એટલે અનૃત, અસત્ય.

[૯૪૧] તે આ — (૧) ક્રોધમાં નિશ્રિત, આ સંબંધથી ક્રોધાશ્રિત-કોપાશ્રિત મૃષા, તે જેમ ક્રોધથી પરાભવ પામી અદાસને પણ દાસ કહે. (૨) માનમાં નિશ્રિત - જેમ માનથી ધમધમતો કોઈ પૂછે ત્યારે અલ્પધની છતાં હું મહાધની છું કહે. (૩) માયામાં નિશ્રિત-જેમ માયા કરનાર આદિ કહે - પિંડ નાશ થયો.

(૪) લોભમાં નિશ્રિત - જેમ વણિક આદિનું વચન, ઓછા મૂલ્યે ખરીદ્યુ હોય છતાં વધુ મૂલ્યે ખરીદ્યુ કહે. (૫) પ્રેમમાં નિશ્રિત-અતિ રક્તનું વચન, જેમ હું તારો દાસ છું. (૬) દ્વેષમાં નિશ્રિત-ઈર્ષ્યાળુ ગુણવાન્‌ને નિર્ગુણ કહે. (૭) હાસ્યમાં નિશ્રિત-જેમ કંદર્પિક કોઈનો કોઈ સંબંધ ગ્રહણ કરાયે પકડાયે છતે પૂછવાથી નથી જોયું એમ કહે. (૮) ભયમાં નિશ્રિત-પકડાયેલ ચોરાદિનું તેમ તેમ અસમંજસ બોલવું. (૯) આખ્યાયિકામાં નિશ્રિત - તે કથામાં પ્રતિબદ્ધ અસત્પ્રલાપ. (૧૦) ઉપઘાત-પ્રાણીના વધમાં નિશ્રિત, એ દશમું મૃષા, ચોર ન હોય તેને ચોર છે એવું અભ્યાખ્યાન વચન.

[૯૪૨] સત્ય-અસત્ય બંનેના યોગમાં મિશ્રવચન થાય તે કહે છે — સત્ય અને મૃષા તે 'સચ્ચામોસં'. તેમાં (૧) ઉત્પન્ન મિશ્ર-ઉત્પન્ન વિષયક મિશ્ર તે. - x - જેમ એક નગરને આશ્રીને, અહીં દશ બાળકો ઉત્પન્ન થયા એમ કહે તો ન્યૂનાધિક જન્મમાં વ્યવહારથી એનું સત્યમૃષાત્વ હોવાથી કાલે તને સો રૂપિઆ આપીશ એમ કહીને ૫૦ આપે તો લોકમાં તેનું મૃષાત્વ જણાતું નથી અને નહીં આપેલને વિશે મૃષાત્વની સિદ્ધિ થવાથી કેમકે સર્વથા ક્રિયાના અભાવ વડે સર્વથા વિપરીતત્વથી. એ રીતે બધે કહેવું.

(૨) વિગત મિશ્ર-વિગત વિષય મિશ્ર, જેમ એક ગામને આશ્રીને આ નગરમાં આજે દશ વૃદ્ધો મરણ પામ્યા, ન્યૂનાધિક હોય તો તે મિશ્રવચન.

(૩) ઉત્પન્ન વિગતમિશ્ર-ઉત્પન્ન અને વિગત, બંને વિષયવાળું મિશ્ર તે. જેમ એક નગરને આશ્રીને દશ બાળક જન્મ્યા, દશ વૃદ્ધો મર્યા.

(૪) જીવમિશ્ર-જીવ વિષયક મિશ્ર, જેમ જીવતા અને મરેલા કૃમિની રાશિમાં જીવરાશિ છે તેમ કહેવું... (૫) અજીવમિત્ર-અજીવોને આશ્રીને જે મિશ્ર તે. જેમ તે જ ઘણામૃત કૃમિરાશિને વિશે તે અજીવરાશિ છે તેમ કહેવું... (૬) જીવાજીવ મિશ્ર-





જીવ અજીવના વિષયવાળું મિશ્ર, જેમ તે જ જીવતાં-મરેલા કૃમિઓની રાશિમાં પ્રમાણથી આટલાં જીવતા-આટલાં મરેલા છે તેમ કહેવું.

(૭) અનંતમિશ્ર - અનંતના વિષયવાળું મિશ્ર. જેમ પ્રત્યેક પત્રાદિવાળા કંદમૂલાદિને વિશે આ અનંતકાય છે એમ બોલે તે... (૮) પરીતમિશ્ર - પરિત વિષયક મિશ્ર, જેમ અનંતકાયના લેશવાળા પ્રત્યેકમાં આ પ્રત્યેક છે એમ બોલે... (૯) અદ્ધામિશ્ર - કાલ વિષયક સત્યાસત્ય, જેમ કોઈ કંઈક પ્રયોજનમાં સહાયક પ્રત્યે પ્રેરણા કરતો કે પરિણત પ્રાયઃ દિવસ છતાં રાત્રિ વર્તે છે એમ કહે... (૧૦) અદ્ધદ્ધામિશ્ર - અદ્ધા એટલે દિવસ કે રાત્રિ. તેનો એક દેશ - પ્રહરાદિ તે અદ્ધદ્ધા, તેના વિષયમાં મિશ્ર તે. જેમ કોઈ કંઈક પ્રયોજનમાં પ્રહર માત્રમાં જ મધ્યાહ્ન થયો એમ કહે તે મિશ્રવચન છે.

ભાષા અધિકારથી સકલ ભાષણીય અર્થ વ્યાપક સત્યભાષારૂપ દૃષ્ટિવાદને પર્યાયથી દશ પ્રકારે કહે છે—

● **સૂત્ર-૯૪૩ :-**

***દૃષ્ટિવાદના દશ નામો કહેલા છે — દૃષ્ટિવાદ, હેતુવાદ, ભૂતવાદ, તત્ત્વવાદ, સમ્યગ્‌વાદ, ધર્મવાદ, ભાષાવિચય, પૂર્વગત, અનુયોગગત અને સર્વ પ્રાણ-ભૂત-જીવ-સત્ય સુખાવહ.***

● **વિવેચન-૯૪૩ :-**

દૃષ્ટિ-દર્શન. બોલવું તે વાદ. તે દૃષ્ટિવાદ. દૃષ્ટિનું પડવું. જેમાં તે દૃષ્ટિપાત અર્થાત્ સર્વે નયની દૃષ્ટિઓ અહીં કહેવાય છે. તેના દશનામો છે તે આ — (૧) દૃષ્ટિવાદ-પ્રતિપાદન કર્યો છે. વા શબ્દ વિકલ્પમાં છે..

(૨) હેતુવાદ - જિજ્ઞાસિત અર્થને જણાવે તે હેતુ - અનુમાનને ઉત્પન્ન કરનારું લિંગ અથવા ઉપચારથી અનુમાન જ, તેનો જે વાદ.. (૩) ભૂતવાદ-સદ્‌ભૂત પદાર્થોનો વાદ તે.. (૪) તત્ત્વવાદ-વસ્તુના સારભૂત ભાવો, તેનો વાદ તે. અથવા તથ્ય એટલે સત્ય, તેનો વાદ તે તથ્યવાદ.

(૫) સમ્યક્ - અવિપરીતવાદ તે સમ્યગ્‌વાદ.. (૬) ધર્મ-વસ્તુના પર્યાયોનો વાદ અથવા ચારિત્રધર્મનો વાદ તે ધર્મવાદ.. (૭) સત્યાદિ ભાષા તેનો વિચય-નિર્ણય તે ભાષા વિચય અથવા ભાષા-વાણીનો વિજય તે ભાષાવિજય.. (૮) બધાં શ્રુતોથી પૂર્વે રચાય છે, તે પૂર્વો-ઉત્પાતાદિ ચૌદ. તેમાં ગત-અભ્યંતરીભૂત અર્થાત્ તેનો સ્વભાવ તે પૂર્વગત.

(૯) અનુયોગ-તીર્થંકરાદિના પૂર્વભવાદિના વ્યાખ્યાન ગ્રંથરૂપ પ્રથમાનુયોગ અને ભરતરાજાના વંશજોના મોક્ષગમન અને અનુત્તર વિમાન-ગમનની વક્તવ્યતારૂપ વ્યાખ્યાન ગ્રંથરૂપ ગંડિકાનુયોગ એમ બે રૂપે અનુયોગમાં રહેલ. આ પૂર્વગત અને અનુયોગગતરૂપ બે નામ દૃષ્ટિવાદના અંશરૂપ છે તો પણ દૃષ્ટિવાદપણે કહ્યા, તે અવયવમાં સમુદાયનો ઉપચાર કરવાથી. (૧૦) સર્વે તે પ્રાણો - દ્વીન્દ્રિયાદિ, ભૂતો-વનસ્પતિ, જીવો-પંચેન્દ્રિયો, સત્વો-પૃથ્વી આદિ. - x - તેઓને સુખ અથવા શુભ પ્રત્યે

લઈ જાય છે તે સર્વે પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ સુખાવહ અને સુખાવહત્વ તો સંયમના પ્રતિપાદકત્વથી તથા સત્ત્વોને નિર્વાણના હેતુપણાથી છે... — પ્રાણીઓ આદિને દૃષ્ટિવાદ અશસ્ત્રરૂપ હોવાથી સુખાવહ છે અને શસ્ત્ર દુઃખાવહ છે, માટે શસ્ત્ર પ્રરૂપણા—

● **સૂત્ર-૯૪૪ થી ૯૪૯ :-**

***[૯૪૪] શસ્ત્ર દશ ભેદે કહ્યા છે — [૯૪૫] અગ્નિ, વિષ, લવણ, સ્નેહ, ક્ષાર, અમ્લ, દુષ્પ્રયુક્ત-મન, વચન, કાયા, અવિરતિ ભાવ.***

***[૯૪૬] દોષ દશ ભેદે કહ્યા છે — [૯૪૭] તજ્જાત દોષ, મતિભંગદોષ, પ્રશાસ્તૃદોષ, પરિહરણદોષ, સ્વલક્ષણ, કારણ, હેતુ, સંક્રમણ, નિગ્રહ, વસ્તુ.***

***[૯૪૮] વિશેષ દશ ભેદે કહ્યા છે — [૯૪૯] વસ્તુ, તજ્જાતદોષ, એકાર્થિક, કારણ, પ્રત્યુત્પન્ન, દોષ નિત્ય, અધિક, આત્મા વડે, ઉપનીત-દશ વિશેષો.***

● **વિવેચન-૯૪૪ થી ૯૪૯ :-** *સૂત્ર ૯૪૬ થી ૯૪૯નો વૃત્તિ અનુસાર અક્ષરશઃ અનુવાદ જરૂર કર્યો છે, પણ અમને કંઈ સમજાયેલ નથી.*

[૯૪૪] જેના વડે હિંસા કરાય તે શસ્ત્ર... [૯૪૫] શસ્ત્ર-હિંસક વસ્તુ, બે ભેદે છે - દ્રવ્યથી અને ભાવથી. તેમાં પહેલા દ્રવ્યથી કહેવાય છે—

(૧) અગ્નિ-અનલ, તે બીજા અગ્નિની અપેક્ષાએ સ્વકાય શસ્ત્ર છે અને પૃથ્વી આદિની અપેક્ષાએ પરકાયશસ્ત્ર છે.. (૨) વિષ-સ્થાવર અને જંગમ ભેદે... (૩) લવણ-પ્રસિદ્ધ છે.. (૪) સ્નેહ-તેલ, ઘી.. (૫) ક્ષાર-ભસ્માદિ.. (૬) અમ્લ-કાંજી.

ભાવ, તે ભાવરૂપ શસ્ત્ર — (૭) દુષ્પ્રયુક્ત-અકુશલ મન.. (૮) દુષ્પ્રયુક્ત વાણી.. (૯) દુષ્પ્રયુક્ત કાયા, અહીં કાયાની હિંસાપ્રવૃત્તિમાં ખડ્ગાદિ ઉપકરણ હોવાથી કાય શબ્દના ગ્રહણથી તેનું ગ્રહણ.. (૧૦) અવિરતિ-અપ્રત્યાખ્યાન કે તે ભાવ.

[૯૪૬] અવિરતિ આદિ દોષો, શસ્ત્ર છે એમ કહ્યું, દોષના પ્રસ્તાવથી દોષ વિશેષનું નિરુપણ કરે છે — [૯૪૭] આ દોષો ગુરુ-શિષ્ય, વાદી-પ્રતિવાદીના સંબંધી વાદના આશ્રયની જેમ જણાય છે. તેમાં (૧) ગુરુ આદિની જાતિ કે પ્રકાર, જન્મ-મર્મ-કર્માદિ લક્ષણ તે તજ્જાત, તે જ દૂષણે કરીને દોષ તે તજ્જાત દોષ અર્થાત્ તથાવિધ કુલાદિ વડે દૂષણ દેવું અથવા પ્રતિવાદી પાસેથી ઉત્પન્ન ક્ષોભથી ન બોલવું આદિ લક્ષણવાળો દોષ તે તજ્જાત દોષ.

(૨) પોતાની જ મતિનો વિનાશ તે મતિભંગ અર્થાત્ વિસ્મૃતિ આદિ લક્ષણ દોષ તે મતિભંગ દોષ.. (૩) પ્રશાસ્તા-અનુશાસક-મર્યાદા કરનાર સભાનાયક કે સભ્ય, તેથી દ્વેષથી કે ઉપેક્ષાથી પ્રતિવાદીને જય આપવારૂપ દોષ અથવા વિસ્મૃત પ્રમેય પ્રતિવાદીને પ્રમેય સ્મારણાદિ તે પ્રશાસ્તૃ દોષ.

(૪) અહીં 'ત્થા' શબ્દ લઘુશ્રુતિરૂપ છે તથા પરિહરણ-સેવવું અર્થાત્ સ્વદર્શન સ્થિતિથી કે લોકરૂઢિથી અનાસેવ્યનું સેવવું તે પરિહરણ દોષ અથવા પરિહરણ-આસેવન અર્થાત્ સભાની રૂઢિ વડે સેવ્ય વસ્તુનું ન સેવવું તે જ કે તેથી જે દોષ, તે પરિહરણ દોષ અથવા વાદીએ સ્થાપન કરેલ દૂષણને અયથાર્થ પરિહાર કરવાવાળો ઉત્તર તે પરિહરણ દોષ. *[વૃત્તિકારશ્રીએ અહીં દૃષ્ટાંતરૂપે બૌદ્ધમત, મિમાંસક દ્વારા તેનો*



*પરિહાર, તેમનું અસમ્યક્ પરિહારપણું ઇત્યાદિ નોંધેલ છે, જેનો અમે અનુવાદ કરેલ નથી. જિજ્ઞાસુઓએ તત્સંબંધી તજ્જ્ઞો પાસે જ સમજવું.]*

(૫) અન્યને દૂર કરીને ચોક્કસ કરાય છે વસ્તુ જેના વડે તે લક્ષણ, પોતાનું જે લક્ષણ તે સ્વલક્ષણ. જેમ જીવનું લક્ષણ ઉપયોગ અથવા જેમ પ્રમાણનું લક્ષણ સ્વ અને પરના પ્રકાશરૂપ જાણવાપણું.

(૬) કરે છે તે કારણ - પરોક્ષ અર્થ સંબંધી નિર્ણયના નિમિત્તરૂપ ઉપપત્તિ માત્ર. જેમ નિરુપમ સુખવાળો સિદ્ધ જીવ છે. અનાબાધ જ્ઞાનના પ્રકર્ષથી. અહીં સમસ્ત લોકને પ્રસિદ્ધ સાધ્યસાધન ધર્મ્મને અનુરૂપ દૃષ્ટાંત નથી. માટે ઉપપત્તિ માત્રતા છે. દૃષ્ટાંતના સદ્‌ભાવમાં હેતુ વ્યપદેશ થાય.

(૭) સાધ્યના સદ્‌ભાવનો ભાવ અને તેના અભાવરૂપ લક્ષણને જણાવે છે તે હેતુ, - x - તેથી સ્વલક્ષણ દોષ, કારણદોષ, હેતુદોષ. - x - અથવા લક્ષણની સાથે જે કારણ અને હેતુ તે બંનેનો દોષ આ સમાસ છે, તેમાં લક્ષણ દોષ અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિરૂપ છે. તેમાં અવ્યાપ્તિ આ પ્રમાણે — જે અર્થની સમીપથી અને દૂરથી જ્ઞાનના પ્રતિભાસનો ભેદ તે સ્વલક્ષણ. આ સ્વલક્ષણ નામે લક્ષણ છે. આ ઇન્દ્રિય વડે પ્રત્યક્ષને આશ્રીને હોય. પણ આત્મિક નહીં. યોગજ્ઞાન [આત્મિકમાં] સમીપ અને દૂરથી પ્રતિભાસનો ભેદ નથી. આ હેતુથી યોગજ્ઞાનની અપેક્ષાએ કંઈપણ સ્વલક્ષણ નહીં થાય.

અતિવ્યાપ્તિ આ પ્રમાણે — અર્થોપલબ્ધિ હેતુ તે પ્રમાણ, એ પ્રમાણ લક્ષણ છે. અહીં અર્થની ઉપલબ્ધિના હેતુભૂત ચક્ષુ, દહીં, ઓદન વગેરે ભોજનના અનંતત્વને લઈને પ્રમાણ કરવા યોગ્ય નહીં થાય. અથવા દાર્ષ્ટાન્તિક પદાર્થ, જેના વડે જણાય છે તે લક્ષણ — દૃષ્ટાંત, તેનો દોષ સાધ્ય વિકલત્વાદિ, તે દૃષ્ટાંત દોષ. તેમાં સાધ્ય વિકલતા જેમ શબ્દ નિત્ય છે, મૂર્તપણાથી ઘટની જેમ. અહીં ઘટમાં નિત્યપણું નથી. કારણદોષ-સાધ્ય પ્રત્યે તેનો વ્યભિચાર, જેમ અપૌરુષેય વેદ છે. કેમકે વેદના કારણનું અશ્રૂયમાણત્વ છે. અહીં અશ્રૂયમાનત્વ તો કારણાંતરથી પણ સંભવે છે.

હેતુ દોષ — અસિદ્ધ, વિરુદ્ધ, અનૈકાંતિક લક્ષણ છે. તેમાં અસિદ્ધ. જેમ શબ્દ અનિત્ય છે, ચક્ષુ વડે પ્રત્યક્ષ હોવાથી, ઘટની જેમ. અહીં શબ્દમાં ચક્ષુ વડે જોવાનું સિદ્ધ નથી, વિરુદ્ધ, જેમ શબ્દ નિત્ય છે. કૃતકપણાથી ઘટની જેમ. અહીં ઘટમાં કૃતકત્વ નિત્યત્વથી વિરુદ્ધ છે અને અનિત્યપણાને જ સાધનારું છે. અનૈકાંતિક, જેમ-શબ્દ નિત્ય છે. પ્રમેયપણાથી આકાશની જેમ. અહીં પ્રમેયત્વ અનિત્યપણામાં પણ વર્તે છે, તેથી સંશય જ છે.

(૮) સંક્રામણ દોષ - પ્રસ્તુત પ્રમેયમાં અપ્રસ્તુત પ્રમેયનું પ્રવેશવું અર્થાત્ વિષયાંતરમાં જવું અથવા પ્રતિવાદીના મતમાં પોતાનું સંક્રામવું અર્થાત્ પરમતની સન્મુખ પોતાનું જ્ઞાન તે જ દોષ છે.

(૯) નિગ્રહ-છલાદિ વડે પરાજય સ્થાન તે જ દોષ તે નિગ્રહદોષ.

(૧૦) સાધ્યધર્મ અને સાધનધર્મ એ બંને અહીં વસે છે તે વસ્તુ-પ્રકરણથી

પક્ષ. તેનો દોષ તે વસ્તુ દોષ - પ્રત્યક્ષથી નિરાકરણપણું આદિ. જેમ અશ્રાવણ શબ્દ છે. અહીં શબ્દમાં ન સાંભળવાપણાનું નિરાકરણ છે.

[૯૪૮] ઉક્ત સામાન્યથી કહેલા, તજ્જાતાદિ દોષોને અને તેથી બીજા પદાર્થો સામાન્ય, વિશેષરૂપવાળા વિદ્યમાન છે, તે વિશેષને કહે છે.

[૯૪૯] વિશેષ-ભેદ-વ્યક્તિ આ એકાર્થવાચક છે. દોઢ શ્લોક છે –

વસ્તુ એટલે પૂર્વના સૂત્રના અંતે કહેલ જે પક્ષ અને तज्जातं એટલે તે પૂર્વના સૂત્રની જ આદિમાં કહેલ પ્રતિવાદીની જાતિ આદિ, તદ્ વિષયક દોષ તે વસ્તુ તજ્જાતદોષ. તેમાં વસ્તુ દોષ - પક્ષ દોષ, તજ્જાતદોષ તે જાત્યાદિ હીલના કરવી. આ બંને વિશેષ દોષો, સામાન્યની અપેક્ષાએ છે અથવા વસ્તુ દોષ વિષયમાં વિશેષ – ભેદ પ્રત્યક્ષ નિરાકરણપણું આદિ. તેમાં પ્રત્યક્ષથી નિરાકરણ કરેલ, જેમ-અશ્રાવણ શબ્દ, અનુમાનથી નિરાકરણ કરેલ, જેમ નિત્ય શબ્દ. પ્રતીતિ વડે નિરાકૃત, જેમ અચંદ્ર શશી. સ્વવચન વડે નિરાકૃત. જે હું કહું છું તે મિથ્યા છે. લોકરુઢિ નિરાકૃત, જેમ મનુષ્યનું કપાળ પવિત્ર છે. તજ્જાતદોષ વિષયમાં પણ ભેદ, જન્મ, મર્મ, કર્માદિથીદ્ છે.

જન્મદોષ કથા - કચ્છ દેશોત્પન્ન ઘોડીમાં જે ગર્દભના સંયોગથી ઘોડો ઉત્પન્ન થયો તેને મહાજન મધ્યે વર્તન પ્રગટ થાય છે ઇત્યાદિ.

दोस० પૂર્વોક્ત સૂત્રમાં મતિભંગાદિ આઠ શેષ દોષો કહ્યા. તે અહીં દોષ શબ્દ વડે સંઘર્યા છે. તે દોષો સામાન્ય દોષની અપેક્ષાએ વિશેષ હોય છે જ માટે દોષ-વિશેષ છે અથવા શેષ દોષોના વિષયમાં વિશેષ-ભેદ છે. તે અનેક પ્રકારે સ્વયં સમજી લેવો.

એક એવો આ અર્થ - અભિધેય તે એકાર્થ છે, તે છે જેનો તે એકાર્થિક અર્થાત્ એકાર્થવાચક. - x - x - તે સામાન્ય શબ્દાપેક્ષાએ એકાર્થિક નામ-વાળો શબ્દ, વિશેષ હોય છે, જેમ ઘટ તથા અનેકાર્થવાળો શબ્દ જેમ ગૌઃ યથોક્તં-દિશામાં, નેત્રમાં, વાણીમાં, જલમાં, પૃથ્વીમાં, સ્વર્ગમાં, વજ્રમાં, અંશુમાં, પશુમાં આ નવ અર્થમાં શબ્દ છે. ગો શબ્દ છે. અહીં એકાર્થિક વિશેષના ગ્રહણ વડે અનેકાર્થિક વિશેષ પણ ગ્રહણ કરેલ સમજવો. કેમકે તેનું વિપરીતપણું છે, પણ તે અહીં ગ્રહણ ન કરાય, કેમકે અહીં દશ સ્થાન અનુરોધ છે અથવા કથંચિત્ એકાર્થિક શબ્દના સમૂહમાં જે કથંચિત્ ભેદ છે તે વિશેષ થાય છે. આ પ્રક્રમ છે. ઇત્યાદિ - x - x -

કાર્ય કારણાત્મક વસ્તુના સમૂહમાં કારણ એ વિશેષ છે. કાર્ય પણ વિશેષ હોય છે, પણ તે અહીં કહ્યું નથી. કેમકે દશ સ્થાનકનું વર્ણન છે. અથવા કારણના વિષયમાં વિશેષ-ભેદ, જેમકે – પરિણામીકારણ માટીનો પિંડ છે. અપેક્ષા કારણ, દિશા, દેશ, કાલ, આકાશ પુરુષ, ચક્રાદિ અથવા ઉપાદાન કારણ માટી વગેરે અને નિમિત કારણ કુંભારાદિ, સહાકારીકારણ ચક્ર, ચીવરાદિ. એ રીતે અનેકવિધ કારણ છે. અથવા દોષ શબ્દના સંબંધથી પૂર્વે વ્યાખ્યા કરેલ કારણદોષ સામાન્યની અપેક્ષાએ વિશેષ છે.

પ્રત્યુત્પન્ન-વર્તમાનસંબંધી અર્થાત્ પૂર્વે ન થયેલ દોષ-ગુણથી વિપક્ષભૂત. તે



અતીતાદિ સામાન્ય દોષની અપેક્ષાએ વિશે છે અથવા સર્વથા વસ્તુનો સ્વીકાર કર્યા છતા વિશેષ દોષ જે અકૃત-અભ્યાગમ અને કૃતવિપ્રનાશ ઇત્યાદિરૂપ સામાન્ય દોષની અપેક્ષાએ વિશેષ દોષ છે.

નિત્યદોષ-અભવ્યના જે મિથ્યાત્વાદિ, અનાદિ અપર્યવસિત હોવાથી તે દોષ, સામાન્યની અપેક્ષાએ વિશેષ છે અથવા સર્વથા વસ્તુમાં નિત્ય પક્ષ સ્વીકારતા જે દોષ બાલ-કુમારાદિ અવસ્થાના અભાવ પ્રાપ્તિ લક્ષણ, તે સામાન્યની અપેક્ષાએ વિશેષ હોય છે.

અકારના પ્રશ્લેષથી અધિક-વાદ કાલમાં જે અધિક દૃષ્ટાંત અને નિગમન આદિ બીજાને જણાવવું તે અધિક દોષ છે કારણ કે તેના વિના જ પ્રતિપાદન કરવા યોગ્ય અર્થની પ્રતીતિ થવાથી તેના કથનનું નિરર્થકપણું છે. કહ્યું છે કે – જિનવચન સિદ્ધ એટલે સત્ય જ છે, ક્યાંક ઉદાહરણ કહેવાય છે, શ્રોતાને આશ્રિને ક્યાંક હેતુ પણ કહેવાય છે. ક્યાંક પંચાવયવ વાક્ય કહેવાય અથવા ક્યાંક દશધા વાક્ય કહેવાય, પણ સર્વથા પ્રતિષેધ નથી. તેથી અધિક દોષ, દોષના વિશેષત્વથી વિશેષ છે અથવા અધિક દૃષ્ટાંતાદિ હોતા જેમ દોષ-વાદીનું દૂષણ, તે પણ દોષ વિશેષ છે.

अत्तण - આત્મા વડે કરેલ. उपनीत - બીજા વડે અપાયેલ. સામાન્ય વસ્તુની અપેક્ષાએ આત્મકૃત્ વિશેષ છે અને બીજાએ આપેલ તે અપર વિશેષ છે. च કાર અને વિશેષ શબ્દનો પ્રયોગ ભાવના વાક્યમાં બતાવેલ છે અથવા દોષ શબ્દની અનુવૃત્તિથી પોતાનો કરાયેલ દોષ અને બીજાએ આપેલ દોષ એ બંને સામાન્ય દોષની અપેક્ષાએ વિશેષ છે - x - x -

*૦ આ સૂત્ર ૯૪૯નું વૃત્તિનો અક્ષરશઃ અનુવાદ કર્યો છે, પણ કંઈ સમજાતો નથી.*

અહીં ઉક્ત સ્વરૂપવાળા વિશેષાદિ ભાવો અનુયોગથી ગમ્ય છે અને અનુયોગ અર્થથી અને વચનથી છે. તેમાં અર્થથી अहिंसा संजमो तवो છે અને વચનાનુયોગ તો એનો જ શબ્દને આશ્રીને વિચારે છે, તેથી તેને કહે છે.

● **સૂત્ર-૯૫૦ :-**

***દશ પ્રકારે શુદ્ધ વાગનુયોગ કહે છે, તે આ – ચંકાર, મંકાર, પિંકાર, સેતંકાર, સાતંકાર, એકત્વ, પૃથક્ત્વ, સંયૂથ, સંક્રામિત અને ભિન્ન.***

● **વિવેચન-૯૫૦ :-**

શુદ્ધ-અનપેક્ષિત વાક્યાર્થવાળી જે વાણી અર્થાત્ સૂત્ર, તેનો વિચાર તે શુદ્ધ વાગનુયોગ. - x - તેમાં ચકારાદિ શુદ્ધ વાચાનો જે અનુયોગ તે ચકારાદિ જ કહેવા યોગ્ય છે. તેમાં ચંકારમાં અનુસ્વાર અલાક્ષણિક છે.

(૧) चंकार - ચકાર એવો અર્થ છે, તેનો અનુયોગ તે ચકારાનુયોગ. જેમ - च શબ્દ સમાહાર, ઇતરેતરયોગ, સમુચ્ચય, અન્વાચય, અવધારણ, પાદપૂરણ અને અધિક વચનાદિમાં છે. જેમ इत्थीओ सयणाणिय - અહીં સૂત્રમાં ચકાર સમુચ્ચય અર્થમાં છે કારણ ? સ્ત્રીઓ અને શયનોની અપરિભોગ્યતાનું તુલ્યપણું પ્રતિપાદન કરવા માટે છે.

(૨) मंकार - મકાર અનુયોગ, જેમ समणं व माहणं वा. અહીં मा શબ્દ નિષેધાર્થમાં છે અથવા जेणामेव समणे भगवं महावीरे तेणामेव આ સૂત્રમાં कार આગમિક છે. तेणामेव વડે વિવક્ષિત અર્થપ્રતીત છે.

(૩) पिंकार - अ કારના લોપદર્શનથી અને અનુસ્વાર આગમથી अपि શબ્દ કહેલ છે. તેનો અનુયોગ. જેમ अपि શબ્દ સંભાવના, નિવૃત્તિ, અપેક્ષા, સમુચ્ચય, ગર્હા, શિષ્યામર્ષણ, ભૂષણ, પ્રશ્ન આદિમાં છે. તેમાં एवंपि एगे आसासे માં આ રીતે અને બીજી રીતે પણ એમ પ્રકારાંતર સમુચ્ચય છે.

(૪) सेयंकर - અહીં પણ अयंकार અલાક્ષણિક છે, તેથી सेकार શબ્દ છે તેનો-અનુયોગ. જેમ से भिक्खु वा. અહીં શબ્દ अथ અર્થવાળો છે अथ શબ્દ-પ્રક્રિયા, પ્રશ્ન, આનંતર્ય, મંગલ, ઉપન્યાસ, પ્રતિવચન, સમુચ્ચયમાં એ રીતે આનંતર્ય અર્થવાળો છે. से શબ્દ ક્યાંક असौ અર્થમાં છે ક્યાંક तस्य અર્થમાં છે અથવા सेयंकार - શ્રેયનું કરવું તે શ્રેયસ્કાર. તેનો અનુયોગ. જેમ - सेयं मे अहिज्जिउं अज्झयणं આ સૂત્રમાં શ્રેય અતિશયપણે પ્રશંસા યોગ્ય, કલ્યાણ આ અર્થ છે. અથવા रोयकाले अकम्मं वावि भवइ. અહીં सेय શબ્દ ભવિષ્યત્ અર્થવાળો છે.

(૫) सायंकार - सायं આ નિપાત શબ્દ સત્ય અર્થવાળો છે, તેથી છાંદસત્વથી कार પ્રત્યય છે અથવા કરવું તે कार તેથી सायंकार તેનો અનુયોગ જેમ સત્ય છે તેમ વચનના સદ્‌ભાવરૂપ પ્રશ્નમાં છે. - x -

(૬) एगत्त - એકવચન, તેનો અનુયોગ. જેમ सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः અહીં એકવચન સમ્યગ્‌દર્શનાદિનું એક મોક્ષમાર્ગપણું જણાવવા માટે છે અને અસમુદિતપણામાં મોક્ષમાર્ગપણું નથી - x -

(૭) पृथक्त्व - ભેદ અર્થાત્ દ્વીવચન કે બહુવચનમાં, તેનો અનુયોગ-જેમ धम्मत्थिकाये धम्मत्थिकायदेसे धम्मत्थिकायप्पदेसा - આ સૂત્રમાં “ધર્માસ્તિકાયના પ્રદેશો” આ બહુવચન અસંખ્યાતત્વ બતાવવા છે.

(૮) संजूह - સંગત, યુક્ત અર્થવાળા યૂથ - પદોનો કે બે પદનો સમૂહ તે સંયૂથ અર્થાત્ સમાસ. તેનો અનુયોગ. જેમ सम्यग्दर्शनशुद्धं - સમ્યગ્ દર્શન વડે, સમ્યગ્દર્શન માટે અથવા સમ્યગ્‌દર્શનથી જે શુદ્ધ તે સમ્યગ્‌દર્શન શુદ્ધ. ઇત્યાદિ અનેક પ્રકારે સમાસ છે.

(૯) संकामिय - સંક્રામિત-વિભક્તિ, વચનાદિના અંતરપણાએ પરિણામને પામેલ, તેનો અનુયોગ. જેમ साहूणं वंदणेण, नासति पावं असंकिया भावा. અહીં साहूणं-साधुनाम् એ છઠ્ઠીને साधूभ्यः એ રીતે પંચમી વિભક્તિરૂપે વિપરિણામ કરીને અશંકિત ભાવો થાય છે, આ પદનો સંબંધ કરવો. તથા अच्छंदा जे न भुंजंति, न से चाइत्ति वुच्चइ - માં એકવચનનો બહુવચનપણે પરિણામ કરીને પદની ઘટના કરવી.

(૧૦) भिन्न - ક્રમ, કાલ, ભેદાદિથી ભિન્ન-જુદું વચન, તેનો અનુયોગ. જેમ तिविहं तिविहेणं. એ સંગ્રહવચન કહીને ફરીથી मणेणं ઇત્યાદિથી तिविहेणं એમ વિવરણ કર્યુ. એ રીતે ક્રમ ભિન્ન છે. ક્રમ વડે જ तिविहं આ કરું નહીં ઇત્યાદિ વડે



વિવરણ કરીને પછી तिविहेण વિવરણ કરવા યોગ્ય હોય છે એ રીતે ક્રમ ભિન્નનો આ અનુયોગ છે. યથાક્રમ વિવરણમાં યથાસંખ્ય દોષ થાય, માટે તે દોષના પરિહાર માટે ક્રમભેદ કહે છે - x - x - તથા કાલભેદ - અતીતાદિનો નિર્દેશ પ્રાપ્ત થતા વર્તમાનાદિ નિર્દેશ. જેમ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ આદિમાં ઋષભસ્વામીને આશ્રીને सक्के देविंदे देवराया वंदति नमंसति એમ સૂત્રમાં છે તેનો અનુયોગ. આ વર્તમાન નિર્દેશ ત્રણે કાળમાં થનારા તીર્થંકરોને વિશે પણ આ ન્યાય દર્શાવવાને છે.

- x - x - વચન અનુયોગથી અર્થાનુયોગ પ્રવર્તે છે, માટે દાનલક્ષણ અર્થના ભેદો સંબંધી અનુયોગને કહે છે—

**● સૂત્ર-૯૫૧ થી ૯૫૬ :-**

***[૯૫૧] દાન દશભેદે કહ્યું છે — [૯૫૨] અનુકંપા, સંગ્રહ, ભય, કારુણ્ય, લજ્જા, ગારવ, અધર્મ, ધર્મ, કરશે (એ આશાથી), કૃતદાન.***

***[૯૫૩] ગતિ દશ ભેદે કહી છે. તે આ — નરકગતિ, નરકવિગ્રહગતિ, તિર્યંચગતિ, તિર્યંચવિગ્રહગતિ યાવત્ સિદ્ધિગતિ, સિદ્ધિવિગ્રહગતિ.***

***[૯૫૪] મુંડો દશ કહ્યા છે — શ્રોત્રેન્દ્રિય મુંડ યાવત્ સ્પર્શનેન્દ્રિય મુંડ, ક્રોધમુંડ યાવત્ લોભમુંડ અને દશમો શિરમુંડ.***

***[૯૫૫] સંખ્યાન દશ પ્રકારે કહ્યું છે — [૯૫૬] પરિકર્મ, વ્યવહાર, રજ્જુ, રાશિ, કલાંશવર્ણ, યાવત્-તાવત્, વર્ગ, ઘન, વર્ગવર્ગ, કલ્પ.***

**● વિવેચન-૯૫૧ થી ૯૫૬ :-**

[૯૫૧,૯૫૨] દશ ભેદે દાન — (૧) દાન શબ્દના સંબંધથી અનુકંપા વડે કે કૃપા વડે - દીન, અનાથના વિષયવાળું દાન તે અનુકંપા દાન - x - તે ઉપચારથી અનુકંપા જ છે. ઉમાસ્વાતિ જ કહે છે — કૃપણ, અનાથ, દરિદ્ર, કષ્ટ પ્રાપ્ત, રોગ-શોકથી હણાયેલ એવાને કૃપાના અર્થથી દેવાય તે અનુકંપાદાન.

(૨) સંગ્રહવું તે સંગ્રહ. કષ્ટાદિમાં સહાય કરવાને જે દાન તે સંગ્રહદાન અથવા અભેદથી દાન પણ સંગ્રહ કહેવાય છે. ઉત્કર્ષમાં કે કષ્ટમાં જે કંઈ સહાય માટે દાન અપાય છે તે દાન, મુનિઓએ સંગ્રહ માન્યો છે, મોક્ષાર્થે નહીં.

(૩) ભયથી આપવું તે અથવા ભયના નિમિત્તથી જે દાન તે ભયદાન છે. કહ્યું છે — રાજા, કોટવાળ, પુરોહિત, મધુમુખ, મલ્લ, દંડપાશીને - x - દેવાતું દાન.

(૪) કારુણ્ય-શોકથી, પુત્રવિયોગાદિ જનિત શોકથી ભવાંતરમાં સુખી થાઓ એવી વાસનાથી તેની જ શય્યા આદિનું દાન તે કારુણ્ય દાન અથવા કારુણ્યજન્ય હોવાથી દાન પણ ઉપચારથી કારુણ્ય કહેવાય છે.

(૫) લજ્જા-શરમથી જે દાન તે લજ્જાદાન કહેવાય છે. કહ્યું છે - લોકોના સમૂહમાં રહેલ પુરુષને બીજાએ યાચના કરી ત્યારે બીજાના ચિત્તની રક્ષાર્થે જે આપવું તે દાન લજ્જાથી થાય છે... (૬) ગૌરવ વડે - ગર્વથી જે અપાય તે ગૌરવદાન. કહ્યું છે — નટ, નર્ત્ત, મલ્લને અર્થે અને સંબંધી, બંધુ, મિત્રને અર્થે જે યશને માટે દાન દેવાય છે તે દાન ગર્વથી હોય છે.

(૭) અધર્મને પોષક દાન તે અધર્મદાન. અધર્મના કારણત્વથી અધર્મ જ છે. કહ્યું છે — હિંસા, અસત્ય, ચોરી, પરદારા, પરિગ્રહમાં આસક્તને જે દાન અપાય છે તે દાતારને અધર્મને માટે જાણવું... (૮) ધર્મના કારણે જે દાન તે ધર્મદાન અથવા ધર્મમાં જ દાન તે ધર્મદાન. કહ્યું છે - તૃણ અને મણિ સમાન છે જેમને એવા નિર્લોભી સુપાત્રને માટે જે દાન અપાય છે તે અક્ષય, અતુલ અને અનંત એવું દાન ધર્મને માટે હોય છે.

(૯) મને આ કંઈક ઉપકાર કરશે એવી બુદ્ધિ વડે જે દાન તે ‘‘કરશે-દાન.’’

(૧૦) મને એણે ઉપકાર કર્યો છે તે પ્રયોજનરૂપ પ્રત્યુપકાર માટે જે દાન તે કૃત-દાન છે. તેણે મને સેંકડો વખત આપ્યું છે, માટે પ્રત્યુપકારાર્થે આપું તે.

[૯૫૩] ઉક્ત લક્ષણ દાનથી શુભ કે અશુભ ગતિ થાય છે માટે ગતિનું નિરુપણ કરે છે — (૧) નીકળ્યા છે શુભથી જે નારકો તેઓની ગમ્યમાનપણાથી ગતિ તે નરકગતિ અથવા નરકગતિ નામકર્મના ઉદયથી પ્રાપ્ય નારકત્વ લક્ષણ પર્યાય વિશેષ તે નરકગતિ. (૨) નારકોની વિગ્રહથી-ક્ષેત્રના વિભાગોને ઉલ્લંઘીને ગતિ તે નિરયવિગ્રહગતિ અથવા સ્થિતિ નિવૃત્તિ લક્ષણ ઋજુ અને વક્ર વિહાયોગતિ નામકર્મના ઉદયથી પ્રાપ્ત તે - નિરયવિગ્રહ ગતિ...

આ રીતે તિર્યંચ, મનુષ્ય અને દેવોની પણ સમજવી.

(૯) સિદ્ધિગતિ - જેમાં નિષ્ઠિતાર્થા હોય તે સિદ્ધિ, એવી ગમ્યમાનત્વથી ગતિ તે સિદ્ધિ ગતિ. - લોકાગ્ર લક્ષણવાળી... (૧૦) સિદ્ધિ-મુક્ત જીવોની, વિગ્રહ-આકાશના વિભાગના અતિક્રમ વડે ગતિ-લોકાંત પ્રાપ્તિરૂપ, તે સિદ્ધિ વિગ્રહ ગતિ. વિગ્રહગતિને વક્રગતિ પણ કહે છે. પણ તે વક્રગતિ સિદ્ધને નથી માટે તેના સહચરપણાથી નારકાદિને પણ વક્રગતિ કહી નથી અથવા નારકાદિ ચારેને વક્ર ગતિ કહી, નિર્વિશેષપણે ઋજુગતિ કહી.

સિદ્ધિમાં જવું, નિર્વિશેષત્વથી સામાન્ય સિદ્ધિ ગતિ કહી અને સિદ્ધિમાં અવિગ્રહ વડે જવું તે સિદ્ધિ અવિગ્રહ ગતિ. સામાન્ય-વિશેષથી આ ભેદ છે.

[૯૫૪] સિદ્ધિ ગતિ, મુંડોને જ હોય, તેથી તેનું નિરુપણ કરે છે - દૂર કરે છે તે મુંડ. તે શ્રોત્રેન્દ્રિયાદિના ભેદથી દશ પ્રકારે છે. બાકી સુગમ છે.

[૯૫૫,૯૫૬] મુંડો દશ છે, એમ સંખ્યાન કહ્યું. હવે તેની વિધિઓ કહેવાય છે (૧) સંકલિતાદિ અનેકવિધ ગણિતજ્ઞજનોને પ્રસિદ્ધ, તેના વડે જે સંખ્યા કરવા યોગ્યનું જે સંખ્યાન-ગણવું તે પરિકર્મ કહેવાય છે.

(૨) વ્યવહાર-શ્રેણી વ્યવહારાદિ પાટીગણિત અનેક ભેદે પ્રસિદ્ધ છે.

(૩) રજ્જુ - રાજ વડે જે સંખ્યાન તે રજ્જુ કહેવાય - તે ક્ષેત્ર ગણિત છે.

(૪) રાશિ - ધાન્યાદિનો ઢગલો, તેના વિષયવાળું સંખ્યાન તે રાશિ.

(૫) કલાંશવર્ણ-કલા એટલે અંશોનું, સવર્ણ-સદૃશીકરણ છે જેમાં.

(૬) યાવત્-તાવત્ — યાવત્તાવત્ કે ગુણાકાર એકાર્થવાચક છે. ગુણાકાર વડે જે સંખ્યાન તે યાવત્તાવત્ કહેવાય છે તે પ્રત્યુત્પન્ન એમ લોકમાં રૂઢ છે. અથવા



યાવત્ - કોઈપણ રીતે, તાવત્ - તેટલી જ સંખ્યા યાદૈચ્છિક ગુણાકારથી વિવક્ષિત સંકલિતાદિ સંખ્યાનમાં લઈ અવાય છે તે. જેમકે — ગચ્છ એટલે દશ તે વાંછા વડે અર્થાત્ યાદૈચ્છિક ગુણાકારથી આઠ વડે અભ્યાસ કરતા-૮૦ થયા. પછી વાંછા-આઠ યુક્ત કરતા ૮૮ થયા વળી ગચ્છ વડે ગુણતાં ૮૮૦ થયા. પછી યાદૈચ્છિક ગુણાકાર વડે - ૧૬ વડે ભાગાકાર કરતાં જે લાભે તે દશનું સંકલિત ગણિત-૫૫ આવે તે.

(૭) વર્ગ સંખ્યાન - જેમ બે નો વર્ગ ચાર, સમાન બે રાશિનો ઘાત.

(૮) ઘન સંખ્યાન - જેમ બે નો ઘન આઠ, સમાન ત્રણ રાશિનો ઘાત.

(૯) વર્ગવર્ગ - વર્ગનો વર્ગ તે સંખ્યાન. જેમ બેનો વર્ગ ચાર અને ચારનો વર્ગ સોળ... (૧૦) કલ્પ-છેદ. કરવત વડે લાકડાનું વેરવું તેના વિષયવાળું સંખ્યાન તે કલ્પ. જે પાટીમાં ક્રાકચ વ્યવહાર નામે પ્રસિદ્ધ છે. અહીં પરિકર્માદિ કેટલાક ગણિતના દૃષ્ટાંતો - x - બતાવ્યા નથી.

દશ મુંડો કહ્યા, તે પ્રત્યાખ્યાનથી જ હોય છે, માટે તેનું નિરુપણ—

● **સૂત્ર-૯૫૭,૯૫૮ :-**

***[૯૫૭] પ્રત્યાખ્યાન દશ ભેદે કહ્યા — [૯૫૮] અનાગત, અતિક્રાંત, કોટિસહિત, નિયંત્રિત, સાકાર, અનાકાર, પરિમાણકૃત્, નિરવશેષ, સંકેત અને અદ્ધા. એ રીતે દશવિધ પ્રત્યાખ્યાન કહ્યા છે.***

● **વિવેચન-૯૫૭,૯૫૮ :-**

પ્રતિકૂળપણાએ આ - મર્યાદા વડે ખ્યાન - કહેવું તે પ્રત્યાખ્યાન અર્થાત્ નિવૃત્તિ. અનાગત આદિ દોઢ ગાથા છે. [દશ ભેદ આ છે —]

(૧) અનાગત - નહીં આવેલમાં કરવાથી અનાગત. પર્યુષણાદિમાં આચાર્યાદિનું વૈયાવચ્ચ કરવામાં અંતરાયના સદ્ભાવથી, પહેલાં જ તપ કરવું. કહ્યું છે — પર્યુષણા આવશે ત્યારે તપ કરવાથી મને આચાર્યના, તપસ્વીના કે ગ્લાનના વૈયાવચ્ચમાં અંતરાય થશે, તે તપ અગાઉથી હમણાં સ્વીકારે છે, તેથી નહીં આવેલ કાળમાં આ પ્રત્યાખ્યાન અનાગત જાણવું.

(૨) અતિક્રાંત - એ રીતે પર્યુષણાદિ વ્યતીત થયા પછી કરવાથી અતિક્રાંત પ્રત્યાખ્યાન કહેવાય છે. કહ્યું છે — પર્યુષણામાં કારણ ઉત્પન્ન થતા જે તપ ન કરે. કેમકે ગુરુ-તપસ્વી-ગ્લાનની વૈયાવચ્ચ લઈને તપ ન કરે તે કાલ અતીત થતાં હમણાં તપકર્મ સ્વીકારે તે અતિક્રાંત.

(૩) કોટિસહિત - બંને કોટિથી - એક ઉપવાસાદિનો અંતવિભાગ અને બીજા ઉપવાસાદિનો આરંભ. એ રીતે બંને કોટિરૂપ લક્ષણથી સહિત યુક્ત તે કોટિસહિત અર્થાત્ ઉભય પ્રત્યાખ્યાનની મળેલ કોટિરૂપ ઉપવાસ આદિનું કરવું. - x -.... (૪) નિયંત્રિત-પ્રતિજ્ઞા કરેલ દિવસાદિમાં ગ્લાનપણાદિ અંતરાય પ્રાપ્ત થતા પણ અવશ્ય કરવું. આ પ્રત્યાખ્યાન પ્રથમ સંઘયણવાળાને જ હોય છે. કહ્યું છે - મહિને મહિને અમુક તપ અમુક દિવસે આટલા કાળ સુધી નિરોગી કે રોગી એ યાવત્ શ્વાસોચ્છ્વાસ સુધી કરવું જોઈએ. આ નિયંત્રિત પ્રત્યાખ્યાન, ધીરપુરુષોએ પ્રરૂપેલું છે. જે પોતાના

આત્મામાં અનિશ્રિત, આત્મામાં અપ્રતિબદ્ધ અણગારો હોય છે તેઓ જ એને ગ્રહણ કરે છે. ચૌદપૂર્વી, જિનકલ્પી, પહેલા સંઘયણવાળાને આ પ્રત્યાખ્યાન હોય છે. તે વખતે સ્થવિરો આ પ્રત્યાખ્યાન કરતા હતા.

(૫) સાકાર-મર્યાદા છે તે આકારો [આગારો] વડે સહિત તે સાકાર.

(૬) અનાકાર-નથી વિધમાન આકારો-મહત્તરાકારાદિ કેમકે પ્રયોજન છિન્ન થયું છે, તેથી સ્વીકારનારને જેમાં, તે અનાકાર. તેમાં પણ અનાભોગ અને સહસાકાર એ બે આકાર છે, કેમકે મુખમાં અંગુલિ પ્રક્ષેપ સંભવે છે.

(૭) પરિમાણકૃત - પરિમાણ એટલે દત્તિ, કવલ, ઘર અને ભિક્ષાદિની ગણના કરેલ છે જેમાં તે. કહ્યું છે – દત્તિ-કવલ-ઘર-ભિક્ષા-ઓદનાદિ દ્રવ્ય વડે જે ભક્તનો પરિત્યાગ કરે છે, તે પરિમાણકૃત કહેવાય છે.

(૮) નિરવસેસ-નીકળેલ છે અવશેષ પણ અલ્પાલ્પ આહારનો પ્રકાર જેમાંથી તે નિરવશેષ અથવા સર્વ અશનાદિના ત્યાગ વડે તે વિષયત્વ થકી નિરવશેષ છે. કહ્યું છે – સર્વે-અશન, પાન, ખાધ, પેયનો વિધિ સર્વભાવ વડે પરિહરે છે તે પ્રત્યાખ્યાન નિરવશેષ છે તેમ જિનેન્દ્રોએ કહ્યું છે.

(૯) સંકેત-કેતન એટલે કેત-અંગૂઠો, મુટ્ટી, ગાંઠ, ઘર આદિ ચિન્હ તે જ કેતક - કેતક વડે સહિત તે સંકેતક અર્થાત્ ગ્રંથાદિ સહિત. કહ્યું છે કે – અંગૂઠો, મૂઠ્ઠિ, ગ્રંથિ, ઘર, પ્રસ્વેદ, ઉચ્છ્વાસ, સ્તિબુક અને જ્યોતિ, તેને આશ્રીને જે પ્રત્યાખ્યાન કરાય તે સંકેત, તેમ અનંતજ્ઞાનીએ કહ્યું છે.

(૧૦) અદ્ધા-કાળનું અર્થાત્ પોરસી આદિ કાલમાનને આશ્રીને કરેલું પ્રત્યાખ્યાન. કહ્યું છે – જે અદ્ધા પ્રત્યાખ્યાન છે, તે કાલના છેદ વડે થાય છે. પુરિમાર્દ્ધ, પોરસી, મુહૂર્ત્ત, માસાર્દ્ધ, માસના પ્રમાણથી થાય છે.

પ્રત્યાખ્યાન શબ્દ, સર્વત્ર અનાગતાદિમાં સંબંધ કરાય છે અને તુ શબ્દ નિશ્ચયના અર્થવાળો છે, તેથી દશ પ્રકારે જ પ્રત્યાખ્યાન છે. અહીં ઉપાધિના ભેદથી સ્પષ્ટ જ ભેદ છે માટે પુનરુક્તિપણાની શંકા ન કરવી... – પ્રત્યાખ્યાન સાધુની સામાચારીરૂપ છે, માટે તેના અધિકારથી બીજી પણ સામાચારીને નિરૂપણ કરતા કહે છે–

● સૂત્ર-૯૫૯ થી ૯૬૧ :-

*[૯૫૯] સામાચારી દશ ભેદે કહી છે – [૯૬૦] ઈચ્છાકાર, મિચ્છાકાર, તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, આપૃચ્છા, પ્રતિપૃચ્છા, છંદણા, નિમંત્રણા અને ઉપસંપદા, એ રીતે દશ પ્રકારે સામાચારી થાય છે.*

*[૯૬૧] શ્રમણ ભગવંત મહાવીર છદ્મસ્થકાળમાં અંતિમ રાત્રિમાં દશ મોટા સ્વપ્નો જોઈને જાગ્યા તે આ પ્રમાણે–*

*– (૧) એક મહાઘોર રૂપવાળા, દિપ્તધર, તાલપિશાચને સ્વપ્નમાં પરાજિત કરેલ જોઈને જાગૃત્ત થયા... – (૨) એક મહાશ્વેત પાંખવાળા પુરુષ કોકિલને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા... – (૩) એક મહાન્ ચિત્રવિચિત્ર પાંખવાળા પુરુષ*



*કોકિલને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા... – (૪) એક મહાન્ દામયુગલ - સર્વ રત્નમય માળાને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.*

*(૫) એક મહાન્ શ્વેત ગાયોનું ટોળું સ્વપ્નમાં જોઈને જાગૃત થયા... – (૬) એક મહાન્ પદ્મસરોવર, ચોતરફ ફૂલો વડે ખીલેલ એવું સ્વપ્નમાં જોઈને જાગૃત્ત થયા... – (૭) એક મહાસાગર હજારો કલ્લોલની લહેરો વડે કલિત બંને ભુજાઓથી તરેલ સ્વપ્નમાં જોઈને જાગૃત થયા.*

*(૮) એક મહા દિનકર તેજ વડે પ્રકાશમાન સ્વપ્નમાં જોઈને જાગૃત થયા... – (૯) એક મહા પિંગલ નીલ વૈડૂર્યમણી જેવા વર્ણ વડે સમાન માનુષોત્તર પર્વતને પોતાના આંતરડાથી સર્વતઃ સમંતાત્ આવેષ્ટિત, પરિવેષ્ટિત સ્વપ્નમાં જોઈને જાગૃત થયા... – (૧૦) મેરુ પર્વતમાં મેરુ ચૂલિકા ઉપર એક શ્રેષ્ઠ સિંહાસને બેઠેલા પોતાને સ્વપ્નમાં જોઈને જાગ્યા.*

*[ઉક્ત દશ સ્વપ્નો જોઈને જાગૃત્ત થયા. હવે સ્વપ્નફળ કહે છે–]*

*(૧) શ્રમણ ભગવંત મહાવીર જે એક મોટો ઘોરરૂપ, દિપ્ત તેજ તાલ-પિશાચને સ્વપ્નમાં પરાજિત કરીને જાગ્યા, તેથી શ્રમણ ભગવંત મહાવીર મોહનીય કર્મનો મૂલથી નાશ કર્યો... (૨) શ્રમણ ભગવંત મહાવીરે એક મોટા શ્વેત પાંખવાળા યાવત્ જાગૃત થયા તેથી શ્રમણ ભગવંત મહાવીર શુક્લ ધ્યાનને પ્રાપ્ત થઈ વિચરે છે... (૩) શ્રમણ ભગવંત મહાવીર એક મોટા ચિત્રવિચિત્ર પાંખવાળાને યાવત્ જાગૃત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર સ્વસમય-પરસમયરૂપ ચિત્રવિચિત્ર દ્વાદશાંગ ગણિપિટકને સામાન્યથી કહે છે, વિશેષથી કહે છે, દર્શાવે છે, નિર્દેશે છે, ઉપદેશે છે, તે આ પ્રમાણે 'આચાર' યાવત્ દૃષ્ટિવાદ.. (૪) શ્રમણ ભગવંત મહાવીર સર્વરત્નમય એક મહા દામયુગલ યાવત્ જાગૃત્ત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર બે પ્રકારનો ધર્મ પ્રરૂપે છે. તે આ – અગારધર્મ અને અણગારધર્મ.*

*(૫) શ્રમણ ભગવંત મહાવીર એક મોટા શ્વેત ગોવર્ગને સ્વપ્નમાં યાવત્ જાગૃત્ત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીરનો ચાર પ્રકારનો સંઘ છે, તે આ – સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા... (૬) શ્રમણ ભગવંત મહાવીર જે એક મહા પદ્મસરોવરને યાવત્ જાગૃત્ત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર ચાર પ્રકારના દેવોને પ્રરૂપે છે. તે – ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.*

*(૭) શ્રમણ ભગવંત મહાવીર જે એક મોટા કલ્લોલવાળાને યાવત્ જાગૃત્ત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારને તર્યા... (૮) શ્રમણ ભગવંત મહાવીર જે એક મોટા સૂર્યને જોઈને જાગ્યા, તેથી શ્રમણ ભગવંત મહાવીરને અનંત, અનુત્તર યાવત્ (કેવલજ્ઞાન, કેવલદર્શન) ઉત્પન્ન થયેલ છે... (૯) શ્રમણ ભગવંત મહાવીર જે એક મોટા નીલ વૈડૂર્ય યાવત્ જાગૃત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીરને દેવ-મનુષ્ય-અસુર સહિત લોકમાં ઉદાર કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લાઘા વિસ્તરી રહી છે. એવી*

***રીતે નિશ્ચયે શ્રમણ ભગવંત મહાવીર વર્તે છે.***

***(૧૦) શ્રમણ ભગવંત મહાવીર, જે મેરુ પર્વત મેરુ ચૂલિકાએ સિંહાસને બેઠેલ યાવત્ જાગૃત્ત થયા, તેથી શ્રમણ ભગવંત મહાવીર દેવ-મનુષ્ય-અસુર સહિત પર્ષદા મધ્યે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ કહેશે, પ્રરૂપશે યાવત્ ઉપદેશશે.***

**● વિવેચન-૯૫૯ થી ૯૬૧ :-**

[૯૫૯] સમાચરવું તે સમાચાર, તેનો ભાવ તે સામાચાર્ય, તે જ સામાચારી અર્થાત્ સંવ્યવહાર. ઇચ્છા૦ આદિ દોઢ શ્લોક વડે કહે છે –

[૯૬૦] – (૧) ઈચ્છવું તે ઈચ્છા, કરવું તે કાર. તેમાં ‘કાર’ શબ્દ દરેકમાં જોડવો. બલાભિયોગ વિના કરવું તે ઈચ્છાકાર અર્થાત્ ઈચ્છાક્રિયા. ઈચ્છા તે આપની ઈચ્છાએ મારું આ કાર્ય થાઓ. ઈચ્છાપ્રધાન ક્રિયા પણ બલાભિયોગ પૂર્વિકા નહીં એ ભાવ છે. આનો પ્રયોગ પોતાને કે પરને અર્થે ઈચ્છતો જ્યારે બીજા પ્રત્યે યાચે ત્યારે હોય છે. કહ્યું છે – જો કોઈ પણ કારણે યાચે તો તેમાં ઈચ્છાકારનો પ્રયોગ કરવો, પણ બલાત્કાર કરવો ન કલ્પે.

(૨) મિથ્યા-વિતથ-અનૃત આ પર્યાય શબ્દો છે. મિથ્યા કરવું તે મિથ્યાકાર અર્થાત્ મિથ્યાક્રિયા. તેવા સંયમયોગમાં વિપરીત આચરણ કરી જાણેલ છે જિનવચનનો સાર જેણે એવા સાધુઓ, તે વિપરીત ક્રિયાના નિષ્ફળપણાને બતાવવા માટે મિથ્યાકાર કરે છે, આ મિથ્યા ક્રિયા છે. કહ્યું છે કે – સંયમયોગમાં તત્પર સાધુએ જે કાંઈ વિપરીત આચર્યું હોય તે મેં આ ખોટું કર્યુ એમ જાણીને તેનો મિથ્યાકાર કરવો.

(૩) તથા - કરવું તે તથાકાર, તે સૂત્ર પ્રશ્નાદિ ગોચર, જેમ આપે કહ્યું તેમજ આ છે આવા સ્વરૂપવાળો તથાકાર છે. કહ્યું છે – સૂત્રની વાચનામાં, સાંભળવામાં, ઉપદેશમાં, સૂત્ર-અર્થના કથનમાં, તથા પૂછેલ પ્રશ્નના આચાર્યે આપેલ ઉત્તરમાં આપનું વચન અવિતથ છે એમ કહેવું તે તથાકાર છે.

આ પુરુષ વિશેષના વિષયમાં જ પ્રયોગ કરવો યોગ્ય છે. કહ્યું છે કે – કલ્પ્ય અને અકલ્પ્ય, તે બંનેને વિશે નિષ્ણાત, જ્ઞાનાદિ પાંચ સ્થાનોમાં સ્થિત, સંયમ-તપમાં વર્તનાર એવા મુનિને તથાકાર કરવો.

(૪) અવશ્ય કર્તવ્ય યોગ વડે નીપજેલ તે આવશ્યકી. ‘च’ શબ્દ સમુચ્ચયમાં છે. આનો પ્રયોગ ઉપાશ્રયમાંથી નીકળતાં આવશ્યક યોગયુક્તા સાધુને હોય છે. કહ્યું છે – સૂત્રનીતિએ ગુરુ આજ્ઞાપૂર્વક કાર્ય પ્રસંગે જતાં આવશ્યકી જાણવી. કેમકે શુદ્ધા-જ્ઞેયા-અન્વર્થ યોગવાળી છે.

(૫) નિષેધ વડે થયેલ નૈષેધિકી - અન્ય વ્યાપારના નિષેધરૂપ આનો પ્રયોગ ઉપાશ્રયમાં પ્રવેશ કરનારને છે. જેથી કહ્યું છે – એવી રીતે પ્રવેશમાં નિષિદ્ધયોગ કરેલ મન-વચન-કાયયોગવાળાને આ નૈષેધિકી ઉચિત છે, પણ અનિષિદ્ધ યોગવાળાને ઉચિત નથી કેમકે સાર્થક નથી.

(૬) પૂછવું તે આપૃચ્છા. તે વિહાર ભૂમિના ગમનાદિ પ્રયોજનમાં ગુરુને પૂછવારૂપ કરવી. ચ શબ્દ પૂર્વવત્. કહ્યું છે – કાર્ય પ્રસંગે ગુરુને પૂછવું. ગુરુને સંમત



કાર્ય હોય તો પણ અવશ્ય પૂછવું. આ પ્રમાણે વારંવાર પૂછવાથી નિશ્ચયે તેને શ્રેય થાય છે અને નિર્જરાનો હેતુ થાય છે.

(૭) પ્રતિપૃચ્છા - પ્રતિપ્રશ્ન. તે ગુરુએ પૂર્વે નિયુક્ત કાર્યને વિશે કાર્ય કરવાના સમયમાં કરવી અથવા પૂર્વે નિષેધ કરેલ કાર્યમાં પ્રયોજન થતાં, તે જ કાર્ય કરવાની ઈચ્છાવાળાએ પ્રતિપૃચ્છા કરવી. કહ્યું છે – પ્રતિપૃચ્છા તો પૂર્વે નિયુક્ત કરેલ કાર્યને વિશે પણ કાર્ય સમયે કરવી અથવા કાર્યાન્તરના હેતુથી કરવી, તેમ સિદ્ધાંત નિપુણોએ કહેલ છે.

(૮) છંદણા – પૂર્વે ગૃહિત અશનાદિ વડે આમંત્રણા કરવી. કહ્યું છે – પૂર્વે ગ્રહણ કરેલ અશનાદિ વડે ગુરુની આજ્ઞાથી યથાયોગ્ય મુનિઓને નિમંત્રણ કરવું. આ વિશેષ વિષયવાળી છંદના જાણવી.

(૯) નિમંત્રણા - અગૃહિત એવા અશનાદિ વડે વિજ્ઞપ્તિ અર્થાત્ આપના માટે હું અશનાદિ લઈ આવું ? એમ કહે. આ અર્થમાં કહ્યું છે – સ્વાધ્યાયથી શ્રાંત થયેલ સાધુ, ગુરુનો શેષ કાર્ય ન હોય તો ગુરુને પૂછીને શેષ મુનિઓને નિમંત્રણા કરે. [અશનાદિ લાવી આપું ? એમ પૂછે.]

(૧૦) ઉપસંપત્ - હવેથી હું આપનો છું એવા પ્રકારનો સ્વીકાર તે જ્ઞાન, દર્શન, ચારિત્રના અર્થપણાથી ત્રણ પ્રકારે છે. તેમાં જ્ઞાનોપસંપત્-પૂર્વે ગૃહિત સૂત્રાર્થને સ્થિરિકરણાર્થે, ત્રુટિત સૂત્રાર્થના સંધાનને માટે તથા પ્રથમથી ગ્રહણ કરવાને ઉપસંપદા લેવાય છે. દર્શનોપસંપત્ પણ એવી રીતે. વિશેષ એ કે – દર્શનપ્રભાવક સંમતિ આદિ શાસ્ત્રવિષયક છે. ચારિત્રની ઉપસંપદા વૈયાવૃત્ય કરવા માટે અને તપને માટે ઉપસંપદા લેનારને હોય છે. - x - x - કાળથી વળી યાવત્ જીવની અને ઈત્વરકાલની ઉપસંપદા પણ હોય છે - x - x -

[૯૬૧] આ દશવિધ સમાચારી ભગવંત મહાવીરે પ્રરૂપેલી છે, આ હેતુથી ભગવંતને જ આશ્રય કરીને દશ સ્થાનને કહે છે – સૂત્ર સુગમ છે.

વિશેષ એ કે – છદ્મસ્થ કાળમાં જ્યારે ભગવંત ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથાદિમાં નિપુણ પટહના શબ્દથી ઉદ્‌ઘોષણાપૂર્વક યથેચ્છ, નિરંતર એક વર્ષ પર્યન્ત મહાદાનને આપીને બધાં લોકોનું દારિદ્ર નાશ કર્યુ હતું, પછી દેવ-મનુષ્ય-અસુર સહિતની પર્ષદા વડે પરિવરેલા કુંડપુર નગરથી નીકળીને જ્ઞાતવનખંડમાં માગસરવદ દશમે એકલા દીક્ષિત થઈને, મનઃપર્યાય જ્ઞાન ઉત્પન્ન કરીને આઠ માસ વિચરીને મયૂરક નામક સંનિવેશની બહાર રહેલા દૂયમાન નામના પાખંડી સંબંધી એક ઉટજમાં તેની અનુજ્ઞાએ વર્ષાવાસ રહ્યા.

ત્યાં પશુઓ વડે ઉટજને ઉપદ્રવ કરાયો તો પણ તેની રક્ષાને ન કરવાથી ઝુંપડીના નાયક મુનિકુમારને અપ્રીતિકર્તા સમજીને વર્ષાકાલનો અર્દ્ધમાસ ગયા પછી અકાલમાં જ નીકળીને અસ્થિકગ્રામ નામક સંનિવેશથી બહાર શૂલપાણી યક્ષના આયતનમાં શેષ વર્ષાવાસ રહ્યા. ત્યાં જ્યારે રાત્રિમાં શૂલપાણી યક્ષ, ભગવાનને ક્ષોભ પમાડવાને શીઘ્ર-અત્યંત મોટા અટ્ટહાસ્ય કરતો, લોકોને ત્રાસ પમાડતો હતો. ત્યારે

તે ભગવંત, દેવ દ્વારા વિનાશ પામશે એ રીતે ભગવંતના નિમિત્તે લોકોને અધૈર્ય ઉત્પન્ન થયું. ફરીને હસ્તિ, પિશાચ, નાગના રૂપ વડે ભગવંતને ક્ષોભ પમાડવા સમર્થ ન થયો. પછી શિર, કાન, નાક, દાંત, નખ, આંખ અને પીઠમાં વેદના કરવા લાગ્યો. *[એમ દશ ઉપસર્ગ કર્યા]*

સામાન્ય પુરુષને એક વખતમાં પ્રાણનો નાશ કરવામાં સમર્થ એવી વેદના કર્યા છતાં, પ્રચંડ પવનથી હણાયેલા મેરુ શિખરની જેમ અકંપ એવા વર્ધમાનસ્વામીને જોઈને થાકેલ તે યક્ષ, જિનપતિના પાદપદ્મમાં વંદનપૂર્વક કહેવા લાગ્યો કે – હે ક્ષમાશ્રમણ! મારો અપરાધ આપ ક્ષમા કરો. સિદ્ધાર્થ વ્યંતરદેવ, તેના નિગ્રહ માટે શીઘ્ર દોડ્યો અને બોલ્યો કે – અરે રે શૂલપાણિ ! અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર, હીનપુણ્ય ચતુર્દશીક શ્રી-હ્રી-ધૃતિ-કીર્તિ વર્જિત, દુરંત-પ્રાંત લક્ષણ, તું નથી જાણતો કે આ સિદ્ધાર્થ રાજાનો પુત્ર, પુત્રવત્ સમસ્ત જગજીવોને માનનાર અને સમસ્ત સુર, અસુર, મનુષ્ય નિકાયના નાયકોને જીવિત સમાન એવા ભગવંતનો તેં અપરાધ કર્યો છે, એમ જો ઈન્દ્ર જાણશે તો દેશનિકાલ કરશે.

એમ સાંભળી તે યક્ષ ડર્યો અને અધિક ખમાવવા લાગ્યો. સિદ્ધાર્થે તેને ધર્મ કહ્યો. તે યક્ષ ઉપશાંત થયો. પછી ભક્તિના સમૂહમાં નિર્ભર માનસવાળો તે દેવ ગીત-નૃત્યના ઉપદર્શનપૂર્વક ભગવંતને પૂજતો હતો અને લોકો વિચારવા લાગ્યા કે – દેવાર્યને મારીને હવે દેવ ક્રીડા કરે છે. સ્વામીને દેશ ઉણા ચાર પ્રહર સુધી તે દેવે અતિ સંતાપ આપ્યો.

ભગવંત પ્રભાત સમયે મુહૂર્ત માત્ર નિદ્રા-પ્રમાદને પ્રાપ્ત થયા. તે અવસરે આ સ્વપ્નો જોયા અથવા છદ્મસ્થ કાળમાં જે થયેલી તે છદ્મસ્થકાલિકી, તેણીના અંતિમ ભાગરૂપ, અવયવમાં સમુદાયના ઉપચારથી જે રાત્રિ તે અંતિમ રાત્રિકા. તે રાત્રિના અવસાનમાં મહાંત-પ્રશસ્ત, સ્વપ્ન-નિદ્રાના વિકારથી થયેલ વિજ્ઞાન વડે જણાયેલા અર્થ વિશેષો તે મહાસ્વપ્નો. તેમને સ્વપ્નમાં-સુતેલ અવસ્થામાં૦ - x -

(૧) મહાઘોર-અતિરૌદ્ર, રૂપ-આકાર, દીપ્ત-જ્વલિત, દૃપ્ત-ગર્વવાળું ધારણ કરે છે, તે મહાઘોરરૂપ દીપ્તધર કે દૃપ્તધર. - x - તાલ-વૃક્ષ વિશેષ તેના જેવા દીર્ઘત્વાદિ સમાનપણાથી, પિશાચ-રાક્ષસ, તે તાલપિશાચ, તેને આત્મા વડે નિરાકર કર્યો-જીત્યો.

(૨) બીજું-પુરુષ એવો કોકિલ-પરપુષ્ટ તે પુંસ્કોકિલ, તે અવશ્ય કૃષ્ણ હોય છે, માટે શુક્લ પાંખવાળો એમ વિશેષિત કર્યું.

(૩) ચિત્ર કર્મ વડે વિચિત્ર-વિવિધ વર્ણ વિશેષવાળા બે પાંખો છે જેને તે... (૪) માલા યુગલ... (૫) ગાયના રૂપો... (૬) પદ્મ જે સરોવરમાં ઉત્પન્ન થાય છે, તે પદ્મસર... (૭) ઉર્મીઓ-કલ્લોલો, તે સ્વરૂપ જે લહેરો તે ઉર્મીવીચય. વીચી શબ્દ લોકમાં અંતર અર્થમાં રૂઢ છે અથવા ઉર્મિ અને વીચિ શબ્દનો ફરક ગુરુત્વ અને લઘુત્વ વડે કરાયેલ છે. ક્યાંક વીચિ શબ્દ ભણાતો જ નથી. હજારો ઉર્મિ અને વીચિ વડે કલિત જે સમુદ્ર તે ઉર્મિવીચિ સહસ્રકલિત, તેને બંને બાહુથી તર્યા... (૮) દિનકર-સૂર્ય.



(૯) એક મોટા પર્વત વડે છાંદસપણાથી, આ પાઠમાં માનુષોત્તરના આ બે વિશેષણો છે - हरि - પિંગલવર્ણ વૈડૂર્ય-મણિવિશેષ, તેનો વર્ણનીલ તે વૈડૂર્ય અર્થાત્ પિંગલ નીલવર્ણ, તેના જેવો દેખાય છે તે હરિવૈડૂર્ય વર્ણાભ, તેના વડે અથવા હરિવત્‌નીલ એવું વૈડૂર્ય તે હરિવૈડૂર્ય. - x - निजक - પોતાના આંતરડા - ઉદર મધ્ય અવયવ વિશેષ વડે. आवेढियं - એક વખત વીંટાયેલ, परिवेढियं - અનેક વખત વીંટાયેલ... (૧૦) એક મહાન્ - x - સિંહાસનોની મધ્યે તે શ્રેષ્ઠ તે સિંહાસન-વર, તે ઉપર બેઠેલ પોતાને. - - -

આ કહેલ દશ મહાસ્વપ્નોના ફળને બતાવે છે - x -

સૂત્ર સુગમ છે. વિશેષથી [કંઈક નિર્દેશ કરતા કહે છે] કે –

આદિથી અથવા સર્વથી જ વિનાશ કર્યો - વિનાશ કરવાપણાને લઈને ઉપચારથી કહ્યું અને સૂત્રકારની અપેક્ષાએ તો અતીત નિર્દેશ જ છે. - આ રીતે બીજાઓમાં પણ સમજવું.

સ્વસિદ્ધાંત અને પર સિદ્ધાંત છે જેમાં તે સ્વસમય પરસમયિક, गणि - આચાર્યની पिटक - પેટી. વ્યાપારીઓના સર્વસ્વ સ્થાનની જેમ તે ગણિપિટક. आघवेर - સામાન્ય, વિશેષરૂપથી કહે છે - पन्नवेइ - સામાન્યથી જણાવે છે. દરેક સૂત્રને અર્થના કથન વડે પ્રરૂપે છે. પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાને બતાવવા વડે સૂત્રના અભિધેયને દર્શાવે છે. આ ક્રિયા અક્ષરો વડે ગ્રહણ કરી, આવી રીતે કરાય છે આ ભાવના છે. निदंसेइ - કથંચિત્ ન ગ્રહણ કરનારને તેની ઉપર અનુકંપા વડે નિશ્ચયથી ફરી ફરીને બતાવે છે, તે નિર્દેશ છે. उवदंसेइ - સમસ્ત નયની યુક્તિ વડે ઉપદર્શન કરાવે છે.

चाउवण्णाइण्णे - શ્રમણાદિ ચાર વર્ણો એકત્ર થયેલ - ચતુર્વર્ણ. તે જ ચાતુર્વર્ણ્ય. તેના વડે વ્યાપ્ત તે ચાતુર્વર્ણ્યાકીર્ણ અથવા ચાર પ્રકારે છે જેમાં તે चतुर्वर्ण, - x - ચાર વર્ણવાળો એવા જ્ઞાનાદિ ગુણો વડે આકીર્ણ તે ચતુર્વર્ણાકીર્ણ.

चउव्विहेदेवे - વંદન, કુતુહૂલાદિ પ્રયોજન વડે આવેલા ચાર પ્રકારના દેવો પ્રત્યે જીવાજીવાદિ પદાર્થોનું પ્રજ્ઞાપન કરાવે છે - બોધ આપે છે. સમ્યક્ત્વને ગ્રહણ કરાવે છે યાવત્ શિષ્યને કરે છે અથવા લોકોને માટે દેવોના સ્વરૂપને પ્રકાશે છે.

अनंत - સૂત્રમાં યાવત્ શબ્દથી નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, કેવલવર જ્ઞાનદર્શન એમ જાણવું.

सदेव. - વૈમાનિક અને જ્યોતિષ્કો વડે અને મનુષ્યો વડે, ભવનપતિ તથા વ્યંતરો વડે વર્તે છે તે "સદેવમનુજાસુર." તે લોકમાં અર્થાત્ ત્રિલોકમાં उराल - પ્રધાનકીર્તિ - સર્વ દિશામાં વ્યાપનારી પ્રશંસા. वर्ण - એકાદિ દિશાવ્યાપી પ્રશંસા, શબ્દ-અર્ધ દિશામાં વ્યાપી પ્રશંસા અને શ્લોક - તે તે સ્થાનમાં જ શ્લાઘા. આ બધાંનો દ્વન્દ્વ છે.

તેથી આ બધાય परिगुव्वंति - વ્યાકુળ થાય છે - સતત ભમે છે અથવા परिगूयन्ते - અવાજ કરે છે. પાઠાંતરથી પરિભ્રમણ કરે છે. કઈ રીતે ? इति - એ પ્રકારે, खलु - વાક્યાલંકાર. આવા પ્રકારના ભગવન્ સર્વજ્ઞાની, સર્વદર્શી, સર્વ

સંશયનો વ્યવચ્છેદ કરનાર, સર્વજન બોધક એવી ભાષા બોલનાર, સર્વજગત્‌જીવ વત્સલ, સર્વગૂણીગણ ચક્રવર્તી, સર્વ નર, દેવના નાયક સમુદાય વડે સેવાયેલ ચરણયુગ, મહાવીર નામે એ જ ફરીથી કહેવાય છે. શ્લાઘા કરનારાનો આદર જણાવવા અથવા અનેકપણું જણાવવા માટે. આઘવેઇ - આદિ પૂર્વવત્.

સ્વપ્નદર્શન કાળે ભગવંત સરાગસમ્યગ્‌દર્શની હતા માટે સરાગ સમ્યગ્દર્શનનું નિરૂપણ કરતાં કહે છે—

● **સૂત્ર-૯૬૨,૯૬૩ :-**

***[૯૬૨] દશ ભેદે સરાગ સમ્યગ્‌દર્શન કહ્યું છે —***

***[૯૬૩] તે આ — (૧) નિસર્ગ રુચિ, (૨) ઉપદેશરુચિ, (૩) આજ્ઞારુચિ, (૪) સૂત્રરુચિ, (૫) બીજરુચિ, (૬) અભિગમરુચિ, (૭) વિસ્તારરુચિ, (૮) ક્રિયારુચિ, (૯) સંક્ષેપરુચિ, (૧૦) ધર્મરુચિ.***

● **વિવેચન-૯૬૨,૯૬૩ :-**

[૯૬૨] सराग - ઉપશાંત ન થયેલ અને ક્ષય ન થયેલ મોહવાળાનું જે સમ્યગ્દર્શન - તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સરાગ સમ્યગ્દર્શન અથવા રાગસહિત સમ્યગ્દર્શન છે જેને તે સરાગ સમ્યગ્દર્શન.

[૯૬૩] રુચિ શબ્દ બધામાં જોડવો. — (૧) નિસર્ગ - સ્વભાવ તેના વડે તત્ત્વાભિલાષરૂપ રુચિ છે જેને તે નિસર્ગરુચિ અથવા નિસર્ગ - સહજથી રુચિ તે નિસર્ગ રુચિ, જે જાતિસ્મરણ જ્ઞાનાદિ રૂપ પોતાની બુદ્ધિ વડે સદ્‌ભૂત જીવાદિ પદાર્થોને જાણીને સદ્દહે છે તે નિસર્ગ રુચિ. કહ્યું છે — જે જિનદૃષ્ટ ભાવ દ્રવ્યાદિ ચાર ભેદથી બીજાના ઉપદેશ સિવાય સ્વયમેવ જાતિ સ્મરણાદિથી સદ્દહે છે - અન્યના નથી એવી શ્રદ્ધા તે નિસર્ગ રુચિ જાણવી.

(૨) ઉપદેશરુચિ - ગુરુ આદિના કથન વડે રુચિ છે જેને તે ઉપદેશ રુચિ. સર્વત્ર તત્પુરુષ સમાસ સ્વયં સમજવો અર્થાત્ જિનેશ્વરોએ કહેલ જીવાદિ પદાર્થો જ તીર્થંકર કે તેના શિષ્યાદિ વડે ઉપદેશાયેલને જે સદ્દહે છે તે - x -

(૩) આજ્ઞારુચિ - સર્વજ્ઞના વચનાત્મક આજ્ઞા વડે છે જેને તે. જે પાતળા રાગદ્વેષ અને મિથ્યા જ્ઞાન વડે આચાર્યાદિની આજ્ઞા એ જ કુગ્રહના અભાવથી જીવાદિ પદાર્થો તેમજ છે એવી રુચિ. માષતુષાદિની જેમ તે આજ્ઞારુચિ સમજવો. કહ્યું છે — સમ્યકત્વને અટકાવનાર રાગ, દ્વેષ, મોહ અજ્ઞાન જેના નાશ પામ્યા છે તે નિશ્ચયે આજ્ઞા વડે રુચિ કરતો આજ્ઞારુચિ હોય છે.

(૪) સૂત્રરુચિ - સૂત્ર - આગમ વડે રુચિ છે જેને તે. જે સૂત્રાગમને ભણતો તે જ અંગપ્રવિષ્ટાદિ વડે સમ્યકત્વને પામે છે. ગોવિંદ વાચકવત્ તે સૂત્રરુચિ.

(૫) બીજરુચિ - જેમ બીજ જે એક પણ અનેકાર્થ પ્રતિબોધક વચન, તેના વડે રુચિ છે જેને તે બીજરુચિ અર્થાત્ જેને એક પણ જીવાદિ પદને જાણવા વડે અનેક પદાર્થમાં રુચિ ઉત્પન્ન થાય છે તે બીજરુચિ. કહ્યું છે - જેમ ઉદકના એક દેશમાં નાખેલ તેલબિંદુ સમસ્ત ઉદકમાં ફેલાય છે, તેમ એક જીવાદિ પદની રુચિ વડે





અનેક પદોની રુચિ થાય છે અને તેવા પ્રકારના ક્ષયોપશમથી સમ્યકત્વને પામે છે તે બીજરુચિ જાણવો. - x -

(૬) અભિગમરુચિ - અભિગમ એટલે જ્ઞાન, તેથી રુચિ છે જેને તે. જેના વડે આચારાંગાદિ શ્રુત, અર્થથી અધિગત હોય છે તે અભિગમ રુચિ અર્થાત્ અભિગમપૂર્વક તેની રુચિ. કહ્યું છે — આચારાંગાદિ અગ્યાર અંગો, પ્રકીર્ણક, દૃષ્ટિવાદ આદિ શ્રુતજ્ઞાનને અર્થથી જેણે જાણ્યું હોય તે અભિગમરુચિ છે.

(૭) વિસ્તારરુચિ - વિસ્તાર એટલે ફેલાવો, તેથી રુચિ છે જેને તે વિસ્તાર રુચિ, જેણે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના સર્વ પર્યાયો, સર્વે નયો અને પ્રમાણ વડે જાણેલા હોય છે તે. કેમકે જ્ઞાનને અનુસરનારી રુચિ.

(૮) ક્રિયારુચિ - ક્રિયા એટલે અનુષ્ઠાન. રુચિ શબ્દના યોગથી ક્રિયામાં રુચિ છે જેને તે. અર્થાત્ દર્શનાદિના આચારરૂપ અનુષ્ઠાનમાં જેને ભાવથી રુચિ છે તે ક્રિયારુચિ. કહ્યું છે — જ્ઞાન, દર્શન, તપ, ચારિત્ર, સમિતિ અને ગુપ્તિમાં જે ભાવથી ક્રિયાની રુચિ તે નિશ્ચયે ક્રિયારુચિ.

(૯) સંક્ષેપરુચિ - સંક્ષેપ એટલે સંગ્રહ. તેમાં રુચિ છે જેને તે સંક્ષેપરુચિ. જે ન સ્વીકારેલ કપિલાદિ દર્શન અને જિનવચનમાં અનભિજ્ઞ છે, તે સંક્ષેપ વડે જ ચિલાતિપુત્રની જેમ ઉપશમાદિ ત્રણ પદ વડે જ તત્ત્વની રુચિ પામે છે તે સંક્ષેપરુચિ છે. કહ્યું છે કે — કુદર્શન જેણે ગ્રહણ કરેલ નથી અને પ્રવચનમાં અવિશારદ છે, શેષ પ્રવચનને પણ સ્વીકારેલ નથી તે સંક્ષેપરુચિ જાણવો.

(૧૦) ધર્મરુચિ - ધર્મ એટલે શ્રુતાદિ, તેમાં રુચિ છે જેને તે ધર્મરુચિ અર્થાત્ જિનોક્ત ધર્માસ્તિકાય અને શ્રુતધર્મ-ચારિત્રધર્મને સદ્દહે છે તે ધર્મરુચિ જાણવો. જો અસ્તિકાય ધર્મ-સ્વભાવ અર્થાત્ ધર્માસ્તિકાયનો ગતિસહાયક લક્ષણાદિ, શ્રુતધર્મ-ચારિત્રધર્મને જિનાભિહિત છે તેને સદ્દહે.

આ સમ્યગ્‌દૃષ્ટિ, દશે સંજ્ઞાનો ક્રમથી વ્યવચ્છેદ કરે છે, માટે સંજ્ઞા—

● **સૂત્ર-૯૬૪,૯૬૫ :-**

***[૯૬૪] સંજ્ઞાઓ દશ કહી છે — આહાર સંજ્ઞા યાવત્ પરિગ્રહસંજ્ઞા, ક્રોધ સંજ્ઞા યાવત્ લોભસંજ્ઞા, લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા... નૈરયિકોને આ રીતે જ દશસંજ્ઞાઓ કહી છે. એ રીતે નિરંતર યાવત્ વૈમાનિકોને જાણવી.***

***[૯૬૫] નૈરયિકો દશ ભેદે વેદનાને ભોગવતા વિચરે છે. તે આ — શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા, કંડુ, પરવશતા, ભય, શોક, જરા અને વ્યાધિ.***

● **વિવેચન-૯૬૪,૯૬૫ :-**

[૯૬૪] સંજ્ઞાન તે સંજ્ઞા એટલે આભોગ. અન્ય આચાર્યો તે મનના વિજ્ઞાનરૂપ કહે છે. અથવા આહારાદિનો અભિલાષી જીવ જેના વડે સારી રીતે જણાય છે તે સંજ્ઞા - વેદનીય, મોહનીય કર્મના આશ્રયવાળી અને જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મના ક્ષયોપશમ લક્ષણ વિચિત્ર પ્રકારની આહારાદિની પ્રાપ્તિ માટે જે ક્રિયા તે સંજ્ઞા. તે ઉપાધિભેદાદિથી દશ પ્રકારે થાય છે—

(૧) આહાર સંજ્ઞા - ક્ષુધા વેદનીયના ઉદયથી કવલાદિ આહારને અર્થે પુદ્ગલ ગ્રહણ કરવારૂપ ક્રિયા જેના વડે જણાય છે તે આહારસંજ્ઞા.

(૨) ભય વેદનીયના ઉદયથી ભય વડે અત્યંત ભ્રમિત થયેલની દૃષ્ટિ, વદન વિકાર, રોમરાજીનું ઉભા થવું આદિ ક્રિયા જેનાથી જણાય તે ભયસંજ્ઞા.

(૩) પુરુષવેદના ઉદયથી મૈથુનને માટે સ્ત્રી અંગ જોવાથી પ્રસન્ન વદન થવાથી સ્તંભિત થયેલ બંને સાથળોનું કંપાયમાન થવું આદિ લક્ષણવાળી ક્રિયા જેના વડે જણાય તે મૈથુન સંજ્ઞા... (૪) લોભના ઉદયથી ભવના કારણભૂત આસક્તિપૂર્વક સચિત્ત-અચિત્ત દ્રવ્યના ગ્રહણરૂપ ક્રિયા જેના વડે જણાય તે પરિગ્રહ સંજ્ઞા... (૫) ક્રોધના ઉદયથી તેના આવેશગર્ભિત મુખ, નયન, દંતચ્છદ ચેષ્ટા જ જેના વડે જણાય છે તે ક્રોધ સંજ્ઞા.

(૬) માનના ઉદયથી અહંકારાત્મક ઉત્કર્ષાદિ પરિણતિ જ જેના વડે જણાય તે માનસંજ્ઞા... (૭) માયાના ઉદય વડે અશુભ સંક્લેશથી અસત્ય ભાષાણાદિ ક્રિયા જેના વડે જણાય તે માયાસંજ્ઞા... (૮) લોભના ઉદયથી લાલસા સંયુક્તપણાથી સચિત્ત અચિત્ત દ્રવ્યની પ્રાર્થના જેવા વડે થાય તે લોભસંજ્ઞા... (૯) મતિજ્ઞાનાદિ આવરણના ક્ષયથી શબ્દાદિ અર્થગોચર સામાન્ય અવબોધ રૂપ ક્રિયા જેના વડે જણાય તે ઓઘસંજ્ઞા... (૧૦) તે વિશેષ બોધ ક્રિયા જ જણાય છે જેના વડે તે લોકસંજ્ઞા.

તેથી ઓઘસંજ્ઞા દર્શનના ઉપયોગરૂપ અને લોક સંજ્ઞા જ્ઞાનના ઉપયોગરૂપ છે. અન્ય આચાર્યો વિપરીત રીતે કહે છે. બીજા એમ કહે છે કે – સામાન્ય પ્રવૃત્તિ તે ઓઘસંજ્ઞા અને લોકદૃષ્ટિ તે લોકસંજ્ઞા. આ સંજ્ઞાઓ સુખે સમજી શકાય તે માટે પ્રાયઃ યથોક્ત ક્રિયા નિબંધન કર્મોદયાદિ પરિણામરૂપ જ જાણવી. - x - આ દશ સંજ્ઞા બધાં જીવોને વિશે ચોવીશદંડક દ્વારા નિરૂપણ કરે છે. સામાન્ય સૂત્ર માફક નારકસૂત્રમાં દશ સંજ્ઞાઓ છે તેમ બીજા પણ વૈમાનિક પર્યન્ત ચોવીશ દંડકોમાં સંજ્ઞાઓ છે.

[૯૬૫] અનંતર સૂત્રમાં વૈમાનિકો કહ્યા, તે સુખવેદના અનુભવે છે. તેથી વિપરીત નારકો દુઃખ વેદના અનુભવે છે - x - વિશેષ એ - વેદના એટલે પીડા. શીતસ્પર્શ જનિત તે શીતવેદના, તે ચોથી આદિ નરકમાં હોય છે. એ રીતે ઉષ્ણ-પ્રથમાદિમાં, ક્ષુધા-ભુખ, પિપાસા-તૃષા, કંડુ-ખરજને, પરજઝં-પરતંત્રતાને, ભય-બીકને, શોક-દીનતાને, જરા-વૃદ્ધત્વને, વ્યાધિ-જ્વર, કુષ્ઠાદિને.. આ વેદનાદિ અમૂર્ત્તને જિનો જાણે છદ્મસ્થ નહીં—

● **સૂત્ર-૯૬૬ થી ૯૭૬ :-**

*[૯૬૬] દશ સ્થાનોને છદ્મસ્થ સર્વભાવથી જાણતો-જોતો નથી. તે આ – ધર્માસ્તિકાય યાવત્ વાયુ, (૯) આ જિન થશે કે નહીં, (૧૦) આ સર્વ દુઃખોનો અંત કરશે કે નહીં... આ દશેને ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરિહંત યાવત્ (જાણે છે કે) આ સર્વે દુઃખોનો અંત કરશે કે નહીં.*

*[૯૬૭] દશ દશાઓ કહી છે – કર્મવિપાકદશા, ઉપાસકદશા, અંતકૃત્ દશા, અનુત્તરોપપાતિકદશા, આચારદશા, પ્રશ્નવ્યાકરણદશા, બંધદશા, દ્વિગૃદ્ધિ-*



*દશા, દીર્ઘદશા અને સંક્ષેપિકદશા.*

*[૯૬૮] કર્મવિપાકદશાના દશ અધ્યયનો કહ્યા છે – મૃગાપુત્ર, ગોત્રાસ, અંડ, શકટ, બ્રાહ્મણ, નંદિષેણ, સૌરિક, ઉદુંબર, સહસોદાહ-આમરક અને કુમાર લિચ્છવી.*

*[૯૬૯] ઉપાસક દશાના દશ અધ્યયનો કહ્યા – [૯૭૦] આનંદ, કામદેવ, ચુલનીપિતા, સુરાદેવ, ચૂલ્લશતક, કુંડકોલિક, સદ્દાલપુત્ર, મહાશતક, નંદિની પિતા, સાલેયિકા [સાલિણી] પિતા.*

*[૯૭૧] અંતકૃત્ દશાના દશ અધ્યયનો કહ્યા – [૯૭૨] નમિ, માતંગ, સોમિલ, રામગુપ્ત, સુદર્શન, જમાલી, ભગાલી, કિંકર્મ, પલ્યક, અંબડપુત્ર.*

*[૯૭૩] અનુત્તરોપપાતિક દશાના દશ અધ્યયનો કહ્યા – [૯૭૪] ઋષિદાસ, ધન્ય, સુનક્ષત્ર, કાર્તિક, સંસ્થાન, શાલિભદ્ર, આનંદ, તેતલી, દશાર્ણભદ્ર, અતિમુક્ત. આ દશ કહ્યા છે.*

*[૯૭૫] આચારદશાના દશ અધ્યયનો કહ્યા છે – (૧) વીશ અસમાધિ સ્થાન, (૨) એકવીશ શબલ દોષો, (૩) તેત્રીશ આશાતના, (૪) આઠ પ્રકારે ગણિસંપદા, (૫) દશ ચિત્તસમાધિ સ્થાન, (૬) અગિયાર ઉપાસક પ્રતિમા, (૭) બાર ભિક્ષુ પ્રતિમા, (૮) પર્યુષણા કલ્પ, (૯) ૩૦ મોહનીય સ્થાન, (૧૦) આજાતિ સ્થાન.*

*૦ પ્રશ્ન વ્યાકરણ દશાના દશ અધ્યયનો કહ્યા – ઉપમા, સંખ્યા, ઋષિભાષિત, આચાર્યભાષિત, મહાવીરભાષિત, ક્ષૌમક પ્રશ્નો, કોમલ પ્રશ્નો, આદર્શ પ્રશ્નો, અંગુષ્ઠ પ્રશ્નો, બાહુ પ્રશ્નો.*

*૦ બંધ દશાના દશ અધ્યયનો કહ્યા છે – બંધ, મોક્ષ, દેવર્દ્ધિ, દશારમંડલિક, આચાર્ય વિપ્રતિપત્તિ, ઉપાધ્યાય વિપ્રતિપત્તિ, ભાવના, વિમુક્તિ, શાશ્વત અને કર્મ.*

*૦ દ્વિગૃદ્ધિ દશાના દશ અધ્યયનો કહ્યા છે – વાત, વિવાત, ઉપપાત, સુક્ષેત્રકૃષ્ણ, બેંતાલીશ સ્વપ્ન, ત્રીશ મહાસ્વપ્નો, બોંતેર સર્વસ્વપ્નો, હાર, રામ અને ગુપ્ત. એ દશ કહ્યા છે.*

*૦ દીર્ઘદશાના દશ અધ્યયનો કહ્યા છે – ચંદ્ર, સૂર્ય, શુક્ર, શ્રીદેવી, પ્રભાવતી, દ્વીપસમુદ્રોપપત્તિ, બહુપુત્રિકા, મંદર, સ્થવિર, સંભૂતિ વિજય, સ્થવિર પદ્મ ઉચ્છ્વાસ નિઃશ્વાસ.*

*૦ સંક્ષેપિક દશાના (દશ) અધ્યયનો કહ્યા છે – (૧) ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ, (૨) મહતી વિમાન પ્રવિભક્તિ, (૩) અંગચૂલિકા, (૪) વર્ગચૂલિકા, (૫) વિવાહ ચૂલિકા, (૬) અરુણોપપાત, (૭) વરુણોપપાત, (૮) ગરુલોપપાત, (૯) વેલંધરોપપાત અને (૧૦) વૈશ્રમણોપપાત.*

*[૯૭૬] દશ સાગરોપમ કોડાકોડીનો ઉત્સર્પિણીકાલ છે અને દશ સાગરોપમ કોડાકોડીનો અવસર્પિણીકાલ છે.*

● **વિવેચન-૯૬૬ થી ૯૭૬ :-**

[૯૬૬] ગતાર્થ છે. વિશેષ એ — અહીં છદ્મસ્થ, અતિશયરહિત જ સમજવો. અન્યથા અવધિજ્ઞાની પરમાણુ આદિને જાણે છે જ. સર્વ પ્રકાર વડે અર્થાત્ સ્પર્શ, રસ, ગંધ, રૂપલક્ષણ જ્ઞાન વડે ઘટની જેમ, ધર્માસ્તિકાયને, યાવત્ શબ્દથી અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરમાં ન રહેલ જીવ, પરમાણુ પુદ્ગલ, શબ્દ, ગંધને. અહીં બે અધિક છે. તેમાં આ — પ્રત્યક્ષ જ્ઞાન વડે સાક્ષાત્કાર કરેલ કેવલી થશે કે નહીં આ નવમું તથા દશમું છે તે પ્રગટ છે. આ દશ સ્થાનો છદ્મસ્થોને જાણવા યોગ્ય નથી. સાતિશય જ્ઞાનાદિપણાથી જિન જાણે છે. - x - યાવત્ શબ્દથી જિન, અર્હત્, કેવલી, સર્વજ્ઞ સર્વભાવથી જાણે છે - જુએ છે - x -

[૯૬૭] સર્વજ્ઞપણાથી જ જિન, જે અતીન્દ્રિય અર્થને બતાવનારા શ્રુત વિશેષોને કહેલ છે, તે દશ સ્થાનક અનુપાતી અર્થોને કહે છે - दस दसे એ અગ્યાર સૂત્રો છે. તેમાં દશ સંખ્યા, દશ અધિકારના અભિધાયકત્વ થકી દશા એ રીતે બહુવચનાંત સ્ત્રીલિંગી શાસ્ત્રનું નામ છે.

કર્મથી - અશુભ કર્મનો વિપાક-ફળ તે કર્મવિપાક. તેનું પ્રતિપાદન કરનારી દશ અધ્યયનાત્મક હોવાથી દશા તે કર્મવિપાક દશા. વિપાકશ્રુતનો બીજો શ્રુતસ્કંધ પણ દશ અધ્યયનાત્મક જ છે. પણ તે અહીં અભિમત નથી. તેનું વર્ણન આગળ કરવામાં આવનાર છે.

સાધુઓને ઉપાસે છે - સેવે છે, તે ઉપાસક - શ્રાવક. તેના ક્રિયાના કલાપ વડે ગુંથાયેલી દશ અધ્યયન વડે ઓળખાતી દશા તે ઉપાસક દશા.

અંતો - વિનાશ, તે કર્મનું અથવા તેના ફળભૂત સંસારનું કરેલ છે જેઓએ તે અંતકૃત, તે તીર્થંકરાદિ, તેઓની દશા તે અંતકૃત્ દશા. અહીં આઠમા અંગના પ્રથમ વર્ગના દશ અધ્યયનો છે માટે સંખ્યા વડે ઉપલક્ષિત હોવાથી અંતકૃત્ દશા કહેવાથી આઠમું અંગ કહ્યું.

ઉત્તર - પ્રધાન, નથી આને કોઈ ઉત્તર વિધમાન તે અનુત્તર. ઉપપતન તે ઉપપાત - જન્મ. અનુત્તર એવો ઉપપાત તે અનુત્તરોપપાત, તે છે જેઓને તે અનુત્તરોપપાતિકો અર્થાત્ સર્વાર્થસિદ્ધ આદિ પાંચ વિમાનમાં ઉત્પન્ન થનારા, તેની વક્તવ્યતાથી પ્રતિબદ્ધ જે દશા-દશ અધ્યયન વડે ઓળખાયેલ તે અનુત્તરોપપાતિક દશા-નવમું અંગ સૂત્ર.

આચરવું તે આચાર-જ્ઞાનાદિ પાંચ પ્રકારે આચાર પ્રતિપાદનમાં તત્પર દશા — દશ અધ્યયનાત્મિકા તે આચારદશા, જે દશાશ્રુતસ્કંધ છે.

પ્રશ્નો તે પૃચ્છા અને વ્યાકરણ તે નિર્વચનો અર્થાત્ પ્રશ્નોના ઉત્તરો તે પ્રશ્ન વ્યાકરણો. તેનું પ્રતિપાદન કરનારી દશ અધ્યયનાત્મિકા દશા તે પ્રશ્ન વ્યાકરણ દશા - દશમું અંગ સૂત્ર છે.

તથા બંધ દશા, દ્વિગૃદ્ધિદશા, દીર્ઘદશા, સંક્ષેપિક દશા અપ્રતીત છે.

[૯૬૮] કર્મવિપાક દશાના અધ્યયન વિભાગને કહે છે. તે આ —



[૯૬૯] મૃગા-મૃગ ગ્રામ નગરમાં વિજય રાજાની મૃગારાણીનો પુત્ર તે મૃગાપુત્ર. તે નગરમાં ગૌતમસ્વામીએ સમવસરણમાં આવેલ જન્માંધ પુરુષને જોઈને પૂછ્યું — હે ભદંત ! આ નગરમાં બીજો કોઈ જાત્યંધ છે. ભગવંતે જાતિ અંધ અને આકૃતિ રહિત મૃગાપુત્રનું કથન કર્યુ. ગૌતમ સ્વામી કુતૂહલથી તેને જોવાને તેના ઘેર ગયા. મૃગાદેવીએ વંદન કરીને આગમનનું કારણ પૂછ્યું. ગૌતમ સ્વામીએ કહ્યું કે — હું તારા પુત્રને જોવાને આવ્યો છું. ત્યારે મૃગાદેવીએ ભૂમિગૃહમાં રહેલ તેને, તેમાંથી ઉઘાડીને ગૌતમસ્વામી બતાવતી હતી. તેને અતિ ઘૃણાસ્પદ જોઈને ગૌતમ સ્વામીએ ભગવંતને પૂછ્યું કે — આ મૃગાપુત્ર જન્માતંરમાં કોણ હતો ?

ભગવંતે કહ્યું — આ વિજયવર્દ્ધમાનક નામના ખેટમાં મકાયી [ઈક્કાઈ] નામે હતો. લાંચ લેવી, ઉપચારોથી લોકોને સંતાપકારી રાષ્ટ્રકૂટ હતો. ત્યાંથી સોળ રોગાંતક વડે અભિભૂત થયો, મરીને નરકમાં ગયો. ત્યાંથી પાપકર્મના વિપાક વડે લોષ્ટ-આકાર જેવો, અવ્યક્ત ઈન્દ્રિયવાળો અને દુર્ગન્ધવાળો મૃગાપુત્ર થયો. અહીંથી મરીને નરકમાં જશે. તેનું પ્રતિપાદક પ્રથમ અધ્યયન મૃગાપુત્ર.

ગોત્રાસ. - ગાય આદિ પશુને ત્રાસ પમાડેલ તે ગોત્રાસ. હસ્તિનાપુર નગરમાં ભીમ નામે કુટગ્રાહની ઉત્પલા નામની ભાર્યાનો ગોત્રાસ નામે પુત્ર થયો. પ્રસવકાળે મહાપાપી આ જીવે ઘણી બૂમો પાડવા વડે પશુઓને ત્રાસ પમાડ્યો. યૌવનવયમાં આ અનેક પ્રકારના પશુઓના માંસને ખાતો હતો, તેથી મરીને નારક થયો. ત્યાંથી નીકળીને વાણિજ્યગ્રામમાં વિજય નામે સાર્થવાહ અને તેની ભદ્રા નામે ભાર્યાનો ઉજ્ઝિતક નામે પુત્ર થયો. તેને કામધ્વજા ગણિકાને અર્થે રાજાએ તલતલ જેવડા માંસ છેદન વડે અને તેને ખવડાવવા વડે ચતુષ્પથમાં વિડંબના કરાવીને નાશ કરાવ્યો. તે મરીને નરકમાં ગયો એ રીતે ગોત્રાસની વક્તવ્યતા વડે પ્રસિદ્ધ અધ્યયન બીજું ‘ગોત્રાસ’ છે. જે વિપાક શ્રુત્રમાં ‘ઉજ્ઝિતક’ નામે કહેવાય છે.

અંડ - પુરિમતાલ નગરનો વાસી કૂકડા આદિ અનેક પ્રકારના ઈંડાના સમૂહનો વ્યવહાર કરનાર નિન્નક નામે વ્યાપારીના વિપાકને પ્રતિપાદન કરનારું અંડનામા અધ્યયન છે. તે નિન્નક નરકમાં ગયો, ત્યાંથી નીકળીને અભગ્નસેન નામે પલ્લીપતિ થયો. તેની ઉપર નિરંતર દેશનું લુંટન કરવા વડે અતિ કોપ પામેલ પુરિમતાલ નગરના રાજાએ વિશ્વાસ પમાડવા પૂર્વક તેને બોલાવીને નગરના પ્રત્યેક ચૌટામાં તેની આગળ તેના કાકા, કાકી વગેરે સ્વજન વર્ગને મારીને તલતલ જેટલા માંસનું છેદન અને લોહી-માંસના ભોજન કરાવવા વડે કદર્થના કરીને મરાવ્યો. વિપાકશ્રુતમાં આ અધ્યયન અભગ્નસેન નામે કહેવાયું છે.

શકટ - નામે અપર અધ્યયનમાં શાખાંજની નગરીમાં સુભદ્ર સાર્થવાહ અને તેની ભદ્રા નામે ભાર્યાનો શકટ નામે પુત્ર હતો. તેને સુષેણ નામે પ્રધાને સુદર્શના નામે ગણિકાના પ્રસંગમાં ગણિકા સહિત માંસ છેદનાદિ અત્યંત કદર્થના કરાવીને મરાવ્યો. તે પૂર્વજન્મમાં છગલપુર નગરે છન્નિક નામે છાગલિક માંસ પ્રિય હતો. તે ચોથું અધ્યયન.

માહણ - કોશાંબી નગરીમાં બૃહસ્પતિ દત્ત નામે બ્રાહ્મણ હતો. તેને અંતઃપુરના

પ્રસંગમાં ઉદયન રાજાએ પૂર્વોક્ત રીતે કદર્થના કરીને મરાવ્યો. પૂર્વભવે તે મહેશ્વરદત્ત નામે પુરોહિત હતો. તે જિતશત્રુ રાજાના શત્રુઓના જયને માટે બ્રાહ્મણાદિ વડે હોમ કરતો હતો. ત્યાં પ્રતિદિન ચારે વર્ણનું એક એક બાળક આઠમાદિ પર્વમાં બે-બે, ચોમાસીમાં ચાર-ચાર, છ માસીમાં આઠ-આઠ અને વર્ષમાં સોળ-સોળ, પરચક્રના આગમનમાં ૧૦૮-૧૦૮નો હોમ કરવા વડે પરચક્રને જીતે છે. આ પ્રમાણે તે પાપકર્મથી મરીને નરકમાં ગયો. એ રીતે આ પાંચમું અધ્યયન છે.

નંદિષેણ-મથુરાનગરીમાં શ્રીદામ રાજાનો પુત્ર નંદિષેણ નામનો યુવરાજ હતો. વિપાકશ્રુતમાં 'નંદિવર્ધન' નામ છે. તેને રાજાનો દ્રોહ કરવાના વૃત્તાંતમાં રાજાએ નગરના ચૌટામાં તપાવેલ લોઢાના પાણી વડે સ્નાન કરાવીને અને તેના તપાવેલ લોહ સિંહાસને બેસાડીને ક્ષાર નાખેલ તેલથી ભરેલ કળશો વડે રાજ્યાભિષેક કરાવીને કષ્ટપૂર્વક મારીને પ્રાણોનો નાશ કરાવ્યો. મરીને તે નરકમાં ગયો. તે પૂર્વભવમાં સિંહપુર નગરમાં સિંહરથ નામે રાજાનો દુર્યોધન નામે જેલર હતો. તે અનેક પ્રકારની યાતના વડે લોકોને કદર્થના કરીને મરણ પામીને નરકમાં ગયો. આવા પ્રકારના અર્થવાળું છટ્ઠું અધ્યયન છે.

શૌરિક - શોરિક નગરમાં શૌરિકદત્ત નામે મત્સ્યબંધ હતો, તેને માછલાનું માંસ પ્રિય હતું. ગળામાં લાગેલ મત્સ્યના કંટક વડે મહાકષ્ટને પામીને મરણ પામી, તે નરકમાં ગયો. પૂર્વજન્મમાં તે નંદિપુર નગરે મિત્ર રાજાનો શ્રીક નામે રસોઈયો હતો. તે જીવઘાતમાં રતિવાળો અને માંસપ્રિય હતો. મરણ પામીને તે નરકમાં ગયો. આ અધ્યયન-૭—

ઉદુંબર-પાડલીષંડ નગરમાં સાગરદત્ત સાર્થવાહનો ઉદુંબર નામે પુત્ર હતો. તે કોઈ વખત ૧૬ રોગ વડે પરાભવ પામી, મહાકષ્ટ અનુભવીને મરણ પામ્યો. તે પૂર્વજન્મે વિજયપુરના કનકરથ રાજાનો ધન્વંતરી નામે વૈદ્ય હતો. તે માંસપ્રિય અને લોકોને માંસનો ઉપદેશ કરનારો હતો. એ રીતે પાપ કરીને તે નરકમાં ગયો. આ આઠમું અધ્યયન છે.

સહસુદ્દાહ - सहसा - અકસ્માત્, उद्दाह - ઉત્કૃષ્ટદાહ તે સહસોદ્દાહ. અથવા સહસ્ર-હજારો લોકોનો દાહ તે સહસ્રોદાહ. आमलए - તેથી આમરક - સામસ્ત્ય વડે મારિ આ અર્થ વડે નવમું અધ્યયન છે. તેમાં સુપ્રતિષ્ઠ નગરમાં સિંહસેન નામે રાજા, શ્યામા નામક રાણીમાં અનુરક્ત હતો. રાણીના વચનથી જ એક ન્યૂન ૫૦૦ રાણીઓને મારવાની ઈચ્છાવાળી જાણીને કોપ પામ્યો. એક ન્યૂન ૫૦૦ રાણીઓની માતાને રાજાએ નિમંત્રીને મોટા ઘરમાં આવાસ આપીને, ભોજનાદિ વડે સત્કારી, વિશ્વાસ પમાડી, તેઓને રાણી અને પરિવાર સહિત, ચોતરફથી દરવાજા બંધ કરી અગ્નિ સળગાવીને બાળી નંખાવી. પછી રાજા મરીને છઠ્ઠી નરકે જઈને ત્યાંથી રોહિતક નગરમાં દત્ત સાર્થવાહની દેવદત્તા નામે પુત્રીરૂપે થયો. તેને પુષ્પનંદી રાજા પરણ્યો. તે રાજા પોતાની માતાની ભક્તિમાં તત્પર હોવાથી તેની સેવા કરતો હતો. રાજાની માતાને ભોગમાં વિઘ્નકારી છે એમ માનીને દેવદત્તાએ તપાવેલ લોઢાના દંડને રાજાની



માતાના ગુહ્યદ્વારમાં પ્રક્ષેપવાથી અકસ્માત્ દાહ વડે મારી નાખી. રાજાએ હકીકત જાણીને તેને વિડંબનાપૂર્વક મરાવી નાંખી. આ દેવદત્તા નામે અધ્યયન છે.

કુમાર લિચ્છવી - કુમાર એટલે રાજ્યને યોગ્ય, અથવા પ્રથમ વયમાં રહેલા તે કુમારો, તેને અને લિચ્છવી એટલે લાભની ઈચ્છાવાળા વેપારી. તેને આશ્રીને આ દશમું અધ્યયન છે. - x - ઇન્દ્રપુર નગરમાં પૃથ્વીશ્રી નામે ગણિકા હતી. તે ઘણાં રાજકુમારો અને વણિકપુત્રાદિને મંત્રચૂર્ણ આદિ વડે વશ કરીને ઉદાર ભોગો ભોગવતી હતી. મરણ પામીને તે છઠ્ઠી નરકે ગઈ. ત્યાંથી નીકળી વર્ધમાન નગરમાં ધનદેવ સાર્થવાહની અંજૂ નામે પુત્રી થઈ. તે વિજય રાજાને પરણી. યોનિશૂળ વડે કષ્ટપૂર્વક જીવીને મૃત્યુ પામીને નરકમાં ગઈ. વિપાકશ્રુતમાં 'અંજૂ' નામે અધ્યયન છે.

[૯૬૯] ઉપાશકદશાનું વિવરણ કરતાં કહે છે — દોઢ શ્લોક છે.

[૯૭૦] આનંદ, વાણિજ્ય ગ્રામ નગરનો વાસી મહર્દ્ધિક આનંદ નામે ગૃહપતિ ભગવંત મહાવીર દ્વારા બોધ પામ્યો. અગિયાર શ્રાવક-પ્રતિમાને વહન કરીને ઉત્પન્ન થયેલ અવધિજ્ઞાનવાળો તે એક માસની સંલેખના કરીને સૌધર્મકલ્પમાં ગયો. તે વક્તવ્યતાનું પહેલું અધ્યયન છે.

કામદેવ, ચંપાનગરીનો વાસી, તેમજ બોધ પામેલ. પરીક્ષા કરનાર દેવકૃત્ ઉપસર્ગમાં નિશ્ચલ પ્રતિજ્ઞાવાળો, તેમજ સ્વર્ગે ગયો. અધ્યયન બીજું.

ચૂલનીપિતા નામે ગૃહપતિ, વાણારસીનો વાસી, તેમજ પ્રતિબુદ્ધ. એક વખત પ્રતિમાને સ્વીકારેલ હતો ત્યારે પરીક્ષક દેવ વડે માતાને ત્રણ ખંડવાળી કરાતી જોઈને ક્ષોભ પામ્યો, પ્રતિજ્ઞાથી ચલિત થયો. દેવને પકડવા માટે પ્રબલતાથી દોડ્યો. ફરી આલોચના કરીને સ્વર્ગમાં ગયો. આવા પ્રકારની વક્તવ્યતાથી પ્રસિદ્ધ અધ્યયન ચૂલની પિતા નામે કહેવાય છે.

સુરાદેવ, વાણારસી નગરી નિવાસી ગૃહપતિ હતો. પરિક્ષક દેવે તેને કહ્યું, જો તું ધર્મને મૂકીશ નહીં તો હું તારા શરીરમાં સોળ રોગોને એકી સાથે ઉત્પન્ન કરું છું. એ રીતે દેવવચન સાંભળીને તે પ્રતિજ્ઞાથી ચલિત થયો. ફરીથી આલોચના-પ્રતિક્રમણ કરીને સ્વર્ગમાં ગયો. આ વક્તવ્યતાને કહેનારું ચોથું અધ્યયન સુરાદેવ છે.

ચુલ્લશતક, મહાશતકની અપેક્ષાએ લઘુશતક તે ચૂલશતક. તે આલંભિકા નગરીનો વાસી, ઉપસર્ગ કરનાર દેવ વડે અપહરણ કરાતું દ્રવ્યને જોઈને પ્રતિજ્ઞાથી ચલિત થયો. ફરીથી નિરતિચાર થઈને સ્વર્ગે ગયો. એ પ્રમાણે જેમાં કહેવાય છે તે પાંચમું ચૂલશતક અધ્યયન છે.

કુંડકોલિક, કાંપિલ્યપુરનો વાસી એક ગૃહપતિ. ધર્મધ્યાનમાં રહેલ, તેણે જે રીતે ગોશાલક મતનું વર્ણન કરનાર દેવને ઉત્તર આપ્યો અને સ્વર્ગમાં ગયો, તેનું વૃત્તાંત કુંડકોલિક અધ્યયનમાં છે.

સદ્દાલપુત્ર નામે પોલાસપુરનો વાસી, કુંભકાર જાતિય, તે ગોશાલકનો ઉપાસક હતો. તેને ભગવંતે બોધ પમાડ્યો ફરીથી પોતાના મતને ગ્રહણ કરાવવાને તત્પર થયેલ ગોશાલક વડે ક્ષોભ ન પામેલ અંતઃકરણવાળો, એવા તેણે પ્રતિમાને સ્વીકારેલ.

પરીક્ષક દેવે, ભાર્યાને મારવાનું બતાવવાથી તે પ્રતિમાભગ્ન થયો. ફરી આલોચના કરીને તે સ્વર્ગે ગયો. આ વક્તવ્યતાવાળું સદ્દાલપુત્ર અધ્યયન છે.

મહાશતક, રાજગૃહ નિવાસી ગૃહપતિ, તેર ભાર્યાનો પતિ, શ્રાવકની અગિયાર પ્રતિમા વહન કરેલ, અવધિજ્ઞાન ઉત્પન્ન થવા વડે બોધવાળો, રેવતિ નામે પોતાની પત્નીએ કરેલ અનુકૂલ ઉપસર્ગમાં અચલ મતિવાળો અને સંલેખના કરીને સ્વર્ગ ગતિ પામેલ શ્રાવક તેની વક્તવ્યતા વડે રચાયેલ એવું મહાશતક નામે આઠમું અધ્યયન છે.

નંદિનીપિતા નામે શ્રાવસ્તી નગરીનો વાસી, ભગવંતબોધિત અને સંલેખનાદિ વડે સ્વર્ગને પામેલ શ્રાવકની વક્તવ્યતા વડે નિબંધન કરવાથી નંદિનીપિતા નામે નવમું અધ્યયન છે.

સાલઇકા [સાલિની] પિતા નામે શ્રાવસ્તી નગરી નિવાસી ગૃહપતિ, ભગવંત દ્વારા બોધ પામીને અનંતર તેમજ સંલેખનાદિ વડે સૌધર્મ કલ્પને પામેલ શ્રાવક. તેની વક્તવ્યતા વડે નિબદ્ધ આ દશમું અધ્યયન.

આ દશે શ્રાવકો ૨૦ વર્ષના પર્યાયવાળા, સૌધર્મકલ્પમાં ગયા છે અને ચાર પલ્યોપમની સ્થિતિવાળા દેવો થયા છે. મહાવિદેહમાં સિદ્ધ થશે.

[૯૭૧] હવે અંતકૃત દશાના અધ્યયોના વિવરણને કહે છે — આ સૂત્રમાં આઠ વર્ગ છે, તેમાં પહેલા વર્ગમાં દશ અધ્યયનો છે તે આ —

[૯૭૨] આ નમિ આદિ અંતકૃત્ સાધુઓના નામો અંતકૃત્ દશાંગના પ્રથમ વર્ગમાં અધ્યયનના સંગ્રહને વિશે દેખાતા નથી. જેથી ત્યાં કહેવાય છે કે — ગૌતમ, સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ્ય, પ્રસેનજિત્ અને વિષ્ણુ. તેથી આ નામો વાચનાંતરની અપેક્ષાએ છે એમ સંભાવના કરીએ છીએ પણ પૂર્વ ભાવના નામોની અપેક્ષાએ આ નામો હશે એમ ન કહેવું. કેમકે જન્માંતરોનું ત્યાં કહેવાપણું નથી.

[૯૭૩] હવે અનુત્તરોપપાતિક દશાનો અધ્યયન વિભાગ કહે છે. આ સૂત્રમાં ત્રણ વર્ગ છે તેમાં ત્રીજા વર્ગમાં દેખાતાં કેટલાંક અધ્યયનોની સાથે આનું સમાનપણું છે, પણ બધાં અધ્યયનોની સાથે નથી.

[૯૭૪] અહીં કહ્યું છે - ઋષિદાસ આદિ, પણ સૂત્રમાં આ દેખાય છે — ધન્ય, સુનક્ષત્ર, ઋષિદાસ, પેલ્લક, રામપુત્ર, ચંદ્રમા, પ્રોષ્ઠક, પેઢાલપુત્ર, પોટ્ટિલ અને દશમો વિહલ્લ. એ રીતે દશ અધ્યયન કહ્યા છે. તેથી અહીં પણ વાચનાંતરની અપેક્ષાએ આ અધ્યયન વિભાગ કહેલ છે. પણ હાલ પ્રાપ્ત વાચનાની અપેક્ષાએ નહીં. તેમાં ધન્ય અને સુનક્ષત્રનું કથાનક આ પ્રમાણે છે — કાકંદી નગરીમાં ભદ્રા સાર્થવાહીનો પુત્ર, ધન્ય નામે હતો. ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળીને દિક્ષા લીધી. તે નિરંતર છટ્ઠ કરનાર અને પારણે ત્યાજ્ય એવો આહાર મેળવીને આયંબિલ કરતો હતો. વિશિષ્ટ તપ વડે ક્ષીણ માંસ અને લોહીવાળો એવો તે સાધુ, ૧૪,૦૦૦ મુનિઓની મધ્યે અતિ દુષ્કરકારક છે એમ શ્રેણિક મહારાજાને રાજગૃહ નગરીમાં મહાવીર પ્રભુએ કહ્યું, તેથી શ્રેણિક રાજાએ ભક્તિ સહિત તેમને વંદન કર્યુ, પ્રશંસા કરી. કાળ



કરીને તેઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપજ્યો... આ રીતે સુનક્ષત્રને પણ જાણવો.

કાર્તિક - હસ્તિનાગપુરમાં કાર્તિક શેઠ, હજાર શ્રેષ્ઠીમધ્યે પ્રથમ આસનવાળો શ્રમણોપાસક હતો. તેણે જિતશત્રુ રાજાના અભિયોગથી પરિવ્રાજકને માસક્ષમણના પારણામાં ભોજન પીરસેલું. તે જ કારણથી સંસારથી નિર્વેદ પામીને મુનિસુવ્રતસ્વામી પાસે દિક્ષા લીધી. દ્વાદશાંગી ધારક થઈને શક્રેન્દ્રપણે ઉત્પન્ન થયો. એ પ્રમાણે જે ભગવતી સૂત્રમાં સંભળાય છે, તે કાર્તિક બીજોજ અને અહીં કહેલ તે અનુત્તર દેવોમાં ઉત્પન્ન થયેલ બીજો જાણવો.

શાલિભદ્ર - પૂર્વભવે સંગમ નામે વત્સપાલ હતો. તેણે બહુમાન સહિત સાધુને ખીરનું ભોજન આપ્યું. તેથી રાજગૃહનગરમાં ગોભદ્ર શેઠના પુત્રપણે ઉત્પન્ન થયો. દેવ થયેલ ગોભદ્રશેઠ દ્વારા મોકલાયેલ દિવ્ય ભોજન, વસ્ત્ર, કુસુમ, વિલેપન અને ભૂષણાદિ ભોગોના અંગ વડે બત્રીશ સ્ત્રીઓની સાથે સાત ભૂમિવાળા મનોહર મહેલમાં રહીને ક્રીડા કરતો હતો. કોઈ વખતે વેપારીએ લાવેલ લક્ષ મૂલ્યવાળી બહુ રત્નકંબલોને શાલિભદ્રની માતા ભદ્રાએ ખરીદીને વહુઓને વહેંચી આપી. તેઓએ તે કંબલોનું પાદપ્રોંછન કર્યુ - ફેંકી દીધી. આ હકીકત સાંભળીને કુતૂહલ ઉત્પન્ન થવાથી શાલિભદ્રને જોવા માટે શ્રેણિક મહારાજા તેને ઘેર આવ્યા, તેની માતાએ તેને કહ્યું કે — હે પુત્ર ! તને જોવાને સ્વામી ઈચ્છે છે, માટે તું મહેલથી નીચે આવ અને સ્વામીને જો. માતાના આવા વચનો સાંભળવાથી અમારો બીજો સ્વામી છે, એમ ચિંતવતા વૈરાગ્ય પામ્યો. વર્ધમાનસ્વામી પાસે દિક્ષા લીધી. ઉત્કૃષ્ટ તપ વડે ક્ષીણદેહ થઈને શિલાતલે પાદપોપગમન વિધિથી અનુત્તરદેવપણે ઉત્પન્ન થયો. તે આ અહીં સંભાવના કરાય છે. પણ હાલમાં અનુત્તરોપપાતિકમાં આ કહેલ નથી.

તેતલિપુત્ર - જે જ્ઞાતા અધ્યયનમાં સંભળાય છે, તે આ નહીં કેમકે તેનું તો મોક્ષગમન સંભળાય છે.

દશાર્ણભદ્ર - દશાર્ણપુર નગર નિવાસી પૃથ્વીપતિ હતો. જે ભગવંત મહાવીરને દશાર્ણકૂટ નગરની નિકટમાં સમવસરલે છે. એમ ઉદ્યાનપાલકના વચનથી જાણીને એમ ચિંતવ્યુ કે - જેમ કોઈએ ભગવંતને વાંદ્યા ન હોય તેમ મારે વાંદવું. એ રીતે રાજ્યની સંપત્તિના ગર્વથી અને ભક્તિથી વિચાર્યુ, ત્યારપછી પ્રાતઃકાલે વિશેષ સ્નાન કરીને, વિલેપન-આભરણની શોભાવાળો, ઉત્કૃષ્ટથી રચના કરેલ શ્રેષ્ઠ પટ્ટ હસ્તીની પીઠ ઉપર આરૂઢ થયેલો. વલ્ગનાદિ વિવિધ ક્રિયાને કરનાર, દર્પસહિત ચાલતા ચતુરંગ સૈન્ય વડે સંયુક્ત, પુષ્પમાણવક વડે સારી રીતે વર્ણન કરાતા અગણિત ગુણગણવાળો, સામંત-અમાત્ય-મંત્રી-રાજદૌવારિક અને દૂતાદિ વડે પરિવરેલ અંતઃપુર સહિત નગરલોક પરિવરેલ. આનંદમયવત્ જેમ મહિમંડલને સંપાદન કરતો સ્વર્ગપુરીથી જેમ ઈન્દ્ર નીકળે તેમ નગરથી રાજા નીકળ્યો.

નીકળીને સમવસરણની સન્મુખ જઈને યથાવિધિએ ભવ્યજનરૂપ કમલવનને વિકસ્વર કરવામાં અભિનવ સૂર્યસમાન ભગવંત મહાવીરને વાંદીને બેઠો. દશાર્ણભદ્ર રાજાના અભિપ્રાયને જાણીને તેના માનને દૂર કરવાને તત્પર થયેલ શક્રેન્દ્રે, આઠ

મુખવાળો હાથી બનાવ્યો. તેના પ્રત્યેક મુખમાં આઠ દાંતો કર્યા. દરેક દાંતમાં આઠ પુષ્કરણીઓ બનાવી, દરેક પુષ્કરિણીમાં આઠ-આઠ કમલ સ્થાપ્યા. દરેક કમલમાં આઠ દળ બનાવી, પ્રતિ દલમાં બત્રીશબદ્ધ નાટકની રચના કરી. એવા ગજેન્દ્ર ઉપર સમારૂઢ થઈને પોતાની લક્ષ્મી વડે સમસ્ત ગગનમંડલને પૂર્યો. એવા સ્વરૂપવાળા ઈન્દ્રને જોઈને રાજાએ ચિંતવ્યુ કે — અમારા જેવાને ક્યાંથી આવી વિભૂતિ હોય ? એણે નિરવધ ધર્મ કરેલ છે માટે હું એવા ધર્મને કરું એમ ચિંતવીને દિક્ષા લીધી ત્યારે ઈન્દ્રે કહ્યું — હમણાં તેં મને જીતી લીધો. એમ કહીને નમસ્કાર કર્યા. તે આ દશાર્ણભદ્ર સંભવે છે, પણ અનુત્તરોપપાતિકાંગમાં કહેલ નથી. ક્યાંક સિદ્ધ થયેલ છે તેમ સંભળાય છે.

અતિમુક્ત-અંતકૃત્ દશાંગમાં આ પ્રમાણે સંભળાય છે — પોલાસપુર નગરમાં વિજય રાજાને શ્રીદેવી નામે રાણીને અતિમુક્ત નામે પુત્ર, છ વર્ષનો હતો. તે ગૌચરીને માટે આવેલ ગૌતમસ્વામીને જોઈને એમ બોલ્યો કે — તમે કોણ છો અને શા માટે ફરો છો ? ત્યારે ગૌતમસ્વામી બોલ્યા — અમે સાધુ છીએ અને ભિક્ષાર્થે ફરીએ છીએ ભદંત ! તમે આવો, તમોને હું ભિક્ષા અપાવું. એમ બોલીને અંગુલી વડે ભગવાન્ ગૌતમને ગ્રહણ કરીને પોતાને ઘેર લાવ્યો. ત્યારે શ્રીદેવી ખુશ થઈને ભગવંત ગૌતમને પ્રતિલાભ્યા. અતિમુક્ત ફરીથી બોલ્યો કે — તમે ક્યાં વસો છો ? ભગવંત બોલ્યા — ભદ્ર ! મારા ધર્માચાર્યશ્રી વર્ધમાનસ્વામી ઉધાનમાં વસે છે, ત્યાં હું વસું છું. કુમાર બોલ્યો — ભદંત ! ભગવાન્ મહાવીરના ચરણયુગલને વાંદવા તમારી સાથે આવું ? ગૌતમ બોલ્યા — હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કર.

ત્યારે ગૌતમની સાથે આવીને અતિમુક્ત કુમારે ભગવંતને વંદન કર્યુ. ધર્મ સાંભળીને તે પ્રતિબોધ પામ્યો. ઘેર આવીને માબાપને કહ્યું કે — સંસારથી હું ઉદાસીન થયો છું. માટે દિક્ષા ગ્રહણ કરું છું તેથી તમે બંને મને રજા આપો. ત્યારે તેના માબાપ બોલ્યા કે — હે બાળક ! તું શું જાણે છે ? ત્યારે અતિમુક્તે કહ્યું — હે માતાપિતા ! જે હું જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે જાણું છું. ત્યારે તેના માબાપ બોલ્યા કે — કેવી રીતે ? તે બોલ્યો. હે માતાપિતા ! હું જાણું છું કે જન્મેલાએ અવશ્ય મરવાનું છે, પણ નથી જાણતો કે કયા સમયે કયા સ્થાનમાં અથવા કેવી રીતે કે કેટલી વખત ? તથા નથી જાણતો કે કયા કર્મો વડે નરકાદિ ગતિમાં જીવો ઉપજે છે ? વળી હું એ જાણું છું કે — પોતાના કરેલા કર્મો વડે જીવો, નરકાદિમાં ઉપજે છે. આવી રીતે તેણે માબાપને સમજાવીને દિક્ષા ગ્રહણ કરી, તપ કરીને મોક્ષે ગયો.

આ સૂત્રમાં અનુત્તરોપપાતિક દેવોમાં દશમાં અધ્યયનપણે કહ્યો. તેથી પ્રસ્તુત અતિમુક્ત બીજો જ હશે. દશ અધ્યયનો કહ્યા.

[૯૭૫] આચાર દશાના અધ્યયન વિભાગને કહે છે — અસમાધિ એટલે જ્ઞાનાદિ ભાવના નિષેધરૂપ અપ્રશસ્ત ભાવ આ અર્થ છે. તેના સ્થાનો - પદો તે અસમાધિ સ્થાનો અર્થાત્ જેના આસેવન વડે પોતાને બીજાને અને ઉભયને, અહીં પરભવમાં અથવા ઉભયલોકમાં અસમાધિ ઉત્પન્ન થાય છે તેને અસમાધિ સ્થાનો



કહેવાય છે. તે શીઘ્ર ચાલવું આદિ વીશ સ્થાનો ત્યાંથી જ જાણવા, તેને પ્રતિપાદન કરનાર અધ્યયન, અસમાધિ સ્થાનો કહેવાય છે આ પ્રથમ.

એકવીશ 'શબલા' શબલ એટલે કાબરું-મલિન. દ્રવ્યથી વસ્ત્રાદિ અને ભાવથી અતિચાર સહિત ચારિત્ર. અહીં શબલ ચારિત્રના યોગથી 'શબલા' સાધુઓ છે, તે હસ્તકર્મરૂપ પ્રકારાંતર વડે મૈથુન આદિ-૨૧-પદો છે. તે ઉક્તરૂપવાળા ૨૧-પદોમાં જ સેવતા-દોષ લગાડતાં સાધુઓ ઉપાધિથી એકવીશ થાય છે. તે અધ્યયન ૨૧ શબલા છે.

૩૩-આશાતનાઓ - જ્ઞાનાદિ ગુણો, आ - સમસ્તપણે, शात्य - નાશ પામે છે, જેના વડે તે આશાતના - રત્નાધિકના વિષયમાં આગળ ગમનાદિક અવિનયરૂપ, તે આશાતના, ૩૩ ભેદે પ્રસિદ્ધ છે, તે અધ્યયન.

આઠ પ્રકારે ગણિસંપદા - આચાર, શ્રુત, શરીર, વચનાદિક આચાર્યના ગુણોની ઋદ્ધિ, આઠમાં સ્થાનમાં કહેવાયેલ સ્વરૂપવાળી જેમાં કહેવાય છે, તે અધ્યયન પણ ગણિસંપદા નામે કહેવાય છે.

ચિત્ત સમાધિના દશ સ્થાનો - જે હોવાથી ચિત્તની પ્રશસ્ત પરિણતિ થાય છે તે દશ ચિત્તસમાધિ સ્થાનો. ન ઉત્પન્ન થયેલ પૂર્વક ધર્મની ચિંતાનું ઉત્પન્ન કરવું આદિ ત્યાંજ પ્રસિદ્ધ છે. તે કહેવાય છે, જે અધ્યયનમાં દશ ચિત્ત સમાધિ સ્થાનો નામથી કહેવાય છે.

એકાદશ ઉપાસક-શ્રાવકની પ્રતિમા-દર્શન, વ્રત, સામાયિક આદિ વિષયવાળી જેમાં પ્રતિપાદન કરાય છે તે એકાદશ પ્રતિમા છે.

બાર ભિક્ષુ પ્રતિમા-અભિગ્રહો. માસિકી, દ્વિમાસિકી વગેરે જેમાં કહેવાય છે, તે દ્વાદશ ભિક્ષુપ્રતિમા નામે અધ્યયન કહેવાય છે.

પર્યાયો, ઋતુબદ્ધિકો - તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સંબંધવાળા છોડાય છે જેમાં તે નિરુક્ત વિધિથી પર્યાસવના અથવા પરીતિ-સર્વતઃ ક્રોધાદિ ભાવથી ઉપશાંત થવાય છે જેમાં તે પર્યુપશમના અથવા परि - સર્વથા એક ક્ષેત્રમાં જઘન્યથી ૭૦ દિવસ અને ઉત્કૃષ્ટથી છ માસ પર્યન્ત વસવું તે નિરુક્ત વિધિથી પર્યુષણા. તેનો કલ્પ-આચાર અર્થાત્ મર્યાદા તે પજ્જોસવણા કલ્પ, પર્યુપશમના કલ્પ અથવા પર્યુષણા કલ્પ છે. તે - x - પ્રસિદ્ધ જ છે. તે અર્થવાળું અધ્યયન તે જ નામથી પર્યુષણા કલ્પ કહેવાય છે.

ત્રીશ મોહનીય કર્મબંધના સ્થાનો-કારણો ઈત્યાદિ ત્યાં જ પ્રસિદ્ધ મોહનીય સ્થાનો છે તેને પ્રતિપાદન કરનારું અધ્યયન.

આજાતિ સ્થાન - સંમૂર્છન, ગર્ભ અને ઉપપાતથી જન્મ, તેનું સ્થાન-સંસાર, તે નિદાન સહિત પુરુષને જ હોય છે. એવા પ્રકારના અર્થને પ્રતિપાદન કરનાર અધ્યયન તે 'આજાતિ સ્થાન' કહેવાય છે.

૦ અહીં કહેલ સ્વરૂપવાળી પ્રશ્ન વ્યાકરણ દશા વર્તમાનમાં દેખાતી નથી. હાલ તો પાંચ આશ્રવ, પાંચ સંવરાત્મક છે. અહીં કહેલ ઉપમાદિ અધ્યયનોનો અક્ષરાર્થ તો સુગમ જ છે. વિશેષ એ કે —

पसिण० - પ્રશ્નવિદ્યા, જેના વડે ક્ષૌમક-વસ્ત્રાદિને વિશે દેવતાનો અવતાર

કરાય છે, તેમાં ક્ષૌમક એટલે વસ્ત્ર, અદ્દાગ - અરીસો. અંગુષ્ઠ - હાથનો અવયવ. બાહ્વ - ભૂજા.

૦ બંધદશાના પણ બંધાદિ અધ્યયનો શ્રુત અને અર્થ વડે કહેવા યોગ્ય છે... ૦ દ્વિગૃદ્ધિ દશા તો સ્વરૂપથી પણ જણાયેલ નથી.

૦ દીર્ઘદશા - સ્વરૂપથી ન જણાયેલ જ છે, તેના અધ્યયનો તો કેટલાક નિરયાવલિકા શ્રુતસ્કંધમાં દેખાય છે. તેમાં ચંદ્રની વક્તવ્યતા વડે પ્રતિબદ્ધ તે ચંદ્ર અધ્યયન. તે આ — રાજગૃહી નગરીમાં જ્યોતિષ્કનો રાજા ચંદ્ર, મહાવીર સ્વામીને વંદન કરીને, નાટ્યવિધિ બતાવી પાછો ગયો. ત્યારે ગૌતમ સ્વામીએ, ભગવંતને તેનો વૃત્તાંત પૂછ્યો. ભગવંતે કહ્યું — શ્રાવસ્તિ નગરીમાં અંગજિત્ નામે આ ચંદ્ર ગૃહપતિ હતો. તેણે પાર્શ્વનાથ પાસે દિક્ષા લીધી અને શ્રમણપણાને અલ્પ વિરાધીને ચંદ્રપણે ઉત્પન્ન થયો અને મહાવિદેહમાં સિદ્ધ થશે તથા - - - સૂરની વક્તવ્યતા વડે પ્રતિબદ્ધ અધ્યયન તે સૂર. તેની વક્તવ્યતા ચંદ્રવત્ સમજવી. વિશેષ એ કે — સુપ્રતિષ્ઠ નામથી હતો.

શુક્ર-ગ્રહ છે. તેની વક્તવ્યતા આ છે — રાજગૃહીમાં ભગવંતને વાંદીને શુક્ર પાછો ગયા પછી ગૌતમ સ્વામીએ પૂછયું, ભગવંત બોલ્યા - વાણારસીમાં આ સોમિલ નામે બ્રાહ્મણ હતો. તેણે પાર્શ્વનાથને પૂછ્યું કે — હે ભગવંત ! આપને યાપનીય છે, સરસવ-માસા-કુલત્થા તમને ખાવા યોગ્ય છે ? તમે એક છો - બે છો - અનેક છે ? ઇત્યાદિ ભગવંત આ પ્રશ્નોના ઉત્તરો આપ્યા. તે સોમિલ શ્રાવક થયો. ફરીને વિપર્યાસથી આરામાદિ લૌકિક ધર્મસ્થાનો કરાવીને દિશાપ્રૌક્ષિક તાપસપણે દીક્ષિત થઈને દરેક છઠ્ઠના પારણામાં ક્રમ વડે પૂર્વાદિ દિશાઓથી કંદાદિકને લાવીને આહાર કરતો હતો.

કોઈ દિવસે તે સોમિલ જે ગર્તાદિ સ્થાનમાં હું પડીશ ત્યાં જ પ્રાણ તજીશ, એવો અભિગ્રહ સ્વીકારીને કાષ્ઠની મુદ્રા વડે મુખને બાંધીને ઉત્તર દિશા સન્મુખ ચાલ્યો. ત્યાં પ્રથમ દિવસમાં મધ્યાહ્ન પછીના કાળમાં અશોકવૃક્ષ નીચે હોમાદિ કર્મ કરીને બેઠો, ત્યાં તેને કોઈ દેવે કહ્યું કે — હે સોમિલ બ્રાહ્મણ મહર્ષિ! તારું દુષ્પ્રવ્રજિત છે. વળી બીજે દિવસે તેમજ સપ્તવર્ણ વૃક્ષ નીચે બેઠો, દેવે તેમજ કહ્યું. ત્રીજા આદિ દિવસે પીપળો, વડ, ઉંદુબર વૃક્ષની નીચે બેઠો અને દેવે તેમજ કહ્યું. ત્યારે પાંચમે દિવસે સોમિલ બોલ્યો - કેવી રીતે મારું દુષ્પ્રવ્રજિત છે? દેવ બોલ્યો - પાર્શ્વનાથ સમીપે તેં અણુવ્રતાદિ શ્રાવક ધર્મને સ્વીકારીને હમણા અન્યથા વર્તે છે. માટે તારું દુષ્પ્રવ્રજિત છે. તેથી હજું પણ તે જ અણુવ્રતાદિ ધર્મને તું ગ્રહણ કર. જેથી તારું સુપ્રવ્રજિત થાય. એ રીતે દેવે કહ્યું. તેણે પણ તેમજ કર્યું. પછી શ્રાવકપણાને પાળીને, આલોચના-પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરીને શુક્રાવતંસક વિમાનમાં શુક્રપણે ઉત્પન્ન થયેલ છે.

શ્રીદેવીના આશ્રયવાળું અધ્યયન છે. તે આ — શ્રીદેવી, રાજગૃહ નગરમાં મહાવીર પ્રભુને વંદનાર્થે સૌધર્મકલ્પથી આવી, નાટ્યવિધિ બતાવી પાછી ગઈ. ગૌતમસ્વામીએ પૂર્વભવનું સ્વરૂપ પૂછ્યું. ભગવંતે ગૌતમ સ્વામીને કહ્યું — રાજગૃહીમાં



સુદર્શન નામે શેઠ હતો. પ્રિયા તેમની પત્ની હતી. તેમને ભૂતા નામે બૃહત્કુમારિકા પુત્રી હતી. તેણે પાર્શ્વનાથ પાસે દિક્ષા લીધી. પછી શરીરબકુશા થઈ. સાતિચાર મરીને સ્વર્ગે ગઈ અને ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં સિદ્ધ થશે.

પ્રભાવતી - ચેટક રાજાની પુત્રી અને વીતભય નગરના ઉદાયન મહારાજની પત્ની હતી. જેણીએ જિનબિંબની પૂજાર્થે સ્નાન કર્યા બાદ દાસીએ શ્વેત વસ્ત્ર અર્પણ કર્યા પછી વિભ્રમથી મને અવસર વિના દાશીએ રક્ત વસ્ત્ર આપ્યું. એમ માનીને ક્રોધથી અરીસા વડે મારી, તેણી મરણ પામી. તેથી વૈરાગ્ય ઉત્પન્ન થવાથી અનશન ગ્રહણ કરીને દેવપણાએ ઉત્પન્ન થઈ. તેણીએ ઉજ્જૈનીના રાજા પ્રત્યે વિક્ષેપ વડે ચાલેલ ઉદાયન મહારાજાના, ગ્રીષ્મમાં તૃષાથી પરાભવિત સૈન્યને શીતલ જલ વડે પરિપૂર્ણ જલાશય કરવા વડે ઉપકાર કરેલ હતો. આવા સ્વરૂપનું અધ્યયન તે પ્રભાવતી અધ્યયન સંભવે છે. - x -

બહુપુત્રિકા દેવીના વર્ણન વડે જે પ્રતિબદ્ધ, તે બહુપુત્રિકા અધ્યયન કહેવાય છે. તે આ - રાજગૃહીમાં મહાવીર પ્રભુને વંદનાર્થે સૌધર્મકલ્પથી બહુપુત્રિકા દેવી આવી, વાંદીને પાછી ગઈ, ગૌતમે પૂછતાં ભગવંતે કહ્યું - વારાણસીમાં ભદ્ર સાર્થવાહની સુભદ્રા નામે પત્ની હતી. તે વંધ્યા હોવાથી પુત્રની ઈચ્છાવાળી થઈ, ભિક્ષાર્થે આવેલ આર્યાને પુત્રના લાભ માટે પૂછ્યું. સાધ્વીએ ધર્મ કહ્યો અને દિક્ષા આપી. તે ઘણાં લોકોના અપત્યો વિશે પ્રીતિ વડે અભ્યંજન, ઉદ્વર્તનાદિમાં તત્પર બની, અતિચાર સહિત મરણ પામીને સૌધર્મકલ્પે ગઈ. ત્યાંથી ચ્યવીને વિભેલ નામક સંનિવેશમાં બ્રાહ્મણીપણે ઉત્પન્ન થશે. પછી પિતાના ભાણેજની પત્ની થશે અને જોડલાંને જન્મ આપનારી થશે. તે સોળ વર્ષમાં ૩૨-સંતાનને જન્મ આપશે. તેથી સંતાનના ખેદથી આર્યાને પૂછશે. સાધ્વીઓ તેને ધર્મ કહેશે. શ્રાવકધર્મ સ્વીકારશે. પછી કાલાંતરે દિક્ષા લેશે. ત્યાંથી સૌધર્મકલ્પે ઈન્દ્રના સામાનિક દેવપણે ઉત્પન્ન થઈને મહાવિદેહમાં સિદ્ધ થશે.

સ્થવિર સંભૂતિવિજય, ભદ્રબાહુસ્વામીના ગુરુભાઈ, શકટાલપુત્ર સ્થૂલભદ્રના દિક્ષા દાતા, તેના વૃત્તાંત વડે પ્રતિબદ્ધ નવમું અધ્યયન છે. શેષ ત્રણ અધ્યયનો અપ્રતીત છે.

૦ સંક્ષેપિક દશા - નહીં જણાયેલ સ્વરૂપવાળી છે પણ તેના અધ્યયનોનો આ અર્થ છે - અહીં આવલિકા પ્રવિષ્ટ - પંક્તિબદ્ધ અને ઈતર-છૂટા છૂટા વિમાનો, તેનું પ્રવિભજન જેમાં છે તે વિમાન પ્રવિભક્તિ. તેમાં એક અલ્પગ્રંથ, બીજું મહાગ્રંથ છે. તે ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ અને મહતિ વિમાન પ્રવિભક્તિ છે.... આચારાદિ અંગની ચૂલિકા. જેમ આચારની અનેક પ્રકારે છે, તેમ અહીં કહેલ - ન કહેલ અર્થસંગ્રાહિકા ચૂલિકા છે.

વર્ગચૂલિકા - વર્ગ એટલે અધ્યયનાદિ સમૂહ, તેની ચૂલિકા.

વિવાહચૂલિકા - ભગવતી સૂત્રની ચૂલિકા તે વ્યાખ્યા ચૂલિકા.

અરુણોપપાત - અહીં અરુણ નામે દેવ, તેના સમય વડે નિબદ્ધ ગ્રંથ. તેનો ઉપપાત - અવતારનો હેતુ તો અરુણોપપાત. જ્યારે તે અધ્યયન વડે ઉપયુક્ત સાધુ

પરિવર્તન કરે છે, ત્યારે આ અરુણદેવ સ્વસમયથી નિબદ્ધ હોવાથી ચલિતાસન અને સંભ્રમભ્રમિત લોચન થઈને, અવધિજ્ઞાનથી તેના સ્વરૂપને જાણી, સંતુષ્ટ થઈ, ચલિત-ચપલ કુંડલ ધારણ કરી દિવ્ય કાંતિ-વિભૂતિ-ગતિ વડે તે સાધુ પાસે આવી ભક્તિ સમૂહથી વદન નમાવી, પુષ્પવૃષ્ટિ કરી, નમસ્કાર કરી, અંજલિ જોડી, વિશુદ્ધ અધ્યવસાયથી સાંભળે છે. પૂર્ણ થતાં તે દેવ કહે છે — સારો સ્વાધ્યાય કર્યો છે, તમે વર માંગો, ત્યારે તૃષ્ણારહિત - x - સાધુ કહે છે — મારે વરનું પ્રયોજન નથી. તે દેવ - x - સ્વસ્થાને જાય છે.

[૯૭૬] આવા પ્રકારનું શ્રુત કાળ વિશેષમાં જ હોય, માટે દશ સ્થાનકમાં અવતરતા કાળના સ્વરૂપને કહે છે. તે સૂત્ર સુગમ છે.

કાલદ્રવ્ય માફક નારકાદિ જીવ દ્રવ્યો પણ ભેદવાળા છે, તેથી કહે છે—

● **સૂત્ર-૯૭૭ :-**

***નૈરયિક દશ ભેદે કહ્યા — અનંતરોપપન્નક, પરંપરોપપન્નક, અનંતરાવગાઢ, પરંપરાવગાઢ, અનંતરાહારક, પરંપરાહારક, અનંતરપર્યાપ્તા, પરંપરપર્યાપ્તા, ચરિમા, અચરિમા. એ રીતે વૈમાનિક પર્યન્ત.***

***ચોથી પંકપ્રભા પૃથ્વીમાં દશ લાખ નરકાવાસાઓ કહેલા છે.***

***રત્નપ્રભા પૃથ્વીમાં જઘન્યથી નૈરયિકોની સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે.***

***ચોથી પંકપ્રભામાં ઉત્કૃષ્ટથી નૈરયિક સ્થિતિ દશ સાગરોપમ છે.***

***પાંચમી ધૂમપ્રભામાં જઘન્યથી નૈરયિક સ્થિતિ દશ સાગરોપમ છે.***

***અસુરકુમારની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. એ રીતે યાવત્ સ્તનિતકુમારની જાણવી... બાદર વનસ્પતિકાયિકોની ઉત્કૃષ્ટથી સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષની છે... વાણવ્યંતર દેવોની જઘન્યથી સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે... બ્રહ્મલોક કલ્પે ઉત્કૃષ્ટથી દેવોની સ્થિતિ દશ સાગરોપમ છે... લાંતક કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ છે.***

● **વિવેચન-૯૭૭ :-**

અહીં ૨૪-સૂત્રો છે. (૧) જેને અંતર વિદ્યમાન નથી તે અનંતર - વર્તમાન સમય. તેમાં ઉપજેલા તે અનંતરોપપન્નક - જેઓને ઉત્પન્ન થયાને એક સમય પણ અતિક્રાંત થયો નથી તેઓ... (૨) જેમને ઉત્પન્ન થયાને બે વગેરે સમયો થયેલ છે તે પરંપરોપપન્નક - x - x -

આ કાલ વિશેષરૂપ ઉપાધિ વડે કરાયેલા બે ભેદ છે. (૩) વિવક્ષિત પ્રદેશની અપેક્ષાએ અંતર રહિત પ્રદેશમાં રહેલ તે અનંતરાવગાઢો અથવા પ્રથમ સમયમાં અવગાઢ તે અનંતરાવગાઢ, (૪) તેથી વિલક્ષણ તે પરંપરાવગાઢ. ક્ષેત્રથી આ બે ભેદ છે.

(૫) અનંતર જીવ પ્રદેશો વડે વ્યાપ્તપણે અથવા સ્પૃષ્ટપણે રહેલ પુદ્ગલોનો આહારે છે તે અનંતરાહારકો અને (૬) પૂર્વે અંતર સહિત રહેલ છતાં પોતાના ક્ષેત્રમાં રહેલ પુદ્ગલને આહારે તે પરંપરાહારકો. અથવા પ્રથમ સમયે આહારે તે અનંતાહારક, બીજા તે પરંપરાહારકો.



(૭) પર્યાપ્તત્વમાં અંતર વિદ્યમાન નથી તે અનંતર પર્યાપ્તકો અર્થાત્ પ્રથમ સમય પર્યાપ્તક. (૮) બીજા પરંપર પર્યાપ્તક. આ ભાવકૃત્ ભેદ છે.

(૯) ચરમ નારક ભવયુક્તત્વથી ચરિમ, (૧૦) તેનાથી વિપરીત તે અચરિમ. આ પણ ભાવકૃત્ ભેદ છે. ચરમાચરમ જીવપર્યાય છે માટે.

નારકની જેમ આ દશ પ્રકારો - x - નિરંતર વૈમાનિક સુધી કહેવું.

દંડકની આદિમાં દશ પ્રકારે નારકો કહ્યા. હવે તેના આધારોને અને નારકાદિની સ્થિતિને દશ સ્થાનના અનુપાતથી નિરુપતા અઢાર સૂત્રો કહે છે. તે સુગમ છે... અનંતર લાંતક દેવો કહ્યા, તે લબ્ધભદ્રા છે. તેથી ભદ્રકારી કર્મના કારણોને કહે છે—

● **સૂત્ર-૯૭૮ :-**

***દશ સ્થાન વડે જીવો આગામી ભવમાં કલ્યાણ થાય એવા કર્મોને કરે છે — (૧) નિયાણું ન કરવાથી, (૨) સમ્યગ્દૃષ્ટિપણાથી, (૩) યોગવાહિતાથી, (૪) ક્ષમા વડે સહન કરવાથી, (૫) જિતેન્દ્રિયતાથી, (૬) અમાયિતાથી, (૭) અપાર્શ્વસ્થતાથી, (૮) સુશ્રામણ્યતાથી, (૯) પ્રવચન વત્સલતાથી, (૧૦) પ્રવચન ઉદ્ભાવના-પ્રભાવનાથી.***

● **વિવેચન-૯૭૮ :-**

આગામી ભવાંતરમાં થનારું ભદ્ર-કલ્યાણ, અનંતર સુદેવત્વ લક્ષણ, સુમાનુષત્વ પ્રાપ્તિથી મોક્ષ પ્રાપ્તિ લક્ષણ છે જેમને તે આગમિષ્યદ્ ભદ્ર. તેનો ભાવ તે આગમિષ્ય ભદ્રતા, તેને માટે અર્થાત્ ભવિષ્યમાં ભદ્ર અર્થે અથવા ભાવિ કલ્યાણપણાએ શુભ પ્રકૃતિ રૂપ કર્મને બાંધે છે. તે આ —

(૧) આનંદરસયુક્ત મોક્ષફળવાળી જ્ઞાનાદિ આરાધનારૂપ લતા જે દેવેન્દ્રાદિના ગુણ અને ઋદ્ધિની પ્રાર્થના લક્ષણ અધ્યવસાયરૂપ પરશુ વડે છેદાય છે તે નિદાન, તે જેને નથી તે અનિદાન, તે અનિદાનતા વડે - x -

(૨) દૃષ્ટિ સમ્પન્નતા - સમ્યગ્દૃષ્ટિપણે... (૩) યોગવાહિતા-શ્રુતના ઉપધાન કરવાપણે અથવા યોગ વડે - સર્વત્ર ઉત્સુકતા ન કરવા લક્ષણ સમાધિ વડે વહે છે, એવા સ્વભાવવાળો તે યોગવાહી. તેના ભાવ-યોગવાહિતા.

(૪) ક્ષાંતિ વડે ખમે છે તે ક્ષાંતિશ્રમણ. ક્ષાંતિનું ગ્રહણ અસમર્થતાના વિચ્છેદ માટે છે. તેથી ક્ષાંતિક્ષમણના ભાવરૂપ ક્ષાંતિક્ષમણતા વડે.

(૫) જિતેન્દ્રિયતા-ઈન્દ્રિયનિગ્રહથી... (૬) માયાવી, તેનો નિષેધ કરવાથી માયારહિત. તેના ભાવથી અમાયિતા વડે... (૭) જ્ઞાનાદિની બહાર દેશથી કે સર્વથી રહે તે પાર્શ્વસ્થ. કહ્યું છે - તે પાસત્થો બે ભેદે - દેશથી અને સર્વથી. તેમાં જ્ઞાન-દર્શન ચારિત્ર રહિત હોય તે સર્વથી પાસત્થો જાણવો અને શય્યાતર - આહત-નિત્ય-નિયત-અગ્રપિંડને નિષ્કારણ ભોગવે છે તે દેશથી પાસત્થો જાણવો. નિયતપિંડ - મારે આટલું દેવા યોગ્ય છે, તમારે રોજ લેવું એમ ગૃહસ્થના કહેવાથી નિયતપણે લેવાય તે અને નિત્ય - સદા લેવાય તે. અગ્ર - તાજા રાંધેલા ભોજનનો અગ્ર ભાગ લેવો તે. અગ્રપિંડ.. પાસત્થાનો ભાવ તે પાર્શ્વસ્થતાના અભાવ વડે.

(૮) પાસત્થાદિ દોષ વર્જિતતાથી મૂલ-ઉત્તરગુણ વડે સંપન્નતાથી કરીને જે શોભન એવો સાધુ તે સુશ્રમણ તેનો ભાવ તે સુશ્રમણતા વડે.

(૯) પ્રકૃષ્ટ, પ્રશસ્ત કે પ્રગત વચન - આગમ તે પ્રવચન અર્થાત્ દ્વાદશાંગ અને તેના આધારભૂત સંઘ, તેની વત્સલતા - હિતકારિતા, પ્રત્યનીકત્વ આદિના નિરાસ વડે તે પ્રવચન વત્સલતા.

(૧૦) પ્રવચન-દ્વાદશાંગનું ઉદ્‌ભાવવું - પ્રભાવના કરવી, પ્રાવચનિકપણું, ધર્મકથા, વાદાદિ લબ્ધિ વડે યશવાદ ઉત્પન્ન કરવો, તે પ્રવચનોદ્‌ભાવન, તે જ પ્રવચનોદ્‌ભાવન વડે... – આ આગામી ભદ્રતાના કારણોને કરનારાએ આશંસા પ્રયોગ ન કરવો જોઈએ, માટે તેને કહે છે–

● **સૂત્ર-૯૭૯ :-**

***આશંસા પ્રયોગ દશ ભેદે છે – (૧) આલોક આશંસા પ્રયોગ, (૨) પરલોક આશંસા પ્રયોગ, (૩) દ્વિધાલોક આશંસાપ્રયોગ, (૪) જીવિતાશંસાપ્રયોગ, (૫) મરણાશંસા પ્રયોગ, (૬) કામ આશંસાપ્રયોગ, (૭) ભોગ આશંસાપ્રયોગ. (૮) લોભાશંસાપ્રયોગ, (૯) પૂજાશંસાપ્રયોગ, (૧૦) સત્કારાશંસા પ્રયોગ.***

● **વિવેચન-૯૭૯ :**

આશંસવું તે આશંસા - ઈચ્છા, તેનો પ્રયોગ - વ્યાપાર અથવા આશંસા વડે જ પ્રયોગ તે આશંસાપ્રયોગ. પ્રાકૃતપણાથી 'स' ઉપર અનુસ્વાર નથી. તેમાં – (૧) इह - આ, પ્રજ્ઞાપક મનુષ્ય અપેક્ષાએ માનુષત્વપર્યાયમાં વર્તતો જે લોક-પ્રાણીવર્ગ તે ઇહલોક અને તેનાથી જુદો તે પરલોક. તેમાં ઈહલોકની આશંસા આ રીતે – હું તપશ્ચરણના પ્રભાવે ચક્રવર્તી આદિ થાઉં એવી ઈચ્છા, તે ઈહલોકાશંસાપ્રયોગ. એ રીતે બધે વિગ્રહ કરવો.

(૨) પરલોકાશંસાપ્રયોગ - જેમ હું તપશ્ચરણથી ઈન્દ્રાદિ થાઉં.

(૩) દ્વિધાલોકાશંસાપ્રયોગ - હું ઈન્દ્ર થાઉં અને પછી ચક્રવર્તી થાઉં અથવા આ ભવમાં કંઈક ઈચ્છા કરે અને પરભવમાં કંઈક ઈચ્છા કરે.

આ ત્રણ સામાન્યથી છે, બીજા સાત તેના વિશેષો છે. સામાન્ય અને વિશેષમાં વિવક્ષા ભેદ છે. તેથી કરીને આશંસાપ્રયોગનું દશવિધપણું વિરુદ્ધ થતું નથી. - - - (૪) જીવિત પ્રત્યે આશંસા - મારું જીવન દીર્ઘ થાઓ એવી ઈચ્છા તે જીવિતાશંસા પ્રયોગ... (૫) મરણ પ્રત્યે આશંસા-મારું શીઘ્ર મરણ થાઓ, એવી ઈચ્છા તે મરણાશંસા પ્રયોગ.

(૬) શબ્દ-રૂપ લક્ષણ કામ એ બંને મને મનોજ્ઞ મળે તેવી ઈચ્છા તે કામાશંસા પ્રયોગ... (૭) ગંધ-રસ-સ્પર્શ લક્ષણ ભોગો મને મનોજ્ઞ મળે તે ઈચ્છા, તે ભોગાશંસાપ્રયોગ... (૮) કીર્તિ, શ્રુતાદિનો મને લાભ થાય તે ઈચ્છા, તે લાભાશંસા પ્રયોગ... (૯) પૂજા-પુષ્પાદિ વડે મારું પૂજન થાઓ એવી ઈચ્છા તે પૂજાશંસા પ્રયોગ... (૧૦) સત્કાર-પ્રવર વસ્ત્રાદિ વડે પૂજનરૂપ સત્કાર મને થાઓ એવી ઈચ્છા તે સત્કારાશંસા પ્રયોગ.

ઉક્ત લક્ષણ આશંસા પ્રયોગથી પણ કેટલાક ધર્મને આચરે છે માટે ધર્મને





સામાન્યથી નિરુપણ કરતા કહે છે–

● **સૂત્ર-૯૮૦ :-**

***ધર્મ દશ ભેદે હોય છે. તે આ – ગ્રામધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, પાખંડધર્મ, કુલધર્મ, ગણધર્મ, સંઘધર્મ, શ્રુતધર્મ, ચારિત્રધર્મ, અસ્તિકાય.***

● **વિવેચન-૯૮૦ :-**

(૧) ગ્રામ-દેશના આશ્રયવાળા, તેનો કે તેમાં ધર્મ-આચાર, વ્યવસ્થા તે ગ્રામધર્મ, આ દરેક ગામમાં ભિન્ન હોય છે અથવા ग्राम - ઈન્દ્રિયનો સમૂહ, તેનો ધર્મ તે વિષયાભિલાષ લક્ષણ ગ્રામધર્મ.

(૨) નગરધર્મ-નગર આચાર. તે પણ દરેક નગરમાં પ્રાયઃ ભિન્ન જ હોય છે... (૩) રાષ્ટ્રધર્મ-દેશાચાર... (૪) પાખંડ ધર્મ-પાખંડીનો આચાર... (૫) કુલધર્મ-ઉગ્રાદિ કુલાચાર અથવા જૈન મુનિઓના ગચ્છ સમૂહાત્મક ચાંદ્રાદિ કુલની સામાચારી રૂપ ધર્મ... (૬) ગણધર્મ-મલ્લ આદિના ગણની વ્યવસ્થારૂપ અથવા જૈનોના કુલના સમુદાયરૂપ - કોટિક આદિ ગણ, તેની સામાચારીરૂપ ધર્મ... (૭) સંઘધર્મ-ગોષ્ઠીનો આચાર - અથવા જૈનોના ગણ-સમુદાય રૂપ ચાતુર્વર્ણ સંઘધર્મ-આચાર.

(૮) શ્રુત-આચારાદિ, દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરવાથી તે શ્રુતધર્મ... (૯) સંચિત કરેલા કર્મને ખાલી કરવાથી ચારિત્ર, તે જ ધર્મ તે ચારિત્રધર્મ... (૧૦) પ્રદેશોનો રાશિ તે અસ્તિકાય, તે જ ધર્મ-ગતિ પર્યાય વડે જીવ અને પુદ્‌ગલ એ બંનેને ધરવાથી અસ્તિકાય ધર્મ છે.

આ ગ્રામધર્માદિ સ્થવિર વડે કરાયેલ હોવાથી સ્થવિરનું નિરૂપણ.

● **સૂત્ર-૯૮૧,૯૮૨ :-**

***[૯૮૧] સ્થવિર દશ ભેદે કહ્યા – ગ્રામસ્થવિર, નગરસ્થવિર, રાષ્ટ્રસ્થવિર, પ્રશાસ્તૃસ્થવિર, કુલસ્થવિર, ગણસ્થવિર, સંઘસ્થવિર, જાતિસ્થાવર, શ્રુતસ્થવિર, પર્યાયસ્થવિર.***

***[૯૮૨] પુત્રો દશ ભેદે કહ્યા – આત્મજ, ક્ષેત્રજ, દત્તક, વિનયિત, ઓરસ, મૌખર, શોંડીર, સંવર્ધિત, ઔપયાચિતક, ધર્માન્તેવાસી.***

● **વિવેચન-૯૮૧,૯૮૨ :-**

[૯૮૧] દુર્વ્યવસ્થિત લોકોને સન્માર્ગમાં સ્થિર કરે તે સ્થવિર. તેમાં – (૧,૨,૩) ગામ, નગર, રાષ્ટ્રમાં વ્યવસ્થા કરનાર, બુદ્ધિવાળા, આદેય, પ્રભાવવાળા તે સ્થવિરો... (૪) જે શિખવે છે તે પ્રશાસ્તાર-ધર્મોપદેશક, તે લોકોને સ્થિર કરવાથી પ્રશાસ્તૃસ્થવિરો... (૫,૬,૭) જે લૌકિક કે લોકોત્તર કુલ, ગણ, સંઘની વ્યવસ્થા કરનારા અને તેનો ભંગ કરનારનો નિગ્રહ કરનારા તે કુલ-ગણ-સંઘ સ્થવિરો કહેવાય છે.

(૮) સાઠ વર્ષ પ્રમાણ, જન્મ પર્યાયવાળા તે જાતિ સ્થવિરો... (૯) સમવાયાદિ અંગને ધારણ કરનાર તે શ્રુતસ્થવિરો... (૧૦) વીશ વર્ષ પ્રમાણ પ્રવ્રજ્યા પર્યાયવાળા તે પર્યાય સ્થવિરો.

[૯૮૨] સ્થવિરો આશ્રિતોને પુત્રની જેમ પરિપાલન કરે છે, માટે પુત્રનું નિરુપણ

કરે છે - પિતાને પવિત્ર કરે અથવા પિતાની મર્યાદાને પાળે તે પુત્ર. તેમાં — (૧) પિતાના શરીરથી ઉત્પન્ન તે આત્મજ, જેમ ભરતનો આદિત્યયશા... (૨) ક્ષેત્ર-ભાર્યા, તેણીથી ઉત્પન્ન તે ક્ષેત્રજ. - જેમ પાંડુને પાંડવો, લોકરૂઢીએ તેની પત્ની કુંતીથી જ પાંડવોનું પુત્રત્વ હોવાથી, પાંડુથી નહીં. કારણ? ધર્મ આદિ વડે ઉત્પત્તિ માનેલ હોવાથી.

(૩) દત્તક-પુત્રપણે લીધેલ. જેમ બાહુબલિને અનિલવેગ સંભળાય છે. તે પુત્રવત્ પુત્ર જ કહેવાય એમ સર્વત્ર જાણવું... (૪) વિનયિત-શિક્ષાને ગ્રહણ કરાવેલ... (૫) ઉત્પન્ન થયેલ છે પુત્ર સ્નેહ લક્ષણ જેમાં અથવા પિતૃસ્નેહ લક્ષણ રસ જેને તે ઉપરસ અથવા હૃદયમાં સ્નેહથી જે વર્તે છે તે ઓરસ... (૬) મુખર જ મૌખર-વાચાલપણાથી મધુર ભાષણ કરવાથી જે પોતાને પુત્રપણાએ સ્વીકાર કરાવે છે, તે મૌખર.

(૭) શૌંડીર - જે શૌર્યવાળો પુરુષ, શૂરમાં યુદ્ધ કરવા વડે વશ કરીને પુત્રપણે સ્વીકારે છે જેમ કુવલયમાળામાં મહેન્દ્રસિંહ રાજપુત્ર. અથવા આત્મજ, તે જ ગુણના ભેદથી ભિન્ન કરાય છે. તેમાં વિજ્ઞક-પંડિત, અભયકુમારવત્. હૃદય વડે વર્તે તે ઓરસ-બલવાન્ બાહુબલીવત્. શોંડીર-શૂર વાસુદેવવત્ અથવા ગર્વવાળો તે શોંડીર.

(૮) સંવર્દ્ધિત-ભોજનાદિ આપવા વડે વૃદ્ધિ પમાડેલ અનાથપુત્ર. (૯) દેવતાનું આરાધન કરીને થયેલ તે ઔપયાચિતક અથવા અવપાત-સેવા, તે છે પ્રયોજન જેને તે અવપાતિક-સેવક... (૯) સમીપમાં વસવાનો સ્વભાવ છે જેનો તે અંતેવાસી, ધર્મને અર્થે અંતેવાસી તે અર્થાત્ શિષ્ય.... - ધર્માન્તેવાસીત્વ તો છદ્મસ્થને જ છે, કેવલીને નહીં, કેમકે તેમને અનુત્તરજ્ઞાનાદિત્વ હોય છે, તે અનુત્તરો કહે છે—

● **સૂત્ર-૯૮૩ થી ૯૮૭ :-**

*[૯૮૩] કેવલીને દશ અનુત્તર કહ્યા છે — અનુત્તર જ્ઞાન, અનુત્તર દર્શન, અનુત્તર ચારિત્ર, અનુત્તર તપ, અનુત્તર વીર્ય, અનુત્તર ક્ષાંતિ, અનુત્તર મુક્તિ, અનુત્તર આર્જવ, અનુત્તર માર્દવ અને અનુત્તર લાઘવ.*

*[૯૮૪] સમય ક્ષેત્રમાં દશ કુરુક્ષેત્રો કહ્યા છે — પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ... તેમાં દશ અતિશય મોટા દશ મહાદ્રુમો કહ્યા છે — જંબૂસુદર્શના, ધાતકીવૃક્ષ, મહાધાતકીવૃક્ષ, પદ્મવૃક્ષ, મહાપદ્મવૃક્ષ, પાંચ કૂટ શાલ્મલીવૃક્ષ... ત્યાં દશ મહર્દ્ધિક દેવો યાવત્ વસે છે — અનાદૃય, જંબૂદ્વીપાધિપતિ, સુદર્શન, પ્રિયદર્શન, પૌંડરીક, મહાપૌંડરીક, પાંચ ગરુલ વેણુદેવો.*

*[૯૮૫] દશ પ્રકારે અવગાઢ દુષમકાળને જાણે. તે આ — અકાલે વર્ષા, કાલે ન વરસે, અસાધુ પૂજાય, સાધુ ન પૂજાય, ગુરુજનનો અવિનય કરે, અમનોજ્ઞ શબ્દ યાવત્ અમનોજ્ઞ સ્પર્શો... દશ પ્રકારે અવગાઢ સુષમ કાળ જાણે — અકાલે ન વરસે એ રીતે ઉક્તથી વિપરીત યાવત્ મનોજ્ઞ સ્પર્શો.*

*[૯૮૬] સુષમસુષમા સમયમાં દશ પ્રકારના કલ્પવૃક્ષો ઉપભોગપણે શીઘ્ર આવે છે — [૯૮૭] મત્તાંગદ, ભૃતાંગ, ત્રુટિતાંગ, દીપાંગ, જ્યોતિરંગ, ચિત્રાંગ, ચિત્રરસાંગ, મણ્યંગ, ગેહાકાર અને અનગ્ન.*



● **વિવેચન-૯૮૩ થી ૯૮૭ :-**

[૯૮૩] નથી પ્રધાનતર જેથી કોઈ તે અનુત્તર. તેમાં જ્ઞાનાવરણના ક્ષયથી અનુત્તર જ્ઞાન, દર્શનવરણના ક્ષયથી કે દર્શન મોહનીય ક્ષયથી દર્શન, ચારિત્ર મોહનીયના ક્ષયથી ચારિત્ર, ચારિત્રમોહના ક્ષય અને અનંતવીર્યત્વથી શુક્લધ્યાનાદિ રૂપ તપ અને વીર્યાન્તરાયના ક્ષયથી અનુત્તર વીર્ય છે. અહીં તપ, ક્ષાંતિ, મુક્ત, આર્જવ, માર્દવ, લાઘવ એ છ ચારિત્રના જ ભેદો છે. માટે ચારિત્ર મોહનીયના ક્ષયથી જ હોય છે. પણ સામાન્ય અને વિશેષમાં કથંચિત્ ભેદ હોવાથી અહીં ભેદ વડે ગ્રહણ કરેલા છે.

[૯૮૪,૯૮૫] કેવલી મનુષ્ય ક્ષેત્રમાં જ હોય. તેથી દશ સ્થાનમાં ઉતરતા પદાર્થને સમય આદિથી લઈને - x - અહીં સુધી સમયક્ષેત્ર પ્રમાણને કહે છે.

[૯૮૩] — (૧) મત્ત-મદ, તેનું અંગ-કારણ તે મદિરા. તેને જે વૃક્ષો આપે છે તે મતાંગદો. (૨) ભૃત - ભરવું, પૂરવું. તેમાં કારણ તે ભૃતાંગો — ભાજનો, કારણ કે ભરણ ક્રિયાભાજન વિના ન થાય, માટે તેને આપનાર છે તેથી વૃક્ષો પણ ભૃતાંગો છે... (૩) ત્રુટિત-વાજિંત્રો, તેના કારણભૂતત્વથી ત્રુટિતાંગો-વાજિંત્રોને દેનારા. *[આ ત્રણે અંગે વૃત્તિમાં એક ગાથા પણ છે.]*

(૪) અંગ શબ્દ પ્રત્યેકમાં જોડતા દીપાંગ. દીપ-પ્રકાશક વસ્તુ, તેના કારણપણાથી દીપાંગો... (૫) જ્યોતિરંગ - જ્યોતિ એટલે અગ્નિ. તેમાં સુષમસુષમ નામક આરામાં અગ્નિના અભાવથી જ્યોતિની માફક જે વસ્તુ સૌમ્ય પ્રકાશવાળી, તેના કારણપણાથી જ્યોતિરંગ છે... (૬) ચિત્રાંગ-ચિત્ર એટલે વિવક્ષા વડે અનેક પ્રકારના પ્રધાનપણાથી અને પુષ્પ માલાના કારણત્વથી ચિત્રાંગો (૭) ચિત્ર-વિવિધ પ્રકારના મનોજ્ઞરસો જેથી મળે છે તે ચિત્રરસો અર્થાત્ ભોજનના અંગો તે ચિત્ર રસાંગો. કહ્યું છે — દીપશિખા અને જ્યોતિષ્ક નામક વૃક્ષો ઉદ્યોત કરે છે. ચિત્રાંગથી માલા, ચિત્રરસાંગથી ભોજન મળે છે.

(૮) મણિયંગ-મણિમય આભરણોના કારણથી મણ્યંગ-આભરણના હેતુઓ... (૯) ગેહાંગ, ગેહ-ઘર તેની માફક આકાર છે જે વૃક્ષોનો તે ગેહાકાર... (૧૦) અનગ્ન-વસ્ત્ર આપનારા. - - - કહ્યું છે કે — મણ્યંગમાં શ્રેષ્ઠ આભુષણો, ભવનવૃક્ષોમાં શ્રેષ્ઠ ભવનો અને આકીર્ણ વૃક્ષોમાં ઘણાં પ્રકારના વસ્ત્રો નીપજે છે... કાલાધિકારથી કાલ વિશેષને ભાવિ કુલકરો કહે છે—

● **સૂત્ર-૯૮૮ થી ૯૯૨ :-**

*[૯૮૮] જંબૂદ્વીપમાં ભરત વર્ષક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં દશ કુલકરો થયા. તે આ — [૯૮૯] શતંજલ, શતાયુ, અનંતસેન, અમિતસેન, તર્કસેન, ભીમસેન, મહાભીમસેન, દૃઢરથ, દશરથ, શતરથ.*

*[૯૯૦] જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં દશ કુલકરો થશે. તે આ — સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, વિમલવાહન, સંમુતિ, પ્રતિશ્રુત, દશધનૂ, દૃઢધનૂ, શતધનૂ.*

*[૯૯૧] જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વે શીતા મહાનદીના બંને કાંઠે દશ*

*વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – માલ્યવંત, ચિત્રકૂટ, વિચિત્રકૂટ, બ્રહ્મકૂટ યાવત્ સોમનસ... જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પશ્ચિમે શીતા મહાનદીના બંને કાંઠે દશ વક્ષસ્કાર પર્વતો કહ્યા છે – વિદ્યુત્પ્રભથી ગંધમાદન. એ પ્રમાણે ધાતકીખંડના પૂર્વાર્દ્ધમાં પણ દશ વક્ષસ્કાર પર્વતો કહેવા યાવત્ પુષ્કરવરદ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં પણ દશ વક્ષસ્કાર પર્વતો કહેવા.*

*[૯૯૨] દશ કલ્પો ઈન્દ્રાધિષ્ઠિત કહ્યા છે – સૌધર્મ યાવત્ સહસ્રાર, પ્રાણત અને અચ્યુત... આ દશ કલ્પોમાં દશ ઈન્દ્રો કહ્યા છે – શક્ર, ઈશાન યાવત્ અચ્યુત... એ દશ ઈન્દ્રોના દશ પરિયાનિક વિમાનો કહ્યા છે – પાલક, પુષ્પક યાવત્ વિમલવર અને સર્વતોભદ્ર.*

● **વિવેચન-૯૮૮ થી ૯૯૨ :-**

જંબૂદ્વીપ આદિ બે સૂત્રો સુગમ છે. વિશેષ એ – અતીત ઉત્સર્પિણીમાં. કુલને કરવાના સ્વભાવવાળા તે કુલકરો અર્થાત્ વિશિષ્ટ બુદ્ધિવાળા અને લોકની વ્યવસ્થા કરનારા પુરુષો વિશેષો... આવતી ઉત્સર્પિણીમાં... વર્તમાનમાં તો અવસર્પિણી છે, તે કહી નથી. તેમાં સાત જ કુલકરો થયા, ક્યાંક પંદર પણ કહ્યા છે.

પૂર્વે પુષ્કરાર્ધ ક્ષેત્રનું સ્વરૂપ કહ્યું, માટે ક્ષેત્રના અધિકારથી કલ્પને આશ્રીને દશકને કહે છે – સૌધર્માદિ દેવલોકોનું ઈન્દ્રાધિષ્ઠિતપણું તો એ દેવલોકોને વિશે ઈન્દ્રોનો નિવાસ હોવાથી છે. આનત અને આરણ એ બે દેવલોકોમાં તો તેના નિવાસના અભાવથી અનધિષ્ઠિતત્વ કહ્યું છે. સ્વામીત્વથી તો બંને ઈન્દ્રો પણ અધિષ્ઠિત જ છે એમ માનવું.

યાવત્ શબ્દથી ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક અને સાતમો શુક્ર જાણવો. જે કારણથી એ કલ્પોને વિશે ઈન્દ્રો રહેલ છે એ કારણથી જ દશ ઈન્દ્રો હોય છે. એમ દર્શાવવા માટે કહે છે. શક્ર – સૌધર્મ કલ્પનો ઈન્દ્ર, શેષ ઈન્દ્રો દેવલોકના સમાન નામવાળા છે. શેષ સુગમ છે.

ઈન્દ્રના અધિકારથી જ તેના વિમાનોને કહે છે – પરિયાન એટલે દેશાંતરમાં જવું તે પ્રયોજન છે જે વિમાનોનું તે પરિયાનિકો અર્થાત્ ગમનમાં પ્રયોજનવાળા. યાન - શિબિકાદિ-પાલખી વગેરે. તેના જેવા આકારવાળા વિમાનો-દેવના આશ્રયો તે યાન વિમાનો, પણ શાશ્વતા નહીં અર્થાત્ નગરના જેવા આકારવાળા. પુસ્તકાંતરમાં યાન શબ્દ દેખાતો નથી.

પાલક આદિ, શક્રાદિના ક્રમે સમજવા. યાવત્ શબ્દથી સૌમનસ, શ્રીવત્સ, નંદ્યાવર્ત્ત, કામક્રમ, પ્રીતિગમ, મનોરમ એ પ્રમાણે જાણવા. આ નામવાળા આભિયોગિક દેવો વિમાનરૂપે થાય છે... એવા વિમાનોમાં જનારા ઈન્દ્રો પ્રતિમાદિ તપ કરવાથી થાય છે. તેથી પ્રતિમા સ્વરૂપ કહે છે–

● **સૂત્ર-૯૯૩,૯૯૪ :-**

*[૯૯૩] દશ દશમિકા ભિક્ષુપ્રતિમા ૧૦૦ રાત્રિ દિવસ વડે અને ૫૫૦ ભિક્ષા વડે યથાસૂત્ર યાવત્ આરાધેલી હોય છે.*



*[૯૯૪] સંસાર સમાપન્નક જીવો દશ ભેદે હોય છે – પ્રથમ સમય એકેન્દ્રિય, અપ્રથમ સમય એકેન્દ્રિય એ રીતે યાવત્ અપ્રથમ સમય પંચેન્દ્રિય... સંસાર સમાપન્નક જીવો દશ ભેદે કહ્યા છે – પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય અને અનિન્દ્રિય. અથવા સર્વે જીવો દશભેદે કહ્યા છે – પ્રથમ સમય નૈરયિક, અપ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવ, પ્રથમ સમય સિદ્ધ, અપ્રથમ સમય સિદ્ધ.*

● **વિવેચન-૯૯૩,૯૯૪ :-**

[૯૯૩] દશ-દશ દિવસો જેમાં હોય તે દશદશમિકા - દશદશકથી નિષ્પન્ન. ભિક્ષુની પ્રતિજ્ઞા તે ભિક્ષુપ્રતિમા. દશદશક એટલો ૧૦૦ દિવસો. પ્રથમ દશકમાં દશ ભિક્ષા, બીજીમાં વીશ એ રીતે દશમાં દશકમાં ૧૦૦ ભિક્ષા હોય છે. બધી મળીને ૫૫૦ ભિક્ષા થાય છે. યથાસૂત્ર-સૂત્રને ન અતિક્રમીને, યાવત્ શબ્દથી યથાઅર્થ - અર્થને ન અતિક્રમીને, યથાતથ્ય - શબ્દાર્થને ન અતિક્રમીને, યથામાર્ગ - ક્ષાયોપશમિક ભાવોને ન અતિક્રમીને, યથાકલ્પ-તેના આચારોને ન અતિક્રમીને, સમ્યક્ કાયા વડે પણ માત્ર મનોરથો વડે નહીં. વિશુદ્ધ પરિણામથી સ્વીકારેલી, પરિણામની હાનિ વિના પાળેલી, નિરતિચારપણે શોધેલી કે પ્રાપ્તિની સમાપ્તિમાં ઉચિત અનુષ્ઠાન વડે શોભાવેલી, પાર પહોચાડેલી, પ્રતિજ્ઞાકાલથી કંઈક અધિક કાળ અનુષ્ઠિત, પ્રશંસા કરેલી. ઉક્ત બધા પદોથી આરાધેલી થાય છે.

[૯૯૪] પ્રતિમાનો અભ્યાસ સંસાર ક્ષયાર્થે સંસારીજીવો વડે થાય છે, માટે સંસારી જીવો અને જીવ અધિકારથી સર્વ જીવોને ત્રણ સૂત્ર વડે કહે છે. તે સુગમ છે. વિશેષ એ કે – પ્રથમ સમય એકેન્દ્રિયપણું છે જેઓને તે પ્રથમ સમયો, એવા એકેન્દ્રિયો તે પ્રથમ સમય એકેન્દ્રિય અને તેથી ઉલટું બે, ત્રણ આદિ સમયો થયા છે જેઓને તે અપ્રથમ સમય એકેન્દ્રિયો એ રીતે બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયો કહેવા. અનિન્દ્રિય-સિદ્ધો કે અપર્યાપ્તાઓ ઉપયોગથી કેવલીઓ અનિન્દ્રિય છે. - સંસારી જીવોના પર્યાયવિશેષો –

● **સૂત્ર-૯૯૫,૯૯૬ :-**

*[૯૯૫] સો વર્ષના આયુવાળા પુરુષની દશ દશાઓ કહી છે – [૯૯૬] બાલા, ક્રિડા, મંદા, બલા, પ્રજ્ઞા, હાયની, પ્રપંચા, પ્રભારા, મુંમુખી, શાયની.*

● **વિવેચન-૯૯૫,૯૯૬ :-**

જે કાળે મનુષ્યોનું ૧૦૦ વર્ષનું આયુ હોય તે શતાયુકાળ. - x - મુખ્યવૃત્તિએ ૧૦૦ વર્ષાયુષ્ક પુરુષના ગ્રહણ છતાં પૂર્વકોટિ આયુવાળાના કાળમાં ૧૦૦ વર્ષાયુષ્ક કોઈ પુરુષને કુમારપણામાં પણ બાલાદિ દશા-દશક પૂર્ણ થાય. પણ એમ નથી તેથી ઉપચાર જ યુક્ત છે. દશ એ સંખ્યા છે. વર્ષ દશકના પ્રમાણવાળી કાલકૃત્ અવસ્થા, અહીં વર્ષશતાયુનું ગ્રહણ વિશિષ્ટતર દશ સ્થાનકના અનુરોધથી છે. તે આ પ્રમાણે – દશ વર્ષના પ્રમાણવાળી દશા દશ છે. અન્યથા પૂર્વકોટિ આયુષ્કને પણ દશ અવસ્થા હોય છે. માત્ર તે દશ વર્ષના પ્રમાણવાળી ન હોય. પણ બહુ કે અલ્પ

વર્ષવાળી હોય છે. તેમાં ''બાલ''ની આ અવસ્થા ધર્મ અને ધર્મીના અભેદથી તે બાલા.

(૧) બાલા-જન્મેલ જીવની પ્રથમ દશા, તેમાં સુખ-દુઃખને બહુ ન જાણે. માટે તે બાલદશા છે... (૨) બીજી 'ક્રીડા' દશાને પ્રાપ્ત થયેલ જીવ વિવિધ ક્રીડા વડે ક્રીડે છે. પણ તેમાં કામભોગમાં તીવ્રમતિ ઉપજતી નથી.

(૩) મંદા-વિશિષ્ટ બલ બુદ્ધિપૂર્વક કાર્યમાં અસમર્થ અને માત્ર ભોગ ભોગવવામાં સમર્થ જે અવસ્થામાં હોય તે મંદ દશા. કહ્યું છે કે – ત્રીજી દશાને પ્રાપ્ત જે પુરુષ, તેના ઘરમાં નિશ્ચિત ભોગો હોય તે ભોગવવા સમર્થ છે, પણ સામગ્રીને હોય તો ન ભોગવે અર્થાત્ ભોગોપાર્જને મંદ.

(૪) બલા - જે અવસ્થામાં પુરુષને બલ હોય તો તેના યોગથી બલા કહેવાય. કહ્યું છે – ચોથી બલાદશાને પ્રાપ્ત પુરુષ, તે બળ બતાવવા સમર્થ હોય પણ નિરુપદ્રવ પણ હોય જ... (૫) પ્રજ્ઞા-ઈચ્છિત અર્થને પ્રાપ્ત કરવાના વિષયવાળી કે કુટુંબાદિની અભિવૃદ્ધિ વિષયક બુદ્ધિ, તેના યોગથી દશા પણ પ્રજ્ઞા અથવા પ્રકર્ષથી જાણે તે પ્રજ્ઞાદશા. તેનું જ કર્તૃત્વ વિવક્ષાએ કથન છે...

(૬) પુરુષને ઈન્દ્રિયોમાં હીન કરાવે છે, ઈન્દ્રિયો સ્વવિષય ગ્રહણમાં થોડી અસમર્થ કરે છે માટે તે હાયની દશા છે કહ્યું છે – હાયની દશા પ્રાપ્ત પુરુષ કામભોગ વિરક્ત, ઈન્દ્રિય બલહીન થાય.

(૭) પ્રગટ કરે કે વિસ્તારે છે કફ, ખાંસી આદિને જે દશા તે પ્રપંચા અથવા આરોગ્યથી ખસાવે તે પ્રપંચા. કહ્યું છે – સાતમી પ્રપંચા દશાને ક્રમશઃ પામેલો પુરુષ, ચીકણા શ્લેષ્મને કાઢે છે અને વારંવાર ખાંસે છે.

(૮) પ્રાગ્ભાર - થોડો નમેલ, એવા પ્રકારનું શરીર જે દશામાં થાય છે તે પ્રાગ્ભારા. કહ્યું છે – આઠમી પ્રાગ્ભારા દશાને પામેલો પુરુષ સંકોચાયેલ ત્વચાવાળો હોય, સ્ત્રીઓને અપ્રિય હોય, જરા વડે જર્જરિત હોય.

(૯) મુંમુહી - જરા રાક્ષસી વડે દબાયેલ શરીરરૂપ ઘરવાળા જીવને મૂકવા પ્રત્યે મુખ છે જે દશામાં તે મુંમુખી. તે આ રીતે – નવમી મુંમુખી દશાને આશ્રિત જે પુરુષ છે, તે જરા વડે હાનિ પામે છે, જીવિતમાં પણ ઈચ્છારહિત વસે છે. જીવ એટલે જીવિતમાં કે નરલક્ષણ જીવ.

(૧૦) શાયની - સુવાડે છે અથવા સુએ છે જે દશામાં તે શાયની તેનું સ્વરૂપ આ છે – હીન અને ભિન્ન સ્વરવાળો, દીન, વિપરીત, શૂન્ય ચિત્ત, દુર્બલ અને દુઃખીત થઈને દશમી દશાને પ્રાપ્ત પુરુષ વસે છે.

અનંતર પુરુષની દશા કહી. હવે પુરુષના સમાનધર્મક વનસ્પતિની દશા પ્રકારાંતરથી કહે છે–

**● સૂત્ર-૯૯૭ થી ૧૦૦૦ :-**

*[૯૯૭] તૃણ વનસ્પતિકાયિક દશ ભેદે કહ્યા – મૂલ, કંદ યાવત્ પુષ્પ, ફળ, બીજ... [૯૯૮] બધી વિદ્યાધર શ્રેણિઓ દશ-દશ યોજન પહોળાઈથી કહી*



*છે. બધી અભિયોગ શ્રેણિ ૧૦-૧૦ યોજન પહોળાઈથી કહી છે.*

*[૯૯૯] ગ્રૈવેયક વિમાનો ૧૦૦૦ યોજન ઉર્ધ્વ ઊંચાઈ વડે છે.*

*[૧૦૦૦] દશ કારણે તેજોલેશ્યા સહ વર્તતા ભસ્મીભૂત કરે. તે આ – (૧) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અતિ આશાતના કરે, તે અત્યાશાતિત સાધુ ક્રોધ પામીને ઉપસર્ગ કરનાર પર તેજ ફેંકે, પરિતાપ ઉપજાવે, પરિતાપ ઉપજાવીને તે જ તેજોલેશ્યા વડે [તેજાલેશ્યાયુક્ત અનાર્યને] બાળી નાંખે.*

*(૨) કોઈ તેવા શ્રમણ, માહણની અતિ આશાતના કરે, અત્યાશાતિત સાધુનો પક્ષપાતી દેવ, ક્રોધ પામીને તેના પર તેજોલેશ્યા મૂકે, પીડા કરે, પીડા કરીને તે જ તેજોલેશ્યા વડે તેજોલેશ્યા યુક્તને બાળીને ભસ્મ કર.*

*(૩) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અતિ આશાતના કરે, તે અતિ આશાતીત સાધુ અને તેનો પક્ષપાતી દેવ, ક્રોધ પામીને તે બંને પ્રતિજ્ઞા કરે કે આને હણવો. બંને તેના પર તેજોલેશ્યા મૂકે, પરિતાપ કરે, પરિતાપીને તેની જ તેજોલેશ્યા વડે તેને બાળીને ભસ્મ કરે.*

*(૪) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અતિ આશાતના કરે. અત્યાશાતિત તે સાધુ ક્રોધ પામીને તેના ઉપર તેજોલેશ્યા મૂકે, તેના શરીરમાં ફોડા ઉપજાવે ફોડા ફૂટે, ફોડા ફૂટયા પછી તેજોલેશ્યા સહિત એવા તેને બાળીને ભસ્મ કરે.*

*(૫) કોઈ તથારૂપ શ્રમમ, માહણની અત્યાશાતના કરે, અત્યાશાતિત તે સાધુનો પક્ષપાતી દેવ ક્રોધ પામીને તે દુષ્ટાત્મા ઉપર તેજોલેશ્યા ફેંકે, તેથી તેના શરીરમાં ફોડા ઉત્પન્ન થાય, તે ફોડા ફૂટે. ફોડા ફૂટ્યા પછી તે દેવ, તે તેજોલેશ્યા યુક્ત દુષ્ટને બાળીને ભસ્મ કરે.*

*(૬) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અત્યાશાતના કરે, અત્યાશાતિત તે સાધુ અને તેનો પક્ષપાતી દેવ કોપ પામે. તે બંને પેલા અધમને મારવા પ્રતિજ્ઞા કરે. તે દુષ્ટ ઉપર તેજોલેશ્યા મૂકે. તે દુષ્ટના શરીરમાં ફોડા થાય, તે ફોડા ફૂટે, પછી તેઓ તેજોલેશ્યાવાળા તેને બાળીને ભસ્મ કરે.*

*(૭) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અતિ આશાતના કરે, તે અતિ આશાતિત સાધુ ક્રોધ પામીને તે દુષ્ટ ઉપર તેજોલેશ્યા મૂકે તેથી તેના શરીરમાં ફોડા ઉત્પન્ન થાય, ફોડા ફૂટે પછી તેમાં નાની ફોડલીઓ થાય, તે ફોડલી ફૂટે પછી તે જ તેજોલેશ્યાયુક્ત અનાર્યને બાળીને ભસ્મ કર.*

*(૮) (૯) – એ રીતે પૂર્વવત્ દેવના અને બંનેના બે આલાપક કહેવા.*

*(૧૦) કોઈ તથારૂપ શ્રમણ, માહણની અત્યાશાતના કરે, તેની ઉપર તેજોલેશ્યાને મૂકે, તે તેજોલેશ્યા, સાધુને આક્રમણ ન કરે, વિશેષ પરાભવ ન કરે, પણ આમતેમ ઉંચી-નીચી થાય છે, પછી આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે. કરીને ઉંચે આકાશમાં જાય છે. ત્યાંથી હણાઈને પાછી ફરે છે, પાછી ફરીને તે જ ઉપસર્ગ કરનારના શરીરને બાળતી, તેજોલેશ્યાયુક્ત એવા તેને ભસ્મસાત્ કરે છે. જેમ ગોશાલક મંખલિપુત્ર તેનાથી હણાયો.*

**● વિવેચન-૯૯૭ થી ૧૦૦૦ :-**

[૯૯૭] તૃણવત્ વનસ્પતિ તે તૃણ વનસ્પતિઓ. તૃણ સાધર્મ્ય બાદરપણાને લઈને છે, સૂક્ષ્મોનું દશવિધત્વ નથી, મૂલ – જટા, કંદ-સ્કંધથી નીચે વર્તનાર, - x - સ્કંધ-થડ, ત્વક્-છાલ, શાલા-શાખા, પ્રવાલ-અંકુશ, પત્ર-પાંદડા, પુષ્પ-ફૂલ, ફળ પ્રસિદ્ધ છે, બીજ-મિંજ.

[૯૯૮] દશ સ્થાન અધિકારવાળું બીજું સૂત્ર છે. સર્વ-બધાં દીર્ઘ-વૈતાઢ્યની વિદ્યાધર શ્રેણિઓ - વિદ્યાધર નગરની પંક્તિઓ. દીર્ઘવૈતાઢ્ય ૨૫-યોજન ઉંચા, ૫૦-યોજન મૂલમાં વિષ્કંભથી, ભૂમિતલથી ૧૦ યોજન અતિક્રમીને દશ યોજનની પહોળાઈથી દક્ષિણ અને ઉત્તરથી એમ બે શ્રેણીઓ છે, તેમાં દક્ષિણથી ૫૦ નગરો અને ઉત્તરથી ૬૦-નગરો ભરત ક્ષેત્રમાં છે. ઐરવત ક્ષેત્રમાં તેમજ વિપરીતપણે છે, વિજયોમાં બંને શ્રેણી ૫૫-૫૫ નગરો છે. વિદ્યાધરોની શ્રેણીની ઉપર ૧૦ યોજન અતિક્રમીને ૧૦ યોજનની પહોળાઈવાળી બંને પડખેથી આભિયોગિક દેવોની શ્રેણીઓ હોય છે. તેમાં અભિયોગ-આજ્ઞા, તે વડે જે વિચરે તે આભિયોગિક દેવો. શક્રાદિના સોમ, યમ, વરુણ, વૈશ્રમણ નામક લોકપાલોના આજ્ઞાંકિત વ્યંતરો છે. શ્રેણીની ઉપર પર્વત પાંચ યોજન ઉંચા, દશ યોજન પહોળા છે.

[૯૯૯] આભિયોગિક દેવોની શ્રેણિ દેવાવાસ છે, તે વિશેષથી કહે છે.

[૧૦૦૦] પૂર્વે દેવાવાસ કહ્યા, દેવો મહર્દ્ધિક હોય છે. આથી દેવોની અને મુનિની મહર્દ્ધિકતાનું વર્ણન કરવા માટે તેજોનિસર્ગનું પ્રતિપાદન–

દશ સ્થાન-પ્રકારો વડે, સહ-સાથે, તેજસા-તેજોલેશ્યા વડે વર્તતા અનાર્યને, ભાસ-ભસ્મવત્ અર્થાત્ વિનાશ કરે છે, સાધુ અનાર્યને બાળી નાંખે, તે આ પ્રમાણે – (૧) केइ - કોઈક અનાર્ય કર્મકારી પાપાત્મા, તથારૂપ-તેજોલબ્ધિને પામેલ શ્રમણ-તપોયુક્ત, માહન-જીવોનો વિનાશ ન કરો એવા પ્રકારની પ્રરૂપણા કરનારને, - x - તેની અતિ આશાતના કરે. તે સાધુ અતિ આશાતિત-ઉપસર્ગ કરાયેલ. પરિકુપિત - સર્વથા ક્રોધ પામીને તે ઉપસર્ગ કરનાર ઉપર તેજ-તેજોલેશ્યા રૂપ તેજને મૂકે. से - તે સાધુ, તે ઉપસર્ગ કરનારને પરિતાપ ઉપજાવે-પીડા કરે છે, પીડા કરીને તે જ તેજોલેશ્યા વડે પરિતાપિતને - x - સહિત પણ જણાતું હોવાથી તેજ વડે પણ અર્થાત્ તેજોલેશ્યાયુક્ત અનાર્યને પણ, સાધુના તેજનું બલવાનપણું હોવાથી પ્રસિદ્ધ છે, ભસ્મ કરે આ એક.. શેષ નવ પણ સુગમ છે.

વિશેષ એ કે – અતિ આશાતના કરાયેલ તે સાધુ, ત્યારપછી તુરંત જ તેનો પક્ષપાતી દેવ, અત્યંત કોપ પામીને તે અનાર્યને ભસ્મ કરે એ બીજું... બંને પણ કોપ પામીને, તે બે - મુનિ અને દેવ, ઉપસર્ગ કરનારને ભસ્મ કરવાની પ્રતિજ્ઞા યોગથી કૃતપ્રતિજ્ઞ અર્થાત્ આ દુષ્ટ હણવા યોગ્ય છે, એ રીતે સ્વીકાર કરાયેલા આ ત્રીજું.

ચોથામાં સાધુ જ તેજોનિસર્ગ કરે... પાચમામાં દેવ અને છટ્ઠામાં બંને તેજોનિસર્ગ કરે. - - - માત્ર આ વિશેષ છે. તેમાં - ઉપસર્ગ કરનારના શરીરમાં ફોડાઓ અગ્નિથી બળેલાની જેમ ઉત્પન્ન થાય. તે ફોડા ફૂટે છે. ફૂટ્યા પછી તે જ ઉપસર્ગ કરવાવાળો,



તેજોલેશ્યાયુક્ત છતાં પણ તેને, સાધુ અને દેવના તેજનું બળવાનપણું હોવાથી વિનાશ કરે.

સાતમા-આઠમા-નવમામાં પણ તેમજ છે. વિશેષ એ – તેમાં ફોડા ઉત્પન્ન થાય છે, તે ફૂટે છે, તેથી તેમાં અતિ નાની ફોડલી થાય છે. પછી તે ફૂટે છે. ફોડલી ફૂટ્યા પછી તે જ ઉપસર્ગ કરનાર તેજોલેશ્યાયુક્ત છતાં ભસ્મ થાય.

આ નવ સ્થાનો સાધુ અને દેવના કોપના આશ્રયવાળા છે.

દશમું સ્થાન વીતરાગ આશ્રિત છે. તેમાં ઉપસર્ગ કરતા ગોશાલકની જેમ તેજોનિસર્ગ કરે. તે તેજ શ્રમણ પર મૂકેલું, મહાવીરપ્રભુવત્ થોડું આક્રમણ ન કરે, વિશેષ પરાભવ ન કરે, પણ પડખેથી ઉંચે ચડવું-નીચે પડવું કરે છે, પછી આ-દક્ષિણ પ્રદક્ષિણા કરે છે. પછી ઉર્ધ્વદિશામાં આકાશમાં ઉંચે જાય છે, ઉંચે જઈને તે તેજ સાધુના શરીરની સમીપથી તેમના માહાત્મ્યથી હણાઈને પાછું ફરે છે, ફરીને તે જ ઉપસર્ગ કરનાર પુરુષના શરીરને ઉપતાપ ઉપજાવતું, કેવા શરીરને ? તેજ સહિત વર્તતું-તેજોલબ્ધિવાળું ભસ્મ કરે. આ કોપરહિત એવા વીતરાગનો પ્રભાવ છે, તેથી પરતેજ પરાભવ ન કરે.

આ અર્થમાં દૃષ્ટાંત. જેમ ભગવંતનો શિષ્યાભાસ મંખલિપુત્ર ગોશાલક. મંખ-ચિત્રફલક પ્રધાન ભિક્ષુ વિશેષ. તપથી ઉત્પન્ન થયેલ હોવાથી, તપ શું છે ? તેજ-તેજોલેશ્યા. ત્યાં એકદા ભગવંત મહાવીર શ્રાવસ્તી નગરીમાં પધાર્યા, ગોશાલક પણ આવ્યો. ત્યાં ગૌતમ ગોચરી અર્થે ગયેલ, ત્યાં તેમણે ઘણાં લોકોનો શબ્દ સાંભળ્યો. જેમ-શ્રાવસ્તીમાં બે જિન સર્વજ્ઞ છે - મહાવીર અને ગોશાલક. તે સાંભળીને ગૌતમસ્વામીએ ભગવંત પાસે આવીને ગોશાલકનું ઉત્પાન પૂછ્યું. ભગવંતે કહ્યું.

આ શરવણગ્રામમાં ગોબહુલ બ્રાહ્મણની ગોશાળામાં મંખલી નામે મંખ અને સુભદ્રાનો પુત્ર છે. હું છદ્મસ્થ હતો ત્યારે મારી સાથે છ વર્ષ પર્યન્ત વિચર્યો. બહુશ્રુત થયો. પણ તે જિન કે સર્વજ્ઞ નથી. આ વચન સાંભળીને ઘણાં લોકો નગરીમાં ત્રિક, ચતુષ્કાદિમાં પરસ્પર કહેવા લાગ્યા - ગોશાલક, મંખલીપુત્ર છે, પણ જિન કે સર્વજ્ઞ નથી.

આ લોક વચન સાંભળીને ગોશાળો કોપ્યો અને ગૌચરી ગયેલા ભગવંતના શિષ્ય આનંદને જોયો. ત્યારે તેને કહ્યું. હે આનંદ ! તું આવ, એક દૃષ્ટાંત સાંભળ. - જેમ કેટલાંક વણિક દ્રવ્યાર્થી થઈ વિવિધ કરિયાણાના ગાડા ભરી દેશાંતર જતા મહા અટવીમાં પ્રવેશ્યા. ત્યાં તૃષા લાગવાથી જળને ગવેષતાં ચાર વલ્મીક શિખરો શાડ્વલ વૃક્ષમાં જોયા–

– શીઘ્ર એક રાફડાને ફોડ્યો. તેમાંથી અતિ વિપુલ સ્વચ્છ જળ મળ્યું તે પાણી જેટલી તૃષા હતી તેટલું પીને પાણીનાં પાત્રો ભરી લીધાં. પછી નુકસાન થવાના સંભવથી એક વૃદ્ધે તેમને નિવારવા છતાં પણ અતિ લોભથી બીજો અને ત્રીજો શિખર ફોડ્યો. તે બંને શિખરમાંથી ક્રમશઃ સુવર્ણ અને રત્નો પ્રાપ્ત કર્યા. ફરીથી તેમજ ચોથા શિખરને ભેદતાં તેમાંથી ઘોર વિષવાળો, મોટી કાયાવાળો કાજળના પુંજ જેવો, અતિ ચંચળ જિહ્વા યુગલવાળો, એક સર્પરાજ નીકળ્યો. પછી સર્પ કોપથી શિખરે

ચડીને સૂર્યમંડલને જોઈ, નિર્નિમેષ દૃષ્ટિ વડે ચોતરફ જોઈને, તે પુરુષોને ભસ્મીભૂત કરતો હતો, ત્યારે લોકોને નિવારણ કરનાર વૃદ્ધવણિકને અનુકંપાથી વનદેવી લઈ ગઈ.

આ રીતે તારો ધર્માચાર્ય પોતાની સંપદાથી અસંતુષ્ટ થઈને અમારો અવર્ણવાદ કરે છે, હું મારા તપ તેજ વડે આજે જ તેને ભસ્મ કરીશ. તું તારા ધર્માચાર્યને આ બતાવ. વૃદ્ધ વણિકની જેમ હું તારી રક્ષા કરીશ. આ સાંભળીને આનંદમુનિ ભય પામ્યા, ભગવંત પાસે આવીને નિવેદન કર્યું. ભગવંતે કહ્યું – ગોશાલક આવે છે, બધાં સાધુઓ શીઘ્ર બીજે સ્થાને જાઓ, કોઈએ તેને કંઈ કહેવું નહીં. આ પ્રમાણે હે આનંદ ! તું બધાં સાધુને જણાવ. તેટલું કહેતા ગોશાલક ભગવંત પાસે આવીને બોલ્યો – હે કાશ્યપ ! - x - તું એમ ન કહે કે – આ ગોશાલક મંખલિપુત્ર છે ઇત્યાદિ. તારો શિષ્ય ગોશાલક તો દેવ થઈ ગયો. હું તો બીજો છું. પણ તેના શરીરને પરીષહ સહન કરવામાં સમર્થ માનીને તેમાં રહું છું. ઇત્યાદિ.

તે કલ્પિત વસ્તુ કહેતો હતો, તેને પ્રેરણા કરવામાં તત્પર થયેલ સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર નામના બે સાધુઓને તેજોલેશ્યાથી ભસ્મ કર્યા. પછી ભગવંતે કહ્યું – હે ગોશાલક ! કોઈ ચોર - x - પરાભવિત થઈને તેવા દુર્ગને નહીં મેળવી અંગુલી કે તૃણાગ્ર વડે પોતાને છુપાવે તો શું તે છૂપાઈ શકે. તું પણ એ રીતે અન્યથા બોલીને આત્માને શું છુપાવી શકીશ ? તું તે જ ગોશાલક છે કે જે મારા વડે બહુશ્રુત કરાયેલ છે - x -

એ રીતે યથાવત્ બોલતા ભગવંત ઉપર ગોશાળાએ કોપથી તેજોનિસર્ગ કર્યો. ઉંચા-નીચા આક્રોશ વચનો કહ્યા. તેં તેજ (તેજોલેશ્યા) ભગવંતને વિશે અસમર્થ થઈને તેમને પ્રદક્ષિણા કરીને ગોશાલકના શરીરમાં - x - પ્રવેશ્યું. તેના વડે દગ્ધ થયેલ શરીરવાળો તે ગોશાળો અનેક વિક્રિયા બતાવીને સાતમી રાત્રિમાં કાળધર્મ પામ્યો.

- - - જેને સમસ્ત નરદેવ, દેવેન્દ્ર નમેલ છે એવા, જઘન્યથી પણ કોટિ સંખ્યક દેવો ભક્તિના સમૂહ વડે સેવિત પાદપદ્મવાળા, વિવિધ ઋદ્ધિવાળા, હજારો શિષ્યોથી પરિવરિત, સ્વપ્રભાવથી શાંત કરેલ છે ૧૦૦ યોજનમાં રહેલ વૈર, મારી, વિડ્વર અને દુર્ભિક્ષાદિ ઉપદ્રવ જેણે એવા અને અનુત્તર પુણ્યવાળા મહાવીર ભગવંતને પણ મનુષ્ય માત્ર, ચિર પરિચિત અને શિષ્ય સદૃશ ગોશાલકે ઉપસર્ગ કર્યો, તે આશ્ચર્ય છે. માટે આશ્ચર્ય કથન–

**● સૂત્ર-૧૦૦૧ થી ૧૦૦૩ :-**

***[૧૦૦૧] દશ અચ્છેરગ કહ્યા છે – [૧૦૦૨] ઉપસર્ગ, ગર્ભહરણ, સ્ત્રી તિર્થંકર, અભાવિત પર્ષદા, કૃષ્ણનું અપરકંકા ગમન, ચંદ્ર-સૂર્યનું ઉત્તરણ,... [૧૦૦૩] હરિવંશ કુલોત્પત્તિ, ચમરોત્પાત, ૧૦૮ સિદ્ધ, અસંયતોની પૂજા. આ દશ આશ્ચર્યો અનંતકાલે થયા.***

**● વિવેચન-૧૦૦૧ થી ૧૦૦૩ :-** *[સાથે જ લીધેલ છે.]*

આ - વિસ્મયથી, चर्यन्ते - જણાય છે તે આશ્ચર્યો - અદ્ભુતો. - x - (૧) ઉપસર્ગાદિ બે ગાથા છે. ઉપસર્જન કરાય - ફેંકાય - પતિત થાય છે પ્રાણી ધર્મથી



જેના વડે તે ઉપસર્ગો - દેવાદિ કૃત ઉપદ્રવો.

ભગવંત મહાવીરને છદ્મસ્થકાળમાં અને કેવલી કાલે મનુષ્ય-દેવ-તિર્યંચો વડે કરાયેલા થયા છે. પણ આ ઉપસર્ગ ક્યારે પણ પૂર્વકાલમાં થયો નથી. કેમકે તીર્થંકરો તો અનુત્તર પુણ્યના સંભારથી ઉપસર્ગના ભાજન થતા નથી, પણ સકલ નર-અમર-તિર્યંચો સંબંધી સત્કારાદિના સ્થાનમાં જ થાય છે. માટે અનંતકાલે થનાર આ બનાવ અચ્છેરારૂપ છે.

(૨) ગર્ભ-ઉદરસ્થ જીવનું હરણ થવું તે - x - ગર્ભહરણ. આ પણ તીર્થંકરની અપેક્ષાએ પૂર્વે નહીં થયેલ છતાં ભગવંત મહાવીરનું ગર્ભહરણ થયું. ઈન્દ્રાજ્ઞાથી હરિણેગમેષી દેવે, દેવાનંદાના ઉદરથી સંહરીને ત્રિશલા રાજરાણીના ઉદરમાં સંક્રમાવ્યા. આ પણ અનંતકાલે થયેલ આશ્ચર્ય છે.

(૩) તીર્થંકરપણે ઉત્પન્ન થયેલ સ્ત્રીનું તીર્થ-દ્વાદશાંગ કે સંઘ તે સ્ત્રીતીર્થ. તીર્થ તો પુરુષસિંહ, પુરુષવરગંધ હસ્તી, ત્રિભુવનમાં અવ્યાહત સામર્થ્યવાળા પ્રવર્તાવે છે. પણ આ અવસર્પિણીમાં મિથિલાનગરીના સ્વામી કુંભ રાજાની પુત્રી, મલ્લિ નામે તીર્થંકરના સ્થાનમાં ઉત્પન્ન થયા અને તીર્થને પ્રવર્તાવ્યું. આ ભાવ અનંતકાળે થવાપણું હોવાથી આશ્ચર્ય.

(૪) અભવ્યા-ચારિત્રધર્મને અયોગ્ય પર્ષદા-તીર્થંકર સમવસરણે સાંભળનાર લોકો, સંભળાય છે કે – જૃંભિક ગ્રામ નગર બહાર વર્ધમાન સ્વામીને કેવળજ્ઞાન થયું. પછી ચાર નિકાયના દેવોએ સમવસરણ રચ્યું. ભક્તિ અને કુતૂહલથી ખેંચાઈને આવેલા અનેક મનુષ્ય, દેવો, વિશિષ્ટ તિર્યંચોને પોતપોતાની ભાષાને અનુસરનારી, અતિ મનોહર, મહાધ્વનિ વડે કલ્પનું પાલન કરવાને ભગવંતે ધર્મકથા કહી. ત્યાં કોઈએ વિરતિ ન સ્વીકારી, તીર્થંકર દેશના પૂર્વે કદાપી નિષ્ફળ થઈ નથી. માટે આ આશ્ચર્ય.

(૫) કૃષ્ણ વાસુદેવનું અપરકંકામાં જવું, આવું પૂર્વે કદી થયું નથી. માટે આશ્ચર્ય સંભળાય છે કે – દ્રૌપદી, ધાતકીખંડના ભરતની અપરકંકાનો પદ્મ રાજાએ દેવ સામર્થ્યથી અપહરણ કરાવી. દ્વારિકાવાસી કૃષ્ણે નારદના મુખથી જાણને - x - x - ત્યાં ગયા. - x - દ્રૌપદીને પાછી લાવ્યા. ત્યાં કપીલ વાસુદેવે મુનિસુવ્રતજિન પાસે વૃત્તાંત જાણ્યો - x - લવણસમુદ્ર ઉલ્લંઘતા કૃષ્ણને પંચજન્ય શંખ વગાડી તે જણાવ્યું. આ આશ્ચર્ય.

(૬) ભગવંત મહાવીરના વંદનાર્થે સમવસરણભૂમિમાં આકાશથી ચંદ્ર-સૂર્યનું શાશ્વતા વિમાન સહિત અવતરવું, તે પણ આશ્ચર્ય છે.

(૭) હરિ નામના પુરુષ વિશેષનો વંશ-પુત્ર પૌત્રાદિ પરંપરા તે હરિવંશ. તે લક્ષણવાળા કુલની ઉત્પત્તિ તે હરિવંશ કુલોત્પતિ. કુલ તો અનેક પ્રકારે છે. આ કારણથી હરિવંશ વિશેષણ અપાય છે. આ પણ આશ્ચર્ય છે. સંભળાય છે કે – ભરત ક્ષેત્રાપેક્ષા એ ત્રીજું હરિવર્ષ નામે યુગલીક ક્ષેત્ર છે. કોઈ પૂર્વભવના વિરોધી વ્યંતર દેવે એક મિથુનને ભરત ક્ષેત્રમાં મૂક્યું, પુણ્યના અનુભાવથી રાજને પામ્યું તેથી હરિવર્ષ ક્ષેત્રોત્પન્ન હરિ નામક પ્રથમ પુરુષનો વંશ તે હરિવંશ.

(૮) અસુરકુમાર રાજ ચમરનું ઉંચે જવું તે ચમરોત્પાત. તે પણ અકસ્માત્ હોવાથી આશ્ચર્ય છે. સંભળાય છે - ચમરચંચા રાજધાનીનો નિવાસી ચમરેન્દ્ર, નવો ઉત્પન્ન થયો, અવધિ વડે ઉંચે જોયું. મસ્તક પર સૌધર્મ કલ્પે શક્રેન્દ્રને જોયો. તેથી ઈર્ષ્યાથી શક્રેન્દ્રનો તિરસ્કાર કરવાને તે અહીં આવીને છદ્મસ્થાવસ્થામાં એકરાત્રિકી પ્રતિમા સ્વીકારી સુંસુમાર નગરના ઉધાનમાં રહેલ ભગવંત મહાવીરને બહુમાન સહિત વાંદીને હે ભગવન્! મને - x - આપનું શરણ હો એમ કહી શરણું લઈને ઘોર રૂપવાળું એક લાખ યોજન પ્રમાણ શરીર રચીને પરિઘરત્ન નામે શસ્ત્રને ચોતરફ ભમાવતો, ગર્જારવ કરતો - x - x - ઉંચે જવા લાગ્યો. - x - x - શક્રેન્દ્રને આક્રોશ કરવા લાગ્યો. શક્રેન્દ્રે કોપથી જાજ્વલ્યમાન એવા - x - વજ્રને ચમર પ્રત્યે મૂક્યું. અમરેન્દ્ર ભયથી પાછો ફર્યો, ભગવંતના બંને પગમાં શરણું સ્વીકાર્યું. શક્રેન્દ્રએ - x - તીર્થંકર આશાતનાના ભયથી શીઘ્ર આવીને વજ્રને પાછું ખેંચ્યું. - x - તે આશ્ચર્ય.

(૯) ૧૦૮ જે સિદ્ધ થયા તે અષ્ટશત સિદ્ધો. આ પણ અનંતકાળે બન્યું કે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ જીવો એક સાથે સિદ્ધ થયા.

(૧૦) અસંયત - આરંભ, પરિગ્રહમાં આસક્ત, અબ્રહ્મચારી અસંયમીને વિશે પૂજા-સત્કાર. હંમેશા સંયતો જ પૂજા યોગ્ય છે. પણ આ કાળમાં આ વિપરીત બન્યું તે આશ્ચર્ય. આ દશે અનંતકાળે બન્યા માટે આશ્ચર્ય.

અનંતર ચમરેન્દ્રનો ઉત્પાત કહ્યો. તે ચમર, રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થયેલ માટે રત્નપ્રભા સંબંધી વક્તવ્યતા કહે છે—

● **સૂત્ર-૧૦૦૪ :-**

***આ રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ ૧૦૦૦ યોજન પહોળો છે. આ રત્નપ્રભા પૃથ્વીનો વજ્રકાંડ ૧૦૦૦ યોજન પહોળો છે. એ રીતે વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલાક, સૌગંધિક, જ્યોતિરસ, અંજન, અંજનપુલાક, રજત, સુવર્ણ, અંક, સ્ફટિક, રિષ્ટકાંડ, રત્નકાંડવત્ કહેવા.***

● **વિવેચન-૧૦૦૪ :-**

જે આ એક રાજપ્રમાણ લંબાઈ-પહોળાઈથી, ૧,૮૦,૦૦૦ યોજન જાડાઈથી, ઉપર મધ્યે-અધો ખર-પંકબહુલ-જલકાંડ ક્રમશઃ ૧૬,૮૪,૮૦ હજાર યોજન જોડાઈથી વિભાગો છે. પ્રત્યક્ષ, નજીક રહેલા રત્નોની પ્રભા છે જેમાં કે રત્નોથી શોભે છે તે રત્નપ્રભા. તેનો ખરખાંડ ૧૬ પ્રકારના રત્નમય છે. તેમાં પહેલો ભાગ રત્નકાંડ નામે છે તે ૧૦૦૦ યોજન સ્થૂળ છે. એ રીતે બીજા ૧૫-સૂત્રો કહેવા. વિશેષ એ કે - બીજા કાંડો વિશેષ રત્નમય છે. - x - પૂર્વ-પૂર્વના અભિલાપથી બધા કાંડો કહેવા - x - x - (શેષ પૂર્વવત્)

રત્નપ્રભાના પ્રસ્તાવથી તેના આધેય દ્વીપાદિની વક્તવ્યતા—

● **સૂત્ર-૧૦૦૫ થી ૧૦૦૮ :-**

***[૧૦૦૫] બધાં દ્વીપ સમુદ્રો ૧૦૦૦ યોજન ભૂમિમાં છે. બધા મહાદ્રહો ૧૦ યોજન ઉંડા છે. બધાં પ્રપાતકુંડો ૧૦ યોજન ઉંડા છે. શીતા-શીતોદા મહાનદીઓ,***



***મુખમૂલે દશ-દશ યોજન પ્રમાણ ઉંડાઈથી કહ્યા છે.***

***[૧૦૦૬] કૃતિકા નક્ષત્ર સર્વ બાહ્ય મંડલથી દશમાં મંડલમાં ચાર ચરે છે. અનુરાધા નક્ષત્ર સર્વાભ્યંતર મંડલથી દશમાં ચાર ચરે છે.***

***[૧૦૦૭] દશ નક્ષત્રો જ્ઞાનના વૃદ્ધિકર કહ્યા છે — [૧૦૦૮] મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, ત્રણ પૂર્વાઓ, મૂલ, આશ્લેષા, હસ્ત અને ચિત્રા.***

● **વિવેચન-૧૦૦૫ થી ૧૦૦૮ :-**

[૧૦૦૫] સૂત્ર સુગમ છે. વિશેષ એ — ઉદ્વેધ એટલે ઉંડાપણું, દ્વીપોની ઉંડાઈનો અભાવ હોવાથી નીચે ૧૦૦૦ યોજન પર્યન્ત દ્વીપ ભૂમિમાં છે. જંબૂદ્વીપમાં પશ્ચિમવિદેહમાં જગતીની સમીપે ઉંડાપણું છે. હિમવત્ આદિ પર્વતોમાં પદ્માદિ મહાદ્રહો છે. સલીલ-પ્રપાતકુંડ આદિ - x -

[૧૦૦૬] દ્વીપ સમુદ્રના અધિકારથી જ તેમાં વર્તનારા નક્ષત્રના સૂત્રને કહે છે. સૂર્યના ૧૮૪ મંડલ અને ચંદ્રના ૧૫ નક્ષત્રના ૮ મંડલો છે. મંડલ એટલે માર્ગ. તે યથાયોગ્ય સૂર્યાદિ વિમાનતુલ્ય વિષ્કંભથી છે. જંબૂદ્વીપના ૧૮૦ યોજનમાં સૂર્યના ૬૫, ચંદ્રના-૫-નક્ષત્રોના-૨-મંડલો છે. લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન જતા ૧૧૯ સૂર્યના, ૧૦ ચંદ્રના, ૬-નક્ષત્રના મંડલો છે. સર્વથી બાહ્યમંડલ મેરુથી ૪૫,૩૩૦ યોજને હોય છે. સર્વથી અભ્યંતર ૪૪,૮૨૦ યોજને હોય છે. કૃતિકા નક્ષત્ર સર્વ બાહ્ય ચંદ્રમંડલથી દશમા અને સર્વાભ્યંતરથી છઠ્ઠા મંડલમાં ભ્રમણ કરે છે. - x - ઇત્યાદિ.

[૧૦૦૭,૧૦૦૮] વૃદ્ધિકર-મૃગશીર્ષાદિ દશ નક્ષત્રયુક્ત ચંદ્ર હોય તો શ્રુતજ્ઞાનાદિનો ઉદ્દેશાદિ જો કરાય તો જ્ઞાનની વૃદ્ધિ થાય છે, અવિઘ્નપણે ભણાય છે, સંભળાય છે, વ્યાખ્યા કરાય છે, ધારણ કરાય છે. તેવા પ્રકારના કાલવિશેષ, તથાવિધ કાર્યોમાં કારણભૂત થાય છે. કેમકે કાલનું ક્ષયોપશમાદિ હેતુત્વ હોય છે. કહ્યું છે કે — કર્મનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ છે, તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ-ભયરૂપ કારણને પામીને થાય છે. - - દ્વીપસમુદ્ર અધિકારથી દ્વીપચારી જીવ વક્તવ્યતા કહે છે—

● **સૂત્ર-૧૦૦૯ :-**

***ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની જાતિકુલકોટિ યોનિ પ્રમુખ દશ લાખ કહેલી છે. ઉરપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની જાતિ કુલ કોટિ યોનિ પ્રમુખ દશ લાખ કહી છે.***

● **વિવેચન-૧૦૦૯ :-**

ચાર પગ છે જેઓને તે ચતુષ્પદો, સ્થલમાં વિચરવાથી સ્થલચર, ચતુષ્પદ સ્થલચર. પંચેન્દ્રિય એવા તે. વળી તિર્યંચ યોનિકો - x - x - તેઓની પંચેન્દ્રિય જાતિમાં કુલકોટિ - જાતિ વિશેષ લક્ષણ યોનિ પ્રમુખ-ઉત્પત્તિ સ્થાનના દ્વારો દશ લાખ છે. તે પ્રમાણે સર્વવિદે પ્રરૂપેલ છે. તેમાં યોનિ-જેમ છાણમાં દ્વીન્દ્રિયોના જીવોનું ઉત્પત્તિ સ્થાન છે, તેમાં એક યોનિમાં દ્વીન્દ્રિયોના કુલો કૃમિ આદિ અનેક આકારે પ્રસિદ્ધ છે.

उरसा - છાતી વડે, परिसर्प्प - ચાલે છે, તે ઉરપરિસર્પો, તે સ્થલચર એવા ઉરપરિસર્પ ઇત્યાદિ પૂર્વવત્. - - જીવવિષયક દશ સ્થાનક કહીને હવે અજીવરૂપ

પુદ્‌ગલ વિષયક દશ સ્થાન કહે છે—

**● સૂત્ર-૧૦૧૦ :-**

***જીવો, દશ સ્થાન વડે બાંધેલા પુદ્‌ગલો પાપકર્મપણે ગ્રહણ કર્યા છે, કરે છે, કરશે. તે આ રીતે — પ્રથમ સમય એકેન્દ્રિય નિર્વર્તિત યાવત્ સ્પર્શનેન્દ્રિય નિર્વર્તિત. એ રીતે ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરા [ત્રણે કાળને આશ્રીને] જાણવા.***

***દશ પ્રદેશિક સ્કંધો અનંતા કહ્યા, દશ પ્રદેશાવગાઢ પુદ્‌ગલો અનંતા કહ્યા છે, દશ સમય સ્થિતિક પુદ્‌ગલો અનંતા કહ્યા છે, દશ ગુણ કાળા પુદ્‌ગલો અનંતા કહ્યા છે. એ રીતે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ યાવત્ દશ ગુણરૂક્ષ પુદ્‌ગલો અનંતા કહ્યા છે.***

**● વિવેચન-૧૦૧૦ :-**

અથવા જાતિ, યોનિ, કુલાદિ વિશેષો, જીવોને કર્મના ચય, ઉપચય આદિથી થાય છે. ત્રિકાલભાવિ દશ સ્થાનના અવતારથી કર્મના ચયાદિ કહે છે. જીવો-જીવન ધર્મવાળા પણ સિદ્ધ નહીં. - x - દશ સ્થાનો વડે પ્રથમ સમય એકેન્દ્રિયત્વાદિ પર્યાય હેતુથી જે બંધ યોગ્યતાથી તૈયાર કર્યા, તે દશ સ્થાન નિર્વર્તિત અથવા જેઓને દશ સ્થાન વડે નિષ્પાદના છે તે દશ સ્થાન નિર્વર્તિત. તે કર્મવર્ગણાને ઘાતિકર્મ કે બધાકર્મ, તે કરાતું હોવાથી કર્મ, પાપકર્મ છે, તેનો ભાવ તે પાપકર્મતા.

ગ્રહણ કર્યા છે - કરે છે - કરશે. આ કથનથી આત્માનું ત્રિકાળ અન્વયિત્વ કહે છે. કેમકે સર્વથા અન્વયિત્વ ન હોવામાં અકૃતાભ્યાગમ અને કૃત વિપ્રનાશનો પ્રસંગ આવે. વા શબ્દ વિકલ્પાર્થ છે. તે આ પ્રમાણે — પ્રથમ સમય એકેન્દ્રિયત્વનો છે જેઓને તે પ્રથમ સમયો, એકેન્દ્રિયો એવા તે પ્રથમ સમય એકેન્દ્રિયો. તેમાં વર્તતા જેઓએ કર્મપણે ભેગા કર્યા - સામાન્યથી ગ્રહણ કર્યા તે પ્રથમ સમય એકેન્દ્રિય નિર્વર્તિત. તેથી વિપરીત તે અપ્રથમ સમય એકેન્દ્રિય નિર્વર્તિત.

તે પુદ્‌ગલોનું એ રીતે બે ભેદપણું, બે-ત્રણ-ચાર-પંચેન્દ્રિયોમાં પ્રત્યેકમાં કહેવું. એ હકીકત અતિદેશ વડે કહે છે. આ પ્રમાણે ચય, ઉપચયાદિ બધાં કહેવા. - x - વિશેષ એ - ચયન - કષાયાદિથી પરિણત જીવને કર્મ પુદ્‌ગલનું ગ્રહણ માત્ર. ઉપચયન - ગ્રહણ કરેલને જ્ઞાનાવરણ આદિ ભાવ વડે સ્થાપવા. બંધન - નિકાચિત કરવું. ઉદીરણા - વીર્ય વિશેષ વડે આકર્ષીને ઉદયમાં પ્રક્ષેપવું. વેદન - અનુભવવું. નિર્જરા - જીવપ્રદેશોથી દૂર કરવા. પુદ્‌ગલ અધિકારથી જ બીજું સૂત્ર કહે છે—

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે — જેના દશ પ્રદેશો છે તે દશ પ્રદેશ. તે જ દશ પ્રદેશવાળા - પરમાણુવાળા સ્કંધો - સમુચ્ચયો. એમ દ્રવ્યથી પુદ્‌ગલની વિચારણા તથા દશ આકાશના પ્રદેશોને વિશે જે અવગાઢ તે દશ પ્રદેશાવગાઢ. એમ ક્ષેત્રથી વિચારણા. દશ સમય પર્યન્ત સ્થિતિવાળા એમ કાલથી વિચારણા. દશ ગુણ એટલે એક ગુણ કાળાની અપેક્ષાએ દશગણું, કાળો વર્ણ વિશેષ છે જે પુદ્‌ગલો તે દશગુણ કાળા, એ રીતે બીજા નીલાદિ ચાર વર્ણો વડે - x - x - આદિ કહેવું.



- x - x - છેલ્લે અનંત શબ્દના ગ્રહણથી વૃદ્ધિ આદિ માફક અંત્ય મંગલ કહ્યું. આ અનંત શબ્દ બધાં અધ્યયનોના અંતે ભણેલ છે. તેથી બધે અંત્યમંગલ પણે જાણવું - x - x -

**સ્થાન-૧૦નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

૦ વૃત્તિકાર પ્રશસ્તિ - *[સંક્ષેપમાં નોંધેલ છે.]*

જે આરંભે કહેલ કે મહાનિધાનભૂત સ્થાનાંગ સૂત્રનો પ્રકાશની જેમ અનુયોગ આરંભાય છે, તે ચાંદ્રકુલીન, સિદ્ધાંતોક્ત અપ્રતિબદ્ધ વિહારી શ્રી વર્ધમાન સૂરિના ચરણસેવી, પ્રમાણાદિની વ્યુત્પત્તિયુક્ત પ્રકરણ અને પ્રબંધના કર્તા - x - x - જિનેશ્વરા આર્યના લઘુ-ગુરુભાઈ વ્યાકરણાદિ શાસ્ત્રના કર્તા શ્રી બુદ્ધિસાગર સૂરિના ચરણ કમળમાં ભ્રમરરૂપ અભયદેવસૂરિ નામે મેં ભગવંત મહાવીરની શિષ્ય પરંપરામાં વર્તતા. અજિતસિંહ સૂરિના શિષ્ય ઉત્તરસાધકની જેમ જ્ઞાન અને ક્રિયામાં પ્રધાન એવા યશોદેવગણિની સહાય વડે સિદ્ધ થયેલ મહાનિધાનવત્ - x - મને મંગલને અર્થે પૂજ્યની પૂજા હો.

ભગવંત મહાવીર, ભગવંત પાર્શ્વનાથ, પ્રવચન દેવતાઓને નમસ્કાર થાઓ. - x - x - ઇત્યાદિ - x - x - x - x -

## સ્થાનાંગ સૂત્ર સટીક અનુવાદ પૂર્ણ

— x — x — x — x — x — x —

**ભાગ-૭-સમાપ્ત**

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |